તોહફાએ નજાત (ભાગ-૧૫)

# ફઝીલતોનો ખજાનો એટલે નમાઝ !


લેખક : ફખ્રે ગુજરાત હઝરત અલ્લામહ્

મૌલાના યૂનુસ મિસ્બાહી-પ્રેસ્ટન (યુ.કે.)



પ્રકાશક

અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા

GRWB/059/Bharuch/02 C/o. ફયૂઝાને રઝા મંઝિલ,

મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ. પિન :૩૯૨૦૨૦

ફોન : ૦૨૬૪૨-૨૮૨૭૯૨, ૨૮૨૯૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

Web : www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com

કિંમત રૂા. ૮૦/-

પ્રકાશન નં.: ૧૫૯ આવૃત્તિ-૧ પ્રત: ૪૦૦૦

૧૧-રબીઉલ આખર હિ.સ. ૧૪૨૯ એપ્રિલ-૨૦૦૮

નૂરાની આર્ટ-દયાદરા,

મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧




بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَا رَسُوْلَ اللّٰهِ ﷺ

وَعَلٰى اٰلِكَ وَاَصْحَابِكَ يَا حَبِيْبَ اللّٰهِ ﷺ


સર્વ હક્ક પ્રકાશકને સ્વાધિન



| | | |
|---|---|---|
| કિતાબનું નામ | : | તોહફાએ નજાત (ભાગ-૧૫)<br>ફઝીલતોનો ખજાનો એટલે નમાઝ ! |
| લેખક | : | ફખ્રે ગુજરાત હઝરત અલ્લામા<br>મૌલાના યૂનુસ મિસ્બાહી સાહબ-પ્રેસ્ટન (યુ.કે.) |
| પેજીસ | : | ૩૬૦ કિંમત : રૂા. ૮૦/- |
| કંપોઝિંગ | : | સાદિક્ યાકૂબ પટેલ દયાદરવી |
| પ્રુફ રીડિંગ | : | પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી |
| આવૃત્તિ | : | પ્રથમ ★ નકલ : ૪૦૦૦ |
| પ્રકાશન વર્ષ | : | ૧૧ રબીઉલ આખર, હિ.સ. ૧૪૨૯<br>અંગ્રેજી તા. ૧૮ એપ્રિલ ૨૦૦૮, વાર : જુમ્આ |
| પ્રાપ્તિસ્થાન | : | અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા<br>મુ.પો. દયાદરા, તાલુકા & જિલ્લા : ભરૂચ<br>પિન.૩૯૨૦૨૦, ફોન : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧,<br>૨૮૨૭૯૨, ૨૮૯૩૩, મો. ૯૪૨૭૪૬૪૪૧૧ |

:: પ્રકાશક ::

અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા

GRWB/059/Bharuch/02 C/o. ફયૂઝાને રઝાએ મુસ્તફા,

મુ.પો. દયાદરા, તાલુકા & જિલ્લા : ભરૂચ પિન. ૩૯૨૦૨૦,

ફોન : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨, ૨૮૨૯૩૩

મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

## અનુક્રમણિકા


| વિષય | પેજ નં. |
|---|---|
| ✎... પ્રકાશકના બે બોલ... *(પટેલ શબ્બીર અલી રઝવી)* | 19 |
| *(પ્રકરણ : ૧)* | |
| **અઝાનની ફઝીલત હદીષના પ્રકાશમાં** | 23 |
| ❑ આખો દિવસ અઝાબથી સલામતી | 24 |
| ❑ રાત અઝાબથી સલામત | 24 |
| ❑ આકાશના દરવાજા ખુલે છે ! | 24 |
| ❑ પપાંચ અમલની ફઝીલત | 25 |
| ❑ દુઆ કબૂલ થાય છે | 25 |
| ❑ અઝાનની અસર શૈતાન પર | 25 |
| ❑ અઝાનનો સવાબ ગણતરીથી બહાર ! | 26 |
| ❑ નબીની દુઆ મુઅઝ્ઝિન માટે | 26 |
| ❑ નિર્જીવ પણ દુઆ કરે ! | 26 |
| ❑ કયામતના દિવસે દરેકની ગવાહી | 27 |
| ❑ મુઅઝ્ઝિન માટે મગફેરતની દુઆ | 27 |
| ❑ મુઅઝ્ઝિનના માથે અલ્લાહનો હાથ | 28 |
| ❑ જંગલમાં પણ અઝાન કહો ! | 28 |
| ❑ આગલા ગુનાહ માફ | 29 |
| ❑ દરેક વસ્તુ મુઅઝ્ઝિનની તસ્દીક (સમર્થન) કરે છે | 29 |
| ❑ બધા નમાઝીઓના બરાબર સવાબ ! | 29 |
| ❑ કિયામતના દિવસે ઈજ્જતવાળા | 30 |
| ❑ મુઅઝ્ઝિનને તરસ નહીં લાગે ! | 30 |
| ❑ મોઅઝ્ઝિન જહન્નમથી મુક્ત ! | 31 |
| ❑ મોઅઝ્ઝિન માટે જન્નત વાજિબ છે ! | 31 |
| ❑ અઝાન પછી દુરૂદ પઢો ! | 31 |
| ❑ સર્વ મુઅઝ્ઝિન બિલાલ પાછળ | 32 |
| ❑ શહીદો પછી મુઅઝ્ઝિનો જન્નતમાં | 32 |
| ❑ ઈચ્છે એની શફાઅત કરે ! | 33 |




ફઝીલતોનો ખજાનો એટલે નમાઝ !

## અનુક્રમણિકા


| વિષય | પેજ નં. |
|---|---|
| ❑ મુઅઝ્ઝિનો જુમ્આ સાથે | 33 |
| ❑ મુઅઝ્ઝિનો હશ્રમાં બેફિકર ! | 33 |
| ❑ અઝાનનો જવાબ અને ફાયદો | 34 |
| ❑ આ દુઆ ભૂલો નહીં | 34 |
| ❑ જવાબ અને ગુનાહોની માફી | 35 |
| ❑ એક હજાર દરજાની બુલંદી પ્રાપ્ત | 35 |
| ❑ દરેક શબ્દ લાખનો ! | 35 |
| ❑ નેકીઓ જ નેકીઓ ! | 36 |
| ❑ સવાબનો કુલ ટોટલ | 36 |
| ❑ અઝાનનો જવાબ આપો અને જન્નતમાં પ્રવેશો ! | 37 |
| ❑ અઝાન પછીની દુઆ | 39 |
| ❑ આ દુઆ પણ મેળવી લો ! | 40 |
| ❑ નેકીઓનો ખજાનો | 40 |
| ❑ નબી ﷺ નું નામ મુબારક સાંભળી અંગૂઠા ચૂમવા | 43 |
| ❑ તો આંધળો થશે નહીં | 43 |
| ❑ હુઝૂર ﷺ ની શફાઅત હલાલ થશે | 44 |
| ❑ કદી આંખો દુ:ખશે નહીં ! | 44 |
| *(પ્રકરણ : ૨)* | |
| **દિવસ ભરની નમાઝ હદીષના પ્રકાશમાં** | 47 |
| ❑ ફજરની બે રકાત સુન્નત | 48 |
| ❑ ફજરની બે રકાત ફર્ઝ | 50 |
| ❑ ચાશતની નમાઝ | 58 |
| ❑ ઝોહરની નમાઝ | 60 |
| ❑ ઝોહરની પ્રથમ ચાર રકાત | 60 |
| ❑ ઝોહરની ચાર રકાત ફર્ઝ | 62 |
| ❑ ઝોહરના ફર્ઝ પછી ચાર રકાત નમાઝ | 64 |
| ❑ અસરની નમાઝ | 66 |

અનુક્રમણિકા


| વિષય | પેજ નં. |
|---|---|
| ❑ ફર્ઝ પહેલાં ચાર રકાત નમાઝ | 66 |
| ❑ અસરની ચાર રકાત ફર્ઝ | 67 |
| ❑ મગરિબની નમાઝ | 72 |
| ❑ મગરિબના ફર્ઝ પછીની સુન્નત નમાઝ | 74 |
| ❑ ઈશાની નમાઝ | 78 |
| ❑ ઈશા પછીની સુન્નત નમાઝ | 81 |
| ❑ બે રકાત વિત્ર પછી | 86 |
| ❑ સફના કાયદા | 86 |
| *(પ્રકરણ : ૩)* | |
| **વુઝૂ અને ગુનાહોની માફી** | 91 |
| ❑ નમાઝની શરતો | 92 |
| ❑ વુઝૂનું ફર્ઝ હોવું | 92 |
| ❑ ગુસલનું ફર્ઝ હોવું | 92 |
| ❑ વુઝૂ નમાઝની ચાવી | 92 |
| ❑ મૂળ હેતુ નમાઝ | 93 |
| ❑ ગુનાહોની માફી | 93 |
| ❑ રહમત માટે બહાનું | 93 |
| ❑ એક અમલ બમણો નફો ! | 94 |
| ❑ ગુનાહોનું ખરી જવું | 95 |
| ❑ અંગો ગુનાહોથી પણ સ્વચ્છ | 95 |
| ❑ પાણી સાથે ગુનાહ પણ ગયા ! | 96 |
| ❑ વુઝૂથી ગુનાહ માફ હવે નમાઝ વધારાની ! | 97 |
| ❑ જાણે આજે જ પેદા થયો ! | 98 |
| ❑ આગલા ગુનાહ માફ ! | 99 |
| ❑ વુઝૂ ગુનાહોનો કફ્ફારો | 99 |
| ❑ નખો નીચેથી પણ ગુનાહ નીકળી ગયા ! | 100 |
| ❑ અત્યાર સુધીના ગુનાહથી સલામત | 100 |




ફઝીલતોનો ખજાનો એટલે નમાઝ !

અનુક્રમણિકા


| વિષય | પેજ નં. |
|---|---|
| ❑ જીભને પણ ગુનાહથી મુક્તિ | 101 |
| ❑ પાંચ વખત ગુસલનું ઉદાહરણ | 102 |
| ❑ આંખોના પોપચાના ગુનાહ પણ બહાર ! | 103 |
| ❑ તહારતની પ્રાપ્તિ પહેલાં ગુનાહથી મુક્તિ | 104 |
| ❑ વુઝૂ સુન્નત મુજબ હોવું જોઈએ | 104 |
| ❑ ધોવું ત્રણ વખત સુન્નત છે | 106 |
| ❑ ધોયા વિના હાથ વાસણમાં નથી નાખી શકતા | 107 |
| ❑ વુઝૂ કરતી વખતે વાત ન કરવી | 108 |
| ❑ તકલીફમાં સુન્નત મુજબ વુઝૂનો બદલો | 108 |
| ❑ આગલા પાછલા સર્વ ગુનાહ માફ | 109 |
| ❑ વુઝૂ પછી કલ્માની ફઝીલત | 110 |
| ❑ કલ્મા સાથે બીજી દુઆની ફઝીલત | 110 |
| ❑ વુઝૂ પછી તહિય્યતુલ વુઝૂની નમાઝ | 111 |
| ❑ સ્મિત કરવાનું કારણ | 112 |
| ❑ મગફેરતની માંગ અને માફી | 112 |
| ❑ હોઠોના ગુનાહ પણ ગયા | 113 |
| ❑ શંકા કુશંકાનો ઉકેલ | 117 |
| *(પ્રકરણ : ૪)* | |
| **તહારત અને ગુનાહોની માફી** | 122 |
| ❑ વ્યવસ્થિત વુઝૂ કરો ! | 122 |
| ❑ ખૂણે ખૂણાથી ગુનાહ બહાર | 123 |
| ❑ દુરૂદનો સવાબ | 123 |
| ❑ ફરિશ્તાની પુકાર | 125 |
| ❑ ગુનાહોનો કફ્ફારો | 126 |
| ❑ નમાઝનો ઈરાદો પણ નમાઝ | 126 |
| ❑ તકલીફમાં વ્યવસ્થિત વુઝૂ કરો ! | 127 |
| ❑ સુન્નત છોડવી ગુમરાહી છે | 127 |

અનુક્રમણિકા


| વિષય | પેજ નં. |
|---|---|
| ❑ મસ્જિદ તરફ નમાઝના ઈરાદે | 129 |
| ❑ એક દિવસનું બધું માફ ! | 130 |
| ❑ નેકી આવે ગુનોહ જાય ! | 130 |
| ❑ વ્યવસ્થિત વુઝૂ અને નમાઝ | 131 |
| ❑ વ્યવસ્થિત વુઝૂ અને ઈશરાક | 131 |
| ❑ દિલની પણ સફાઈ | 131 |
| ❑ સૂવામાં તહારતનો ફાયદો | 132 |
| ❑ પાક અને ગુનાહથી સાફ | 132 |
| ❑ ડગલે ને પગલે નેકી | 133 |
| ❑ ગુસલના પ્રકાર | 133 |
| ❑ દસ દિવસના ગુનાહની માફી | 134 |
| ❑ ગુસલ અને માફી | 133 |
| ❑ જુમ્આથી જુમ્આની માફી | 135 |
| ❑ જુમ્આના ગુસલ કરી મસ્જિદે જવું | 135 |
| ❑ દરેક પગલે વીસ નેકી | 136 |
| ❑ જડમૂળથી ગુનાહ બહાર ! | 136 |
| ❑ ગુસલ બખ્શિશનો ઝરીયો | 136 |
| ❑ બસો વરસોના અમલનો બદલો | 137 |
| ❑ અઠવાડિયાના ગુનાહ માફ | 137 |
| ❑ જગા મળે ત્યાં બેસો | 139 |
| ❑ જાણે આજે જ પૈદા થયો | 139 |
| ❑ સિત્તોર મગફેરત | 140 |
| ❑ ચાલીસ કબીરા માફ | 140 |
| ❑ ગુનાહોથી તદ્દન મુક્ત | 141 |
| ❑ મય્યિતની સેવાનો ફાયદો | 141 |
| ❑ પર્દામાં રહેવા દો ! | 142 |
| ❑ મય્યિતનો અયબ ન બતાવો ! | 142 |






અનુક્રમણિકા

*(પ્રકરણ : ૫)*


| વિષય | પેજ નં. |
|---|---|
| **તહારત અને સવાબ હદીષના પ્રકાશમાં** | 144 |
| ❑ સતત નેકીઓની વર્ષા | 145 |
| ❑ અલ્લાહના ઝિક્રનો બદલો | 147 |
| ❑ જન્નતના દરેક દરવાજે સ્વાગત | 148 |
| ❑ રહમતના દરવાજા ખોલો ! | 148 |
| ❑ પઢેલું અર્શે ઈલાહી નીચે | 152 |
| ❑ સૂરએ કદર પઢવાની ફઝીલત | 153 |
| ❑ આયતુલ કુરસીની ફઝીલત | 153 |
| ❑ વુઝૂ પછી બે રકાતની ફઝીલત | 153 |
| ❑ વુઝૂ પર વુઝૂની ફઝીલત | 154 |
| ❑ વુઝૂ અને નમાઝની વાત જોવી | 155 |
| ❑ બાવુઝૂ સૂવાની ફઝીલત | 156 |
| ❑ ડગલે અને પગલે નેકી | 156 |
| ❑ મિસ્વાકની ફઝીલત | 157 |
| ❑ વુઝૂ અડધુ ઈમાન | 158 |
| ❑ મિસ્વાકથી અલ્લાહ ખુશ | 159 |
| ❑ મિસ્વાક સુન્નત પર અમલ | 159 |
| ❑ મિસ્વાક નેકીમાં વધારો ! | 160 |
| ❑ મિસ્વાક ફરિશ્તાઓને પ્રિય | 160 |
| ❑ દરેક પગલુ એક વર્ષની નમાઝ અને રોઝા | 160 |
| ❑ દરેક પગલે વીસ નેકીઓ | 161 |
| ❑ એક વર્ષની ઈબાદતનો સવાબ | 161 |
| ❑ દરેક વાળના બદલે એક નેકી | 162 |
| ❑ બસો વર્ષના અમલનો સવાબ | 162 |
| ❑ વુઝૂ અને શહાદતની મૌત | 163 |
| ❑ વુઝૂ પછીની બે રકાત નમાઝનો બદલો | 163 |

અનુક્રમણિકા


| વિષય | પેજ નં. |
|---|---|
| ❑ જન્નતમાં બિલાલના કદમોનો અવાજ ! | 163 |
| (પ્રકરણ : ૬) | |
| **નમાઝ અને ગુનાહોની માફી હદીષના પ્રકાશમાં** | 165 |
| ❑ કબીરાથી બચો તો સગીરા માફ ! | 166 |
| ❑ કાળજીપૂર્વક વુઝૂ કરો ! | 168 |
| ❑ નમાઝ પહેલાંના ગુનાહ માફ ! | 169 |
| ❑ હજ્જ એ હજ્જ પહેલાંનો કફ્ફારો | 169 |
| ❑ વાયદા ખિલાફી મોટો ગુનોહ છે | 170 |
| ❑ નમાઝ સાથે ગુનોહ ગયો | 171 |
| ❑ ગૈર સ્ત્રીને ચુંબન કર્યું તે પણ માફ ! | 171 |
| ❑ સર્વ માટે ખુશખબરી ! | 172 |
| ❑ નેકી ગુનાહને નષ્ટ કરે ! | 173 |
| ❑ આયતની શાને નુઝૂલ | 174 |
| ❑ નમાઝ અને બીમારી ગઈ ! | 175 |
| ❑ રુકૂઅમાં ગુનાહ જમીન પર | 176 |
| ❑ નમાઝનો ફાયદો | 176 |
| ❑ નમાઝ પઢો અને પાક બનો ! | 176 |
| ❑ ગુનાહ ફેંકાય જાય છે | 177 |
| ❑ ગુનાહ માટે નમાઝ જાણે પાનખર ઋતુ | 177 |
| ❑ પાંદડા ખરવાનું ઉદાહરણ | 179 |
| ❑ ધ્યાનપૂર્વક નમાઝનો ફાયદો | 180 |
| ❑ તહિય્યતુલ વુઝૂની નમાઝ | 182 |
| ❑ નમાઝના ઈરાદે મસ્જિદમાં જવાની ફઝીલત | 183 |
| ❑ હુકમ પ્રમાણે જ કરો ! | 183 |
| ❑ નમાઝના બદલે ગુનાહ માફ | 183 |
| ❑ આગલા ગુનાહ માફ | 184 |






અનુક્રમણિકા


| વિષય | પેજ નં. |
|---|---|
| (પ્રકરણ : ૭) | |
| **નમાઝ અને દરજાઓની બુલંદી હદીષના પ્રકાશમાં** | 186 |
| ❑ દરેક સિજદો દરજાની બુલંદી | 186 |
| ❑ દરેક સિજદો ગુનાહની માફી | 187 |
| ❑ દરેક સિજદો નેકીનો ઝરીયો | 188 |
| ❑ દરેક સિજદો નિકટતાનો ઝરીયો | 188 |
| ❑ વધારે રકાતોનું કારણ | 189 |
| ❑ વધારે નફાનો અમલ સિજદો છે | 189 |
| ❑ ફરિશ્તાઓની દુઆએ મગફિરત | 190 |
| ❑ નમાઝની જગાએ બેસી રહેવાની ફઝીલત | 190 |
| ❑ ફરિશ્તાઓની દુઆ વુઝૂ ન તૂટે ત્યાં સુધી | 191 |
| ❑ નમાઝની વાત સરહદના રક્ષણ માફક | 191 |
| ❑ ડગલે અને પગલે નેકી | 192 |
| ❑ ઝોહરની પ્રથમ ચાર સુન્નતની ફઝીલત | 192 |
| ❑ અવ્વાબીનની ફઝીલત | 192 |
| ❑ અસર પહેલાંની ચાર રકાતની ફઝીલત | 193 |
| ❑ ઈશ્રાક ગુનાહનો કફ્ફારો | 194 |
| ❑ ઈશ્રાક માટે ફજર પછી કંઈ ન બોલો | 195 |
| ❑ રાતની નમાઝ નેક લોકોનો માર્ગ | 195 |
| ❑ સલાતુત્તાસ્બીહની ફઝીલત | 196 |
| ❑ તરાવીહની ફઝીલત | 197 |
| ❑ તરાવીહ અને આગલા ગુનાહની માફી | 198 |
| ❑ શબે કદરની બંદગીનો બદલો | 198 |
| ❑ તરાવીહ ઈખ્લાસથી હોવી | 198 |
| ❑ તરાવીહ સુન્નત છે | 200 |
| ❑ જુમ્આના દિવસની ફજરની નમાઝ | 201 |

અનુક્રમણિકા


| વિષય | પેજ નં. |
|---|---|
| ❑ જનાઝાની નમાઝ પઢનારની બખ્શિશ | 201 |
| ❑ મય્યિતની મગફિરત ૧૦૦ નમાઝીથી | 202 |
| *(પ્રકરણ : ૮)* | |
| **નમાઝ અને સવાબ હદીષના પ્રકાશમાં** | 203 |
| ❑ સુન્નતે મુઅક્કિદાનો સવાબ | 204 |
| ❑ જન્નતમાં ઘર | 204 |
| ❑ ફજરની બે રકાત સુન્નતની ફઝીલત | 205 |
| ❑ લાલ ઊંટોથી વધીને | 205 |
| ❑ ઈશા પછી ચાર રકાત લૈલતુલ કદ્ર માફક | 206 |
| ❑ ગુલામને મુક્ત કરવા બરાબર | 206 |
| ❑ ઝોહરની ચાર સુન્નત તહજ્જુદ માફક | 206 |
| ❑ ચાર રકાત અરફાની રાત જેવી | 207 |
| ❑ ઝોહરની ચાર સુન્નત રાતની નમાઝ જેવી | 207 |
| ❑ ઝોહરની ચાર સુન્નત બની ઈસ્રાઈલના | 207 |
| ગુલામ આઝાદ કરવા જેવું | 207 |
| ❑ ઝોહરના સમયે આકાશના દરવાજા ખુલે છે | 208 |
| ❑ મગરિબ પછીની બે રકાત અને જન્નતમાં ઘર | 208 |
| ❑ મગરિબની નમાઝ બાજમાઅતની ફઝીલત | 209 |
| ❑ ઈલ્લિય્યિનમાં નમાઝ | 209 |
| ❑ ગુનાહથી મુક્તિ | 209 |
| ❑ પચાસ વર્ષના ગુનાહની માફી | 210 |
| ❑ ફર્ઝ સાથે ઉઠાવવામાં આવશે | 210 |
| ❑ સુન્નત થકી જન્નતમાં ઘર બનાવો | 210 |
| ❑ રહમતની દુઆ | 211 |
| ❑ સતત જિહાદમાં | 212 |
| ❑ બયતુલ મુકદ્દસમાં લૈલતુલ કદ્ર | 212 |
| ❑ બાર વર્ષની ઈબાદતનો સવાબ ! | 212 |




ફઝીલતોનો ખજાનો એટલે નમાઝ !

અનુક્રમણિકા


| વિષય | પેજ નં. |
|---|---|
| ❑ જન્નતમાં બે મહેલ | 213 |
| ❑ કિયામતના દિવસે ફરિશ્તાઓનો મુસાફો | 213 |
| ❑ સવાર સુધી નમાઝમાં | 215 |
| ❑ ઈશ્રાકની નમાઝ હજ્જ, ઉમરા જેવી | 215 |
| ❑ જન્નતમાં સોનાનો મહેલ | 215 |
| ❑ દિવસભર ગુનાહથી મુક્ત ! | 216 |
| ❑ જન્નતમાં ઘર | 216 |
| ❑ બે રકાત દરેક જોડનો સદકો | 217 |
| ❑ સવાબનું વર્ણન કેમ ? | 218 |
| ❑ સુન્નતનો આટલો સવાબ તો ફર્ઝનો કેટલો ! | 218 |
| ❑ નફ્લ ફર્ઝથી વધીને નહીં | 218 |
| ❑ અલ્લાહનું ફર્માન બધાંથી વધીને | 219 |
| ❑ ફર્ઝ નહીં તો નફ્લ અટકેલું ! | 219 |
| *(પ્રકરણ : ૯)* | |
| **નમાઝ છોડવાનો વબાલ હદીષના પ્રકાશમાં** | 220 |
| ❑ હશ્રમાં બેનમાઝી દુશ્મનો સાથે | 221 |
| ❑ નમાઝ છોડવી કુફ્ર જેવું છે | 221 |
| ❑ જે જાઈઝ સમજીને છોડે કાફિર ! | 222 |
| ❑ જવાબદારીથી મુક્ત | 222 |
| ❑ દોઝખના દરવાજા પર નામ | 222 |
| ❑ બેનમાઝી તૌબા ન કરે તો અમલ નાકબૂલ | 222 |
| ❑ નમાઝ છોડનાર રહમતથી દૂર ! | 223 |
| ❑ જેની નમાઝ કઝા એનું બધું હલાક ! | 223 |
| ❑ બેનમાઝી દીનથી દૂર ! | 224 |
| ❑ બેનમાઝી માટે પંદર અઝાબો | 224 |
| ❑ નમાઝ ન પઢવી કાફિરોનું કામ છે ! | 225 |
| ❑ નમાઝ ધ્યાનપૂર્વક પઢો | 227 |

અનુક્રમણિકા


| વિષય | પેજ નં. |
|---|---|
| ❑ નમાઝીને જન્નતનો વાયદો | 228 |
| ❑ બેનમાઝી માટે બખ્શિશનો વાયદો નથી | 228 |
| ❑ જન્નતનો વાયદો કોના માટે ?! | 230 |
| ❑ અમલના ત્રણ પ્રકાર | 230 |
| ❑ નમાઝમાં નાકામ બધામાં નાકામ ! | 231 |
| ❑ પ્રથમ સવાલ નમાઝનો | 232 |
| ❑ નમાઝની સફળતા મૂળ છે | 232 |
| ❑ બેનમાઝી દોઝખમાં | 233 |
| ❑ ફજરની નમાઝ ઈમાનનો ઝંડો | 233 |
| ❑ નમાઝે અસરનું મહત્વ | 234 |
| ❑ બેનમાઝીથી અલ્લાહ વ રસૂલ નાખૂશ ! | 236 |
| ❑ અલ્લાહનો અતિ પ્રિય અમલ | 236 |
| ❑ માથાનો ભુક્કો | 237 |
| ❑ નમાઝ વખતે સૂઈ જનાર | 237 |
| ❑ સમયસર નમાઝનો ફાયદો | 238 |
| *(પ્રકરણ : ૧૦)* | |
| **નમાઝે બાજમાત અને સવાબ હદીષના પ્રકાશમાં** | 239 |
| ❑ જંગલની નમાઝ પચાસ દરજા ઉત્તમ | 240 |
| ❑ જમાઅતનો મર્તબો સમજો | 240 |
| ❑ સિત્તોર ઘણી ઉત્તમ | 241 |
| ❑ જેવો ઈખ્લાસ તેવો દરજો | 241 |
| ❑ ફર્ઝ સિવાયની નમાઝ ઘરમાં ઉત્તમ | 242 |
| ❑ જે માંગો તે મળે | 243 |
| ❑ ગણતરી ભૂલો નહીં | 243 |
| ❑ નિય્યત પર સવાબ | 243 |
| ❑ જમાઅતમાં હજ્જનો સવાબ | 244 |
| ❑ અલ્લાહથી મુલાકાત કરવા શું કરશો ? | 244 |






અનુક્રમણિકા


| વિષય | પેજ નં. |
|---|---|
| ❑ હજાર શહીદોનો સવાબ | 245 |
| ❑ ફજરની નમાઝ પછી ઝિક્રનો સવાબ | 245 |
| ❑ રહમતમાં ડૂબકી લેવી ! | 246 |
| ❑ અંધારામાં નૂરની બશારત | 246 |
| ❑ નૂરનું મિમ્બર | 247 |
| ❑ બમણો નફો | 247 |
| ❑ દરજાની બુલંદી અલગથી | 248 |
| ❑ મસ્જિદની હાજરી પર સવાબ નિયુક્ત | 248 |
| ❑ મસ્જિદથી દૂરને સવાબ વધારે | 249 |
| ❑ કારણસર લેટ થયો તો સવાબ પૂરો | 249 |
| ❑ ફરિશ્તાઓની સફ કોની પાછળ | 250 |
| ❑ આગલી સફ પર દુરૂદ | 251 |
| ❑ સફ પૂરી કરો અને નિકટતા મેળવો | 251 |
| ❑ પ્રથમ સફનો દરજો | 252 |
| ❑ સફ સીધી રાખવાની તકેદારી | 252 |
| ❑ ચિઠ્ઠી ફરકાવવી | 253 |
| ❑ કયું પગલું ઉત્તામ | 253 |
| ❑ પ્રથમ સફનો દરજો સમજો ! | 253 |
| ❑ પડાપડી થાય ક્યારે ? | 254 |
| ❑ જમાઅત મોટી સવાબ અધિક | 254 |
| ❑ સફમાં જગા ખાલી ન રાખો ! | 255 |
| ❑ એક શંકાનો જવાબ | 255 |
| *(પ્રકરણ : ૧૧)* | |
| **જમાઅત છોડવાનો વબાલ હદીષના પ્રકાશમાં** | 257 |
| ❑ ઘરોને આગ લગાડવું | 258 |
| ❑ ફજર અને ઈશા મુનાફિકો પર ભારે ! | 259 |
| ❑ ત્રણ માણસ પણ જમાઅત કરે | 260 |

## અનુક્રમણિકા


| વિષય | પેજ નં. |
|---|---|
| ❑ વિના શરઈ કારણે જમાઅત છોડનારની નમાઝ નાકૂબૂલ | 261 |
| ❑ શરઈ કારણ હોય તો માફી મળશે | 262 |
| ❑ અલ્લાહના ફર્માનને ઉત્તામતા આપો | 263 |
| ❑ સુન્નત છોડનાર ગુમરાહ | 264 |
| ❑ મસ્જિદના પડોશીની વધારે જવાબદારી | 265 |
| ❑ અઝાન સાંભળી તો હાજરી જરૂરી | 265 |
| ❑ જમાઅતનો તાકીદી હુકમ | 266 |
| ❑ નિફાકના કામથી દૂર રહો ! | 266 |
| ❑ સફ વાંકી તો દિલ વાંકાં ! | 267 |
| ❑ સફમાં જગા રહે તો શૈતાન આવે ! | 268 |
| ❑ ખભાથી ખભા મેળવીને રાખવાની ફઝીલત | 269 |
| ❑ ત્રણ જુમ્આ સતત છોડનાર મુનાફિક | 270 |
| ❑ દિલ પર મોહર લાગશે | 270 |
| ❑ જુમ્આ માટે હાજરીની તાકીદ | 270 |
| ❑ જુમ્આમાં સુસ્તી કરનારથી અલ્લાહ નારાજ ! | 271 |
| ❑ મુનાફિકનું દિલ | 271 |
| ❑ દિલ પર મોહર કેમ ? | 272 |
| ❑ કિતાબમાં મુનાફિક કોણ ? | 272 |
| ❑ રહમતવાળા નબીનો જલાલ | 273 |
| ❑ ગાફિલોમાંથી કોણ ? | 273 |
| ❑ અમુક જરૂરી વાતો ! | 273 |
| *(પ્રકરણ : ૧૨)* | |
| **નમાઝ અને કુર્આન** | 277 |
| ❑ મેઅરાજ અને નમાઝ | 278 |
| ❑ નમાઝની સંખ્યાનો ઘટાડો ! | 279 |
| ❑ નબીઓની અલ્લાહને ત્યાં ઈજ્જત | 279 |
| ❑ નબીને ના કહેવામાં ન આવે ! | 279 |




ફઝીલતોનો ખજાનો એટલે નમાઝ !

## અનુક્રમણિકા


| વિષય | પેજ નં. |
|---|---|
| ❑ પાંચ, પણ છે પચાસ ! | 280 |
| ❑ કુર્આનમાં આગલી ઉમ્મત માટે નમાઝનો ઉલ્લેખ | 281 |
| ❑ નમાઝ મો'મિનની મેઅરાજ | 281 |
| ❑ નમાઝમાં રબથી કલામ | 282 |
| ❑ બેનમાઝી પોતાને જ ફેંકે છે | 282 |
| ❑ બેનમાઝીએ કરેલા અમલ શાથી બેકાર ?! | 283 |
| ❑ ફર્ઝ છોડનારની હોશિયારી બેકાર ! | 283 |
| ❑ આજે આપણી હાલત એવી જ છે | 284 |
| ❑ આપણને વધારે નમાઝો કેમ મળી ?! | 285 |
| ❑ કોઈ અમલ ફર્ઝથી વધી ન શકે | 285 |
| ❑ ફર્ઝના સ્થાને કોઈ ન પહોંચે | 286 |
| ❑ આગલી ઉમ્મતોમાં નમાઝ | 287 |
| ❑ હઝરત ઈબ્રાહીમ અને નમાઝ | 287 |
| *(પ્રકરણ : ૧૩)* | |
| **નમાઝનો મુકામ સમજો** | 302 |
| ❑ ઈસ્લામનું ઓળખપત્ર નમાઝ | 303 |
| ❑ નમાઝ છોડનાર કત્લને લાયક ! | 303 |
| ❑ અતિ ઉત્તામ અમલ નમાઝ | 304 |
| ❑ અલ્લાહને અતિ પ્રિય નમાઝ | 305 |
| ❑ સર્વ શ્રેષ્ઠ અમલ નમાઝ | 306 |
| ❑ નબીની આંખોની ઠંડક નમાઝ | 306 |
| ❑ નબીને નમાઝથી અધિક પ્યાર | 307 |
| ❑ આપણા નબીના અંતિમ શબ્દ | 307 |
| ❑ દીનનું માથુ નમાઝ ! | 308 |
| ❑ નમાઝ દીનનો થાંભલો | 309 |
| ❑ નમાઝથી દોઝખની આગ ઓલવો ! | 309 |
| ❑ નમાઝી થકી અઝાબ દૂર થાય છે ! | 309 |

## અનુક્રમણિકા


| વિષય | પેજ નં. |
|---|---|
| ❑ અલ્લાહ નમાઝી તરફ કેન્દ્રિત | 310 |
| ❑ નમાઝનો દરજો માલી ઈબાદતથી અધિક ! | 311 |
| ❑ ફરિશ્તાઓ ઘેરી વળે છે | 311 |
| ❑ નમાઝથી શૈતાનનું મોઢું કાળુ ! | 312 |
| ❑ જમીનનો ગર્વ | 312 |
| ❑ નમાઝનું નમતુ ત્રાજવુ | 313 |
| ❑ સાતેવ જમીન સુધી પાક | 314 |
| ❑ દોઝખની આગ પણ ઈજ્જત કરે ! | 314 |
| ❑ સિજદામાં અધિક નિકટતા | 315 |
| ❑ ધૂળવાળો ચહેરો અલ્લાહને પ્રિય | 316 |
| ❑ જન્નતના દરવાજા ખુલે | 316 |
| ❑ અમલ કરો અને જન્નતમાં પ્રવેશો ! | 317 |
| ❑ નમાઝ નહીં તો બધું બેકાર ! | 317 |
| ❑ ધ્યાનપૂર્વક પઢેલી નમાઝ | 319 |
| ❑ તૌહીદ તથા ઈમાન પછી ઉત્તામ નમાઝ | 318 |
| ❑ જન્નતનો વાયદો | 318 |
| ❑ સરહદના રક્ષણથી વધીને નમાઝ ! | 321 |
| ❑ જેહાદથી ઉત્તામ નમાઝ ! | 322 |
| ❑ પ્રથમ સવાલ નમાઝનો | 322 |
| ❑ નમાઝ પછી બીજા અમલોનો હિસાબ | 323 |
| ❑ નમાઝ બેકાર તો બધું જ બેકાર | 323 |
| ❑ નમાઝ નહીં તો દીન નહીં ! | 324 |
| ❑ નમાઝીનું ગયબી રક્ષણ | 325 |
| ❑ નમાઝની વાટ પણ નમાઝ | 326 |
| ❑ અલ્લાહ ગર્વ કરે છે ! | 326 |
| ❑ નમાઝ સશક્ત પુરાવો | 327 |
| (પ્રકરણ : ૧૪) | |
| **નમાઝ વિશે અમુક જરૂરી મસાઈલ** | 328 |






## હમ્દે બારી તઆલા

**અલ્લાહૂ અલ્લાહૂ અલ્લાહૂ અલ્લાહૂ**
કલ્બ કો ઉસ કી રુયત કી હૈ આરઝૂ
જિસકા જલવા હૈ આલમ મેં હર ચાર સૂ
બલ્કે ખૂદ નફ્સ મેં હૈ વો સુબ્હાનહૂ
અર્શ પર હૈ મગર અર્શ કો જુસ્તજૂ **અલ્લાહૂ અલ્લાહૂ....**

અર્શો વ ફર્શ હો જમાં ઓ ઝેહત ઐ ખુદા
જિસ તરફ દેખતા હૂં હૈ જલવા તેરા
ઝર્રે ઝર્રે કી આંખોં મેં તૂ હી ઝિયા
કતરે કતરે કી તૂ હી તો હૈ આબરૂ **અલ્લાહૂ અલ્લાહૂ....**

સારે આલમ કો હૈ તેરી હી જુસ્તજૂ
જિન્નો ઈન્સો મલક કો તેરી આરઝૂ
યાદ મેં તેરી હર એક હૈ સૂ બસૂ
બન મેં વહશી લગાતે હૈં ઝર્બાતે હૂ **અલ્લાહૂ અલ્લાહૂ....**

નગ્મા સંજાને ગુલશન મેં ચર્ચા તેરા
ચહચહે ઝિક્રે હક્ક કે હૈં સુબહો મસા
અપની અપની ચહક અપની અપની સદા
સબ કા મતલબ હૈ વાહિદ કે વાહિદ હૈ તૂ **અલ્લાહૂ અલ્લાહૂ....**

તાઈરાને જિનાં મેં તેરી જુસ્તજૂ
ગીત તેરે હી ગાતે હૈં વહ ખુશ ગુલૂ
કોઈ કહતા હૈ હક્ક કોઈ કહતા હૈ હૂ
ઔર સબ કહતે હૈં લાશરીક લહૂ **અલ્લાહૂ અલ્લાહૂ....**

ઠંડી ઠંડી નસીમેં ચલેં મેરે રબ
ફિત્નોં કી ધૂલ સે પાક હોવે અરબ
ઐસા બરસા બહા દે જો ખાશાક સબ
તેરી રહમત કે બાદલ ઘિરેં ચાર સૂ **અલ્લાહૂ અલ્લાહૂ....**

ખ્વાબે નૂરી મેં આયેં જો નૂરે ખુદા
બુકઅએ નૂર હો અપના ઝુલ્મત કદા
ઝગમગા ઉઠે દિલ ચેહરા હો પુર ઝિયા
નૂરિયોં કી તરહ શુગ્લ હો ઝિક્રે હૂ **અલ્લાહૂ અલ્લાહૂ....**

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

# પ્રકાશકના બે બોલ.....

*દિન લહ્‌વમેં ખોના તુઝે, શબ સુબ્હ તક સોના તુઝે*
*શર્મે નબી, ખૌફે ખુદા, યહ ભી નહીં વો ભી નહીં !*
*રિઝ્‌કે ખુદા ખાયા કિયા, ફર્માને હક્ક ટાલા કિયા*
*શુક્રે કરમ, તરસે સઝા, યહ ભી નહીં વો ભી નહીં !★*

*–આ'લા હઝરત*

આ'લા હઝરત, મુજદ્દિદે આ'ઝમ ઈમામ અહમદ રઝા મુહદ્દિષ બરેલ્વી رحمة الله عليهના ઉપરોક્ત શેઅરોને ધ્યાનથી વાંચો, મનન કરો પછી આપણા સમાજ પર નજર કરો ! તો સ્પષ્ટ જણાશે કે હાલના મુસ્લિમ સમાજનું આબેહૂબ ચિત્ર આ'લા હઝરતે આ ચાર શેઅરોમાં ખેંચી આપ્યું છે. આજે આપણા લોકો આંખ ઉઘડતાં જ દિવસભર દુનિયા પાછળની ભાગદોડ કે ખેલ મસ્તીમાં મનોરંજનમાં રચ્યા પચ્યા રહે છે અને રાત્રે મોડી મોડી રાત સુધી ટી.વી. પર પિક્ચર કે ગંદી ચેનલોનાં દૃશ્યોમાં ડૂબીને કે ક્રિકેટ મેચોનો શૈતાની આનંદ માણી રહ્યા છે, અને ફજરમાં ઉઠવાની કલ્પના પણ મોડેથી સૂતી વખતે તેમને હોતી નથી. ૯, ૧૦, ૧૧ વાગ્યે દિવસે ઉઠનારાઓની સંખ્યા ઘણી મોટી થઈ રહી છે. તેમને ન ખુદાનો ડર છે ન નબીની શરમ છે ! જેની રોજી ખાય છે તેના જ હુકમોથી જાણે બગાવતભરી જિંદગી આજનો મુસલમાન જીવી રહ્યો છે અને ન રબના કરમનો શુક્ર કરવાનો ખયાલ આવે છે ન તો રબની તરફથી મળનારી સજાની બીક રહી છે !

હું ઘણીવાર ઈશાની નમાઝના સમયે મુસલમાનોની ગલીઓમાંથી પસાર થતાં થતાં અફસોસ સાથે વિચારું છું કે યા અલ્લાહ ! આ તારા ઈમાનવાળા બંદાઓ છે ?! કે જેઓનું કબરના અઝાબ પર, કિયામત પર, જન્નત તથા જહન્નમ પર ઈમાન છે ! **આ કેવું ઈમાન છે ?! કે કોઈ ઘર ટી.વી.ના તમાશાની મેહફિલોથી ખાલી નથી !** દરેક ઘરમાંથી ટી.વી. પર ગૈર મેહરમ સ્ત્રી પુરૂષોના ડાયલોગોનો અવાજ આવી રહ્યો છે. અરે ક્યાંક તો મેં ખૂદ ઈમામોનાં ઘરો જોયાં, મૌલાનાઓનાં ઘરો જોયાં, કેટલાક કહેવાતા પીરોનાં ઘરો જોયાં, કહેવાતી હસ્તીઓનાં ઘરો જોયાં !

★*રિઝ્‌ક : રોજી–અન્ન, લહ્‌વ : ખેલ મસ્તી, શુક્રે કરમ : રબના કરમનો શુક્ર, તરસે સઝા : સજાનો ડર*





બસ, જે સ્થિતિ આમ લોકોની છે તે આ અમુક ખાસ કહેવાતાઓની પણ છે ! (ઈલ્લા માશાઅલ્લાહ !) ક્યાં જશે આ કૌમ ?! એંજીનો જ પાટા પરથી ઉતરી જશે તો ડબ્બા ક્યાં જશે ?!

જો રાત્રે મોડેથી સૂનાર આવા મોજીલા કોઈ મુસલમાનને વહેલી સવારે ફોન આવે કે, ભાઈ સાહબ ! તમારી દુકાનનાં તાળાં તૂટયાં છે અને રાત્રે ચોરી થઈ ગઈ છે ! અથવા શોર્ટ સર્કિટ થઈ અને દુકાનમાં આગ લાગી ગઈ છે ! તો ભાઈ સાહબના હોશકોશ ઉડી જાય છે, અને ભાઈ હાંફળા ફાંફળા દુકાને ફજર પહેલાં પહોંચી જશે ! અને અફસોસથી પોતાના નુકસાનને જોતા રહેશે, પોલીસ કેસ કરશે, માલ પરત મેળવવા ભાગદોડ કરશે, વીમાવાળાને બોલાવશે.... વગેરે, પણ ફજરની નમાઝ રોજ ખૂબ જ સહજતાથી છોડતા રહેશે અને તેમના માથે જરાય રંજની કરચલી પણ પડશે નહીં ! આ આખેરત પર ઈમાન છે ?! હે મુસલમાન ! આ જ અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَની મહોબ્બત છે ?!

હદીષે પાકમાં તો છે કે, **"જેણે જાણી જોઈને નમાઝ છોડી દીધી તેનો સર્વનાશ થયો. ઘર, કુટુંબ કબીલો સર્વ નાશ પામ્યું."** (બહારે શરીઅતના આધારે) હવે મુસલમાન વિચારે કે દુનિયાના સહેજ જાહેરી નુકસાનને જોતાં રાતની ઊંઘ ઉડી જાય છે, રાતોરાત ભાગદોડ મચી જાય છે પણ ફક્ત એક નમાઝ ત્યજવામાં તો આટલુ મહાન નુકસાન થાય છે ! એવું હું નથી કહેતો ! અલ્લાહે દુનિયાવાળાઓ માટે રહમત બનાવીને જેમને મોકલ્યા તે રસૂલે ખુદા ﷺ ખૂદ કહે છે. **તો શું એમની વાત પર તમને વિશ્વાસ નથી કે નચિંત થઈને સૂઈ રહો છો ! ધંધામાં વ્યસ્ત રહો છે, ટી.વી.માં તથા ગપ્પાંની મેહફિલોમાં ગુમ રહો છો !** સંભલી જાવ ! હે મુસલમાન ભાઈઓ બહેનો ! સંભલી જાવ ! અને તૌબા કરી લો ! પાછલી ભૂલોની તૌબા કરી લો ! રબ માફ કરનારો બહું જ મહેરબાન છે. હજી શ્વાસ બાકી છે તૌબા કરી લો ! આજથી જ સુધરી જાવ !

આજે ઈન્વેસ્ટમેન્ટનો દૌર ચાલે છે. જાત જાતની કંપનીઓ મૂડી રોકાણ માટે, ઈન્વેસ્ટમેન્ટ માટે હવાઈ મહેલો લોકોને દેખાડી રહી છે, શેર

બજારમાં નાણા રોકી લોકો રાતોરાત માલદાર થવાના ખ્વાબો જોઈ રહ્યા છે, જો કે આપણે જોઈ રહ્યા છીએ કે ક્યાંક એવી કંપનીઓવાળા તાળાં મારી રાતો રાત ભાગી જાય તો લોકો સર્વસ્વ લૂટાવી હાથ ઘસતા રહી જાય છે. વળી શેરના ધંધામાં લોકોનાં દેવાળાં પણ નીકળી જાય છે ! છતાં લોકોને લાલચમાં હરામ હલાલનો ખયાલ કર્યા વિના એ તરફ દોડતા આપણે જોઈ રહ્યા છીએ. આ સર્વ દુનિયાની સંપત્તિની દોડ છે, અને આ સોદાઓમાં ભલભલા પછડાઈ પણ જાય છે ! પણ હે મુસલમાનો ! અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَનો વાયદો કદી જૂઠો નથી હોતો, **અલ્લાહ વ રસૂલ તરફથી કુર્આન હદીષ દ્વારા જે નેક અમલોના દુનિયા તથા આખેરતમાં થનારા લાભોની ખુશખબરીઓ છે તે કદી પણ ફોગ નથી થઈ શકતી.** છતાં આશ્ચર્યની વાત છે કે આજનો મુસલમાન આખેરત પર ઈમાન હોવાનો જબરદસ્ત દાવો તો કરે છે પણ આખેરત માટે કોશિશ કરવાને બદલે સઘળુ જોર દુનિયા પ્રાપ્તિ પાછળ ખર્ચી કાઢે છે અને આખરેતથી જાણે બેઝાર તથા બેપરવા હોય એવી રીતે જીવન જીવી રહ્યો છે !

હે મારા પ્યારા દીની ભાઈઓ ! તથા બહેનો ! આવો ! આવો ! આપણે આપણા દિલને દિમાગને એક સાચા મુસલમાન જેવું બનાવીએ. આવો ! શા માટે આપણે કાફિરો જેમ દુનિયામાં ગુમ થઈ જઈએ કે જેમને હમેશાંની જહન્નમમાં રહેવાનું છે, જેમને આખરેત સાથે કોઈ સંબંધ જ નથી ! તો આપણુ તથા એમનું જીવન વિપરિત હોવું જ જોઈએ. લો ! આપના હાથોમાં આ અતિ મુબારક કિતાબ **તોહફાએ નજાત (ભાગ-૧૫)** રજૂ કરીએ છીએ બનામે **"ફઝીલતોનો ખજાનો એટલે નમાઝ !"** આ કિતાબમાં અઝાન, વુઝૂ તથા સર્વ સમયની અલગ અલગ સુન્નત, નફ્લ, ફર્ઝ, વાજિબ સર્વ નમાઝોની ફઝીલતો તથા નમાઝ બાજમાઅત સંબંધી પુષ્કળ હદીષો એવી એવી રજૂ કરવામાં આવી છે કે જેને વાંચીને એક મો'મિનનું દિલ મહેકતા ગુલશનની જેમ ખીલી ઉઠે છે, રબની ઈબાદતનાં મોજાંઓ ઉછાળા મારવા લાગે છે અને દુનિયાની ભ્રામક ઝાંઝવાનાં જળ જેવી લાલચોની અસલિયત તેની સમજમાં આવી જાય છે અને આખેરત





માટે ભાથુ એકત્ર કરવાનો શોખ દિલમાં જમા થઈ જાય છે.

દૃષ્ટાંત રૂપે કેવળ એક બે હદીષો રજૂ કરું છું જેને નબી પાક ﷺની મહબ્બતમાં ડૂબીને દિલની આંખો થકી વાંચશો અને એની રૂહાની મીઠાશને મેહસૂસ કરશો :–

હઝરત આઈશા સિદ્દીકા رَضِیَ اللہُ عَنہاથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, **"ફજરની બે રકાત (સુન્નત) મને સઘળી દુનિયાથી વધીને પ્રિય છે."** *(ઈમામ અહમદ)* **"દુનિયા અને જે કાંઈ એમાં છે એનાથી અધિક ઉત્તમ છે."** *(મુસ્લિમ, તિર્મિઝી)*

હઝરત અબૂ ઉમામા رَضِیَ اللہُ عَنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, **"જે ફર્ઝ નમાઝની જમાઅત માટે જાય તો એ હજ્જ માફક છે અને જે નફ્લ નમાઝ માટે જાય તો એ નફ્લ ઉમરા માફક છે."** *(તિબ્રાનીએ કબીર)*

આ છે નમાઝની બરકત તથા ફઝીલત ! પૂરી કિતાબ વાંચશો તો તમારું દિલ હદીષની બરકતો તથા ફઝીલતોથી રૂહાની ઠંડક મેહસૂસ કરશે અને ઈમાની નૂર દિલમાં જગમગી ઉઠશે. ઈન્શાઅલ્લાહ !

ફખ્રે ગુજરાત હઝરત **અલ્લામા મૌલાના યૂનુસ મિસ્બાહી** (પ્રેસ્ટન, યુ.કે.)ની ઈન્કેલાબી કલમ વડે આલેખાયેલ આ કિતાબ તમારાં દિલો દિમાગને સુકૂનની દૌલતથી માલમાલ કરી આપશે તેનો જરૂરથી અભ્યાસ કરો, તમારાં ઘરોમાં માં બહેનોને વાંચી સંભળાવો, બાળકોને વાંચી સંભળાવો અને એક ઈસ્લામી પાકીઝા માહોલ આપના ઘરમાં, મહોલ્લામાં ખડો કરો અને રબ્બે કરીમથી જઝાએ ખૈરના મુસ્તહિક બનો. મૌલા કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં કિતાબના લેખકને ઔર તરક્કી અતા કરે, તેમની સર્વ દુનિયાવી ઉખરવી તકલીફો દૂર કરે અને વધુ ને વધુ તેમનાથી દીનની ખિદમત લે અને સહાયકોને બંને જહાનમાં બેહતરીન બદલો આપે. આમીન બિજાહિન્નબી કરીમ ﷺ.

**–પટેલ શબ્બીર અલી રઝવી** *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*
*(અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા વતી)*
*(સ્થળ : દયાદરા, તા. ૫/૫/૨૦૦૮, ૨૭ રબીઉલ આખર, હિ.સ. ૧૪૨૯)*

(પ્રકરણ : ૧)

# અઝાનની ફઝીલત હદીષના પ્રકાશમાં

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

**نَحْمَدُهٗ وَنُصَلِّىْ عَلٰى رَسُوْلِهٖ سَيِّدِ الْمُرْسَلِيْنَ وَعَلٰى اٰلِهٖ وَاَصْحَابِهٖ اَجْمَعِيْنَ ـ اَمَّا بَعْدُ فَاَعُوْذُ بِاللّٰهِ مِنَ الشَّيْطَانِ الرَّجِيْمِ ـ بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ـ حَافِظُوْا عَلَى الصَّلَوَاتِ وَ الصَّلَاةِ الْوُسْطٰى وَ قُوْمُوْا لِلّٰهِ قَانِتِيْنَ ـ صَدَقَ اللّٰهُ الْعَظِيْمُ وَصَدَقَ رَسُوْلُهُ النَّبِىُّ الْاَمِيْنُ الْكَرِيْمُ ـ وَنَحْنُ عَلٰى ذٰلِكَ لَمِنَ الشَّاهِدِيْنَ وَالشَّاكِرِيْنَ وَالْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعَالَمِيْنَ**

**اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَارَسُوْلَ اللّٰهِ**

**اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَاحَبِيْبَ اللّٰهِ**

**اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَا نَبِىَّ اللّٰهِ**

**اَلصَّلٰوةُ وَ السَّلَامُ عَلَيْكَ يَا نُوْرَ اللّٰهِ**

**صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْكَ وَسَلَّمَ**

દિવસની ફર્ઝ નમાઝો માટે અઝાન આપવી સુન્નત છે. અઝાનની ઘણી ફઝીલત છે જેને આપની સેવામાં રજૂ કરીએ છીએ. અલ્લાહ તઆલા આપણને એ ફઝીલતો પ્રાપ્ત કરવાની તૌફીક઼ અતા ફર્માવે.





## ★ આખો દિવસ અઝાબથી સલામતી ★

**હદીષ : ૧**

**عَنْ اَنَسٍ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اِذَا اُذِّنَ فِىْ قَرْيَةٍ اٰمَنَهَا اللّٰهُ مِنْ عَذَابِهٖ ذٰلِكَ الْيَوْمَ رواه الطبرانى فى الصغير**

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે, એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જ્યારે કોઈ વસ્તીમાં અઝાન આપવામાં આવે તો અલ્લાહ એને એ દિવસ માટે પોતાના અઝાબથી સલામત રાખે છે." *(તિબ્રાનીએ સગીરમાં)*

## ★ રાત અઝાબથી સલામત ★

**હદીષ : ૨**

**عَنْ مَعْقَلِ بْنِ يَسَارٍ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اَيُّمَا قَوْمٍ نُوْدِىَ فِيْهِمْ بِالْاَذَانِ صَبَاحًا كَانَ لَهُمْ اَمَانًا مِنْ عَذَابِ اللّٰهِ حَتّٰى يُمْسُوْا وَ اَيُّمَا قَوْمٍ نُوْدِىَ فِيْهِمْ بِالْاَذَانِ مَسَاءً كَانَ لَهُمْ اَمَانًا مِنْ عَذَابِ اللّٰهِ حَتّٰى يُصْبِحُوْا رواه الطبرانى فى الكبير**

હઝરત મઅકલ બિન યસારથી રિવાયત છે, કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, **"જે પણ કૌમમાં સવારમાં અઝાન આપવામાં આવી તો સાંજ સુધી એમના માટે અઝાબથી સલામતી** છે અને જે કૌમમાં **સાંજે અઝાન આપવામાં આવે એમના માટે સવાર સુધી અલ્લાહના અઝાબથી સલામતી છે."** *(તિબ્રાનીએ કબીર)*

## ★ આકાશના દરવાજા ખુલે છે ! ★

**હદીષ : ૩**

**عَنْ اَنَسٍ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اِذَا اَذَّنَ الْمُؤَذِّنُ فُتِحَتْ اَبْوَابُ السَّمَآءِ وَاسْتُجِيْبَ الدُّعَآءُ رواه ابو الشيخ فى الاذان**

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, **"જ્યારે અઝાન આપવામાં આવે ત્યારે આકાશના દરવાજા ખોલી નાખવામાં આવે છે અને દુઆ કબૂલી લેવામાં આવે છે."** *(અબૂશ્શૈખ અઝાનમાં)*

## ★ પાંચ અમલની ફઝીલત ★

**હદીષ : ૪**

عَنْ عَبْدِ اللّٰهِ بْنِ عُمَرَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ تُفَتَّحُ اَبْوَابُ السَّمَآءِ لِخَمْسٍ لِقِرَاءَةِ الْقُرْاٰنِ وَ لِلِقَاءِ الزَّحْفَيْنِ وَلِنُزُوْلِ الْقَطْرِ وَلِدَعْوَةِ الْمَظْلُوْمِ وَالْاَذَانِ رواه الطبرانی فی المعظم الصغیر

હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی الله عنهما થી રિવાયત છે. એમણે કહ્યું રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, "આકાશના દરવાજા પાંચ વસ્તુ માટે ખોલવામાં આવે છે, કુર્આનની તિલાવત માટે, બે સૈન્યના સામના વખતે, વરસાદ પડતી વખતે, મઝલૂમની દુઆ માટે અને અઝાન માટે." *(તબ્રાની મુઅજ્જમે સગીરમાં)*

## ★ દુઆ કબૂલ થાય છે ★

**હદીષ : ૫**

عَنْ اَنَسٍ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اِذَا نُوْدِیَ بِالصَّلَاةِ اَدْبَرَ الشَّيْطَانُ فِيْمَا بَيْنَهٗ وَ بَيْنَ الرَّوْحَاءِ حَتّٰى لَا يَسْمَعَ صَوْتَ التَّاذِيْنِ وَ فُتِحَتْ اَبْوَابُ السَّمَآءِ وَ اسْتُجِيْبَ الدُّعَآءُ رواه الطبرانی فی المعجم الاوسط

હઝરત અનસ رضی الله عنه થી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, "જ્યારે અઝાન આપવામાં આવે છે તો શૈતાન પીઠ ફેરવીને નાસે છે રવહા સુધી, ત્યાં સુધી કે અઝાનનો અવાજ ન સાંભળે. આકાશના દરવાજા ખોલી નાખવામાં આવે છે અને દુઆ કબૂલી લેવામાં આવે છે." *(તબ્રાની મુઅજ્જમે ઔસતમાં)*

**નોંધ** : રવહા મદીનાથી ૩૬ માઈલ દૂર છે.

## ★ અઝાનની અસર શૈતાન પર ★

**હદીષ : ૬**

عَنْ اَبِیْ هُرَيْرَةَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اِذَا اَذَّنَ الْمُؤَذِّنُ اَدْبَرَ الشَّيْطَانُ وَلَهٗ حُصَاصٌ رواه مسلم

હઝરત અબૂ હુરૈરહ رضی الله عنه થી રિવાયત છે. એમણે કહ્યું રસૂલુલ્લાહ





ﷺ એ ફર્માવ્યું, "જયારે મુઅઝ્ઝિન અઝાન આપે છે તો શૈતાન હવા ખારિજ કરતો નાસે છે." *(મુસ્લિમ)*

## ★ અઝાનનો સવાબ ગણતરીથી બહાર ! ★

**હદીષ : ૭**

عَنْ اَبِیْ هُرَيْرَةَ اَنَّ رَسُوْلَ اللّٰهِ ﷺ قَالَ لَوْ يَعْلَمُ النَّاسُ مَا فِی النِّدَاءِ وَ الصَّفِّ الْاَوَّلِ ثُمَّ لَمْ يَجِدُوْا اِلَّا اَنْ يَّسْتَهِمُوْا عَلَيْهِ لَاسْتَهَمُوْا رواه البخاری و مسلم والبیهقی فی السنن

હઝરત અબૂ હુરૈરહ رضی الله عنه થી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, "જો લોકોને જાણ થઈ જતી કે અઝાન અને પહેલી સફમાં શું (સવાબ) છે પછી તેઓ ન પામી શકે પરંતુ એના પર ચિઠ્ઠી ફેંકવાની હોય તો ફેંકે." *(બુખારી, મુસ્લિમ, બયહકી, સુનનમાં)*

## ★ નબીની દુઆ મુઅઝ્ઝિન માટે ★

**હદીષ : ૮**

عَنْ اَبِیْ هُرَيْرَةَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اَلْاِمَامُ ضَامِنٌ وَالْمُؤَذِّنُ مُؤْتَمِنٌ اَللّٰهُمَّ اَرْشِدِ الْاَئِمَّةَ وَاغْفِرْ لِلْمُؤَذِّنِيْنَ فَقَالَ رَجُلٌ يَا رَسُوْلَ اللّٰهِ لَقَدْ تَرَكْتَنَا نَتَنَافَسُ فِی الْاَذَانِ بَعْدُ قَالَ اِنَّ بَعْدَكُمْ زَمَانًا سَفَلَتُهُمْ مُؤَذِّنُوْهُمْ رواه ابو الشیخ فی الاذان والبیهقی فی السنن

હઝરત અબૂ હુરૈરહ رضی الله عنه થી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, ઈમામ જવાબદાર છે અને મુઅઝ્ઝિન અમાનતદાર. અય અલ્લાહ ! ઈમામોને સત્ય માર્ગ બતાવ અને મુઅઝ્ઝિનોની મગફેરત ફર્માવ. એક માણસે કહ્યું, અય અલ્લાહના રસૂલ ﷺ આપે અમને છોડયા એ હાલતમાં કે અમે એ પછી અઝાન માટે મુકાબલો કરીશું ! આપે ફર્માવ્યું, તમારા બાદ જમાનો આવશે એમના અઝાન આપનારા એમનામાં બેઈજ્જત હશે." *(અબૂશ્શેખ અઝાનમાં, બયહકી સુનનમાં)*

## ★ નિર્જીવ પણ દુઆ કરે ! ★

**હદીષ : ૯**

عَنْ اَبِیْ هُرَيْرَةَ عَنِ النَّبِیِّ ﷺ قَالَ الْمُؤَذِّنُ يُغْفَرُ لَهٗ مَدَی صَوْتِهٖ وَ يَشْهَدُ لَهٗ

كُلُّ رَطْبٍ وَ يَابِسٍ وَ شَاهِدَ الصَّلٰوةِ يُكْتَبُ لَهٗ خَمْسٌ وَ عِشْرُوْنَ صَلٰوةً وَ يُكَفَّرُ عَنْهُ مَا بَيْنَهُمَا رواه ابو داود و النسائی و ابن ماجة والبیهقی فی السنن

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે, તેઓ નબી ﷺથી રિવાયત કરે છે. આપે ફર્માવ્યું, "મુઅઝ્ઝિન માટે જ્યાં સુધી એનો અવાજ પહોંચે મગફેરતની દુઆ કરે છે, દરેક ભીનું, સુકુ એના માટે ગવાહી આપશે. નમાઝ માટે હાજરી આપનાર માટે પચ્ચીસ નમાઝો લખવામાં આવે છે અને બે નમાઝોની વચમાં જે છે એનો કફ્ફારો બની જાય છે." *(અબૂ દાવૂદ, નસાઈ, ઈબ્ને માજહ્, બયહકી સુનનમાં)*

## ★ ક઼યામતના દિવસે દરેકની ગવાહી ★

**હદીષ : ૧૦**

عَنْ اَبِیْ سَعِيْدٍ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اِذَا اَذَّنْتَ فَارْفَعْ صَوْتَكَ فَاِنَّهٗ لَا يَسْمَعُهٗ اَحَدٌ اِلَّا يَشْهَدُ لَكَ يَوْمَ الْقِيَامَةِ رواه البخاری و ابو الشیخ و البیهقی فی السنن

હઝરત અબૂ સઈદથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જ્યારે તું અઝાન આપે બુલંદ અવાજથી આપ, કારણ કે જે કોઈ એનો અવાજ સાંભળશે ક઼િયામતના દિવસે તારા માટે ગવાહી આપશે." *(બુખારી, બયહકી સુનનમાં)*

## ★ મુઅઝ્ઝિન માટે મગફેરતની દુઆ ★

**હદીષ : ૧૧**

عَنْ اَبِیْ اُمَامَةَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اَلْمُؤَذِّنُ يُغْفَرُ لَهٗ مَدٰى صَوْتِهٖ وَ اَجْرُهٗ مِثْلَ اَجْرِ مَنْ صَلّٰى مَعَهٗ رواه الطبرانی فی الکبیر

હઝરત અબૂ ઉમામા رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, મુઅઝ્ઝિન માટે જ્યાં સુધી એનો અવાજ પહોંચે મગફેરતની દુઆ કરે છે, અને એનો સવાબ જે એની સાથે નમાઝ પઢે એના સવાબ જેવો છે.

**ફાયદો :** એટલે કે એની અઝાન સાંભળીને જેટલા લોકો નમાઝ માટે





આવે સર્વને એમની નમાઝનો સવાબ મળશે પણ **અઝાન આપનારને સર્વ જેટલો સવાબ મળશે** કારણ કે, લોકોના આવવામાં દા'વત મુઅઝ્ઝિનની છે.

## ★ મુઅઝ્ઝિનના માથે અલ્લાહનો હાથ ★

**હદીષ : ૧૨**

عَنْ اَنَسٍ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اِذَا اَخَذَ الْمُؤَذِّنُ فِیْ اَذَانِهٖ وَضَعَ الرَّبُّ يَدَهٗ فَوْقَ رَاسِهٖ فَلَا يَزَالُ كَذٰلِكَ حَتّٰى يَفْرُغَ مِنْ اَذَانِهٖ وَاِنَّهٗ لَيُغْفَرُ لَهٗ مَدَّ صَوْتِهٖ فَاِذَا فَرَغَ قَالَ الرَّبُّ صَدَقَ عَبْدِیْ وَ شَهِدَتَ بِشَهَادَةِ الْحَقِّ فَابْشِرْ رواه الحاکم فی التاریخ والدیلمی فی المسند الفردوس

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જ્યારે મુઅઝ્ઝિન પોતાની અઝાનમાં વ્યસ્ત હોય છે અલ્લાહ પોતાનો યદે કુદરત (કુદરતનો હાથ) એના માથા પર રાખે છે જે અઝાનથી ફારેગ થતાં સુધી આમ જ રાખેલો રહે છે. એનો અવાજ પહોંચે ત્યાં સુધી એના માટે મગફેરતની દુઆ કરે છે, પછી જ્યારે ફારેગ થાય છે તો રબ ફર્માવે છે, મારા બંદાએ સાચુ કહ્યું !" *(હાકિમ તારીખમાં, દૈલમી મુસ્નદુલ ફિરદૌસમાં)*

## ★ જંગલમાં પણ અઝાન કહો ! ★

**હદીષ : ૧૩**

عَنْ عَبْدِ الرَّحْمٰنِ بْنِ اَبِیْ صَعْصَعَةَ الْاَنْصَارِیِّ الْمَازِنِیِّ اَنَّ اَبَا سَعِيْدِ الْخُدْرِیْ قَالَ لَهٗ اِنِّیْ اَرَاكَ تُحِبُّ الْغَنَمَ وَالْبَادِيَةَ وَاِذَا كُنْتَ فِیْ غَنَمِكَ اَوْ بَادِيَتِكَ فَاَذَّنْتَ لِلصَّلٰوةِ فَارْفَعْ صَوْتَكَ بِالنِّدَاءِ فَاِنَّهٗ لَا يَسْمَعُ مَدٰى صَوْتِ الْمُؤَذِّنِ جِنٌّ وَلَا اِنْسٌ وَلَا شَیْءٌ اِلَّا شَهِدَ لَهٗ يَوْمَ الْقِيَامَةِ وَقَالَ اَبُوْ سَعِيْدٍ سَمِعْتُهٗ مِنْ رَسُوْلِ اللّٰهِ ﷺ رواه مالك والشافعی والبخاری والنسائی و ابن ماجة والبیهقی فی السنن

અબ્દુર્રહમાન બિન અબી સઅસઅ અન્સારીથી રિવાયત છે કે હઝરત અબૂ સઈદ ખુદરીએ એમને કહ્યું, "હું જોઈ રહ્યો છું કે તમને બકરીઓ

અને જંગલ પસંદ આવે છે. જ્યારે તમે તમારી બકરીઓમાં હોય અથવા જંગલમાં તો નમાઝ માટે અઝાન કહો, પોતાનો અવાજ અઝાનમાં બુલંદ રાખો કારણ કે અઝાનનો અવાજ ઈન્સાન, જિન અને કોઈપણ વસ્તુ સાંભળશે તો એ તમારા માટે ક્રિયામતના દિવસે ગવાહી આપશે.'' અબૂ સઈદે કહ્યું કે મેં એને રસૂલુલ્લાહ ﷺથી સાંભળ્યું.'' *(માલિક, શાફેઈ, બુખારી, નસાઈ, ઈબ્ને માજહ્, બયહકી, સુનને કુબ્રા)*

### ★ આગલા ગુનાહ માફ ★

**હદીષ : ૧૪**

عَنْ اَبِیْ هُرَيْرَةَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ اَذَّنَ خَمْسَ صَلَوَاتٍ اِيْمَانًا وَ اِحْتِسَابًا غُفِرَ لَهٗ مَا تَقَدَّمَ مِنْ ذَنْبِهٖ وَمَنْ اَمَّ اَصْحَابَهٗ خَمْسَ صَلَوَاتٍ اِيْمَانًا وَّ اِحْتِسَابًا غُفِرَ لَهٗ مَا تَقَدَّمَ مِنْ ذَنْبِهٖ رواه البيهقى

હઝરત અબૂ હુરૈરહ્થી રિવાયત છે, એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, ''જે પાંચ વખતની અઝાન આપે ઈમાન અને સવાબની નિય્યતે એના આગલા ગુનાહ બખ્શી દેવામાં આવશે. અને જેણે પોતાના દોસ્તોની ઈમામત કરી પાંચ નમાઝમાં ઈમાન અને સવાબની નિય્યતે એના આગલા ગુનાહ બખ્શી દેવામાં આવશે.'' *(બયહકી)*

### ★ દરેક વસ્તુ મુઅઝ્ઝિનની તસ્દીક (સમર્થન) કરે છે ★

**હદીષ : ૧૫**

عَنْ اَبِیْ هُرَيْرَةَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اَلْمُؤَذِّنُ يُغْفَرُ لَهٗ مَدَّ صَوْتِهٖ وَ يُصَدِّقُ كُلَّ رَطْبٍ وَ يَابِسٍ رواه ابن ابى شيبة و ابو داود الطيالسى و البيهقى فى السنن

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે. કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ''મુઅઝ્ઝિન માટે એનો અવાજ જ્યાં સુધી પહોંચે મગફેરતની દુઆ કરે છે અને દરેક ભીનું, સુકુ એની વાત સ્વીકારે છે.'' *(ઈબ્ને અબી શયબા, અબૂ દાવૂદ, તિયાલિસી, બયહકી સુનનમાં)*

### ★ બધા નમાઝીઓના બરાબર સવાબ ! ★

**હદીષ : ૧૬**

عَنِ الْبَرَاءِ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ يُغْفَرُ لِلْمُؤَذِّنِ مَدَّ صَوْتِهٖ وَ يُجِيْبُهٗ كُلُّ





رَطْبٍ وَّ يَابِسٍ وَلَهٗ اَجْرُ مِثْلِ مَنْ صَلّٰى مَعَهٗ رواه ابو الشيخ

હઝરત બરાઅ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ''મુઅઝ્ઝિન માટે એનો અવાજ પહોંચે ત્યાં સુધી મગફેરતની દુઆ કરે છે અને દરેક ભીનું, સુકુ એનો જવાબ આપે છે જે સાંભળે, અને એના માટે એની સાથે જે નમાઝ પઢે એના જેવો સવાબ છે.'' *(અબૂશ્શૈખની રિવાયત)*

### ★ ક્રિયામતના દિવસે ઈજ્જતવાળા ★

**હદીષ : ૧૭**

عَنْ اَنَسٍ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اَطْوَلُ النَّاسِ اَعْنَاقًا يَوْمَ الْقِيَامَةِ اَلْمُؤَذِّنُوْنَ رواه الامام احمد

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ''લોકોમાં લાંબા ગળાવાળા ક્રિયામતના દિવસે અઝાન આપનારાઓ હશે.'' *(ઈમામ અહમદ)*

**ફાયદો** : ગળુ લાંબુ હોવાનો મતલબ ઈજ્જતવાન હોવું છે.

### ★ મુઅઝ્ઝિનને તરસ નહીં લાગે ! ★

**હદીષ : ૧૮**

عَنْ اَبِیْ بَكْرِ بْنِ اَبِیْ دَاوٗدَ قَالَ سَمِعْتُ اَبِیْ يَقُوْلُ مَعْنٰى قَوْلُ النَّبِیِّ ﷺ اَلْمُؤَذِّنُوْنَ اَطْوَلُ النَّاسِ اَعْنَاقًا يَوْمَ الْقِيَامَةِ لَيْسَ اَنَّ اَعْنَاقَهُمْ تَطُوْلُ وَذٰلِكَ اَنَّ النَّاسَ يَعْطَشُوْنَ يَوْمَ الْقِيَامَةِ فَاِذَا عَطِشَ الْاِنْسَانُ انْطَوَتْ عُنُقُهٗ وَالْمُؤَذِّنُوْنَ لَا يَعْطَشُوْنَ فَاَعْنَاقُهُمْ قَائِمَةً رواه البيهقى فى السنن

અબૂબક્ર બિન અબૂ દાવૂદથી રિવાયત છે. એમણે કહ્યું કે મેં મારા પિતાથી સાંભળ્યું : ફર્માવે છે, ''મારી પાસે નબી ﷺનું ફર્માન છે, મુઅઝ્ઝિનોનું ક્રિયામતના દિવસે લાંબુ ગળુ હશે. એમનાં ગળાં એટલાં લાંબાં થશે કે લોકો ક્રિયામતના દિવસે તરસ્યા હશે પછી જ્યારે માણસને તરસ લાગશે એનું ગળુ વળી જશે અને મુઅઝ્ઝિનોને તરસ નહીં લાગે તો એમનાં ગળાં સીધાં રહેશે.'' *(બયહકી સુનનમાં)*

## ★ મોઅઝ્ઝિન જહન્નમથી મુક્ત ! ★

**હદીષ : ૧૯**

عَنْ اَمِيْرِ الْمُؤْمِنِيْنَ عُمَرَ بْنِ خَطَّابٍ اَنَّ النَّبِىَّ ﷺ قَالَ اِنَّهَا لُحُوْمٌ مُحَرَّمَةٌ عَلَى النَّارِ لُحُوْمُ الْمُؤَذِّنِيْنَ وَ دِمَائُهُمْ وَمَا مِنْ رَجُلٍ يُؤَذِّنُ سَبْعَ سِنِيْنَ يُصَدِّقُ فِىْ ذٰلِكَ نِيَّتُهٗ اِلَّا عُتِقَ مِنَ النَّارِ ـ رواه ابو الشيخ

અમીરુલ મુ'મિનીન ઉમર બિન ખત્તાબથી રિવાયત છે કે નબી કરીમ ﷺએ ફર્માવ્યું, "જે ગોશ્ત આગ પર હરામ છે મુઅઝ્ઝિનોનો ગોશ્ત છે અને એમનું લોહી છે. અને જે પણ માણસ સાત વર્ષ અઝાન આપે જેમાં એની નિય્યત સાચી હોય તો એ જહન્નમથી મુક્ત છે." *(અબૂશ્શૈખ)*

## ★ મોઅઝ્ઝિન માટે જન્નત વાજિબ છે ! ★

**હદીષ : ૨૦**

عَنْ اِبْنِ عُمَرَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ اَذَّنَ ثِنْتَىْ عَشَرَ سَنَةً وَجَبَتْ لَهُ الْجَنَّةُ وَكُتِبَ لَهٗ فِىْ تَاذِيْنِهٖ فِىْ كُلِّ يَوْمٍ سِتُّوْنَ حَسَنَةً وَبِاِقَامَتِهٖ ثَلَاثُوْنَ حَسَنَةً رواه ابن ماجة والحاكم والبيهقى فى السنن

હઝરત ઈબ્ને ઉમરથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જે બાર વર્ષો સુધી અઝાન આપે એના માટે જન્નત વાજિબ છે અને એની અઝાન પર એના માટે દરરોજ સાઈઠ નેકીઓ અને ઈકામત પર ત્રીસ નેકીઓ લખવામાં આવશે." *(ઈબ્ને માજહ, હાકિમ, બયહકી સુનનમાં)*

## ★ અઝાન પછી દુરૂદ પઢો ! ★

**હદીષ : ૨૧**

عَنْ ثَوْبَانَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ حَافَظَ عَلَى الْاَذَانِ سَنَةً وَجَبَتْ لَهُ الْجَنَّةُ رواه البيهقى فى شعب الايمان

હઝરત ષૌબાન رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જેણે એક વર્ષ સુધી સતત અઝાન આપી એના માટે જન્નત વાજિબ છે." *(બયહકી શુઅબુલ ઈમાન)*





## ★ સર્વ મુઅઝ્ઝિન બિલાલ પાછળ ★

**હદીષ : ૨૨**

عَنْ ثَوْبَانَ قَالَ بَشَّرْتُ بِلَالًا فَقَالَ يَا عَبْدَ اللّٰهِ بِمَا تُبَشِّرُنِىْ فَقُلْتُ سَمِعْتُ رَسُوْلَ اللّٰهِ ﷺ يَقُوْلُ يَجِىْءُ بِلَالٌ يَوْمَ الْقِيَامَةِ عَلٰى رَاحِلَةٍ رِجْلُهَا مِنْ ذَهَبٍ وَ زِمَامُهَا مِنْ دُرٍّ وَّ يَاقُوْتٍ مَعَهٗ لِوَاءٌ يَتْبَعُهُ الْمُؤَذِّنُوْنَ فَيُدْخِلُهُمُ الْجَنَّةَ حَتّٰى اَنَّهٗ لَيُدْخِلُ مَنْ اَذَّنَ اَرْبَعِيْنَ صَبَاحًا يُرِيْدُ بِذٰلِكَ وَجْهَ اللّٰهِ عَزَّ وَ جَلَّ رواه الطبرانى فى الصغير

હઝરત ષૌબાનથી રિવાયત છે. એમણે કહ્યું કે મેં બિલાલને ખુશખબરી આપી તો એમણે મને કહ્યું, "અય અલ્લાહના બંદા ! તમે કઈ વાતની મને બશારત આપો છો ?" તો મેં કહ્યું, રસૂલુલ્લાહ ﷺને ફર્માવતાં સાંભળ્યા કે બિલાલ ક઼િયામતના દિવસે એવી સવારી પર આવશે જેના પગ સોનાના, લગામ મોતી અને યાકૂતની, એમની પાસે ઝંડો હશે, મુઅઝ્ઝિનો એમની પાછળ પાછળ હશે, આપ એમને જન્નતમાં દાખલ કરશે, એટલે સુધી કે આપ જેણે ચાલીસ દિવસ અલ્લાહને રાજી કરવાના ઈરાદાથી અઝાન આપી એને પણ દાખલ કરશે." *(તબ્રાની સગીરમાં)*

## ★ શહીદો પછી મુઅઝ્ઝિનો જન્નતમાં ★

**હદીષ : ૨૩**

عَنْ جَابِرٍ قِيْلَ يَا رَسُوْلَ اللّٰهِ مَنْ اَوَّلُ النَّاسِ دُخُوْلًا اَلْجَنَّةَ قَالَ الْاَنْبِيَآءُ ثُمَّ الشُّهَدَاءُ ثُمَّ مُؤَذِّنُو الْكَعْبَةِ ثُمَّ مُؤَذِّنُوْ بَيْتِ الْمُقَدَّسِ ثُمَّ مُؤَذِّنُوْ مَسْجِدِىْ هٰذَا ثُمَّ سَائِرُ الْمُؤَذِّنِيْنَ عَلٰى قَدْرِ اَعْمَالِهِمْ رواه ابو الشيخ فى الاذان و راوه ابن سعد والحاكم فى تاريخه والبيهقى فى شعب الايمان

હઝરત જાબિર رضی اللہ عنہથી રિવાયત છે. પૂછવામાં આવ્યું, "અય અલ્લાહના રસૂલ ! ﷺ જન્નતમાં પ્રથમ પ્રવેશનાર કોણ છે ?!" ફર્માવ્યું, "નબીઓ પછી શહીદો પછી કા'બાના મુઅઝ્ઝિનો, પછી બયતુલ મુક઼દ્દસના મુઅઝ્ઝિનો, પછી મારી આ મસ્જિદના મુઅઝ્ઝિનો પછી સઘળા મુઅઝ્ઝિનો પોત પોતાના અમલો પ્રમાણે." *(હાકિમે તારીખમાં, બયહકી શુઅબુલ ઈમાનમાં)*

## ★ ઈચ્છે એની શફાઅત કરે ! ★

**હદીષ : ૨૪**

عَنْ مُوسیٰ الطَّوِیْلِ قَالَ قَالَ رَسُوْلُ اللّٰہِ ﷺ مَنْ اَذَّنَ سَنَةً مِنْ نِیَّةٍ صَادِقَةٍ لَا یَطْلُبُ عَلَیْهِ اَجْرًا دُعِیَ یَوْمَ الْقِیَامَةِ وَ وَقَفَ عَلٰی بَابِ الْجَنَّةِ فَقِیْلَ لَهٗ اِشْفَعْ لِمَنْ شِئْتَ رواه ابو عبد الله الحسین بن جعفر الجرجانی فی امالیه و حمزة بن یوسف السهمی فی معجمه و ابن عساکر والرافعی و ابن النجار

મૂસા તવીલથી રિવાયત છે. એમણે કહ્યું, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જેણે એક વર્ષ સુધી સાચી નિય્યતે અઝાન આપી જેના પર બદલાની માંગ ન કરે તો એને કિ઼યામતના દિવસે બોલાવવામાં આવશે. એ જન્નતના દરવાજા પાસે ઉભો રહેશે તો એને કહેવામાં આવશે કે જેની ઈચ્છે શફાઅત કર ! *(અબૂ અબ્દુલ્લાહ જાફર બિન હુસૈન જુરજાની અમાલીમાં, હમ્ઝા બિન યૂસુફ સહમી મુઅજ્જમમાં, ઈબ્ને અસાકિર, રાફેઈ, ઈબ્ને નજ્જાર)*

## ★ મુઅઝ્ઝિનો જુમ્આ સાથે ★

**હદીષ : ૨૫**

عَنْ اَبِیْ مُوسیٰ عَنِ النَّبِیِّ ﷺ یُبْعَثُ یَوْمُ الْجُمْعَةِ زَاهِرًا مُّنِیْرًا وَ اَهْلُ الْجَنَّةِ مَحْفُوْفُوْنَ بِهٖ کَالْعُرُوْسِ تُهْدیٰ اِلیٰ بَیْتِ زَوْجِهَا لَا یُخَالِطُهُمْ اِلَّا الْمُؤَذِّنُوْنَ الْمُحْتَسِبُوْنَ رواه ابو الشیخ

અબૂ મૂસાથી રિવાયત છે. આપ નબી ﷺથી રિવાયત કરે છે, હશ્રમાં જુમ્આને ઉજળો ચમકતો લાવવામાં આવશે, જન્નતવાળા એને ઘેરી વળશે દુલ્હન માફક જે પોતાના પતિના ઘરે જઈ રહી હોય, સવાબની નિય્યતે અઝાન આપનારાઓ એની પાસે હશે.

## ★ મુઅઝ્ઝિનો હશ્રમાં બેફિકર ! ★

**હદીષ : ૨૬**

عَنْ اَنَسٍ عَنِ النَّبِیِّ ﷺ یُحْشَرُ الْمُؤَذِّنُوْنَ یَوْمَ الْقِیَامَةِ عَلٰی نُوْقٍ مِنْ نُوْقِ الْجَنَّةِ یُقَدِّمُهُمْ بِلَالٌ رَافِعِیْ اَصْوَاتِهِمْ بِالْاَذَانِ یَنْظُرُ اِلَیْهِمُ الْجَمِیْعُ فَیُقَالُ مَنْ هٰؤُلَاءِ فَیُقَالُ مُؤَذِّنُوْا اُمَّةِ مُحَمَّدٍ ﷺ یَخَافُ النَّاسُ وَلَا یَخَافُوْنَ وَ یَحْزَنُ





હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે. આપ નબી ﷺથી રિવાયત કરે છે, "કિ઼યામતના દિવસે મુઅઝ્ઝિનોને ભેગા કરવામાં આવશે જન્નતની ઊંટડીઓ પર, એમની આગળ બિલાલ હશે, બુલંદ અવાજથી અઝાન આપતા સર્વ એમને જોશે. પૂછવામાં આવશે આ કોણ છે ? તો કહેવામાં આવશે, મુહમ્મદ ﷺની ઉમ્મતના મુઅઝ્ઝિનો. લોકોને બીક લાગશે એમને નહીં લાગે, લોકો ચિંતામાં હશે તેઓ નહીં." *(ખતીબ, ઈબ્ને અસાકિર)*

## ★ અઝાનનો જવાબ અને ફાયદો ★

**હદીષ : ૨૭**

عَنْ اَبِیْ هُرَیْرَةَ قَالَ کُنَّا مَعَ رَسُوْلِ اللّٰہِ ﷺ فَقَامَ بِلَالٌ یُنَادِیْ فَلَمَّا سَکَتَ قَالَ رَسُوْلُ اللّٰہِ ﷺ مَنْ قَالَ مِثْلَ هٰذَا یَقِیْنًا دَخَلَ الْجَنَّةَ رواه الحاکم فی المستدرك

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું, અમે રસૂલુલ્લાહ ﷺ સાથે હતા એટલામાં બિલાલ ઉભા થઈ અઝાન આપવા લાગ્યા. પછી જ્યારે આપ ચૂપ થયા, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જેણે કહ્યું કહેવા માફક યકી઼ન સાથે, જન્નતમાં દાખલ થશે. *(હાકિમ મુસ્તદરકમાં)*

## ★ આ દુઆ ભૂલો નહીં ★

**હદીષ : ૨૮**

عَنْ سَعْدِ بْنِ اَبِیْ وَقَّاصٍ عَنْ رَسُوْلِ اللّٰہِ ﷺ اَنَّهٗ قَالَ مَنْ قَالَ حِیْنَ یَسْمَعُ الْمُؤَذِّنَ وَاَنَا اَشْهَدُ اَنْ لَّا اِلٰهَ اِلَّا اللّٰہُ وَحْدَهٗ لَاشَرِیْكَ لَهٗ وَاَشْهَدُ اَنَّ مُحَمَّدًا عَبْدُهٗ وَ رَسُوْلُهٗ رَضِیْتُ بِاللّٰہِ رَبًّا وَ بِالْاِسْلَامِ دِیْنًا وَبِمُحَمَّدٍ نَبِیًّا غُفِرَ لَهٗ ذَنْبُهٗ رواه مالك و مسلم و ابو داود و ابن ماجة

સઅદ બિન અબી વક્કા઼સ رضی اللہ عنہથી રિવાયત છે. આપ રસૂલુલ્લાહ ﷺથી રિવાયત કરે છે. આપે ફર્માવ્યું, જે મુઅઝ્ઝિનથી સાંભળે ત્યારે પઢે, "હું ગવાહી આપું છું કે અલ્લાહ સિવાય કોઈ મઅબૂદે બરહક્ક નથી, એ એકલો છે એનો કોઈ શરીક નથી, હું ગવાહી આપું છું કે મુહમ્મદ એના બંદા અને રસૂલ છે. (ﷺ) હું અલ્લાહના રબ હોવા પર, ઈસ્લામના દીન હોવા પર અને મુહમ્મદ (ﷺ)ના નબી હોવા પર ખુશ છું. એના

ગુનાહ બખ્શી દેવામાં આવશે.'' *(માલિક, મુસ્લિમ, અબૂ દાવૂદ, ઈબ્ને માજહ્)*

## ★ જવાબ અને ગુનાહોની માફી ★

**હદીષ : ૨૯**

**عَنِ الْمُغِيْرَةِ بْنِ شُعْبَةَ عَنِ النَّبِيِّ ﷺ مَنْ قَالَ حِيْنَ يُؤَذِّنُ الْمُؤَذِّنُ مِثْلَ قَوْلِهٖ غُفِرَ لَهٗ رواه ابو الشيخ فى الاذان**

હઝરત મુગીરા બિન શુઆબાથી રિવાયત છે. આપ નબી ﷺથી રિવાયત કરે છે, ''જ્યારે મુઅઝ્ઝિન અઝાન આપે અને એના જેવું જે કહે એના ગુનાહ માફ કરી દેવામાં આવશે.'' *(અબૂશ્શૈખે કિતાબુલ અઝાનમાં)*

## ★ એક હજાર દરજાની બુલંદી પ્રાપ્ત ★

**હદીષ : ૩૦**

**عَنْ مَيْسَرَةَ عَنْ بَعْضِ اِخْوَانِهٖ عَنِ النَّبِيِّ ﷺ قَالَ يَا مَعْشَرَ النِّسَآءِ اِذَا سَمِعْتُنَّ هٰذَا الْحَبْشِيَّ يُؤَذِّنُ وَيُقِيْمُ فَقُلْنَ مَا يَقُوْلُ فَاِنَّ اللّٰهَ يَكْتُبُ لَكُنَّ بِكُلِّ كَلِمَةٍ مِأَةَ اَلْفِ حَسَنَةٍ وَيَرْفَعُ لَكُنَّ اَلْفَ دَرَجَةٍ وَيَحُطُّ عَنْكُنَّ اَلْفَ سَيِّئَةٍ قُلْنَ هٰذِهٖ لِلنِّسَآءِ فَمَا لِلرِّجَالِ قَالَ لِلرِّجَالِ ضِعْفَانِ رواه ابن عساكر**

મયસરાથી રિવાયત છે : તેઓ પોતાના અમુક ભાઈઓથી રિવાયત કરે છે, તેઓ નબી ﷺથી. આપે ફર્માવ્યું, અય ઔરતોની જમાઅત ! જ્યારે તમે આ હબ્શીથી સાંભળો કે અઝાન આપે છે અને ઈકામત કહે છે તો કહો જેમ તેઓ કહે, બેશક ! અલ્લાહ તઆલા તમારા માટે લખશે **દરેક કલ્મા પર એક લાખ નેકીઓ**, અને તમારા **એક હજાર દરજા બુલંદ** કરવામાં આવશે, અને તમારાથી **એક હજાર ગુનાહ માફ** કરી દેવામાં આવશે. તેણીઓએ વિનંતિ કરી, આ ઔરતો માટે છે, તો પુરૂષો માટે શું ? ફર્માવ્યું, મર્દો માટે એનું બમણુ.'' *(ઈબ્ને અસાકિર)*

## ★ દરેક શબ્દ લાખનો ! ★

**હદીષ : ૩૧**

**عَنْ اُمِّ الْمُؤْمِنِيْنَ مَيْمُوْنَةَ رَضِىَ اللّٰهُ عَنْهَا قَالَتْ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ يَا مَعْشَرَ النِّسَآءِ اِذَا سَمِعْتُنَّ اَذَانَ هٰذَا الْحَبْشِيِّ وَ اِقَامَتَهٗ فَقُلْنَ كَمَا يَقُوْلُ فَاِنَّ لَكُنَّ بِكُلِّ**





**حَرْفٍ اَلْفَ اَلْفَ دَرَجَةٍ قَالَ عُمَرُ يَا رَسُوْلَ اللّٰهِ هٰذَا لِلنِّسَآءِ فَمَا لِلرِّجَالِ قَالَ لَهُمُ الضِّعْفُ يَا اِبْنَ الْخَطَّابِ رواه الخطيب**

ઉમ્મુલ મુ'મિનીન મયમૂના رضی اللہ عنہاથી રિવાયત છે. એમણે કહ્યું, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ''અય ઔરતોની જમાઅત ! જ્યારે તમે આ હબ્શીથી અઝાન અને ઈકામત સાંભળો તો જેમ એ કહે છે તમે કહો, બેશક ! તમારા માટે **દરેક દરેક શબ્દે હજાર હજાર દરજા** છે. ઉમરે કહ્યું, આ ઔરતો માટે છે તો પછી પુરૂષો માટે શું ?! ફર્માવ્યું, અય ઉમર ! **પુરૂષો માટે ડબલ.** *(તિબ્રાની કબીરમાં)*

## ★ નેકીઓ જ નેકીઓ ! ★

**હદીષ : ૩૨**

**عَنِ ابْنِ عُمَرَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ قُلْنَ مِثْلَ مَا يَقُوْلُ يَعْنِىْ الْمُؤَذِّنَ فَاِنَّ لَكُنَّ بِكُلِّ حَرْفٍ اَلْفَىْ حَسَنَةً قَالَ عُمَرُ يَا رَسُوْلَ اللّٰهِ ﷺ هٰذَا لِلنِّسَاءِ فَمَا لِلرِّجَالِ قَالَ لَهُمُ الضِّعْفُ يَا ابْنَ الْخَطَّابِ رواه الخطيب**

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ''કહો જેમ કહે છે મુઅઝ્ઝિન, બેશક ! તમારા માટે **દરેક શબ્દના બદલામાં બે હજાર નેકીઓ** છે. આપે કહ્યું, અય અલ્લાહના રસૂલ ﷺ ! આ ઔરતો માટે છે, તો પછી પુરૂષો માટે શું ?! આપે ફર્માવ્યું, અય ઈબ્ને ખત્તાબ ! એમના માટે **ડબલ** છે.'' *(ખતીબ)*

**ફાયદો** : આખા દિવસની પાંચ નમાઝોની પાંચ અઝાન અને પાંચ ઈક઼ામત ટોટલ દસ થઈ. અઝાનમાં બાર કલેમા અને ઈક઼ામતમાં ૧૪, આમ એક સમયના ૨૬ કલેમા થયા, જેથી બાવન લાખ નેકીઓ મળે જો જવાબ આપવામાં આવે, અને સ્ત્રીઓને ૨૬ લાખ. બાવન હજાર દરજાની બુલંદી અને બાવન હજાર ગુનાહની માફી પુરૂષો માટે જો જવાબ આપે, અને ૨૬ હજાર દરજાતની બુલંદી અને ૨૬ હજાર ગુનાહોની માફી સ્ત્રીઓ માટે જો જવાબ આપે.

## ★ સવાબનો કુલ ટોટલ ★

આખા દિવસની અઝાન અને ઈકામતના સવાબનો સરવાળો કરવામાં

આવે તો એ **બે કરોડ ૬૦ લાખ નેકીઓ** થાય છે. અને સ્ત્રીઓ માટે **એક કરોડ ત્રીસ લાખ, એક લાખ ત્રીસ હજાર દરજાતની બુલંદી** સ્ત્રીઓ માટે અને **બે લાખ ૬૦ હજાર દરજાતની બુલંદી પુરૂષો માટે,** એક લાખ ત્રીસ હજાર ગુનાહોની માફી સ્ત્રીઓ માટે અને એનું ડબલ બે લાખ ૬૦ હજાર પુરૂષો માટે.

જુમ્આના દિવસે એક અઝાન બીજા દિવસોથી વધારે હોય છે તો ૨૪ લાખ નેકીઓ ઉપરના ટોટલમાં જુમ્આના દિવસે વધી જશે.

જો "અસ્સલાતુ ખૈરૂમ્ મિનન્નૌમ"ને પણ અઝાનમાં સામેલ માની લેવામાં આવે તો મર્દોના ટોટલમાં ચાર લાખનો અને ઔરતોના ટોટલમાં બે લાખનો દરરોજનો વધારે થશે. ચાર હજાર દરજાતની બુલંદી પુરૂષો માટે અને બે હજાર દરજાઓની સ્ત્રીઓ માટે, અને ગુનાહોની માફીમાં આમ જ દરરોજના ટોટલમાં વધારો થશે.

જ્યારે અઝાન અને ઈક઼ામતના જવાબનો આટલો બધો સવાબ છે તો પછી આપણે સમયસર નમાઝ માટે હાજરી આપવી જોઈએ અને અઝાન, ઈક઼ામત સાંભળી એનો જવાબ આપવો જોઈએ અને પોતાને સવાબથી માલામાલ કરવું જોઈએ.

## ★ અઝાનનો જવાબ આપો અને જન્નતમાં પ્રવેશો ! ★

### હદીષ : ૩૩

عَنْ اَمِيْرِ الْمُؤْمِنِيْنَ عُمَرَ بْنِ الْخَطَّابِ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صلى الله عليه وسلم اِذَا قَالَ الْمُؤَذِّنُ اَللّٰهُ اَكْبَرُ فَقَالَ اَحَدُكُمْ اَللّٰهُ اَكْبَرُ ثُمَّ قَالَ اَشْهَدُ اَنْ لَّا اِلٰهَ اِلَّا اللّٰهُ قَالَ اَشْهَدُ اَنْ لَّا اِلٰهَ اِلَّا اللّٰه ثُمَّ قَالَ اَشْهَدُ اَنَّ مُحَمَّدًا رَّسُوْلُ اللّٰهِ قَالَ اَشْهَدُ اَنَّ مُحَمَّدًا رَسُوْلَ اللّٰهُ ثُمَّ قَالَ حَيَّ عَلَى الصَّلٰوةُ قَالَ لَاحَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهُ ثُمَّ قَالَ حَيَّ عَلَى الْفَلَاحُ قَالَ وَلَا حَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ ثُمَّ قَالَ اَللّٰهُ اَكْبَرُ قَالَ اَللّٰهُ اَكْبَرُ قَالَ لَا اِلٰهَ اِلَّا اللّٰهُ قَالَ لَا اِلٰهَ اِلَّا اللّٰهُ مِنْ قَلْبِهٖ دَخَلَ الْجَنَّةَ رواه مسلم و ابو داود و النسائی و الطحاوی

અમીરુલ મો'મિનીન ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે





કહ્યું રસૂલુલ્લાહ صلى الله عليه وسلمએ ફર્માવ્યું :–

"જયારે મુઅઝ્ઝિન اَللّٰهُ اَكْبَرُ કહે તો તમારામાંથી કોઈ કહે اَللّٰهُ اَكْبَرُ પછી કહે اَشْهَدُ اَنْ لَّا اِلٰهَ اِلَّا اللّٰهُ તો કહે اَشْهَدُ اَنْ لَّا اِلٰهَ اِلَّا اللّٰهُ પછી કહે اَشْهَدُ اَنَّ مُحَمَّدًا رَّسُوْلُ اللّٰهِ તો કહે اَشْهَدُ اَنَّ مُحَمَّدًا رَّسُوْلُ اللّٰهِ પછી કહે حَيَّ عَلَى الصَّلٰوةُ તો કહે لَاحَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهُ પછી કહે حَيَّ عَلَى الْفَلَاحُ તો કહે وَلَا حَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ પછી કહે اَللّٰهُ اَكْبَرُ તો કહે اَللّٰهُ اَكْبَرُ પછી કહે لَا اِلٰهَ اِلَّا اللّٰهُ તો કહે لَا اِلٰهَ اِلَّا اللّٰهُ પોતાના દિલથી તો જન્નતમાં દાખલ થશે. *(મુસ્લિમ, અબૂ દાવૂદ, નસાઈ, તહાવી)*

આ હદીષ શરીફથી અઝાનનો જવાબ કઈ રીતે આપવો એ પુરવાર થાય છે તો મુઅઝ્ઝિનના દરેક કલેમા પર એ કહે તેમ કહેવું પણ હય અલતૈનમાં "લાહૌલા વલા કુવ્વતના ઈલ્લા બિલ્લાહ" કહેવામાં આવશે.

ઈકામત અઝાન માફક છે અને એનો જવાબ અઝાન માફક આપવામાં આવશે, જેમ કે ઉપરોક્ત જવાબની હદીષમાં વર્ણન થયું. હા ! ઈકામતમાં قدقامت الصلوٰة બે વખત બોલવામાં આવે છે જે અઝાન પર વધારો છે, એનો જવાબ اقامها الله وٙدامها છે. હઝરત અબૂ ઉમામાથી રિવાયત છે કે બિલાલે કહ્યું قدقامت الصلوٰة તો રસૂલુલ્લાહ صلى الله عليه وسلم એ ફર્માવ્યું اقامها الله وٙدامها *(અબૂશ્શૈખ)* (આ પ્રમાણે અબૂ દાવૂદ, ઈબ્ને સિનની અને બયહકીમાં પણ રિવાયતો છે.)

ફજરમાં اَلصَّلٰوةُ خَيْرٌ مِّنَ النَّوْمِનો વધારો થાય છે તો એના જવાબમાં : صَدَقْتَ وَ بَرَرْتَ وَ بِالْحَقِّ نَطَقْتَ કહેવામાં આવે. કામ સેકન્ડોનું અને ફાયદો જિંદગીનો."

### હદીષ : ૩૪

عَنْ عَمْرِو بْنِ الْعَاصِ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صلى الله عليه وسلم اِذَا سَمِعْتُمُ النِّسَاءَ فَقُوْلُوْا مِثْلَ مَا يَقُوْلُ ثُمَّ صَلُّوْا عَلَيَّ فَاِنَّهٗ مَنْ صَلّٰى عَلَيَّ صَلٰوةً صلى الله عليه وسلم بِهَا عَشَرًا ثُمَّ سَلُوْا اللّٰهَ لِىَ الْوَسِيْلَةَ فَاِنَّهَا مَنْزِلَةٌ فِى الْجَنَّةِ لَايَنْبَغِىْ اِلَّا لِعَبْدٍ مِّنْ عِبَادِ اللّٰهِ وَاَرْجُوْ اَنْ اَكُوْنَ اَنَا هُوَ فَمَنْ سَاَلَ اللّٰهَ لِىَ الْوَسِيْلَةَ حَلَّتْ عَلَيْهِ الشَّفَاعَةُ رواه الامام احمد و مسلم و ابو داود والترمذی و النسائی

હઝરત અમ્ર બિન આસ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, ''જ્યારે તમે અઝાન સાંભળો તો કહો જેમ V [SC[K]4 **પછી મારા પર દુરૂદ** પઢો, કારણ કે જે મારા પર દુરૂદ પઢશે, અલ્લાહ તઆલા એના પર દસ રહમતો ઉતારશે, પછી મારા માટે અલ્લાહ પાસે વસીલો માંગો એ જન્નતનું એક પદ છે, એ અલ્લાહના કોઈ એક બંદા માટે જ છે, હું ઉમ્મીદ રાખું છું કે એ હું પોતે જ છું, તો જેણે અલ્લાહથી મારા માટે વસીલાની માંગ કરી એના માટે મારી શફાઅત હલાલ થઈ ગઈ.'' *(ઈમામ અહમદ, મુસ્લિમ, અબૂદાવૂદ, તિર્મિઝી, નસાઈ)*

**ફાયદો** : અઝાન સમાપ્ત થાય તો અઝાન બાદની દુઆ પઢતાં પહેલાં નબી صلی اللہ علیہ وسلمની બારગાહમાં પ્રથમ દુરૂદ પઢવું જોઈએ અને કોઈ પણ દુઆ હોય એનાથી પહેલાં દુરૂદ હોવું જોઈએ.

## ★ અઝાન પછીની દુઆ ★

### હદીષ : ૩૫

عَنۡ جَابِرٍ قَالَ قَالَ رَسُوۡلُ اللّٰهِ صلی اللہ علیہ وسلم مَنۡ قَالَ حِيۡنَ يَسۡمَعُ الۡاَذَانَ اَللّٰهُمَّ رَبَّ هٰذِهِ الدَّعۡوَةِ التَّامَّةِ وَ الصَّلٰوةِ الۡقَائِمَةِ اٰتِ مُحَمَّدَنِ الۡوَسِيۡلَةَ وَالۡفَضِيۡلَةَ وَابۡعَثۡهُ مَقَامًا مَحۡمُوۡدَنِ الَّذِىۡ وَعَدتَّهٗ حَلَّتۡ لَهٗ شَفَاعَتِىۡ يَوۡمَ الۡقِيَامَةِ رواه الامام احمد والبخارى و ابوداود والترمذى والنسائى و ابن ماجة

હઝરત જાબિર رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, જે કહે જ્યારે અઝાન સાંભળી લે :–

اَللّٰهُمَّ رَبَّ هٰذِهِ الدَّعۡوَةِ التَّامَّةِ وَ الصَّلٰوةِ الۡقَائِمَةِ اٰتِ مُحَمَّدَنِ الۡوَسِيۡلَةَ وَالۡفَضِيۡلَةَ وَابۡعَثۡهُ مَقَامًا مَحۡمُوۡدَنِ الَّذِىۡ وَعَدتَّهٗ حَلَّتۡ لَهٗ شَفَاعَتِىۡ يَوۡمَ الۡقِيَامَة

*(અલ્લાહુમ્મ રબ્બ હાઝિહિદ્ દઅવતિત્તામ્મતિ વસ્સલાતિલ્ ક઼ાઈમતિ, આતિ મુહમ્મદનિલ વસીલ–ત વલ ફદ઼ીલત વદરજતર્રફીઅહ્ વબ્અષ્હૂ મક઼ામમ્ મહ્મૂદનિલ્લઝી વઅત્તહૂ હલ્લત્લહૂ શફાઅતી યવ્મલ્ ક઼િયામહ્.)* એના માટે મારી શફાઅત હલાલ થઈ. *(અહમદ, બુખારી, અબૂ દાવૂદ, તિર્મિઝી, નસાઈ)*





## ★ આ દુઆ પણ મેળવી લો ! ★

### હદીષ : ૩૬

عَنۡ سَعۡدِ بۡنِ اَبِىۡ وَقَّاصٍ قَالَ قَالَ رَسُوۡلُ اللّٰهِ صلی اللہ علیہ وسلم مَنۡ قَالَ حِيۡنَ يَسۡمَعُ الۡمُؤَذِّنَ اَشۡهَدُ اَنۡ لَّا اِلٰهَ اِلَّا اللّٰهُ وَحۡدَهٗ لَا شَرِيۡكَ لَهٗ وَ اَنَّ مُحَمَّدًا عَبۡدُهٗ وَ رَسُوۡلُهٗ رَضِيۡتُ بِاللّٰهِ رَبًّا وَ بِمُحَمَّدٍ رَسُوۡلًا وَ بِالۡاِسۡلَامِ دِيۡنًا غُفِرَ لَهٗ ذُنُبُهٗ رواه مسلم

સઅદ બિન અબી વક્ક઼ાસ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, ''જે અઝાન સાંભળ્યા પછી કહે :–

اَشۡهَدُ اَنۡ لَّا اِلٰهَ اِلَّا اللّٰهُ وَحۡدَهٗ لَا شَرِيۡكَ لَهٗ وَاَشۡهَدُ اَنَّ مُحَمَّدًا عَبۡدُهٗ وَ رَسُوۡلُهٗ رَضِيۡتُ بِاللّٰهِ رَبًّا وَ بِمُحَمَّدٍ رَسُوۡلًا وَ بِالۡاِسۡلَامِ دِيۡنًا غُفِرَ لَهٗ ذُنُبُهٗ

*(અશ્હદુ અલ્લા ઈલાહા ઈલ્લલ્લાહુ વહ્દહૂ લા શરીકલહૂ વ અશ્હદુ અન્ન મુહમ્મદન્ અબ્દુહૂ વ રસૂલુહૂ રદ઼ીયતુ બિલ્લાહિ રબ્બંવ્ વ બિમુહમ્મદિન્ રસૂલંવ્ વબિલ્ઈસ્લામિ દીનન્ ગુફિરલહૂ ઝુનુબુહૂ.)* તો એના ગુનાહ માફ કરી દેવામાં આવશે.'' *(મુસ્લિમ)*

## ★ નેકીઓનો ખજાનો ★

### હદીષ : ૩૭

عَنۡ مُوۡسٰى بۡنِ جَعۡفَرَ عَنۡ اَبِيۡهِ عَنۡ جَدِّهٖ قَالَ قَالَ رَسُوۡلُ اللّٰهِ مَنۡ قَالَ حِيۡنَ يَسۡمَعُ الۡمُؤَذِّنَ يُؤَذِّنُ مَرۡحَبًا بِالۡقَائِلِيۡنَ عَدۡلًا مَرۡحَبًا بِالصَّلٰوةِ اَهۡلًا كَتَبَ اللّٰهُ لَهٗ اَلۡفَىۡ اَلۡفِ حَسَنَةٍ وَ مَحَا عَنۡهُ اَلۡفَىۡ اَلۡفَ سَيِّئَةٍ وَ رَفَعَ لَهٗ اَلۡفَىۡ اَلۡفِ دَرَجَةٍ رواه الخطيب

મૂસા બિન જાફરથી રિવાયત છે : તેઓ પોતાના પિતાથી અને પોતાના દાદાથી રિવાયત કરે છે. આપે કહ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, ''જે કહે જ્યારે મુઅઝ્ઝિનથી અઝાન સાંભળે مَرۡحَبًا بِالصَّلٰوةِ اَهۡلًا અલ્લાહ એના માટે **વીસ લાખ નેકીઓ** લખવામાં આવશે, વીસ લાખ ગુનાહ માફ કરવામાં આવશે અને વીસ લાખ દરજાત બુલંદ કરવામાં આવશે. *(ખતીબ)*

### હદીષ : ૩૮

عَنۡ سَعۡدِ بۡنِ اَبِىۡ وَقَّاصٍ اَنَّهٗ قَالَ مَنۡ قَالَ اِذَا اَذَّنَ الۡمُؤَذِّنُ اَشۡهَدُ اَنۡ لَّا اِلٰهَ

اِلَّا اللّٰهُ رَضِيْتُ بِاللّٰهِ رَبًّا وَ بِالْاِسْلَامِ دِيْنًا وَ بِمُحَمَّدٍ نَبِيًّا غُفِرَ لَهٗ ذُنُوْبُهٗ فَقَالَ لَهٗ رَجُلٌ يَا سَعْدُ مَا تَقَدَّمَ مِنْ ذَنْبِهٖ وَمَا تَاَخَّرَ قَالَ هٰكَذَا سَمِعْتُ رَسُوْلَ اللّٰهِ ﷺ يَقُوْلُهٗ رواه ابن ابی شيبة

સઅદ બિન અબી વક્કાસ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે જે કહે જયારે મુઅઝ્ઝિન અઝાન આપે :–

اَشْهَدُ اَنْ لَّا اِلٰهَ اِلَّا اللّٰهُ رَضِيْتُ بِاللّٰهِ رَبًّا وَ بِالْاِسْلَامِ دِيْنًا وَ بِمُحَمَّدٍ نَبِيًّا غُفِرَ لَهٗ ذُنُوْبُهٗ

તો એના ગુનાહ બખ્શી દેવામાં આવશે. તો એક માણસે એમને સવાલ કર્યો, અય સઅદ ! એના આગલા પાછલા ગુનાહ ? એમણે કહ્યું, આ પ્રમાણે મેં રસૂલુલ્લાહ ﷺને ફર્માવતાં સાંભળ્યા છે." *(ઈબ્ને અબી શયબા)*

**હદીષ : ૩૯**

عَنْ جَابِرٍ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ قَالَ اِذَا سَمِعَ النِّدَاءَ اَللّٰهُمَّ رَبَّ هٰذِهِ الدَّعْوَةِ التَّامَّةِ اٰتِ مُحَمَّدَنِ الْوَسِيْلَةَ وَابْعَثْهُ الْمَقْعَدَ الْمُقَرَّبَ الَّذِىْ وَعَدْتَّهٗ وَجَبَتْ لَهٗ شَفَاعَتِىْ رواه الدار قطنی فی الافراد

હઝરત જાબિર رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જે કહે જયારે અઝાન સાંભળી લે :–

اَللّٰهُمَّ رَبَّ هٰذِهِ الدَّعْوَةِ التَّامَّةِ اٰتِ مُحَمَّدَنِ الْوَسِيْلَةَ وَابْعَثْهُ الْمَقْعَدَ الْمُقَرَّبَ الَّذِىْ وَعَدْتَّهٗ وَجَبَتْ لَهٗ شَفَاعَتِىْ

*(અલ્લાહુમ્મ રબ્બ હાઝિહિદ્અ્વ તિત્તામ્મતિ આતિ મુહમ્મદનિલ્ વસીલતિ વબ્અષ્હુલ્ મક્અદલ્ મુકર્રબલ્લઝી વઅત્તહૂ વજબત્લહૂ શફાઅતી.)* તો એના માટે મારી શફાઅત વાજિબ છે." *(દારકુતની ઈફરાદમાં)*

**હદીષ : ૪૦**

عَنْ اِبْنِ مَسْعُوْدٍ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اِذَا سَمِعَ النِّدَاءَ بِالصَّلٰوةِ فَكَبَّرَ الْمُنَادِىْ فَيُكَبِّرُ وَ يَشْهَدُ اَنْ لَّا اِلٰهَ اِلَّا اللّٰهُ وَ يَشْهَدُ اَنَّ مُحَمَّدًا رَسُوْلُ اللّٰهِ فَيَشْهَدُ عَلٰى ذٰلِكَ وَيَقُوْلُ اَللّٰهُمَّ اَعْطِ سَيِّدَنَا مُحَمَّدَنِ الْوَسِيْلَةَ وَاجْعَلْ فِى الْعَالَمِيْنَ دَرَجَتَهٗ وَ فِى الْمُصْطَفِيْنَ مَحَبَّتَهٗ وَ فِى الْمُقَرَّبِيْنَ ذِكْرَهٗ اِلَّا وَجَبَتْ لَهٗ الشَّفَاعَةُ مِنِّىْ يَوْمَ الْقِيَامَةِ رواه السنی





હઝરત ઈબ્ને મસ્ઊદથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જયારે નમાઝની અઝાન સાંભળે તો મુઅઝ્ઝિન કહે એ તકબીર કહે, મુઅઝ્ઝિન લાઈલાહા ઈલ્લલ્લાહ અને શહાદત આપે મુહમ્મદુર્રસૂલુલ્લાહની તો એ એની શહાદત આપે અને કહે :–

اَللّٰهُمَّ اَعْطِ سَيِّدَنَا مُحَمَّدَنِ الْوَسِيْلَةَ وَاجْعَلْ فِى الْعَالَمِيْنَ دَرَجَتَهٗ وَ فِى الْمُصْطَفِيْنَ مَحَبَّتَهٗ وَ فِى الْمُقَرَّبِيْنَ ذِكْرَهٗ اِلَّا وَجَبَتْ لَهٗ الشَّفَاعَةُ مِنِّىْ يَوْمَ الْقِيَامَةِ

*(અલ્લાહુમ્મ અઅ્તિ સૈયિદના મુહમ્મદનિલ્ વસિયલત્ વજ્અલ્ ફિલ્ આલમિન્દ રજતહૂ વફિલ્ મુસ્તફીન મહબ્બતહૂ વફિલ્ મુકર્રબીન ઝિકરહૂ ઈલ્લા વ જબતલહૂશ્શફાઅતુ મિન્નિ યવમલ્ ક઼િયામહ્.)* એના માટે મારી શફાઅત વાજિબ છે ક઼િયામતના દિવસે. *(ઈબ્ને સિન્ની)*

**ફાયદો** : અઝાન બાદની દુઆની અલગ અલગ રિવાયતો છે અને અમુકમાં થોડો શબ્દાર્થી ફરક છે, તો એમાંથી કોઈ પણ દુઆ પઢી શકાય છે દુઆનો મૂળ હેતુ વસીલાની માંગ છે અને એ દરેક રિવાયતમાં છે.

**નોંધ** : આપણે અઝાન બાદની દુઆમાં અંતમાં આ શબ્દોનો વધારો કરીએ છીએ, وَارْزُقْنَا شَفَاعَتَهٗ يَوْمَ الْقِيٰمَةِ اِنَّكَ لَا تُخْلِفُ الْمِيْعَادَ *(વર્ઝુક઼્ના શફાઅતહૂ યવમલ્ ક઼િયામતિ ઈન્નક લાતુખ્લિફુલ્ મીઆદ.)* તો એ એટલા માટે કે દરેક રિવાયતી દુઆમાં શફાઅતની ખુશખબરી સંભળાવવામાં આવી છે તો આપણે કહીએ છીએ, "અમને ક઼િયામતના દિવસે આપની શફાઅત અતા ફર્માવશે, બેશક ! તું વાયદા ખિલાફી નથી કરતો." સારાંશ એ કે જે શફાઅતનો વાયદો છે એ શફાઅતની આપણે આપણા માટે માંગ કરી રહ્યા છીએ.

બીજો ખુલાસો એ છે કે જેની બશારત અને ખુશખબરી આપવામાં આવી છે એ ત્યારે મળે છે જયારે આપણો એ અમલ ક઼બૂલી લેવામાં આવે. એટલે શફાઅતની માંગથી અમલ ક઼બૂલી લેવાની માંગ છે.

આ પ્રકરણમાં અઝાન, મુઅઝ્ઝિન, જવાબ આપનાર અને અઝાન બાદની દુઆ, આમ ચાર પ્રકારની વાતો છે. તો એ ચારેવની ફઝીલતમાં અમે ચાલીસ હદીષોનો અમૂલ્ય તોહફો તમને અર્પણ કર્યો. અલ્લાહ તઆલા આપણને અમલની તૌફીક઼ અતા ફર્માવે. આમીન બિજાહિ સૈયિદિલ મુરસલીન ﷺ.

## નબી ﷺ નું નામ મુબારક સાંભળી અંગૂઠા ચૂમવા

عَنِ الْحَسَنِ اَنَّهٗ قَالَ مَنْ قَالَ حِيْنَ يَسْمَعُ الْمُؤَذِّنُ يَقُوْلُ اَشْهَدُ اَنَّ مُحَمَّدًا رَسُوْلُ اللّٰهِ مَرْحَبًا بِحَبِيْبِىْ وَ قُرَّةُ عَيْنِىْ مُحَمَّدُ بْنُ عَبْدِ اللّٰهِ ﷺ وَ يُقَبِّلُ اِبْهَامَيْهِ وَ لْيَجْعَلْهُمَا عَلٰى عَيْنَيْهِ لَمْ يُعْمِ وَلَمْ يَرْمُدْ [المقاصد الحسنة ج١ ص ٣٨٤ و فى جامع الحاديث ج١ ص ٤٣٦]

હઝરત ઈમામ હુસૈન رضى الله عنه થી રિવાયત છે. ફર્માવ્યું, ''જે શખ્સ મોઅઝ્ઝિનને اَشْهَدُ اَنَّ مُحَمَّدًا رَسُوْلُ اللّٰهِ *(અશ્હદુઅન્ન મુહમ્મદર્રસૂલુલ્લાહ)* કહેતાં સાંભળીને આ દુઆ પઢે :–

مَرْحَبًا بِحَبِيْبِىْ وَ قُرَّةُ عَيْنِىْ مُحَمَّدُ بْنُ عَبْدِ اللّٰهِ ﷺ *(મર્હબન્ બિહબીબી વ કુર્રતુ અયની મુહમ્મદુબ્નુ અબ્દિલાહ)* અને પોતાના અંગૂઠા ચૂમીને આંખો પર રાખે તો ન કદી આંધળો થાય ન આંખો દુઃખે. *(અલ્ મકાસિદુલ હસનહ્, ભાગ–૧, પેજ–૩૮૭, જામિઉલ અહાદીષ, ભાગ–૧, પેજ–૭૩૬)*

### ★ તો આંધળો થશે નહીં ★

قَالَ الطَّاؤُسُ اَنَّهٗ سَمِعَ مِنَ الشَّمْسِ مُحَمَّدِ بْنِ اَبِىْ نَصْرِ الْبُخَارِىِّ حَدِيْثَ مَنْ قَبَّلَ عِنْدَ سِمَاعِهٖ مِنَ الْمُؤَذِّنِ كَلِمَةَ الشَّهَادَةِ ظَفَرَىْ اِبْهَامَيْهِ مَسَّهُمَا عَلٰى عَيْنَيْهِ وَقَالَ عِنْدَ الْمَسِّ اَللّٰهُمَّ احْفَظْ حَدَقَتَىَّ وَ نَوِّرْهُمَا بِبَرَكَةِ حَدَقَتَىْ مُحَمَّدٍ رَسُوْلِ اللّٰهِ ﷺ وَ نَوِّرْهُمَا لَمْ يُعْمِ

ઈમામ તાઊસ ફર્માવે છે કે તેમણે ખ્વાજા શમ્સુદ્દીન મુહમ્મદ બિન અબૂ નસ્ર બુખારીથી હદીષ સાંભળી કે જે શખ્સ મોઅઝ્ઝિનથી શહાદતનો કલ્મો સાંભળીને પોતાના અંગૂઠાના નખો ચૂમીને પોતાની આંખો સાથે તેને લગાડે, અને આંખોએ લગાડતી વખતે પઢે :–

اَللّٰهُمَّ احْفَظْ حَدَقَتَىَّ وَ نَوِّرْهُمَا بِبَرَكَةِ حَدَقَتَىْ مُحَمَّدٍ رَسُوْلِ اللّٰهِ ﷺ وَ نَوِّرْهُمَا لَمْ يُعْمِ

*(અલ્લાહુમ્મહ્ફઝ હદક્તૈય વનવ્વિરહુમા બિબરકતિ હદક્ની મુહમ્મદિન્ રસૂલિલ્લાહ ﷺ નવ્વિરહુમા લમ્ યુઅ્મિ.)* તો આંધળો થશે નહીં.





### ★ હુઝૂર ﷺ ની શફાઅત હલાલ થશે ★

عَنْ اَبِىْ بَكْرِ الصِّدِّيْقِ اَنَّهٗ لَمَّا سَمِعَ قَوْلَ الْمُؤَذِّنِ اَشْهَدُ اَنَّ مُحَمَّدًا رَسُوْلُ اللّٰهِ قَالَ هٰذَا اَىْ اَشْهَدُ اَنَّ مُحَمَّدًا عَبْدُهٗ وَ رَسُوْلُهٗ رَضِيْتُ بِاللّٰهِ رَبًّا وَ بِالْاِسْلَامِ دِيْنًا وَ بِمُحَمَّدٍ ﷺ نَبِيًّا وَ قَبَّلَ بَاطِنَ اَنْمِلَتَىِ السَّبَابَتَيْنِ وَ مَسَحَ عَيْنَيْهِ فَقَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ فَعَلَ مِثْلَ مَافَعَلَ خَلِيْلِىْ فَقَدْ حَلَّتْ عَلَيْهِ شَفَاعَتِىْ

અમીરુલ મો'મિનીન સૈયદના અબૂબક્ર સિદ્દીક઼ رضى الله عنه થી રિવાયત છે કે જ્યારે આપ મોઅઝ્ઝિનને اَشْهَدُ اَنَّ مُحَمَّدًا رَسُوْلُ اللّٰهِ કહેતાં સાંભળ્યું તો આ દુઆ પઢી :–

اَشْهَدُ اَنَّ مُحَمَّدًا عَبْدُهٗ وَ رَسُوْلُهٗ رَضِيْتُ بِاللّٰهِ رَبًّا وَ بِالْاِسْلَامِ دِيْنًا وَ بِمُحَمَّدٍ ﷺ نَبِيًّا

*(અશ્હદૂઅન્ન મુહમ્મદન્ અબ્દુહૂ વ રસૂલુહ્ રદ્દીતુ બિલ્લાહિ રબ્બા વ બિલ્ઈસ્લામિ દીનન્ વબિમુહમ્મદિન્ ﷺ નબિય્યન્)*

અને બંનેવ કલ્માની આંગળીઓનાં બેડકાંની નીચેની બાજુથી ચૂમીને આંખોથી લગાડયાં. એના પર રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જે આવું કરશે જેવું કે મારા પ્યારાએ કર્યું તેના પર મારી શફાઅત હલાલ થશે.

### ★ કદી આંખો દુ:ખશે નહીં ! ★

عَنِ الْخِضَرِ عَلَيْهِ السَّلَامُ اَنَّهٗ قَالَ مَنْ قَالَ حِيْنَ يَسْمَعُ الْمُؤَذِّنَ يَقُوْلُ اَشْهَدُ اَنَّ مُحَمَّدًا رَسُوْلُ اللّٰهِ مَرْحَبًا بِحَبِيْبِىْ وَ قُرَّةُ عَيْنِىْ مُحَمَّدُ بْنُ عَبْدِ اللّٰهِ ﷺ ثُمَّ يُقَبِّلُ اِبْهَامَيْهِ وَ يَجْعَلُهَا عَلٰى عَيْنَيْهِ لَمْ يَرْمُدْ اَبَدًا

સૈયદના હઝરત ખિઝર رضى الله عنه થી રિવાયત છે કે જે શખ્સ મોઅઝ્ઝિનથી اَشْهَدُ اَنَّ مُحَمَّدًا رَسُوْلُ اللّٰهِ *(અશ્હદુઅન્ન મુહમ્મદુર્રસૂલુલ્લાહ)* સાંભળીને કહે :

مَرْحَبًا بِحَبِيْبِىْ وَ قُرَّةُ عَيْنِىْ مُحَمَّدُ بْنُ عَبْدِ اللّٰهِ ﷺ *(મર્હબન્ બિહબીબી વ કુર્રતુ અયની મુહમ્મદુબ્નુ અબ્દિલાહ)* પછી બંને અંગૂઠા ચૂમીને આંખો પર રાખે તેની આંખો કદી ન દુ:ખે.

وَاِذَا ثَبَتَ رَفْعُهٗ اِلَى الصِّدِّيْقِ فَيَكْفِىْ لِلْعَمَلِ بِهٖ لِقَوْلِهٖ عَلَيْهِ الصَّلَاةُ وَ السَّلَامُ عَلَيْكُمْ بِسُنَّتِىْ وَ سُنَّةِ الْخُلَفَاءِ الرَّاشِدِيْنَ [موضوعات كبرىٰ ٢١٠]

જયારે અમીરુલ મો'મિનીન અબૂબક્ર સિદીક़ رضی اللہ عنہની તરફ આ હદીષનું મરફૂઅ હોવું સાબિત થઈ ગયું તો રસૂલુલ્લાહ ﷺના આ ફર્માનના પ્રમાણે કે, "તમારા પર મારી તથા મારા ખુલફાએ રાશિદીનની સુન્નત લાઝિમ છે" અમલના માટે પૂરતે થઈ ગયું. *(મવઝૂઆતે કુબરા, ૨૧૦)*

આ હદીષોથી સ્પષ્ટ થઈ ગયું કે અઝાન તથા ઈક઼ામતમાં નબી ﷺનું નામ મુબારક સાંભળીને ચૂમીને આંખોથી લગાડવું, "મુસ્તહબ" છે ભલે આ હદીષો આ'લા દરજાની નથી પણ અમલોની ફઝીલતોમાં એના પર અમલ થઈ શકે છે. જેમ કે હઝરત મુલ્લા અલી ક઼ારી હનફી رحمۃ اللہ علیہએ સ્પષ્ટતા કરી.

يُسْتَحِبُّ اَنْ يُّقَالَ عِنْدَ سِمَاعِ الْاُوْلیٰ عَنِ الشَّهَادَةِصَلَّى اللّٰهُ عَلَيْكَ يَا رَسُوْلَ اللّٰهِ وَعِنْدَ الثَّانِيَةِ مِنْهَا قُرَّتْ عَيْنِىْ بِكَ يَا رَسُوْلَ اللّٰهِ ثُمَّ يَقُوْلُ اَللّٰهُمَّ مَتِّعْنِىْ بِالسَّمْعِ وَ الْبَصرِ بَعْدَ وَضْعِ ظَفَرَىْ الْاِبْهَامَيْنِ عَلَى الْعَيْنَيْنِ فَاِنَّهٗ ﷺ يَكُوْنُ قَائِدًا لَّهٗ اِلَى الْجَنَّةِ كَذَا فِىْ كَنْزِ الْعُبَّادِ اھ قهستانى وَ نَحْوِهٖ فِىْ الْفَتَاوىٰ الصُّوْفِيَّةِ [رد المحتار ج ١ ص ٢٦٧]

અલ્લામા આબિદીન શામી رحمۃ اللہ علیہએ તહાવી અલલ્ મરાકી, મતબૂઆ કુસ્તુન્તુનિયા, પેજ–૧૧૧માં અલ્લામા શામીની જેમ લખ્યા બાદ ફર્માવ્યું :

وَ ذَكَرَ الدَّيْلَمِىُّ فِىْ الْفِرْدَوْسِ مِنْ حَدِيْثِ اَبِىْ بَكْرٍ الصِّدِّيْقِ رَضِىَ اللّٰهُ عَنْهُ مَرْفُوْعًا مَنْ مَسَحَ الْعَيْنِ بِبَاطِنِ اَنْمِلَةِ السَّبَابَتَيْنِ بَعْدَ تَقْبِيْلِهِمَا عِنْدَ قَوْلِ الْمُؤَذِّنِ اَشْهَدُ اَنَّ مُحَمَّدًا رَسُوْلُ اللّٰهِ وَقَالَ هٰذَا اَىْ اَشْهَدُ اَنَّ مُحَمَّدًا عَبْدُهٗ وَرَسُوْلُهٗ رَضِيْتُ بِاللّٰهِ رَبًّا وَ بِالْاِسْلَامِ دِيْنًا وَ بِمُحَمَّدٍ ﷺ نَبِيًّا حَلَّتْ لَهٗ شَفَاعَتِىْ اھ وَكَذَا رُوِىَ عَنِ الْخِضَرِ عَلَيْهِ السَّلَامُ وَ بِمِثْلِهٖ يُعْمَلُ بِالْفَضَائِلِ

દયલમીએ કિતાબુલ ફિરદોસમાં હઝરત અબૂબક્ર رضی اللہ عنہની મરફૂઅ હદીષને વર્ણન કરીને જણાવ્યું કે સરકારે અક઼દસ ﷺએ ફર્માવ્યું, જે મોઅઝ્ઝિનના اَشْهَدُ اَنَّ مُحَمَّدًا رَسُوْلُ اللّٰهِ કહેતાં સમયે શહાદતની આંગળીના પેટને ચૂમ્યા બાદ આંખો પર ફેરવી લે અને.......





اَشْهَدُ اَنَّ مُحَمَّدًا عَبْدُهٗ وَرَسُوْلُهٗ رَضِيْتُ بِاللّٰهِ رَبًّا وَ بِالْاِسْلَامِ دِيْنًا وَ بِمُحَمَّدٍ ﷺ نَبِيًّا

*(અશ્હદૂઅન્ન મુહમ્મદન્ અબ્દુહૂ વ રસૂલુહૂ રદ઼ીતુ બિલ્લાહિ રબ્બા વ બિલ્ઈસ્લામિ દીનન્ વબિમુહમ્મદિન્ ﷺ નબિય્યન્)* કહે, તો તેના માટે મારી શફાઅત હલાલ થઈ ગઈ.

## તમન્નાએ મદીના

નિભા લો તુમ નિભા લો તુમ નિભા લો યા રસૂલલ્લાહ !
બુલા લો અબ મદીનેમેં બુલા લો યા રસૂલલ્લાહ !

સતાતે હૈં જો દુન્યાવાલે ઉસકા કુછ નહીં હે ગમ
મુઝે બસ અપના કહકર તુમ બુલા લો યા રસૂલલ્લાહ !

સુનહરી જાલિયોંકે સામને પહુંચા હૂં મૈં આક઼ા
મુઝે અપની ઝિયારત તુમ કરા દો યા રસૂલલ્લાહ !

અતા હો ઈલ્મકી દૌલત અતા હો દીદકી દૌલત
દમે આખિર મદીના ભી અતા હો યા રસૂલલ્લાહ !

મેરી ક઼િસ્મત બુરી હો તો ખુદારા તુમ ભલી કર દો
સંવારો મેરી ક઼િસ્મતકો સંવારો યા રસૂલલ્લાહ !

કરમસે મુફ્તીએ આ'ઝમ કે પહૂંચા હું મૈં ઈસ દર પર
ઉન્હીં કા સાથ મહશરમેં અતા હો યા રસૂલલ્લાહ !

શફાઅતકા સવાલી હૂં સવાલી હૂં મૈં રહમતકા
ઈજાબતસે નવાઝો તુમ નવાઝો યા રસૂલલ્લાહ !

તસદુક ગૌષે આ'ઝમકા તવસ્સુલ આ'લા હઝરતકા
બકએ પાકકે ક઼ાબિલ બના દો યા રસૂલલ્લાહ !

મુઈને રાહે તય્બહ્ હે મેરે ખ્વાજા મુઈનુદ્દીન
મુઈને રાહે જન્નત ભી બના દો યા રસૂલલ્લાહ !

નિગાહે મુફ્તીએ આ'ઝમને ઝિંદા કર દિયા દિલકો
ઉન્હીંકા સાથ મેહશરમેં અતા હો યા રસૂલલ્લાહ !

તમન્ના યે લિએ જાતા હે આક઼ા **'શાકિરે રઝવી'**
ઈસે ઈઝ્ને મદીના ફિર અતા હો યા રસૂલલ્લાહ !

## (પ્રકરણ : ૨)

# દિવસ ભરની નમાઝ હદીષના પ્રકાશમાં

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

نَحۡمَدُهٗ وَنُصَلِّىۡ عَلٰى رَسُوۡلِهٖ سَيِّدِالۡمُرۡسَلِيۡنَ وَعَلٰى اٰلِهٖ وَاَصۡحَابِهٖ اَجۡمَعِيۡنَ ـ اَمَّا بَعۡدُ فَاَعُوۡذُ بِاللّٰهِ مِنَ الشَّيۡطَانِ الرَّجِيۡمِ ـ بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ ـ حَافِظُوۡا عَلَى الصَّلَوَاتِ وَ الصَّلَاةِ الۡوُسۡطٰى وَ قُوۡمُوۡا لِلّٰهِ قَانِتِيۡنَ ـ صَدَقَ اللّٰهُ الۡعَظِيۡمُ وَصَدَقَ رَسُوۡلُهُ النَّبِىُّ الۡاَمِيۡنُ الۡكَرِيۡمُ ـ وَنَحۡنُ عَلٰى ذٰلِكَ لَمِنَ الشَّاهِدِيۡنَ وَالشَّاكِرِيۡنَ وَالۡحَمۡدُ لِلّٰهِ رَبِّ الۡعَالَمِيۡنَ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيۡكَ يَارَسُوۡلَ اللّٰهِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيۡكَ يَاحَبِيۡبَ اللّٰهِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيۡكَ يَا نَبِىَّ اللّٰهِ

اَلصَّلٰوةُ وَ السَّلَامُ عَلَيۡكَ يَا نُوۡرَ اللّٰهِ

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيۡكَ وَسَلَّمَ

મારા પ્યારા આકા વ મૌલા ﷺના પ્યારા દીવાનાઓ અને દીવાનીઓ ! દિવસ ભરમાં જે ફર્ઝ અને સુન્નત નમાઝો પઢવામાં આવે છે એની હદીષે પાકમાં ઘણી ફઝીલત બયાન કરવામાં આવી છે. આજે આપણે એ વિષય પર ચર્ચા કરીશું. અલ્લાહ તઆલા આપણને હક્ક઼ પર અમલ કરવાની તૌફીક઼ અતા ફર્માવે.





## ફજરની બે રકાત સુન્નત

**હદીષ : ૧**

عَنۡ عَائِشَةَ قَالَتۡ قَالَ رَسُوۡلُ اللّٰهِ ﷺ رَكۡعَتَا الۡفَجۡرِ اَحَبُّ اِلَىَّ مِنَ الدُّنۡيَا جَمِيۡعًا ـ امام احمد ـ خير من الدنيا وما فيها ـ مسلم، الترمذى

હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہاથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "ફજરની બે રકાત (સુન્નત) મને સઘળી દુનિયાથી વધીને પ્રિય છે." *(ઈમામ અહમદ)* "દુનિયા અને જે કંઈ એમાં છે એનાથી અધિક ઉત્તમ છે." *(મુસ્લિમ, તિર્મિઝી)*

**હદીષ : ૨**

عَنۡ اَبِىۡ سَعِيۡدٍ قَالَ قَالَ رَسُوۡلُ اللّٰهِ ﷺ اِنَّ اللّٰهَ زَادَكُمۡ صَلٰوةً اِلٰى صَلَاتِكُمۡ هِىَ خَيۡرٌ لَّكُمۡ مِنۡ حُمۡرِ النَّعَمِ اَلَا وَهِىَ رَكۡعَتَانِ قَبۡلَ صَلَاةِ الۡفَجۡرِ ـ الحاكم، البيهقى

હઝરત અબૂ સઈદ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "બેશક ! અલ્લાહ તઆલાએ તમારી નમાઝ સાથે એક નમાઝનો વધારો કર્યો એ તમારા માટે લાલ રંગના ઊંટોથી ઉત્તમ છે, અને નિઃશંક એ બે રકાત છે ફજરની (ફર્ઝ) નમાઝ પહેલાં." *(હાકિમ, બયહકી)*

**હદીષ : ૩**

عَنۡ اَبِىۡ هُرَيۡرَةَ قَالَ قَالَ رَسُوۡلُ اللّٰهِ ﷺ لَا تَدَعُوۡا رَكۡعَتَىِ الۡفَجۡرِ وَاِنۡ طَرَدَتۡكُمُ الۡخَيۡلُ ـ ابو داود

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "ફજરની બે રકાત (સુન્નત) ન છોડો ભલે સૈન્ય તમારી પાછળ પડ્યું હોય." *(અબૂ દાવૂદ)*

**હદીષ : ૪**

عَنۡ اِبۡنِ عُمَرَ قَالَ قَالَ رَسُوۡلُ اللّٰهِ ﷺ عَلَيۡكَ بِرَكۡعَتَا الۡفَجۡرِ فَاِنَّ فِيۡهِمَا فَضِيۡلَةً ـ الطبرانى فى الكبير

હઝરત ઈબ્ને ઉમરથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "તમારા માટે ફજરની બે રકાત જરૂરી છે (સુન્નતે મુઅક્કિદા) AKS ¦ V [ADRCh L TDRKRc *(તિબ્રાનીએ કબીરમાં)*

**હદીષ : ૫**

عَنْ اُمِّ الْمُؤْمِنِيْنَ حَفْصَةَ قَالَتْ اِنَّ النَّبِىَّ ﷺ كَانَ اِذَا نُوْدِىَ لِصَلَاةِ الصُّبْحِ رَكَعَ رَكْعَتَيْنِ قَبْلَ صَلَاةِ الصُّبْحِ يُخَفِّفُهُمَا۔ الطبرانى فى الصغير

હઝરત ઉમ્મુલ મુઅમેનીન હફસા رضی اللہ عنہاથી રિવાયત છે. એમણે કહ્યું, "જ્યારે ફજરની અઝાન થતી નબી ﷺ બે રકાત નમાઝ અદા ફર્માવતા ફજરની નમાજ પહેલાં એને હલકી રાખતા (લાંબી ન પઢતા)" *(તિબ્રાનીએ સગીરમાં)*

**હદીષ : ૬**

عَنْ عَائِشَةَ قَالَتْ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ نِعْمَ السُّوْرَتَانِ هُمَا يُقْرَأٰنِ فِى الرَّكْعَتَيْنِ قَبْلَ الْفَجْرِ قُلْ يَا اَيُّهَا الْكَافِرُوْنَ وَ قُلْ هُوَ اللّٰهُ اَحَدٌ۔ بیھقی شعب الایمان

હઝરત આઈશા رضی اللہ عنہاથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "કેટલી ઉત્તમ સૂરતો છે એ બે જે ફજર પહેલાંની બે રકાતોમાં પઢવામાં આવે છે. 'કુલ્ યા અય્યુહલ્ કાફિરૂન' અને 'કુલ્ હુ વલ્લાહુ અહદ'." *(બયહકી શુઅબુલ ઈમાન)*

**હદીષ : ૭**

عَنْ اِبْنِ مَسْعُوْدٍ اَنَّ رَجُلاً صَلّٰى مَعَ النَّبِىِّ ﷺ الصُّبْحَ فَلَمَّا انْصَرَفَ صَلّٰى رَكْعَتَيْنِ فَقَالَ لَهٗ ﷺ اَلصُّبْحُ اَرْبَعًا قَالَ يَا رَسُوْلَ اللّٰهِ اِنِّىْ كُنْتُ لَمْ اُصَلِّ رَكْعَتَى الْفَجْرِ قَالَ فَلَا اِذاً ۔ رزین

હઝરત ઈબ્ને મસઊદ رضی اللہ عنہથી રિવાયત છે કે એક માણસે નબી ﷺ સાથે સવારની નમાઝ પઢી પછી જ્યારે એણે બે રકાતો પઢી. નબી ﷺ એ એમને કહ્યું, "સવારની નમાઝ ચાર રકાતો છે ?!" એમણે કહ્યું, "અય અલ્લાહના રસૂલ ! ﷺ મેં ફજરની બે રકાતો (સુન્નત) ન પઢી હતી ! આપે ફર્માવ્યું, "ત્યારે તો નહીં." *(રઝીન)*





**ફાયદો** : ફજરની ફર્ઝ પઢી લેવામાં આવે અને સુન્નત ન પઢી હોય તો ફર્ઝ પછી સુન્નત પઢવામાં નહીં આવે.

**હદીષ : ૮**

عَنْ اَبِىْ هُرَيْرَةَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ لَمْ يُصَلِّ رَكْعَتَى الْفَجْرِ فَلْيُصَلِّهُمَا بَعْدَ مَا تَطْلُعُ الشَّمْسُ۔ الترمذی و ابن ماجة

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જેણે ફજરની બે રકાતો ન પઢી હોય તો એ પઢી લે સૂર્યોદય પછી." *(તિર્મિઝી, ઈબ્ને માજા)*

**ફાયદો** : હનફી મસ્લકમાં ફજરની બે રકાત સુન્નતોનું સ્થાન ફર્ઝ પહેલાં છે, ફર્ઝ પઢી લેવામાં આવે અને સુન્નત બાકી હોય તો પછી એની રજા નથી.

ફજરની ફર્ઝ કઝા થઈ ગઈ હોય અને ઝવાલ પહેલાં એને પઢી લેવામાં આવે તો સુન્નત પણ પઢી લેવામાં આવશે.

## ફજરની બે રકાત ફર્ઝ

فجر کی نماز دو رکعات سب سے پہلے دو نعمت کے شکریہ میں حضرت آدم نے پڑھیں رات کی تاریکی جانے اور دن کی روشنی نمودار ہونے پر۔ فتاوی رضویہ ج۵ مترجم

ફજરની નમાઝ બે રકાત પ્રથમ હઝરત આદમ ﷺએ બે નેઅમત શુક્રિયામાં પઢી : રાતના અંધારાના જવા પર અને દિવસના પ્રકાશના ફેલાવા પર. *(ફતાવા રઝવિય્યહ, ભાગ–૫)*

**હદીષ : ૯**

عَنْ سَمُرَةَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ صَلَّى الْفَجْرَ فَهُوَ فِىْ ذِمَّةِ اللّٰهِ فَلَا يَطْلُبَنَّكُمْ فِىْ ذِمَّتِهٖ ۔ رواہ ابن ماجة

હઝરત સમોરાથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જે ફજરની નમાઝ પઢી લે તે અલ્લાહના ઝિમ્મએ કરમમાં છે, તો એ પોતાના ઝિમ્મામાં તમને નહીં પૂછે." (એટલે જ્યાં સુધી તમે એના ઝિમ્મામાં છો તમારા ગુનાહો માફ રાખવામાં આવશે.) *(ઈબ્ને માજા)*

**હદીષ : ૧૦**

عَنْ جُنْدُبٍ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ صَلَّى لِلّٰهِ الصُّبحَ فَهُوَ فِىْ ذِمَّةِ اللّٰهِ فَلَا يَطْلُبَنَّكُمُ اللّٰهُ مِنْ ذِمَّتِه بِشَىْءٍ فَاِنَّهٗ مَنْ يَطْلُبُهٗ مِنْ ذِمَّتِه بِشَىْءٍ يُدْرِكُهٗ ثُمَّ يَكُبُّهٗ عَلٰى وَجْهِه فِىْ نَارِ جَهَنَّمَ ۔رواه الامام احمد و مسلم والترمذى

હઝરત જુન્દુબથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જે અલ્લાહ માટે ફજરની નમાઝ પઢે તો એ અલ્લાહના ઝિમ્મામાં છે, તો અલ્લાહ પોતાના ઝિમ્મામાં તમને કંઈ જ નહીં પૂછે. કારણ કે પોતાના ઝિમ્માની એક વાતનો પણ એ સવાલ કરશે તો એને પકડશે પછી એને ઊંધા મોઢે દોઝખમાં નાખશે." *(ઈમામ અહમદ, મુસ્લિમ, તિર્મિઝી)*

**હદીષ : ૧૧**

عَنْ اَبِىْ مُوْسٰى قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ صَلَّى الْبَرْدَيْنِ دَخَلَ الْجَنَّةَ ۔رواه مسلم

હઝરત અબૂ મૂસા رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, " જે બે ઠંડી નમાઝો પઢે એ જન્નતમાં જશે." *(મુસ્લિમ)*

**ફાયદો** : બે ઠંડી નમાઝોનો મતલબ ફજર અને ઈશાની નમાઝ મુરાદ છે.

**હદીષ : ૧૨**

عَنْ رَافِعِ ابْنِ خَدِيْجٍ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اَسْفِرُوْا بِالْفَجْرِ فَاِنَّهٗ اَعْظَمُ لِلْاَجْرِ ۔ الترمذى

હઝરત રાફેઅ બિન ખદીજથી રિવાયત છે. એમણે કહ્યું, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "ફજરની નમાઝ અજવાળામાં પઢો. બેશક ! એનો સવાબ અધિક છે." *(તિર્મિઝી)*

**હદીષ : ૧૩**

عَنْ اَنَسٍ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ نَوَّرَ بِالْفَجْرِ نَوَّرَ اللّٰهُ فِىْ قَبْرِه وَقَلْبِه وَقُبِلَ صَلَاتُهٗ ۔ الديلمى

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ





ﷺએ ફર્માવ્યું, "જે ફજરને પ્રકાશિત કરીને પઢશે અલ્લાહ તઆલા એની કબ્ર અને દિલને પ્રકાશિત કરશે અને એની નમાઝ કબૂલી લેવામાં આવશે." *(દૈલમી)*

**હદીષ : ૧૪**

عَنْ اِبْنِ عُمَرَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ صَلَاةُ الْجَمَاعَةِ تَفْضُلُ صَلَاةَ الْفَذِّ بِسَبْعٍ وَّ عِشْرِيْنَ دَرَجَةً ۔ البخارى

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે અલ્લાહના રસૂલ ﷺએ ફર્માવ્યું, "જમાઅતની નમાઝ એકલાની નમાઝથી સત્તાવીસ દરજા ઉત્તમ છે." *(બુખારી)*

**ફાયદો** : ફર્ઝ નમાઝ જમાઅતથી અદા કરવામાં આવે તો એ એકલા વ્યક્તિની નમાઝથી સત્તાવીસ દરજા વધીને છે. મતલબ એ કે એક નમાઝ સત્તાવીસ નમાઝો બની જાય છે. આ હદીષ અહીં એટલા માટે વર્ણન કરવામાં આવી કે જમાઅતવાળી ફઝીલત દરેક ફર્ઝ નમાઝ માટે છે તો એ ફજરની ફર્ઝ માટે પણ છે.

**હદીષ : ૧૫**

عَنْ اَبِىْ اُمَامَةَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ مَشٰى اِلٰى صَلَاةٍ مَكْتُوْبَةٍ فِى الْجَمَاعَةِ فَهِىَ كَحَجَّةٍ وَمَنْ مَّشٰى اِلٰى صَلَاةٍ تَطَوُّعٍ فَهِىَ كَعُمْرَةٍ نَافِلَةٍ الطبرانى فى الكبير

હઝરત અબૂ ઉમામા رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, **"જે ફર્ઝ નમાઝની જમાઅત માટે જાય તો એ હજ્જ માફક છે અને જે નફ્લ નમાઝ માટે જાય તો એ નફ્લ ઉમરા માફક છે."** *(તિબ્રાનીએ કબીર)*

**ફાયદો** : હજ્જ માટે બયતુલ્લાહનો સફર કરવામાં આવે છે અને દરેક મસ્જિદ પોતાની જગાએ બયતુલ્લાહ છે. એટલે જમાઅતની નમાઝ માટે મસ્જિદે જવું નમાઝી માટે હજ્જનો સવાબ રાખે છે. અને નફ્લ નમાઝની તૈયારી ઉમરાનો સવાબ રાખે છે. અલ્લાહ તઆલા આપણને જમાઅતથી નમાઝની તૌફીક અતા ફર્માવે.

**હદીષ : ૧૬**

عَنْ اَنَسٍ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ لِعُثْمَانَ يَا عُثْمَانُ ابْنُ مَظْعُوْنٍ مَنْ صَلّٰى صَلَاةَ الْفَجْرِ فِيْ جَمَاعَةٍ ثُمَّ جَلَسَ يَذْكُرُ اللّٰهَ حَتّٰى تَطْلُعَ الشَّمْسُ كَانَ لَهٗ فِي الْفِرْدَوْسِ سَبْعُوْنَ دَرَجَةً بُعْدَ مَا بَيْنَ كُلِّ دَرَجَتَيْنِ كَحُضْرِ الْفَرَسِ الْجَوَّادِ الْمُضَمَّرِ سَبْعِيْنَ سَنَةً - البيهقى

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું ઉષ્માનને, "અય ઉષ્માન બિન મઝઉન ! જે ફજરની નમાઝ જમાઅતથી પઢશે પછી સૂર્યોદય થતાં સુધી અલ્લાહના ઝિક્રમાં બેસેલો રહે તો એના માટે (જન્નતુલ) ફિરદૌસમાં સિત્તેર દરજા છે. બે દરજાની વચમાનું અંતર ફાસ્ટ રવાલ પાતળા ઘોડાની સિત્તેર વર્ષ ચાલવા સમાન છે." *(બયહકી)*

**હદીષ : ૧૭**

عَنْ اَبِيْ هُرَيْرَةَ وَ اَبِيْ سَعِيْدٍ عَنِ النَّبِيِّ ﷺ فِيْ قَوْلِ اللّٰهِ تَعَالٰى اِنَّ قُرْاٰنَ الْفَجْرِ كَانَ مَشْهُوْدًا قَالَ تَشْهَدُهٗ مَلَائِكَةُ اللَّيْلِ وَمَلَائِكَةُ النَّهَارِ تَجْمَعُ فِيْهَا - الحاكم فى المستدرك

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ અને અબૂ સઈદ رضی اللہ عنہથી રિવાયત છે. આપ નબી ﷺથી રિવાયત કરે છે. અલ્લાહ તઆલા આ ફર્માન વિશે اِنَّ قُرْاٰنَ الْفَجْرِ كَانَ مَشْهُوْدًا આપે ફર્માવ્યું રાત અને દિવસના ફરિશ્તાઓ એમાં ભેગા થાય છે. *(હાકિમે મુસ્તદરકમાં)*

**હદીષ : ૧૮**

عَنْ سَلْمَانَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ غَدَا اِلٰى صَلَاةِ الصُّبْحِ غَدَا بِرَايَةِ الْاِيْمَانِ وَمَنْ غَدَا اِلَى السُّوْقِ غَدَا بِرَايَةِ اِبْلِيْسَ - ابن ماجة

હઝરત સલ્માન رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જે ફજરની નમાઝ માટે જાય એ ઈમાનના ઝંડા સાથે ગયા અને જે સવારમાં બજાર તરફ ગયો (જ્યારે કે ફજરની નમાઝ કઝા કરી હોય) ઈબ્લીસના ઝંડા સાથે ગયો." *(ઈબ્ને માજહ્)*

**ફાયદો** : લોકો તરફથી એ પ્રશ્ન કરવામાં આવે છે કે અમારા માટે





ઉત્તમ દિવસ અને ઉત્તમ તારીખ કઈ ? તો હદીષે પાકમાં એ પ્રશ્નનો ઉત્તર આપવામાં આવ્યો કે **જે દિવસે તમારી ફજરની નમાઝ ગઈ એ દિવસ તમારા હક્કમાં સારો નથી. કારણ કે એ દિવસમાં તમારી પાસે શૈતાનનો ઝંડો છે, જે મનહૂસ હોવાની દલીલ છે. દિવસને પોતાના હક્કમાં ઉત્તમ બનાવવા માટે ફજરની નમાઝ અદા પઢો અને જાગવા માટે દરેક પ્રકારની વ્યવસ્થા કરી લો !**

**હદીષ : ૧૯**

عَنِ ابْنِ عُمَرَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اَفْضَلُ الصَّلَاةِ عِنْدَ اللّٰهِ صَلَاةُ الصُّبْحِ يَوْمَ الْجُمُعَةِ فِيْ جَمَاعَةٍ - رواه ابو نعيم فى الحلية والبيهقى فى شعب الايمان و الطبرانى فى الكبير و الديلمى

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, **"અધિક ફઝીલતવાળી નમાઝ અલ્લાહની બારગાહમાં જુમ્આના દિવસે જમાઅત સાથે ફજરની નમાઝ છે."** *(અબૂ નુઐમ હિલ્યામાં, બયહકી શુઅબુલ ઈમાનમાં, તબ્રાની કબીરમાં, દૈલમી)*

**હદીષ : ૨૦**

عَنْ اَبِيْ عُبَيْدَةَ بْنِ الْجَرَّاحِ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَا مِنَ الصَّلَوَاتِ الْخَمْسِ صَلَاةٌ اَفْضَلُ مِنْ صَلَاةِ الْفَجْرِ يَوْمَ الْجُمُعَةِ فِيْ جَمَاعَةٍ وَمَا اَحْسِبُ مَنْ شَهِدَهَا مِنْكُمْ اِلَّا مَغْفُوْرٌ لَّهٗ رواه الطبرانى فى الكبير و الاوسط وابو نعيم فى المعرفة

હઝરત અબૂ ઉબૈદા બિન જર્રાહથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "પાંચ નમાઝોમાંથી કોઈ નમાઝ જુમ્આના દિવસે જમાઅત સાથે ફજરની નમાઝથી અધિક ઉત્તમ નથી અને મારો ખયાલ એ જ છે કે **જે એમાં હાજરી આપશે એના ગુનાહ માફ કરી દેવામાં આવશે."** *(તબ્રાનીએ કબીર અને ઔસતમાં, અબૂ નુઐમએ મારફતમાં)*

**ફાયદો** : આ બે હદીષોથી એ સ્પષ્ટ થયું કે જુમ્આના દિવસે ફજરની નમાઝ જમાઅત સાથે અદા કરવામાં આવે તો એ ફઝીલતમાં દરેક નમાઝથી વધીને છે. તો આપણે ફજરની નમાઝની જમાઅતની દરરોજ

પાબંદી કરવી જોઈએ અને ખાસ કરીને જુમ્આના દિવસે એનો વધારે ખયાલ કરવો જોઈએ.

**હદીષ : ૨૧**

**عَنْ عُثْمَانَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ شَهِدَ صَلَاةَ الصَّبْحِ مُحْتَسِبًافَكَاَنَّمَا قَامَ اللَّيْلَةَ وَمَنْ شَهِدَ صَلَاةَ الْعِشَآءِ فَكَاَنَّمَا قَامَ نِصْفَ اللَّيْلِ ۔ البيهقى**

હઝરત ઉષ્માન رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જે ફજરની નમાઝ માટે સવાબની નિય્યતે હાજર થયો તો જાણે એણે આખી રાત બંદગી કરી અને જે ઈશાની નમાઝ માટે હાજર થયો જાણે એણે અડધી રાત બંદગી કરી. *(બયહકી)*

**ફાયદો :** ફજર અને ઈશાની નમાઝ મસ્જિદમાં હાજર આપી જમાઅત સાથે અદા કરવામાં આવે તો એની ફઝીલત એ છે કે એને આખી રાત જાગીને બંદગી કરવાનો સવાબ આપવામાં આવે છે, ભલે એ રાતમાં જાગ્યો ન હોય અને બંદગી ન કરી હોય. જો આપણે વિના મહેનતે આખી રાત જાગીને બંદગી કરવાની ફઝીલત પ્રાપ્ત કરવી હોય તો એના માટે સરળ તરીકો જે આપણા પ્યારા નબી ﷺ તરફથી આપણને બતાવવામાં આવ્યો છે તે એ છે કે આપણે ઈશાની નમાઝ મસ્જિદમાં હાજરી આપી જમાઅતથી અદા કરીએ અને ફજરનો જમાઅતનો સમય યાદ રાખી એલાર્મ ક્લોક સેટ કરીને રાખીએ, અને સમયસર ઉઠી મસ્જિદમાં હાજરી આપી જમાઅતથી અદા કરીએ, અમલ ઘણો જ સરળ અને સવાબ બેહિસાબ ! અલ્લાહ તઆલા આપણને તૌફીક઼ અતા ફર્માવે.

**હદીષ : ૨૨**

**عَنْ اَنَسٍ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ صَلّٰى اَرْبَعِيْنَ يَوْمًا صَلَاةَ الْفَجْرِ وَ الْعِشَاءِ الْاٰخِرَةِ فِىْ جَمَاعَةٍ اَعْطَاهُ اللّٰهُ بَرَائَتَيْنِ بَرَاءَةً مِنَ النَّارِ وَ بَرَاءَةً مِّنَ النِّفَاقِ ۔ رواه الخطيب و ابن عساكر و ابن النجار**

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જેણે ચાલીસ દિવસ ઈશા અને ફજરની નમાઝ જમાઅતથી અદા કરી અલ્લાહ તઆલા એને બે પ્રકારના છૂટકારા અતા ફર્માવશે, દોઝખની આગથી છૂટકારો અને નિફાકથી છૂટકારો." *(ખતીબ,*





*ઈબ્ને અસાકિર ઈબ્ને નજ્જાર)*

**ફાયદો :** આ એક વધારાની ફઝીલત છે કે **ચાલીસ દિવસ ફજરની નમાઝ અને ઈશાની નમાઝ મસ્જિદમાં હાજરી આપી જમાઅતથી અદા કરવામાં આવે તો એવા વ્યક્તિને ભવિષ્યમાં એનો પાબંદ રહેવાની તૌફીક઼ મળી જશે.** મુનાફિક઼ો ફજર અને ઈશામાં હાજરી આપતા ન હતા. કારણ કે તેઓ મુસલમાન ન હતા પણ પોતાને મુસલમાન જાહેર કરી ફાયદો પ્રાપ્ત કરવા માંગતા હતા. સાચો ઈમાનવાળો નમાઝ અલ્લાહની રિઝાની પ્રાપ્તિમાં પઢતો હોય છે એટબલે આપણે પણ દરેક નમાઝની જમાઅતની પાબંદી કરવી જોઈએ અને ઈશા અને ફજરની પણ પાબંદી કરવી જોઈએ.

## ઈશ્રાકની નમાઝ

સૂર્યોદય થયા પછી એના કિરણો પર નજર ન થઈ શકે એવી સ્થિતિ થઈ જાય જે સામાન્યતઃ ૨૦ મિનિટે થાય છે. એ સમયે આપણા નબી ﷺએ એક નમાઝ આપણા માટે સુન્નત કરી છે જેને ઈશ્રાકની નમાઝ કહેવામાં આવે છે. હદીષે પાકમાં આ નમાઝની ઘણી ફઝીલત વર્ણન થઈ છે. આપણે આ નમાઝની પાબંદી કરીને એ ફઝીલતો પ્રાપ્ત કરવી જોઈએ !

**હદીષ : ૨૩**

**عَنْ اَنَسٍ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ صَلَّى الْفَجْرَ فِىْ جَمَاعَةٍ ثُمَّ قَعَدَ يَذْكُرُ اللّٰهَ تَعَالٰى حَتّٰى تَطْلُعَ الشَّمْسُ ثُمَّ صَلّٰى رَكْعَتَيْنِ كَانَتْ لَهٗ كَاَجْرِ حَجَّةٍ وَ عُمْرَةٍ تَامَّةٍ تَامَّةٍ تَامَّةٍ ۔ الترمذى**

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જેણે ફજરની નમાઝ જમાઅતથી પઢી પછી અલ્લાહના ઝિક્રમાં બેસેલો રહ્યો સૂર્યોદય થતા સુધી, પછી બે રકાત નમાઝ પઢે તો એના માટે સંપૂર્ણ **હજ્જ** અને **ઉમરા**નો સવાબ છે." *(તિર્મિઝી)*

**ફાયદો :** બે રકાત ઈશ્રાકની નમાઝ આપણા માટે હજ્જ અને ઉમરા જેવો સવાબ રાખે છે. થોડી કોશિશ કરી લઈએ તો આપણને બે રકાતમાં આટલો મહાન સવાબ પ્રાપ્ત થઈ શકે છે. અલ્લાહ તઆલા આપણને

તૌફીક્ અતા ફર્માવે. (આમીન)

**હદીષ : ૨૪**

عَنْ عُقْبَةَ بْنِ عَامِرٍ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ قَامَ اِذَا اسْتَعَلَتِ الشَّمْسُ فَتَوَضَّأَ فَاحْسَنَ وُضُوْئَهٗ ثُمَّ قَامَ فَصَلّٰى رَكْعَتَيْنِ غُفِرَ لَهٗ خَطَايَا وَقَالَ كَانَ كَمَا وَلَدَتْهُ اُمُّهٗ ۔الدارمى

હઝરત ઉકબા બિન આમિરથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જે ઉભો થાય જ્યારે સૂર્ય બુલંદ થઈ જાય પછી વ્યવસ્થિત વુઝૂ કરે પછી ઉભો થાય અને બે રકાત નમાઝ અદા કરે, એના ગુનાહ માફ કરી દેવામાં આવશે. અને ફર્માવ્યું, એ એવો છે, જાણે એની માતાએ એને જન્મ આપ્યો." *(દારેમી)*

**હદીષ : ૨૫**

عَنْ اَبِىْ اُمَامَةَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اِذَا طَلَعَتِ الشَّمْسُ مَنْ مَطْلَعِهَا كَهَيْئَتِهَا لِصَلٰوةِ الْعَصْرِ حِيْنَ تَغْرُبُ مِنْ مَغْرِبِهَا فَصَلّٰى رَجُلٌ رَكْعَتَيْنِ وَ اَرْبَعَ سَجْدَاتٍ كُتِبَ لَهٗ اَجْرُ ذٰلِكَ الْيَوْمَ وَكُفِّرَ عَنْهُ خَطِيْئَتُهٗ وَ اِثْمُهٗ فَاِنْ مَاتَ مِنْ يَوْمِهٖ دَخَلَ الْجَنَّةَ ۔الطبرانى فى الكبير

હઝરત અબૂ ઉમામા رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જ્યારે સૂર્ય ઉગે એના ઉગવાની જગાએથી, એના અસરની નમાઝ વખતે હોવાની સ્થિતિમાં. જ્યારે એ આથમે એના આથમવાની જગાએ તો કોઈ વ્યક્તિ બે રકાત નમાઝ અદા કરે, ચાર સિજદા સાથે એના માટે એ દિવસનો સવાબ લખવામાં આવશે, એના ગુનાહ અને પાપનો કફ્ફારો બની જશે. જો તે એ જ દિવસમાં મરી જશે તો જન્નતમાં દાખલ થશે. *(તબ્રાની કબીરમાં)*

**ફાયદો** : ઈશ્રાકની નમાઝ પઢી લેવામાં આવે તો **એનો સવાબ આખો દિવસ લખવાનું ચાલુ રહે છે અને જે ગુનાહો થઈ ગયા છે એને માફ કરી દેવામાં આવે છે. અને અધિક ફઝીલત એ કે એ દિવસમાં મૌત આવી જાય તો એને જન્નતની ખુશખબરી મળી જાય છે,** મહેનત ઓછી અને સવાબ મહાન ! અલ્લાહ તઆલા આપણને





અમલની તૌફીક્ અતા ફર્માવે.

## ચાશ્તની નમાઝ

ચાશ્તની નમાઝનો ઉત્તમ સમય દસ વાગ્યાથી લઈને ઝવાલ પહેલાં છે. ઈશ્રાક પછી પણ પઢી શકાય છે. ચારથી લઈને બાર રકાતો સુધી પઢી શકાય છે. હદીષે પાકમાં એની ઘણી ફઝીલત વર્ણન થઈ છે.

**હદીષ : ૨૬**

عَنْ مُعَاذِ بْنِ اَنَسٍ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ قَعَدَ فِىْ مُصَلَّاهُ حِيْنَ يَنْصَرِفُ مِنْ صَلَاةِ الصُّبْحِ حَتّٰى يُسَبِّحَ رَكْعَتَى الضُّحٰى لَا يَقُوْلُ اِلَّا خَيْرًا غُفِرَ لَهٗ خَطَايَاهُ وَاِنْ كَانَتْ اَكْثَرَ مِنْ زُبُدِ الْبَحْرِ ۔ابو داود

હઝરત મુઆઝ બિન અનસથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જે ફજરની નમાઝથી ફારેગ થઈ પોતાની નમાઝની જગાએ બેસેલો રહે ત્યાં સુધી કે ચાશ્તની બે રકાત નમાઝ અદા કરે, (વાત કરે તો) ભલી જ વાત કરે એના ગુનાહો માફ કરી દેવામાં આવશે." ભલે સમુદ્રના ઝાગથી વધીને હોય. *(અબૂ દાવૂદ)*

**હદીષ : ૨૭**

عَنْ اَنَسٍ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ رَكْعَتَانِ مِنَ الضُّحٰى يَعْدِلَانِ عِنْدَ اللّٰهِ بِحَجَّةٍ وَ عُمْرَةٍ مُتَقَبَّلَتَيْنِ ۔ابو الشيخ فى الثواب

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "ચાશ્તની બે રકાત અલ્લાહ તઆલાની બારગાહમાં કબૂલ થયેલ **હજ્જ** અને **ઉમરા બરાબર** છે." *(અબૂ શ્શૈખએ સવાબમાં)*

**ફાયદો** : આ બે હદીષોથી જાણવા મળ્યું કે ચાશ્તની નમાઝ પઢનારને ગુનાહોની માફી સાથે કબૂલ થયેલ હજ્જ અને ઉમરાનો સવાબ મળે છે. અલ્લાહ તઆલા આપણને એની તૌફીક્ અતા ફર્માવે.

**હદીષ : ૨૮**

عَنْ اُمِّ الْمُؤْمِنِيْنَ الصِّدِّيْقَةِ اَنَّهَا سُئِلَتْ اَكَانَ رَسُوْلُ اللّٰهِ ﷺ يُصَلِّىْ الضُّحٰى قَالَتْ نَعَمْ اَرْبَعُ رَكْعَاتٍ وَ يَزِيْدُ مَا شَآءَ اللّٰهُ ۔ابو داود

ઉમ્મુલ મુ'મિનીન હઝરત સિદ્દીક઼ા رضی اللہ عنہاથી રિવાયત છે. એમને 5 KJFDRV FI #XIZ; } K, FC صلی اللہ علیہ وسلم ચાશ્તની નમાઝ પઢતા હતા ? ફર્માવ્યું, "હા ! ચાર રકાત અને જેટલી અલ્લાહ ઈચ્છે વધારે ફર્માવતા." *(અબૂ દાવૂદ)*

**હદીષ : ૨૯**

عَنْ اَبِیْ ذَرٍّ عَنِ النَّبِیِّ صلی اللہ علیہ وسلم اِنْ صَلَّیْتَ الضُّحیٰ رَکْعَتَیْنِ لَمْ تُکْتَبْ مِنَ الْغَافِلِیْنَ وَاِنْ صَلَّیْتَهَا اَرْبَعًا کُتِبْتَ مِنَ الْمُحْسِنِیْنَ وَاِنْ صَلَّیْتَهَا سِتًّا کُتِبْتَ مِنَ الْقَانِتِیْنَ وَاِنْ صَلَّیْتَهَا ثَمَانِیًا کُتِبْتَ مِنَ الْفَائِزِیْنَ وَاِنْ صَلَّیْتَهَا عَشْرًا لَمْ یُکْتَبْ ذٰلِكَ الْیَوْمَ ذَنْبٌ وَاِنْ صَلَّیْتَهَا ثِنْتَیْ عَشَرَةَ رَکْعَةً بَنَی اللّٰهُ لَكَ بَیْتًا فِی الْجَنَّةِ ۔ البیهقی

હઝરત અબૂ ઝરથી રિવાયત છે. એમણે નબી صلی اللہ علیہ وسلمથી રિવાયત કરી કે જો તમે બે રકાત ચાશ્તની નમાઝ પઢશો તો ગ઼ાફિલ લખવામાં નહીં આવે, જો ચાર રકાત પઢશો તો એહસાન કરનાર લખવામાં આવશે, છ રકાત પઢશો તો ઈબાદતગુઝાર લખવામાં આવશે, જો આઠ પઢશો તો સફળ લખવામાં આવશે, જો દસ પઢશો તો એ દિવસે ગુનોહ લખવામાં નહીં આવે અને બાર રકાત પઢશો તો તમારા માટે જન્નતમાં ઘર બનાવવામાં આવશે. *(બયહક઼ી)*

**ફાયદો** : જેટલી રકાતોનો વધારો કરવામાં આવે એ પ્રમાણે વિવિધ ફઝીલતોનો વધારો થાય છે. બાર રકાત પઢવામાં આવે તો જન્નતમાં ઘર બને, અને જન્નતમાં ઘર બનશે તો જન્નત પણ મળશે. (ઈન્શાઅલ્લાહ !) અલ્લાહ તઆલા આપણને અમલની તૌફીક઼ અતા ફર્માવે.





# :: ઝોહરની નમાઝ ::

ઝોહરની નમાઝમાં ફર્ઝ પહેલાં ચાર રકાત સુન્નત નમાઝ પઢવામાં આવે છે એ સુન્નતે મુઅક્કિદા છે, એની પાબંદી જરૂરી છે.

## ઝોહરની પ્રથમ ચાર રકાત

**હદીષ : ૩૦**

عن ابی ایوب قال قال رسول الله صلی اللہ علیہ وسلم اَرْبَعٌ قَبْلَ الظُّهْرِ لَیْسَ فِیْهِنَّ تَسْلِیْمٌ تُفْتَحُ لَهُنَّ اَبْوَابُ السَّمَآءِ ۔ ابو داود

હઝરત અબૂ ઐયૂબથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, "ચાર રકાત ઝોહર(ની ફર્ઝ) પહેલાં જેમાં સલામ ન હોય (ચાર રકાત) એક સલામથી હોય એમના માટે આકાશના દરવાજાઓ ખોલી નાખવામાં આવશે." *(અબૂ દાવૂદ)*

**હદીષ : ૩૧**

عَنْ اَبِیْ اَیُّوْبَ قَالَ نَزَلَ عَلیٰ رَسُوْلِ اللّٰهِ صلی اللہ علیہ وسلم فَکَانَ یُصَلِّیْ اَرْبَعًا قَبْلَ الظُّهْرِ فَسَاَلْتُهٗ عَنْ ذٰلِكَ فَقَالَ اِنَّ اَبْوَابَ السَّمَآءِ تُفْتَحُ فَلَا تُغْلَقُ حَتّٰی یُصَلِّیَ الظُّهْرُ قَالَ فَقُلْتُ یَا رَسُوْلَ اللّٰهِ اَنُسَلِّمُ بَیْنَهُنَّ قَالَ لَا اِلَّا فِی آخِرِهِنَّ ۔ ابو داود الطیالسی

હઝરત અબૂ ઐયૂબથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم પર ઉતર્યું ત્યારે આપે ઝોહર પહેલાંની ચાર રકાત નમાઝ પઢી રહ્યા હતા. મેં આપને એ વિશે પૂછયું તો આપે ફર્માવ્યું, "બેશક ! આકાશના દરવાજા ખોલવામાં આવે છે તો એ બંધ કરવામાં નથી આવતા ત્યાં સુધી કે ઝોહરની નમાઝ અદા કરી લેવામાં આવે." કહ્યું કે મેં વિનંતિ કરી, અય અલ્લાહના રસૂલ ! صلی اللہ علیہ وسلم એની વચમાં સલામ ફેરવીએ ?! ફર્માવ્યું, "ના ! પરંતુ અંતમાં." *(અબૂ દાવૂદ, તિયાલિસી)*

**ફાયદો** : ઝોહરના ફર્ઝ પહેલાં જે ચાર રકાત સુન્નત પઢવામાં આવે છે એ એક સલામથી સુન્નત છે.

**હદીષ : ૩૨**

عَنْ اَنَسٍ قَالَ قَالَ رَسُوْلُ اللّٰہِ ﷺ اَرْبَعٌ قَبْلَ الظُّهْرِ كَعَدْلِهِنَّ بَعْدَ الْعِشَآءِ وَاَرْبَعٌ بَعْدَالْعِشَآءِ كَعَدْلِهِنَّ مِنْ لَيْلَةِ الْقَدْرِ ۔ الطبرانی فی الوسط

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ઝોહર પહેલાંની ચાર રકાતો ઈશા પછીની નમાઝ પ્રમાણે છે. અને ચાર ઈશા પછી લયલતુલ કદ્ર જેવી છે." *(તબ્રાની ઔસતમાં)*

**ફાયદો** : ઝોહરની સુન્નત અને ઈશાની સુન્નત શબે કદ્રમાં નમાઝ પઢવા જેવો સવાબ રાખે છે. એ ફઝીલતની પ્રાપ્તિમાં આપણે કોશિશ કરવી જોઈએ, ઝોહરની ચાર સુન્નત ફર્ઝ પહેલાં પઢવામાં ન આવી હોય તો ઝોહરના ફર્ઝ પછીની બે રકાત સુન્નત બાદ પઢી લેવામાં આવે.

**હદીષ : ૩૩**

عَنْ اَنَسٍ قَالَ قَالَ رَسُوْلُ اللّٰہِ ﷺ مَنْ صَلّٰى قَبْلَ الظُّهْرِ اَرْبَعًا غُفِرَ لَهٗ ذُنُوْبُهٗ يَوْمَهٗ ذٰلِكَ ۔ الخطیب

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જેણે ઝોહર પહેલાં ચાર રકાત નમાઝ અદા કરી એના બે દિવસના ગુનાહ માફ કરી દેવામાં આવશે. *(ખતીબ)*

**હદીષ : ૩૪**

عَنْ رَجُلٍ قَالَ قَالَ رَسُوْلُ اللّٰہِ ﷺ مَنْ صَلّٰى قَبْلَ الظُّهْرِ اَرْبَعًا كَانَ كَعَدْلِ رَقَبَةٍ مِّنْ بَنِىْ اِسْمَاعِيْلَ ۔ الطبرانی فی الکبیر

એક માણસથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, "જે ઝોહર પહેલાં ચાર રકાત પઢે તો એ હઝરત ઈસ્માઈલ علیہ السلامની ઔલાદના એક ગુલામ આઝાદ કરવા જેવું છે." *(તબ્રાનીએ કબીરમાં)*

**હદીષ : ૩૫**

عَنْ عَائِشَةَ قَالَتْ اِنَّ النَّبِىَّ ﷺ كَانَ لَا يَدَعُ اَرْبَعَ رَكْعَاتٍ قَبْلَ الظُّهْرِ وَ رَكْعَتَيْنِ قَبْلَ الْفَجْرِ ۔ ابن جریر





હઝરત આઈશા رضی اللہ عنہاથી રિવાયત છે. એમણે કહ્યું કે, "નબી ﷺ ઝોહર પહેલાંની ચાર રકાતો અને ફજર પહેલાંની બે રકાતો છોડતા ન હતાં." *(ઈબ્ને જરીર)*

## ઝોહરની ચાર રકાત ફર્ઝ

زوال کے بعد سب سے پہلے حضرت ابراھیم نے چار رکعات نماز پڑھی جبکہ حضرت اسماعیل کا فدیہ اترا [۱] بیٹے کا غم دور ہوا [۲]فدیہ آیا[۳]رب کی رضا حاصل ہوئی[۴]حکم خدا پر عمل کر لیا اور بیٹے کی گردن رکھ دی

ઝવાલ પછી હઝરત ઈબ્રાહીમ علیہ السلامએ પ્રથમ ચાર રકાતો પઢી જ્યારે હઝરત ઈસ્માઈલનો ફિદયો ઉતાર્યો (૧) પુત્રની ચિંતા દૂર થઈ (૨) ફિદિયો આવ્યો (૩) રબની રેઝા પ્રાપ્ત થઈ (૪) ખુદાના હુકમ પર અમલ કરી લીધો અને પુત્રએ ગળુ રાખી દીધું. *(ફતાવા રઝવિય્યહ, ભાગ-૫, મુતરજમ)*

**હદીષ : ૩૬**

عَنْ حُذَيْفَةَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰہِ ﷺ اَرْبَعُ رَكْعَاتٍ تَرْكَعُهُنَّ حِيْنَ تَزُوْلُ الشَّمْسُ عَنْ كَبِدِ السَّمَآءِ تَعْدِلُ اِحْيَآءَ لَيْلَةٍ فِىْ يَوْمٍ حَرَامٍ مِنْ شَهْرٍ حَرَامٍ ۔ ابو الشیخ فی الثواب

હઝરત હુઝૈફા رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "ચાર રકાતો જેને તમે પઢો સૂર્યનો આકાશ વચમાંથી નમી ગયા બાદ તો એ ઝુલ હજ્જામાં અર્ફાના દિવસની રાત જાગીને ઈબાદત કરવા બરાબર છે." *(અબૂશ્શૈખ સવાબમાં)*

**હદીષ : ૩૭**

عَنْ اَبِىْ اَيُّوْبَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰہِ ﷺ اِنَّ اَبْوَابَ السَّمَآءِ تُفْتَحُ عِنْدَ زَوَالِ الشَّمْسِ فَلَا تَرْتَجُ حَتّٰى يُصَلَّى الظُّهْرُ فَاُحِبُّ اَنْ يَصْعُدَ لِىْ فِيْهَا خَيْرٌ ۔ رواہ الامام احمد

હઝરત અબૂ ઐયૂબથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "બેશક ! આકાશના દરવાજા સૂર્યનો ઢળતી વખતે ખોલવામાં

આવે છે પછી એ બંધ કરવામાં નથી આવતા ત્યાં સુધી કે ઝોહરની નમાઝ પઢી લેવામાં આવે. તો હું પસંદ કરું છું કે એમાં મારી ભલાઈ ઉપર જાય." *(ઈમામ અહમદ)*

**હદીષ : ૩૮**

عَنْ اَبِیْ هُرَيْرَةَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَا مِنْ عَبْدٍ يُحْسِنُ وُضُوْئَهٗ وَيُكْمِلُهٗ ثُمَّ يَخْرُجُ اِلَى الصَّلَاةِ الظُّهْرِ حِيْنَ يُؤَذَّنُ بِهَا فَيُكْمِلُ رُكُوْعَهَا وَ سُجُوْدَهَا وَ خُشُوْعَهَا اِلَّا كُفِّرَتْ مَا كَانَ قَبْلَهَا وَمَا هُوَ كَائِنٌ بَعْدَهَا فِیْ ذٰلِكَ الْيَوْمِ - البيهقى فى شعب الايمان

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જે પણ બંદો વ્યવસ્થિત અને સંપૂર્ણ વુઝૂ કરે પછી ઝોહરની નમાઝ માટે નીકળે જ્યારે એની અઝાન આપવામાં આવે, પછી એના (નમાઝના) રુકૂઅ સિજદા અને ધ્યાન સંપૂર્ણ કરે તો એ દિવસમાં એના થયેલ આગળ અને પાછળના ગુનાહનો કફ્ફારો બની જશે." *(બયહકી શુઅબલ ઈમાન)*

**હદીષ : ૩૯**

عَنْ اَنَسٍ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ لِعُثْمَانَ يَا عُثْمَانُ بْنُ مَظْعُوْنٍ مَنْ صَلّٰى صَلَاةَ الظُّهْرِ فِیْ جَمَاعَةٍ كَانَ لَهٗ فِیْ جَنَّاتِ عَدْنٍ خَمْسُوْنَ دَرَجَةً بُعْدَ مَا بَيْنَ كُلِّ دَرَجَتَيْنِ كَحَضْرِ الْفَرَسِ الْجَوَّادِ الْمُضْمِرِ خَمْسُوْنَ سَنَةً - البيهقى

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ઉષ્માનને ફર્માવ્યું, "અય ઉષ્માન બિન મઝઊન ! જે ઝોહરની નમાઝ જમાઅતથી પઢે તો એના માટે જન્નતે અદનમાં પચાસ દરજા છે બે દરજાની વચમાંનું અંતર ફાસ્ટ રવાલ પાતળા ઘોડાનું સિત્તેર વર્ષના ચાલવા સમાન છે." *(બયહકી)*

**ફાયદો** : ફર્ઝ નમાઝની ફઝીલત માટે એટલું પૂરતું છે કે એ ફર્ઝ છે. કોઈ પણ સુન્નત અને નફ્લ નમાઝ ફઝીલતમાં ફર્ઝ નમાઝ બરાબર નથી થઈ શકતી. અને ફર્ઝ નમાઝ અલ્લાહ તઆલા તરફથી આપવામાં આવેલી જવાબદારી છે. પણ અલ્લાહ તઆલાની અપાર કૃપા કે ફર્ઝને પણ આપણા





માટે ગુનાહોની માફીનો ઝરીયો અને સવાબથી માલામાલ થવાનો તોહફો બનાવ્યો."

## ઝોહરના ફર્ઝ પછી ચાર રકાત નમાઝ

ઝોહરના ચાર ફર્ઝ પછી ચાર રકાત નમાઝ પઢવામાં આવે છે. એમાંથી બે રકાત સુન્નતે મુઅક્કિદા છે અને બીજી બે સુન્નતે ગૈર મુઅક્કિદા છે જેને નફ્લ કહેવામાં આવે છે.

**હદીષ : ૪૦**

عَنْ اُمِّ الْمُؤْمِنِيْنَ اُمِّ حَبِيْبَةَ قَالَتْ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ حَافَظَ عَلٰى اَرْبَعِ رَكْعَاتٍ قَبْلَ صَلَاةِ الظُّهْرِ وَاَرْبَعٌ بَعْدَهَا حُرِّمَ عَلَى النَّارِ - الترمذى

હઝરત ઉમ્મુલ મુ'મિનીન ઉમ્મે હબીબા رضی اللہ عنہاથી રિવાયત છે. એમણે કહ્યું, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જે પાબંદી કરે ઝોહર પહેલાંની ચાર રકાતની અને પછીની ચાર રકાત નમાઝની એ આગ પર (દોઝખની) હરામ કરી દેવામાં આવે છે." *(તિર્મિઝી)*

**હદીષ : ૪૧**

عَنْ اُمِّ الْمُؤْمِنِيْنَ اُمِّ حَبِيْبَةَ قَالَتْ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ صَلّٰى اَرْبَعًا قَبْلَ الظُّهْرِ وَ اَرْبَعًا بَعْدَهَا لَمْ تَمَسَّهُ النَّارُ - رواه ابن جرير و الترمذى وَ لَفْظُهٗ حَرَّمَهُ اللّٰهُ عَلَى النَّارِ

એમનાથી જ રિવાયત છે. કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જે ઝોહર પહેલાં અને ઝોહર પછી ચાર રકાત પઢે એને આગ અડકશે નહીં. *(ઈબ્ને જરીર, તિર્મિઝી)* (અને તિર્મિઝીના શબ્દ છે અલ્લાહ એને આગ પર હરામ કરી આપશે.)

**હદીષ : ૪૨**

عَنْ اُمِّ الْمُؤْمِنِيْنَ اُمِّ حَبِيْبَةَ قَالَتْ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَا مِنْ عَبْدٍ يُصَلِّیْ اَرْبَعَ رَكْعَاتٍ بَعْدَ الظُّهْرِ فَتَمَسُّ وَجْهَهُ النَّارُ اَبَدًا اِنْ شَآءَ اللّٰهُ رواه ابن عساكر

એમનાથી જ રિવાયત છે. કહ્યું રસૂલુલ્લાહ ﷺએ કે જે કોઈ બંદો ચાર રકાત નમાઝ પઢે ઝોહર પછી તો એના ચહેરાને આગ અલ્લાહ

ઈચ્છે તો ક્યારે પણ નહીં અડકે. *(ઈબ્ને અસાકિર)*

**હદીષ : ૪૩**

عَنْ اُمِّ الْمُؤْمِنِيْنَ عَائِشَةَ قَالَتْ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ ثَبَرَ عَلٰى ثِنْتَىْ عَشَرَ رَكْعَةً مِنَ السُّنَّةِ بَنَى اللّٰهُ لَهٗ بَيْتًا فِى الْجَنَّةِ اَرْبَعُ رَكْعَاتٍ قَبْلَ الظُّهْرِ وَرَكْعَتَيْنِ بَعْدَهَا ۔ ابن ماجة

હઝરત આઈશા رضی اللہ عنہاથી રિવાયત છે. કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જે સુન્નતની બાર રકાતોની પાબંદી કરે અલ્લાહ તઆલા એના માટે જન્નતમાં ઘર બનાવશે, ચાર રકાતો ઝોહર પહેલાં અને ચાર ઝોહર પછી." *(ઈબ્ને માજહ)*

**હદીષ : ૪૪**

عَنْ عَلِيِّ ابْنِ اَبِىْ طَالِبٍ قَالَ كَانَ النَّبِىُّ ﷺ يُصَلِّىْ قَبْلَ الظُّهْرِ اَرْبَعًا وَبَعْدَهَا رَكْعَتَيْنِ ۔ الترمذى

હઝરત અલી બિન અબી તાલિબથી રિવાયત છે. એમણે કહ્યું કે નબી ﷺ ઝોહર પહેલાં ચાર રકાતો અને એ પછી બે રકાતો પઢતા હતા. *(તિર્મિઝી)*

**ફાયદો :** આ હદીષના આધારે ઝોહરના ફર્ઝ પછી બે સલામથી ચાર રકાત નમાઝ પઢી લેવામાં આવે. ચાર રકાત પઢવામાં દોઝખથી નજાતની બશારત સંભળાવવામાં આવી છે.





# :: અસરની નમાઝ ::

## ફર્ઝ પહેલાં ચાર રકાત નમાઝ

**હદીષ : ૪૫**

عَنْ اَبِىْ هُرَيْرَةَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ صَلّٰى قَبْلَ الْعَصْرِ اَرْبَعَ رَكْعَاتٍ غَفَرَ اللّٰهُ لَهٗ مَغْفِرَةً عَزْمًا ۔ ابو نعيم

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જે અસર પહેલાં ચાર રકાતો અદા કરે અલ્લાહ એની નિઃશંક ! મગફેરત કરી આપશે." *(અબૂ નુઐમ)*

**ફાયદો :** અસરના ફર્ઝ પહેલાં જે ચાર રકાત સુન્નતની નિય્યતે પઢવામાં આવે છે એને સુન્નતે ગૈર મુઅક્કિદા કહેવામાં આવે છે, અને છોડી આપવાથી ગુનોહ નથી થતો પણ જે સવાબ અને ફઝીલતો એના પઢવામાં છે એનાથી માણસ જરૂર મહરૂમ રહી જાય છે. ચાર મિનિટમાં મહાન ફઝીલત પ્રાપ્ત થતી હોય તો કોણ નાદાન માણસ હશે જે એને અમલમાં ન લાવે.

**હદીષ : ૪૬**

عَنْ اُمِّ الْمُؤْمِنِيْنَ اُمِّ سَلْمَةَ قَالَتْ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ صَلّٰى اَرْبَعَ رَكْعَاتٍ قَبْلَ الْعَصْرِ حَرَّمَ اللّٰهُ بَدَنَهٗ عَلَى النَّارِ ۔ الطبرانى فى الكبير

ઉમ્મુલ મુ'મિનીન ઉમ્મે સલ્મા رضی اللہ عنہاથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જે અસર પહેલાં ચાર રકાતો પઢે અલ્લાહ એના બદનને દોઝખ પર હરામ કરી આપશે." *(તબ્રાનીએ કબીર)*

**હદીષ : ૪૭**

عَنْ اَمِيْرِ الْمُؤْمِنِيْنَ عَلِيٍّ كَرَّمَ اللّٰهُ وَجْهَهُ الْكَرِيْمَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ صَلّٰى اَرْبَعَ رَكْعَاتٍ قَبْلَ الْعَصْرِ حَرَّمَ اللّٰهُ لَحْمَهٗ عَلَى النَّارِ ۔ رواه البخارى

અમીરુલ મુ'મિનીન અલી મુર્તઝા کرم اللہ تعالیٰ وجہہ الکریمથી રિવાયત છે. એમણે કહ્યું, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જેણે અસર પહેલાં ચાર રકાતો પઢી અલ્લાહે એના ગોશ્તને આગ પર હરામ કરી આપ્યું." *(બુખારી)*

**હદીષ : ૪૮**

عَنْ اَمِيْرِ الْمُؤْمِنِيْنَ عَلِيٍّ كَرَّمَ اللّٰهُ وَجْهَهُ الْكَرِيْمَ قَالَ رَحِمَ اللّٰهُ مَنْ صَلّٰى قَبْلَ الْعَصْرِ اَرْبَعًا رواه ابن جرير

એમનાથી જ રિવાયત છે : ફર્માવ્યું, "અલ્લાહ તઆલા રહમ ફર્માવે એના પર જે અસર પહેલાં ચાર રકાતો નમાઝ અદા કરે." *(ઈબ્ને જરીર)*

**હદીષ : ૪૯**

عَنْ اِبْنِ عُمَرَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ وَلَا يَزَالُ الْمُصَلُّوْنَ مِنْ قِبَلِ الْعَصْرِ اَرْبَعًا حَتّٰى يَغْفِرَ اللّٰهُ لَهُمْ مَغْفِرَةً حَتْمًا ـ ابو الشيخ

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "નમાઝી અસર પહેલાંની ચાર રકાતોની પાબંદી કરશે તો અલ્લાહ તઆલા એમની યકીની મગફેરત ફર્માવી આપશે." *(અબૂશ્શેખ)*

**હદીષ : ૫૦**

عَنْ عُمَرَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ رَحِمَ اللّٰهُ اِمْرَأً صَلّٰى قَبْلَ الْعَصْرِ اَرْبَعًا ـ ابو داود

હઝરત ઉમર رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "અલ્લાહ એ માણસ પર રહમ કરે જે અસર પહેલાંની ચાર રકાતો અદા કરે." *(અબૂ દાવૂદ)*

**હદીષ : ૫૧**

عن ابْنِ عُمَرَ قَالَ اِنَّ النَّبِيَّ ﷺ كَانَ يُصَلِّيْ قَبْلَ الْعَصْرِ اَرْبَعًا ـ الطبرانی فی الصغير

હઝરત ઈબ્ને ઉમરથી રિવાયત છે. એમણે કહ્યું કે, "નબી ﷺ અસરની પહેલાં ચાર રકાતો પઢતા હતા." *(તબ્રાનીએ સગીરમાં)*

## અસરની ચાર રકાત ફર્ઝ

نماز عصر سب سے پہلے حضرت یونس نے پڑھی چار تاریکیوں سے نجات پانے پر ظلمت لغزش، ظلمت غم، ظلمت دریا، ظلمت شکم ماہی





અસરની નમાઝ પ્રથમ હઝરત યૂનુસ علیہ السلامએ પઢી ચાર પ્રકારના અંધારાથી નજાત મળવા પર : (૧) ભૂલનું અંધારું (૨) ચિંતાનું અંધારુ (૩) દરિયાનું અંધારુ (૪) માછલીના પેટનું અંધારુ.

**હદીષ : ૫૨**

عَنْ اَبِيْ دَرْدَاءَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ تَرَكَ صَلَاةَ الْعَصْرِ مُتَعَمِّدًا حَتّٰى تَفُوْتَهُ فَقَدْ حُبِطَ عَمَلُهُ ـ امام احمد

હઝરત અબૂ દરદા رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જેણે જાણી જોઈને અસરની નમાઝ છોડી આપી (કઝા કરી) તો એના અમલો બેકાર કરી દેવામાં આવ્યા." *(ઈમામ અહમદ)*

**હદીષ : ૫૩**

عَنْ نَوْفَلِ بْنِ مُعَاوِيَةَ عَنْ اَبِيْهِ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ لَاَنْ يُوْتِرَ اَحَدُكُمْ اَهْلَهُ وَمَالَهُ خَيْرٌ لَهُ مِنْ اَنْ يَفُوْتَ وَقْتَ صَلَاةِ الْعَصْرِ ـ عبد الرزاق والطبرانی فی الاوسط

હઝરત નવફલ બિન મુઆવિયહથી રિવાયત છે અને તેઓ પોતાના પિતાથી રિવાયત કરે છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, " તમારામાંથી કોઈનો માલ અને ઘરવાળા હલાક થઈ જાય એ ઉત્તમ છે એનાથી કે એની અસરની નમાઝ કઝા થઈ જાય." *(અબ્દુર્રઝ્ઝાક, તબ્રાનીએ ઔસતમાં)*

**હદીષ : ૫૪**

عَنْ بُرَيْدَةَ قَالَ كَانَ رَسُوْلُ اللّٰهِ ﷺ فِيْ بَعْضِ غَزَوَاتِهِ فَقَالَ بَكِّرُوْا بِالصَّلَاةِ فِيْ يَوْمِ الْغَيْمِ فَاِنَّهُ مَنْ تَرَكَ الْعَصْرَ حُبِطَ عَمَلُهُ ـ رواه النسائی و الامام احمد عن نوفل بن معاوية

હઝરત બુરૈદા رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺ કોઈ યુદ્ધમાં હતા તો આપે ફર્માવ્યું, "વાદળીના દિવસમાં નમાઝમાં જલ્દી કરો, કારણ કે જેણે અસર છોડી આપી એના અમલ બેકાર કરી દેવામાં આવ્યા." *(નસાઈ, ઈમામ અહમદ)*

**હદીષ : ૫૫**

عَنْ اَمِيرِ الْمُؤْمِنِيْنَ عُمَرَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ تَرَكَ صَلَاةَ الْعَصْرِ حَتّٰى تَغِيْبَ الشَّمْسُ مِنْ غَيْرِ عُذْرٍ فَكَاَنَّمَا وُتِرَ اَهْلُهٗ وَمَالُهٗ۔ رواه ابن ابى شيبة

અમીરુલ મુ'મિનીન ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું :–

"જેણે અસરની નમાઝ છોડી આપી વિના કારણે ત્યાં સુધી કે સૂર્યાસ્ત થઈ ગયું તો જાણે એનો માલ અને ઘરવાળાં હલાક કરી દેવામાં આવ્યાં. *(ઈબ્ને અબી શયબા)*

**ફાયદો** : આખેરતનું નુકસાન દુનિયાના નુકસાનથી વધીને છે એ માન્યતાને સશક્ત બનાવવા માટે કહેવામાં આવ્યું કે નમાઝ કઝા થઈ તો જાણે માલ અને ઔલાદ હલાક થઈ ગયાં, અથવા એ કે માલ અને ઔલાદનો જેટલો ખયાલ છે એનાથી અધિક ખયાલ નમાઝને અદા પઢવાનો હોવો જોઈએ.

અમુક હદીષોમાં ફર્માવવામાં આવ્યું કે જેની અસરની નમાઝ કઝા થઈ ગઈ એના અમલો બેકાર થઈ ગયા, એનો મતલબ એ છે કે જ્યાં સુધી સાચી પાકી તૌબા કરી લેવામાં ન આવે એના અમલો કબૂલ થશે નહીં, કારણ કે ફર્ઝ જવાબદારીમાં બાકી રહી જાય તો કોઈ પણ બંદગી અલ્લાહની બારગાહમાં માન્ય રહેતી નથી.

**હદીષ : ૫૬**

عَنْ اَبِىْ بَصْرَةَ الْغِفَارِيِّ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اِنَّ هٰذِهِ الصَّلَاةَ عُرِضَتْ عَلٰى مَنْ كَانَ قَبْلَكُمْ فَاَبَوْهَا وَثَقُلَتْ عَلَيْهِمْ وَ فُضِّلَتْ عَلٰى مَنْ سواها بِسِتٍّ وَّ عِشْرِيْنَ دَرَجَةً يَعْنِى الْعَصْرَ ۔ عبد الرزاق

હઝરત અબૂ બુસરા ગિફારીથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "બેશક ! આ નમાઝ તમારા આગલાઓ પર પેશ કરવામાં આવી તો એમણે ઈન્કાર કરી આપ્યો અને એમને ભારે લાગી, અને બીજી નમાઝો પર એને ૨૬ ઘણી ફઝીલત આપવામાં આવી છે, એટલે કે અસર." *(અબ્દુર્રઝઝાક)*





**હદીષ : ૫૭**

عَنْ اَنَسٍ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ صَلَّى الْعَصْرَ فِىْ جَمَاعَةٍ كَانَ لَهٗ كَاَجْرِ ثَمَانِيَةٍ مِّنْ وُّلْدِ اِسْمَاعِيْلَ كُلُّهُمْ رَبُّ بَيْتٍ يُعْتِقُهُمْ البيهقى

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જે અસરની નમાઝ જમાઅતથી પઢે એના માટે હઝરત ઈસ્માઈલની ઔલાદમાંથી આઠનો સવાબ છે જેમને માલિક આઝાદ કરે." *(બયહકી)*

**હદીષ : ૫૮**

عَنْ اَبِىْ هُرَيْرَةَ اَنَّ رَسُوْلَ اللّٰهِ ﷺ قَالَ يَتَعَاقَبُوْنَ فِيْكُمْ مَلَائِكَةٌ بِاللَّيْلِ وَمَلَائِكَةٌ بِالنَّهَارِ وَيَجْتَمِعُوْنَ فِى الصَّلَاةِ الْفَجْرِ وَ صَلَاةِ الْعَصْرِ ثُمَّ يَعْرُجُ الَّذِيْنَ بَاتُوْا فِيْكُمْ فَيَسْئَلُهُمْ وَهُوَ اَعْلَمُ بِهِمْ كَيْفَ تَرَكْتُمْ عِبَادِىْ فَيَقُوْلُوْنَ تَرَكْنَاهُمْ وَهُمْ يُصَلُّوْنَ وَ اَتَيْنَاهُمْ وَهُمْ يُصَلُّوْنَ۔ البخارى

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "રાત અને દિવસના ફરિશ્તાઓ તમારામાં બદલાતા રહે છે, અને ફજર તથા અસરની નમાઝમાં ભેગા થાય છે, પછી જે તમારામાં આવે છે ઉપર જાય છે અને અલ્લાહ જાણવા છતાં એમને પૂછે છે મારા બંદાઓને તમે કેવી સ્થિતિમાં છોડીને આવ્યા ?! તેઓ કહે છે કે અમે એમને નમાઝની હાલતમાં છોડયા અને જ્યારે એમની પાસે ગયા હતા તો તેઓ નમાઝમાં હતા. *(બુખારી)*

**હદીષ : ૫૯**

عَنْ اَمِيْرِ الْمُؤْمِنِيْنَ عَلِيٍّ كَرَّمَ اللّٰهُ وَجْهَهُ الْكَرِيْمَ اَنَّ رَسُوْلَ اللّٰهِ ﷺ قَالَ يَوْمَ الْخَنْدَقِ حَبَسُوْنَا عَنْ صَلَاةِ الْوُسْطٰى صَلَاةِ الْعَصْرِ مَلَاَ اللّٰهُ بُيُوْتَهُمْ وَ قُبُوْرَهُمْ نَارًا ۔ رواه البخارى ومسلم و ابو داود و الترمذى و النسائى

હઝરત અલી کرم اللہ تعالٰی وجہہ الکریم થી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ખંદકના દિવસે ફર્માવ્યું, "જ્યારે આપને કાફિરોએ દરમિયાની નમાઝ અસરથી રોકી લીધા, અલ્લાહ તઆલા એમના ઘરો અને કબરોને આગથી ભરી આપે." *(બુખારી, મુસ્લિમ, અબૂ દાવૂદ, તિર્મિઝી, નસાઈ)*

**ફાયદો** : આ હદીષોથી પુરવાર થયું કે અસરની નમાઝ બીજી ફર્ઝ નમાઝથી અધિક ફઝીલત ધરાવે છે અને એ ફઝીલત દરજામાં ૨૬ ગણી છે. અસરની નમાઝમાં રાત અને દિવસના ફરિશ્તાઓ ભેગા રહે છે. કુર્આનમાં "સલાતે વુસ્તા"નો ખાસ ખયાલ રાખવાનું ફર્માવવામાં આવ્યું તો એનો મતલબ હદીષે પાકના આધારે અસરની નમાઝ છે, આ નમાઝને જમાઅતથી પઢવામાં આવે તો બની ઈસ્રાઈલના આઠ ગુલામ આઝાદ કરવાનો સવાબ મળે છે. આ નમાઝનું મહત્વ એનાથી પણ જાણી શકાય છે કે આપણા નબીને ગમે તેટલી તકલીફ આપવામાં આવતી તો આપ માફ ફર્માવી આપતા પણ ખંદકના યુદ્ધમાં જયારે કાફિરોના સતત હુમ્લાઓને લઈને અસરની નમાઝનો સમય ચાલ્યો ગયો તો આપે કાફિરો માટે હલાકતની દુઆ કરી.

**હદીષ : ૬૦**

عَنْ اَبِیْ هُرَیْرَةَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ صَلاَةُ الْوُسْطٰی صَلاَةُ الْعَصْرِ
رواه الطحاوی و البیهقی فی السنن

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "સલાતે વુસ્તા અસરની નમાઝ છે." *(તહાવી, બયહકી સુનનમાં)*



ફઝીલતોનો ખજાનો એટલે નમાઝ !

# :: મગરિબની નમાઝ ::

مغرب سب سے پہلے حضرت عیسیٰ نے پڑھی اپنے سے نفی الوھیت اپنی ماں سے نفی الوھیت اور رب کے لئے اثبات لوھیت کے لئے

મગરિબ પ્રથમ હઝરત ઈસા علیہ السلامએ પઢી, પોતાની જાતથી મઅ્બૂદ હોવાના નકારા પર, પોતાની માતાથી મઅબૂદ હોવાના નકારા પર, અને અલ્લાહ તઆલા માટે મઅબૂદ હોવાનું સાબિત કરવા પર.

**હદીષ : ૬૧**

عَنْ اَنَسِ بْنِ مَالِكٍ قَالَ كُنَّا نُصَلِّی الْمَغْرِبَ مَعَ النَّبِیِّ ﷺ ثُمَّ نَرْمِیْ فَیَرٰی اَحَدُنَا مَوْضَعُ نَبْلِهٖ ۔ رواه ابو داود

હઝરત અનસ બિન માલિકથી રિવાયત છે. એમણે કહ્યું કે અમે નબી ﷺ સાથે મગરિબની નમાઝ પઢતા હતા પછી અમે તીર છોડતા તો અમારો દરેક એના તીર પડવાને જોઈ લેતા. *(અબૂ દાવૂદ)*

**ફાયદો** : મગરિબની નમાઝ સૂર્યાસ્ત થવાની સાથે પઢવામાં આવે છે અને નમાઝ પછી એટલું અજવાળુ હોય છે કે દૂર સુધી જોઈ શકાય સમય થવા માટે એ નિશાની પૂરતી છે કે સૂર્ય આથમી ગયો હોય.

**હદીષ : ૬૨**

عَنْ اَبِیْ اَیُّوْبٍ عَنِ النَّبِیِّ ﷺ اَنَّهٗ قَالَ بَادِرُوْا بِصَلاَةِ الْمَغْرِبِ قَبْلَ طُلُوْعِ النَّجْمِ ۔ رواه الامام احمد و الدارمی

હઝરત અબૂ ઐયૂબ رضی اللہ عنہથી રિવાયત છે. તેઓ નબી ﷺથી રિવાયત કરે છે. આપે ફર્માવ્યું, "મગરિબની નમાઝ તારા ઉગતા પહેલાં અદા કરી લો !" *(ઈમામ અહમદ, દારેમી)*

**હદીષ : ૬૩**

عَنْ جَابِرٍ قَالَ كُنَّا نُصَلِّیْ مَعَ رَسُوْلِ اللّٰهِ ﷺ ثُمَّ نَاتِیْ بَنِیْ سَلْمَةَ فَلَوْ رَاَیْنَا مَوَاقِعَ نَبْلِنَا ۔ رواه ابو داود الطیالسی

હઝરત જાબિર رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે અમે રસૂલુલ્લાહ ﷺ સાથે નમાઝ પઢતા પછી અમે બની સલમામાં આવતા તો અમે અમારા તીરો પડવાને જોઈ લેતા. *(અબૂ દાવૂદ, તિયાલિસી)*

**હદીષ : ૬૪**

عَنْ عَائِشَةَ قَالَتْ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اَفْضَلُ الصَّلَاةِ عِنْدَ اللّٰهِ الْمَغْرِبِ وَمَنْ صَلّٰى بَعْدَهَا رَكْعَتَيْنِ بَنَى اللّٰهُ بَيْتًا فِى الْجَنَّةِ ۔ الطبرانى فى الاوسط

હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, "ઉત્તમ નમાઝ અલ્લાહની બારગાહમાં મગરિબ છે. જેણે એના પછી **બે રકાતો પઢી અલ્લાહ એના માટે જન્નતમાં ઘર બનાવશે."** *(તબ્રાનીએ ઔસતમાં)*

**હદીષ : ૬૫**

عَنْ اَنَسٍ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ صَلَّى الْمَغْرِبَ فِىْ جَمَاعَةٍ فَهِىَ كَحَجَّةٍ مَبْرُوْرَةٍ وَ عُمْرَةٍ مُتَقَبَّلَةٍ ۔ البيهقى

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, **"જે મગરિબની નમાઝ જમાઅતથી પઢે તો એ કબૂલ થયેલ હજ્જ અને ઉમરા માફક છે."** *(બયહકી)*

**હદીષ : ૬૬**

عَنْ اَنَسٍ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ صَلَّى الْمَغْرِبَ فِىْ جَمَاعَةٍ كُتِبَ لَهٗ حَجَّةٌ مَبْرُوْرَةٌ وَ عُمْرَةٌ مُتَقَبَّلَةٌ وَكَاَنَّمَا قَامَ لَيْلَةَ الْقَدْرِ ۔ ديلمى

એમનાથી જ રિવાયત છે. કહ્યું રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જે મગરિબની નમાઝ જમાઅતથી પઢે એના માટે કબૂલ થયેલ હજ્જ અને ઉમરાનો સવાબ લખવામાં આવે છે અને જાણે એણે શબે કદરમાં બંદગી કરી." *(દૈલમી)*

**હદીષ : ૬૭**

عَنْ اَبِىْ هُرَيْرَةَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ لَا تَزَالُ اُمَّتِىْ عَلَى الْفِطْرَةِ مَا لَمْ يُؤَخِّرُوْا صَلٰوةَ الْمَغْرِبِ حَتّٰى تَشْتَبِكَ النُّجُوْمُ ۔ ابن عساكر





હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લહ ﷺએ ફર્માવ્યું, "મારી ઉમ્મત ઈસ્લામી ફિતરત પર કાયમ રહેશે જો તેઓ મગરિબની નમાઝને તારા ઉગી જતા સુધી લેટ ન કરે." *(ઈબ્ને અસાકિર)*

## મગરિબના ફર્ઝ પછીની સુન્નત નમાઝ

**હદીષ : ૬૮**

عَنْ اَنَسٍ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ صَلّٰى بَعْدَ الْمَغْرِبِ رَكْعَتَيْنِ قَبْلَ اَنْ يَنْطِقَ مَعَ اَحَدٍ يَقْرَاُ فِى الْاُوْلٰى بِالْحَمْدُ وَ قُلْ يَآ اَيُّهَا الْكَافِرُوْنَ وَ فِى الرَّكْعَةِ الثَّانِيَةِ بِالْحَمْدُ وَقُلْ هُوَ اللّٰهُ اَحَدٌ خَرَجَ مِنْ ذُنُوْبِهٖ كَمَا خَرَجَ الْحَيَّةُ مِنْ سِلْخِهَا ۔ ابن نجار

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જેણે મગરિબ પછી બે રકાત નમાઝ અદા કરી કોઈની સાથે વાત કરતાં પહેલાં, પ્રથમ રકાતમાં સૂરએ ફાતિહા અને સૂરએ કાફિરૂન અને બીજી રકાતમાં સૂરએ ફાતિહા અને સૂરએ ઈખ્લાસ, તો નીકળી જશે પોતાના ગુનાહથી જેમ સાંપ પોતાની કાંચળીથી નીકળી જાય છે." *(ઈબ્ને નજ્જાર)*

**હદીષ : ૬૯**

عَنْ اَمِيْرِ الْمُؤْمِنِيْنَ اَبِىْ بَكْرِ الصِّدِّيْقِ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ صَلَّى الْمَغْرِبَ فَصَلّٰى بَعْدَهَا رَكْعَتَيْنِ قَبْلَ اَنْ يَتَكَلَّمَ اَسْكَنَهُ اللّٰهُ فِىْ حَظِيْرَةِ اللّٰهِ فَاِنْ صَلّٰى اَرْبَعًا كَانَ كَمَنْ حَجَّ حَجَّةً فَاِنْ صَلّٰى سِتًّا غُفِرَتْ لَهٗ ذُنُوْبُ خَمْسِيْنَ سَنَةً ابن شاهين

અમીરુલ મુ'મિનીન અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું જે મગરિબની નમાઝ પઢે પછી વાત કરતાં પહેલાં બે રકાત નમાઝ અદા કરે તો અલ્લાહ તઆલા એને પોતાની બારગાહે કુદ્સમાં રાખશે અને જો ચાર રકાત નમાઝ પઢે તો એ હજ્જ કરનાર જેવો છે અને **જો છ રકાત નમાઝ અદા કરશે તો એના પચાસ વર્ષોના ગુનાહ માફ કરી દેવામાં આવશે."** *(ઈબ્ને શાહીન)*

## હદીષ : ૭૦

عَنْ اِبْنِ عُمَرَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ صَلّٰى اَرْبَعَ رَكْعَاتٍ بَعْدَ الْمَغْرِبِ كَانَ كَمَنْ عَقَّبَ غَزْوَةً بَعْدَ الْغَزْوَةِ فِىْ سَبِيْلِ اللّٰهِ عَزَّ وَجَلَّ ۔ رواه ابو الشيخ و ابن زنجوية

ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જે મગરિબ પછી ચાર રકાત નમાઝ અદા કરે તો એ એના જેવો છે જે એક પછી એક યુદ્ધમાં ગયો અલ્લાહ ﷻના માર્ગમાં." *(અબૂશ્શૈખ, ઈબ્ને ઝનજવિયા)*

## હદીષ : ૭૧

عَنْ حُذَيْفَةَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ صَلّٰى بَعْدَ الْمَغْرِبِ رَكْعَتَيْنِ قَبْلَ اَنْ يَتَكَلَّمَ كُتِبَتْ صَلَاتُهٗ فِى الْعِلِّيِّيْنَ وَقَالَ عَجِّلُوْا الرَّكْعَتَيْنِ بَعْدَ الْمَغْرِبِ فَاِنَّهُمَا يُرْفَعَانِ مِنَ الْمَكْتُوْبَةِ ۔ رزين

હઝરત હુઝૈફા رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જે મગરિબ પછી બે રકાત પઢે વાત કરતાં પહેલાં તો એની નમાઝ આ'લા ઈલ્લિય્યિનમાં લખવામાં આવે છે." અને આપે ફર્માવ્યું, "મગરિબ પછીની બે રકાતમાં જલ્દી કરો કારણ કે એ ફર્ઝ સાથે ઉઠાવવામાં આવે છે." *(રઝીન)*

## હદીષ : ૭૨

عَنْ اِبْنِ عَبَّاسٍ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ صَلّٰى اَرْبَعَ رَكْعَاتٍ بَعْدَ الْمَغْرِبِ قَبْلَ اَنْ يَتَكَلَّمَ اَحَدًا رُفِعَتْ لَهٗ فِى الْعِلِّيِّيْنَ وَكَانَ كَمَنْ اَدْرَكَ لَيْلَةَ الْقَدْرِ فِى الْمَسْجِدِ الْاَقْصٰى وَهُوَ خَيْرٌ مِنْ قِيَامِ نِصْفِ لَيْلَةٍ ۔ الديلمى

હઝરત ઈબ્ને અબ્બાસ رَضِیَ اللّٰہُ عَنْہُمَاથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જે ચાર રકાત નમાઝ પઢે મગરિબ પછી કોઈની સાથે વાત કરતાં પહેલાં તો એ આ'લા ઈલ્લિય્યિનમાં ઉઠાવવામાં આવે છે અને એ વ્યક્તિ એના જેવો છે જેણે શબ કૃદર મેળવી લીધી મસ્જિદે અકસામાં, અને એ અડધી રાત ઈબાદત માટે જાગવાથી ઉત્તમ છે." *(દૈલમી)*





**ફાયદો** : આ હદીષોથી જાણવા મળ્યું કે મગરિબ પછી બે રકાત સુન્નતે મુઅક્કિદા છે અને એ પછી બીજી બે રકાતો સુન્નતે ગૈરમુઅક્કિદા છે એની પાબંદી કરતાં રહેવું જોઈએ.

# અવ્વાબીનની નમાઝ

## હદીષ : ૭૩

عَنْ مُحَمَّدِ بْنِ عَمَّارِ بْنِ يَاسِرٍ قَالَ رَاَيْتُ عَمَّارَ بْنَ يَاسِرٍ صَلّٰى بَعْدَ الْمَغْرِبِ سِتَّ رَكْعَاتٍ وَقَالَ مَنْ صَلّٰى بَعْدَ الْمَغْرِبِ سِتَّ رَكْعَاتٍ غُفِرَتْ لَهٗ ذُنُوْبُهٗ وَاِنْ كَانَتْ مِثْلَ زُبُدِ الْبَحْرِ ۔ الطبرانى فى معجم الصغير

હઝરત મુહમ્મદ બિન અમ્માર બિન યાસીરથી રિવાયત છે. એમણે કહ્યું કે મેં અમ્માર બિન યાસીરને જોયા કે એમણે મગરિબ પછી છ રકાત નમાઝ અદા કરી અને ફર્માવ્યું, "જેણે મગરિબ પછી છ રકાત નમાઝ અદા કરી એના ગુનાહ માફ કરી દેવામાં આવશે, ભલે સમુદ્રના ફીણ જેવા હોય." *(તબ્રાનીએ મુઅજ્જમે સગીરમાં)*

## હદીષ : ૭૪

عَنْ اِبْنِ عَبَّاسٍ قَالَ اِنَّ الْمَلٰئِكَةَ تَحُفُّ بِالَّذِيْنَ يُصَلُّوْنَ بَيْنَ الْمَغْرِبِ وَالْعِشَآءِ وَهِىَ صَلَاةُ الْاَوَّابِيْنَ ۔ ابن زنجوية

હઝરત ઈબ્ને અબ્બાસ رَضِیَ اللّٰہُ عَنْہُمَا થી રિવાયત છે. એમણે કહ્યું, "બેશક ! ફરિશ્તાઓ મગરિબ અને ઈશાની વચમાં નમાઝ પઢનારાઓને ઘેરી વળે છે અને એ અવ્વાબીનની નમાઝ છે. *(ઈબ્ને ઝનજવિયા)*

## હદીષ : ૭૫

عَنْ اَبِىْ هُرَيْرَةَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ صَلّٰى بَعْدَ الْمَغْرِبِ سِتَّ رَكْعَاتٍ لَمْ يَتَكَلَّمْ فِيْهَا بَيْنَهُنَّ بِسُوْءٍ عَدَلْنَ لَهٗ بِعِبَادَةِ ثِنْتَىْ عَشَرَ سَنَةً ۔ الترمذى

હઝરત અબૂ હુરૈરૃહ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જે મગરિબ પછી છ રકાત નમાઝ અદા કરે એની વચમાં ખરાબ વાત ન કરે તો એ એના માટે બાર વર્ષોની ઈબાદતની માફક છે." *(તિર્મિઝી)*

**હદીષ : ૭૬**

**عَنْ اَنَسٍ قَالَ مَنْ صَلّٰى بَعْدَ الْمَغْرِبِ ثِنْتَىْ عَشَرَةَ رَكْعَةً يَقْرَأُ فِىْ كُلِّ رَكْعَةٍ قُلْ هُوَ اللّٰهُ اَحَدٌ اَرْبَعِيْنَ مَرَّةً صَافَحَتْهُ الْمَلَائِكَةُ يَوْمَ الْقِيَامَةِ وَمَنْ صَافَحَتْهُ الْمَلَائِكَةُ يَوْمَ الْقِيَامَةِ اَمِنَ الصِّرَاطَ وَالْحِسَابَ وَالْمِيْزَانَ** رواه السمرقندى

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું, "જે મગરિબ પછી ૧૨ રકાતો અદા કરે, દરેક રકાતમાં ચાલીસ વખત સૂરએ ઈખ્લાસ પઢે તો ફરિશ્તાઓ કિયામતના દિવસે એમની સાથે મુસાફો કરશે. અને કિયામતના દિવસે ફરિશ્તાઓ જેની સાથે મુસાફો કરશે એ પુલસિરાત, હિસાબ અને મીઝાન પર અમાનમાં રહેશે. *(સમરકંદી)*

**હદીષ : ૭૭**

**عَنْ سَلْمَانَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ عَلَيْكُمْ بِالصَّلَاةِ فِيْمَا بَيْنَ الْعِشَائَيْنِ فَاِنَّهَا تَذْهَبُ بِمُلَاغَاةِ اَوَّلِ النَّهَارِ** ـ رواه الديلمى

હઝરત સલ્માન رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "તમારા માટે નમાઝ છે મગરિબ અને ઈશાની વચમાં જે દિવસના પ્રથમ ભાગની બેકાર વાતોને લઈ જાય છે." *(દૈલમી)*

**ફાયદો :** અવ્વાબીનની છ રકાત છે. મગરિબની નમાઝ પછી ઈશાની નમાઝ પહેલાં પઢવામાં આવે છે. એની ઘણી ફઝીલત છે જેમ કે આપે હદીષે પાકથી જાણ્યું, તો એને પ્રાપ્ત કરવાની કોશિશ કરવી જોઈએ.





# :: ઈશાની નમાઝ ::

سب سے پہلے عشاء حضرت موسیٰ نے پڑھی جب مدائن سے چل کر راستہ بھول گئے، بیبی کا غم اولاد کی فکر بھائی پر اندیشہ، فرعون سے خوف۔ جب وادیٔ ایمن میں اللہ تعالیٰ نے ان سب فکروں سے نجات دی تو آپ نے چار رکعات شکرانے کی پڑھیں

પ્રથમ ઈશાની નમાઝ હઝરત મૂસા علیہ السلامએ પઢી જ્યારે મદાઈનથી ચાલીને માર્ગ ભૂલી ગયા, બીબાની ચિંતા, ઔલાદની ચિંતા, ભાઈ માટે ભય, ફિરઔનનો ડર. જ્યારે વાદીએ અયમનમાં અલ્લાહ તઆલાએ એ બધી ચિંતાઓથી મુક્તિ આપી તો આપે ચાર રકાત શુક્રાના પઢી.

**હદીષ : ૭૮**

**عَنْ مُعَاذِ بْنِ جَبَلٍ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اِعْتَمُوْا بِهٰذِهِ الصَّلَاةِ فَاِنَّكُمْ قَدْ فُضِّلْتُمْ بِهَا عَلٰى سَائِرِ الْاُمَمِ وَلَمْ تُصَلِّهَا اُمَّةٌ قَبْلَكُمْ** ـ ابو داود

હઝરત મુઆઝ બિન જબલથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "આ નમાઝનો ખયાલ રાખો, બેશક ! તમને એના થકી સઘળી ઉમ્મતો પર ફઝીલત આપવામાં આવી છે અને એને તમારાથી પહેલાં કોઈ ઉમ્મતે નથી પઢી." *(અબૂ દાવૂદ)*

**ફાયદો :** નમાઝે ઈશા આપણા પહેલાં કોઈ ઉમ્મત પર ફર્ઝ કરવામાં નથી આવી એની ફર્ઝિયત માત્ર આપણા માટે છે.

**હદીષ : ૭૯**

**عَنْ اُمِّ الْمُؤْمِنِيْنَ الصِّدِّيْقَةِ قَالَتْ قال رَسُوْلُ اللّٰهِ ﷺ لَوْ يَعْلَمُ النَّاسُ مَا فِى الْعِشَآءِ وَالصَّلَاةِ الصُّبْحِ لَاَتَوْهُمَا وَلَوْ حَبْوًا** ـ ابن ماجة

ઉમ્મુલ મુ'મિનીન સિદ્દીકા رضی اللہ عنہاથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જો લોકોને જાણ થઈ જાય કે ઈશા અને ફજરની નમાઝમાં શું (સવાબ) છે તો એના માટે આવે ભલે ઘસેડાઈને હોય." *(ઈબ્ને માજહ)*

**હદીષ : ૮૦**

**عَنْ اِبْنِ عُمَرَ قَالَ كُنَّا اِذَا فَقَدْنَا الْاِنْسَانَ فِىْ صَلَاةِ الْعِشَآءِ الْاٰخِرَةِ وَالصُّبْحِ اَسَأْنَا بِهِ الظَّنَّ** ـ الحاكم فى المستدرك

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે અમે જ્યારે કોઈ માણસને ઈશા અને ફજરની નમાઝમાં ન જોતા તો એના વિશે બુરુ UDFG SZTFRc *(હાકિમે મુસ્તદરકમાં)*

**ફાયદો** : એ જમાનામાં ઈશા અને ફજરની નમાઝમાં સુસ્તી મુનાફિકો કરતા હતા એટલે કોઈ માણસ જો એ સમયમાં સુસ્તી કરે તો એ શંકા થવા લાગતી કે એ પણ મુનાફિક઼ હશે. આ જમાનામાં એટલું કહી શકાશે કે જે ઈશા અને ફજરની નમાઝમાં સુસ્તી કરશે એ મુનાફિક઼ જેવો છે, એના અમલમાં નિફ઼ાકની ગંધ આવે છે. આપણે દરેક નમાઝની પાબંદી કરવી જોઈએ અને ખાસ કરીને ફજર અને ઈશાની પાબંદી કરવી જોઈએ.

## હદીષ : ૮૧

عَنْ عُثْمَانَ الْغَنِيِّ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ شَهِدَ صَلٰوةَ الصُّبْحِ مُحْتَسِبًا فَكَاَنَّمَا قَامَ اللَّيْلَةَ وَمَنْ شَهِدَ صَلَاةَ الْعِشَآءِ فَكَاَنَّمَا قَامَ نِصْفَ اللَّيْلِ - البيهقى

હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જે ફજરની નમાઝ માટે નેકીની નિય્યતે હાજરી આપે તો જાણે એણે રાત જાગીને બંદગી કરી અને જેણે ઈશાની નમાઝ માટે હાજરી આપી જાણે એણે અડધી રાત જાગીને બંદગી કરી." *(બયહકી)*

## હદીષ : ૮૨

عَنْ اَبِىْ اُمَامَةَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ صَلَّى الْعِشَآءَ فِىْ جَمَاعَةٍ فَقَدْ اَخَذَ حَظَّهٗ مِنْ لَيْلَةِ الْقَدْرِ - الطبرانى

હઝરત અબૂ ઉમામા رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જે ઈશાની નમાઝ જમાઅતથી પઢે એણે લૈલતુલ કદરથી પોતાનો ભાગ લીધો." *(તબ્રાની)*

## હદીષ : ૮૩

عَنْ اَنَسٍ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ صَلَّى الْعِشَآءَ فِىْ جَمَاعَةٍ كَانَ كَقِيَامِ لَيْلَةِ الْقَدْرِ - البيهقى

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યુ, જે ઈશાની નમાઝ જમાઅતથી પઢશે તો એ શબે કદરમાં બંદગી





કરવા સમાન છે. *(બયહકી)*

## હદીષ : ૮૪

عَنْ عُثْمَانَ الْغَنِيِّ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ صَلَاةُ الْعِشَاءِ فِىْ جَمَاعَةٍ تَعْدِلُ بِقِيَامِ لَيْلَةٍ - رواه الطبرانى فى الصغير

હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "ઈશાની નમાઝ જમાઅતથી રાત જાગીને બંદગી કરવા સમાન છે." *(તબ્રાનીએ સગીરમાં)*

## હદીષ : ૮૫

عَنْ عُثْمَانَ الْغَنِيِّ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ صَلَّى الْعِشَاءَ وَ الْغَدَاةَ فِىْ جَمَاعَةٍ فَكَاَنَّمَا قَامَ اللَّيْلَ - رواه ابن حب

હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જેણે ઈશા અને ફજરની નમાઝ જમાઅતથી પઢી તો જાણે એણે રાત જાગીને બંદગી કરી." *(ઈબ્ને હબ્બાન)*

## હદીષ : ૮૬

عَنْ اَمِيْرِ الْمُؤْمِنِيْنَ عُمَرَ الْفَارُوْقِ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ صَلّٰى فِىْ مَسْجِدٍ جَمَاعَةٍ اَرْبَعِيْنَ لَيْلَةً لَا تَفُوْتُهُ الرَّكْعَةُ الْاُوْلٰى مِنْ صَلَاةِ الْعِشَآءِ كَتَبَ اللّٰهُ بِهَا عِتْقًا مِّنَ النَّارِ - رواه ابن ماجة

અમીરુલ મુ'મિનીન ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જેણે જમાઅતથી મસ્જિદમાં ચાલીસ રાત નમાઝ પઢી પ્રથમ રકાત જેની ન છૂટી ઈશાની નમાઝથી, અલ્લાહ તઆલા એના માટે દોઝખથી છૂટકારો લખી આપશે." *(ઈબ્ને માજા)*

## હદીષ : ૮૭

عَنْ اِبْنِ اُمِّ مَكْتُوْمٍ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ لَوْ يَعْلَمُ الْقَاعِدُ عَنْهَا مَا فِيْهِمَا لَاَتَوْهُمَا وَلَوْ حَبْوًا يَعْنِىْ الْعِشَاءَ وَ الصُّبْحَ - رواه الحاكم

હઝરત ઈબ્ને ઉમ્મે મક્તુમથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ

ﷺએ ફર્માવ્યું, ''નમાઝથી બેસી રહેનારને ખબર પડી જાય કે એમાં શું (સવાબ) છે તો એના માટે આવે ભલે ઘસેડાઈને આવવું પડે એટલે ઈશા અને ફજર માટે.'' *(હાકિમ)*

**હદીષ : ૮૮**

عَنْ اِبْنِ عُمَرَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ صَلىَّ الْعِشَاءَ فِىْ جَمَاعَةٍ وَ صَلىّٰ اَرْبَعَ رَكْعَاتٍ قَبْلَ اَنْ يَخْرُجَ مِنَ الْمَسْجِدِ كَانَ كَعَدْلِ لَيْلَةِ الْقَدْرِ ۔ رواه الطبرانى

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ''જે ઈશાની નમાઝ જમાઅતથી પઢે અને મસ્જિદથી નીકળતા પહેલાં ચાર રકાત પઢે તો એ શબે કદ્ર જેવી છે (સવાબમાં).'' *(તબ્રાનીએ કબીરમાં)*

## ઈશા પછીની સુન્નત નમાઝ

**હદીષ : ૮૯**

عَنْ اُمِّ الْمُوْمِنِيْنَ الصِّدِّيْقَةِ قَالَتْ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ ثَابَرَ عَلىٰ ثِنْتَىْ عَشَرَ رَكْعَةً مِنَ السُّنَّةِ بَنىَ اللّٰهُ بَيْتًا فِى الْجَنَّةِ وَ ذَكَرَ مِنْهَا رَكْعَتَيْنِ بَعْدَ الْعِشَآءِ ۔ الترمذى

ઉમ્મુલ મુ'મિનીન હઝરત સિદીકા رضی اللہ عنہاથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ''જે સુન્નતની બાર રકાતોની પાબંદી કરે અલ્લાહ તઆલા એના માટે જન્નતમાં ઘર બનાવશે. અને આપે એમાંથી ઈશા બાદની બે રકાતનું વર્ણન કર્યું.'' *(તિર્મિઝી)*

**હદીષ : ૯૦**

عَنْ اِبْنِ عُمَرَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ صَلىَّ الْعِشَآءَ فِىْ جَمَاعَةٍ وَ صَلىّٰ اَرْبَعَ رَكْعَاتٍ قَبْلَ اَنْ يَخْرُجَ مِنَ الْمَسْجِدِ كَانَ كَعَدْلِ لَيْلَةِ الْقَدْرِ ۔ الطبرانى فى الكبير

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ''જેણે જમાઅતથી ઈશાની નમાઝ પઢી અને મસ્જિદથી





નીકળતા પહેલાં ચાર રકાતો પઢી તો એ શબે કદ્ર સમાન છે (સવાબમાં).'' *(તબ્રાનીએ કબીરમાં)*

**હદીષ : ૯૧**

عَنْ اَبِىْ هُرَيْرَةَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ صَلىّٰ اَرْبَعَ رَكْعَاتٍ بَعْدَ الْعِشَآءِ ثُمَّ اَوْتَرَ فَنَامَ عَلىٰ وِتْرِهٖ فَهُوَ فِىْ صَلَاةٍ حَتّٰى يُصْبِحَ ۔ الديلمى

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ''જે ઈશા બાદ ચાર રકાત નમાઝ અદા કરે પછી વિત્ર પઢે અને પોતાની વિત્ર પર સૂઈ જાય તો એ સવાર સુધી નમાઝમાં છે.'' *(દૈલમી)*

**ફાયદો** : નમાઝનો ઈરાદો પણ નમાઝનો સવાબ રાખે છે. ઈશાની નમાઝ પઢી ફજરનો ઈરાદો લઈને ઊંઘી જાય તો એના માટે નમાઝનો સવાબ લખાતો રહેશે.

**હદીષ : ૯૨**

عَنْ اِبْنِ عَبَّاسٍ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ صَلىّٰ اَرْبَعَ رَكْعَاتٍ خَلْفَ الْعِشَاءِ الْاٰخِرَةِ قَرَءَ فِى الرَّكْعَتَيْنِ الْاُوْلَيَيْنِ قُلْ يَا اَيُّهَا الْكَافِرُوْنَ وَ قُلْ هُوَ اللّٰهُ اَحَدٌ وَ قَرَءَ فِى الْاُخْرَيَيْنِ تَبَارَكَ الَّذِىْ بِيَدِهِ الْمُلْكُ وَ الٓمٓ تَنْزِيْل كُتِبْنَ لَهٗ كَاَرْبَعِ رَكْعَاتٍ مِّنْ لَيْلَةِ الْقَدْرِ ۔ رواه ابن نصر و ابو الشيخ و الطبرانى فى الكبير و البيهقى

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ''જે ઈશા પછી ચાર રકાત નમાઝ અદા કરે પ્રથમ બે રકાતમાં સૂરએ કાફિરૂન અને સૂરએ ઈખ્લાસ અને પાછલી બે રકાતોમાં સૂરએ મુલ્ક અને ''અલિફ લામ મીમ તન્ઝીલ'' પઢે એના માટે લખવામાં આવશે શબે કદરની ચાર રકાતો સમાન.'' *(અબૂન્નસ, અબૂશ્શૈખ, તબ્રાનીએ કબીરમાં, બયહકી)*

**ફાયદો** : ઈશા પછી વિત્રની નમાઝ પહેલાં બે સલામથી ચાર રકાતો પઢવામાં આવે છે એમાંની પ્રથમ બે સુન્નતે મુઅક્કિદા છે અને પાછલી બે સુન્નતે ગૈરમુઅક્કિદા છે. બંનેની ફઝીલત હદીષથી સ્પષ્ટ છે. એ ફઝીલતની પ્રાપ્તિમાં કોશિશ કરવી જોઈએ.

## વિત્રની નમાઝ

**હદીષ : ૯૩**

عَنْ اَبِیْ بُرَيْدَةَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اَلْوِتْرُ حَقٌّ فَلَمْ يُوْتِرْ فَلَيْسَ مِنَّا ـ ابو داود

હઝરત અબૂ બુરૈદા رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે અલ્લાહના રસૂલ ﷺએ ફર્માવ્યું, "વિત્ર હક્ક છે જે વિત્ર ન પઢે એ અમારામાંથી નથી." *(અબૂ દાવૂદ)*

**હદીષ : ૯૪**

عَنْ اَبِیْ هُرَيْرَةَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺمَنْ لَمْ يُوْتِرْ فَلَا صَلَاةَ لَهٗ ـ الطبرانی فی الاوسط

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જે વિત્ર ન પઢે એની કોઈ નમાઝ નથી." *(તબ્રાની ઔસતમાં)*

**હદીષ : ૯૫**

عَنِ الْحَسَنِ مُرْسَلًا قَالَ اِنَّ اللّٰهَ وِتْرٌ يُحِبُّ الْوِتْرَ فَلَمْ يُوْتِرْ فَلَيْسَ مِنَّا ـ عبد الرقزا

હઝરત અબૂ હસનથી મુરસલન રિવાયત છે. એમણે કહ્યું, "બેશક ! અલ્લાહ વિત્ર છે અને વિત્રને પસંદ કરે છે, તો વિત્ર ન પઢે એ અમારામાંથી નથી." *(અબ્દુર્રઝઝાક)*

**હદીષ : ૯૬**

عَنْ عَمْرِو بْنِ الْعَاصِ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اَنَّ اللّٰهَ عَزَّ وَجَلَّ زَادَكُمْ صَلَاةً خَيْرًا لَّكُمْ مِنْ حُمْرِ النَّعَمِ اَلْوِتْرُ وَهِیَ لَكُمْ فِيْمَا بَيْنَ صَلَاةِ الْعِشَآءِ اِلٰی طُلُوْعِ الْفَجْرِ ـ الطبرانی فی الکبیر

હઝરત અમ્રૂ બિન આસ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "બેશક ! અલ્લાહ ﷻએ તમારા માટે એક નમાઝનો વધારો કર્યો જે તમારા માટે લાલ રંગના ઊંટોથી વધીને ઉત્તમ





છે, એ તમારા માટે છે ઈશા અને ફજરની વચમાં." *(તબ્રાનીએ કબીર)*

**હદીષ : ૯૭**

عَنْ عَمْرِو بْنِ شُعَيْبٍ عَنْ اَبِيْهِ عَنْ جَدِّهٖ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اِنَّ اللّٰهَ زَادَكُمْ صَلَاةً اِلٰی صَلَاتِكُمْ فَحَافِظُوْا عَلَيْهَا وَهِیَ الْوِتْرُ ـ رواه عبد الرزاق و ابن ابی شيبة

હઝરત અમ્રૂ બિન શુઐબથી રિવાયત છે. તેઓ પોતાના પિતાથી અને તેઓ પોતાના દાદાથી. એમણે કહ્યું કે અલ્લાહના રસૂલ ﷺએ ફર્માવ્યું, "બેશક ! અલ્લાહ તઆલાએ તમારી નમાઝ સાથે એક નમાઝનો વધારો કર્યો તો એની તકેદારી રાખો અને એ વિત્ર છે." *(અબ્દુર્રઝઝાક ઈબ્ને અબી શયબા)*

**હદીષ : ૯૮**

عَنْ اَبِیْ بَصْرَةَ الْغِفَارِیِّ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اَنَّ اللّٰهَ زَادَكُمْ صَلَاةً فَصَلُّوْهَا فِيْمَا بَيْنَ الْعِشَآءِ اِلٰی صَلَاةِ الْفَجْرِ اَلْوِتْرُ اَلْوِتْرُ ـ رواه الامام احمد و ابن قانع و الطبرانی فی الکبير و سعيد بن منصور

હઝરત અબૂ બુસરા ગિફારી رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "બેશક ! અલ્લાહ તઆલાએ તમારા માટે એક નમાઝનો વધારો કર્યો. તો તમે એને ઈશા અને ફજરની વચમાં પઢો, વિત્ર છે વિત્ર." *(ઈમામ અહમદ, ઈબ્ને કાનેઅ, તબ્રાનીએ કબીરમાં, સઈદ બિન મન્સૂર)*

**હદીષ : ૯૯**

عَنْ اَمِيْرِ الْمُؤْمِنِيْنَ عَلِیٍّ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اِنَّ اللّٰهَ تَعَالٰی وِتْرٌ يُحِبُّ الْوِتْرَ فَاَوْتِرُوْا يَا اَهْلَ الْقُرْاٰنِ ـ رواه الترمذی

અમીરુલ મુ'મિનીન અલી کرم اللہ تعالیٰ وجہہ الکریمથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "બેશક ! અલ્લાહ તઆલા વિત્ર છે, વિત્રને પસંદ કરે છે, તો અય કુર્આનવાળાઓ ! વિત્રની નમાઝ અદા કરો." *(તિર્મિઝી)*

## હદીષ : ૧૦૦

عَنْ اَبِیْ اَیُّوْبَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰہِ ﷺ اَلْوِتْرُ حَقٌّ عَلٰی کُلِّ مُسْلِمٍ

رواہ ابو داود و ابن ماجة و ابن حاکم و الحاکم

હઝરત અબૂ ઐયૂબ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "વિત્ર હક્ક છે (જવાબદારી) દરેક મુસલમાન પર." *(અબૂ દાવૂદ, ઈબ્ને માજહ્, ઈબ્ને હાકિમ)*

## હદીષ : ૧૦૧

عَنْ اِبْنِ مَسْعُوْدٍ قَالَ قَالَ رَسُوْلُ اللّٰہِ ﷺ اَوْتِرُوْا یَا اَھْلَ الْقُرْاٰنِ فَاِنَّ اللّٰہَ وِتْرٌ یُحِبُّ الْوِتْرَ رواہ ابو داود

હઝરત ઈબ્ને મસઊદ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "અય કુર્આનવાળાઓ ! વિત્રની નમાઝ અદા કરો ! બેશક ! અલ્લાહ વિત્ર છે વિત્રને પસંદ કરે છે." *(અબૂ દાવૂદ)*

## હદીષ : ૧૦૨

عَنْ جَابِرٍ قَالَ قَالَ رَسُوْلُ اللّٰہِ ﷺ مَنْ ظَنَّ مِنْکُمْ اَنْ لَّا تَسْتَیْقِظَ اٰخِرَ اللَّیْلِ فَلْیُوْتِرْ اَوَّلَہٗ وَمَنْ ظَنَّ اَنَّہٗ یَسْتَیْقِظَ اٰخِرَ اللَّیْلِ فَلْیُوْتِرْ اٰخِرَہٗ فَاِنَّ صَلَاۃَ اٰخِرِ اللَّیْلِ مَحْضُوْرَۃٌ وَھِیَ اَفْضَلُ ۔ رواہ الامام احمد و مسلم

હઝરત જાબિર رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "તમારામાંથી જેને એવું લાગે છે કે એ રાતના અંતિમ ભાગમાં જાગી નહીં શકે તો એ પ્રથમ ભાગમાં વિત્ર પઢી લે, અને જેને એવું લાગે કે એ રાતના અંતિમ ભાગમાં જાગશે તો એ અંતમાં વિત્ર પઢશે. કારણ કે રાતના અંતિમ ભાગની નમાઝ હાજરીની નમાઝ છે. (ફરિશ્તાઓની હાજરી થાય છે. અથવા અલ્લાહ તઆલાની રહમત પ્રથમ આકાશ તરફ કેન્દ્રિત થાય છે) અને એ ઉત્તમ છે. *(ઈમામ અહમદ, મુસ્લિમ)*

## હદીષ : ૧૦૩

عَنْ خَارِجَةَ بْنِ حُذَافَةَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰہِ ﷺ اِنَّ اللّٰہَ قَدْ اَمَدَّکُمْ بِصَلَاۃٍ وَھِیَ خَیْرٌ لَّکُمْ مِنْ حُمْرِ النَّعَمِ اَلْوِتْرُ جَعَلَھَا اللّٰہُ لَکُمْ بَیْنَ صَلَاۃِ الْعِشَاءِ اِلٰی اَنْ





یَطْلُعَ الْفَجْرُ ۔ رواہ الامام احمد و ابو داود و الترمذی و ابن ماجة و الدار قطنی و الحاکم

હઝરત ખારેજા બિન હુઝાફાથી રિવાયત છે. એમણે કહ્યું કે અલ્લાહના રસૂલ ﷺએ ફર્માવ્યું, "બેશક ! અલ્લાહ તઆલાએ એક નમાઝથી તમારી મદદ ફર્માવી એ તમારા માટે લાલ રંગના ઊંટોથી વધીને ઉત્તમ છે, એ વિત્ર છે, એને અલ્લાહ તઆલા એ તમારા માટે ઈશા અને ફજરની વચમાં રાખી. *(ઈમામ અહમદ, અબૂ દાવૂદ, તિર્મિઝી, ઈબ્ને માજહ્, દારે કુત્ની અને હાકિમ)*

# બે રકાત વિત્ર પછી

## હદીષ : ૧૦૪

عَنْ اُمِّ سَلَمَةَ اَنَّ النَّبِیَّ ﷺ کَانَ لَیُصَلِّیْ بَعْدَ الْوِتْرِ رَکْعَتَیْنِ خَفِیْفَتَیْنِ وَھُوَ جَالِسٌ ۔ ابن ماجة

હઝરત ઉમ્મે સલ્મા رضی اللہ عنہاથી રિવાયત છે કે નબી વિત્ર પછી બે રકાત હલકી નમાઝ પઢતા હતા બેસીને. *(ઈબ્ને માજહ્)*

## હદીષ : ૧૦૫

عَنْ اَبِیْ اُمَامَةَ اَنَّ النَّبِیَّ ﷺ کَانَ یُصَلِّیْھِمَا بَعْدَ الْوِتْرِ وَھُوَ جَالِسٌ یَقْرَاُ فِیْھِمَا اِذَا زُلْزِلَتِ وَ قُلْ یَا اَیُّھَا الْکَافِرُوْنَ ۔ الطحاوی

હઝરત અબૂ ઉમામા رضی اللہ عنہથી રિવાયત છે કે નબી ﷺ વિત્ર પછી બેસીને બે રકાત નમાઝ પઢતા હતા, એમાં આપ સૂરએ ઝિલ્ઝાલ અને સૂરએ કાફિરૂન પઢતા હતા. *(તહાવી)*

# સફના કાયદા

## હદીષ : ૧૦૬

عَنْ اَبِیْ ھُرَیْرَۃَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰہِ ﷺ لَوْ یَعْلَمُوْنَ مَا فِی الصَّفِّ الْاَوَّلِ لَکَانَتْ قُرْعَةٌ ۔ ابن ماجة

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે અલ્લાહના રસૂલ ﷺએ ફર્માવ્યું, "જો લોકોને જ્ઞાન થઈ જતું કે પ્રથમ સફમાં શું છે (સવાબ) તો ડ્રો પદ્ધતિથી કામ લેવામાં આવતું." *(ઈબ્ને માજા)*

## હદીષ : ૧૦૭

عَنْ اُبَیِّ بْنِ کَعَبٍ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ عَلَیْکُمْ بِالصَّفِّ الْمُقَدَّمِ فَاِنَّهٗ مِثْلُ صَفِّ الْمَلٰئِکَةِ وَلَوْ تَعْلَمُوْنَ فَضِیْلَتَهٗ لَابْتَدَرْتُمُوْهُ۔ ابوداود

હઝરત ઉબય બિન કઅબથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "તમારા માટે છે પ્રથમ સફ કારણ કે એ ફરિશ્તાઓની સફ જેવી છે, જો તમને એની ફઝીલતનું જ્ઞાન થઈ જાય તો તમે મુક઼ાબલો કરો." *(અબૂ દાવૂદ)*

## હદીષ : ૧૦૮

عن امی امامة قال قال رسول الله ﷺ اِنَّ اللّٰهَ وَ مَلٰئِکَتَهٗ یُصَلُّوْنَ عَلَی الصَّفِّ الْاَوَّلِ قَالُوْا یَارَسُوْلَ اللّٰهِ وَعَلَی الثَّانِیْ اِنَّ اللّٰهَ وَ مَلٰئِکَتَهٗ یُصَلُّوْنَ عَلَی الصَّفِّ الْاَوَّلِ قَالُوْا یَارَسُوْلَ اللّٰهِ وَ عَلَی الثَّانِیْ اِنَ اللّٰهَ وَ مَلٰئِکَتَهٗ یُصَلُّوْنَ عَلَی الصَّفِّ الْاَوَّلِ قَالُوْا یَا رَسُوْلَ اللّٰهِ وَ عَلَی الثَّانِیْ قَالَ وَ عَلَی الثَّانِیْ. امام احمد

હઝરત અબૂ ઉમામા رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "બેશક ! અલ્લાહ અને એના ફરિશ્તાઓ પહેલી સફવાળાઓ પર દુરૂદ મોકલે છે." લોકોએ વિનંતિ કરી, અય અલ્લાહના રસૂલ ! ﷺ અને બીજીવાળાઓ પર ! બેશક ! અલ્લાહ અને એના ફરિશ્તાઓ પ્રથમ સફવાળાઓ પર દુરૂદ મોકલે છે. એમણે વિનંતિ કરી, અય અલ્લાહના રસૂલ ! ﷺ બીજી પર ! બેશક ! અલ્લાહ અને એના ફરિશ્તાઓ પ્રથમ સફવાળાઓ પર દુરૂદ મોકલે છે. વિનંતિ કરી, અય અલ્લાહના રસૂલ ! ﷺ અને બીજી પર ! ફર્માવ્યું અને બીજી પર. *(ઈમામ અહમદ)*

## હદીષ : ૧૦૯

عَنْ نُعْمَانَ بْنِ بَشِیْرٍ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ عِبَادَ اللّٰهِ لَتُسَوُّنَ صُفُوْفَکُمْ اَوْ لَیُخَالِفَنَّ اللّٰهُ وُجُوْهَکُمْ ۔ مسلم

હઝરત નુઅમાન બિન બશીરથી રિવાયત છે. એમણે કહ્યું, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "અય અલ્લાહના બંદાઓ ! તમારી સફો સીધી રાખો ! નહીં તો અલ્લાહ તઆલા તમારા ચહેરાઓને ફેરવી નાખશે." *(મુસ્લિમ)*





**ફાયદો :** પ્રથમ સફનો ઘણો સવાબ છે જે સંખ્યાથી બતાવવામાં નથી આવ્યો એટલે કે એ ગણતરીમાં આવી નથી શકતો. બની શકે ત્યાં સુધી મસ્જિદમાં જલ્દી પહોંચવું જોઈએ અને પ્રથમ સફમાં જમણી તરફ જગા મેળવાની કોશિશ કરવી જોઈએ.

આપણા નબી ﷺએ ફર્માવ્યું કે પ્રથમ સફના લોકો માટે ફરિશ્તાઓ મગફેરતની દુઆ કરે છે અને અલ્લાહ એમના પર રહમતની વર્ષા કરે છે. અને પૂછવા પર ત્રણ વખત આપણા નબીએ પ્રથમ સફનું વર્ણન કર્યું જે એની ઉત્તમતા સ્પષ્ટ કરે છે.

સફ સીધી રાખવી જરૂરી છે, સફને સીધી રાખવાનો ખયાલ ન રાખવો અને ગમે તેવી સફ લગાડવી અલ્લાહને પસંદ નથી. અલ્લાહ તઆલા એમનાથી નારાજ થઈ જાય છે. અને એનાથી લોકોમાં વિવાદ ઉભો થઈ જવાનો સંભવ રહે છે.

## હદીષ : ૧૧૦

عَنْ اِبْنِ عُمَرَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ لَاتَذِرُوْا فُرُجَاتِ الشَّیْطَانِ وَمَنْ وَصَلَ صَفًّا وَصَلَهُ اللّٰهُ وَمَنْ قَطَعَهٗ قَطَعَهُ اللّٰهُ ۔ابوداود

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "શૈતાન માટે જગાઓ ન છોડો ! અને જે સફ મેળવીને રાખશે અલ્લાહ તેને મેળવીને રાખશે અને જે સફને તોડશે અલ્લાહ એને તોડશે." *(અબૂ દાવૂદ)*

## હદીષ : ૧૧૧

عَنْ اَنَسِ بْنِ مَالِكٍ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ رُصُّوْا صُفُوْفَکُمْ وَ قَارِبُوْا بَیْنَهُنَّ وَحَاذُوْا بِالْاَعْنَاقِ فَوَالَّذِیْ نَفْسِیْ بِیَدِهٖ اِنِّیْ لَاَرَی الشَّیْطَانَ یَدْخُلُ مِنْ خَلَلِ الصَّفِّ کَاَنَّهُ الْحَذْفُ ۔ ابوداود

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "તમારી સફો સીધી રાખો અને એમાં નજીક નજીક રહો અને ગળાં મુક઼ાબિલ રાખો, કસમ એની જેની કુદરતમાં મારો પ્રાણ છે ! બેશક ! હું શૈતાનને જોઈ રહ્યો છું જે સફની વચમાંની જગાઓમાં પ્રવેશે

છે, જાણે એ ઘેટાનું બચ્ચુ છે." *(અબૂ દાવૂદ)*

**હદીષ : ૧૧૨**

**عَنْ اَنَسٍ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ سَوُّوا صُفُوْفَكُمْ فَاِنَّ تَسْوِيَةَ الصَّفِّ مِنْ اِقَامَةِ الصَّلَاةِ ۔ بخاری**

હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "તમારી સફોને સીધી રાખો કારણ કે સફનું સીધું હોવું નમાઝને દુરૂસ્ત બનાવવું છે." *(બુખારી)*

**હદીષ : ૧૧૩**

**عَنْ اَبِىْ سَعِيْدِ الْخُدْرِىِّ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اِنَّ اللّٰهَ وَ مَلٰئِكَتَهٗ يُصَلُّوْنَ عَلَى الَّذِيْنَ يَصِلُوْنَ الصَّفَّ ۔ بخاری**

હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "બેશક ! અલ્લાહ તઆલા અને એના ફરિશ્તાઓ સફ મેળવીને રાખનારાઓ પર દુરૂદ મોકલે છે." *(બુખારી)*

**હદીષ : ૧૧૪**

**عَنْ عَائِشَةَ قَالَتْ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ سَدَّ فُرْجَةً رَفَعَ اللّٰهُ بِهَا دَرَجَةً ۔ ابن ماجة**

હઝરત આઈશા رضی اللہ عنہاથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જે (સફની વચમાંની) જગા બંધ કરશે અલ્લાહ એનો દરજો બુલંદ કરશે." *(ઈબ્ને માજહ)*

**હદીષ : ૧૧૫**

**عَنْ بَرَاءِ بْنِ عَازِبٍ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَا مِنْ خُطْوَةٍ اَحَبُّ اِلَى اللّٰهِ تَمْشِيْهَا يَتَّصِلُ بِهَا صَفًّا ۔ ابو داود**

હઝરત બરાઅ બિન આઝિબ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું :–

"એ કદમ અલ્લાહને અધિક પ્રિય છે જે સફને મેળવવા માટે ચાલે." *(અબૂ દાવૂદ)*





**હદીષ : ૧૧૬**

**عَنْ عَائِشَةَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اِنَّ اللّٰهَ وَ مَلٰئِكَتَهٗ يُصَلُّوْنَ عَلٰى مَيَامِنِ الصُّفُوْفِ ۔ ابو داود**

હઝરત આઈશા رضی اللہ عنہاથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "બેશક ! અલ્લાહ અને એના ફરિશ્તાઓ સફમાં જમણી બાજુવાળાઓ પર દુરૂદ મોકલે છે." *(અબૂ દાવૂદ)*

**ફાયદો** : સફ તોડવી ગુનાહનું કામ છે એનાથી નમાઝ મકરૂહ થાય છે. સફમાં એક બીજાના ખભા મેળવીને ઉભા રહેવું જોઈએ, વચમાં જગા ન રાખવી જોઈએ. જો વચમાં જગા રહી જાય તો એમાં શૈતાન આવી જાય છે અને વસવસા વધી જાય છે એટલે આમ કરવું નહીં. ચાલુ નમાઝમાં હોય અને આગળની સફમાં જગા જોવા મળે તો એ ચાલુ નમાઝે ત્યાં જઈ શકે છે. પણ એક સફથી વધુ એક સાથે ન ચાલે. એક સફ આગળ જવું પડે તો દરેક સફ જેટલા અંતરે થોડી થોડી વાર રોકાઈને આગળ વધે. સફમાં ઉભા રહેવાને મામૂલી ન સમજવું એના માટે આપણા નબી ﷺએ જે નસીહતો કરી એના પર જરૂરથી અમલ કરી સવાબોમાં વધારો કરવો જોઈએ.

**وَمَا عَلَيْنَا اِلَّا الْبَلَاغُ الْمُبِيْنُ**

(પ્રકરણ : ૩)

# વુઝૂ અને ગુનાહોની માફી

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

نَحۡمَدُہٗ وَنُصَلِّیۡ عَلٰی رَسُوۡلِہٖ سَیِّدِالۡمُرۡسَلِیۡنَ وَعَلٰی اٰلِہٖ وَاَصۡحَابِہٖ اَجۡمَعِیۡنَ ـ اَمَّا بَعۡدُ فَاَعُوۡذُ بِاللّٰہِ مِنَ الشَّیۡطَانِ الرَّجِیۡمِ ـ بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ ـ حَافِظُوۡا عَلَی الصَّلَوَاتِ وَ الصَّلَاۃِ الۡوُسۡطٰی وَ قُوۡمُوۡا لِلّٰہِ قَانِتِیۡنَ ـ صَدَقَ اللّٰہُ الۡعَظِیۡمُ وَصَدَقَ رَسُوۡلُہُ النَّبِیُّ الۡاَمِیۡنُ الۡکَرِیۡمُ ـ وَنَحۡنُ عَلٰی ذٰلِکَ لَمِنَ الشَّاھِدِیۡنَ وَالشَّاکِرِیۡنَ وَالۡحَمۡدُ لِلّٰہِ رَبِّ الۡعَالَمِیۡنَ

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَارَسُوۡلَ اللّٰہِ
اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَاحَبِیۡبَ اللّٰہِ
اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَا نَبِیَّ اللّٰہِ
اَلصَّلٰوۃُ وَ السَّلَامُ عَلَیۡکَ یَا نُوۡرَ اللّٰہِ
صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیۡکَ وَسَلَّمَ

મારા પ્યારા આકા ﷺના પ્યારા દીવાનાઓ અને દીવાનીઓ ! આજથી આપણે તહારત અને નમાઝથી મળતા રૂહાની ફાયદાઓના પ્રકરણ પર હદીષે પાકની રોશનીમાં આપણી ચર્ચાનો આરંભ કરીશું. અલ્લાહ તઆલા મને હક્ક઼ બોલવાની અને સર્વને હક્ક઼ સાંભળવાની અને એના પર અમલ કરવાની તૌફીક઼ અતા ફર્માવે. આમીન બિજાહિ સૈયદિલ મુરલીન ﷺ.





## ★ નમાઝની શરતો ★

મારા પ્યારા આકા ﷺના પ્યારા દીવાનાઓ અને દીવાનીઓ ! આ વાત સર્વ મુસલમાનોને ખબર છે કે આપણને અલ્લાહ તઆલા તરફથી નમાઝનો તાકીદી હુકમ આપવામાં આવ્યો છે અને નમાઝમાં પ્રવેશવાના લાયક બનવા અમુક શરતોનું પાલન અવશ્ય કરવાનું હોય છે, તેઓ પૈકીની એક તહારત છે.

## ★ વુઝૂનું ફર્ઝ હોવું ★

તહારત એટલે ગુસ્લ ન હોય તો ગુસ્લ કરવું અને વુઝૂ ન હોય તો વુઝૂ કરવું. આના વગર નમાઝમાં પ્રવેશી શકતા નથી.

અલ્લાહ તઆલાનું પ્યારું પ્યારું ફર્માન છે :–

یَآ اَیُّھَا الَّذِیۡنَ اٰمَنُوۡا اِذَا قُمۡتُمۡ اِلَی الصَّلوٰۃِ فَا غۡسِلُوۡا وُجُوۡھَکُمۡ وَ اَیۡدِیَکُمۡ اِلَی الۡمَرَافِقِ وَامۡسَحُوۡا بِرُؤُسِکُمۡ وَ اَرۡجُلَکُمۡ اِلَی الۡکَعۡبَیۡنِ [س المائدۃ پ ٦ آیہ ٦]

"અય ઈમાનવાળાઓ ! જ્યારે તમે નમાઝનો ઈરાદો કરો તો ધોવો પોતાના ચેહરા, પોતાના હાથ કોણી સાથે, પોતાના માથાનો મસહ કરો અને પોતાના પગ ઘુંટીઓ સુધી ધૂઓ" *(સૂ. માઈદહ, પા. ૬, આ. ૬)*

કુર્આને પાકની આ આયતથી નમાઝમાં પ્રવેશવા માટે વુઝૂ કરવું ફર્ઝ છે એ પૂરવાર થાય છે.

## ★ ગુસલનું ફર્ઝ હોવું ★

وَاِنۡ کُنۡتُمۡ جُنُبًا فَاطَّھَّرُوۡا [س المائدۃ پ ٦ آیہ ٦] "અને જો તમે જનાબતમાં હોય તો ગુસલ કરો !" *(સૂ. માઈદહ, પા. ૬, આ. ૬)*

આયતે કરીમાના આ ભાગથી ગુસલ ન હોય તો ગુસલ કરવું ફર્ઝ છે એ પૂરવાર થાય છે.

## ★ વુઝૂ નમાઝની ચાવી ★

ઉપરોક્ત આયત લક્ષમાં રાખીને નમાઝમાં પ્રવેશવા માટે તહારતને શરતનું સ્થાન આપવામાં આવ્યું છે. નમાઝ માટે અને હદીષે પાકમાં આપણા આકા વ મૌલા ﷺએ ફર્માવ્યું :–

عَنْ جَابِرِ بْنِ عَبْدِ اللّٰهِ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مِفْتَاحُ الصَّلٰوةِ الْوُضُوْءُ
رواه ابو داود الطیالسی

"વુઝૂ નમાઝની ચાવી છે, ચાવી વગર નમાઝનો દરવાજો ખુલશે નહીં અને તમે એમાં પ્રવેશી શકશો નહીં. એટલે નમાઝનો દરવાજો તહારતની ચાવીથી ખોલો અને પછી એમાં પ્રવેશો !"

## ★ મૂળ હેતુ નમાઝ ★

મારા પ્યારા આકા ﷺના પ્યારા દીવાનાઓ અને દીવાનીઓ ! હદીષે પાક અને કલામે પાકથી એ પુરવાર થયું કે નમાઝમાં પ્રવેશવું હોય તો આપણા પર તહારત જરૂરી છે. નમાઝમાં પ્રવેશવું હોય તો તહારત આપણી જવાબદારી છે. અને જ્યારે એ જવાબદારી છે તો પછી આપણે એનું પાલન કરવું જ પડશે.

આપણો મૂળ હેતુ તો નમાઝ પઢવી છે તહારત મૂળ હેતુ નથી, પણ જ્યારે મૂળ હેતુની પ્રાપ્તિ માટે તહારત જરૂરી છે તો પ્રથમ એમાંથી પસાર થવું પડે પછી જ નમાઝ સુધી પહોંચી શકાય છે.

## ★ ગુનાહોની માફી ★

જ્યારે એ સ્પષ્ટ થયું કે આપણો મૂળ હેતુ તહારત નથી નમાઝ છે પણ તહારત નમાઝની પ્રાપ્તિ માટે શરત છે તો એ શરતની પ્રાપ્તિમાં આપણે જે કામોથી ભેટવું પડે છે એ પણ આપણા માટે રૂહાની એતબારથી ખાલી નથી રાખવામાં આવ્યાં. એના થકી બદનની સ્વચ્છતા સાથે આપણને ગુનાહોથી પણ સ્વચ્છ બનાવી દેવામાં આવે છે, ઉપરાંત આપણને સવાબનો ખજાનો આપવામાં આવે છે.

## ★ રહમત માટે બહાનું ★

કામ તો છે સાવ નાનું સરખું સરળ અને સહેલું પણ અલ્લાહ તઆલાની અપાર કૃપાથી એને પણ આપણી નજાતનો ઝરીયો બનાવી દેવામાં આવે છે. ગુનાહોની પાકી સાથે નેકીઓથી માલામાલ કરી દેવામાં આવે છે. અને કેમ ન હોય અલ્લાહની રહમતને માત્ર બહાનું જોઈએ.

ફારસીમાં છે :–





**રહમતે હક્ક઼ બહા નમી જોયદ**
**રહમતે હક્ક઼ બહાના મી જોયદ**

**અર્થ** : અલ્લાહની કૃપાને બદલો નથી જોઈતો, અલ્લાહની રહમતને બહાનું જોઈએ છે.

આ'લા હઝરત رضی اللہ عنہ ફર્માવે છે :–

**ઈસ્યાંસે કભી હમને કનારા ન કિયા**
**પર તૂને દિલ આઝુર્દા હમારા ન કિયા**
**હમને તો જહન્નમમેં જાને કી બહોત કી તજવીઝ**
**પર તેરી રહમતને ગવારા ન કિયા**

## ★ એક અમલ બમણો નફો ! ★

વર્તમાનકાળમાં દુનિયામાં ગુનાહોનું પ્રમાણ એટલું વધી ગયું છે કે એને ગણતરીમાં લાવવું અશક્ય થઈ પડયું છે. એવા કપરા સમયમાં ગુનાહોથી બચવું ઘણો જ મહાન જિહાદ છે. લાખો ગુનાહનાં કામો એવાં થઈ પડયાં છે કે લોકોની નજરથી એનું ગુનોહ હોવું પણ અદશ્ય થઈ ગયું છે, દાખલા તરીકે કોઈના સતર પર નજર પડવી વગેરે. તો અલ્લાહ તઆલા તરફથી આપણા પર એ કૃપા કરવામાં આવી કે નેક અમલોથી નેકી તો મળે પણ એના થકી ગુનાહોને પણ માફ કરી દેવામાં આવે છે. નેક અમલોથી નેકીઓથી માલ માલ તો થવાય જ પણ એની વિરુધ્ધમાં નુકસાન પહોંચાડનાર ગુનાહોને વિના તૌબાએ આપણાથી હટાવી દેવામાં આવે છે. એટલે કે અલ્લાહ તઆલા તરફથી નેક અમલ પર બમણો બદલો બદલો રાખવામાં આવ્યો છે નેકી લ્યો અને ગુનાહોને હટાવો ! એક અમલ અને બમણો નફો !

અલ્લાહ તઆલા ફર્માવે છે :–

اِنَّ الْحَسَنَاتِ يُذْهِبْنَ السَّيِّئَاتِ "બેશક ! નેકીઓ બુરાઈઓને લઈ જાય છે."

**સબક઼ત રહમતી અલા ગઝબી જબસે તૂને સુના દિયા યા રબ**
**આસરા હમ ગુનાહગારોં કા ઔર મજબૂત હો ગયા યા રબ**

મારા પ્યારા આકા ﷺના પ્યારા દીવાનાઓ અને દીવાનીઓ ! બયાન તો આપણે સાંભળતા જ રહીએ છીએ પણ જેમાં આપણે વાક઼િઆ અને કિસ્સાઓનો સહારો લઈને સમજ પ્રાપ્ત કરતા હોય છે પણ આજે હું તમને માત્ર નબીએ પાક ﷺની હદીષોથી સમજાવાની કોશિશ કરીશ. હદીષો સાંભળવાનો ફયૂઝ મળે અને સમજવાનું કામ પણ બને અને મને ચાલીસ હદીષો પહોંચાડવાનો સવાબ અને ફઝીલત મળે. અલ્લાહ તઆલા આપણા અમલોને ક઼બૂલ ફર્માવે.

## ★ ગુનાહોનું ખરી જવું ★

**હદીષ : ૧**

عَنْ سَلْمَانَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اِذَا تَوَضَّأَ الْعَبْدُ تَحَاتَتْ عَنْهُ ذُنُوْبُهٗ كَمَا تَحَاتَتْ وَرَقُ هٰذِهِ الشَّجَرَةِ رَوَاهُ الْبَيْهَقِىْ فِىْ شُعُبِ الْاِيْمَانِ

હઝરત સલ્માન رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જ્યારે બંદો વુઝૂ કરે છે તો એના ગુનાહ ખરી જાય છે જેમ આ વૃક્ષનાં પાદડાં ખરી જાય છે." *(બયહકી શોઅબુલ ઈમાન)*

પાનખર ઋતુમાં ઝાડનાં પાદડાં ખરી જાય છે અને એવું લાગે છે જાણે વૃક્ષ મરી ગયું અને પછી જ્યારે વસંત ઋતુનો આરંભ થાય છે તો નવા નામથી વૃક્ષ પર પાદડાંઓની લીલી ચાદર ચઢી આવે છે. આપણા નબી ﷺએ વૃક્ષનું ઉદાહરણ આપીને સમજાવ્યું કે વુઝૂ કરવાથી માત્ર વુઝૂ સંબંધિત અંગોની સફાઈ નથી થતી બલ્કે એની સાથે ગુનાહોને પણ ખેરવી દેવામાં આવે છે.

## ★ અંગો ગુનાહોથી પણ સ્વચ્છ ★

**હદીષ : ૨**

عَنْ اَبِىْ اُمَامَةَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اِذَا تَوَضَّأَ الرَّجُلُ الْمُسْلِمُ خَرَجَتْ خَطَايَاهُ مِنْ سَمْعِهٖ وَ بَصَرِهٖ وَ يَدَيْهِ وَ رِجْلَيْهِ فَاِنْ قَعَدَ مَغْفُوْرٌ لَّهٗ رَوَاهُ الْاِمَامُ اَحْمَدُ وَالطَّبْرَانِىْ فِى الْكَبِيْرِ

હઝરત અબૂ ઉમામા رضی اللہ عنہથી રિવાયત છે, એમણે કહ્યું કે અલ્લાહના રસૂલ ﷺએ ફર્માવ્યું, "જ્યારે મુસલમાન વ્યક્તિ વુઝૂ કરે છે તો એના





ગુનાહ નીકળી જાય છે, એના કાન, એની આંખો, એના હાથ અને પગોમાંથી, પછી એ બેસશે તો બખ્શાએલો હશે." *(ઈમામ અહમદ, તબ્રાનીએ કબીર)*

વુઝૂમાં જે અંગો ધોવામાં આવે છે એ એવાં અંગો છે કે વધુ પડતાં ગુનાહ એ અંગોથી થતા હોય છે. દા.ત. કાન, આંખ, જીભ, હાથ અને પગ. વુઝૂમાં એ અંગો પર પાણી વહાવાનો હુકમ આપવામાં આવ્યો કે સ્વચ્છતાની સાથે ગુનાહોથી પણ પાકી પ્રાપ્ત થઈ શકે. સારાંશ એ કે હદીષે પાકમાં વુઝૂમાં ધોવામાં આવતા અંગોનું રહસ્ય પણ બતાવી દેવામાં આવ્યું.

## ★ પાણી સાથે ગુનાહ પણ ગયા ! ★

**હદીષ : 3**

عَنْ اِبِىْ هُرَيْرَةَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اِذَا تَوَضَّأَ الْعَبْدُ الْمُسْلِمُ اَوِ الْمُؤْمِنُ فَغَسَلَ وَجْهَهٗ خَرَجَ مِنْ وَّجْهِهٖ كُلُّ خَطِيْئَةٍ نَظَرَ اِلَيْهَا بِعَيْنَيْهِ مَعَ الْمَآءِ اَوْ آخِرِ قَطْرِ الْمَآءِ فَاِذَا غَسَلَ يَدَيْهِ خَرَجَ مِنْ يَدَيْهِ كُلُّ خَطِيْئَةٍ كَانَ بَطَشَتْهَا يَدَاهُ مَعَ الْمَآءِ اِوْمَعَ اٰخِرِ قَطْرِ الْمَآءِ فَاِذَا غَسَلَ رِجْلَيْهِ خَرَجَتْ كُلُّ خَطِيْئَةٍ مَشَتْهَا رِجْلَاهُ مَعَ الْمَآءِ اَوْمَعَ اٰخِرِ قَطْرِ الْمَآءِ حَتّٰى يَخْرُجَ نَقِيًّا مِّنَ الذُّنُوْبِ رَوَاهُ الْاِمَامُ مَالِكٌ وَالْاِمَامُ الشَّافِعِىْ وَ مُسْلِمٌ وَ التِّرْمِذِىْ

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જ્યારે મુસલમાન બંદો અથવા ઈમાનવાળો બંદો વુઝૂ કરે અને પોતાના ચહેરાને ધૂએ તો નીકળી જશે એના ચહેરા પરથી દરેક ગુનોહ જેની તરફ એની આંખોએ જોયું, પાણી સાથે અથવા પાણીના અંતિમ ટીપા સાથે. પછી જ્યારે પોતાના હાથ ધૂએ તો નીકળી જશે એના હાથો પરથી દરેક ગુનોહ જે એના હાથોએ પકડયું હતું પાણી સાથે અથવા પાણીના અંતિમ ટીપા સાથે, પછી જ્યારે પોતાના પગ ધૂએ તો નીકળી જશે દરેક ગુનોહ જેની તરફ એના પગ ચાલ્યા પાણી સાથે અથવા પાણીના અંતિમ ટીપા સાથે, ત્યાં સુધી કે એ ગુનાહોથી તદ્દન નીકળી જાય છે."
*(ઈમામ માલિક, ઈમામ શાફેઈ, મુસ્લિમ, તિર્મિઝી)*

અંગો પર પાણી પડતાંની સાથે ગુનાહો ખરવાનું ચાલુ થઈ જાય છે અને પાણી ટપકવાનું બંધ થતાની સાથે ગુનાહો પૂરેપૂરા ખરી જાય છે.

## ★ વુઝૂથી ગુનાહ માફ હવે નમાઝ વધારાની ! ★

**હદીષ : ૪**

عَنْ عَبْدِ اللّٰهِ الصَّنَابِحِیِّ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اِذَا تَوَضَّأَ الْعَبْدُ الْمُؤْمِنُ فَتَمَضْمَضَ خَرَجَتِ الْخَطَايَا مِنْ فِيْهِ فَاِذَا اسْتَنْشَرَتْ خَرَجَتِ الْخَطَايَا مِنْ اَنْفِهٖ فَاِذَا غَسَلَ وَجْهَهٗ خَرَجَتِ الْخَطَايَا مِنْ وَجْهِهٖ حَتّٰى تَخْرُجَ مِنْ اَشْفَارِ عَيْنَيْهِ فَاِذَا غَسَلَ يَدَيْهِ خَرَجَتِ الْخَطَايَا مِنْ يَدَيْهِ فَاِذَا مَسَحَ بِرَاسِهٖ خَرَجَتِ الْخَطَايَا مِنْ رَاسِهٖ حَتّٰى تَخْرُجَ مِنْ اُذُنَيْهِ فَاِذَا غَسَلَ رِجْلَيْهِ خَرَجَتِ الْخَطَايَا مِنْ رِجْلَيْهِ ثُمَّ كَانَ مَشْيُهٗ اِلَى الْمَسْجِدِ وَ صَلٰوتُهٗ نَافِلَةً لَّهٗ رَوَاهُ الْاِمَامُ مَالِكٌ وَالْاِمَامُ اَحْمَدُ وَالنَّسَائِیُ وَ اِبْنُ مَاجَةَ وَالْحَاكِمُ فِی الْمُسْتَدْرَكِ

હઝરત અબ્દુલ્લાહ સનાબહીથી રિવાયત છે. એમણે કહ્યું કે અલ્લાહના રસૂલ ﷺએ ફર્માવ્યું, "જ્યારે ઈમાનવાળો બંદો વુઝૂ કરે છે તો ગુનાહ એના મોમાંથી નીકળી જાય છે, જ્યારે નાકમાં પાણી નાખે છે તો એના નાકના ગુનાહ નીકળી જાય છે, જ્યારે પોતાનો ચહેરો ધૂએ છે તો એના ચહેરાના ગુનાહ નીકળી જાય છે. એટલે સુધી કે એની આંખોના પોપચા નીચેથી નીકળી જાય છે, જ્યારે પોતાના હાથ ધૂએ છે તો એના હાથના ગુનાહ નીકળી જાય છે એટલે સુધી કે એના હાથના નખોની નીચેથી નીકળી જાય છે. પછી જ્યારે પોતાના માથાનો મસહ કરે છે તો એના માથાના ગુનાહ નીકળી જાય છે એટલે સુધી કે એના કાનોમાંથી નીકળી જાય છે. પછી જ્યારે પોતાના પગ ધૂએ છે તો એના પગોના ગુનાહ નીકળી જાય છે, એટલે સુધી કે પગોના નખોની નીચેથી નીકળી જાય છે. પછી એનું મસ્જિદ તરફ જવું અને નમાઝ પઢવી વધારાનું છે." *(ઈમામ માલિક, ઈમામ અહમદ, નસાઈ, ઈબ્ને માજહ, મુસ્તદરક)*

વુઝૂ કરનારના ગુનાહોની માફી એના વુઝૂ કરવાથી થઈ જાય છે એટલે વુઝૂ પછીનાં કામો જેમ કે મસ્જિદે જવું, નમાઝ પઢવી એ એના માટે નેકીઓથી માલામાલ થવાનાં કારણો છે. એનાથી અધિક રબની નિકટતા





પ્રાપ્ત કરે છે અને એના દરજાઓ બુલંદ કરવામાં આવે છે.

## ★ જાણે આજે જ પેદા થયો ! ★

**હદીષ : ૫**

عَنْ عَمْرِو بْنِ عَبْسَةَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَا مِنْكُمْ رَجُلٌ يَقْرُبُ وُضُوْئَهٗ فَيُمَضْمِضُ وَ يَمُجُّ وَ يَسْتَنْشِقُ فَيَسْتَنْشِرُ اِلَّا خَرَجَتْ خَطَايَا وَجْهِهٖ وَ فِيْهِ وَ خَيَاشِيْمِهٖ ثُمَّ اِذَا غَسَلَ وَجْهَهٗ كَمَا اَمَرَهُ اللّٰهُ عَزَّ وَ جَلَّ اِلَّا خَرَجَتْ خَطَايَا وَجْهِهٖ مِنْ اَطْرَافِ لِحْيَتِهٖ مَعَ الْمَآءِ ثُمَّ يَغْسِلُ يَدَيْهِ اِلَى الْمِرْفَقَيْنِ اِلَّا خَرَجَتْ خَطَايَا يَدَيْهِ مِنْ اَطْرَافِ اَنَامِلِهٖ مَعَ الْمَآءِ ثُمَّ يَمْسَحُ رَاسَهٗ كَمَا اَمَرَهُ اللّٰهُ اِلَّا خَرَجَتْ خَطَايَا رَاسِهٖ مِنْ اَطْرَافِ شَعْرِهٖ مَعَ الْمَآءِ ثُمَّ يَغْسِلُ قَدَمَيْهِ اِلَى الْكَعْبَيْنِ كَمَا اَمَرَهُ اللّٰهُ اِلَّا خَرَجَتْ خَطَايَا رِجْلَيْهِ مِنْ اَطْرَافِ اَنَامِلِهٖ مَعَ الْمَآءِ فَاِنْ هُوَ قَامَ فَصَلّٰى فَحَمِدَ اللّٰهَ وَ اَثْنٰى عَلَيْهِ وَ مَجَّدَهٗ بِالَّذِیْ هُوَ اَهْلُهٗ وَ فَرَّغَ قَلْبَهٗ لِلّٰهِ اِلَّا انْصَرَفَ مِنْ خَطِيْئَتِهٖ كَهَيْئَتِهٖ يَوْمَ وَلَدَتْهُ اُمُّهٗ رَوَاهُ الْاِمَامُ اَحْمَدُ وَ مُسْلِمٌ

હઝરત અમ્ર બિન અબ્સાથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જે માણસ પોતાના વુઝૂથી નિકટ થાય છે પછી એ કુલ્લી કરી કોગળા છે, નાકમાં પાણી નાખી સાફ કરે છે તો એના ચહેરાના, મોંના અને નાકની નસકોરીના ગુનાહ નીકળી જાય છે. પછી જ્યારે એ પોતાના ચહેરાને ધૂએ છે જેમ કે અલ્લાહ ﷻએ ઈર્શાદ ફર્માવ્યો તો એના ચહેરાના ગુનાહ નીકળી જાય છે, એની દાઢીના ખૂણે ખૂણેથી પાણી સાથે, પછી જ્યારે પોતાના હાથ કોણીઓ સુધી ધૂએ છે તો એના હાથના ગુનાહ એની આંગળીઓના ખૂણે ખૂણેથી નીકળી જાય છે પાણી સાથે. પછી જ્યારે અલ્લાહના હુકમ મુજબ મસહ કરે છે તો એના માથાના ગુનાહ નીકળી જાય છે એના વાળના કિનારાથી પાણી સાથે, પછી પોતાના પગ ઘુંટી સુધી ધૂએ છે અલ્લાહના હુકમ પ્રમાણે તો એના પગોના ગુનાહ એની આંગળીઓના કિનારેથી નીકળી જાય છે પાણી સાથે, પછી જો ઉભો થાય, નમાઝ પઢે, અલ્લાહ તઆલાના વખાણ કરે એની શાનને લાયક. એનું દિલ અલ્લાહ માટે ફારેગ હોય તો પોતાના ગુનાહોથી એ પ્રમાણે નીકળી

જશે જાણે આજે જ એની માતાએ એને જન્મ આપ્યો.'' *(ઈમામ અહમદ, મુસ્લિમ)*

ઈર્શાદે નબીનો ભાવાર્થ એ છે કે જેમ બાળક પેદા થાય છે તો એની સાથે કોઈ ગુનોહ હોતો નથી, એ બાલિગ થતા સુધી ગુનાહોથી મુક્ત રહે છે અને શરીઅતની પેન એના પર ચાલતી નથી. આમ વુઝૂ કરનારને પણ અલ્લાહ તઆલા પોતાની અપાર કૃપાથી ગુનાહોથી પાક સાફ અને સ્વચ્છ કરી આપે છે.

## ★ આગલા ગુનાહ માફ ! ★

**હદીષ : ૬**

عَنْ اَمِيْرِ الْمُؤْمِنِيْنَ عُثْمَانَ الْغَنِى رَضِىَ اللّٰهُ عَنْهُ قَالَ بَعْدَ وُضُوْئِهٖ مَنْ تَوَضَّأَ هٰكَذَا غُفِرَ لَهٗ مَاتَقَدَّمَ مِنْ ذَنْبِهٖ وَكَانَ صَلٰوتُهٗ وَمَشْيُهٗ اِلَى الْمَسْجِدِ نَافِلَةٌ رَوَاهُ مُسْلِمٌ وَ اَبُوْ دَاوُدَ وَالتِّرْمِذِىُ وَ النَّسَائِىُ

અમીરુલ મુ'મિનીન ઉષ્માન ગની رضی اللہ عنہથી રિવાયત છે. એમણે ફર્માવ્યું, ''પોતાના વુઝૂ પછી જે આ પ્રમાણે વુઝૂ કર્યું એના આગલા ગુનાહ માફ કરી દેવામાં આવશે, એનું મસ્જિદ તરફ ચાલવું અને નમાઝ પઢવી વધારાનું છે.'' *(મુસ્લિમ, અબૂ દાવૂદ, તિર્મિઝી, નસાઈ)*

આગલા ગુનાહનો મતલબ છે એ વુઝૂ પહેલાંના ગુનાહ, તો આ હદીષ બીજી હદીષો માફક છે કે એના સઘળા ગુનાહ વુઝૂ સાથે ખરી જાય છે, એ પછીના નેક અમલો એને અલ્લાહ તઆલાથી નિકટ ફર્માવે છે.

## ★ વુઝૂ ગુનાહોનો કફ્ફારો ★

**હદીષ : ૭**

عَنْ اَبِىْ اُمَامَةَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اِذَا تَوَضَّأَ الْمُسْلِمُ فَغَسَلَ يَدَيْهِ كُفِّرَ بِهٖ مَا عَمِلَتْهُ يَدَاهُ فَاِذَا غَسَلَ وَجْهَهٗ كُفِّرَ عَنْهُ مَانَظَرَتْ اِلَيْهِ عَيْنَاهُ فَاِذَا مَسَحَ بِرَاسِهٖ كُفِّرَ عَنْهُ مَاسَمِعَتْ اُذُنَاهُ فَاِذَا غَسَلَ رِجْلَيْهِ كُفِّرَ عَنْهُ مَا مَشَتْ اِلَيْهِ قَدَمَاهُ ثُمَّ يَقُوْمُ اِلَى الصَّلٰوةِ فَهِىَ فَضِيْلَةٌ رَوَاهُ الطَّبْرَانِىُ فِى الصَّغِيْرِ

હઝરત અબૂ ઉમામાથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ





ફર્માવ્યું, ''જ્યારે મુસલમાન વુઝૂ કરે પછી પોતાના હાથ ધૂએ તો એ કફ્ફારો બન્યો એના હાથના અમલોનો, પછી જ્યારે પોતાનો ચહેરો ધૂએ તો એની આંખોએ જે જોયું એનો કફ્ફારો બન્યો, પછી જ્યારે પોતાના માથાનો મસહ કરે તો એના કાનોએ જે સાંભળ્યું એનો કફ્ફારો બન્યો. પછી જ્યારે પોતાના પગ ધૂએ તો જે તરફ એના પગ ચાલ્યા એનો કફ્ફારો બન્યો, પછી એ નમાઝ માટે ઉભો થાય તો એ વધારાનું છે.'' *(તબ્રાનીએ સગીર)*

## ★ નખો નીચેથી પણ ગુનાહ નીકળી ગયા ! ★

**હદીષ : ૮**

عَنْ اَمِيْرِ الْمُؤْمِنِيْنَ عُثْمَانَ الْغَنِى قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ تَوَضَّأَ فَاَحْسَنَ الْوُضُوْءَ خَرَجَتْ خَطَايَاهُ مِنْ جَسَدِهٖ حَتّٰى خَرَجَ مِنْ تَحْتِ اَظْفَارِهٖ رَوَاهُ مُسْلِمٌ

અમીરુલ મુ'મિનીન ઉષ્માન ગની رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે અલ્લાહના રસૂલ ﷺએ ફર્માવ્યું, ''જે વ્યવસ્થિત વુઝૂ કરે એના ગુનાહ એના શરીર પરથી નીકળી ગયા ત્યાં સુધી કે એના નખો નીચેથી પણ !'' *(મુસ્લિમ)*

## ★ અત્યાર સુધીના ગુનાહથી સલામત ★

**હદીષ : ૯**

عَنْهُ قَالَ اَيُّمَا رَجُلٍ قَامَ اِلَى وُضُوْئِهٖ يُرِيْدُ الصَّلٰوةَ ثُمَّ يَغْسِلُ كَفَّيْهِ نَزَلَتْ خَطِيْئَتُهٗ مِنْ كَفَّيْهِ مَعَ اَوَّلِ قَطْرَةٍ فَاِذَا غَسَلَ وَجْهَهٗ نَزَلَتْ خَطِيْئَتُهٗ مِنْ سَمْعِهٖ وَ بَصَرِهٖ مَعَ اَوَّلِ قَطْرَةٍ فَاِذَا غَسَلَ يَدَيْهِ اِلَى الْمِرْفَقَيْنِ وَ رِجْلَيْهِ اِلَى الْكَعْبَيْنِ سَلَمَ مِنْ ذَنْبٍ هُوَ لَهٗ وَمِنْ كُلِّ خَطِيْئَةٍ كَهَيْئَتِهٖ يَوْمَ وَلَدَتْهُ اُمُّهٗ فَاِذَا قَالَ اِلَى الصَّلٰوةِ رَفَعَهُ اللّٰهُ عَزَّ وَ جَلَّ بِهَا دَرَجَةً وَاِنْ قَعَدَ قَعَدَ سَالِمًا رَوَاهُ الْاِمَامُ اَحْمَدُ

હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવ્યું, ''જે કોઈ પોતાના વુઝૂ માટે ઉભો થયો, ઈરાદો નમાઝનો રાખે છે, પછી એ પોતાની હથેળીઓ ધૂએ તો એની હથેળીઓના ગુનાહ ઉતરી ગયા પહેલાં ટીપાની સાથે, પછી

જ્યારે પોતાનો ચહેરો ધૂએ તો એના કાન અને આંખના ગુનાહ ઉતરી ગયા પહેલા ટીપાની સાથે, પછી જ્યારે એ પોતાના હાથ કોણીઓ સાથે ધૂએ અને પગ ઘુંટીઓ સુધી તો એના દરેક ગુનાહથી સલામત થઈ ગયો અને દરેક ભૂલથી એ પ્રમાણે જાણે આજે જ એની માતાએ એને જન્મ આપ્યો પછી જ્યારે એ નમાઝ માટે ઉભો થાય. અલ્લાહ ﷻ એનાથી એનો એક દરજો બુલંદ કરે છે અને ક઼ાયદો કરે તો સલામતીથી ક઼ાયદો કર્યો.'' *(ઈમામ અહમદ)*

**<u>હદીષ : ૧૦</u>**

عَنْ عَمْرِو بْنِ عَبْسَةَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اِذَا تَوَضَّأَ الْعَبْدُ فَغَسَلَ يَدَيْهِ خَرَجَتْ خَطَايَاهُ مِنْ يَدَيْهِ فَاِذَا غَسَلَ وَجْهَهٗ خَرَجَتْ خَطَايَاهُ مِنْ وَجْهِهٖ وَاِذَا غَسَلَ ذِرَاعَيْهِ خَرَجَتْ خَطَايَاهُ مِنْ ذِرَاعَيْهِ وَاِذَا غَسَلَ رِجْلَيْهِ خَرَجَتْ خَطَايَاهُ مِنْ رِجْلَيْهِ رَوَاهُ اِبْنُ اَبِىْ شَيْبَةَ رَوَاهُ الْاِمَامُ اَحْمَدُ

હઝરત અમ્ર બિન અબ્સાથી રિવાયત છે. એમણે કહ્યું કે અલ્લાહના રસૂલ ﷺએ ફર્માવ્યું, ''જ્યારે બંદો વુઝૂ કરે અને એના હાથ ધૂએ તો એના ગુનાહ એના હાથોથી નીકળી ગયા, પછી જ્યારે પોતાનો ચહેરો ધૂએ એના ચહેરાના ગુનાહ નીકળી ગયા. પછી જ્યારે પોતાના હાથ ધૂએ તો એના હાથના ગુનાહ નીકળી ગયા, પછી જ્યારે પોતાના પગ ધૂએ તો એના પગના ગુનાહ નીકળી ગયા.'' *(ઈબ્ને અબી શયબા, ઈમામ અહમદ)*

## ★ જીભને પણ ગુનાહથી મુક્તિ ★

**<u>હદીષ : ૧૧</u>**

عَنْ اَبِىْ اُمَامَةَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اِنَّ الْعَبْدَ اِذَا غَسَلَ يَدَيْهِ خَرَجَتْ خَطَايَاهُ وَاِذَا غَسَلَ وَجْهَهٗ وَ تَمَضْمَضَ وَ تَشَوَّصَ وَاسْتَنْشَقَ وَمَسَحَ بِرَاسِهٖ خَرَجَتْ خَطَايَا سَمْعِهٖ وَ بَصَرِهٖ وَلِسَانِهٖ وَاِذَا غَسَلَ ذِرَاعَيْهِ وَ قَدَمَيْهِ كَانَ كَيَوْمِ وَلَدَتْهُ اُمُّهٗ رَوَاهُ الطَّبْرَانِىْ فِى الْاَوْسَطِ

હઝરત અબૂ ઉમામાથી રિવાયત છે. એમણે કહ્યું કે અલ્લાહના રસૂલ ﷺએ ફર્માવ્યું, ''બેશક ! બંદો જ્યારે પોતાના હાથ ધૂએ તો એના હાથના ગુનાહ નીકળી જાય છે પછી જ્યારે પોતાનો ચહેરો ધૂએ, કુલ્લી કરે, કોગળા





કરે, નાક સાફ કરે અને પોતાના માથાનો મસહ કરે તો એના કાન આંખ અને જીભના ગુનાહ નીકળી ગયા અને જ્યારે પોતાના હાથ અને પગ ધૂએ તો એ દિવસ માફક થઈ ગયો જેમાં એની માતાએ એને જન્મ આપ્યો.'' *(તબ્રાનીએ ઔસત)*

**<u>હદીષ : ૧૨</u>**

عَنْهُ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَا مِنْ مُسْلِمٍ يَتَمَضْمَضُ فَاهُ اِلَّا غَفَرَ اللّٰهُ لَهٗ كُلَّ خَطِيْئَةٍ اَصَابَهَا بِلِسَانِهٖ ذٰلِكَ الْيَوْمِ وَلَا يَغْسِلُ يَدَيْهِ اِلَّا غَفَرَ اللّٰهُ لَهٗ مَا قَدَّمَتْ يَدَاهُ ذٰلِكَ الْيَوْمِ وَلَا يَمْسَحُ بِرَاسِهٖ اِلَّا كَانَ كَيَوْمِ وَلَدَتْهُ اُمُّهٗ رَوَاهُ الطَّبْرَانِىْ فِى الْاَوْسَطِ

હઝરત અબૂ ઉમામા رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ''જે મુસલમાન પોતાના મોંની કુલ્લી કરે અલ્લાહ તઆલા એનો દરેક એ ગુનોહ માફ ફર્માવી આપે છે જે એ દિવસે એની જીભથી એને પહોંચ્યા. અને જ્યારે એ પોતાના હાથ ધૂએ એ દિવસે એના હાથોએ જે કર્યું એ માફ ફર્માવી આપે છે અને પોતાના માથાનો મસહ કરે છે તો એ દિવસ માફક થઈ ગયો જેમાં એની માતાએ એને જન્મ આપ્યો.'' *(તબ્રાનીએ ઔસત)*

## ★ પાંચ વખત ગુસલનું ઉદાહરણ ★

**<u>હદીષ : ૧૩</u>**

عَنْ اَنَسٍ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَثَلُ الْمَرْأِ الْمُصَلِّىْ مَثَلُ نَهْرٍ يَغْتَسِلُ مِنْهُ خَمْسَ مَرَّاتٍ فَمَا عَسٰى اَنْ يَبْقِيَنَ عَلَيْهِ مِنْ دَرْنِهٖ يَقُوْمُ اِلَى الْوُضُوْءِ فَيَغْسِلُ يَدَيْهِ فَيَتَنَاثَرُ كُلُّ خَطِيْئَةٍ فَعَلَهَا بِيَدَيْهِ وَ يُمَضْمِضُ فَيَتَنَاثَرُ كُلُّ خَطِيْئَةٍ تَكَلَّمَ بِهَا لِسَانُهٗ ثُمَّ يَغْسِلُ وَجْهَهٗ فَيَتَنَاثَرُ كُلُّ خَطِيْئَةٍ نَظَرَتْ بِهَا عَيْنَاهُ ثُمَّ يَمْسَحُ بِرَاسِهٖ فَيَتَنَاثَرُ كُلُّ خَطِيْئَةٍ سَمِعَتْهَا اُذُنَاهُ ثُمَّ يَغْسِلُ قَدَمَيْهِ فَيَتَنَاثَرُ كُلُّ خَطِيْئَةٍ مَشَتْ بِهَا قَدَمَاهُ رَاوَهُ اَبُوْ يَعْلٰى

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ''નમાઝી માણસનું દષ્ટાંત નહેર જેવું છે જેનાથી એ પાંચ વખત

ગુસલ કરે તો એના પર એનો કોઈ મેલ બાકી રહી શકતો નથી. એ વુઝૂ માટે ઉભો થાય છે તો પોતાના હાથ ધૂએ છે તો પડી જાય છે એનો દરેક ગુનોહ જે એણે પોતાના હાથોથી કર્યો, અને કુલ્લી કરે છે તો પડી જાય છે, દરેક ગુનોહ જે એની જીભે બોલીને કર્યો, પછી એ પોતાનો ચહેરો ધૂએ છે તો પડી જાય છે, દરેક ગુનોહ જે એની આંખોએ જોઈને કર્યો. પછી એ પોતાના માથાનો મસોહ કરે છે તો પડી જાય છે એનો દરેક ગુનોહ જે એના કાનોએ સાંભળીને કર્યો, પછી એ પોતાના પગ ધૂએ છે તો પડી જાય છે દરેક એ ગુનોહ જે એના કદમોએ ચાલીને કર્યો.'' *(અબૂ યઅલા)*

જેમ દિવસમાં પાંચ વખત ગુસલ કરવાથી બદન સ્વચ્છ અને સાફ રહે છે, બદન પર થોડો પણ મેલ રહી શકતો નથી. એ જ પ્રમાણે પાંચ વખત વુઝૂ કરવું ગુનાહોથી સ્વચ્છ થવામાં પાંચ વખતના ગુસલ જેવું છે.

## ★ આંખોના પોપચાના ગુનાહ પણ બહાર ! ★

**હદીષ : ૧૪**

عَنْ اَنَسٍ قَالَ جِئْتُ تَسْئَلُنِى عَنِ الصَّلٰوةِ فَاِنَّكَ اِذَا غَسَلْتَ وَجْهَكَ اِنْتَثَرَتِ الذُّنُوْبُ مِنْ اَشْفَارِ عَيْنَيْكَ وَاِذَا غَسَلْتَ يَدَيْكَ اِنْتَثَرَتِ الذُّنُوْبُ مِنْ اَظْفَارِ يَدَيْكَ وَاِذَا مَسَحْتَ بِرَاسِكَ اِنْتَثَرَتِ الذُّنُوْبُ عَنْ رَاسِكَ فَاِذَا غَسَلْتَ رِجْلَيْكَ اِنْتَثَرَتِ الذُّنُوْبُ مِنْ اَظْفَارِ قَدَمَيْكَ رَوَاهُ مُسَدَّدٌ

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે, હું આવ્યો એટલે કે તું મને નમાઝ વિશે પૂછે, તો જ્યારે તું તારો ચહેરો ધોશે તો તારી આંખોના પોપચાથી ગુનાહ પડી જશે અને જ્યારે તું તારા હાથ ધોશે તો તારા હાથના નખોથી ગુનાહ પડી જશે અને જ્યારે તું તારા માથાનો મસહ કરશે તારા માથાથી ગુનાહ પડી જશે, પછી જ્યારે તું તારા પગ ધોશે તો તારા પગના નખોથી ગુનાહ પડી જશે.'' *(મુસદ્દદની રિવાયતથી)*

**હદીષ : ૧૫**

عَنْ اَبِىْ اُمَامَةَ قَالَ مَا مِنْ عَبْدٍ يَتَوَضَّأُ اِلَّا خَرَّتْ خَطَايَاهُ مِنْ وَّجْهِهٖ ثُمَّ يَغْسِلُ ذِرَاعَيْهِ اِلَّا خَرَّتْ خَطَايَاهُ مِنْ ذِرَاعَيْهِ ثُمَّ يَمْسَحُ رَاسَهٗ اِلَّا خَرَّتْ خَطَايَاهُ مِنْ رَاسِهٖ ثُمَّ يَغْسِلُ رِجْلَيْهِ اِلَّا خَرَّتْ خَطَايَاهُ مِنْ رِجْلَيْهِ رَوَاهُ الطَّبْرَانِىْ فِى الْكَبِيْرِ





હઝરત અબૂ ઉમામા رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવ્યું, ''જે બંદો વુઝૂ કરે છે તો એના ગુનાહ એના ચહેરાથી પડી જાય છે. પછી પોતાના હાથ ધૂએ છે તો એના હાથથી ગુનાહ પડી જાય છે, પછી પોતાના માથાનો મસહ કરે છે તો એના માથાથી પડી જાય છે, પછી પોતાના પગ ધૂએ છે તો એના પગના ગુનાહ પડી જાય છે. *(તબ્રાનીએ કબીર)*

## ★ તહારતની પ્રાપ્તિ પહેલાં ગુનાહથી મુક્તિ ★

**હદીષ : ૧૬**

عَنْ اَمِيْرِ الْمُؤْمِنِيْنَ عُثْمَانَ الْغَنِى قَالَ مَا مِنْ رَجُلٍ يَتَطَّهَرُ اِلَّا كَانَتْ خَطَايَاهُ اَسْرَعَ اِنْحِدَارًا عَنْهُ مِنْ طَهُوْرِهٖ رَوَاهُ الدَّيْلَمِىُّ

અમીરુલ મુ'મિનીન ઉષ્માન ગની رضی اللہ عنہથી રિવાયત છે. એમણે ફર્માવ્યું, ''જે માણસ તહારત (પાકી) પ્રાપ્ત કરે છે તો એના ગુનાહ એનાથી નીચે ઉતરી જાય છે એની તહારતથી જલ્દીમાં.'' *(દૈલમી)*

## ★ વુઝૂ સુન્નત મુજબ હોવું જોઈએ ★

**હદીષ : ૧૭**

عَنْ حِمْرَانَ قَالَ اَتَيْتُ عُثْمَانَ بْنِ عَفَّانَ بِوَضُوْءٍ فَتَوَضَّأَ ثُمَّ قَالَ اِنَّ اُنَاسًا يَتَحَدَّثُوْنَ عَنْ رَسُوْلِ اللّٰهِ ﷺ لَا اَدْرِىْ مَا هِىَ اِلَّا اَنِّىْ رَاَيْتُ رَسُوْلَ اللّٰهِ ﷺ تَوَضَّاءَ مِثْلَ وُضُوْئِىْ هٰذَا ثُمَّ قَالَ مَنْ تَوَضَّأَ هٰكَذَا غُفِرَ لَهٗ مَا تَقَدَّمَ مِنْ ذَنْبِهٖ وَكَانَ صَلٰوتُهٗ وَمَشْيُهٗ اِلَى الْمَسْجِدِ نَافِلَةً رَوَاهُ مُسْلِمٌ

હિમરાનથી રિવાયત છે. એમણે કહ્યું કે હું હઝરત ઉષ્માન બિન અફ્ફાન પાસે પાણી લાવ્યો તો આપે વુઝૂ કર્યું પછી ફર્માવ્યું, ''બેશક ! લોકો રસૂલુલ્લાહ ﷺ તરફથી બયાન કરે છે. હું નથી જાણતો એ શું છે પણ મેં રસૂલુલ્લાહ ﷺને જોયા કે આપે વુઝૂ ફર્માવ્યું, મારા આ વુઝૂ માફક. પછી આપે ફર્માવ્યું, જેણે આ પ્રમાણે વુઝૂ કર્યું એના આગલા ગુનાહ બખ્શી દેવામાં આવ્યા અને એની નમાઝ અને મસ્જિદે જવું વધારાનું છે. *(મુસ્લિમ)*

**હદીષ : ૧૮**

عَنْ حِمْرَانَ قَالَ رَاَيْتُ عُثْمَانَ قَاعِدًا فَدَعَا بِوُضُوْءٍ فَتَوَضَّأَ ثُمَّ قَالَ رَاَيْتُ رَسُوْلَ اللّٰهِ ﷺ فِىْ مَقْعَدِىْ هٰذَا تَوَضَّأَ مِثْلَ وُضُوْئِىْ هٰذَا ثُمَّ قَالَ مَنْ تَوَضَّأَ

مِثْلَ وُضُوْئِیْ هٰذَا غُفِرَ لَهٗ مَا تَقَدَّمَ مِنْ ذَنْبِهٖ وَقَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ وَلَا تَغْتَرُّوْا
رَوَاهُ اِبْنُ مَاجَةَ وَ اِبْنُ حَبَّانَ

હઝરત હિમરાન رضی اللہ عنہથી રિવાયત છે. એમેણે કહ્યું કે મેં હઝરત pODFG UGL رضی اللہ عنہને બેસેલા જોયા. આપે પાણી મંગાવ્યું, પછી વુઝૂ કર્યું પછી ફર્માવ્યું, "મેં રસૂલુલ્લાહ ﷺને મારી આ જગામાં જોયા, આપે મારા આ વુઝૂ માફક વુઝૂ કર્યું પછી આપે ફર્માવ્યું, જેણે મારા આ વુઝૂ માફક વુઝૂ કર્યું એના આગલા ગુનાહ માફ કરી દેવામાં આવ્યા અને રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ધોકો ન ખાવ !"

**ફાયદો** : "ધોકો ન ખાવ !" એનો મતલબ એ છે કે અમલનો બદલો એના કબૂલ થવાથી મળે છે, અને અમલને કબૂલ થવાની ઘણી શરતો છે જેનું પાલન જરૂરી છે. બીજું એ કે અમલ કબૂલ કરવો અલ્લાહની કૃપા પર છે. અમલ કબૂલી જ લેવો એના માટે વાજિબ અને જરૂરી નથી. ત્રીજું એ કે દુનિયામાં આપણા અમલોના કબૂલ થઈ જવાને જાણી લેવાનો આપણા માટે કોઈ માર્ગ નથી, માત્ર ઉમ્મીદ કરી શકાય છે અને આશા રાખી શકાય છે. એટલે આપણું કામ છે આગળ ધપતા રહેવું અને કોઈ જગાએ જઈ અમલ રોકવો નહીં. આ જે સવાબો બયાન કરવામાં આવ્યા એ અલ્લાહની વિશાળ કૃપા આગળ કોઈ સ્થાન નથી ધરાવતા, એનાથી પણ અધિક એ આપણને આપી શકે છે પણ આપણે ભરોસો કરીને ધોકામાં ન પડવું જોઈએ, ઉમ્મીદથી આગળથી આગળ વધતા રહેવું જોઈએ.

**સોદાગરી નહીં ઈબાદત ખુદા કી હય**
**અય ગાફિલ ! જઝા કી તમન્ના ભી છોડ દે !**

## હદીષ : ૧૯

عَنْ عَمْرِو بْنِ مَيْمُوْنَ قَالَ سَمِعْتُ عُثْمَانَ بْنَ عَفَّانَ وَكَانَ قَلِيْلُ الْحَدِيْثِ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ يَقُوْلُ مَنْ تَوَضَّأَ كَمَا اُمِرَ وَصَلّٰى كَمَا اُمِرَ خَرَجَ مِنْ ذُنُوْبِهٖ كَيَوْمٍ وَلَدَتْهُ اُمُّهٗ ثُمَّ اسْتَشْهَدَ مِنْ رَهْطٍ اَصْحَابِ نَبِيِّ اللّٰهِ ﷺ يَقُوْلُ هٰذَا قَالُوْا نَعَمْ رَوَاهُ اَبُوْ نُعَيْمٍ فِي الْحِلْيَةِ

હઝરત અમ્ર બિન મયમૂનથી રિવાયત છે. એમણે કહ્યું કે મેં ઉષ્માન બિન અફ્ફાનથી સાંભળ્યું અને તેઓ કલીલુલ હદીષ છે. કહ્યું કે રસૂલુલ્લાહ





ﷺએ ફર્માવ્યું, "જેણે હુકમ પ્રમાણે વુઝૂ કર્યું અને હુકમ પ્રમાણે નમાઝ અદા કરી તો એ પોતાના ગુનાહથી નીકળી ગયો એ દિવસ માફક જેમાં એની માતાએ એને જન્મ આપ્યો. પછી એમણે રસૂલુલ્લાહ ﷺના સહાબાની એક જમાઅતથી આમ કહીને ગવાહી માંગી તો એમણે હા, કહ્યું." *(અબૂ નુઐમએ હિલ્યામાં)*

## હદીષ : ૨૦

عَنْ عِكْرَمَةَ بْنِ خَالِدِ الْمَخْزُوْمِیْ قَالَ حَدَّثَنِیْ رَجُلٌ مِنْ اَهْلِ الْمَدِيْنَةِ اَنَّ الْمُؤَذِّنَ اَذَّنَ بِصَلٰوةِ الْعَصْرِ فَدَعَا عُثْمَانُ بْنُ عَفَّانَ بِطَهُوْرٍ فَتَطَهَّرَ ثُمَّ قَالَ سَمِعْتُ رَسُوْلَ اللّٰهِ ﷺ يَقُوْلُ مَنْ تَوَضَّأَ كَمَا اُمِرَ كُفِّرَ عَنْهُ مَا تَقَدَّمَ مِنْ ذَنْبِهٖ ثُمَّ اسْتَشْهَدَ عَلٰى ذٰلِكَ اَرْبَعَةً مِنْ اَصْحَابِ النَّبِیِّ ﷺ فَشَهِدُوْا بِذٰلِكَ عَلٰى رَسُوْلِ اللّٰهِ ﷺ رَوَاهُ سَعِيْدُ بْنُ مَنْصُوْر

ઈકરામા બિન ખાલિદ મખઝૂમીથી રિવાયત છે. એમણે કહ્યું કે મને મદીના શરીફના એક વ્યક્તિએ રિવાયત કરી કે બાંગીએ અસરની નમાઝની અઝાન આપી. હઝરત ઉષ્માન ગનીએ પાણી મંગાવ્યું અને તહારત હાંસલ કરી પછી ફર્માવ્યું, "મેં રસૂલુલ્લાહ ﷺને ફર્માવતાં સાંભળ્યા કે જેણે હુકમ પ્રમાણે વુઝૂ કર્યું એના આગલા ગુનાહોનો કફ્ફારો થઈ ગયો. પછી મેં નબીના ચાર સહાબાથી ગવાહી માંગી તો એમણે ગવાહી આપી." *(સઈદ બિન મન્સૂર)*

## ★ ધોવું ત્રણ વખત સુન્નત છે ★

## હદીષ : ૨૧

عَنْ حِمْرَانَ اَنَّ عُثْمَانَ بْنَ عَفَّانَ دَعَا بِوَضُوْءٍ فَتَوَضَّأَ وَ غَسَلَ كَفَّيْهِ ثَلَاثَ مَرَّاتٍ ثُمَّ مَضْمَضَ وَ اسْتَنْثَرَ ثُمَّ غَسَلَ وَجْهَهٗ ثَلَاثَ مَرَّاتٍ ثُمَّ غَسَلَ يَدَهُ الْيُمْنٰى اِلَى الْمَرَافِقِ ثَلَاثَ مَرَّاتٍ ثُمَّ غَسَلَ الْيُسْرٰى مِثْلَ ذٰلِكَ ثُمَّ مَسَحَ رَاسَهٗ ثُمَّ غَسَلَ رِجْلَهُ الْيُمْنٰى اِلَى الْكَعْبَيْنِ ثَلَاثَ مَرَّاتٍ ثُمَّ غَسَلَ الْيُسْرٰى مِثْلَ ذٰلِكَ ثُمَّ قَالَ رَاَيْتُ رَسُوْلَ اللّٰهِ ﷺ تَوَضَّأَ نَحْوَ وُضُوْئِیْ هٰذَا ثُمَّ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ تَوَضَّأَ نَحْوَ وُضُوْئِیْ هٰذَا ثُمَّ قَامَ فَرَكَعَ رَكْعَتَيْنِ لَا يُحَدِّثُ فِيْهِمَا نَفْسَهٗ غُفِرَ لَهٗ مَا تَقَدَّمَ مِنْ ذَنْبِهٖ رَوَاهُ مُسْلِمٌ

હઝરત હિમરાનથી રિવાયત છે કે હઝરત ઉષ્માન બિન અફફાને પાણી મંગાવ્યું, પછી વુઝૂ કર્યું. આપે પોતાના હાથ ત્રણ વખત ધોયા પછી આપે કુલ્લી કરી, નાક સાફ કર્યું, પછી પોતાનો ચહેરો ત્રણ વખત ધોયો, પછી પોતાનો. જમણો હાથ કોણી સાથે ત્રણ વખત ધોયો, પછી ડાબો હાથ એ H 5 DF6 P5 KLODFJI ]4D[Z; } ]K, FC ﷺને જોયા કે આપે મારા આ વુઝૂ માફક વુઝૂ કર્યું પછી કહ્યું, અલ્લાહના રસૂલ ﷺએ ફર્માવ્યું, ''જેણે મારા આ વુઝૂ માફક વુઝૂ કર્યું પછી ઉભા થઈને બે રકાત નમાઝ પઢી જેમાં નફસાની વાતોથી બચી ગયો તો એના આગલા ગુનાહ માફ કરી દેવામાં આવ્યા.'' *(મુસ્લિમ)*

## ★ ધોયા વિના હાથ વાસણમાં નથી નાખી શકતા ! ★

### હદીષ : ૨૨

عَنْ حِمْرَانَ مَوْلٰى عُثْمَانَ اَنَّهٗ رَاٰى عُثْمَانَ بْنَ عَفَّانَ دَعَا بِاِنَاءٍ فَاَفْرَغَ عَلٰى كَفَّيْهِ ثَلَاثَ مِرَارٍ فَغَسَلَهُمَا ثُمَّ اَدْخَلَ يَمِيْنَهٗ فِى الْاِنَاءِ فَمَضْمَضَ وَاسْتَنْشَقَ ثُمَّ غَسَلَ وَجْهَهٗ ثَلَاثًا وَيَدَيْهِ اِلَى الْمِرْفَقَيْنِ ثَلَاثَ مِرَارٍ ثُمَّ مَسَحَ بِرَاسِهٖ ثُمَّ غَسَلَ رِجْلَيْهِ ثَلَاثَ مِرَارٍ اِلَى الْكَعْبَيْنِ ثُمَّ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ تَوَضَّأَ نَحْوَ وُضُوْئِىْ هٰذَا ثُمَّ صَلّٰى رَكْعَتَيْنِ لَايُحَدِّثُ فِيْهَا نَفْسَهٗ غُفِرَ لَهٗ مَاتَقَدَّمَ مِنْ ذَنْبِهٖ رَوَاهُ الْبُخَارِىْ وَرَوَاهُ الطَّبْرَانِىْ فِى الصَّغِيْرِ

હઝરત ઉષ્માનના આઝાદ કરેલ ગુલામ હિમરાનથી રિવાયત છે. એમણે હઝરત ઉષ્માન બિન અફફાનને જોયા કે આપે વાસણ મંગાવ્યું, પોતાની હથેળીઓ પર ત્રણ વખત પાણી નાખ્યું અને ધોયું. પછી પોતાનો જમણો હાથ વાસણમાં નાખ્યો કુલ્લી કરી, નાકમાં પાણી નાખ્યું, પછી પોતાનો ચહેરો ત્રણ વખત ધોયો. પછી પોતાના હાથ કોણીઓ સાથે ત્રણ વખત ધોયા પછી પોતાના માથાનો મસહ કર્યો. પછી પોતાના પગ ઘુંટીઓ સાથે ત્રણ વખત ધોયા. પછી કહ્યું, અલ્લાહના રસૂલ ﷺએ ફર્માવ્યું : જેણે મારા આ વુઝૂ માફક વુઝૂ કર્યું પછી બે રકાત નમાઝ પઢી ધ્યાનપૂર્વક એના આગલા ગુનાહ માફ કરી દેવામાં આવ્યા.'' *(બુખારી, તબ્રાનીએ સગીર)*





## ★ વુઝૂ કરતી વખતે વાત ન કરવી ★

### હદીષ : ૨૩

عَنْ مُحَمَّدِ بْنِ عَبْدِ الرَّحْمٰنِ السَّلَمَانِىْ عَنْ اَبِيْهِ قَالَ رَاَيْتُ عُثْمَانَ بْنَ عَفَّانَ بِالْمَقَاعِدِ فَمَرَّ بِهٖ رَجُلٌ فَسَلَّمَ عَلَيْهِ فَلَمْ يَرُدَّ عَلَيْهِ فَلَمَّا فَرَغَ مِنْ وُضُوْئِهٖ قَالَ اِنَّهٗ لَمْ يَمْنَعْنِىْ اَنْ اَرُدَّ عَلَيْكَ اِلَّا اَنِّىْ سَمِعْتُ رَسُوْلَ اللّٰهِ ﷺ يَقُوْلُ مَنْ تَوَضَّأَ فَغَسَلَ يَدَيْهِ ثُمَّ تَمَضْمَضَ ثَلَاثًا وَاسْتَنْشَقَ ثَلَاثًا وَغَسَلَ وَجْهَهٗ ثَلَاثًا وَيَدَيْهِ اِلَى الْمِرْفَقَيْنِ ثَلَاثًا وَمَسَحَ بِرَاسِهٖ وَغَسَلَ رِجْلَيْهِ ثُمَّ لَمْ يَتَكَلَّمْ حَتّٰى يَقُوْلَ اَشْهَدُ اَنْ لَّا اِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَاشَرِيْكَ لَهٗ وَاَنَّ مُحَمَّدًا عَبْدُهٗ وَ رَسُوْلُهٗ غُفِرَ لَهٗ مَا بَيْنَ وُضُوْئَيْنِ رَوَاهُ الْبُغْوِىْ

મુહમ્મદ બિન અબ્દુર્રહમાન સલમાનીથી રિવાયત છે, તેઓ પોતાના પિતાથી રિવાયત કરે છે. કહ્યું કે હઝરત ઉષ્માન બિન અફફાન બેઠક પર જોયા. આપ પાસેથી એક માણસ પસાર થયો અને એણે આપને સલામ કરી પણ આપે એની સલામનો જવાબ ન આપ્યો. પછી જયારે આપ પોતાના વુઝૂથી ફારેગ થયા. ફર્માવ્યું, મને સલામનો જવાબ આપવાથી એ વાતે રોકયો કે મેં રસૂલુલ્લાહ ﷺને ફર્માવતાં સાંભળ્યા કે જેણે વુઝૂ કર્યું, પોતાના બંને હાથ ધોયા પછી ત્રણ વખત કુલ્લી કરી, ત્રણ વખત નાકમાં નાખ્યું, ત્રણ વખત પોતાનો ચેહરો ધોયો, અને પોતાના હાથ કોણીઓ સાથે ત્રણ વખત, પોતાના માથાનો મસહ કર્યો અને બંને પગ ધોયા પછી વાત ન કરી. ત્યાં સુધી કે કહે, હું ગવાહી આપું છું કે અલ્લાહ સિવાય કોઈ મઅબૂદે બરહક્ક નથી એ એકલો છે એનો કોઈ શરીક નથી અને બેશક ! મુહમ્મદ ﷺ એના બંદા અને રસૂલ છે, તો બે વુઝૂની વચમાં છે એ માફ કરી દેવામાં આવશે.'' *(બગવીની રિવાયતથી)*

## ★ તકલીફમાં સુન્નત મુજબ વુઝૂનો બદલો ★

### હદીષ : ૨૪

عَنْ اَمِيْرِ الْمُؤْمِنِيْنَ عَلِّىِ الْمُرْتَضٰى كَرَّمَ اللّٰهُ وَجْهَهٗ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اِسْبَاغُ الْوُضُوْءِ فِى الْمَكَارِهِ وَاِعْمَالُ الْاِقْدَامِ اِلَى الْمَسَاجِدِ وَاِنْتِظَارُ

الصَّلٰوةِ بَعْدَ الصَّلٰوةِ يَغْسِلُ الْخَطَايَا غُسْلًا رَوَاهُ اَبُوْ يَعْلٰى وَالنَّسَائِىُ وَالْبَيْهَقِىُ وَالْحَاكِمُ فِى الْمُسْتَدْرَكِ

અમીરુલ મુ'મિનીન અલી كرم الله تعالى وجهه الكريم થી રિવાયત છે. એમણે કહ્યું રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "તકલીફના સમયમાં પૂરું વુઝૂ કરવું, મસ્જિદ તરફ ચાલવું, નમાઝ પછી નમાઝની વાત જોવી ગુનાહોને ધોઈ નાખે છે." *(અબૂ યઅલા, નસાઈ, બયહકી, મુસ્તદરકે હાકિમ)*

**હદીષ : ૨૫**

عَنْ اَبِىْ هُرَيْرَةَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اَلَا اَدُلُّكُمْ عَلٰى مَا يَمْحُو اللّٰهُ بِهِ الْخَطَايَا وَ يَرْفَعُ بِهِ الدَّرَجَاتِ اِسْبَاغُ الْوُضُوْءِ عَلَى الْمَكَارِهِ وَكَثْرَةُ الْخُطٰى اِلَى الْمَسَاجِدِ وَانْتِظَارُ الصَّلٰوةِ بَعْدَ الصَّلٰوةِ فَذٰلِكُمُ الرِّبَاطُ فَذٰلِكُمُ الرِّبَاطُ رَوَاهُ الْاِمَامُ اَحْمَدُ وَالتِّرْمِذِىْ وَ مُسْلِمٌ وَ النَّسَائِىُ

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "શું હું તમને બતાવું એ વાત જેનાથી અલ્લાહ ગુનાહ દૂર ફર્માવે અને દરજા બુલંદ કરે ? તકલીફમાં પૂરું વુઝૂ કરવું, મસ્જિદ તરફ કદમ વધારવા, નમાઝ પછી નમાઝની રાહ જોવી. આ સરહદનું રક્ષણ છે ! આ સરહદનું રક્ષણ છે ! *(ઈમામ અહમદ, તિર્મિઝી, મુસ્લિમ, નસાઈ)*

## ★ આગલા પાછલા સર્વ ગુનાહ માફ ★

**હદીષ : ૨૬**

عَنْ اَمِيْرِ الْمُؤْمِنِيْنَ عُثْمَانَ الْغَنِىْ قَالَ لَا يُسْبِغُ الْعَبْدُ الْوُضُوْءَ اِلَّا غُفِرَ لَهٗ مَا تَقَدَّمَ مِنْ ذَنْبِهٖ وَ مَا تَاَخَّرَ رَوَاهُ النَّسَائِىُ وَاَبُوْ بَكْرِ الْمَرْوَزِىْ

અમીરુલ મુ'મિનીન ઉષ્માન ગની رضی اللہ عنہ રિવાયત છે. ફર્માવ્યું, બંદો પૂરું વુઝૂ નથી કરતો પરંતુ એ કે એના આગલા અને પાછલા ગુનાહ માફ કરી દેવામાં આવે છે." *(નસાઈ, અબૂ બકર, મરવઝી)*

**હદીષ : ૨૭**

عَنْ اَبِىْ هُرَيْرَةَ قَالَ كَفَّارَاتُ الْخَطَايَا اِسْبَاغُ الْوُضُوْءِ عَلَى الْمَكَارِهِ وَاِعْمَالُ الْاَقْدَامِ اِلَى الْمَسَاجِدِ وَ انْتِظَارُ الصَّلٰوةِ بَعْدَ الصَّلٰوةِ رَوَاهُ ابْنُ مَاجَةَ





હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. આપે ફર્માવ્યું, "ગુનાહોનો કફ્ફારો તકલીફમાં પૂરું વુઝૂ કરવું, મસ્જિદો તરફ ચાલવું, નમાઝ પછી નમાઝની વાત જોવી છે." *(ઈબ્ને માજા)*

'નમાઝની રાહ જોવી'નો મતલબ એ છે કે ભલે આપણે આપણા કામથી બહાર જઈએ પણ આપણા દિમાગમાં એ વાત હોય કે બીજી નમાઝનો સમય ફલાણો છે અને મારે ફલાણા સમયે હાજરી આપવાની છે. એને એક નમાઝ પછી બીજી નમાઝની રાહ જોવી કહેવામાં આવે છે.

## ★ વુઝૂ પછી કલ્માની ફઝીલત ★

**હદીષ : ૨૮**

عَنْ اِبْنِ عُمَرَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ تَوَضَّأَ ثُمَّ قَالَ اَشْهَدُ اَنْ لَّا اِلٰهَ اِلَّا اللّٰهُ وَ اَشْهَدُ اَنَّ مُحَمَّدًا عَبْدُهٗ وَرَسُوْلُهٗ قَبْلَ اَنْ يَتَكَلَّمَ غُفِرَ لَهٗ مَا بَيْنَ وُضُوْئَيْنِ رَوَاهُ الدَّارُقُطْنِ وَ الْخَطِيْبُ

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જેણે વુઝૂ કર્યું પછી પઢયું કે હું ગવાહી આપું છું કે અલ્લાહ સિવાય કોઈ મઅબૂદે બરહક્ક નથી અને હું ગવાહી આપુ છું કે મુહમ્મદ ﷺ એના બંદા અને રસૂલ છે (બીજો કલ્મો પઢે) વાત કરતાં પહેલાં તો બે વુઝૂની વચમાંનું એના માટે માફ કરી દેવામાં આવશે." *(દારે કુતની, ખતીબ)*

## ★ કલ્મા સાથે બીજી દુઆની ફઝીલત ★

**હદીષ : ૨૯**

عَنْ بَرَاءٍ قَالَ مَا مِنْ عَبْدٍ يَقُوْلُ حِيْنَ يَتَوَضَّأُ بِسْمِ اللّٰهِ ثُمَّ يَقُوْلُ لِكُلِّ عَضْوٍ اَشْهَدُ اَنْ لَّا اِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَا شَرِيْكَ لَهٗ وَ اَنَّ مُحَمَّدًا عَبْدُهٗ وَ رَسُوْلُهٗ ثُمَّ يَقُوْلُ حِيْنَ يَفْرُغُ اَللّٰهُمَّ اجْعَلْنِىْ مِنَ التَّوَّابِيْنَ وَاجْعَلْنِىْ مِنَ الْمُتَطَهِّرِيْنَ اِلَّا فُتِحَتْ لَهٗ ثَمَانِيَةُ اَبْوَابِ الْجَنَّةِ يَدْخُلُ مِنْ اَيِّهَا شَآءَ فَاِنْ قَامَ مِنْ فَوْرِهٖ ذٰلِكَ فَصَلّٰى رَكْعَتَيْنِ يَقْرَءُ فِيْهِمَا وَيَعْلَمُ مَا يَقُوْلُ اِنْفَتَلَ مِنْ صَلٰوتِهٖ كَيَوْمٍ وَلَدَتْهُ اُمُّهٗ ثُمَّ يُقَالُ اِسْتَاْنَفِ الْعَمَلَ رَوَاهُ الْمُسْتَغْفِرِىْ فِى الدَّعْوَاتِ

હઝરત બરાઅથી રિવાયત છે. એમણે કહ્યું કે જે બંદો વુઝૂ સમયે પઢે : اَشْهَدُ اَنْ لَّا اِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَاشَرِيْكَ لَهٗ وَ اَنَّ مُحَمَّدًا عَبْدُهٗ وَ رَسُوْلُه ૫ છી
اَللّٰهُمَّ اجْعَلْنِىْ مِنَ التَّوَّابِيْنَ وَاجْعَلْنِىْ مِنَ الْمُتَطَهِّرِيْنَ ßI FZ[OFZU Y. G[5 - [
તો એના માટે જન્નતના આઠેવ દરવાજા ખોલી નાખવામાં આવશે, જ્યાંથી ઈચ્છે પ્રવેશે જો એ પછી તરત ઉભો થાય, બે રકાત નમાઝ પઢે જેમાં કુર્આન પઢે, જે પઢે એ જાણે. એની નમાઝથી નીકળ્યો એ પ્રમાણે જાણે આજે જ એની માતાએ એને જન્મ આપ્યો.'' *(મુસ્તગફેરીએ દા'વતમાં રિવાયત કરી)*

## ★ વુઝૂ પછી તહિય્યતુલ વુઝૂની નમાઝ ★

**હદીષ : ૩૦**

عَنْ اَمِيْرِ الْمُؤْمِنِيْنَ عُثْمَانَ الْغَنِىْ قَالَ رَاَيْتُ رَسُوْلَ اللّٰهِ ﷺ تَوَضَّأَ فَاَحْسَنَ الْوُضُوْءَ ثُمَّ قَالَ مَنْ تَوَضَّأَ وُضُوْئِىْ هٰذَا ثُمَّ اَتَى الْمَسْجِدَ فَرَكَعَ رَكْعَتَيْنِ غُفِرَ لَهٗ مَا تَقَدَّمَ مِنْ ذَنْبِهٖ رَوَاهُ الْبَزَّارُ

અમીરુલ મુ'મિનીન ઉષ્માન ગની رضی اللہ عنہની રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ વ્યવસ્થિત વુઝૂ કર્યું પછી ફર્માવ્યું, ''જેણે મારા આ વુઝૂ માફક વુઝૂ કર્યું પછી મસ્જિદ આવ્યો, બે રકાત નમાઝ પઢી એના આગલા ગુનાહ માફ કરી દેવામાં આવ્યા.'' *(બઝ્ઝાર)*

**હદીષ : ૩૧**

عَنْ حِمْرَانَ اَنَّ عُثْمَانَ بْنَ عُفَّانَ تَوَضَّأَ ثَلَاثًا ثَلَاثًا ثُمَّ قَالَ اِنَّ رَسُوْلَ اللّٰهِ ﷺ تَوَضَّأَ نَحْوَ وُضُوْئِىْ هٰذَا ثُمَّ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ تَوَضَّأَ نَحْوَ وُضُوْئِىْ هٰذَا ثُمَّ رَكَعَ رَكْعَتَيْنِ لَا يُحَدِّثُ فِيْهَا نَفْسَهٗ اِلَّا بِخَيْرٍ غُفِرَ لَهٗ مَا تَقَدَّمَ مِنْ ذَنْبِهٖ رَوَاهُ الطَّبْرَانِىْ فِى الْاَوْسَطِ

હઝરત હિમરાનથી રિવાયત છે. ઉષ્માન બિન અફ્ફાને ત્રણ ત્રણ વુઝૂ કર્યું પછી ફર્માવ્યું, ''બેશક ! રસૂલુલ્લાહ ﷺએ મારા આ વુઝૂ માફક વુઝૂ કર્યું પછી બે રકાત નમાઝ અદા કરી જેમાં નફસમાં ભલાઈ સિવાય કાંઈ ન આવ્યું એના આગલા ગુનાહ માફ કરી દેવામાં આવ્યા.'' *(તબ્રાનીએ ઔસત)*





## ★ સ્મિત કરવાનું કારણ ★

**હદીષ : ૩૨**

عَنْ حِمْرَانَ قَالَ كُنْتُ عِنْدَ عُثْمَانَ بْنِ عَفَّانَ اِذْ دَعَا بِوُضُوْءٍ فَلَمَّا فَرَغَ قَالَ تَوَضَّأَ رَسُوْلُ اللّٰهِ ﷺ كَمَا تَوَضَّأْتُ ثُمَّ تَبَسَّمَ فَقَالَ هَلْ تَدْرُوْنَ فِيْمَ ضَحِكْتُ قَالُوْا اَللّٰهُ وَ رُسُوْلُهٗ اَعْلَمُ قَالَ اِنَّ الْعَبْدَ الْمُسْلِمَ اِذَا تَوَضَّأَ فَاَتَمَّ وُضُوْئَهٗ ثُمَّ دَخَلَ فِىْ صَلٰوتِهٖ خَرَجَ مِنْ صَلَاتِهٖ كَمَا خَرَجَ مِنْ بَطْنِ اُمِّهٖ رَوَاهُ سَعِيْدُ بْنُ مَنْصُوْرٍ وَ الْحَارِثُ وَ اَبُوْ نُعَيْم

હિમરાનથી રિવાયત છે. એમણે કહ્યું કે હું હઝરત ઉષ્માન બિન અફફાન પાસે હતો એટલામાં એમણે પાણી મંગાવ્યું. જ્યારે ફારેગ થયા તો ફર્માવ્યું રસૂલુલ્લાહ ﷺએ વુઝૂ કર્યું હતું જેમ કે મેં વુઝૂ કર્યું પછી આપ મુસ્કુરાયા, આપે ફર્માવ્યું :–

તમને ખબર છે હું કેમ મુસ્કુરાયો ? વિનંતિ કરી, અલ્લાહ અને એના રસૂલ અધિક જાણે છે. ફર્માવ્યું, જ્યારે મુસલમાન બંદો વ્યવસ્થિત વુઝૂ કરે પછી પોતાની નમાઝમાં પ્રવેશ્યો, પોતાની નમાઝથી નીકળ્યો જેમ પોતાની માતાના પેટથી નીકળ્યો.'' *(સઈદ બિન મન્સૂર, હારિષ, અબૂ નુઐમ)*

## ★ મગફેરતની માંગ અને માફી ★

**હદીષ : ૩૩**

عَنْ اَبِى الدَّرْدَاءِ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ تَوَضَّأَ فَاَحْسَنَ الْوُضُوْءَ ثُمَّ قَامَ فَصَلّٰى رَكْعَتَيْنِ اَوْ اَرْبَعًا يُحْسِنُ فِيْهِنَّ الرُّكُوْعَ وَالْخُشُوْعَ ثُمَّ اسْتَغْفَرَ اللّٰهَ غُفِرَ لَهٗ رَوَاهُ الْاِمَامُ اَحْمَدُ

હઝરત અબૂ દરદા رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ''જેણે વ્યવસ્થિત વુઝૂ કર્યું પછી ઉભો થયો બે રકાત અથવા ચાર રકાત નમાઝ પછી જેમાં રુકૂઅ વ્યવસ્થિત કરે અને ધ્યાન રાખે પછી અલ્લાહથી મગફેરતની માંગ કરે એને બખ્શી દેવામાં આવ્યો.'' *(ઈમામ અહમદ)*

## હદીષ : ૩૪

عَنْ ثَعْلَبَةَ بْنِ عُبَادَةَ عَنْ اَبِيْهِ قَالَ لَا اَدْرِیْ مَا حَدَّثَنِيْهِ رَسُوْلُ اللّٰهِ ﷺ اَزْوَاجًا وَ اَفْرَادًا قَالَ مَا عَبْدٌ يَتَوَضَّأُ فَيُحْسِنُ الْوُضُوْءَ فَيَغْسِلُ وَجْهَهٗ حَتّٰى يَسِيْلَ الْمَآءُ عَلٰى ذَقَنِهٖ ثُمَّ يَغْسِلُ ذِرَاعَيْهِ حَتّٰى يَسِيْلَ الْمَآءُ عَلٰى مِرْفَقَيْهِ ثُمَّ يَغْسِلُ رِجْلَيْهِ حَتّٰى يَسِيْلَ الْمَآءُ مِنْ كَعْبَيْهِ ثُمَّ يَقُوْمُ فَيُصَلِّی اِلَّا غُفِرَ لَهٗ مَا سَلَفَ مِنْ ذَنْبِهٖ رَوَاهُ الطَّبْرَانِیْ وَ الطَّحَاوِیْ

હઝરત ષઅલબા બિન ઉબાદાથી રિવાયત છે. તેઓ પોતાના પિતાથી રિવાયત કરે છે. ફર્માવ્યું, મને ખબર નથી કે રસૂલુલ્લાહ ﷺએ મને કેટલી હદીષો બતાવી, બે બે અને એક એક. ફર્માવ્યું, જે બંદો વ્યવસ્થિત વુઝૂ કરે પછી ધૂએ પોતાનો ચહેરો ત્યાં સુધી કે પાણી ટપકે એની દાઢી પરથી, પછી ધૂએ પોતાનો હાથ ત્યાં સુધી કે પાણી ટપકે અને ઘુંટીઓથી, પછી ઉભો થાય અને નમાઝ પઢે એના આગલા ગુનાહ માફ કરી દેવામાં આવ્યા." *(તબ્રાની, તહાવી)*

## હદીષ : ૩૫

عَنْ اَبِیْ هُرَيْرَةَ يَقُوْلُ سَمِعْتُ رَسُوْلَ اللّٰهِ ﷺ يَقُوْلُ مَا مِنْ مُسْلِمٍ يَتَوَضَّأُ فَيَغْسِلُ سَائِرَ رِجْلَيْهِ اِلَّا خَرَجَ مَعَ قَطْرِ الْمَآءِ كُلُّ سَيِّئَةٍ مَشٰى بِهِمَا اِلَيْهَا رَوَاهُ الطَّحَاوِیْ

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે. કહે છે કે મેં રસૂલુલ્લાહ ﷺને ફર્માવતાં સાંભળ્યા, "જે મુસલમાન વુઝૂ કરે પછી પોતાના પૂરા પગ ધૂએ તો પાણીનાં ટીપાં સાથે નીકળી ગયાં દરેક ગુનાહ જેની તરફ એના પગ ચાલ્યા." *(તહાવી)*

## ★ હોઠોના ગુનાહ પણ ગયા ★

## હદીષ : ૩૬

عَنْ اَبِیْ اُمَامَةَ قَالَ اِنَّ رَسُوْلَ اللّٰهِ ﷺ قَالَ اَيُّمَا رَجُلٍ اَمَّ اِلٰی وُضُوْئِهٖ يُرِيْدُ الصَّلٰوةَ ثُمَّ غَسَلَ كَفَّيْهِ نَزَلَتْ كُلُّ خَطِيْئَةٍ مِنْ كَفَّيْهِ مَعَ اَوَّلِ قَطْرَةٍ فَاِذَا مَضْمَضَ وَ اسْتَنْشَقَ وَاسْتَنْثَرَ نَزَلَ كُلُّ خَطِيْئَةٍ مِنْ لِسَانِهٖ وَ شَفَتَيْهِ مَعَ اَوَّلِ





قَطْرَةٍ فَاِذَا غَسَلَ وَجْهَهٗ تَنَزَّلَتْ كُلُّ خَطِيْئَةٍ مِنْ سَمْعِهٖ وَ بَصَرِهٖ مَعَ اَوَّلِ قَطْرَةٍ فَاِذَا غَسَلَ يَدَهٗ اِلَی الْمِرْفَقَيْنِ وَ رِجْلَهٗ اِلَی الْكَعْبَيْنِ سَلِمَ مِنْ كُلِّ ذَنْبٍ كَهَيْئَةِ يَوْمٍ وَلَدَتْهُ اُمُّهٗ رَوَاهُ الْاِمَامُ اَحْمَدُ

હઝરત અબૂ ઉમામા رضی اللہ عنہથી રિવાયત છે. કહ્યું કે અલ્લાહના રસૂલ ﷺએ ફર્માવ્યું, "જે માણસ નમાઝના ઈરાદાથી વુઝૂ માટે ઉભો થયો પછી એણે પોતાની બંને હથેળીઓ ધોઈ એની બંને હથેળીઓથી દરેક ગુનોહ નીકળી ગયો પાણીના પહેલા ટીપા સાથે, પછી જ્યારે કુલ્લી કરી નાકમાં પાણી નાખી સાફ કર્યું એની જીભ અને હોઠોનો દરેક ગુનોહ નીકળી ગયો પાણીના પહેલા ટીપા સાથે, પછી જ્યારે પોતાનો ચહેરો ધૂએ એના કાન અને આંખોનો દરેક ગુનોહ નીકળી ગયો પાણીના પહેલા ટીપા સાથે, પછી જ્યારે એ પોતાના બંને હાથ કોણીઓ સાથે ધૂએ અને પગ ઘુંટીઓ સાથે તો દરેક ગુનાહથી એવો સલામત થઈ ગયો જાણે આજે એને એની માતાએ જન્મ આપ્યો." *(ઈમામ અહમદ)*

## હદીષ : ૩૭

عَنْ اَبِیْ اُمَامَةَ قَالَ اِذَا تَمَضْمَضَ اَحَدُكُمْ حَطَّ مَا اَصَابَ بِيَدَيْهِ وَاِذَا غَسَلَ وَجْهَهٗ حَطَّ مَا اَصَابَ بِوَجْهِهٖ وَاِذَا غَسَلَ يَدَيْهِ حَطَّ مَا اَصَابَ بِيَدَيْهِ وَاِذَا مَسَحَ بِرَاْسِهٖ تَنَاثَرَتْ خَطَايَاهُ مِنْ اُصُوْلِ الشَّعْرِ وَاِذَا غَسَلَ قَدَمَيْهِ حَطَّ مَا اَصَابَ بِرِجْلَيْهِ رَوَاهُ الطَّبْرَانِیْ فِی الْاَوْسَطِ

હઝરત અબૂ ઉમામા رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવ્યું, "જ્યારે તમારામાંથી કોઈ કુલ્લી કરે, પડી ગયું જે એના હોઠોથી એને પહોંચ્યું અને જ્યારે પોતાનો ચહેરો ધૂએ છે એના ચહેરાથી જે એને પહોંચ્યું પડી ગયું અને જ્યારે પોતાના હાથ ધૂએ, પડી ગયું જે એના હાથોથી એને પહોંચ્યું અને જ્યારે પોતાના માથાનો મસહ કરે વાળના મૂળોમાંથી એના ગુનાહ પડી ગયા અને જ્યારે પોતાના પગ ધૂએ એના પગથી જે પહોંચ્યું પડી ગયું." *(તબ્રાનીએ ઔસત)*

## હદીષ : ૩૮

عَنْ اَبِیْ اُمَامَةَ قَالَ اَلْوُضُوْءُ يُكَفِّرُ مَا قَبْلَهٗ ثُمَّ يَصِيْرُ الصَّلٰوةَ نَافِلَةً رَوَاهُ الْاِمَامُ اَحْمَد

હઝરત અબૂ ઉમામા رضی اللہ عنہથી રિવાયત છે. એમણે ફર્માવ્યું, "વુઝૂ કફ્ફારો બની જાય છે એના આગળનો પછી નમાઝ વધારાની થઈ જાય છે s; JFADFJWFZMRc *(ઈમામ અહમદ)*

**હદીષ : ૩૯**

عَنْ اَبِیْ هُرَیْرَة قَالَ قَالَ رَسُوْلِ اللّٰهِ صلی اللہ علیہ وسلم اِذَا تَوَضَّأَ الْعَبْدُ الْمُسْلِمُ اَوِ الْمُؤْمِنُ فَغَسَلَ وَجْهَهٗ خَرَجَ مِنْ وَجْهِهٖ كُلُّ خَطِیْئَةٍ نَظَرَ اِلَیْهَا بِعَیْنَیْهِ مَعَ الْمَآءِ اَوْمَعَ اٰخِرِ قَطْرِ الْمَآءِ فَاِذَاغَسَلَ یَدَیْهِ خَرَجَ مِنْ وَجْهِهٖ كُلَّ خَطِیْئَةٍ بَطَشَتْهَا یَدَاهُ مَعَ الْمَآءِ اَوْمَعَ اٰخِرِ قَطْرِ الْمَآءِ فَاِذَا غَسَلَ رِجْلَیْهِ خَرَجَ كُلُّ خَطِیْئَةٍ مَشَتْهَا رِجْلَاهُ مَعَ الْمَآءِ اَوْمَعَ اٰخِرِ قَطْرِ الْمَآءِ حَتّٰی یَخْرُجَ نَقِیًّا مِنَ الذُّنُوْبِ رَوَاهُ الْاِمَامُ مَالِكٌ وَ الشَّافِعِیْ وَمُسْلِمٌ وَ التِّرْمِذِیْ

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, "જ્યારે મુસ્લિમ અથવા મુ'મિન બંદો વુઝૂ કરે, ધૂએ પોતાનો ચહેરો તો નીકળી ગયા દરેક ગુનાહ જેની તરફ એની આંખોએ જોયું પાણી સાથે અથવા પાણીના અંતિમ ટીપાં સાથે. પછી જ્યારે ધૂએ પોતાના બંને હાથ નીકળી ગયા એના બંને હાથથી દરેક ગુનાહ જે એના હાથે પકડીને કર્યા પાણી સાથે અથવા પાણીના અંતિમ ટીપા સાથે. પછી જ્યારે પોતાના બંને પગ ધૂએ તો નીકળી ગયા દરેક ગુનાહ જેની તરફ એના પગ ચાલ્યા પાણી સાથે અથવા પાણીના અંતિમ ટીપાં સાથે. ત્યાં સુધી કે ગુનાહોથી તદ્દન સ્વચ્છ થઈ ગયો." *(ઈમામ માલિક, શાફેઈ, મુસ્લિમ, તિર્મિઝી)*

**હદીષ : ૪૦**

عَنْ عَمْرِو بْنِ عَبْسَةَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صلی اللہ علیہ وسلم مَنْ تَوَضَّأَ فَاَحْسَنَ الْوُضُوْءَ ذَهَبَ الْاِثْمُ مِنْ سَمْعِهٖ وَ بَصَرِهٖ وَیَدِهٖ وَرِجْلَیْهِ رواه المتقى فى كنز العمال

હઝરત અમ્ર બિન અબસાથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, "જેણે વુઝૂ કર્યું તો વ્યવસ્થિત વુઝૂ કર્યું તો એના કાન, એની આંખ, એના હાથ અને એના પગોથી ગુનાહ ચાલ્યા ગયા." *(કન્ઝુલ ઉમ્માલ)*

મારા પ્યારા આકા صلی اللہ علیہ وسلمના પ્યારા દીવાનાઓ અને દીવાનીઓ !





ઉપરોક્ત ચાલીસ હદીષોથી એ પૂરવાર થયું કે અલ્લાહ તઆલાએ આપણને જે વુઝૂનો આદેશ આપ્યો, અને ખાસ કરીને નમાઝની બંદગીમાં એની બારગાહમાં હાજરી આપવા જેને શરત અને ફર્ઝ બનાવ્યું, એમાં પાણી થકી સફાઈ તો આપણું કામ છે પણ એ પાણી સાથે ગુનાહની સફાઈ અલ્લાહની અપાર કૃપા છે કે બંદો જ્યારે મારી બારગાહમાં આવવા જાહેરી મેલ કુચેલને સાફ કરે છે તો હું એના બાતિનને પણ સ્વચ્છ કરી આપું.

**નોંધ** : ગુનાહોની પાકી અને સફાઈથી મુરાદ ઉલમાએ કિરામની એકમતિથી સગીરા અને નાના ગુનાહ છે. કારણ કે કબીરા અને મોટા ગુનાહ સાચી પાકી તૌબા વગર માફ નથી થઈ શકતા. ખઝાઈનુલ ઈર્ફાનમાં હઝરત અલ્લામા નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

**મસ્અલા** : આયતસે માલૂમ હુવા નેકિયાં સગીરા ગુનાહોં કે લિએ કફ્ફારા હોતી હંય ખ્વાહ વોહ નેકિયાં નમાઝ હોં યા સદકા, યા ઝિક્રો ઈસ્તિગફાર, યા ઔર કુચ્છ. મુસ્લિમ શરીફકી હદીષમેં હંય કે પાચોં નમાઝેં ઔર જુમ્આ દુસરે જુમ્આ તક ઔર એક રિવાયતમેં હંય કે રમઝાન દુસરે રમઝાન તક યહ સબ કફ્ફારા હંય ઉન ગુનાહોં કે લિએ જો ઉન્કે દરમિયાન વાકેઅ હોં જબ કે આદમી કબીરા ગુનાહોંસે બચે. *(સૂરએ હૂદ, આયત–૧૧૪)*

સ્પષ્ટ થયું કે વુઝૂથી જે ગુનાહોની માફીની ખુશખબરીઓ બતાવવામાં આવી એનો મતલબ પણ સગીરા ગુનાહ છે એટલે એવું ન સમજી લેવું કે માત્ર વુઝૂ કરીને આપણે દરેક ગુનાહથી મુક્તિ પ્રાપ્ત કરી લઈશું, બલ્કે જે ફર્ઝનો પાબંદ ન હોય એની કોઈ ઈબાદત કબૂલ કરવામાં આવતી નથી.

## શંકા કુશંકાનો ઉકેલ

**સવાલ** : શું વુઝૂથી ગુનાહ માફ થઈ જાય છે ?

**જવાબ** : હા, વુઝૂથી ગુનાહ માફ કરી દેવામાં આવે છે.

**સવાલ** : શું સર્વ ગુનાહ માફ થઈ જાય છે ?

**જવાબ** : સર્વ ગુનાહથી મુરાદ સગીરા સર્વ ગુનાહ છે એ માફ થઈ જાય છે.

**સવાલ** : કબીરાની એના થકી માફી કેમ નહીં ?

**જવાબ** : કબીરા ગુનાહોની માફી તૌબાથી જ થાય છે. કુર્આન શરીફમાં અલ્લાહ તઆલાનો પ્યારો પ્યારો ઈર્શાદ છે :–

اِنۡ تَجۡتَنِبُوۡا الۡكَبَآئِرَ مَا تُنۡهَوۡنَ عَنۡهُ نُكَفِّرۡ عَنۡكُمۡ سَيِّئَاتِكُمۡ ''જો તમે કબીરા (ગુનાહો)થી બચીને રહો જેનાથી તમને રોકવામાં આવે છે તો અમે તમારી ખતાઓને માફ કરી દઈશું.''

આ આયતમાં જે ગુનાહોનો કફ્ફારો બીજો અમલ બનશે એ બશારતમાંથી કબીરા ગુનાહોને અલગ કરી લેવામાં આવ્યા. તો સ્પષ્ટ થયું નેક અમલ થકી ગુનાહની માફીની ખુશખબરી સગીરા ગુનાહોથી સંબંધિત છે.

**સવાલ** : અમુક હદીષોમાં આવ્યું કે વુઝૂ સુન્નત મુજબ કરવાથી એ એ પ્રમાણે ગુનાહોથી પાક થઈ જાય છે જાણે આજે જ પેદા થયો, તો એનાથી તો દરેક ગુનાહની માફી પૂરવાર થાય છે ?

**જવાબ** : મુસ્લિમ શરીફની હદીષનું વર્ણન થયું કે એમાં આપણા પ્યારા નબી ﷺએ ગુનાહોની માફીની બશારત સાથે એ શરતનો વધારો કર્યો કે, ''જો એ કબીરાથી બચે '' અને કુર્આનની આયતથી હમણાં જ ઉલ્લેખ થયો. એટલે જે હદીષોમાં એવી કોઈ શરતનો વધારો ન હોય એ સર્વ સાથે આ શરત રાખવામાં આવશે. ફેંસલો એક હદીષથી નહીં બલ્કે પૂરી શરીઅત આપણા સમક્ષ છે એ બધું સામે રાખીને જ કોઈ નિર્ણય લેવામાં આવશે.





**સવાલ** : કોઈ વ્યક્તિ બેઅમલ છે એણે આખી જિંદગી કંઈ જ ન કર્યું તો શું એ જીવનના અંતમાં વુઝૂ કરી લે તો એના સર્વ સગીરા ગુનાહ માફ થઈ ગયા ?

**જવાબ** : જે વ્યક્તિ ફરાઈઝ અને વાજિબાતનો પાબંદ ન હોય અને કોઈ પણ શરઈ કારણ વિના છોડતો હોય, કઝા કરતો હોય એવા વ્યક્તિનો બીજો કોઈ અમલ ત્યાં સુધી કબૂલ નથી થતો જ્યાં સુધી એ સાચી પાકી તૌબા કરી કઝા રૂપે એ ફરાઈઝો, વાજિબાતને અમલમાં ન લાવે. એટલે જે વ્યક્તિ બાબત પૂછવામાં આવ્યું એ વુઝૂથી જે આપવામાં આવી છે એ ખુશખબરીનો હક્કદાર બનશે નહીં.

**સવાલ** : અમુક હદીષોમાં આવ્યું બે નમાઝની વચમાંના ગુનાહ અને અમુકમાં આવ્યું આગલા અને પાછલા તો આને કઈ વાત સાથે નિયુક્ત કરવું ?

**જવાબ** : બે નમાઝની વચમાં જે સગીરા ગુનાહ થયા એની સાથે નિયુક્ત કરવામાં આવશે.

**સવાલ** : તો પછી જેમાં આગલા પાછલા સર્વ ગુનાહનો ઉલ્લેખ છે એ તો સર્વ છૂટી જ ગઈ, એના પર અમલ કેમ નહીં ?!

**જવાબ** : સહાબાના યુગમાં ઈરાદાથી નમાઝ કઝા કરવી વાસ્તવિક કુફ્ર સમજવામાં આવતું હતું એટલે નમાઝ છોડવી એ તો એમના ખયાલથી પણ બહાર હતું, અને તેઓ નબીની સુન્નતને છોડવું પસંદ ન કરતા તો હરામમાં પડવાનો તો પ્રશ્ન જ ક્યાં છે ?! એટલે એમના સમયમાં અમુક હદીષો એના જાહેરી શબ્દોમાં વર્ણન કરવામાં આવી અને સમજ આપવાના હેતુથી એમાં શરતોનો ઉલ્લેખ ન થયો.

**સવાલ** : કોઈ વ્યક્તિએ આખા દિવસની નમાઝ કઝા કરી અને સવારથી સાંજ સુધીમાં ઘણા નાના ગુનાહો કર્યા તો શું રાત્રે સૂતી વખતે વુઝૂ કરી લે તો એના દિવસભરના સગીરા ગુનાહ માફ થઈ ગયા ?

**જવાબ** : નમાઝો કઝા કરી એ મહાન કબીરા ગુનાહનું કામ છે, જ્યાં સુધી એ સાચી પાકી તૌબા કરી એ નમાઝો કઝા ન કરી લે ત્યાં સુધી માત્ર

વુઝૂ નહીં બીજો કોઈપણ અમલ એનો કબૂલ થતો નથી. એટલે માફીનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત કરવો બેકાર છે. હા, તૌબા કરી લે ! ફર્ઝ વાજિબની કઝા કરી લે તો ઉમ્મીદ છે એક વુઝૂ પણ દિવસભરના ગુનાહોની માફીનો ઝરીયો બને.

**સવાલ** : નિય્યત વગર વુઝૂ કર્યું હોય તો આ ફાયદો મળે ?

**જવાબ** : اِنَّمَا الْاَعْمَالُ بِالنِّيَّاتِ "બેશક ! અમલોનો દારોમદાર નિય્યતો પર છે." એટલે વિના નિય્યતે વુઝૂ તો થઈ જાય પણ ઉપરોક્ત કોઈ બશારત એમાં આવી શકતી નથી.

**સવાલ** : જેને વુઝૂની નિય્યત ન આવડતી હોય એ શું કરે ?

**જવાબ** : નિય્યતનો મતલબ છે દિલથી વુઝૂનો ઈરાદો કરવો, એના માટે શબ્દોનો ઉચ્ચાર જરૂરી નથી. વુઝૂની જે નિય્યત કિતાબોથી શિખવાડવામાં આવે છે એ એક સારું કામ છે, પણ વાસ્તવમાં નિય્યત દિલથી વુઝૂનો ઈરાદો કરવો છે અને એ દરેક જ કરી શકે છે એટલે ન આવડવાની વાત જ નથી.

**સવાલ** : સુન્નત મુજબ વુઝૂ કરવામાં આવે તો જ આ ફઝીલતો પ્રાપ્ત થઈ શકે છે કે એના વગર પણ ?!

**જવાબ** : જે અમલમાં સુન્નતોનો સમાવેશ છે એમાં કમાલ સુન્નતોથી જ પ્રાપ્ત થાય છે. એટલે દરેક શંકાથી બહાર થવા એ જ ફેંસલો ઉત્તમ છે કે વુઝૂ ફઝીલતોની પ્રાપ્તિમાં સુન્નત મુજબ છે. અને અમુક હદીષોમાં એ ઉલ્લખ પણ છે કે નબી ﷺએ ફર્માવ્યું, "જેણે મારા આ વુઝૂ મુજબ વુઝૂ કર્યું" તો આ શરતને બીજી હદીષો જેમાં એનો ઉલ્લેખ નથી એમના માટે પણ શરત બનાવી શકાય છે.

**સવાલ** : હદીષમાં વુઝૂ પર જે બશારતો આપવામાં આવી છે તો વુઝૂ કરવાથી શું એ મળીને જ રહેશે ?

**જવાબ** : આપણો અમલ અલ્લાહની બારગાહમાં કબૂલ થાય તો મળીને રહેશે પણ અમલનું કબૂલ થઈ જવું જરૂરી નથી એનો આધાર આપણા પ્રમાણે ઉમ્મીદ પર છે, અમલ સાથે કબૂલિયતની દુઆ પણ કરવી જોઈએ જેનાથી ઉમ્મીદ વધારે સશક્ત બને છે.





**સવાલ** : તો પછી આ બશારતોનો મતલબ શું ?

**જવાબ** : બશારતો અમલ પર નથી હોતી અમલના કબૂલ થવા પર જ હોય છે.

**સવાલ** : જ્યારે બશારતો આપવામાં આવી તો અમલ કબૂલ કરવો જ જોઈએ ?

**જવાબ** : અલ્લાહ પર એની જાત અને સિફાત સિવાય કાંઈ વાજિબ અને જરૂરી નથી, દરેક અમલ એના ઈરાદા પર આધારિત છે. મતલબ એ જ છે કે અલ્લાહ તઆલા તમારા અમલોને કબૂલ ફર્માવશે તો જે કાંઈ તમને બતાવવામાં આવ્યું એટલું અને એનાથી અધિક પણ મળશે.

**સવાલ** : પછી કેવી રીતે ખબર પડે કે આપણો અમલ કબૂલ છે ?!

**જવાબ** : દુનિયામાં એને જાણી લેવાનો કોઈ માર્ગ નથી. અમલ કબૂલ થવાની અમુક શરતો હોય છે એનું પાલન કરવામાં આવે તો ઉમ્મીદ કબૂલની સશક્ત બની જાય છે. યકીન આખેરતમાં પ્રાપ્ત થશે જ્યારે નેકીના પલ્લામાં આપણને આપણા અમલ જોવા મળશે.

**સવાલ** : કુર્આનમાં છે, اِنَّ اللّٰهَ لَایُضِیۡعُ اَجۡرَ الۡمُؤۡمِنِیۡنَ "બેશક ! અલ્લાહ ઈમાનવાળાઓનો બદલો બેકાર નહીં કરે." બીજી આયતમાં છે, اِنَّ اللّٰهَ لَایُخۡلِفُ الۡمِیۡعَادَ "બેશક ! અલ્લાહ વાયદા ખિલાફી નથી કરતો."

**જવાબ** : અમલ કબૂલ ફર્માવી લેશો તો બદલો બેકાર નહીં જાય અને અમલ કબૂલ ફર્માવી લેશે તો જે વાયદો છે એ પણ મળીને રહેશે, અમલ કરો, કબૂલની ઉમ્મીદ રાખો, અને એના માટે દુઆનો સહારો પણ લો !

**સવાલ** : આ ખુલાસા પ્રમાણે તો માણસનો દરેક અમલ શંકામાં મૂકાઈ ગયો, પછી તો અમલમાં દિલ પણ લાગે ?!

**જવાબ** : બંદાનું કામ છે અલ્લાહ અને એના રસૂલ ﷺના ફર્માન પર અમલ કરવો અને અમલને કબૂલ કરવાની જે જાહેરી શરતો છે એનો ખયાલ રાખવો, કબૂલ કરવું અલ્લાહનું કામ છે. આપણને હુકમ થયો, આપણે એમાં લાગી જવું.

બીજું એ કે બદલો તો અલ્લાહની કૃપા પર આધારિત છે. શું અલ્લાહ

અને રસૂલ ﷺના હુકમ થાય તો આપણે આપણો ફાયદો જોવો કે પછી એમના ફર્માનનું મહત્વ સમજીને અમલ માટે આગળ ધપવું ! આપણે આપણું કામ કરવું જોઈએ, શરતોનું પાલન કરવું જોઈએ અને જે કામ અલ્લાહનું છે એમાં એનાથી ઉમ્મીદ રાખવી જોઈએ.

ડોકટર ઈકબાલ સાહબ એ વાત તરફ ઈશારો કરતાં લખે છે :–

**સોદાગરી નહીં ઈબાદત ખુદા કી હય**
**ગાફિલ જઝા કી તમન્ના ભી છોળ દે !**

અલ્લાહ તઆલા આપણને શરીઅત પર અમલની તૌફીક઼ અતા ફર્માવે. આમીન બિજાહિ સૈયદિલ મુરસલીન ﷺ.

وَمَا عَلَيْنَا اِلَّا الْبَلَاغُ الْمُبِيْنُ





## (પ્રકરણ : ૪)

# તહારત અને ગુનાહોની માફી

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

نَحْمَدُهٗ وَنُصَلِّىْ عَلٰى رَسُوْلِهٖ سَيِّدِالْمُرْسَلِيْنَ وَعَلٰى اٰلِهٖ وَاَصْحَابِهٖ اَجْمَعِيْنَ ـ اَمَّا بَعْدُ فَاَعُوْذُ بِاللّٰهِ مِنَ الشَّيْطَانِ الرَّجِيْمِ ـ بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ـ حَافِظُوْا عَلَى الصَّلَوَاتِ وَ الصَّلَاةِ الْوُسْطٰى وَ قُوْمُوْا لِلّٰهِ قَانِتِيْنَ ـ صَدَقَ اللّٰهُ الْعَظِيْمُ وَصَدَقَ رَسُوْلُهُ النَّبِىُّ الْاَمِيْنُ الْكَرِيْمُ ـ وَنُحْنُ عَلٰى ذٰلِكَ لَمِنَ الشَّاهِدِيْنَ وَالشَّاكِرِيْنَ وَالْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعَالَمِيْن

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَارَسُوْلَ اللّٰهِ
اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَاحَبِيْبَ اللّٰهِ
اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَا نَبِىَّ اللّٰهِ
اَلصَّلٰوةُ وَ السَّلَامُ عَلَيْكَ يَا نُوْرَ اللّٰهِ
صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْكَ وَسَلَّمَ

### ★ વ્યવસ્થિત વુઝૂ કરો ! ★

**હદીષ : ૧**

عَنْ زَيْدِ بْنِ خَالِدِ الْجُهْنِىْ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ تَوَضَّأَ فَاَحْسَنَ وَضُوْئَهٗ ثُمَّ صَلّٰى رَكْعَتَيْنِ لَايَسْهُوْ فِيْهِمَا غُفِرَ لَهٗ مَاتَقَدَّمَ مِنْ ذَنْبِهٖ رَوَاهُ الْحَاكِمُ فِى الْمُسْتَدْرَكْ

ઝૈદ બિન ખાલિદ જોહનીથી રિવાયત છે. એમણે કહ્યું કે અલ્લાહના

રસૂલ ﷺએ ફર્માવ્યું, "જેણે વ્યવસ્થિત વુઝૂ કર્યું પછી ભૂલ વિના બે રકાત નમાઝ અદા કરી એના આગલા ગુનાહ માફ કરી દેવામાં આવશે." *(મુસ્તદરકે હાકિમ)*

## ★ ખૂણે ખૂણાથી ગુનાહ બહાર ★

**હદીષ : ૨**

عَنْ عَمْرِو بْنِ عَنْبَةَ اَنَّ اَبَا عُبَيْدَةَ قَالَ لَهٗ حَدِّثْنَا حَدِيْثًا سَمِعْتَهٗ مِنْ رَسُوْلِ اللّٰهِ ﷺ قَالَ سَمِعْتُ رَسُوْلَ اللّٰهِ ﷺ غَيْرَ مَرَّةٍ وَلَا مَرَّتَيْنِ وَلَا ثَلَاث يَقُوْلُ اِذَا تَوَضَّأَ الْعَبْدُ الْمُؤْمِنُ فَمَضْمَضَ وَ اسْتَنْثَرَ خَرَجَتِ الْخَطَايَا مِنْ اَطْرَافِ فَمِهٖ فَاِذَا غَسَلَ يَدَيْهِ تَنَاثَرَتِ الْخَطَايَا مِنْ اَظْفَارِهٖ فَاِذَا مَسَحَ بِرَاسِهٖ تَنَاثَرَتِ الْخَطَايَا مِنْ اَطْرَافِ رَاسِهٖ فَاِنْ قَامَ وَ صَلّٰى رَكْعَتَيْنِ يُقْبِلُ فِيْهِمَا بِقَلْبِهٖ وَ طَرْفِهٖ اِلَى اللّٰهِ عَزَّ وَ جَلَّ خَرَجَ مِنْ ذُنُوْبِهٖ كَمَا وَلَدَتْهُ اُمُّهٗ رَوَاهُ حَاكِمُ فِى الْمُسْتَدْرَكِ

અમ્રૂ બિન અંબાથી રિવાયત છે કે હઝરત અબૂ ઉબૈદાએ એમને કહ્યું અમને હદીષ બયાન કરી કે મેં રસૂલુલ્લાહ ﷺથી સાંભળી ફર્માવ્યું, મેં રસૂલુલ્લાહ ﷺથી એક બે અને ત્રણથી અધિક વખત સાંભળી ફર્માવે છે, "જ્યારે મો'મિન બંદો વુઝૂ કરે તો કુલ્લી કરે અને નાકમાં પાણી ચઢાવે તો ગુનાહ એના મોઢાના ખૂણે ખૂણાથી નીકળી જાય છે, પછી જ્યારે પોતાના હાથ ધોવે છે ગુનાહ એના નખોથી નીકળી જાય છે, પછી જ્યારે પોતાના માથાનો મસોહ કરે છે ગુનાહ પડી જાય છે એના માથાના ખૂણે ખૂણાથી પછી જો એ ઉભો થાય બે રકાત નમાઝ પઢે, એનું દિલ હાજર હોય અને ધ્યાન અલ્લાહ તઆલા તરફ હોય તો નીકળી જશે પોતાના ગુનાહથી જાણે એની માતાએ એને જન્મ આપ્યો." *(મુસ્તદરકે હાકિમ)*

## ★ દુરૂદનો સવાબ ★

**હદીષ : 3**

عَنْ اَمِيْرِ الْمُؤْمِنِيْنَ عَلِيِّ الْمُرْتَضٰى كَرَّمَ اللّٰهُ وَجْهَهٗ قَالَ قَالَ النَّبِيُّ ﷺ اَفْضَلُ اللَّيْلِ جَوْفُ اللَّيْلِ الْاٰخِرِ ثُمَّ الصَّلٰوةُ مَقْبُوْلَةٌ اِلٰى صَلٰوةِ الْفَجْرِ ثُمَّ لَا صَلٰوةَ اِلٰى طُلُوْعِ الشَّمْسِ ثُمَّ الصَّلٰوةُ مَقْبُوْلَةٌ اِلٰى صَلٰوةِ الْعَصْرِ ثُمَّ لَا صَلٰوةَ



ફઝીલતોનો ખજાનો એટલે નમાઝ !

حَتّٰى تَغْرِبَ الشَّمْسَ قِيْلَ يَا رَسُوْلَ اللّٰهِ كَيْفَ صَلٰوةُ اللَّيْلِ قَالَ مَثْنٰى مَثْنٰى قِيْلَ كَيْفَ صَلٰوةُ النَّهَارِ قَالَ اَرْبَعًا اَرْبَعًا وَمَنْ صَلّٰى عَلَيَّ صَلٰوةً كَتَبَ اللّٰهُ قِيْرَاطًا وَالْقِيْرَاطُ مَثْلُ اُحُدٍ وَاِنَّ الْعَبْدَ اِذَاقَامَ يَتَوَضَّأُ فَغَسَلَ كَفَّيْهِ خَرَجَتْ ذُنُوْبُهٗ مِنْ كَفَّيْهِ ثُمَّ اِذَا مَضْمَضَ وَ اسْتَنْشَقَ خَرَجَتْ ذُنُوْبُهٗ مِنْ خَيَاشِيْمِهٖ ثُمَّ اِذَا غَسَلَ وَجْهَهٗ خَرَجَتْ ذُنُوْبُهٗ مِنْ وَجْهِهٖ وَ سَمْعِهٖ وَبَصَرِهٖ ثُمَّ اِذَا غَسَلَ ذِرَاعَيْهِ خَرَجَتْ ذُنُوْبُهٗ مَنْ ذِرَاعَيْهِ ثُمَّ اِذَا مَسَحَ بِرَاسِهٖ خَرَجَتْ ذُنُوْبُهٗ مِنْ رَاسِهٖ ثُمَّ اِذَا غَسَلَ رِجْلَيْهِ خَرَجَتْ ذُنُوْبُهٗ مِنْ رِجْلَيْهِ ثُمَّ اِذَا قَامَ اِلَى الصَّلٰوةِ خَرَجَ مِنْ ذُنُوْبِهٖ كَيَوْم وَلَدَتْهُ اُمُّهٗ رَوَاهُ عَبْدُ الرَّزَّاقِ

અમીરુલ મુ'મિનીન અલી મુર્તઝા كرم الله تعالىٰ وجهه الكريم થી રિવાયત છે. એમણે કહ્યું નબી ﷺએ ફર્માવ્યું, "રાતનો ઉત્તમ ભાગ અંતિમ ભાગ છે, પછી નમાઝ કૂબૂલ છે ફજરની નમાઝ સુધી, પછી કોઈ નમાઝ નથી સૂર્યોદય સુધી, પછી નમાઝ કૂબૂલ છે અસર સુધી. પછી કોઈ નમાઝ નથી સૂર્યાસ્ત સુધી પૂછવામાં આવ્યું. અય અલ્લાહના રસૂલ ! ﷺ રાતની નમાઝની સ્થિતિ શું છે ? ફર્માવ્યું, બે બે રકાત. પૂછવામાં આવ્યું, દિવસની નમાઝ કેવી છે ? ફર્માવ્યું, ચાર ચાર. અને જે મારા પર દુરૂદ પઢશે અલ્લાહ એના માટે એક કિરાત લખશે, અને કિરાત ઓહદ્દ પહાડ જેવો છે. અને બંદો. જ્યારે વુઝૂ કરવા ઉભો થાય પછી પોતાની હથેળીઓ ધોવે તો એની હથેળીઓથી ગુનાહ નીકળી જાય છે, પછી જ્યારે કુલ્લી કરે અને નાકમાં પાણી ચઢાવે તો એના નાકની બંને નસકોરીના ગુનાહ નીકળી જાય છે. પછી જ્યારે પોતાનો ચહેરો ધોવે છે તો એના ચહેરાના અને આંખ કાનના ગુનાહ નીકળી જાય છે. પછી જ્યારે પોતાના હાથ ધોવે તો એના હાથના ગુનાહ નીકળી જાય છે પછી જ્યારે પોતાના માથાનો મસોહ કરે તો એના માથાના ગુનાહ નીકળી જાય છે. પછી જ્યારે પોતાના પગ ધોવે તો એના પગના ગુનાહ નીકળી જાય છે. પછી જ્યારે એ નમાઝ માટે ઉભો થાય એ પોતાના ગુનાહથી આમ નીકળી ગયો હશે જાણે આજે એને એની માતાએ જન્મ આપ્યો. *(અબ્દુર્રઝ્ઝાક)*

## ★ ફરિશ્તાની પુકાર ★

**હદીષ : ૪**

عَنْ عَبْدِ اللّٰهِ بْنِ مَسْعُوْدٍ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ يَبْعَثُ مَنَادٍ عِنْدَ حَضْرَةِ كُلِّ صَلٰوةٍ فَيَقُوْلُ يَا بَنِىْ آدَمَ قُوْمُوْا فَاطْفِؤُا عَنْكُمْ مَا اَوْقَدْتُمْ عَلٰى اَنْفُسِكُمْ فَيَقُوْمُوْنَ فَيَتَطَهَّرُوْنَ فَتَسْقُطُ خَطَايَاهُمْ مِنْ اَعْيُنِهِمْ وَ يُصَلُّوْنَ فَيُغْفَرُ لَهُمْ مَا بَيْنَهُمَا ثُمَّ يُوْقِدُوْنَ فِيْمَا بَيْنَ ذٰلِكَ فَاِذَا كَانَ عِنْدَ الصَّلٰوةِ الْاُوْلٰى نَادٰى يَا بَنِىْ آدَمَ قُوْمُوْا فَاطْفِؤُا مَا اَوْقَدْتُمْ عَلٰى اَنْفُسِكُمْ فَيَقُوْمُوْنَ فَيَتَطَهَّرُوْنَ وَ يُصَلُّوْنَ فَيُغْفَرُ لَهُمْ مَا بَيْنَهُمَا فَاِذَا حَضَرَتِ الْعُصْرُ فَمِثْلُ ذٰلِكَ فَاِذَا حَضَرَتِ الْمَغْرِبُ فَمِثْلُ ذٰلِكَ فَاِذَا حَضَرَتِ الْعَتَمَةُ فَمِثْلُ ذٰلِكَ فَيَتَنَامُوْنَ وَقَدْ غُفِرَ لَهُمْ فَمُدْلِجٌ فِىْ خَيْرٍ وَ مُدْلِجٌ فِى شَرٍ رَوَاهُ الطَّبْرَانِىْ فِى الْكَبِيْرِ

હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "દરેક નમાઝના સમયે એક અવાજ આપનાર ઉઠે છે અને કહે છે : અય આદમની ઔલાદ ! ઉભા થાવ અને જે તમે તમારા માટે સળગાવ્યું એને તમારાથી ઓલવો ! તો તેઓ ઉભા થાય છે. પછી તહારત હાંસલ કરે છે તો એમના ગુનાહો પડી જાય છે એમની આંખોથી. અને નમાઝ પઢે છે તો બેની વચમાં જે છે એની મગફેરત કરી દેવામાં આવે છે. પછી જ્યારે બેની વચમાં સળગાવે છે પછી જ્યારે પહેલી નમાઝનો સમય થઈ જાય છે પુકારે છે, અય આદમની ઔલાદ ઉઠો ! ઓલવો ! જે તમે તમારા પર સળગાવ્યું. પછી તેઓ ઉભા થાય છે, પાકી હાંસલ કરે છે અને નમાઝ અદા કરે છે તો જે એ બેની વચમાં છે એમના માટે માફ કરી દેવામાં આવે છે. પછી જ્યારે અસરનો સમય થાય છે તો એ જ પ્રમાણે છે. પછી જ્યારે મગરિબનો સમય થાય છે તો એ જ પ્રમાણે છે. પછી જ્યારે ઈશાનો સમય થાય છે તો એ જ પ્રમાણે છે. પછી તેઓ ઊંઘી જાય છે અને એમની મગફેરત થઈ ગઈ હોય છે. પછી રાતના અંતિમ ભાગમાં એ ચાલશે ભલાઈમાં અને ચાલશે બુરાઈમાં."

*–(તબ્રાનીએ કબીર)*





## ★ ગુનાહોનો કફ્ફારો ★

**હદીષ : ૫**

عَنْ اَبِىْ هُرَيْرَةَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَا مِنْ عَبْدٍ يُحْسِنُ وُضُوْئَهٗ وَيُكَمِلُهٗ ثُمَّ يَخْرُجُ اِلَى صَلٰوةِ الظُّهْرِ حِيْنَ يُؤَذَّنُ بِهَا فَيُكَمِّلُ رُكُوْعَهَا وَ سُجُوْدَهَا وَ خُشُوْعَهَا اِلَّا كُفِّرَتْ مَا كَانَ قَبْلَهَا وَمَا هُوَ كَائِنٌ بَعْدَهَا فِىْ ذٰلِكَ الْيَوْمِ رَوَاهُ الْبَيْهَقِىْ فِىْ شُعُبِ الْاِيْمَانِ

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે અલ્લાહના રસૂલ ﷺએ ફર્માવ્યું, "જે બંદો વ્યવસ્થિત વુઝૂ કરે અને એને સંપૂર્ણ કરે પછી ઝોહરની નમાઝ માટે નીકળે જ્યારે એની અઝાન આપવામાં આવે. રુકૂઅ સિજદો અને ખુશૂઅ મુકમ્મલ કરે તો એની આગળ જે થયું અને પાછળ જે થયું એ દિવસમાં એનો કફ્ફારો બની ગયો." *(બયહકી શુઅબુલ ઈમાન)*

## ★ નમાઝનો ઈરાદો પણ નમાઝ ★

**હદીષ : ૬**

عَنْ اَبِىْ هُرَيْرَةَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اِذَا تَوَضَّأَ اَحَدُكُمْ فَاَحْسَنَ الْوُضُوْءَ ثُمَّ اَتَى الْمَسْجِدَ لَايَنْهَزُهٗ اِلَّا الصَّلٰوةَ وَلَا يُرِيْدُ اِلَّا الصَّلٰوةَ لَمْ يَخْطُوْ خُطْوَةً اِلَّا رَفَعَ اللّٰهُ بِهَا دَرَجَةً وَحَطَّ عَنْهُ بِهَا خَطِيْئَةً حَتّٰى يَدْخُلَ الْمَسْجِدَ فَاِذَا دَخَلَ الْمَسْجِدَ كَانَ فِى الصَّلٰوةِ مَا كَانَتِ الصَّلٰوةُ تَحْبِسَهٗ رَوَاهُ اِبْنُ مَاجَةَ

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું :–

"જ્યારે તમારામાંથી કોઈ વ્યવસ્થિત વુઝૂ કરે પછી મસ્જિદે આવે, નમાઝ જ એને તૈયાર કરનાર હોય અને એ નમાઝનો જ ઈરાદો રાખે તો એ કોઈ ડગ નહીં ચાલે પણ એનાથી અલ્લાહ એનો એક દરજો ઊંચો કરશે, અને એનાથી એનો એક ગુનોહ દૂર કરશે ત્યાં સુધી કે મસ્જિદમાં પ્રવેશે. પછી જ્યારે મસ્જિદમાં પ્રવેશે તો એ નમાઝમાં છે જ્યાં સુધી નમાઝ એને રોકી રાખે." *(ઈબ્ને માજા)*

## ★ તકલીફમાં વ્યવસ્થિત વુઝૂ કરો ! ★

**હદીષ : ૭**

عَنْ اَبِیْ سَعِیْدِ الْخُدْرِیْ اَنَّہٗ سَمِعَ رَسُوْلَ اللّٰہِ ﷺ یَقُوْلُ اَلَا اَدُلُّکُمْ عَلٰی مَایُکَفِّرُ اللّٰہُ بِہِ الْخَطَایَا وَ یُزِیْدُ فِی الْحَسَنَاتَ قَالُوْا بَلٰی یَا رَسُوْلَ اللّٰہِ قَالَ اِسْبَاغُ الْوُضُوْءِ عِنْدَ الْمَکَارِہِ وَکَثْرَۃُ الْخُطٰی اِلَی الْمَسَاجِدِ وَ اِنْتِظَارُ الصَّلٰوۃِ بَعْدَ الصَّلٰوۃِ رَوَاہُ اِبْنُ مَاجَۃَ

હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہથી રિવાયત છે. એમણે રસૂલુલ્લાહ ﷺને ફર્માવતાં સાંભળ્યા, ''શું હું તમને ન બતાવું જેને અલ્લાહ ગુનાહોનો કફ્ફારો બનાવી આપે અને નેકીઓમાં વધારો કરે ? વિનંતિ કરી, કેમ નહીં, અય અલ્લાહના રસૂલ ! ﷺ ફર્માવ્યું, વુઝૂ વ્યવસ્થિત કરવું તકલીફમાં, મસ્જિદ તરફ વધારે ડગ (ભરવા) અને નમાઝ પછી નમાઝની વાટ જોવી.'' *(ઈબ્ને માજહ્)*

## ★ સુન્નત છોડવી ગુમરાહી છે ★

**હદીષ : ૮**

عَنْ عَبْدِ اللّٰہِ قَالَ مَنْ سَرَّہٗ اَنْ یَلْقَی اللّٰہَ غَدًامُسْلِمًا فَلْیُحَافِظْ عَلٰی ھٰؤُلَاءِ الصَّلَوَاتِ الْخَمْسِ حَیْثُ یُنَادٰی بِھِنَّ فَاِنَّھُنَّ مِنْ سُنَنِ الْھُدٰی وَاِنَّ اللّٰہَ شَرَعَ لِنَبِیِّکُمْ ﷺ سُنَنَ الْھُدٰی وَ لَعُمْرِیْ لَوْ اَنَّ کُلَّکُمْ صَلّٰی فِیْ بَیْتِہٖ لَتَرَکْتُمْ سُنَّۃَ نَبِیِّکُمْ وَلَوْ تَرَکْتُمْ سُنَّۃَ نَبِیِّکُمْ لَضَلَلْتُمْ وَلَقَدْ رَأَیْتَنَا وَمَا یَتَخَلَّفُ عَنْھَا اِلَّا مُنَافِقٌ مَعْلُوْمُ النِّفَاقِ وَلَقَدْ رَاَیْتُ الرَّجُلَ یُھَادٰی بَیْنَ رَجُلَیْنِ حَتّٰی یَدْخُلَ فِی الصَّفِّ وَمَا مِنْ رَجُلٍ یَتَطَھَّرُ فَیُحْسِنُ الطُّھُوْرَ فَیَعْمَدُ اِلَی الْمَسْجِدِ فَیُصَلِّیْ فِیْہِ فَمَایَخْطُوْ خُطْوَۃً اِلَّا رَفَعَ اللّٰہُ بِھَا دَرَجَۃً وَحَطَّ عَنْہُ بِھَا خَطِیْئَۃً رَوَاہُ اِبْنُ مَاجَۃَ

હઝરત અબ્દુલ્લાહ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે જેને આવતી કાલે મુસલમાન હોવાની હાલતમાં અલ્લાહથી મુલાકાત કરવું પસંદ હોય તો એ આ પાંચ વખતની નમાઝનું રક્ષણ કરે જયારે એની અઝાન આપવામાં આવે સુન્નત મુજબ કરશે. અને બેશક ! અલ્લાહ તઆલાએ તમારા નબીની સુન્નત ચલાવી છે અને મારા જીવનની કસમ ! જો તમે





બધા પોતાના ઘરમાં નમાઝ પઢવા લાગતા તો તમારા નબીની સુન્નતને છોડનાર બની જતા, અને તમારા નબીની સુન્નત છોડી આપતા તો જરૂર ગુમરાહ બની જતા, અને મેં પોતાને જોયા છે કે નમાઝથી પાછળ ન પડતો પણ મુનાફિક઼ જેના નિફાક઼ની ખબર હતી અને મેં માણસને જોયો બે માણસની વચમાં લાવવામાં આવતો ત્યાં સુધી કે સફમાં પ્રવેશતો. અને જે પણ વ્યક્તિ પાકી હાંસલ કરે તો વ્યવસ્થિત પાકી હાંસલ કરે પછી મસ્જિદનો ઈરાદો કરે પછી એમાં નમાઝ પઢે તો એ જે ક઼દમ ઉઠાવશે એનાથી અલ્લાહ એનો એક દરજો બુલંદ કરશે અને એના થકી એનો ગુનાહ દૂર કરશે.'' *(ઈબ્ને માજહ્)*

**હદીષ : ૯**

عَنْ عَبْدِ الرَّحْمٰنِ بْنِ عَائِش قَالَ قَالَ رَسُوْلُ اللّٰہِ ﷺ رَاَیْتُ رَبِّیْ عَزَّ وَ جَلَّ فِیْ اَحْسَنِ صُوْرَۃٍ قَالَ فِیْمَ یَخْتَصِمُ الْمَلَءُ الْاَعْلٰی قُلْتُ اَنْتَ اَعْلَمُ قَالَ فَوَضَعَ کَفَّہٗ بَیْنَ کَتِفَیَّ فَوَجَدْتُّ بَرْدَھَا بَیْنَ ثَدْیَیَّ فَعَلِمْتُ مَا فِی السَّمٰوٰتِ وَ الْاَرْضِ وَتَلَا وَکَذٰلِکَ نُرِیْ اِبْرَاھِیْمَ مَلَکُوْتَ السَّمٰوٰتِ وَالْاَرْضِ وَلِیَکُوْنَ مِنَ الْمُوْقِنِیْنَ رَوَاہُ الدَّارِمِیْ مُرْسَلًا وَلِلتِّرْمِذِیْ نَحْوُہٗ عَنْہُ وَعَنْ اِبْنِ عَبَّاس وَ مُعَاذِ بْنِ جَبَل وَزَادَ فِیْہِ قَالَ یَا مُحَمَّدُ ھَلْ تَدْرِیْ فِیْمَ یَخْتَصِمُ الْمَلَاُ الْاَعْلٰی قُلْتُ نَعَمْ فِی الْکَفَّارَاتِ وَالْکَفَّارَاتُ اَلْمَکْثُ فِی الْمَسَاجِدِ بَعْدَ الصَّلَوَاتِ وَ الْمَشْیُ عَلَی الْاَقْدَامِ اِلَی الْجَمَاعَاتِ وَاِبْلَاغُ الْوُضُوْءِ فِی الْمَکَارِہِ فَمَنْ فَعَلَ ذٰلِکَ عَاشَ بِخَیْرٍ وَمَاتَ بِخَیْرٍ وَکَانَ مِنْ خَطِیْئَتِہٖ کَیَوْمِ وَلَدَتْہُ اُمُّہٗ وَقَالَ یَا مُحَمَّدُ اِذَا صَلَّیْتَ فَقُلْ اَللّٰھُمَّ اِنِّیْ اَسْئَلُکَ فِعْلَ الْخَیْرَاتِ وَ تَرْکَ الْمُنْکَرَاتِ وَ حُبَّ الْمَسَاکِیْنَ فَاِذَا اَرَدْتَّ بِعِبَادِکَ فِتْنَۃً فَاقْبِضْنِیْ اِلَیْکَ غَیْرَ مَفْتُوْن قَالَ وَالدَّرَجَاتُ اِفْشَاءُ السَّلَامِ وَ اِطْعَامُ الطَّعَامِ وَالصَّلٰوۃُ بِاللَّیْلِ وَ النَّاسُ نِیَامٌ ۔ شَرْحُ السُّنَّۃِ

હઝરત અબ્દુર્રહમાન બિન આઈશા رضی اللہ عنہاથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ''મેં મારા રબ عزوجلને સુંદર શક્કલ (એની શાન લાયક) જોયો. ફર્માવ્યું, મલએ આ'લા કઈ વાતની ચર્ચા કરી રહ્યા છે ? મેં વિનંતિ કરી, તું જ અધિક જાણનાર છે ! ફર્માવ્યું, એણે પોતાની

હથેળી (કુદરતની) મારા બે ખભાની વચમાં રાખી તો મેં એની ઠંડક મારી છાતીની વચમાં પામી, તો મેં જાણી લીધું જે આકાશો અને જમીનમાં છે. અને આયત તિલાવત કરી, "અને અમે આમ જ ઈબ્રાહીમને બતાવીએ છીએ આકાશો અને જમીનની સત્તાઓ તાકે એ યક઼ીનવાળા બની જાય." (આંખથી જોઈ યક઼ીન કાયમ કરવું) દારેમીએ મુરસલન રિવાયત કરી અને તિર્મિઝીની એમનાથી આ પ્રમાણે જ રિવાયત છે. અને ઈબ્ને અબ્બાસ અને મુઆઝ બિન જબલથી રિવાયત છે જેમાં આ વધારો કર્યો છે : ફર્માવ્યું, અય મુહમ્મદ ! ﷺ તમને ખબર છે મલએ આ'લા કઈ વાતની ચર્ચા કરી રહ્યા છે ? મેં કહ્યું, હા ! કફ્ફારાતની અને કફ્ફારાત છે નમાઝ પછી મસ્જિદમાં રોકાવું, જમાઅત માટે પગે ચાલવું, વુઝૂ વ્યવસ્થિત કરવું, તકલીફમાં જે આમ કરશે ભલાઈથી જીવશે અને ભલાઈ સાથે મૃત્યુ પામશે અને એ પોતાના ગુનાહથી એવો પાક છે જાણે આજે એની માતાએ એને જન્મ આપ્યો. અને ફર્માવ્યું, અય મુહમ્મદ ! ﷺ જ્યારે તમે નમાઝ પઢો તો પઢો, અય અલ્લાહ ! હું તારી પાસે ભલાઈના કામોની, બુરાઈઓને છોડી દેવાની અને મિસ્કીનો સાથે પ્રેમ કરવાની માંગ કરું છું. જ્યારે તું તારા બંદાઓને અજમાવવા ઈચ્છે તો અજમાવ્યા વગર મને તારી પાસે બોલાવી લેજે. ફર્માવ્યું, દરજાત છે સલામ ફેલાવવી ખાણુ ખવડાવવું અને રાતમાં નમાઝ પઢવી જ્યારે લોકો સૂઈ ગયા હોય." *(શરહુસુન્નહ)*

## ★ મસ્જિદ તરફ નમાઝના ઈરાદે ★

**હદીષ : ૧૦**

عَنْ اِبْنِ عُمَرَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اِذَا تَوَضَّأَ اَحَدُكُمْ فَاَحْسَنَ وُضُوْئَهُ ثُمَّ خَرَجَ اِلَى الْمَسْجِدِ لَايَنْزَعُهُ اِلَّا الصَّلٰوةَ لَمْ تَزَلْ رِجْلُهُ الْيُسْرٰى تَمْحُوْ سَيِّئَةً وَتَكْتُبُ لَهُ الْيُمْنٰى حَسَنَةً حَتّٰى يَدْخُلَ الْمَسْجِدَ رَوَاهُ الطَّبْرَانِىْ فِى الْكَبِيْرِ وَ الْحَاكِمُ وَ الْبَيْهَقِىْ

હઝરત ઈબ્ને ઉમર رضی الله عنهما થી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જ્યારે તમારામાંથી કોઈ વ્યવસ્થિત વુઝૂ કરે પછી મસ્જિદ તરફ જાય એને તૈયાર કરનાર નમાઝ જ હોય, એના ડાબા પગ પર ગુનાહ માફ થતા રહેશે અને જમણા પર એના માટે નેકી





લખાયા કરશે, ત્યાં સુધી કે મસ્જિદમાં પ્રવેશે." *(તબ્રાનીએ કબીર, હાકિમ, બયહકી)*

## ★ એક દિવસનું બધું માફ ! ★

**હદીષ : ૧૧**

عَنْ اَبِىْ اُمَامَةَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَا مِنْ مُسْلِمٍ يَتَوَضَّأُ فَيُسْبِغُ الْوُضُوْءَ ثُمَّ يَمْشِىْ اِلَى الصَّلٰوةِ جَمَاعَةً اِلَّا غَفَرَ اللّٰهُ لَهُ ذٰلِكَ الْيَوْمَ مَا مَشَتْ رِجْلَاهُ وَ قَبَضَتْ عَلَيْهِ يَدَاهُ وَاسْتَمَعَتْ اِلَيْهِ اُذُنَاهُ وَ نَظَرَتْ اِلَيْهِ عَيْنَاهُ وَ نَطَقَ بِهٖ لِسَانُهُ وَ حَدَّثَتْ بِهٖ نَفْسُهُ مِنَ السُّوْءِ رَوَاهُ اِبْنُ زَنْجَوِيَّةَ وَالْبَيْهَقِىْ فِىْ شُعَبِ الْاِيْمَانِ

હઝરત અબૂ ઉમામા رضی الله عنه થી રિવાયત છે. એમણે કહ્યું કે અલ્લાહના રસૂલ ﷺએ ફર્માવ્યું, "જે મુસલમાન પૂરેપૂરું વુઝૂ કરે પછી જમાઅતની નમાઝ તરફ જાય તો અલ્લાહ એના માટે એ દિવસે માફ કરી આપશે જેની તરફ એના કદમો ચાલ્યા, જેને એના હાથોએ પકડયું, જે એના કાનોએ સાંભળ્યું, જે તરફ એની આંખોએ જોયું, જે એની જીભ બોલી, જે બુરાઈનો ઈરાદો એના નફ્સમાં આવ્યો." *(ઈબ્ને ઝનજવિય્યા, બયહકી, શુઅબુલ ઈમાન)*

## ★ નેકી આવે ગુનોહ જાય ! ★

**હદીષ : ૧૨**

عَنْ رَجُلٍ مِّنَ الْاَنْصَارِ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ تَوَضَّأَ فِىْ بَيْتِهٖ فَاَحْسَنَ الْوُضُوْءَ ثُمَّ خَرَجَ اِلَى الْمَسْجِدِ فَصَلّٰى فِىْ جَمَاعَةٍ لَمْ يَرْفَعْ رِجْلَهُ الْيُمْنٰى اِلَّا كَتَبَ اللّٰهُ تَعَالٰى لَهٗ بِهَا حَسَنَةً وَلَا يَضَعُ رِجْلَهُ الْيُسْرٰى اِلَّا حَطَّ عَنْهُ بِهَا خَطِيْئَةً حَتّٰى يَاتِىَ الْمَسْجِدَ رَوَاهُ الْبُغْوِىْ

એક અન્સારીથી રિવાયત છે. એમણે કહ્યું કે અલ્લાહના રસૂલ ﷺએ ફર્માવ્યું, "જે પોતાના ઘરમાં વ્યવસ્થિત વુઝૂ કરે પછી મસ્જિદ તરફ નીકળે અને જમાઅતથી નમાઝ પઢે તો એનો જમણો પગ નહીં ઉઠે પણ અલ્લાહ તઆલા એના માટે એક નેકી લખે છે અને એનો ડાબો પગ નહીં રાખે પણ એનાથી અલ્લાહ તઆલા એનો એક ગુનોહ હટાવી દેશે, ત્યાં સુધી કે મસ્જિદ આવે." *(બગવીની રિવાયતથી)*

## ★ વ્યવસ્થિત વુઝૂ અને નમાઝ ★

**હદીષ : ૧૩**

عَنْ عُقْبَةَ بْنِ عَامِرٍ عَنِ النَّبِيِّ صلى الله عليه وسلم مَنْ قَامَ اِذَا اسْتَقَمَتِ الشَّمْسُ فَتَوَضَّأَ فَاَحْسَنَ وُضُوْئَهٗ ثُمَّ قَامَ فَصَلّٰى رَكْعَتَيْنِ غُفِرَ لَهٗ خَطَايَاهُ اَوْ قَالَ كَمَا كَانَ وَلَدَتْهُ اُمُّهٗ رَوَاهُ الْاِمَامُ اَحْمَدُ وَ اَبُوْ يَعْلٰى

હઝરત ઉકબા બિન આમિર رضی اللہ عنہથી રિવાયત છે તેઓ રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمથી રિવાયત કરે છે. ફર્માવ્યું, "જે ઝવાલ પછી ઉભો થાય, વ્યવસ્થિત વુઝૂ કરે પછી ઉભો થાય અને બે રકાત નમાઝ અદા કરે, એના ગુનાહ માફ કરી આપવામાં આવશે. અથવા ફર્માવ્યું, એ પ્રમાણે છે કે એની માતાએ એને જન્મ આપ્યો." *(ઈમામ અહમદ, અબૂ યઅલા)*

## ★ વ્યવસ્થિત વુઝૂ અને ઈશરાક ★

**હદીષ : ૧૪**

عَنْ عُقْبَةَ بْنِ عَامِرٍ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صلى الله عليه وسلم مَنْ قَامَ اِذَا اسْتَعَلَتِ الشَّمْسُ فَتَوَضَّأَ فَاَحْسَنَ وُضُوْئَهٗ ثُمَّ قَامَ فَصَلّٰى رَكْعَتَيْنِ غُفِرَ لَهٗ خَطَايَاهُ وَ قَالَ كَانَ كَمَا وَلَدَتْهُ اُمُّهٗ رَوَاهُ الْاِمَامُ اَحْمَدُ وَالدَّارِمِىُ

હઝરત ઉકબા બિન આમિર رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું, અલ્લાહના રસૂલ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, "જે ઉભો થાય જ્યારે સૂર્ય બુલંદ થાય પછી વ્યવસ્થિત વુઝૂ કરે, પછી ઉભો થાય અને બે રકાત નમાઝ અદા કરે તો એના ગુનાહ માફ કરી દેવામાં આવશે. અથવા ફર્માવ્યું, એ એ પ્રમાણે છે કે એની માતાએ એને જન્મ આપ્યો." *(ઈમામ અહમદ, દારેમી)*

## ★ દિલની પણ સફાઈ ★

**હદીષ : ૧૫**

عَنْ اَبِىْ اُمَامَةَ قَالَ قَا لَ رَسُوْلُ اللّٰهِ صلى الله عليه وسلم مَنْ تَوَضَّأَ فَاَسْبَغَ الْوُضُوْءَ غَسَلَ يَدَيْهِ وَوَجْهَهٗ وَمَسَحَ رَاسَهٗ وَ اُذُنَيْهِ ثُمَّ قَامَ اِلٰى صَلٰوةٍ مَفْرُوْضَةٍ غُفِرَ لَهٗ فِىْ ذٰلِكَ الْيَوْمِ مَا مَشَتْ اِلَيْهِ رِجْلَاهُ وَقَبَضَتْ عَلَيْهِ يَدَاهُ وَسَمِعَتْ اِلَيْهِ اُذُنَاهُ وَنَظَرَتْ اِلَيْهِ عَيْنَاهُ وَ حَدَّثَتْ بِهٖ نَفْسُهٗ مِنْ سُوْءٍ رَوَاهُ الْاِمَامُ اَحْمَدُ وَالطَّبْرَانِىُ





હઝરત અબૂ ઉમામા رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે અલ્લાહના રસૂલ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, "જેણે સંપૂર્ણ વુઝૂ કર્યું પોતાના બંને હાથ અને ચહેરો ધોયો, પોતાના માથા અને કાનનો મસોહ કર્યો પછી ફર્ઝ નમાઝ માટે ઉભો થયો, અલ્લાહ તઆલાએ એના માટે બખ્શી આપ્યું એ દિવસમાં જેની તરફ એના પગ ચાલ્યા, અને જેને એના હાથોએ પકડયું, અને જે એના કાનોએ સાંભળ્યું, અને જેની તરફ એની આંખોએ જોયું અને એના નફ્સે જે બુરાઈનો ઈરાદો કરી લીધો. *(ઈમામ અહમદ તબ્રાનીએ કબીર, સઈદ બિન મન્સૂર)*

## ★ સૂવામાં તહારતનો ફાયદો ★

**હદીષ : ૧૬**

عَنْ اِبْنِ عُمَرَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صلى الله عليه وسلم طَهِّرُوْا هٰذِهِ الْاَجْسَادَ طَهَّرَكُمُ اللّٰهُ فَاِنَّهٗ لَيْسَ عَبْدٌ يَبِيْتُ طَاهِرًا اِلَّا بَاتَ مَعَهٗ مَلَكٌ فِىْ شِعَارِهٖ وَلَا يَتَقَلَّبُ سَاعَةً مِّنَ اللَّيْلِ اِلَّا قَالَ اَللّٰهُمَّ اغْفِرْ لِعَبْدِكَ فَاِنَّهٗ بَاتَ طَاهِرًا [رواه الطبرانى ،وكنز العمال]

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, "આ બદનોને પાક રાખો અલ્લાહ તમને પાક રાખશે. કારણ કે જે પણ બંદો તહારતની હાલતમાં રાત વિતાવે છે તો એની સાથે એના વાળમાં એક ફરિશ્તો રાતવાસો કરે છે અને રાતની દરેક ઘડીમાં કહે છે, અય અલ્લાહ તારા બંદાને બખ્શી આપ ! કારણ કે એણે પાક હાલતમાં રાત વિતાવી છે." *(તબ્રાની, કન્ઝુલ ઉમ્માલ)*

## ★ પાક અને ગુનાહથી સાફ ★

**હદીષ : ૧૭**

عَنْ عَمْرِو بْنِ عَبْسَةَ مَنْ تَوَضَّأَ فَاَحْسَنَ الْوُضُوْءَ ذَهَبَ الْاِثْمُ مِنْ سَمْعِهٖ وَ بَصَرِهٖ وَيَدِهٖ وَ رِجْلَيْهِ [كنز العمال و ابوداود الطيالسى]

હઝરત અમ્ર બિન અબ્બાસ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, "જેણે વુઝૂ કર્યું તો વ્યવસ્થિત વુઝૂ કર્યું, એના કાન એની આંખ એના હાથ અને એના પગોથી ગુનાહ ચાલ્યા ગયા." *(કન્ઝુલ ઉમ્માલ)*

## ★ ડગલે ને પગલે નેકી ★

**હદીષ : ૧૮**

عَنْ عُقْبَةَ بْنِ عَامِرِ الْجُهْنِىْ يُحَدِّثُ عَنْ رَسُوْلِ اللّٰهِ ﷺ اَنَّهٗ قَالَ اِذَا تَطَهَّرَ الرَّجُلُ ثُمَّ اِلَى الْمَسْجِدِ فَرَعىٰ الصَّلوٰةَ كَتَبَ لَهٗ كَاتِبُهٗ اَوْ كَاتِبَاهُ بِكُلِّ خُطْوَةٍ يَخْطُوْهَا اِلَى الْمَسْجِدِ عَشَرَ حَسَنَاتٍ وَالْقَاعِدُ يُرَاعِى الصَّلوٰةَ كَالْقَانِتِ وَيُكْتَبُ مِنَ الْمُصَلِّيْنَ مِنْ حِيْنَ يَخْرُجَ مِنْ بَيْتِهٖ حَتّٰى يَرْجِعَ رَوَاهُ الْحَاكِمُ فِى الْمُسْتَدْرَكِ

ઉકબા બિન આમિર જુહનીથી રિવાયત છે. આપ રસૂલુલ્લાહ ﷺથી હદીષ બયાન કરે છે, એમણે ફર્માવ્યું, ''જ્યારે માણસ તહારત હાંસલ કરે પછી મસ્જિદ તરફ જાય અને નમાઝનો ખયાલ કરે એનો લખવાવાળો અથવા બે લખવાવાળાઓ એના માટે દરેક કદમના બદલે જે મસ્જિદ તરફ ઉઠશે દસ નેકીઓ લખશે, અને નમાઝના ખયાલમાં બેસનાર નમાઝી જેવો છે, એના ઘરેથી નીકળવાથી લઈને પરત આવતા સુધી નમાઝી લખવામાં આવે છે.'' *(મુસ્તદરકે હાકિમ)*

## ★ ગુસલના પ્રકાર ★

જનાબતની હાલતમાં ગુસલ કરવું ફર્ઝ છે. એ જ પ્રમાણે સ્ત્રીએ હૈઝ અને નિફાસના લોહીથી પાક થયા પછી ગુસલ કરવું જરૂરી છે. ગુસલના બીજા ઘણા પ્રકાર છે, અમુક સુન્નત અને અમુક મુસ્તહબ છે. ફર્ઝ ગુસલ અમુક વખત સુન્નત અને મુસ્તહબ સાથે ભેગું થઈ શકે છે. મય્યિતને ગુસલ આપવામાં આવે છે એ પણ ફર્ઝ ગુસલ છે.

જેમ વુઝૂથી ગુનાહોની માફીની બશારત અને ખુશખબરી સંભળાવવામાં આવી છે. આમ જ ગુસલ કરવાથી પણ ગુનાહોની માફીની બશારત આપવામાં આવી છે. અમે ગુસલ સંબંધિત હદીષોનો ઉલ્લેખ કરીએ છીએ જેનાથી એ સ્પષ્ટ થઈ જાય કે નાના મોટા દરેક કામ પર અલ્લાહ તઆલા તરફથી આપણને બદલો આપવામાં આવે છે અને આપણા અમલોની કદર કરી એને બેકાર કરવામાં આવતા નથી.





## ★ દસ દિવસના ગુનાહની માફી ★

**હદીષ : ૧૯**

عَنْ اَبِىْ هُرَيْرَةَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اِذَا كَانَ يَوْمُ الْجُمُعَةِ فَاغْتَسَلَ الرَّجُلُ وَغَسَلَ راسه ثُمَّ تَطَيَّبَ مِنْ اَطْيَبِ طِيْبَةٍ وَلَبِسَ مِنْ صَالِحِ ثِيَابِهٖ ثُمَّ خَرَجَ اِلَى الصَّلوٰةِ وَلَمْ يُفَرِّقْ بَيْنَ الْاِثْنَيْنِ ثُمَّ اسْتَمَعَ الْاِمَامَ غُفِرَ لَهٗ مِنَ الْجُمُعَةِ اِلَى الْجُمُعَةِ وَزِيَادَةِ ثَلَاثَةِ اَيَّام رَوَاهُ اِبْنُ خُزَيْمَةَ

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ''જ્યારે જુમ્આનો દિવસ હોય માણસ ગુસલ કરે અને પોતાનું માથુ ધૂએ પછી સારી એવી સુગંધ લગાડે, પોતાનાં સારાં કપડાંમાંથી પહેરે પછી નમાઝ માટે નીકળે અને બે (વ્યક્તિ)માં જુદાઈ ન કરે, પછી ઈમામથી સાંભળે (ખુત્બો), જુમ્આથી લઈને જુમ્આ સુધી એના માટે બખ્શી દેવામાં આવશે અને ત્રણ વધારે.'' *(ઈબ્ને ખુઝૈમા)*

## ★ ગુસલ અને માફી ★

**હદીષ : ૨૦**

عَنْ اَبِىْ اَيُّوْبَ الْاَنْصَارِىْ قَالَ سَمِعْتُ رَسُوْلَ اللّٰهِ ﷺ يَقُوْلُ مَنِ اغْتَسَلَ يَوْمَ الْجُمُعَةِ وَمَسَّ مِنْ طِيْبٍ اِنْ كَانَ عِنْدَهٗ وَلَبِسَ مِنْ اَحْسَنِ ثِيَابِهٖ ثُمَّ خَرَجَ حَتّٰى يَاْتِىَ الْمَسْجِدَ فَيَرْكَعُ مَابَدَا لَهٗ وَلَمْ يُؤْذِ اَحَدًا ثُمَّ اَنْصَتَ حَتّٰى يُصَلِّىْ كَانَ كَفَّارَةً لِمَا بَيْنَهَا وَبَيْنَ جُمُعَةِ الْاُخْرىٰ رَوَاهُ الْاِمَامُ اَحْمَدُ وَالطَّبْرَانِىْ وَ اِبْنُ خُزَيْمَةَ

હઝરત અબૂ ઐયૂબ અન્સારી رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે મેં રસૂલુલ્લાહ ﷺને ફર્માવતાં સાંભળ્યા, ''જે જુમ્આના દિવસે ગુસલ કરે અને સુગંધ લગાડે જો પાસે હોય અને સારાં કપડાં પહેરે પછી નીકળે ત્યાં સુધી કે મસ્જિદે આવે પછી નમાઝ પઢે ઈલ્મ પ્રમાણે, કોઈને તકલીફ ન આપે, અને નમાઝ પૂરી થતાં સુધી ચૂપ રહે તો એ એના માટે બીજા જુમ્આની વચમાં છે એનો કફ્ફારો બની ગયો.'' *(ઈમામ અહમદ, તબ્રાની, ઈબ્ને ખુઝૈમા)*

## ★ જુમ્આથી જુમ્આની માફી ★

**હદીષ : ૨૧**

عَنْ اَبِیْ الدَّرْدَاءَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنِ اغْتَسَلَ یَوْمَ الْجُمُعَةِ ثُمَّ لَبِسَ مِنْ اَحْسَنِ ثِیَابِهٖ وَمَسَّ طِیْبًا اِنْ کَانَ عِنْدَهٗ ثُمَّ مَشٰی اِلَی الْجُمُعَةِ وَ عَلَیْهِ السَّکِیْنَةُ وَلَمْ یَتَخَطَّ اَحَدًا وَلَمْ یُوْذِهٖ ثُمَّ رَکَعَ مَا قَضٰی لَهٗ ثُمَّ انْتَظَرَ حَتّٰی یَنْصَرِفَ الْاِمَامُ غُفِرَ لَهٗ مَا بَیْنَ الْجُمُعَتَیْنِ رَوَاهُ الْاِمَامُ اَحْمَدُ وَ الطَّبْرَانِیْ

હઝરત અબૂ દરદા رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જે જુમ્આના દિવસે ગુસલ કરે પછી સારાં કપડાં પહેરે, ખૂશ્બુ લગાડે જો એની પાસે હોય. પછી શાંતિપૂર્વક જુમ્આ માટે જાય, કોઈની સાથે ભૂલ ન કરે અને તકલીફ ન આપે, પછી હુકમ પ્રમાણે નમાઝ પઢે, પછી ઈન્તેઝાર કરે ઈમામના પૂરી કરતાં સુધી, તો બે જુમ્આની વચમાં જે થયું એના માટે બખ્શી દેવામાં આવશે." *(ઈમામ અહમદ, તબ્રાની)*

## ★ જુમ્આના ગુસલ કરી મસ્જિદે જવું ★

**હદીષ : ૨૨**

عَنْ عَطَاءِ الْخُرَاسَانِیْ قَالَ کَانَ نَبِیْشَةُ الْهُذَلِیْ یُحَدِّثُ عَنْ رَسُوْلِ اللّٰهِ ﷺ اَنَّهٗ قَالَ اِنَّ الْمُسْلِمَ اِذَا اغْتَسَلَ یَوْمَ الْجُمُعَةِ ثُمَّ اَقْبَلَ اِلَی الْمَسْجِدِ لَایُوْذِیْ اَحَدًا فَاِنْ لَمْ یَجِدِ الْاِمَامَ خَرَجَ صَلّٰی مَا بَدَا لَهٗ وَاِنْ وَجَدَ الْاِمَامَ قَدْ خَرَجَ جَلَسَ وَاسْتَمَعَ وَ اَنْصَتَ حَتّٰی یَقْضِیَ الْاِمَامُ جُمُعَةً اِنْ لَمْ یُغْفَرْ لَهٗ فِیْ جُمُعَتِهٖ تِلْكَ ذُنُوْبُهٗ کُلُّهَا اَنْ تَکُوْنَ کَفَّارَةَ الْجُمُعَةِ الَّتِیْ تَلِیْهَا رَوَاهُ الْاِمَامُ اَحْمَدُ

અતા ખુરાસાનીથી રિવાયત છે. એમણે કહ્યું, નબીશા હઝલી રસૂલુલ્લાહ ﷺથી હદીષ બયાન કરે છે. આપે ફર્માવ્યું, "બેશક ! મુસલમાન જુમ્આના દિવસે ગુસલ કરે પછી મસ્જિદે આવે અને કોઈને તકલીફ ન આપે, પછી ઈમામને નીકળતા (ખુત્બા માટે) ન પામે તો શક્તિ પ્રમાણે નમાઝ પઢે અને ઈમામને નીકળતા (ખુત્બા માટે) પામે તો બેસી જાય, સાંભળે અને ચૂપ રહે ઈમામના જુમ્આ પૂરો કરતાં સુધી, જો એના





જુમ્આમાં સઘળા ગુનાહ માફ કરી દેવામાં ન આવે તો થશે એ આવતા મહિના સુધીનો કફ્ફારો." *(ઈમામે અહમદ)*

## ★ દરેક પગલે વીસ નેકી ★

**હદીષ : ૨૩**

عَنْ اَمِیْرِ الْمُؤْمِنِیْنَ اَبِیْ بَکْرِ ا لصِّدِّیْقِ وَ عِمْرَانَ بْنِ حُصَیْنِ قَالَا قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ اغْتَسَلَ یَوْمَ الْجُمُعَةِ کُفِّرَتْ عَنْهُ ذُنُوْبُهٗ وَ خَطَایَاهُ فَاِذَا اَخَذَ فِی الْمَشْیِ کُتِبَ لَهٗ بِکُلِّ خُطْوَةٍ عِشْرُوْنَ حَسَنَةً رَوَاهُ الطَّبْرَانِیْ فِی الْکَبِیْرِ وَ الْاَوْسَطِ

અમીરુલ મુ'મિનીન અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ અને ઈમરાન બિન હુસૈનથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જે જુમ્આના દિવસે ગુસલ કરે એ એના ગુનાહ અને ભૂલનો કફ્ફારો બની ગયો, પછી જ્યારે ચાલવાનું શરૂ કરે દરેક ડગલે અને પગલે, એના માટે વીસ નેકીઓ લખવામાં આવશે." *(તબ્રાનીએ કબીર, ઔસત)*

## ★ જડમૂળથી ગુનાહ બહાર ! ★

**હદીષ : ૨૪**

عَنْ اَبِیْ اُمَامَةَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اِنَّ غُسْلَ یَوْمِ الْجُمُعَةِ لَیُسِیْلُ الْخَطَایَا مِنْ اُصُوْلِ الشَّعْرِ اِسْتِدْلَالًا رَوَاهُ الطَّبْرَانِیْ فِی الْکَبِیْرِ

હઝરત અબૂ ઉમામા رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે અલ્લાહના રસૂલ ﷺએ ફર્માવ્યું, "બેશક ! જુમ્આના દિવસે ગુસલ ગુનાહોને વાળ ની જડોમાંથી કાઢી નાખે છે." *(તબ્રાનીએ કબીર)*

## ★ ગુસલ બખ્શિશનો ઝરીયો ★

**હદીષ : ૨૫**

عَنْ سَلْمَانَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ یَا سَلْمَانُ اَتَدْرِیْ مَا الْجُمُعَةُ فِیْهَا جُمِعَ اَبُوْكَ اٰدَمُ وَمَنِ اغْتَسَلَ یَوْمَ الْجُمُعَةِ ثُمَّ اَتَی الْمَسْجِدَ غُفِرَ لَهٗ رَوَاهُ الطَّبْرَانِیْ فِی الْکَبِیْرِ

હઝરત સલ્માન رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે અલ્લાહના

રસૂલ ﷺએ ફર્માવ્યું, ''અય સલ્માન ! તમને ખબર છે જુમ્આ શું છે ? એમાં તમારા પિતા હઝરત આદમ علیہ السلامને એકત્ર કરવામાં આવ્યા. અને જે જુમ્આના દિવસે ગુસલ કરી મસ્જિદે આવે એને બખ્શી દેવામાં આવશે. *(તબ્રાનીએ કબીર)*

## ★ બસો વરસોના અમલનો બદલો ★

**હદીષ : ૨૬**

عَنْ اَبِى الدَّرْدَاءَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنِ اغْتَسَلَ يَوْمَ الْجُمُعَةِ كُفِّرَتْ عَنْهُ ذُنُوْبُهٗ وَ خَطَايَا فَاِذَا اَخَذَ فِى الْمَشْىِ اِلَى الْجُمُعَةِ كُتِبَ لَهٗ بِكُلِّ خُطْوَةٍ عَمَلُ عِشْرِيْنَ حَسَنَةً فَاِذَا انْصَرَفَ مِنَ الصَّلٰوةِ اُجِيْرَ بِعَمَلِ مِائَتَىْ سَنَةٍ رَوَاهُ الْاِمَامُ اَحْمَدُ وَالطَّبْرَانِىْ فِى الْكَبِيْرِ وَالْبَيْهَقِىْ فِىْ شُعَبِ الْاِيْمَانِ وَ اِبْنُ حَبَّانَ وَ اِبْنُ نَجَّار عَنْ اَبِىْ بَكْرِ الصِّدِّيْقِ

હઝરત અબૂ દરદા رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, **''જે જુમ્આના દિવસે ગુસલ કરશે એના ગુનાહો અને ભૂલોનો કફ્ફારો બની જશે, પછી જ્યારે જુમ્આ માટે ચાલવાનું શરૂ કરશે તો દરેક ડગલે અને પગલે અલ્લાહ તઆલા એના માટે વીસ વરસોની નેકીઓ લખશે, પછી જ્યારે નમાઝ પૂરી કરશે તો બસો વરસોના અમલોનો એને બદલો આપવામાં આવશે.''** *(ઈમામ અહમદ, તબ્રાનીએ કબીર, બયહકી શુઅબુલ ઈમાન ઈબ્ને હબ્બાન, ઈબ્ને નજ્જાર)*

## ★ અઠવાડિયાના ગુનાહ માફ ★

**હદીષ : ૨૭**

عَنْ سَلْمَانَ الْفَارِسِىِّ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ لَايَغْتَسِلُ رَجُلٌ يَوْمَ الْجُمُعَةِ وَيَتَطَهَّرُ مَااسْتَطَاعَ مِنْ طُهْرٍ وَ يَدْهَنُ اَوْيَمُسَّ مِنْ طِيْبِ بَيْتِهٖ ثُمَّ يَخْرُجُ فَلَايُفَرِّقُ بَيْنَ الْاِثْنَيْنِ ثُمَّ يُصَلِّى مَا كُتِبَ لَهٗ ثُمَّ يُنْصِتُ اِذَا تَكَلَّمَ الْاِمَامُ اِلَّا غُفِرَ لَهٗ مَا بَيْنَهٗ وَ بَيْنَ الْجُمُعَةِ الْاُخْرٰى رَوَاهُ الْاِمَامُ اَحْمَدَ وَ الْبُخَارِىْ وَالدَّارِمِىْ

હઝરત સલ્માન ફારસી رضی اللہ عنہથી રિવાયત છે એમણે કહ્યું કે





રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ''જે વ્યક્તિ જુમ્આના દિવસે ગુસલ કરે અને બની શકે એટલી પાકી હાંસલ કરે, તેલ લગાડે અથવા પોતાના ઘરની ખૂશ્બૂ લગાડે પછી નીકળે તો બે વ્યક્તિમાં જુદાઈ ન કરે, પછી જે લખવામાં આવી છે તે નમાઝ પઢે, પછી જ્યારે ઈમામ બોલે એ ચૂપ રહે, તો એના અને બીજા જુમ્આની વચમાં છે તે માફ કરી દેવામાં આવ્યું.'' *(ઈમામ અહમદ, બુખારી, દારેમી)*

**હદીષ : ૨૮**

عَنْ اَبِىْ ذَر عَنِ النَّبِىِّ ﷺ قَالَ مَنِ اغْتَسَلَ يَوْمَ الْجُمُعَةِ فَاَحْسَنَ غُسْلَهٗ وَ تَطَهَّرَ فَاَحْسَنَ طُهُوْرَهٗ وَلَبِسَ مِنْ اَحْسَنِ ثِيَابِهٖ وَمَسَّ مَاكَتَبَ اللّٰهُ لَهٗ مِنْ طِيْبِ اَهْلِهٖ ثُمَّ اَتَى الْجُمُعَةَ وَلَمْ يَلْغَ وَلَمْ يُفَرِّقْ بَيْنَ الْاِثْنَيْنِ غُفِرَ لَهٗ مَابَيْنَهٗ وَ بَيْنَ الْجُمُعَةِ الْاُخْرٰى رَوَاهُ الْاِمَامُ اَحْمَدُ وَ اِبْنُ مَاجَةَ وَ الْحَاكِمُ

હઝરત અબૂઝર رضی اللہ عنہથી રિવાયત છે. આપ રસૂલુલ્લાહ ﷺથી રિવાયત કરે છે કે આપે ફર્માવ્યું, ''જે વ્યક્તિ જુમ્આના દિવસે વ્યવસ્થિત ગુસલ કરે અને સારી રીતે તહારત હાંસલ કરે, પોતાના સારાં કપડાં પહેરે અને લગાડે જે અલ્લાહ તઆલાએ લખ્યું પોતાના ઘરવાળાની ખૂશ્બૂથી, પછી જુમ્આ માટે આવે, પહોંચ્યો નથી અને બેની વચમાં જુદાઈ નથી કરાવી તો એના અને બીજા જુમ્આની વચમાં થયું એ બખ્શી દેવામાં આવ્યું.'' *(ઈમામ અહમદ, ઈબ્ને માજહ્, હાકિમ)*

**હદીષ : ૨૯**

عَنْ اَبِىْ هُرَيْرَةَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنِ اغْتَسَلَ يَوْمَ الْجُمُعَةِ وَاسْتَاكَ وَ مَسَّ مِنْ طِيْبٍ اِنْ كَانَ عِنْدَهٗ وَلَبِسَ مِنْ اَحْسَنِ ثِيَابِهٖ ثُمَّ خَرَجَ حَتّٰى اَتَى الْمَسْجِدَ وَلَمْ يَتَخَطَّ رِقَابَ النَّاسِ ثُمَّ رَكَعَ مَاشَآءَ اَنْ يَرْكَعَ ثُمَّ اَنْصَتَ اِذَا خَرَجَ الْاِمَامُ فَلَمْ يَتَكَلَّمْ حَتّٰى يَفْرُغَ مِنْ صَلٰوتِهٖ كَانَ كَفَّارَةٌ لِّمَا بَيْنَهَا وَ بَيْنَ الْجُمُعَةِ الْاُخْرٰى رَوَاهُ الْاِمَامُ اَحْمَدُ وَ اَبُوْ دَاوُدَ وَاِبْنُ حَبَّانَ وَالْحَاكِمُ

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ''જે જુમ્આના દિવસે ગુસલ કરે, મિસ્વાક કરે, જો એની પાસે હોય તો ખૂશ્બુ લગાડે, પોતાનાં સુંદર કપડાં પહેરે, પછી નીકળે ત્યાં

સુધી કે મસ્જિદે આવે, લોકોના ગળાં ન ઓળંગે, પછી અલ્લાહ ઈચ્છે એટલી રકાત નમાઝ પઢે પછી જ્યારે ઈમામ (ખુત્બા માટે) નીકળે તો ચૂપ રહે, વાત ન કરે ત્યાં સુધી કે એ પોતાની નમાઝથી ફારેગ થઈ જાય તો એ કફ્ફારો છે એના અને બીજા જુમ્આની વચમાંનો." *(ઈમામ અહમદ, અબૂ દાવૂદ, ઈબ્ને હબ્બાન, હાકિમ)*

## ★ જગા મળે ત્યાં બેસો ★

### હદીષ : ૩૦

عَنْ اِبْنِ عُمَرَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنِ اغْتَسَلَ يَوْمَ الْجُمْعَةِ وَ مَسَّ مِنْ طِيْبِ اِمْرَئَتِهٖ اِنْ كَانَ لَهَا وَ لَبِسَ مِنْ صَالِحِ ثِيَابِهٖ ثُمَّ لَمْ يَتَخَطَّ رِقَابَ النَّاسِ وَلَمْ يَلْغَ عِنْدَ الْمَوْعِظَةِ كَانَ كَفَّارَةً لِّمَا بَيْنَهَا وَ مَنْ لَغَا وَ تَخَطّٰى رِقَابَ النَّاسِ كَانَتْ لَهٗ ظُهْرًا رَوَاهُ اَبُوْ دَاوُدَ

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે. એમણે કહ્યું કે અલ્લાહના રસૂલ ﷺ એ ફર્માવ્યું, "જે જુમ્આના દિવસે ગુસલ કરે અને પોતાની પત્નીની ખૂશબૂથી લગાડે જો એની પાસે હોય, પોતાનાં સારાં કપડાં પહેરે પછી લોકોના ગળ ન ઓળંગે અને વાઈઝ વખતે બેકારમાં ન પડયો તો જે એની વચમાં છે એનો કફ્ફારો થઈ ગયો અને જેણે બેકાર કર્યું અને લોકોના ગળાં ઓળગ્યાં તો એના માટે છે." *(અબૂ દાવૂદ)*

## ★ જાણે આજે જ પૈદા થયો ★

### હદીષ : ૩૧

عَنْ عُقْبَةَ بْنِ عَامِرٍ عَنِ النَّبِيِّ ﷺ مَنْ قَامَ اِذَا اسْتَقَمَتِ الشَّمْسَ فَتَوَضَّأَ فَاَحْسَنَ وُضُوْئَهٗ ثُمَّ قَامَ فَصَلّٰى رَكْعَتَيْنِ غُفِرَ لَهٗ خَطَايَاهُ اَوْ قَالَ كَمَا كَانَ وَلَدَتْهُ اُمُّهٗ رَوَاهُ الْاِمَامُ اَحْمَدُ وَ اَبُوْ يَعْلٰى

હઝરત ઉકબા બિન આમિરથી રિવાયત છે. તેઓ રસૂલુલ્લાહ ﷺ થી રિવાયત કરે છે. ફર્માવ્યું, "જે ઝવાલ પછી ઉભો થાય, વ્યવસ્થિત વુઝૂ કરે પછી ઉભો થાય અને બે રકાત નમાઝ અદા કરે એના ગુનાહ માફ કરી આપવામાં આવશે. અથવા ફર્માવ્યું, એ પ્રમાણે છે કે એની માતાએ એને જન્મ આપ્યો." *(ઈમામ અહમદ, અબૂ યઅલા)*





## ★ સિત્તેર મગફેરત ★

### હદીષ : ૩૨

عَنْ اَمِيْرِ الْمُؤْمِنِيْنَ عَلِيِّ الْمُرْتَضٰى كَرَّمَ اللّٰهُ وَجْهَهٗ قَالَ قَالَ لِىْ رَسُوْلُ اللّٰهِ ﷺ يَا عَلِيُّ اَغْسِلِ الْمَوْتٰى فَاِنَّهٗ مَنْ غَسَّلَ مَيِّتًا غُفِرَ لَهٗ سَبْعِيْنَ مَغْفِرَةً لَوْ قُسِّمَتْ مَغْفِرَةٌ مِّنْهَا عَلٰى جَمِيْعِ الْخَلَائِقِ لَوَسَعَتْهُمْ قُلْتُ مَا يَقُوْلُ مَنْ يَغْتَسِلُ مَيِّتًا قَالَ غُفْرَانَكَ يَا رَحْمٰنُ حَتّٰى يَفْرُغَ مِنَ الْغُسْلِ رَوَاهُ اَبُوْ حَفْصِ بْنِ شَاهِيْنَ فِىْ كِتَابِ الْجَنَائِزِ

અમીરુલ મુ'મિનીન અલી મુર્તઝા کرم اللہ تعالیٰ وجہہ الکریم થી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, "અય અલી ! મુડદાંઓને ગુસલ આપો, **જે મુડદાંને ગુસલ આપશે એની સિત્તેર મગફેરત કરવામાં આવશે, એમાંની એક મગફેરતની સઘળી મખ્લૂક પર વહેંચણી કરવામાં આવે તો બધાને પહોંચી વડે.** મેં વિનંતિ કરી, મય્યિતને ગુસલ આપનાર શું પઢે ? ફર્માવ્યું, "ગુફરાનકા યા રહમાન" ત્યાં સુધી કે એ ગુસલથી ફારેગ થઈ જાય." *(અબૂ હફસ બિન શાહીને કિતાબુલ જનાઈઝમાં રિવાયત કરી)*

## ★ ચાલીસ કબીરા માફ ★

### હદીષ : ૩૩

عَنْ اَبِىْ رَافِعٍ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ غَسَّلَ مَيِّتًا فَكَتَمَ عَلَيْهِ غُفِرَ لَهٗ اَرْبَعِيْنَ كَبِيْرَةً وَمَنْ كَفَّنَهٗ كَسَاهُ اللّٰهُ مِنَ السُّنْدُسِ وَ الْاِسْتَبْرَقِ وَمَنْ حَفَرَ لَهٗ قَبْرًا حَتّٰى يحنه فَكَاَنَّمَا اَسْكَنَهُ مَسْكَنًا حَتّٰى يُبْعَثَ رَوَاهُ الْبَيْهَقِىْ فِى الْمَعْرِفَةِ وَالْحَاكِمُ فِى الْمُسْتَدْرَكِ

હઝરત અબૂ રાફેઅથી રિવાયત છે. એમણે કહ્યું કે અલ્લાહના રસૂલ ﷺ એ ફર્માવ્યું, "જે મય્યિતને ગુસલ આપે, એના પર પર્દો રાખે (કોઈ અયબ ન બતાવે) એના ચાલીસ કબીરા માફ કરી દેવામાં આવશે, અને જે એને કફન આપશે અલ્લાહ તઆલા એને સિલ્ક અને રેશમી કપડું પહેરાવશે (જન્નતમાં) અને જે એના માટે કબર ખોદશે તો જાણે એણે

મય્યિતને (હશ્રમાં જતા સમય સુધી) રહેવા ઘર આપ્યું.'' *(બયહકી, મારેફતમાં અને હાકિમે મુસ્તદરકમાં)*

## ★ ગુનાહોથી તદ્દન મુક્ત ★

**હદીષ : ૩૪**

عَنْ اَمِيْرِ الْمُؤْمِنِيْنَ عَلِيِّ الْمُرْتَضىٰ كَرَّمَ اللّٰهُ وَجْهَهٗ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ غَسَّلَ مَيِّتًا وَ حَنَّطَهٗ وَ حَمَلَهٗ وَصَلّٰى عَلَيْهِ وَلَمْ يُفْشِ مَا رَاىٰ خَرَجَ مِنْ خَطِيْئَتِهٖ كَيَوْمِ وَلَدَتْهُ اُمُّهٗ رَوَاهُ اِبْنُ مَاجَةَ

હઝરત અમીરુલ મુ'મિનીન અલી મુર્તઝા كرم الله تعالى وجهه الكريم થી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ''જે મય્યિતને ગુસલ આપે, ખુશ્બુ લગાડે એને ઉઠાવે, એની નમાઝે જનાઝા પઢે અને જે કંઈ જુએ એને કોઈના પર જાહેર ન કરે, (જો અયબ હોય) તો પોતાના ગુનાહથી નીકળી જશે એ દિવસ માફક જેમાં એની માતાએ એને જન્મ આપ્યો.'' *(ઈબ્ને માજહ)*

## ★ મય્યિતની સેવાનો ફાયદો ★

**હદીષ : ૩૫**

عَنْ جَابِرٍ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ حَفَرَ قَبْرًا بَنَى اللّٰهُ بَيْتًا فِى الْجَنَّةِ وَمَنْ غَسَّلَ مَيِّتًا خَرَجَ مِنْ ذُنُوْبِهٖ كَيَوْمِ وَلَدَتْهُ اُمُّهٗ وَمَنْ كَفَّنَ مَيِّتًا كَسَاهُ اللّٰهُ مِنْ حُلَلِ الْجَنَّةِ وَمَنْ عَزّٰى حَزِيْنًا اَلْبَسَهُ اللّٰهُ التَّقْوٰى وَصَلّٰى عَلٰى رُوْحِهٖ فِى الْاَرْوَاحِ وَمَنْ عَزّٰى مُصَابًا كَسَاهُ اللّٰهُ حُلَّتَيْنِ مِنْ حُلَلِ الْجَنَّةِ لَا تَقُوْمُ لَهُمَا الدُّنْيَا وَمَنِ اتَّبَعَ جَنَازَةً حَتّٰى يَقْضِىَ دَفْنَهَا كَتَبَ اللّٰهُ لَهٗ ثَلَاثَةَ قَرَارِيْطَ اَلْقِيْرَاطُ مِنْهَا اَعْظَمُ مِنْ جَبَلِ اُحُدٍ وَمَنْ كَفَلَ يَتِيْمًا اَوْ اَرْمَلَةً اَظَلَّهُ اللّٰهُ فِىْ ظِلِّهٖ وَاَدْخَلَهُ الْجَنَّةَ رَوَاهُ الطَّبْرَانِىُّ فِى الْاَوْسَطِ

હઝરત જાબિર رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, **''જે કબ્ર ખોદશે અલ્લાહ એના માટે જન્નતમાં ઘર બનાવશે અને જે મય્યિતને ગુસલ આપશે પોતાના ગુનાહથી એ દિવસ માફક નીકળી જશે જેમાં એની માતાએ એને જન્મ**





**આપ્યો અને જે મય્યિતને કફન પહેરાવશે અલ્લાહ તઆલા એને જન્નતનો વસ્ત્ર પહેરાવશે,** જે તકલીફવાળાની ખબરગીરી કરશે અલ્લાહ તઆલા એને તકવાનો વસ્ત્ર પહેરાવશે અને રૂહોમાં એની રૂહ પર રહમતની વર્ષા કરશે અને જે મુસીબતવાળાની ખબરગીરી કરશે અલ્લાહ તઆલા એને જન્નતના બેજોડ વસ્ત્ર પહેરાવશે કે દુનિયા એની જગાએ ઉભી નથી થઈ શકતી, અને જે જનાઝાની પાછળ જાય ત્યાં સુધી કે દફન કરે અલ્લાહ તઆલા એના માટે ત્રણ કિરાત લખશે, એમાંના એક કિરાત ઓહદ પહાડથી વધીને હશે. અને જે યતીમ અને બેવાનો ખર્ચ ઉઠાવશે અલ્લાહ એને પોતાના છાંયડાંમા રાખશે અને એને જન્નતમાં પહોંચાડશે. *(તબ્રાનીએ ઔસત)*

## ★ પર્દામાં રહેવા દો ! ★

**હદીષ : ૩૬**

عَنْ اَبِىْ اُمَامَةَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ غَسَّلَ مَيِّتًا فَكَتَمَ عَلَيْهِ طَهَّرَهُ اللّٰهُ مِنْ ذُنُوْبِهٖ فَاِنْ كَفَّنَهٗ كَسَاهُ اللّٰهُ مِنَ السُّنْدُسِ رَوَاهُ الطَّبْرَانِىُّ فِى الْكَبِيْرِ

હઝરત અબૂ ઉમામા رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ''જે મય્યિતને ગુસલ આપે એના પર પર્દો રાખે (અયબ જાહેર ન કરે). અલ્લાહ તઆલા એને એના ગુનાહોથી પાક કરી આપશે અને જો એને કફન પહેરાવશે તો અલ્લાહ તઆલા એને રેશમી કપડું પહેરાવશે. *(તબ્રાનીએ કબીર)*

## ★ મય્યિતનો અયબ ન બતાવો ! ★

**હદીષ : ૩૭**

عَنْ اُمِّ الْمُؤْمِنِيْنَ الصِّدِّيْقَةِ قَالَتْ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ غَسَّلَ مَيِّتًا فَاَدّٰى فِيْهِ الْاَمَانَةَ وَلَمْ يُفْشِ عَلَيْهِ مَا يَكُوْنُ مِنْهُ عِنْدَ ذٰلِكَ خَرَجَ مِنْ ذُنُوْبِهٖ كَيَوْمِ وَلَدَتْهُ اُمُّهٗ رَوَاهُ الْاِمَامُ اَحْمَدُ وَالطَّبْرَانِىُّ

હઝરત ઉમ્મુલ મુ'મિનીન સિદ્દીકા رضی اللہ عنہاથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ''જે મય્યિતને ગુસલ આપે અને એમાં ઈમાનદારીનો રોલ અદા કરે અને એ સમયે જે થાય એના માટે એને

જાહેર ન કરે તો પોતાના ગુનાહોથી એ દિવસ માફક નીકળી જશે જેમાં એની માતાએ એને જન્મ આપ્યો." *(ઈમામ અહમદ, તબ્રાની)*

**હદીષ : ૩૮**

عن سلمان اَنَّ الْعَبْدَ اِذَا تَوَضَّأَ فَاَحْسَنَ الْوُضُوْءَ ثُمَّ صَلىّٰ فَاَحْسَنَ الصَّلاَةَ تَحَاتَتْ عَنْهُ ذُنُوْبُهٗ كَمَا يَتَحَاتُ وَرَقُ هٰذِهِ الشَّجَرَةِ ۔ رواه لطبرانی

હઝરત સલ્માન رضی اللہ عنہથી રિવાયત છે કે, "બંદો જ્યારે વ્યવસ્થિત વુઝૂ કરે પછી વ્યવસ્થિત નમાઝ પઢે એનાથી એના ગુનાહ પડી જશે જેમ આ ઝાડનાં પાંદડાં ખરી જાય છે." *(તબ્રાની)*

**હદીષ : ૩૯**

عن ابی امامة مَا مِنْ مُسْلِمٍ يَتَوَضَّأُ فَيَضَعُ وَضُوْئَهٗ مَوَاضِعَهٗ اِلَّا خَرَجَتْ خَطَايَاهُ مِنْ سَمْعِهٖ وَ بَصَرِهٖ وَ يَدَيْهِ وَ رِجْلَيْهِ وَ كَانَتْ صَلاَتُهٗ فَضْلًا ۔ رواه الطبرانی

હઝરત અબૂ ઉમામા رضی اللہ عنہથી રિવાયત છે, "જે મુસલમાન વુઝૂ કરે પછી રાખે પાણી એની જગાઓ પર, નીકળી જશે એના ગુનાહ એના કાન, એની આંખો, એના હાથો અને એના પગોથી અને એની નમાઝ વધારાની છે." *(તબ્રાની)*

**હદીષ : ૪૦**

عن عقبة بن عامر مَنْ تَوَضَّأَ وُضُوْءً كَامِلاً ثُمَّ قَامَ اِلىٰ صَلاَتِهٖ كَانَ مِنْ خَطِيْئَتِهٖ كَيَوْمٍ وَلَدَتْهُ اُمُّهٗ ۔ رواه ابو داود الطيالسی

હઝરત ઉકબા બિન આમિરથી રિવાયત છે, "જે વુઝૂ સંપૂર્ણ કરે પછી નમાઝ માટે ઉભો થાય તો એ પોતાના ગુનાહોથી એવો છે જાણે આજે એની માતાએ એને જન્મ આપ્યો." *(અબૂ દાવૂદ તિયાલિસી)*

وَمَا عَلَيْنَا اِلَّا الْبَلاَغُ الْمُبِيْنُ





(પ્રકરણ : ૫)

# તહારત અને સવાબ હદીષના પ્રકાશમાં

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

نَحْمَدُهٗ وَنُصَلِّىْ عَلٰى رَسُوْلِهٖ سَيِّدِالْمُرْسَلِيْنَ وَعَلٰى اٰلِهٖ وَاَصْحَابِهٖ اَجْمَعِيْنَ ۔ اَمَّا بَعْدُ فَاَعُوْذُ بِاللّٰهِ مِنَ الشَّيْطَانِ الرَّجِيْمِ ۔ بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ۔ حَافِظُوْا عَلَى الصَّلَوَاتِ وَ الصَّلاَةِ الْوُسْطٰى وَ قُوْمُوْا لِلّٰهِ قَانِتِيْنَ ۔ صَدَقَ اللّٰهُ الْعَظِيْمُ وَصَدَقَ رَسُوْلُهُ النَّبِيُّ الْاَمِيْنُ الْكَرِيْمُ ۔ وَنَحْنُ عَلٰى ذٰلِكَ لَمِنَ الشَّاهِدِيْنَ وَالشّٰكِرِيْنَ وَالْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعَالَمِيْنَ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَارَسُوْلَ اللّٰهِ
اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَاحَبِيْبَ اللّٰهِ
اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَا نَبِيَّ اللّٰهِ
اَلصَّلٰوةُ وَ السَّلَامُ عَلَيْكَ يَا نُوْرَ اللّٰهِ
صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْكَ وَسَلَّمَ

મારા પ્યારા આકા ﷺના પ્યારા દીવાનાઓ અને દીવાનીઓ ! ગત બે બયાનોમાં આપણે એ જાણ્યું કે વુઝૂ અને ગુસલ મૂળ હેતુ નથી પણ મૂળ હેતુ નમાઝ અને તિલાવત છે. પણ કેમ કે નમાઝ માટે તહારત શરત છે અને એના વગર નમાઝમાં પ્રવેશી શકાતું નથી તો અલ્લાહ તઆલા તરફથી આપણને એમાં એ અમૂલ્ય ઈનામ આપવામાં આવ્યું કે આપણા સગીરા ગુનાહ એના થકી માફ કરી દેવામાં આવે છે.

આજે આપણે એ જાળવાની કોશિશ કરીશું કે તહારત પર માત્ર એ જ ઈનામ નથી કે આપણા ગુનાહનું વજન હલકુ કરવામાં આવે છે, બલ્કે નેકીઓથી પણ માલમાલ કરવામાં આવી છે. એટલે કે અમલ એક અને ફાયદો બમળો ! ગુનાહ પણ જાય અને નેકીઓથી માલામાલ પણ કરવામાં આવે. તહારત પર મળતા સવાબ આપણે હદીષે પાકની રોશનીમાં જાણીશું." (ઈન્શાઅલ્લાહ !)

આપણા પ્યારા આકા ﷺ અલ્લાહ તઆલાના મહબૂબ છે અને મહબૂબથી સંબંધિત હોવાને લઈને આપણે ઉમ્મતીઓમાં મહબૂબ છીએ. આગલી ઉમ્મતોને અમલ કરવા પર અમલ પ્રમાણે બદલો આપવામાં આવતો હતો અને આપણને એક નેક અમલ પર ઓછામાં ઓછો દસ ગણો અને વધીને ૭૦૦ ગણો બલ્કે એનાથી પણ અધિક આપવામાં આવે છે. અને આ બધામાં આપણો કોઈ કમાલ નથી પણ બધો કમાલ આપણા અલ્લાહના પ્રિય નબીના ઉમ્મતી હોવાને લઈને છે.

**યહ સબ તુમ્હારા કરમ હય આકા !**
**કે બાત અબ તક બની હૂઈ હય**

આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

**કરીમ ઐસા મિલા કે જિસકે**
**ખુલે હંય હાથ ઔર ભરે ખઝાને**
**બતાવો અય મુફિલસો કે ફિર !**
**ક્યું તુમ્હારા દિલ ઈઝતેરાબમેં હય**

## ★ સતત નેકીઓની વર્ષા ★

**હદીષ : ૧**

عَنْ اَبِیْ هُرَيْرَةَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ يَا اَبَا هُرَيْرَةَ اِذَا تَوَضَّأْتَ فَقُلْ بِسْمِ اللّٰهِ وَالْحَمْدُ لِلّٰهِ فَاِنَّ حَفَظَتُكَ لَاتَسْتَرِيْحُ تَكْتُبُ لَكَ الْحَسَنَاتِ حَتّٰى تَحْدُثَ مِنْ ذٰلِكَ الْوُضُوْءِ رَوَاهُ الطَّبْرَانِىُ فِى الْاَوْسَطِ وَ الصَّغِيْرِ

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે અલ્લાહના રસૂલ ﷺએ ફર્માવ્યું : "અય અબૂ હુરૈરહ્ ! જ્યારે તું વુઝૂ કરે તો પઢ :





بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ وَالْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعَالَمِيْنَ

*(બિસ્મિલ્લાહિર્રહ્માનિર્રહીમિ વલ્હમ્દુલિલ્લાહિ રબ્બિલ આલમીન.)* તો તારા રક્ષક ફરિશ્તાઓ તારા માટે સતત નેકીઓ લખતા રહેશે. ત્યાં સુધી કે તું એ વુઝૂથી બેવુઝૂ થઈ જાય." *(તબ્રાનીએ ઔસત–સગીર)*

પબ્લિક માટે જે વુઝૂની દુઆ દુઆઓની કિતાબમાં લખવામાં આવે છે અને સામાન્ય પબ્લિકને એ સારી રીતે યાદ હોય છે અને મદરસામાં બાળકોને એ મોઢે કરાવવામાં આવે છે એ પઢી લેવાથી પણ આ હદીષ પર અમલ થઈ જાય છે.

વુઝૂની પ્રખ્યાત દુઆ :–

اَتَوَضَّأُ لِرَفْعِ الْحَدَثِ اَعُوْذُ بِاللّٰهِ مِنَ الشَّيْطَانِ الرَّجِيْمِ بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ بِسْمِ اللّٰهِ الْعَظِيْمِ وَالْحَمْدُ لِلّٰهِ عَلٰى دِيْنِ الْاِسْلَامِ،،

*(અતવદ્દઉ લિરફઈલ્ હદષિ અઊઝુબિલ્લાહિ મિનશ્શયતાનિર્રજીમિ બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમિ બિસ્મિલ્લાહિલ્ અઝીમિ વલ્હમ્દુલિલ્લાહિ અલા દીનિલ ઈસ્લામ.)* "હું નાપાકીને દૂર કરવા વુઝૂ કરું છું, હું અલ્લાહની પનાહ લઈ રહ્યો છું, મરદૂદ શૈતાનથી, અલ્લાહના નામથી શરૂ જે અત્યંત કૃપાળુ દયાવાન, મહાન અલ્લાહના નામથી શરૂ, અને સઘળા વખાણ સમગ્ર જગતના રબ અલ્લાહ માટે છે."

જેને આ દુઆ ન આવડતી હોય તો એ માત્ર આટલું પઢી લે તો હદીષ પર અમલ થઈ જશે : بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ وَالْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعَالَمِيْنَ *(બિસ્મિલ્લાહિર્રહ્માનિર્રહીમિ વલ્હમ્દુલિલ્લાહિ રબ્બિલ આલમીન.)*

આ પ્રમાણે પઢવું જરૂરી નથી સુન્નત છે, ન પઢવામાં આવે તો પણ વુઝૂ થઈ જશે. પરંતુ અમલ કરવાથી ફાયદો એ છે કે જ્યાં સુધી આપણું વુઝૂ રહે સતત નેકીઓ આપણા માટે લખવામાં આવે છે.

આ અમલ માટે કોશિશ એટલી જ કે જરૂરત સમયે યાદ રાખવું અને ૧૫ સેકન્ડોમાં પઢી લેવું અને સવાબ આપણા પર આધારિત, જ્યાં સુધી વુઝૂ રહે સવાબ લખાતો જ રહે. (અલ્લાહ તઆલા આપણને અમલની તૌફીક્ અતા ફર્માવે.)

## ★ અલ્લાહના ઝિક્રનો બદલો ★

**હદીષ : ૨**

عَنْ اِبْنِ مَسْعُوْدٍ قَالَ اِذَا تَطَهَّرَ اَحَدُكُمْ فَلْيَذْكُرِ اسْمَ اللّٰهِ فَاِنَّهٗ لَطَهَّرَ جَسَدَهٗ كُلَّهٗ وَاِنْ لَمْ يَذْكُرْ اَحَدُكُمْ اسْمَ اللّٰهِ عَلٰى طُهُوْرِهٖ لَمْ يَتَطَهَّرْ اِلَّا مَا اَمَرَّ عَلَيْهِ الْمَآءَ فَاِذَا فَرَغَ اَحَدُكُمْ مِنْ طُهُوْرِهٖ فَلْيَشْهَدْ اَنْ لَّا اِلٰهَ اِلَّا اللّٰهُ وَاَنَّ مُحَمَّدًا عَبْدُهٗ وَ رَسُوْلُهٗ فَاِذَا قَالَ ذٰلِكَ فُتِحَتْ لَهٗ اَبْوَابُ الرَّحْمَةِ رَوَاهُ الشِّيْرَازِىْ فِى الْاَلْقَابِ وَالْبَيْهَقِىْ فِى السُّنَنِ

હઝરત ઈબ્ને મસઊદ رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવ્યું કે જ્યારે તમારામાંથી કોઈ તહારત પ્રાપ્ત કરવાનો ઈરાદો કરે તો અલ્લાહના નામનો ઝિક્ર કરે (જો આમ કરશે તો) એનું પૂરું બદન પાક થઈ જશે. અને તમારામાંથી જેણે તહારત સમયે અલ્લાહનો ઝિક્ર ન કર્યો તો જેટલા પરથી પાણી પસાર થયું એટલું જ પાક થયું. પછી જ્યારે તમારામાંથી કોઈ પોતાની તહારતથી ફારેગ થાય તો તે આ પઢે :–

اَشْهَدُ اَنْ لَّآاِلٰهَ اِلَّا اللّٰهُ وَاَشْهَدُاَنَّ مُحَمَّدًا عَبْدُهٗ وَرَسُوْلُهٗ ''જ્યારે એ આ પ્રમાણે પઢશે તો એના માટે રહમતના દરવાજા ખુલી જશે.'' *(શીરાઝી અલ્કાબમાં અને બયહકી સુનનમાં)*

બિસ્મિલ્લાહ શરીફ પઢી લેવાથી આ હદીષ પર અમલ થઈ જાય છે, અને ઉપરોક્ત વુઝૂની દુઆ જે શિખવાડવામાં આવી એને પઢી લેવાથી પણ અમલ થઈ જશે. અલગથી બિસ્મિલ્લાહ પઢવાની જરૂરત રહેશે નહીં.

વુઝૂ પૂરું થઈ જાય ત્યારે બીજો કલ્મો પઢી લેવામાં આવે, ઈન્શાઅલ્લાહ ! રહમતના દરવાજા ખુલી જશે.

અમલ સેકન્ડોનો અને સવાબ કલાકોનો ! થોડું ધ્યાન આપવામાં આવે તો આપણે સરળતાથી આખેરતના ધનવાન બની શકીએ છીએ.

અલ્લાહનો ઝિક્ર કરી લેવાનો એક મહાન ફાયદો એ છે કે આપણે વુઝૂમાં એ જ કરીએ છીએ જે વુઝૂ સંબંધિત છે પણ આપણને પૂરા બદનને પાક સાફ કરવાનો બદલો આપવામાં આવે છે.





## ★ જન્નતના દરેક દરવાજે સ્વાગત ★

**હદીષ : 3**

عَنْ اَمِيْرِ الْمُؤْمِنِيْنَ عُمَرَ الْفَارُوْقِ رَضِىَ اللّٰهُ عَنْهُ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَا مِنْكُمْ مِنْ اَحَدٍ يَتَوَضَّأُ فَيُسْبِغُ ثُمَّ يَقُوْلُ اَشْهَدُ اَنْ لَّآاِلٰهَ اِلَّا اللّٰهُ وَاَنَّ مُحَمَّدًا عَبْدُهٗ وَرَسُوْلُهٗ فُتِحَتْ لَهٗ اَبْوَابُ الْجَنَّةِ الثَّمَانِيَةِ يَدْخُلُ مِنْ اَيِّهَا شَآءَ رَوَاهُ مُسْلِمٌ

અમીરુલ મુ'મિનીન ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ''તમારામાંથી જે વ્યવસ્થિત વુઝૂ કરે પછી પઢે :–

اَشْهَدُ اَنْ لَّآاِلٰهَ اِلَّا اللّٰهُ وَاَشْهَدُاَنَّ مُحَمَّدًا عَبْدُهٗ وَرَسُوْلُهٗ એના માટે જન્નતના આઠેવ દરવાજા ખોલી નાખવામાં આવશે જેનાથી એ ઈચ્છે પ્રવેશી જાય.'' *(મુસ્લિમ)*

જ્યારે પણ વુઝૂ કરવામાં આવે કલ્મો પઢી લેવામાં આવે, કલ્મો પઢવાનો જે શબ્દાર્થી સવાબ છે એ તો મળશે જ પણ આખેરતમાં એ અમલનો બદલો બતાવવામાં આવ્યો કે અલ્લાહની બારગાહમાં એનો મર્તબો એટલો ઊંચો છે કે જન્નતમાં આઠ દરવાજા છે અને એનું દરેક દરવાજેથી સ્વાગત કરવામાં આવશે. અમલ ઘણો સરળ છે કેવળ થોડું ધ્યાન આપવાની જરૂરતમાં છે.

## ★ રહમતના દરવાજા ખોલો ! ★

**હદીષ : ૪**

عَنْ اِبْنِ مَسْعُوْدٍ قَالَ اِذَا فَرَغَ اَحَدُكُمْ مِنْ طُهُوْرِهٖ فَالْيَشْهَدْ اَنْ لَّا اِلٰهَ اِلَّا اللّٰهُ وَاَنَّ مُحَمَّدًا عَبْدُهٗ وَ رَسُوْلُهٗ فَاِذَا قَالَ ذٰلِكَ فُتِحَتْ لَهٗ اَبْوَابُ الرَّحْمَةِ رَوَاهُ الشِّيْرَازِىْ فِىْ اَلْقَاب وَ الْبَيْهَقِىْ

હઝરત ઈબ્ને મસઊદ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું, ''જ્યારે તમારામાંથી કોઈ પોતાની તહારતથી ફારેગ થાય તો اَشْهَدُ اَنْ لَّآاِلٰهَ اِلَّا اللّٰهُ وَاَشْهَدُاَنَّ مُحَمَّدًا عَبْدُهٗ وَرَسُوْلُهٗ જ્યારે આમ કહેશે તો રહમતના દરવાજા એના માટે ખુલી જશે.'' *(બયહકી, શીરાઝી અલ્કાબમાં)*

**હદીષ : ૫**

عَنْ اَمِيْرِ الْمُؤْمِنِيْنَ عُمَرَ الْفَارُوْقِ قَالَ مَنْ تَوَضَّأَ فَاَحْسَنَ الْوُضُوْءَ ثُمَّ رَفَعَ بَصَرَهٗ السَّمَآءَ فَقَالَ اَشْهَدُ اَنْ لَّا اِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَاشَرِيْكَ لَهٗ وَ اَنَّ مُحَمَّدًا عَبْدُهٗ وَرَسُوْلُهٗ فُتِحَتْ لَهٗ ثَمَانِيَةُ اَبْوَابِ الْجَنَّةِ يَدْخُلُ مِنْ اَيِّهَا شَآءَ رَوَاهُ النَّسَائِىْ وَ اِبْنُ مَاجَةَ وَ الْحَاكِمُ

અમીરુલ મુ'મિનીન ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું, ''જેણે વ્યવસ્થિત વુઝૂ કર્યું પછી પોતાની નિગાહ આકાશ તરફ ઉઠાવી અને પઢયો اَشْهَدُ اَنْ لَّآاِلٰهَ اِلَّا اللّٰهُ وَاَشْهَدُاَنَّ مُحَمَّدًا عَبْدُهٗ وَرَسُوْلُهٗ એના માટે જન્નતના આઠેવ દરવાજા ખોલી નાખવામાં આવશે જેનાથી ઈચ્છે પ્રવેશી જાય.'' *(નસાઈ, ઈબ્નેમાજા, હાકિમ)*

**હદીષ : ૬**

عَنْ اَنَسٍ قَالَ مَنْ تَوَضَّأَ فَاَحْسَنَ الْوُضُوْءَ ثُمَّ قَالَ ثَلَاثَ مَرَّاتٍ اَشْهَدُ اَنْ لَّا اِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَاشَرِيْكَ لَهٗ وَ اَنَّ مُحَمَّدًا عَبْدُهٗ وَرَسُوْلُهٗ فُتِحَتْ لَهٗ اَبْوَابُ الْجَنَّةِ ثَمَانِيَةُ اَبْوَاب مِنْ اَيِّهَا شَآءَ دَخَلَ رَوَاهُ الْاِمَامُ اَحْمَدُ وَابْنُ مَاجَةَ

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું, ''જેણે વ્યવસ્થિત વુઝૂ કર્યું પછી ત્રણ વખત કહ્યું :–

اَشْهَدُ اَنْ لَّآاِلٰهَ اِلَّا اللّٰهُ وَاَشْهَدُاَنَّ مُحَمَّدًا عَبْدُهٗ وَرَسُوْلُهٗ એના માટે જન્નતના આઠેવ દરવાજા ખોલી નાખવામાં આવશે જેનાથી ઈચ્છે પ્રવેશે.'' *(ઈમામ અહમદ, ઈબ્ને માજહ)*

**હદીષ : ૭**

عَنْ اِبْنِ مَسْعُوْدٍ قَالَ اِذَا فَرَغَ اَحَدُكُمْ مِنْ طُهُوْرِهٖ فَلْيَقُلْ اَشْهَدُ اَنْ لَّا اِلٰهَ اِلَّا اللّٰهُ وَ اَنَّ مُحَمَّدًا عَبْدُهٗ وَرَسُوْلُهٗ ثُمَّ لْيُصَلِّ عَلَيَّ فَاِذَا قَالَ ذٰلِكَ فُتِحَتْ لَهٗ اَبْوَابُ الرَّحْمَةِ رَوَاهُ اَبُو الشَّيْخِ فِى الثَّوَابِ

હઝરત ઈબ્ને મસઊદ رضی اللہ عنہ થી રિવાયત છે. એમણે કહ્યું, ''જ્યારે તમારામાંથી કોઈ પોતાની તહારતથી ફારેગ થાય તો કહે, اَشْهَدُ اَنْ لَّآاِلٰهَ اِلَّا اللّٰهُ وَاَشْهَدُاَنَّ مُحَمَّدًا عَبْدُهٗ وَرَسُوْلُهٗ પછી મારા પર દુરૂદ





પઢે. જો આમ કહેશે તો એના માટે રહમતના દરવાજા ખોલી નાખવામાં આવશે.'' *(અબૂશ્શેખ સવાબમાં)*

**હદીષ : ૮**

عَنْ اَمِيْرِ الْمُؤْمِنِيْنَ عُمَرَ الْفَارُوْقِ قَالَ مَا مِنْ اَحَدٍ يَتَوَضَّأُ فَيُسْبِغُ الْوُضُوْءَ ثُمَّ يَقُوْلُ حِيْنَ يَفْرُغُ مِنْ وُضُوْئِهٖ اَشْهَدُ اَنْ لَّا اِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَا شَرِيْكَ لَهٗ وَاَنَّ مُحَمَّدًا عَبْدُهٗ وَرَسُوْلُهٗ اِلَّا فُتِحَتْ لَهٗ اَبْوَابُ الْجَنَّةِ الثَّمَانِيَةُ يَدْخُلُ مِنْ اَيِّهَا شَآءَ رَوَاهُ الْاِمَامُ اَحْمَدُ وَ اَبُوْ دَاوٗدَ وَالتِّرْمِذِىْ وَالنَّسَائِىْ

અમીરુલ મુ'મિનીન ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું, ''તમારામાંથી જે વુઝૂ કરે તો પૂરેપૂરું વુઝૂ કરે પછી પોતાના વુઝૂથી ફારેગ થઈ પઢે, اَشْهَدُ اَنْ لَّآاِلٰهَ اِلَّا اللّٰهُ وَاَشْهَدُاَنَّ مُحَمَّدًا عَبْدُهٗ وَرَسُوْلُهٗ તો એના માટે જન્નતના આઠેવ દરવાજા ખોલી નાખવામાં આવશે જેનાથી ઈચ્છે પ્રવેશે.'' *(ઈમામ અહમદ, અબૂ દાવૂદ, તિર્મિઝી, નસાઈ)*

**હદીષ : ૯**

عَنْ اَمِيْرِ الْمُؤْمِنِيْنَ عُمَرَ الْفَارُوْقِ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ مَنْ تَوَضَّأَ فَاَحْسَنَ الْوُضُوْءَ ثُمَّ قَالَ اَشْهَدُ اَنْ لَّا اِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَا شَرِيْكَ لَهٗ وَ اَشْهَدُ اَنَّ مُحَمَّدًا عَبْدُهٗ وَرَسُوْلُهٗ اَللّٰهُمَّ اجْعَلْنِىْ مِنَ التَّوَّابِيْنَ وَاجْعَلْنِىْ مِنَ الْمُتَطَهِّرِيْنَ فُتِحَتْ لَهٗ ثَمَانِيَةُ اَبْوَابُ الْجَنَّةِ يَدْخُلُ مِنْ اَيِّهَا شَآءَ رَوَاهُ التِّرْمِذِىْ

અમીરુલ મુ'મિનીન ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ''જે વ્યવસ્થિત વુઝૂ કરે પછી પઢે اَشْهَدُ اَنْ لَّآاِلٰهَ اِلَّا اللّٰهُ وَاَشْهَدُاَنَّ مُحَمَّدًا عَبْدُهٗ وَرَسُوْلُهٗ એના માટે જન્નતના આઠેવ દરવાજા ખોલી નાખવામાં આવશે જેનાથી ઈચ્છે પ્રવેશે.'' *(તિર્મિઝી)*

**હદીષ : ૧૦**

عَنْ ثَوْبَانَ قَالَ مَنْ تَوَضَّأَ فَاَسْبَغَ الْوُضُوْءَ ثُمَّ قَالَ عِنْدَ فَرَاغِهٖ مِنَ الْوُضُوْءِ اَشْهَدُ اَنْ لَّا اِلٰهَ اِلَّا اللّٰهُ وَ اَشْهَدُ اَنَّ مُحَمَّدًا عَبْدُهٗ وَ رَسُوْلُهٗ اَللّٰهُمَّ اجْعَلْنِىْ مِنَ التَّوَّابِيْنَ وَاجْعَلْنِىْ مِنَ الْمُتَطَهِّرِيْنَ فُتِحَتْ لَهٗ ثَمَانِيَةُ اَبْوَابِ الْجَنَّةِ يَدْخُلُ مِنْ اَيِّهَا شَآءَ رَوَاهُ اِبْنُ السُّنِّىِّ وَ الْخَطِيْبُ وَ اِبْنُ النَّجَّارِ

હઝરત થૌબાનથી રિવાયત છે. એમણે કહ્યું કે જેણે વુઝૂ કર્યું તો પૂરેપૂરું વુઝૂ કર્યું, પછી વુઝૂથી ફારેગ થયા બાદ પઢે :–

اَشْهَدُ اَنْ لَّآاِلٰهَ اِلَّا اللّٰهُ وَاَشْهَدُاَنَّ مُحَمَّدًا عَبْدُهٗ وَرَسُوْلُهٗ એના માટે જન્નતના આઠેવ દરવાજા ખોલી નાખવામાં આવશે, જેનાથી ઈચ્છે પ્રવેશે. *(ઈબ્ને સિન્ની, ખતીબ, ઈબ્ને નજ્જાર)*

## હદીષ : ૧૧

عَنِ الْبَرَاءِ قَالَ مَا مِنْ عَبْدٍيَقُوْلُ حِيْنَ يَتَوَضَّأُ بِسْمِ اللّٰهِ ثُمَّ يَقُوْلُ لِكُلِّ عَضْوٍاَشْهَدُ اَنْ لَّا اِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَا شَرِيْكَ لَهٗ وَ اَنَّ مُحَمَّدًا عَبْدُهٗ وَرَسُوْلُهٗ ثُمَّ يَقُوْلُ حِيْنَ يَفْرُغُ اَللّٰهُمَّ اجْعَلْنِىْ مِنَ التَّوَّابِيْنَ وَاجْعَلْنِىْ مِنَ الْمُتَطَهِّرِيْنَ اِلَّا فُتِحَتْ لَهٗ ثَمَانِيَةُ اَبْوَابِ الْجَنَّةِ يَدْخُلَ مِنْ اَيِّهَا شَآءَ فَاِنْ قَامَ مِنْ فَوْرِهٖ ذٰلِكَ فَصَلّٰى رَكْعَتَيْنِ يَقْرَأُ فِيْهِمَا وَيَعْلَمُهَا يَقُوْلُ اِنْفَتَلَ مِنْ صَلٰوتِهٖ كَيَوْمٍ وَلَدَتْهُ اُمُّهٗ ثُمَّ يُقَالُ اِسْتَانِفِ الْعَمَلَ رَوَاهُ الْمُسْتَغْفِرِىْ فِى الدَّعْوَاتِ

હઝરત બરાઅથી રિવાયત છે. એમણે કહ્યું, ''બંદો જ્યારે વુઝૂ કરે તો કહે 'બિસ્મિલ્લાહ' પછી દરેક અંગ વખતે કહે :–

اَشْهَدُ اَنْ لَّآاِلٰهَ اِلَّا اللّٰهُ وَاَشْهَدُاَنَّ مُحَمَّدًا عَبْدُهٗ وَرَسُوْلُهٗ પછી (વુઝૂથી) ફારેગ થઈ પઢે :–

اَللّٰهُمَّ اجْعَلْنِىْ مِنَ التَّوَّابِيْنَ وَاجْعَلْنِىْ مِنَ الْمُتَطَهِّرِيْنَ એના માટે જન્નતના આઠેવ દરવાજા ખોલી નાખવામાં આવશે જેનાથી ઈચ્છે પ્રવેશે. પછી પોતના એ અમલથી ઉભો થઈ તરત બે રકાત નમાઝ પઢે, એમાં કુર્આન પઢે અને જે કહે તે જાણે (ધ્યાનપૂર્વક પઢે) (તો પોતાની નમાઝથી ફારેગ થશે એ દિવસ માફક જેમાં એની માતાએ એને જન્મ આપ્યો.) *(મુસ્તગફેરી દા'વતમાં)*

અલગ અલગ હદીષોમાં જે અમુક અમુક શબ્દોનો તફાવત હોય છે એમાં પઢવાનો ઉત્તમ તરીકો એ છે કે એ હદીષ અમલમાં લાવવામાં આવે જેના શબ્દો બધી હદીષોના શબ્દોને સમાવેલ હોય તો આમ બધી હદીષો પર અમલ થઈ શકે છે.





# ★ પઢેલું અર્શે ઈલાહી નીચે ★

## હદીષ : ૧૨

عَنْ اَبِىْ سَعِيْدٍقَالَ مَنْ تَوَضَّأَ فَقَالَ بَعْدَ فَرَاغِهٖ مِنْ وُضُوْئِهٖ سُبْحَانَكَ اللّٰهُمَّ وَ بِحَمْدِكَ اَشْهَدُ اَنْ لَّآ اِلٰهَ اِلَّآ اَنْتَ اَسْتَغْفِرُكَ وَاَتُوْبُ اِلَيْكَ كُتِبَ فِىْ رِقٍّ ثُمَّ جُعِلَ فِى طَابِعٍ فَلَمْ يُكْسَرْ اِلٰى يَوْمِ الْقِيَامَةِ رَوَاهُ النَّسَائِىْ وَ الْحَاكِمُ

હઝરત અબૂ સઈદ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું, ''જે વુઝૂ કરે પછી પોતાના વુઝૂથી ફારેગ થઈ પઢે :– اَللّٰهُمَّ وَ بِحَمْدِكَ اَشْهَدُ اَنْ لَّآ اِلٰهَ اِلَّآ اَنْتَ اَسْتَغْفِرُكَ وَاَتُوْبُ اِلَيْكَ એને કાગળમાં લખવામાં આવશે એના પર મોહર લગાડવામાં આવશે અને એને કિ્યામત સુધી તોડવામાં નહીં આવે.'' *(નસાઈ વ હાકિમ)*

## હદીષ : ૧૩

عَنْ اَبِىْ سَعِيْدٍ قَالَ مَنْ قَالَ بِسْمِ اللّٰهِ حِيْنَ يَتَوَضَّأُ فَاِذَا فَرَغَ مِنْ وُضُوْئِهٖ قَالَ سُبْحَانَكَ اللّٰهُمَّ وَبِحَمْدِكَ اَشْهَدُ اَنْ لَّآ اِلٰهَ اِلَّا اللّٰهُ اِلَّآ اَنْتَ اَسْتَغْفِرُكَ وَاَتُوْبُ اِلَيْكَ طُبِعَتْ بِطَابِعٍ ثُمَّ جُعِلَتْ تَحْتَ الْعَرْشِ حَتّٰى يُوَافِىْ بِهَا صَاحِبُهَا يَوْمَ الْقِيَامَةِ رَوَاهُ اِبْنُ النَّجَّارِ

હઝરત અબૂ સઈદથી રિવાયત છે. કહ્યું, ''જે બિસ્મિલ્લાહ શરીફ પઢ જ્યારે વુઝૂ કરે, પછી જ્યારે પોતાના વુઝૂથી ફારેગ થાય પછી પઢે ઉપરોક્ત દુઆ એના પર મોહર લગાડવામાં આવશે, પછી એને અર્શ નીચે રાખવામાં આવશે ત્યાં સુધી કે એના પઢનારને કિ્યામતના દિવસે બદલો આપવામાં આવશે.'' *(ઈબ્ને નજ્જાર)*

જાણવા મળ્યું કે આ શબ્દો અલ્લાહને અતિ પ્રિય છે એટલે એના પઢ નાર વ્યક્તિના શબ્દોને લખીને એના પર ન પઢનારનું નામ લખીને અર્શે ઈલાહી પર રાખવામાં આવે છે. અને જેટલી વખત પૂરા જીવનમાં વુઝૂ કરવામાં આવ્યું અને ઉપરોક્ત દુઆ પઢવામાં આવી એટલી વખત અલગ અલગ લખીને અર્શે ઈલાહી નીચે રાખવામાં આવશે અને કિ્યામતના દિવસે પઢનારને એનો બદલો આપવામાં આવશે. જ્યારે આ શબ્દોની એટલી ઈજ્જત છે તો એના પર જે બદલો પઢનારને આપવામાં આવશે એ કેવો હશે !

## ★ સૂરએ કદ્ર પઢવાની ફઝીલત ★

**હદીષ : ૧૪**

عَنْ اَنَس قَالَ مَنْ قَرَأَ فِیْ اَثَرِ وُضُوْئِهٖ اِنَّا اَنْزَلْنَاهُ فِیْ لَیْلَةِ الْقَدْرِ وَاحِدَةً كَانَ مِنَ الصِّدِّیْقِیْنَ وَمَنْ قَرَاَهَا مَرَّتَیْنِ كَانَ فِیْ دِیْوَانِ الشُّهَدَاءِ وَمَنْ قَرَاَهَا ثَلَاثًا حَشَرَهُ اللّٰهُ مَحْشَرَ الْاَنْبِیَآءِ رَوَاهُ الدَّیْلِمِیْ

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું, "જે પોતાના વુઝૂ પછી પઢે, اِنَّا اَنْزَلْنَاهُ فِیْ لَیْلَةِ الْقَدْرِ એક વખત, એ સિદ્દીક઼ીનમાંથી છે અને જે બે વખત પઢશે એ શહીદોની લિસ્ટમાં છે, અને જે એને ત્રણ વખત પઢશે. અલ્લાહ એનો હશ્ર અંબિયાના હશ્રની જગાએ કરશે." *(દૈલમી)*

વુઝૂથી ફારેગ થઈ બીજી દુઆઓ જેનો ઉલ્લેખ થયો પઢી લીધા બાદ સૂરએ કદ્ર પૂરી પઢી લેવામાં આવે એકથી લઈ ત્રણ વખત પઢવામાં આવે. ત્રણ વખતમાં મોટો ફાયદો એ છે કે હશ્રના મેદાનમાં નબીઓની સંગત પ્રાપ્ત થશે.

## ★ આયતુલ કુરસીની ફઝીલત ★

**હદીષ : ૧૫**

عَنْ اِبْنِ عُمَرَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ قَرَأَ اٰیَةَ الْكُرْسِیِّ عَلٰی اَثَرِ وُضُوْئِهٖ اَعْطَاهُ اللّٰهُ عَزَّ وَجَلَّ ثَوَابَ اَرْبَعِیْنَ عَالِمًا وَرَفَعَ لَهٗ اَرْبَعِیْنَ دَرَجَةً وَزَوَّجَهٗ اَرْبَعِیْنَ حَوْرَآءَ رَوَاهُ الدَّیْلِمِیْ

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જે પોતાના વુઝૂ પછી આયતુલ કુર્સી પઢશે અલ્લાહ તઆલા એને ચાલીસ આલિમોનો સવાબ આપશે અને એના ચાલીસ દરજા બુલંદ કરશે અને ચાલીસ હૂરોથી એનો નિકાહ કરશે." *(દૈલમી)*

## ★ વુઝૂ પછી બે રકાતની ફઝીલત ★

**હદીષ : ૧૬**

عَنْ عُقْبَةَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَا مِنْ اَحَدٍ یَتَوَضَّأُ فَیُحْسِنُ الْوُضُوْءَ وَیُصَلِّیْ رَكْعَتَیْنِ یُقْبِلُ بِوَجْهِهٖ وَقَلْبِهٖ عَلَیْهِمَا اِلَّا وَجَبَتْ لَهُ الْجَنَّةُ رَوَاهُ مُسْلِمٌ وَ





اَبُوْ دَاوُدَ وَالنَّسَائِیْ وَ اَبْنُ مَاجَةَ وَ اِبْنُ خُزَیْمَةَ

હઝરત ઉકબા બિન આમિરથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જે પણ વ્યવસ્થિત વુઝૂ કરે અને બે રકાત નમાઝ પઢે જાહેર અને પોતાના દિલથી કેન્દ્રિત થઈ, એના માટે જન્નત વાજિબ થઈ ગઈ." *(મુસ્લિમ, અબૂ દાવૂદ, નસાઈ, ઈબ્ને માજહ, ઈબ્ને ખુઝૈમા)*

## ★ વુઝૂ પર વુઝૂની ફઝીલત ★

**હદીષ : ૧૭**

عَنْ اِبْنِ عُمَرَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ تَوَضَّأَ عَلٰی طُهُوْرٍ كُتِبَ لَهٗ عَشَرُ حَسَنَاتٍ رَوَاهُ اَبُوْ دَاوُدَ وَ التِّرْمِذِیْ

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે અલ્લાહના રસૂલ ﷺએ ફર્માવ્યું, "જે પાક હોવા છતાં (બા વુઝૂ હોય) વુઝૂ કરે એના માટે દસ નેકીઓ લખવામાં આવશે." *(અબૂ દાવૂદ, તિર્મિઝી)*

**હદીષ : ૧૮**

عَنْ اَبِیْ غُطَیْفِ الْهُذَلِیْ قَالَ سَمِعْتُ عَبْدَ اللّٰهِ بْنِ عُمَرَ بْنِ الْخَطَّابِ فِیْ مَجْلِسِهٖ فِی الْمَسْجِدِ فَلَمَّا حَضَرَتِ الصَّلٰوةُ قَامَ فَتَوَضَّأَ فَصَلّٰی ثُمَّ عَادَ اِلٰی مَجْلِسِهٖ فَلَمَّا حَضَرَتِ الْمَغْرِبُ قَامَ فَتَوَضَّأَ وَ صَلّٰی ثُمَّ عَادَ اِلٰی مَجْلِسِهٖ فَقُلْتُ اَصْلَحَكَ اللّٰهُ اَفَرِیْضَةٌ اَمْ سُنَّةٌ اَلْوُضُوْءُ عِنْدَ كُلِّ صَلٰوةٍ قَالَ اَوْ فَطَنْتُ اِلَیَّ وَاِلٰی هٰذَا مِنِّیْ فَقُلْتُ نَعَمْ فَقَالَ لَا لَوْ تَوَضَّأْتُ لِصَلٰوةِ الصُّبْحِ لَصَلَّیْتُ بِهِ الصَّلَوَاتِ كُلَّهَا مَا لَمْ اَحْدِثْ وَلٰكِنِّیْ سَمِعْتُ رَسُوْلَ اللّٰهِ ﷺ یَقُوْلُ مَنْ تَوَضَّأَ عَلٰی طُهْرٍ فَلَهٗ عَشْرُ حَسَنَاتٍ وَاِنَّمَا رَغِبْتُ فِی الْحَسَنَاتِ رَوَاهُ اِبْنُ مَاجَةَ وَ الطَّحَاوِیْ

અબૂ ગતીફ હઝલીથી રિવાયત છે. એમણે કહ્યું કે મેં અબ્દુલ્લાહ બિન ઉમર બિન ખત્તાબથી એમની મસ્જિદની સભામાં સાંભળ્યું. જ્યારે નમાઝનો સમય થયો તો આપ ઉભા થયા, વુઝૂ કર્યું, નમાઝ પઢી અને પોતાની જગાએ પરત આવ્યા. પછી જ્યારે અસરનો સમય થયો તો આપ ઉભા થયા, વુઝૂ કર્યું, નમાઝ અદા કરી અને પોતાની જગાએ પરત આવ્યા. જ્યારે મગરિબનો સમય થયો તો આપ ઉભા થયા, વુઝૂ કર્યું, નમાઝ

પઢી પોતાની જગાએ પરત આવ્યા. મેં વિનંતિ કરી, અલ્લાહ તઆલા તમને સારા રાખે! દરેક નમાઝના સમયે વુઝૂ ફર્ઝ કે પછી સુન્નત? ફર્માવ્યું, તમે આને મારી તરફથી સમજ્યા? તો મેં કહ્યું, હા! ફર્માવ્યું, નહીં! જો હું સવારની નમાઝ માટે વુઝૂ કરી લેતો તો બધી જ નમાઝો એનાથી પઢતો જો મને હદષ ન થતું (વુઝૂ તૂટવાનું કોઈ કારણ ઉપસ્થિત થતું). પણ મેં રસૂલુલ્લાહ ﷺને ફર્માવતાં સાંભળ્યા છે કે જે પાક હોવા છતાં વુઝૂ કરે તો એના માટે દસ નેકીઓ છે અને હું નેકીઓનો શોખ ધરાવું છું." *(ઈબ્ને માજહ, તહાવી)*

વુઝૂ હોવા છતાં બીજી નમાઝ માટે સવારની નિય્યતે તાજુ વુઝૂ કરી લેવામાં આવે તો એ અધિક ફઝીલતનું કામ છે. અને એ એટલે જ કે તહારત માત્ર તહારત જ નથી સવાબની નિય્યતો એ ઈબાદત પણ છે.

**હદીષ : ૧૯**

عَنْ اَبِیْ غَطِیْفِ الْھُذَلِیْ قَالَ کُنْتُ عِنْدَ اِبْنِ عُمَرَ فَلَمَّا نُوْدِیَ بِالصَّلٰوۃِ تَوَضَّأَ فَصَلّٰی فَلَمَّا نُوْدِیَ بِالْعَصْرِ تَوَضَّأَ وَ صَلّٰی فَقُلْتُ لَہٗ فَقَالَ قَالَ رَسُوْلُ اللّٰہِ ﷺ مَنْ تَوَضَّأَ عَلٰی طُھُوْرٍ کُتِبَ لَہٗ عَشْرُ حَسَنَاتٍ رَوَاہُ اَبُوْ دَاوُدَ وَ رَوَاہُ الطَّحَاوِیْ

અબૂ ગનીફ હઝલીથી રિવાયત છે. એમણે કહ્યું કે હું ઈબ્ને ઉમર પાસે હતો પછી જ્યારે નમાઝની અઝાન થઈ તો આપે વુઝૂ કર્યું પછી નમાઝ અદા કરી, પછી જ્યારે અસરની અઝાન થઈ આપે વુઝૂ કર્યું પછી નમાઝ અદા કરી. મેં આપને પૂછયું તો આપે ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જે પાક હોવા છતાં વુઝૂ કરે એના માટે દસ નેકીઓ લખવામાં આવશે." *(અબૂ દાવૂદ, તહાવી)*

## ★ વુઝૂ અને નમાઝની વાત જોવી ★

**હદીષ : ૨૦**

عَنْ اَبِیْ ھُرَیْرَۃَ قَالَ قَالَ النَّبِیُّ ﷺ لَا یَزَالُ الْعَبْدُ فِیْ صَلٰوۃٍ مَّا کَانَ یَنْتَظِرُ الصَّلٰوۃَ مَا لَمْ یَحْدُثْ فَقَالَ رَجُلٌ اَعْجَمِیٌّ مَا الْحَدَثُ یَا اَبَا ھُرَیْرَۃَ قَالَ الصَّوْتُ یَعْنِیْ الضَّرْطَۃُ رَوَاہُ الْبُخَارِیْ

હઝરત અબૂ હુરૈરહ્થી રિવાયત છે. એમણે કહ્યું કે નબી ﷺએ





ફર્માવ્યું, "બંદો નમાઝમાં જ રહે છે જ્યાં સુધી નમાઝની રાહ જુએ છે જો વુઝૂ ન તૂટે, એક ગૈર અરબી વ્યક્તિએ પૂછયું, અય અબૂ હુરૈરહ્! હદષ શું વસ્તુ છે? ફર્માવ્યું, અવાજ! (હવા ખારિજ થવી)

બાવુઝૂ રહી નમાઝનો ઈન્તેઝાર કરવો ફઝીલતમાં વિના નમાઝે પણ નમાઝ બની જાય છે, અને બેસવાં છતાં એને નમાઝનો સવાબ આપવામાં આવે છે.

## ★ બાવુઝૂ સૂવાની ફઝીલત ★

**હદીષ : ૨૧**

عَنْ اَبِیْ طَیْبَۃَ قَالَ سَمِعْتُ عَمْرَو بْنَ عَبْسَۃَ قَالَ سَمِعْتُ رَسُوْلَ اللّٰہِ ﷺ اِذَا اَوٰی الرَّجُلُ اِلَی فِرَاشِہٖ طَاھِرًا عَلٰی ذِکْرٍ ثُمَّ تَوَسَّدَ یَمِیْنَہٖ ثُمَّ تَعَارُ مِنَ اللَّیْلِ لَمْ یَسْأَلِ اللّٰہَ مِنْ خَیْرِ الدُّنْیَا وَ الْاٰخرۃ شیأ الا اعطاہ ایاہ رواہ ابن زنجویۃ

હઝરત અબૂ તયબાથી રિવાયત છે. એમણે કહ્યું કે મેં અમ્ર બિન અબસાથી સાંભળ્યું. એમણે કહ્યું, મેં રસૂલુલ્લાહથી સાંભળ્યું કે "જ્યારે માણસ પોતાના બિસ્તર પાસે આવે પાક હાલતમાં ઝિક્ર સાથે પછી પોતાના જમણા હાથને તકિયો બનાવે પછી સૂવે, તો દુનિયા આખેરતની જે પણ ભલાઈ માંગશે. અલ્લાહ એને અતા કરશે." *(ઈબ્ને ઝનજવિય્યા)*

બિસ્તર પર બાવુઝૂ આવવું અને ઝિક્ર કરવો, પછી જમણા ગાલ નીચે હાથ રાખીને સૂવું, તો ઉપરોક્ત ફઝીલત પ્રાપ્ત થશે.

## ★ ડગલે અને પગલે નેકી ★

**હદીષ : ૨૨**

عَنْ عُقْبَۃَ بْنِ عَامِرِ الْجُھَنِیْ یُحَدِّثُ عَنْ رَسُوْلِ اللّٰہِ ﷺ قَالَ اِذَا تَطَھَّرَ الرَّجُلُ ثُمَّ مَرَّ اِلَی الْمَسْجِدَ فَرَعَی الصَّلٰوۃَ کَتَبَ لَہٗ کَاتِبُہٗ اَوْ کَاتِبَاہُ بِکُلِّ خُطْوَۃٍ یَخْطُوْھَا اِلَی الْمَسْجِدِ عَشَرَ حَسَنَات وَ الْقَاعِدُ یُرَاعِی الصَّلٰوۃَ کَالْقَانِتِ وَ یُکْتَبُ مِنَ الْمُصَلِّیْنَ مِنْ حِیْنَ یَخْرُجَ مِنْ بَیْتِہٖ حَتّٰی یَرْجِعَ رَوَاہُ الْحَاکِمُ فِی الْمُسْتَدَرَكِ

ઉકબા બિન આમિર જોહનીથી રિવાયત છે. તેઓ રસૂલુલ્લાહ ﷺથી

રિવાયત કરે છે. આપે ફર્માવ્યું, ''જ્યારે માણસ તહારત હાંસલ કરી મસ્જિદ તરફ જાય, ઈરાદો એનો નમાઝનો હોય તો એનો એક લખવાવાળો અથવા બંને લખવાવાળા મસ્જિદ તરફ ચાલવામાં આવેલા, દરેક ડગ પર દસ નેકીઓ લખે છે, નમાઝના ઈરાદાથી બેસનાર નમાઝી જેવો છે, એને નમાઝી લખવામાં આવે છે એના ઘરથી નીકળવાથી લઈને પરત આવવા સુધી.'' *(હાકિમ મુસ્તદરકમાં)*

## ★ મિસ્વાકની ફઝીલત ★

**હદીષ : ૨૩**

عَنْ اُمِّ الدَّرْدَاءِ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ رَكْعَتَانِ بِسِوَاكٍ خَيْرٌ مِنْ سَبْعِيْنَ رَكْعَةً بِغَيْرِ سِوَاكٍ رَوَاهُ الدَّارُقُطْنِىُ فِى الْاِفْرَادِ

હઝરત ઉમ્મે દરદાથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ''બે રકાત મિસ્વાક સાથે ઉત્તમ છે વગર મિસ્વાકની સિત્તેર રકાતોથી.'' *(દારેકુત્ની ઈફરાદમાં)*

**હદીષ : ૨૪**

عَنْ اَبِىْ هُرَيْرَةَ قَالَ رَكْعَتَانِ بِسِوَاكٍ اَفْضَلُ بِسَعِيْنَ رَكْعَةً بِغَيْرِ سِوَاكٍ وَدَعْوَةٌ فِىْ السِّرِّ اَفْضَلُ مِنْ سَبْعِيْنَ دَعْوَةً فِى الْعَلَانِيَةِ وَ صَدَقَةٌ فِى السِّرِ اَفْضَلُ مِنْ سَبْعِيْنَ صَدَقَةً فِى الْعَلَانِيَةِ رَوَاهُ اِبْنُ النَّجَّارِ

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું, ''બે રકાતો મિસ્વાક સાથે વગર મિસ્વાકની સિત્તેર રકાતોથી ઉત્તમ છે અને ગુપ્ત સદકો જાહેરના સિત્તેર સદકાથી ઉત્તમ છે.''

**હદીષ : ૨૫**

عَنْ اُمِّ الْمُوْمِنِيْنَ عَائِشَةَ الصِّدِّيْقَةَ قَالَ صَلوٰةٌ بِسِوَاكٍ اَفْضَلُ مِنْ سَبْعِيْنَ صَلوٰةً بِغَيْرِ سِوَاكٍ رَوَاهُ اَحْمَدُ وَ اِبْنُ زَنْجوِيَّةَ

ઉમ્મુલ મુ'મિનીન આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہاથી રિવાયત છે. એમણે કહ્યું, ''મિસ્વાક સાથેની નમાઝ વગર મિસ્વાકની સિત્તેર નમાઝોથી વધીને છે.'' *(અહમદ, ઈબ્ને ઝનજવિય્યા)*





**હદીષ : ૨૬**

عَنْ اُمِّ الْمُوْمِنِيْنَ عَائِشَةَ الصِّدِّيْقَةَ قَالَ فَضْلُ الصَّلوٰةِ بِالسِّوَاكِ عَلَى الصَّلوٰةِ بِغَيْرِ السِّوَاكِ بِسَبْعِيْنَ ضِعَفًا رَوَاهُ الْاِمَامُ اَحْمَدُ وَالْحَاكِمُ فِى الْمَسْتَدَرِكِ

એમનાથી જ રિવાયત છે. ફર્માવ્યું, ''મિસ્વાક સાથે નમાઝની ફઝીલત વગર મિસ્વાકની નમાઝથી સિત્તેર ઘણી વધીને છે.'' *(ઈમામ અહમદ, મુસ્તદરકે હાકિમ)*

**હદીષ : ૨૭**

عَنْ اُمِّ الْمُوْمِنِيْنَ عَائِشَةَ الصِّدِّيْقَةَ قَالَ الرَّكْعَتَانِ بَعْدَ السِّوَاكِ اَحَبُّ اِلَىَّ مِنْ سَبْعِيْنَ رَكْعَةً قَبْلَ السِّوَاكِ رَوَاهُ اِبْنُ حَبَّان

એમનાથી જ રિવાયત છે. ફર્માવ્યું, ''મિસ્વાક પછીની બે રકાતો મારા નજીક મિસ્વાક પહેલાંની સિત્તેર રકાતોથી અધિક પ્રિય છે.'' *(ઈબ્ને હબ્બાન)*

## ★ વુઝૂ અડધુ ઈમાન ★

**હદીષ : ૨૮**

عَنْ حَسَّانَ بْنِ عَطِيَّةَ مُرْسَلاً قَالَ الْوُضُوْءُ شَطْرُ الْاِيْمَانِ وَالسِّوَاكُ شَطْرُ الْوَضُوْءِ وَلَوْلَا اَنْ اَشُقَّ عَلٰى اُمَّتِى لَاَمَرْتُهُمْ بِالسِّوَاكِ عِنْدَ كُلِّ صَلوٰةٍ رَكْعَتَانِ يَسْتَاكُ فِيْهَا الْعَبْدُ اَفْضَلُ مِنْ سَبْعِيْنَ رَكْعَةً لَايَسْتَاكُ فِيْهَا رَوَاهُ اِبْنُ اَبِىْ شَيْبَةَ

હસ્સાન બિન અતિય્યાથી મુરસલન રિવાયત છે. એમણે કહ્યું, ''વુઝૂ અડધું ઈમાન છે, મિસ્વાક અડધુ વુઝૂ છે. જો હું મારી ઉમ્મત માટે મુશ્કેલ ન જાણતો તો દરેક નમાઝ વખતે એમને મિસ્વાકનો હુકમ કરતો, બે રકાતોમાં જેમાં બંદો મિસ્વાક કરે ઉત્તમ છે તે સિત્તેર રકાતોથી જેમાં એ મિસ્વાક ન કરે.'' *(ઈબ્ને અબી શયબા)*

મિસ્વાક તહારતનો એક ભાગ છે, એનો સંબંધ મોં સાથે છે. મિસ્વાક કરી લેવાનું કામ અમુક સેકન્ડોમાં થઈ શકે છે, થોડા ધ્યાનમાં જરૂરત છે. મિસ્વાકથી શારીરિક ફાયદો છે જ પણ રૂહાની ફાયદો એ કે અલ્લાહ તઆલાની એટલી બધી રેઝા અને ખુશી પ્રાપ્ત થાય છે કે બે રકાતો સિત્તેર રકાતોથી ફઝીલતમાં વધી જાય છે. આમ એ મિસ્વાકવાળા વુઝૂથી જેટલી રકાતો પઢવામાં આવશે તેમાં આ પ્રમાણે વધારો થશે. અલ્લાહ તઆલા

આપણને તૌફીક અતા ફર્માવે.

## ★ મિસ્વાકથી અલ્લાહ ખુશ ★

**હદીષ : ૨૯**

عَنْ اَنَسٍ قَالَ عَلَيْكُمُ السِّوَاكُ فَنِعْمَ الشَّئُ السِّوَاكُ يَذْهَبُ بِالْجفر وَ يَنْزَعُ الْبَلْغَمَ وَيَجْلُو الْبَصرَ وَيَشُدُّ اللِّثَّةَ وَيَذْهَبُ بِالْبُخْرِ وَيُصْلِحُ الْمِعْدَةَ وَيَزِيْدُ فِى دَرَجَاتِ الْخَيْرِ وَيَحْمَدُ الْمَلٰئِكَةُ وَيَرْضَى الرَّبُ وَ يَسْخَطُ الشَّيْطَانُ رَوَاهُ عَبْدُ الْجَبَّارِ الْخَوْلَانِىْ فِىْ تَارِيْخِ دَارِيَا

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું, "તમારે મિસ્વાક કરવું જોઈએ, મિસ્વાક કેટલી સુંદર વસ્તુ છે ! બીમારી લઈ જાય છે, બલગમ દૂર કરે, નજર વધારે છે, મસોડાને સખત બનાવે છે, મોંની વાસ દૂર કરે છે, હોજરીને વ્યવસ્થિત કરે છે, નેકીના દરવાજામાં વધારો કરે છે, ફરિશ્તાઓ વખાણ કરે છે, રબ ખુશ થાય છે અને શૈતાન નારાજ." *(અબ્દુલ જબ્બાર, ખૌલાનીએ તારીખે દારયામાં)*

## ★ મિસ્વાક સુન્નત પર અમલ ★

**હદીષ : 30**

عَنْ اِبْنِ عَبَّاس قَالَ فِى السِّوَاكِ عَشَرَ خِصَال يُطَيِّبُ الْفَمَ وَيَشُدُّ اللِّثَّةَ وَيَجْلُوْ الْبَصَرَ وَيُذْهِبُ الْبَلْغَمَ وَيُذْهِبُ الْجَفَرَ وَيُوَافِقُ السِّنَّةَ وَيَفْرَحُ الْمَلٰئِكَةُ وَيَرْضَى الرَّبُّ وَيَزِيْدُ فِىْ الْحَسَنَاتِ وَيُصَحِّحُ الْمِعْدَةُ رَوَاهُ اَبُو الشَّيْخِ فِى الثَّوَابِ وَ اَبُوْ نُعَيْم فِى كِتَابِ السِّوَاكِ

હઝરત ઈબ્ને અબ્બાસ رَضِیَ اللّٰهُ عَنْهُمَاથી રિવાયત છે. એમણે કહ્યું, "મિસ્વાકમાં દસ ગુણ છે : મોં સ્વચ્છ કરે છે, મસોડાને સશક્ત કરે છે, નજરમાં વધારો કરે છે, બલગમ દૂર કરે છે, બીમારી લઈ જાય છે, સુન્નત પર અમલ છે, ફરિશ્તાઓ ખુશ થાય છે, અલ્લાહ પસંદ કરે છે, નેકીઓમાં વધારો કરે છે, હોજરીને વ્યવસ્થિત કરે છે." *(અબૂશ્શૈખએ સવાબમાં, અબૂ નુઐમએ કિતાબે મિસ્વાકમાં)*





## ★ મિસ્વાક નેકીમાં વધારો ! ★

**હદીષ : ૩૧**

عَنْ اِبْنِ عَبَّاس قَالَ عَلَيْكُمْ بِالسَّوَاكِ فَاِنَّهٗ مُطَهِّرَةٌ لِلْفَمِ مَرْضَاةٌ لِلرَّبِ مُفَرِّحَةٌ لِلْمَلٰئِكَةِ يَزِيْدُ فِى الْحَسَنَاتِ وَهُوَ مِنَ السُّنَّةِ يَجْلُو الْبَصرَ وَيُذْهِبُ الْجفرَ وَيَشُدُّ اللِّثَّةَ وَيُذْهِبُ الْبَلْغَمَ وَيُطَيِّبُ الْفَمَ وَيُصْلِحُ الْمِعْدَةَ رَوَاهُ اِبْنُ عَدِىْ وَالْبَيْهَقِى فِىْ شُعُبِ الْاِيْمَانِ

હઝરત ઈબ્ને અબ્બાસ رَضِیَ اللّٰهُ عَنْهُمَاથી રિવાયત છે. એમણે કહ્યું કે તમારે મિસ્વાક કરવું જોઈએ કેમ કે એ મોંની સ્વચ્છતા છે, રબને રાજી અને ફરિશ્તાઓને ખુશ કરનાર છે, નેકીઓમાં વધારો કરે છે, એ સુન્નત છે, નજરને તેજ કરે છે, બીમારી દૂર કરે છે, મસોડાને સશક્ત કરે છે, બલગમ દૂર કરે છે, મોં પાક કરે છે અને હોજરીને વ્યવસ્થિત બનાવે છે." *(ઈબ્ને અદી, બયહકી, શુઅબુલ ઈમાન)*

## ★ મિસ્વાક ફરિશ્તાઓને પ્રિય ★

**હદીષ : ૩૨**

عَنْ اَنَس قَالَ فِى السِّوَاكِ عَشَرَ خِصَال مُطَهِّرَةٌ لِلْفَمِ وَ مَرْضَاةٌ لِلرَّبِ وَمَسْخَطَةٌ لِلشَّيْطَانِ وَمَحَبَّةٌ لِلْحَفَظَةِ وَيَشّدُّ اللِّثَّةَ وَيَجْلِىْ الْبَصَرَ وَيُضْعِفُ الْحَسَنَاتِ سَبْعِيْنَ ضِعْفًا وَيَبِيْضُ الْاِنْسَانَ وَيُذْهِبُ الْجفرَوَيَشْهِى الطَّعَامَ رَوَاهُ الْحَاكِمُ فِىْ تَارِيْخِهٖ

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું, "મિસ્વાકમાં દસ ગુણ છે : મોંની સ્વચ્છતા, રબની પસંદગી, શૈતાનની નારાજગી, રક્ષક ફરિશ્તાઓની પ્રિયતા, મસોડાને મજબૂત બનાવે છે, નજરને તેજ કરે છે, નેકીઓમાં સિત્તેર ગણો વધારે કરે છે, માણસને ઉજળો કરે છે, બીમારી દૂર કરે છે, ખાવાની લજ્જત પહોંચાડે છે."

## ★ દરેક પગલુ એક વર્ષની નમાઝ અને રોઝા ★

**હદીષ : 33**

عَنْ عَبْدِ اللّٰهِ بْنِ عَمْرِو بْنِ الْعَاصِ قَالَ قَالَ رَسُوْلِ اللّٰهِ ﷺ مَنْ غَسَلَ وَ اغْتَسَلَ دَنىٰ وَ اقْتَرَبَ وَاسْتَمَعَ كَانَ لَهٗ بِكّلِّ خُطْوَةٍ يَخْطُوْهَا قِيَامُ سَنَةٍ وَ صِيَامُهَا رَوَاهُ الْاِمَامُ اَحْمَدُ

હઝરત અબ્દુલ્લાહ બિન અમ્ર બિન આસથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જેણે ગુસ્લ કર્યું, નજીક થયો અને સાંભળ્યું એના માટે દરેક પગલું જે એ ચાલશે તે એક વર્ષની નમાઝ અને ZM FH[] ]K Rc *(ઈમામ અહમદ)*

## ★ દરેક પગલે વીસ નેકીઓ ★

**હદીષ : ૩૪**

عَنْ اَمِيْرِ الْمُؤْمِنِيْنَ اَبِىْ بَكْرِ الصِّدِّيْقِ وَعِمْرَانَ بْنِ حُصَيْنٍ قَالَا قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنِ اغْتَسَلَ يَوْمَ الْجُمُعَةِ كُفِّرَتْ عَنْهُ ذُنُوْبُهٗ وَخَطَايَاهُ فَاِذَا اَخَذَ فِى الْمَشْىِ كُتِبَ لَهٗ بِكُلِّ خُطْوَةٍ عِشْرُوْنَ حَسَنَةً رَوَاهُ الطَّبْرَانِىْ فِى الْكَبِيْرِ وَالْاَوْسَطِ

અમીરુલ મુ'મિનીન અબૂબક્ર સિદીક رضی اللہ عنہ અને ઈમરાન બિન હુસૈન رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺથી રિવાયત છે, "જે જુમ્આના દિવસે ગુસલ કરશે એના ગુનાહનો કફ્ફારો બની જશે, પછી જ્યારે ચાલવાનું શરૂ કરશે એના માટે દરેક પગલે વીસ નેકીઓ લખવામાં આવશે." *(તબ્રાનીએ કબીર, ઔસત)*

## ★ એક વર્ષની ઈબાદતનો સવાબ ★

**હદીષ : ૩૫**

عَنْ اَوْسِ بْنِ اَوْسِ الثَّقَفِىْ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ غَسَلَ يَوْمَ الْجُمُعَةِ وَاغْتَسَلَ ثُمَّ بَكَّرَ وَابْتَكَرَ وَمَشٰى وَلَمْ يَرْكَبْ وَدَنَا مِنَ الْاِمَامِ وَاسْتَمَعَ فَاَنْصَتَ وَلَمْ يَلْغُ كَانَ لَهٗ بِكُلِّ خُطْوَةٍ يَخْطُوْهَا مِنْ بَيْتِهٖ اِلَى الْمَسْجِدِ عَمَلُ سَنَةٍ اَجْرُ صِيَامِهَا وَ قِيَامِهَا رَوَاهُ الْاِمَامُ اَحْمَدُ وَ اَبُوْ دَاوُدَ وَالتِّرْمِذِىْ وَالنَّسَائِىْ وَابْنُ مَاجَةَ وَ ابْنُ حَبَّانَ وَالْحَاكِمُ

ઔસ બિન ઔસ ષકફીથી રિવાયત છે. એમણે કહ્યું કે મેં રસૂલુલ્લાહ ﷺને ફર્માવતાં સાંભળ્યા, "જે ગુસલ કરે, જલ્દી કરે (જુમ્આની નમાઝ માટે), પગે ચાલીને જાય, સવાર થઈને નહીં, ઈમામથી નજીક રહે અને સાંભળે, બેકાર કામ ન કરે એના માટે દરેક કદમના બદલે એક વર્ષના





રોઝા અને નમાઝનો બદલો છે." *(ઈમામ અહમદ, અબૂ દાવૂદ, તિર્મિઝી, નસાઈ, ઈબ્ને માજહ, ઈબ્ને ખુઝૈમા, ઈબ્ને હબ્બાન, હાકિમ)*

## ★ દરેક વાળના બદલે એક નેકી ★

**હદીષ : ૩૬**

عَنْ اِبْنِ عَبَّاسٍ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنِ اغْتَسَلَ يَوْمَ الْجُمُعَةِ بِنِيَّةٍ حَسَنَةٍ تَنَظُّفًا لِلْجُمُعَةِ مِنْ غَيْرِ جَنَابَةٍ كُتِبَ لَهٗ بِكُلِّ شَعْرَةٍ يَبُلُّهَا مِنْ رَاسِهٖ وَلِحْيَتِهٖ وَسَائِرِ جَسَدِهٖ حَسَنَةً رَوَاهُ الْحَاكِمُ فِىْ تَارِيْخِهٖ

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જે જુમ્આના દિવસે નિય્યત અને સવાબ માટે ગુસલ કરે, જુમ્આની સફાઈ જનાબત વગર, એના માટે દરેક વાળના બદલે જે એના માથા, દાઢી અને પૂરા શરીરથી ભીનો થાય એક નેકી છે." *(હાકિમે તારીખમાં)*

## ★ બસો વર્ષના અમલનો સવાબ ★

**હદીષ : ૩૭**

عَنْ اَبِىْ دَرْدَاءَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنِ اغْتَسَلَ يَوْمَ الْجُمُعَةِ كُفِّرَتْ عَنْهُ ذُنُوْبُهٗ وَخَطَايَاهُ فَاِذَا اَخَذَ فِى الْمَشْىِ اِلَى الْجُمُعَةِ كَتَبَ اللّٰهُ بِكُلِّ خُطْوَةٍ عَمَلَ عِشْرِيْنَ سَنَةً حَسَنَةً فَاِذَا انْصَرَفَ مِنَ الصَّلٰوةِ اُجِيْرَ بِعَمَلِ مِأَةِ سَنَةٍ رَوَاهُ الْاِمَامُ اَحْمَدُ فِى الطَّبْرَانِىْ فِى الْكَبِيْرِ رَوَاهُ الْبَيْهَقِىْ فِىْ شُعُبِ الْاِيْمَانِ وَ ابْنُ حَبَّانَ وَ ابْنُ النَّجَّارِ عَنْ اَبِىْ بَكْرِ الصِّدِّيْقِ

હઝરત અબૂ દરદા رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જે જુમ્આના દિવસે ગુસલ કરે તે એના ગુનાહનો કફ્ફારો બની જશે. પછી જ્યારે જુમ્આ માટે ચાલવાનું શરૂ કરશે તો અલ્લાહ તઆલા એના માટે દરેક ડગલે અને પગલે વીસ વર્ષના અમલોનો સવાબ લખશે, પછી જ્યારે એ નમાઝ સમાપ્ત કરશે તો એને બસો વર્ષના અમલોનો બદલો આપવામાં આવશે." *(ઈમામ અહમદ, તબ્રાનીએ કબીર, બયહકી, શુઅબુલ ઈમાન, ઈબ્ને હબ્બાન, ઈબ્ને નજ્જાર અબૂબક્ર સિદીક رضی اللہ عنہની રિવાયતથી)*

## ★ વુઝૂ અને શહાદતની મૌત ★

**હદીષ : ૩૮**

عَنۡ اَنَسٍ اَنَّ النَّبِیَّ صلی اللہ علیہ وسلم قَالَ مَنۡ اَتَاہُ مَلَكُ الۡمَوۡتِ وَھُوَ عَلٰی وُضُوۡءٍ اُعۡطِیَ الشَّهَادَةَ رَوَاہُ الطَّبۡرَانِی

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે. નબી صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, "જેની પાસે મલકુલ મૌત આવે અને એ બાવુઝૂ હોય એને શહાદત આપવામાં આવશે." *(તબ્રાની)*

## ★ વુઝૂ પછીની બે રકાત નમાઝનો બદલો ★

**હદીષ : ૩૯**

عَنۡ اَبِیۡ هُرَيۡرَةَ قَالَ قَالَ رَسُوۡلُ اللّٰهِ صلی اللہ علیہ وسلم لِبِلَالٍ عِنۡدَ صَلوٰةِ الۡفَجۡرِ يَا بِلَالُ حَدِّثۡنِیۡ بِاَرۡجٰی عَمَل عَمِلۡتَهٗ فِی الۡاِسۡلَامِ فَاِنِّیۡ سَمِعۡتُ دَفَّ نَعۡلَيۡكَ بَيۡنَ يَدَیَّ فِی الۡجَنَّةِ قَالَ مَا عَمِلۡتُ عَمَلاً اَرۡجٰی عِنۡدِیۡ اَنِّیۡ لَمۡ اَتَطَهَّرۡ طُهُوۡرًا فِیۡ سَاعَةٍ مِّنَ اللَّيۡلِ وَ النَّهَارِ اِلَّا صَلَّيۡتُ بِذٰلِكَ الطُّهُوۡرِ مَا كُتِبَ لِیۡ اَنۡ اُصَلِّیَ رَوَاہُ الۡبُخَارِیۡ وَ مُسۡلِمٌ

હઝરત અબૂ હુરૈરહ્‌થી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ બિલાલને ફજરની નમાઝ વખત ફર્માવ્યું, "અય બિલાલ ! તમે મને બતાવો એ અમલ જેના પર વધારે ઉમ્મીદ હોય જેને તમે ઈસ્લામમાં કર્યો હોય, કારણ કે મેં તમારા ચરણોનો અવાજ જન્નતમાં મારી આગળ સાંભળ્યો. વિનંતિ કરી, મારી નજીકમાં જે વધારે ઉમ્મીદનો મારો અમલ છે તે એ કે મેં દિવસ અને રાતમાં જ્યારે પણ તહારત હાંસલ કરી મેં એ તહારતથી નમાઝ પઢી જે મારા માટે લખવામાં આવી કે હું પઢું." *(બુખારી, મુસ્લિમ)*

## ★ જન્નતમાં બિલાલના કદમોનો અવાજ ! ★

**હદીષ : ૪૦**

હઝરત બુરૈદાથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ સવારી કરી તો તો બિલાલને બોલાવ્યા અને પૂછયું, કયા કારણસર જન્નતમાં તમે મારી આગળ હતા ? હું જન્નતમાં જ્યારે પણ પ્રવેશ્યો મેં મારી આગળ





તમારા કદમોનો અવાજ સાંભળ્યો ! વિનંતિ કરી, અય અલ્લાહના રસૂલ ! صلی اللہ علیہ وسلم જ્યારે પણ મેં અઝાન આપી બે રકાત નમાઝ અદા કરી, જ્યારે પણ વુઝૂ તૂટયું એ સમયે મેં વુઝૂ કરી લીધું, અને મારો ખયાલ એ છે કે, બેશક ! અલ્લાહ માટે મારા પર બે રકાત નમાઝ છે. તો રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, એને લઈને જ !" *(તિર્મિઝી)*

ઉપરોક્ત ચાલીસ હદીષોથી એ વાત પ્રકાશિત થઈ ગઈ કે તહારતમાં આપણને ગુનાહોની માફી સાથે ઘણી નેકીઓ પણ આપવામાં આવે છે. તો આપણે તહારતનો વ્યવસ્થિત તરીકો જેને સુન્નત તરીકો કહેવામાં આવે છે એ શિખવો જોઈએ અને સુન્નત મુજબ વુઝૂ અને ગુસલ કરી ફર્માને નબી પર જે બશારતોનો ઉલ્લેખ થયો એની અલ્લાહ તઆલાથી ઉમ્મીદ રાખવી જોઈએ.

મારા પ્યારા આકા વ મૌલા صلی اللہ علیہ وسلمના પ્યારા દીવાનાઓ અને દીવાનીઓ ! ઘણા બધા અમલો એવા છે જેમાં તહારત અનિવાર્ય અને જરૂરી નથી, વિના તહારતે પણ આપણને એની રજા આપવામાં આવી છે તો આપણે એને વિના તહારતે કરી શકીએ છીએ, પણ જો એમાં તહારતને જગા આપવામાં આવે તો એનો રંગ જ અલગ હોય છે. દાખલા તરીકે સૂવું, એના માટે તહારત જરૂરી નથી, વિના તહારતે સૂવું ગુનાહનું કામ નથી, પણ હદીષે પાકમાં આવ્યું કે તહારત સાથે એટલું બાવુઝૂ સૂવાવાળો જો એ સ્થિતિમાં મરણ પામે તો એને શહાદતનો દરજો આપવામાં આવે છે. સૂવું તો નેક અમલમાં નથી આવી શકતું એ તો માત્ર મુબાહ કામ છે, કરવું ન કરવું બંને બરાબર, તો એમાં તહારતને સ્થાન આપવાથી રંગ અલગ હોય છે. તો પછી નેક અમલોમાં તહારતને જગા આપવાથી એનો રંગ કેમ ન બદલાય ?! એટલે આપણે તહારતની આદત બનાવવી જોઈએ. અલ્લાહ તઆલા આપણને અમલની તૌફીક અતા ફર્માવે. (આમીન)

وَمَا عَلَيۡنَا اِلَّا الۡبَلَاغُ الۡمُبِيۡنُ

(પ્રકરણ : ૬)

# નમાઝ અને ગુનાહોની માફી હદીષના પ્રકાશમાં

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

نَحْمَدُهٗ وَنُصَلِّىْ عَلٰى رَسُوْلِهِ سَيِّدِالْمُرْسَلِيْنَ وَعَلٰى اٰلِهٖ وَاَصْحَابِهٖ اَجْمَعِيْنَ ـ اَمَّا بَعْدُ فَاَعُوْذُ بِاللّٰهِ مِنَ الشَّيْطَانِ الرَّجِيْمِ ـ بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ـ حَافِظُوْا عَلَى الصَّلَوَاتِ وَ الصَّلَاةِ الْوُسْطٰى وَ قُوْمُوْا لِلّٰهِ قَانِتِيْنَ ـ صَدَقَ اللّٰهُ الْعَظِيْمُ وَصَدَقَ رَسُوْلُهُ النَّبِىُّ الْاَمِيْنُ الْكَرِيْمُ ـ وَنُحْنُ عَلٰى ذٰلِكَ لَمِنَ الشَّاهِدِيْنَ وَالشّٰاكِرِيْنَ وَالْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعَالَمِيْن

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَارَسُوْلَ اللّٰهِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَاحَبِيْبَ اللّٰهِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَا نَبِىَّ اللّٰهِ

اَلصَّلٰوةُ وَ السَّلَامُ عَلَيْكَ يَا نُوْرَ اللّٰهِ

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْكَ وَسَلَّمَ

મારા પ્યારા આક઼ા ﷺના પ્યારા દીવાનાઓ અને દીવાનીઓ ! આજે આપણે એ વાતની ચર્ચા કરીશું કે જેમ વુઝૂમાં આપણા માટે બમણો નફો રાખવામાં આવ્યો છે કે ગુનાહોથી માફી મળે અને નેકીઓથી માલમાલ





કરવામાં આવે એ જ પ્રમાણે નમાઝમાં પણ એ બમણો નફો છે. ગુનાહો માફ થાય છે અને નેકીઓથી નમાઝીને માલમાલ કરવામાં આવે છે. એના સંબંધે પ્રકરણ છે : 'નમાઝ અને ગુનાહોની માફી હદીષના પ્રકાશમાં' અલ્લાહ તઆલા મને હક઼્ક઼ કહેવાની અને તમને હક઼્ક઼ સાંભળવાની અને સર્વને હક઼્ક઼ પર અમલ કરવાની તૌફીક઼ અતા ફર્માવે.'' આમીન બિજાહિ સૈયિદિલ મુરસલીન ﷺ.

**સવાલ** : એ વર્ણન થયું કે વુઝૂથી પણ ગુનાહોની માફી થઈ જાય છે તો પછી નમાઝમાં માફી કયા ગુનાહોની હોય છે ?

**જવાબ** : વુઝૂ નિય્યતથી પણ થાય છે અને નિય્યત વગર પણ વુઝૂના અંગો ધોવાઈ જાય, જેમ કે કોઈ માણસ વરસાદમાં બહાર નીકળ્યો અને આંખો ભીનો થઈ ગયો, બદનના અંગ અંગથી પાણી વહેવા લાગ્યું તો એનું વુઝૂ શરીઅતના વર્તુળમાં માન્ય છે. પરંતુ એમાં વુઝૂની નિય્યત ન હતી એટલે વુઝૂ પર જે બશારતો આપવામાં આવી તે એમાં આવશે નહીં તો એવા વ્યક્તિના ગુનાહ નમાઝ થકી માફ થઈ જાય છે. બીજું એ કે વુઝૂમાં વુઝૂના અંગોના ગુનાહોની માફી હોય તો એ સિવાયના જે છે એને નમાઝ થકી માફ કરી દેવામાં આવે. ત્રીજું એ કે વુઝૂ થકી જે ગુનાહોની માફી થાય છે તેનો દરજો અલગ હોય અને નમાઝ થકી જેની માફી થાય તેનો દરજો અલગ હોય. સારાંશ એ કે ગુનાહોની માફી વુઝૂથી પણ થાય છે અને નમાઝથી પણ થાય છે.

**નોંધ** : એ વાતનો ખુલાસો કરી આપવામાં આવ્યો છે કે ગુનાહોની માફીનો મતલબ સગીરા ગુનાહ છે, કબીરા ગુનાહ માટે સાચી પાકી તૌબા જરૂરી હોય છે. નમાઝના પ્રકરણમાં પણ આ વાત ભૂલવામાં ન આવે.

## ★ કબીરાથી બચો તો સગીરા માફ ! ★

### <u>હદીષ : ૧</u>

عَنْ اَبِىْ هُرَيْرَةَ رضى الله تعالىٰ عنه قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اَلصَّلَوَاتُ الْخَمْسُ وَالْجُمُعَةُ اَلَى الْجُمُعَةِ وَ رَمْضَانُ اِلٰى رَمْضَانَ مُكَفِّرَاتٌ لِّمَا بَيْنَهُنَّ اِذِ اجْتُنِبَتِ الْكَبَائِرُ رَوَاهُ اَحْمَدُ وَ مُسْلِمٌ وَالتِّرْمِذِىْ

હઝરત અબૂ હુરૈરહ્થી રિવાયત છે. એમણે કહ્યું કે નબીએ અકરમ નૂરે મુજસ્સમ ﷺએ ફર્માવ્યું, "પાંચ નમાઝો, જુમ્આથી જુમ્આ અને રમઝાનથી રમઝાનએ એમની વચમાંના ગુનાહોની માફીનો ઝરીયો છે જ્યારે કે મોટા ગુનાહોથી બચવામાં આવે." *(અહમદ, મુસ્લિમ, તિર્મિઝી)*

**હદીષ : ૨**

عَنْ اَنَس رضی الله تعالیٰ عنه قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اَلصَّلَوَاتُ الْخَمْسُ كَفَّارَاتٌ لِمَا بَيْنَهُنَّ اِذَا اجْتُنِبَتِ الْكَبَائِرُ وَالْجُمْعَةُ اِلَى الْجُمْعَةِ وَزِيَادَةِ ثَلٰثَةِ اَيَّام رَوَاهُ اَبُوْ نُعَيْم فِى الْحِلْيَةِ

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું, અલ્લાહના રસૂલ ﷺએ ફર્માવ્યું, "પાંચ નમાઝો એમની વચમાંનો કફ્ફારો છે જ્યારે કે મોટા ગુનાહોથી બચવામાં આવે અને જુમ્આથી જુમ્આ ત્રણ દિવસ વધારાનો." *(અબૂ નુઐમ હિલ્યામાં)*

**હદીષ : ૩**

عَنْ اَمِيْرِ الْمُؤْمِنِيْنَ عُثْمٰنَ الْغَنِى رَضِىَ اللّٰهُ عَنْهُ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَا مِنْ اِمْرَأ مُسْلِم تَحْضُرُهُ صَلوٰةٌ مَكْتُوْبَةٌ فَيُحْسِنُ وُضُوْئَهَا وَخُشُوْعَهَا وَرُكُوْعَهَا اِلَّا كَانَتْ لَهٗ كَفَّارَةٌ لِمَا قَبْلَهَا مِنْ ذُنُوْب مَالَمْ يَاْتِ كَبِيْرَةً وَذٰلِكَ الدَّهْرُ كُلُّهٗ رَوَاهُ مُسْلِمٌ

હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે અલ્લાહના રસૂલ ﷺએ ફર્માવ્યું, "જે મુસલમાન વ્યક્તિ માટે ફર્ઝ નમાઝનો સમય આવે તો એ એના માટે વ્યવસ્થિત વુઝૂ કરે, ધ્યાનપૂર્વક નમાઝ પઢે અને સંપૂર્ણ રુકૂઅ (સિજદો) કરે તો એ એનાથી પહેલાંના ગુનાહોનો કફ્ફારો છે, જો કબીરો ગુનોહ ન લાવે અને આ પૂરો સમય છે." *(મુસ્લિમ)*

**ફાયદો** : નમાઝના પૂરા સમય માટે આ હુકમ છે અને આમ દરેક નમાઝનો આ હુકમ છે.

**હદીષ : ૪**

عَنْهُ قَالَ اقَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ اَتَمَّ الْوُضُوْءَ كَمَا اَمَرَهُ اللّٰهُ فَالصَّلَوَاتُ الْمَكْتُوْبَاتُ كَفَّارَةٌ لِّمَا بَيْنَهُنَّ رَوَاهُ مُسْلِمٌ وَ النَّسَائِى وَابْنُ مَاجَةَ





હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہથી રિવાયત છે. અલ્લાહના રસૂલ ﷺએ ફર્માવ્યું, "જેણે વુઝૂ કર્યું તો પોતાનું વુઝૂ વ્યવસ્થિત કર્યું પછી નમાઝ પઢી તો એના રુકૂઅ અને સિજદા સંપૂર્ણ કર્યા તો એના અને બીજી નમાઝની વચમાંનો કફ્ફારો થયો જો કબીરો ન કર્યો હોય" *(તબ્રાનીએ કબીર, ઈબ્ને હબ્બાન)*

**હદીષ : ૫**

عَنْ اَبِىْ بَكْرَةَ رضی الله تعالیٰ عنه قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اَلصَّلَوَاتُ الْخَمْسُ وَالْجُمْعَةُ اِلَى الْجُمْعَةِ كَفَّارَاتٌ لِّمَا بَيْنَهُنَّ مَا اجْتُنِبَتِ الْكَبَائِرُ رَوَاهُ اِبْنُ حَبَّانَ وَالطَّبْرَانِى فِى الْكَبِيْرِ

હઝરત અબૂબક્ર رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "પાંચ નમાઝો અને જુમ્આથી જુમ્આ એની વચમાંનો કફ્ફારો છે જો કબીરાથી બચવામાં આવે." *(ઈબ્ને હબ્બાન, તબ્રાનીએ કબીર)*

**ફાયદો** : ઉપરોક્ત પાંચ હદીષોથી એ પુરવાર થયું કે અમલ થકી જે ગુનાહોની માફીની બશારત સંભળાવવામાં આવી છે એનો મતલબ સગીરા અને નાના ગુનાહ છે મોટા ગુનાહ નથી. કારણ કે નબીએ પાક ﷺએ પોતે કબીરાને એનાથી અલગ કર્યા છે. એટલે આ વધારો શરત રૂપે બધી હદીષોમાં માનવામાં આવશે."

## ★ કાળજીપૂર્વક વુઝૂ કરો ! ★

**હદીષ : ૬**

عَنْ اَمِيْرِ الْمُؤْمِنِيْنَ عُثْمٰنَ الْغَنِى رَضِىَ اللّٰهُ عَنْهُ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ اَتَمَّ الْوُضُوْءَ كَمَا اَمَرَهُ اللّٰهُ فَالصَّلَوَاتُ الْمَكْتُوْبَاتُ كَفَّارَةٌ لِّمَا بَيْنَهُنَّ رواه مسلم والنسائى و ابن ماجة

હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہથી રિવાયત છે. અલ્લાહના રસૂલ ﷺએ ફર્માવ્યું, "જે સંપૂર્ણ વુઝૂ કરે જેમ કે અલ્લાહ તઆલાએ હુકમ આપ્યો તો ફર્ઝ નમાઝો એમની વચમાંનો કફ્ફારો છે." *(મુસ્લિમ, નસાઈ, ઈબ્ને માજહ)*

**ફાયદો** : સવાબની પ્રાપ્તિ માટે અને ગુનાહોનો એને કફ્ફારો બનાવવા માટે કાળજીપૂર્વક સુન્નતોની પાબંદી સાથે વુઝૂ કરવું જોઈએ. વુઝૂમાં જે

અંગોનું ધોવું ફર્ઝ છે જો એમાં એક વાળ જેટલી જગા પણ છૂટી જાય તો વુઝૂ થશે નહીં. વુઝૂ ન થાય તો નમાઝ પણ ન થાય. એટલે આ વાત ભૂલવામાં ન આવે.''

## ★ નમાઝ પહેલાંના ગુનાહ માફ ! ★

**હદીષ : ૭**

عَنْ عُقْبَةَ بْنِ عَامِرٍ رضی الله تعالیٰ عنه قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صلی الله علیه وسلم مَنْ تَوَضَّأَ فَاَحْسَنَ الْوُضُوْءَ ثُمَّ صَلّٰی صَلٰوةً غَيْرَ سَاهٍ وَّلَا لَاهٍ كَفَّرَ عَنْهُ مَاقَبْلَهَا مِنْ سَيِّئَةٍ رَوَاهُ سَعِيْدُ بْنُ مَنْصُوْرٍ وَ الْاِمَامُ اَحْمَدُ وَالطَّبْرَانِیْ فِی الْكَبِيْرِ

હઝરત ઉકબા બિન આમિર رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે અલ્લાહના રસૂલ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, ''જેણે વુઝૂ કર્યું તો વ્યવસ્થિત વુઝૂ કર્યું, પછી ભૂલચૂક વિના નમાઝ પઢી તો એ નમાઝ પહેલાંના એના ગુનાહોનો કફ્ફારો બની ગયો.'' *(સઈદ બિન મન્સૂર, ઈમામ અહમદ, તબ્રાનીએ કબીર)*

## ★ હજ્જ એ હજ્જ પહેલાંનો કફ્ફારો ★

**હદીષ : ૮**

عَنْ اَبِیْ اُمَامَةَ رضی الله تعالیٰ عنه قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صلی الله علیه وسلم اَلصَّلٰوةُ الْمَكْتُوْبَةُ اِلَی الصَّلٰوةِ الْمَكْتُوْبَةِ تُكَفِّرُ مَاقَبْلَهَا اِلَی الصَّلٰوةِ الْاُخْرٰی وَالْجُمُعَةُ تُكَفِّرُ مَاقَبْلَهَا اِلَی الْجُمُعَةِ الْاُخْرٰی وَشَهْرُ رَمْضَانَ يُكَفِّرُ مَاقَبْلَهٗ اِلٰی شَهْرِ رَمْضَانَ وَالْحَجُّ يُكَفِّرُ مَا قَبْلَهٗ اِلَی الْحَجِّ لَا يَحِلُّ لِاَمْرَأَةٍ مُسْلِمَةٍ اَنْ تَحُجَّ اِلَّا مَعَ زَوْجٍ اَوْ ذِیْ مَحْرَمٍ

رواه الطبرانی فی الكبير

હઝરત અબૂ ઉમામા رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે અલ્લાહના રસૂલ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, ''એક ફર્ઝ નમાઝથી બીજી ફર્ઝ નમાઝ એનાથી પહેલાં બીજી નમાઝ સુધીના ગુનાહોનો કફ્ફારો બની જાય છે, અને જુમ્આથી જુમ્આ એની પહેલાંના બીજા જુમ્આ સુધીનો કફ્ફારો બને છે. હજ્જ એનાથી પહેલી હજ્જ સુધીનો કફ્ફારો બને છે, મુસલમાન સ્ત્રી માટે હલાલ નથી કે તેણી હજ્જ કરે, પણ પતિ સાથે અથવા મહરમ સાથે.''

*(તબ્રાનીએ કબીર)*





**ફાયદો** : સ્ત્રી માટે મહરમ એવા પુરૂષને કહેવામાં આવે છે જેની સાથે એનો નિકાહ શરઅન હમેશાં માટે હરામ હોય છે. અને મહરમ હોય તો એ નેક દીનદાર વ્યક્તિ હોય, હજ્જના સફર માટે આ વાત પર અમલ જરૂરી છે. હજ્જ કુબૂલ થવા માટે અને એ સિવાયનો સફર હોય તો ૫૭$\frac{1}{2}$ (૯૨ કિ.મિ.) માઈલનો હોય તો એમાં પણ સ્ત્રી માટે વિના મહરમ એકલો સફર અથવા ગેર મહરમ સાથે હરામ છે.

## ★ વાયદા ખિલાફી મોટો ગુનોહ છે ★

**હદીષ : ૯**

عَنْ اَبِیْ هُرَيْرَةَ رضی الله تعالیٰ عنه قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صلی الله علیه وسلم اَلصَّلٰوةُ الْمَكْتُوْبَةُ اِلَی الصَّلٰوةِ الَّتِیْ قَبْلَهَا كَفَّارَةٌ لِمَا بَيْنَهُمَا وَالْجُمُعَةُ اِلَی الْجُمُعَةِ الَّتِیْ قَبْلَهَا كَفَّارَةٌ لِمَا بَيْنَهُمَا وَالشَّهْرُ اِلَی الشَّهْرِ كَفَّارَةٌ لِّمَا بَيْنَهُمَا اِلَّا مِنَ الْاِشْرَاكِ بِاللّٰهِ وَ تَرْكِ السُّنَّةِ وَ نَكْثِ الصَّفْقَةِ قِيْلَ يَا رَسُوْلَ اللّٰهِ اَمَّا الْاِشْرَاكُ بِاللّٰهِ فَقَدْ عَرَفْنَاهُ فَمَا نَكْثُ الصَّفْقَةِ وَ تَرْكِ السُّنَّةِ قَالَ اَمَّا نَكْثُ الصَّفْقَةِ فَاَنْ تُبَايِعَ رَجُلًا بِيَمِيْنِكَ ثُمَّ تُخَالِفَ اِلَيْهِ فَتُقَاتِلَهٗ بِسَيْفِكَ وَاَمَّا تَرْكُ السُّنَّةِ فَالْخُرُوْجُ مِنَ الْجَمَاعَةِ رَوَاهُ الْاِمَامُ اَحْمَدُ وَ الْحَاكِمُ وَالْبَيْهَقِیْ فِیْ شُعُبِ الْاِيْمَانِ

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે અલ્લાહના રસૂલ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું :–

''ફર્ઝ નમાઝ એનાથી પહેલાંની નમાઝ સુધીના વચમાંનો કફ્ફારો છે, અને જુમ્આ એનાથી પહેલાંના જુમ્આ સુધીની વચમાંનો કફ્ફારો છે, અને મહીનો મહીના સુધીની વચમાંનો કફ્ફારો છે પણ ત્રણ છોડીને : અલ્લાહના સાથે શિર્ક કરવું, સુન્નત છોડવી અને નકસે સફકા. કહેવામાં આવ્યું, અય અલ્લાહના રસૂલ! صلی اللہ علیہ وسلم અલ્લાહ સાથે શિર્ક કરવાને તો અમે જાણીએ છીએ, નકસે સફકા અને સુન્નત ત્યજવું શું છે ? ફર્માવ્યું, ''નકસે સફકા એ છે કે તું તારા જમણા હાથથી બયઅત કરે પછી એનો વિરોધ કરે પછી એને તારી તલ્વારથી કતલ કરે, અને સુન્નત ત્યજવું છે જમાઅતથી નીકળી જવું.''

*(ઈમામ અહમદ, હાકિમ, બયહકી, શુઅબુલ ઈમાન)*

## હદીષ : ૧૦

عَنْ اَمِيْرِ الْمُؤْمِنِيْنَ عُثْمَانَ الْغَنِىْ رَضِىَ اللّٰهُ عَنْهُ قَالَ اقَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَا مِنْ مُسْلِمٍ يَتَطَّهَرُ فيُتِمُّ الطُّهُوْرَ الَّذِىْ كَتَبَ اللّٰهُ عَلَيْهِ فَيُصَلِّىْ هٰذِهِ الصَّلَوَاتِ الْخَمْسَ اِلَّا كَانَتْ كَفَّارَةً لِّمَا بَيْنَهُنَّ رَوَاهُ مُسْلِمٌ

અમીરુલ મુ'મિનીન ઉષ્માન ગની رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે અલ્લાહના રસૂલ ﷺએ ફર્માવ્યું, "જે મુસ્લિમ પાકી હાંસલ કરે તો પૂરેપૂરી તહારત કરે જે અલ્લાહ તઆલાએ એના પર ફર્ઝ કરી. પછી આ પાંચ નમાઝો પઢે તો એની વચમાંનો કફ્ફારો છે." *(મુસ્લિમ)*

## ★ નમાઝ સાથે ગુનોહ ગયો ★

## હદીષ : ૧૧

عَنْ اَمِيْرِ الْمُؤْمِنِيْنَ عَلِىِّ الْمُرْتَضٰى كَرَّمَ اللّٰهُ وَجْهَهٗ قَالَ كُنَّا مَعَ رَسُوْلِ اللّٰهِ ﷺ فِى الْمَسْجِدِ نَنْتَظِرُ الصَّلٰوةَ فَقَالَ رَجُلٌ فَقَالَ اِنِّىْ اَصَبْتُ ذَنْبًا فَاَعْرَضَ عَنْهُ فَلَمَّا قَضَى النَّبِىُّ ﷺ الصَّلٰوةَ قَامَ الرَّجُلُ وَاَعَادَ الْقَوْلَ فَقَالَ النَّبِىُّ ﷺ اَلَيْسَ قَدْ صَلَّيْتَ مَعَنَا هٰذِهِ الصَّلٰوةَ وَاَحْسَنْتَ لَهَا الطُّهُوْرَ قَالَ بَلٰى قَالَ فَاِنَّهَا كَفَّارَةُ ذَنْبِكَ رَوَاهُ الطَّبْرَانِىْ فِى الْاَوْسَطِ وَالصَّغِيْرِ

અમીરુલ મુ'મિનીન અલી મુતર્ઝા کرم اللہ تعالیٰ وجہہ الکریمથી રિવાયત છે. એમણે કહ્યું કે અમે રસૂલુલ્લાહ ﷺની સાથે હતા. મસ્જિદમાં નમાઝની વાત જોઈ રહ્યા હતા એટલામાં એક માણસ ઉભો થયો અને એણે કહ્યું કે મેં ગુનોહ કર્યો છે અમો એનાથી મોઢું ફેરવી લીધું. પછી જ્યારે નબી ﷺએ નમાઝ સમાપ્ત કરી માણસ ઉભો થયો અને વાત દોહરાવી તો નબી ﷺએ ફર્માવ્યું, "શું તમે આ નમાઝ મારી સાથે નથી પઢી અને એના માટે સારી તહારત નથી કરી ? વિનંતિ કરી કેમ નહીં ! ફર્માવ્યું, એ તમારા ગુનાહોનો કફ્ફારો છે. *(તબ્રાનીએ ઔસત, સગીર)*

## ★ ગૈર સ્ત્રીને ચુંબન કર્યું તે પણ માફ ! ★

## હદીષ : ૧૨

عَنْ اِبْنِ مَسْعُوْدٍ رضى الله تعالىٰ عنه قَالَ اِنَّ رَجُلًا اَصَابَ مِنْ اِمْرَاَةٍ قُبْلَةً فَاَتَى النَّبِىَّ





ﷺ فَاَخْبَرَهٗ فَاَنْزَلَ اللّٰهُ تَعَالٰى وَ اَقِمِ الصَّلٰوةَ طَرَفَىِ النَّهَارِ وَزُلَفًا مِّنَ اللَّيْلِ اِنَّ الْحَسَنَاتِ يُذْهِبْنَ السَّيِّئَاتِ فَقَالَ الرَّجُلُ يَا رَسُوْلَ اللّٰهِ اِلَىَّ هٰذَا قَالَ لِجَمِيْعِ اُمَّتِىْ كُلِّهِمْ وَفِىْ رِوَايَةٍ لِمَنْ عَمِلَ بِهَا مِنْ اُمَّتِىْ رَوَاهُ الْبُخَارِى وَ مُسْلِم وَالتِّرْمِذِى وَالنَّسَائِى وَ ابْنُ مَاجَة

હઝરત ઈબ્ને મસઊદ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે એક માણસને સ્ત્રી તરફથી ચૂમવાનો ગુનોહ પહોંચ્યો. તેઓ નબી ﷺ પાસે આવ્યા અને આપને બતાવ્યું. તો અલ્લાહ તઆલાએ આયત ઉતારી, "નમાઝ કાયમ કર દિવસના બંને કિનારામાં અને રાતના અમુક ભાગમાં. બેશક ! નેકીઓ બુરાઈઓને લઈ જાય છે." એમણે વિનંતિ કરી, અય અલ્લાહના રસૂલ ! ﷺ આ માત્ર મારા માટે છે ? ફર્માવ્યું, "મારી પૂરી ઉમ્મત માટે છે." અને એક રિવાયતમાં છે, "મારી ઉમ્મતમાંથી જેણે પણ આની ઉપર અમલ કર્યો." *(બુખારી, મુસ્લિમ, તિર્મિઝી, નસાઈ, ઈબ્ને માજહ)*

## ★ સર્વ માટે ખુશખબરી ! ★

## હદીષ : ૧૩

عَنْ اَنَسٍ رضى الله تعالىٰ عنه قَالَ جَاءَ رَجُلٌ فَقَالَ يَا رَسُوْلَ اللّٰهِ اِنِّىْ اَصَبْتُ حَدًّا فَاَقِمْهُ عَلَىَّ قَالَ وَلَمْ يَسْئَلْهُ عَنْهُ وَ حَضَرَتِ الصَّلٰوةُ فَصَلّٰى مَعَ رَسُوْلِ اللّٰهِ ﷺ فَلَمَّا قَضَى النَّبِىُّ ﷺ الصَّلٰوةَ قَامَ الرَّجُلُ فَقَالَ يَا رَسُوْلَ اللّٰهِ اِنِّىْ اَصَبْتُ حَدًّا فَاَقِمْ فِىْ كِتَابِ اللّٰهِقَالَ صَلَّيْتُ مَعَنَا قَالَ نَعَمْ قَالَ فَاِنَّ اللّٰهَ قَدْ غَفَرَ لَكَ ذَنْبَكَ اَوْ حَدَّكَ رَوَاهُ الْبُخَارِى وَمُسْلِم

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે ફર્માવ્યું, એક માણસ આવ્યો પછી એણે વિનંતિ કરી, અય અલ્લાહના રસૂલ ! ﷺ મેં કોઈ ગુનોહ કર્યો છે તો આપ મારા પર હદ (ઈસ્લામની કુર્આની નિયુક્ત સજા) કાયમ કરો ! હઝરત અનસ رضی اللہ عنہએ કહ્યું, આપે એને ગુનાહ બાબત સવાલ ન કર્યો એટલામાં નમાઝનો સમય થઈ ગયો. એણે રસૂલુલ્લાહ ﷺ સાથે નમાઝ અદા કરી, જ્યારે નબી ﷺએ નમાઝ પૂરી ફર્માવી એ માણસ ઉભો થયો અને એણે કહ્યું, અય અલ્લાહના રસૂલ ! ﷺ મારાથી કોઈ ગુનોહ થઈ ગયો તો જે અલ્લાહની કિતાબમાં છે, હદ કાયમ

કરો ! આપે ફર્માવ્યું, તેં અમારી સાથે નમાઝ અદા કરી ? વિનંતિ કરી, હા ! ફર્માવ્યું, બેશક ! અલ્લાહ તઆલાએ તારો ગુનોહ માફ ફર્માવી આપ્યો અથવા તારી હદ (સજા) (માફ કરી આવી.) *(બુખારી, મુસ્લિમ)*

## ★ નેકી ગુનાહને નષ્ટ કરે ! ★

**હદીષ : ૧૪**

عَنْ عَبْدِ اللّٰهِ بْنِ مَسْعُوْدٍ رضی الله تعالیٰ عنه قَالَ جَاءَ رَجُلٌ اِلَى النَّبِيِّ صلی الله علیه وسلم فَقَالَ يَا رَسُوْلَ اللّٰهِ اِنِّىْ عَالَجْتُ اِمْرَأَةً فِىْ اَقْصَى الْمَدِيْنَةِ وَاِنِّىْ اَصَبْتُ مِنْهَا مَا دُوْنَ اَنْ اَمُسَّهَا فَاقْضِ فِىْ مَا شِئْتَ فَقَالَ لَهٗ عُمَرُ لَقَدْ سَتَرَكَ اللّٰهُ لَوْ سَتَرْتَ عَلٰى نَفْسِكَ قَالَ وَلَمْ يَرُدَّ النَّبِيُّ صلی الله علیه وسلم شَيْئًا وَ قَامَ الرَّجُلُ فَانْطَلَقَ فَاَتْبَعَهُ النَّبِيُّ صلی الله علیه وسلم رَجُلًا فَدَعَاهُ وَتَلَا عَلَيْهِ هٰذِهِ الْاٰيَةَ وَاَقِمِ الصَّلٰوةَ طَرَفَىِ النَّهَارِ وَ زُلَفًا مِّنَ اللَّيْلِ اِنَّ الْحَسَنَاتِ يُذْهِبْنَ السَّيِّئَاتِ ذٰلِكَ ذِكْرٰى لِلذَّاكِرِيْنَ فَقَالَ رَجُلٌ مِنَ الْقَوْمِ يَا نَبِيَّ اللّٰهِ هٰذَا لَهٗ خَاصَّةً فَقَالَ بَلْ لِلنَّاسِ كَافَّةً رَوَاهُ مُسْلِمٌ

હઝરત અબ્દુલ્લાહ બિન મસઉદ رضی الله عنه થી રિવાયત છે. એમણે કહ્યું કે એક માણસ નબી صلی الله علیه وسلم પાસે આવ્યો. તો એણે વિનંતિ કરી, અય અલ્લાહના રસૂલ ! صلی الله علیه وسلم શહેરના એક ભાગમાં મારી એક સ્ત્રી સાથે મુલાકાત થઈ અને મને એનાથી ચુમવા સિવાયનો ગુનોહ નથી થયો, તો આપ મારા વિશે જે ઈચ્છો ફેંસલો ફર્માવો. હઝરત ઉમર رضی الله عنه એ કહ્યું, અલ્લાહ તઆલાએ તારા પર પર્દો રાખ્યો તો તું પણ પોતાના નફ્સને પર્દામાં રાખતો તો સારું. ઈબ્ને મસઉદે કહ્યું કે નબી صلی الله علیه وسلم એ એને કોઈ જવાબ ન આપ્યો એ માણસ ઉભો થયો અને ચાલ પડયો. પછી એની પાછળ નબી صلی الله علیه وسلم એ એક માણસ મોકલ્યો અને એને બોલાવી મંગાવ્યો અને એની સામે આ આયત તિલાવત કરી : "નમાઝ કાયમ કર ! દિવસના બંને કિનારા પર અને રાતના અમુક ભાગમાં. બેશક ! નેકીઓ ગુનાહોને લઈ જાય છે. અને આ શિખામણ છે શિખામણ સ્વીકારનાર માટે." લોકોમાંથી એક માણસે વિનંતિ કરી, અય અલ્લાહના નબી ! صلی الله علیه وسلم આ (બશારત) એના માટે ખાસ છે ? આપે ફર્માવ્યું, બલ્કે બધાં જ માટે." *(મુસ્લિમ)*





## ★ આયતની શાને નુઝૂલ ★

**હદીષ : ૧૫**

عَنْ اَبِى الْيُسْرِ رضی الله تعالیٰ عنه قَالَ اَتَتْنِىْ اِمْرَأَةٌ تَبْتَاعُ تَمْرًا فَقُلْتُ اِنَّ فِى الْبَيْتِ تَمْرًا اَطْيَبَ مِنْهُ فَدَخَلَتْ مَعِىْ فِى الْبَيْتِ فَاَهْوَيْتُ اِلَيْهَا فَقَبَّلْتُهَا فَاَتَيْتُ اَبَا بَكْرٍ فَذَكَرْتُ ذٰلِكَ لَهٗ فَقَالَ اِسْتُرْ عَلٰى نَفْسِكَ وَ تُبْ فَاَتَيْتُ عُمَرَ فَذَكَرْتُ لَهٗ ذٰلِكَ فَقَالَ اُسْتُرْ عَلٰى نَفْسِكَ وَ تُبْ وَلَا تُخْبِرْ عَلٰى اَحَدٍ فَلَمْ اَصْبِرْ فَاَتَيْتُ رَسُوْلَ اللّٰهِ صلی الله علیه وسلم فَذَكَرْتُ ذٰلِكَ لَهٗ فَقَالَ اَخْلَفْتَ غَازِيًا فِىْ سَبِيْلِ اللّٰهِ فِىْ اَهْلِهٖ بِمِثْلِ هٰذَا حَتّٰى تَمَنّٰى اَنَّهٗ لَمْ يَكُنْ اَسْلَمَ اِلٰى تِلْكَ السَّاعَةِ حَتّٰى اَنَّهٗ ظَنَّ مِنْ اَهْلِ النَّارِ قَالَ فَاَطْرَقَ رَسُوْلُ اللّٰهِ صلی الله علیه وسلم طَوِيْلًا حَتّٰى اَوْحَى اللّٰهُ تَعَالٰى اِلَيْهِ اَقِمِ الصَّلٰوةَ طَرَفَىِ النَّهَارِ وَ زُلَفًا مِّنَ اللَّيْلِ اِنَّ الْحَسَنَاتِ يُذْهِبْنَ السَّيِّئَاتِ ذٰلِكَ ذِكْرٰى لِلذَّاكِرِيْنَ قَالَ اَبُو الْيُسْرِ فَاَتَيْتُهٗ فَقَرَاَهَا عَلٰى رَسُوْلِ اللّٰهِ صلی الله علیه وسلم فَقَالَ اَصْحَابُهٗ يَا رَسُوْلَ اللّٰهِ اَلِهٰذَا خَاصَّةً اَمْ لِلنَّاسِ عَامَّةً رَوَاهُ التِّرْمِذِىْ

હઝરત અબુલ યુસ્રથી રિવાયત છે. એમણે કહ્યું કે મારી પાસે એક સ્ત્રી આવી એ ખજૂર ખરીદવા માંગતી હતી. મેં એને કહ્યું કે ઘરમાં એનાથી સારું ખજૂર છે, એ મારી સાથે ઘરમાં પ્રવેશી મને એનાથી મન થઈ ગયું તો મેં એને ચુમ્મો આપ્યો. પછી હું હઝરત અબૂ બક્ર رضی الله عنه પાસે આવ્યો અને એ બનાવ કહી સંભળાવ્યો. આપે ફર્માવ્યું, તું તારા નફ્સ પર પર્દો રાખ ! (કહેવાની જરૂરત નથી) અને તૌબા કરી લે ! પછી હું હઝરત ઉમર પાસે આવ્યો અને આ વિશે આપને જાણ કરી. આપે ફર્માવ્યું, પોતાની જાત પર પર્દો રાખ અને તૌબા કરી લે ! કોઈને બતાવ નહીં. મારાથી સબર ન થઈ અને હું રસૂલુલ્લાહ صلی الله علیه وسلم પાસે આવ્યો અને આપને એ બનાવ સંભળાવ્યો આપે ફર્માવ્યું, અલ્લાહના માર્ગના ગાઝીને મેં આટલા માટે પોતાના ઘરવાળાઓમાં રાખ્યો ત્યાં સુધી કે આપે તમન્ના કરી તેઓ ત્યાં સુધી ઈસ્લામ ન લાવ્યા હોતે. અને આપને અનુમાન થયું કે જહન્નમી છે. ફર્માવ્યું, નબી صلی الله علیه وسلم દૂર સુધી ચાલ્યા ત્યાં સુધી કે અલ્લાહ તઆલાએ વહી ઉતારી : "નમાઝ કાયમ કર ! દિવસના બંને કિનારા પર અને રાતના

અમુક ભાગમાં. બેશક ! નેકીઓ બુરાઈઓને લઈ જાય છે. આ શિખામણ છે, શિખામણ સ્વીકારનારાઓ માટે !'' અબૂલ યુસ્રએ કહ્યું, હું હુઝૂર ﷺ પાસે આવ્યો તો આપે એ (આયત) મારી સમક્ષ તિલાવત ફર્માવી. આપના સહાબાએ વિનંતિ કરી, અય અલ્લાહના રસૂલ ! ﷺ આ એમના માટે ખાસ છે કે પછી સર્વ માટે છે ? આપે ફર્માવ્યું, બલ્કે સર્વ માટે છે. *(તિર્મિઝી)*

**ફાયદો :** આ હદીષોથી સ્પષ્ટ થયું કે વ્યવસ્થિત સુન્નત તરીકા મુજબ નમાઝ અદા કરવામાં આવે તો જે સગીરા ગુનાહ એ નમાઝ પહેલાં વજૂદમાં આવ્યા એને અલ્લાહ તઆલા નમાઝના સદકામાં પોતાની કૃપાથી માફ કરી આપે છે. તો આપણે નમાઝની પાબંદી કરવી જોઈએ અને આપણા ગુનાહોની માફીની અલ્લાહ તઆલાથી ઉમ્મીદ રાખવી જોઈએ. બની શકે ત્યાં સુધી સગીરાથી પણ દૂર રહેવું જોઈએ !

## ★ નમાઝ અને બીમારી ગઈ ! ★

### હદીષ : ૧૬

عَنْ اِبْنِ مَسْعُوْدٍ رضی اللہ تعالیٰ عنہ قَالَ الصَّلَوَاتُ كَفَّارَاتٌ لِّمَا بَعْدَهُنَّ اِنَّ آدَمَ خَرَجَتْ بِهٖ شَاقَةً فِىْ اِبْهَامِ رِجْلِهٖ ثُمَّ ارْتَفَعَتْ اِلٰى اَصْلِ قَدَمَيْهِ ثُمَّ ارْتَفَعَتْ اِلٰى رُكْبَتَيْهِ ثُمَّ ارْتَفَعَتْ اِلٰى اَصْلِ حَقْوَيْهِ ثُمَّ ارْتَفَعَتْ اِلٰى اَصْلِ عُنُقِهٖ فَقَامَ فَصَلّٰى فَنَزَلَتْ عَنْ مَنْكِبَيْهِ ثُمَّ صَلّٰى فَنَزَلَتْ اِلٰى حَقْوَيْهِ ثُمَّ صَلّٰى فَنَزَلَتْ اِلٰى رُكْبَتَيْهِ ثُمَّ صَلّٰى فَذَهَبَتْ رَوَاهُ ابْنُ عَسَاكِرَ

હઝરત ઈબ્ને મસઊદ رضی اللہ عنہથી રિવાયત છે. આપે ફર્માવ્યું, ''નમાઝો કફ્ફારો છે એમની પાછળનો. બેશક ! હઝરત આદમ علیہ السلامને એમના પગમાં તકલીફ થઈ પછી એ આગળ વધી આપની પિંડીઓમાં, પછી આગળ વધી આપના ઘૂંટણોમાં, પછી આગળ વધી આપની કુખમાં, પછી આગળ વધી આપના ગળામાં. આપ ઉભા થયા અને નમાઝ પઢી તો આપની બંને કુખમાંથી નીચે ઉતરી. પછી નમાઝ પઢી તો આપના બંને ઘૂંટણોથી નીચે ઉતરી, ફરી નમાઝ પઢી તો ચાલી ગઈ.'' *(ઈબ્ને અસાકિર)*





## ★ રુકૂઅમાં ગુનાહ જમીન પર ★

### હદીષ : ૧૭

عَنْ اِبْنِ عُمَرَ رضی اللہ تعالیٰ عنہ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اِنَّ الْعَبْدَ اِذَا قَامَ يُصَلِّى اُتِىَ بِذُنُوْبِهٖ كُلِّهَا فَوُضِعَتْ عَلٰى رَاسِهٖ وَعَاتِقِهٖ فَكُلَّمَا رَكَعَ اَوْسَجَدَ تَسَاقَطَتْ عَنْهُ رَوَاهُ الطَّبْرَانِى فِى الْكَبِيْرِ وَاَبُوْ نُعَيْم فِى الْحِلْيَةِ وَالْبَيْهَقِى

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત છે. આપે કહ્યું કે અલ્લાહના રસૂલ ﷺએ ફર્માવ્યું :–

''બેશક ! બંદો જ્યારે નમાઝમાં ઉભો થાય છે એના સઘળા ગુનાહો લાવવામાં આવે છે પછી એના ખભા અને માથા પર રાખવામાં આવે છે પછી જ્યારે રુકૂઅ અથવા સિજદો કરે છે એનાથી પડી જાય છે.'' *(તબ્રાનીએ કબીર, હિલ્યા, બયહકી)*

## ★ નમાઝનો ફાયદો ★

### હદીષ : ૧૮

عَنْ اَبِىْ وَائِلٍ رضی اللہ تعالیٰ عنہ قَالَ قَالَ عَبْدُ اللّٰهِ ابْنُ مَسْعُوْدٍ اَلصَّلَوَاتُ كَفَّارَاتٌ لِّمَا بَيْنَهُنَّ مَا اجْتُنِبَتِ الْكَبَائِرُ رَوَاهُ عَبْدُ الرَّزَّاقِ

હઝરત અબૂ વાઈલ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ رضی اللہ عنہએ ફર્માવ્યું, ''નમાઝો કફ્ફારો છે એમની વચમાંનો જો કબીરાથી બચવામાં આવે.'' *(અબ્દુર્રઝ્ઝાક)*

## ★ નમાઝ પઢો અને પાક બનો ! ★

### હદીષ : ૧૯

عَنْ اَبِىْ اَيُّوْبَ رضی اللہ تعالیٰ عنہ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اِنَّ كُلَّ صَلٰوةٍ تَحُطُّ مَا بَيْنَ يَدَيْهَا مِنْ خَطِيْئَةٍ رَوَاهُ الْاِمَامُ اَحْمَدُ وَالطَّبْرَانِى فِى الْكَبِيْرِ

હઝરત અબૂ ઐયૂબ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું :–

''બેશક ! દરેક નમાઝ એની પહેલાં જે ભૂલ થઈ હોય એને ફેંકી આપે છે.'' *(ઈમામ અહમદ, તબ્રાનીએ કબીર)*

## ★ ગુનાહ ફેંકાય જાય છે ★

**હદીષ : ૨૦**

عَنْ سَلْمَانَ رضی الله تعالیٰ عنه قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اِنَّ الْعَبْدَ الْمُؤْمِنَ اِذَا قَامَ اِلَى الصَّلٰوةِ وُضِعَتْ ذُنُوْبُهٗ عَلٰى رَاسِهٖ فَتَفَرَّقَ عَنْهُ كَمَا تَفَرَّقَ عَذُوْقُ النَّخْلِ يَمِيْنًا وَّ شِمَالًا رَوَاهُ الطَّبْرَانِى فِى الْكَبِيْرِ

હઝરત સલ્માન رضی اللہ عنہથી રિવાયત છે. અલ્લાહના રસૂલ ﷺએ ફર્માવ્યું, ''બેશક ! ઈમાનવાળો બંદો જ્યારે નમાઝ માટે ઉભો થાય છે તો એના ગુનાહ એના માથા પર રાખી દેવામાં આવે છે જેથી એનાથી અલગ થઈ જાય છે જેમ ખજૂરની ડાળીઓ ડાબે જમણે ફેલાય જાય છે.'' *(તબ્રાનીએ કબીર)*

**હદીષ : ૨૧**

عَنْهُ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اِنَّ الْمُسْلِمَ لَيُصَلِّىْ وَ خَطَايَاهُ مَرْفُوْعَةٌ عَلٰى رَاسِهٖ فَكُلَّمَا سَجَدَ تَحَاتَتْ فَيَفْرُغُ عَنْهُ حِيْنَ يَفْرُغُ مِنْ صَلٰوتِهٖ وَقَدْ تَحَاتَتْ خَطَايَاهُ رَوَاهُ الطَّبْرَانِىْ فِى الْكَبِيْرِ وَالصَّغِيْرِ وَالْبَيْهَقِىْ فِى شُعُبِ الْاِيْمَانِ

એમનાથી જ રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ''બેશક ! મુસલમાન નમાઝ પઢે છે અને એના ગુનાહો એના માથા પર રાખેલા હોય છે પછી જ્યારે જ્યારે એ સિજદો કરે છે પડતા જાય છે. પછી એ નમાઝથી ફારેગ થાય છે અને એના ગુનાહો પડી ગયા હોય છે.'' *(તબ્રાનીએ કબીર, સગીર, બયહકી, શુઅબુલ ઈમાન)*

## ★ ગુનાહ માટે નમાઝ જાણે પાનખર ઋતુ ★

**હદીષ : ૨૨**

وَ عَنْ اَبِىْ ذَرٍّ رضی الله تعالیٰ عنه قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ يَا اَبَا ذَرٍّ اَنَّ الْعَبْدَ الْمُسْلِمَ يُصَلِّى الصَّلٰوةَ يُرِيْدُ بِهَا وَجْهَ اللّٰهِ عَزَّ وَ جَلَّ فَتَتَهَافَتُ عَنْهُ ذُنُوْبُهٗ كَمَا تَتَهَافَتُ هٰذِهِ الْوَرَقُ عَنْ هٰذِهِ الشَّجَرَةِ رَوَاهُ الْاِمَامُ اَحْمَدُ

હઝરત અબૂઝર رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે અલ્લાહના રસૂલ ﷺએ ફર્માવ્યું, ''અય અબૂઝર ! બેશક ! મુસલમાન બંદો નમાઝ પઢે છે અને એનાથી અલ્લાહ ﷻને રાજી કરવાનો ઈરાદો કરે છે તો





એનાથી એના ગુનાહ ખરી જાય છે જેમ આ ઝાડથી આ પાન ખરી પડયાં.'' *(ઈમામ અહમદ, સઈદ બિન મન્સૂર)*

**હદીષ : ૨૩**

عَنْ سَلْمَانَ رضی الله تعالیٰ عنه قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اِنَّ الْمُسْلِمَ اِذَا تَوَضَّأَ فَاَحْسَنَ الْوُضُوْءَ ثُمَّ صَلّٰى صَلَوَاتِ الْخَمْسِ تَحَاتَتْ خَطَايَاهُ كَمَا تَحَاتَتْ هٰذِهِ الْوَرَقُ رواه الدارمی و البغوی والطبرانی فی الکبیر

હઝરત સલ્માનથી રિવાયત છે. એમણે કહ્યું કે અલ્લાહના રસૂલ ﷺએ ફર્માવ્યું, ''બેશક ! મુસલમાન જ્યારે વ્યવસ્થિત વુઝૂ કરે પછી પાંચ વખતની નમાઝ પઢે તો એનાથી ગુનાહો પડી જાય છે જેમ આ પાદડાં પડી ગયાં.'' *(દારેમી, બુગવી, તબ્રાનીએ કબીર)*

**હદીષ : ૨૪**

عَنْ اَبِىْ عُثْمَانَ رضی الله تعالیٰ عنه قَالَ كُنْتُ مَعَ سَلْمَانَ تَحْتَ شَجَرَةٍ فَاَخَذَ غُصْنًا مِّنْهَا يَابِسًا فَهَزَّهٗ فَتَحَاتَتْ وَرَقُهٗ فَقَالَ اَلَّا تَسْئَلُنِىْ لِمَ اَفْعَلُ هٰذَا قُلْتُ وَلِمَ تَفْعَلُهٗ قَالَ هٰكَذَا فَعَلَهٗ رَسُوْلُ اللّٰهِ ﷺ ثُمَّ قَالَ يَاسَلْمَانُ اَلَّا تَسْأَلُ لِمَ اَفْعَلُ هٰذَا قُلْتُ وَلِمَ تَفْعَلُ هٰذَا يَا رَسُوْلَ اللّٰهِ قَالَ اِنَّ الْمُسْلِمَ اِذَا تَوَضَّأَ فَاَحْسَنَ الْوُضُوْءَ ثُمَّ صَلّٰى صَلَوَاتِ الْخَمْسَ قَالَ اَحْسِبُهٗ قَالَ فِىْ جَمَاعَةٍ تَحَاتَتْ خَطَايَاهُ كَمَا يَتَحَاتَتُ وَرَقُ هٰذِهِ الشَّجَرِ وَتَلَا رَسُوْلُ اللّٰهِ ﷺ

હઝરત અબૂ ઉષ્માન رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે હું સલ્માન સાથે ઝાડ નીચે હતો એમણે એની સુખી ડાળકી પકડી અને હલાવી તો પાંદડાં પડી ગયાં. પછી આપે ફર્માવ્યું, શું તમે પૂછો નહીં કે હું આમ શા માટે કરી રહ્યો છું ? મેં કહ્યું, આપ આમ શા માટે કરો છો ? ફર્માવ્યું, આ પ્રમાણે રસૂલુલ્લાહ ﷺએ કર્યું હતું. પછી આપે ફર્માવ્યું, અય સલ્માન ! શું નહીં પૂછો કે હું આમ શા માટે કરી રહ્યો છું ? મેં વિનંતિ કરી, અય અલ્લાહના રસૂલ ! ﷺ આમ શા માટે કરો છો ? ફર્માવ્યું, બેશક ! મુસલમાન જ્યારે વુઝૂ કરે અને વ્યવસ્થિત વુઝૂ કરે પછી પાંચ વખતની નમાઝ પઢે (અબૂ ઉષ્માન કહે છે મને એવું લાગે છે કે આપે ફર્માવ્યું) જમાઅતથી, તો એના ગુનાહો પડી જાય છે જેમ આ ઝાડનાં પાદડાં ખરી

રહ્યાં છે. અને રસૂલુલ્લાહ ﷺએ આ આયત તિલાવત ફર્માવી, "નમાઝ કાયમ કરો દિવસના બંને કિનારા પર અને રાતના અમુક ભાગમાં. બેશક! નેકીઓ બુરાઈઓને લઈ જાય છે." *(અબૂ દાવૂદ તિયાલ્સી)*

## ❖ પાંદડા ખરવાનું ઉદાહરણ ❖

### હદીષ : ૨૫

عَنْ طَلْحَةَ بْنِ نَافِعٍ رضی الله تعالیٰ عنه قَالَ حَدَّثَنِیْ اَنَسُ بْنُ مَالِكٍ وَ جَابِرُ بْنُ عَبْدِ اللّٰهِ قَالَا خَرَجْنَا مَعَ النَّبِیِّ ﷺ وَبِیَدِهٖ قَضِیْبٌ فَضَرَبَهٖ فَجَعَلَ وَرَقُهٗ یَتَنَاثَرُ فَقَالَ هَلْ تَدْرُوْنَ مَا مَثَلُ هٰذَا قَالُوْا اللّٰهُ وَ رَسُوْلُهٗ اَعْلَمُ قَالَ اِنَّ مَثَلَ اَحَدِكُمْ اِذَا قَامَ اِلَی صَلٰوتِهٖ جُعِلَتْ خَطَایَاهُ فَوْقَ رَاسِهٖ فَاِذَا خَرَّ سَاجِدًا تَنَاثَرَتْ عَنْهُ كَمَا یَتَنَاثَرُ وَرَقُ هٰذَا الْعَذْقِ رَوَاهُ اِبْنُ زَنْجُوِیَة

હઝરત તલ્હા બિન નાફેઅ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે મને અનસ બિન માલિક અને જાબિર બિન અબ્દુલ્લાહએ કહ્યું, અમે નબી ﷺ સાથે નીકળ્યા અને આપના હાથમાં ખજૂરની ડાળખી હતી. આપે એનાથી માર્યું તો પાંદડાં ખરવા લાગ્યાં. આપે ફર્માવ્યું, તમને ખબર છે આ કોનું ઉદાહરણ છે. વિનંતિ કરી, અલ્લાહ અને એના રસૂલ અધિક જાણે છે. ફર્માવ્યું, તમારામાંથી એનું ઉદાહરણ છે જે પોતાની નમાઝમાં ઉભો થાય તો એના ગુનાહો એના માથા પર રાખી દેવામાં આવે છે, પછી જ્યારે એ સિજદામાં જાય છે તો એનાથી પડી જાય છે જેમ કે આ ડાળખીનાં પાંદડાં ખરે છે. *(ઈબ્ને ઝન્જવિય્યહ્)*

### હદીષ : ૨૬

عَنْ اَبِیْ وَائِلٍ رضی الله تعالیٰ عنه قَالَ سَلْمَانُ رضی الله تعالیٰ عنه اِذَا صَلّٰی الْعَبْدُ اِجْتَمَعَتْ خَطَایَاهُ فَوْقَ رَاسِهٖ فَاِذَا سَجَدَ تَحَاتَتْ كَمَا یَتَحَاتُ وَرَقُ الشَّجَرِ رَوَاهُ اِبْنُ زَنْجُوِیّة

હઝરત અબૂ વાઈલ رضی اللہ عنہથી રિવાયત છે. કહ્યું કે હઝરત સલ્માને ફર્માવ્યું, જ્યારે બંદો નમાઝ પઢે છે એના ગુનાહ એના માથા પર ભેગા થઈ જાય છે પછી જ્યારે સિજદો કરે છે તો પડી જાય છે જેમ કે ઝાડનાં પાંદડાં પડી જાય છે." *(ઈબ્ને ઝનજવિય્યહ્)*





### હદીષ : ૨૭

عَنْ اَبِیْ ذَرٍ رضی الله تعالیٰ عنه اَنَّ النَّبِیَّ ﷺ خَرَجَ زَمَنَ الشِّتَآءِ وَالْوَرَقُ یَتَحَافَتُ فَاَخَذَ بِغُصْنَیْنِ مِنْ شَجَرَةٍ قَالَ فَجَعَلَ ذٰلِكَ الْوَرَقُ یَتَحَافَتُ قَالَ فَقَالَ یَا اَبَاذَر قُلْتُ لَبَّیْكَ یَا رَسُوْلَ اللّٰهِ قَالَ اِنَّ الْعَبْدَ الْمُسْلِمَ لَیُصَلِّی الصَّلٰوةَ یُرِیْدُ بِهَا وَجْهَ اللّٰهِ فَتَحَافَتُ عَنْهُ ذُنُوْبُهٗ كَمَا تَحَافَتُ هٰذَا الْوَرَقُ عَنْ هٰذِهِ الشَّجَرَةِ رَوَاهُ الْاِمَامُ اَحْمَدُ

હઝરત અબૂઝર رضی اللہ عنہથી રિવાયત છે કે નબી કરીમ ﷺ ઠંડીની ઋતુમાં નીકળ્યા અને એ સમયે પાંદડાં ખરી રહ્યાં હતાં. આપે એક ઝાડની બે ડાળીઓ પકડી (અબૂઝરે કહ્યું, એ પાંદડાં ખરવા લાગ્યાં) કહ્યું કે આપે ફર્માવ્યું, અય અબૂઝર ! મેં વિનંતિ કરી, આપની સેવામાં હાજર છું અય અલ્લાહના રસૂલ ! ﷺ ફર્માવ્યું, બેશક ! મુસલમાન બંદો અલ્લાહને રાજી કરવાના ઈરાદે નમાઝ પઢે છે તો એનાથી એના ગુનાહ આમ જ ખરી જાય છે જેમ આ પાન આ ઝાડ પરથી ખરી ગયાં. *(ઈમામ અહમદ)*

## ❖ ધ્યાનપૂર્વક નમાઝનો ફાયદો ❖

### હદીષ : ૨૮

عَنْ عُقْبَةَ بْنِ عَامِرٍ رضی الله تعالیٰ عنه قَالَ تَوَضَّأْتُ فَدَخَلْتُ الْمَسْجِدَ وَرَسُوْلُ اللّٰهِ ﷺ یَخْطُبُ فَسَمِعْتُهٗ یَقُوْلُ مَنْ تَوَضَّأَ فَاَحْسَنَ الْوُضُوْءَ ثُمَّ صَلیٰ صَلٰوةً مَكْتُوْبَةً یَحْفَظُهَا وَ یَعْقِلُهَا حَتیٰ یَقْضِیَهَا كَانَ كَیَوْمٍ وَلَدَتْهُ اُمُّهٗ رَوَاهُ اَبُوْ دَاؤُدَ الطَّیَالِسِی

હઝરત ઉકબા બિન આમિર رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવ્યું, મેં વુઝૂ કર્યું અને મસ્જિદમાં પ્રવેશ્યો અને અલ્લાહના રસૂલ ﷺ ખુત્બો આપી રહ્યા હતા. મેં આપને ફર્માવતાં સાંભળ્યા કે જેણે વ્યવસ્થિત વુઝૂ કર્યું પછી ફર્ઝ નમાઝ અદા કરી સમાપ્ત થતાં સુધી યાદ રાખીને અને સમજીને (ધ્યાનપૂર્વક) તો એ થઈ ગયો એ દિવસ માફક જેમાં એની માતાએ એને જન્મ આપ્યો હતો. *(અબૂ દાવૂદ, તિયાલિસી)*

### હદીષ : ૨૯

عَنْ اَمِیْرِ الْمَؤْمِنِیْنَ عُثْمَانَ الْغَنِی رَضِیَ اللّٰهُ عَنْهُ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَا مِنْ

اِمْرَأ يَتَوَضَّأُ فَيُحْسِنُ وُضُوْئَهٗ ثُمَّ يُصَلِّى الصَّلٰوۃَ اِلَّا غَفَرَ اللّٰهُ لَهٗ مَا بَيْنَهٗ وَ بَيْنَ الصَّلٰوۃِ الْاُخْرىٰ حَتىٰ يُصَلِّيَهَا رَوَاهُ النَّسَائِىْ وَ اِبْنُ حَبَّانَ

હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, "જે માણસ વ્યવસ્થિત વુઝૂ કરે પછી નમાઝ પઢે તો અલ્લાહ એની અને બીજી નમાઝની વચમાં છે તે બખ્શી આપે છે, ત્યાં સુધી કે એ પઢે." *(નસાઈ, ઈબ્ને હબ્બાન)*

**હદીષ : ૩૦**

عَنْ زَيْدِ بْنِ خَالِدِ الْجُهَنِىِّ رضى الله تعالىٰ عنه قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صلى الله عليه وسلم مَنْ تَوَضَّأَ فَاَحْسَنَ الْوُضُوْءَ ثُمَّ صَلىٰ رَكْعَتَيْنِ لَايَسْهُوْ فِيْهِمَا غَفَرَ اللّٰهُ لَهٗ مَا تَقَدَّمَ مِنْ ذَنْبِهٖ رَوَاهُ الْاِمَامُ اَحْمَدُ وَ اَبُوْ دَاوُدَ وَالْحَاكِمُ

ઝૈદ બિન ખાલિદ જોહનીથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, "જેણે વ્યવસ્થિત વુઝૂ કર્યું પછી બે રકાત નમાઝ પઢી જેમાં ભૂલ ન કરી. અલ્લાહ એના આગલા ગુનાહ માફ કરી આપે છે." *(ઈમામ અહમદ, અબૂ દાવૂદ, હાકિમ)*

**હદીષ : ૩૧**

عَنْ اَمِيْرِ الْمُؤْمِنِيْنَ عُثْمَانَ الْغَنِىْ رَضِىَ اللّٰهُ عَنْهُ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صلى الله عليه وسلم مَنْ تَوَضَّأَ لِلصَّلٰوۃِ فَاَسْبَغَ الْوُضُوْءَ ثُمَّ مَشىٰ اِلَى الصَّلٰوۃِ الْمَكْتُوْبَةِ فَصَلَّاهَا مَعَ النَّاسِ غَفَرَ اللّٰهُ لَهٗ ذُنُوْبَهٗ رَوَاهُ الْاِمَامُ اَحْمَدُ وَ مُسْلِمٌ وَالتِّرْمِذِىْ

અમીરુલ મુ'મિનીન ઉષ્માન ગની رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, "જેણે નમાઝ માટે વુઝૂ કર્યું અને સંપૂર્ણ વુઝૂ કર્યું પછી ફર્ઝ નમાઝ તરફ ગયો પછી એને લોકો સાથે (જમાઅતથી) અદા કરી, અલ્લાહ તઆલાએ એના ગુનાહ માફ ફર્માવી આપ્યા." *(ઈમામ અહમદ, મુસ્લિમ, તિર્મિઝી)*

**હદીષ : ૩૨**

عَنْ عُقْبَةَ بْنِ عَامِرٍ رضى الله تعالىٰ عنه قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صلى الله عليه وسلم يُعْجِبُ رُبُّكَ مِنْ رَاعِى غَنَمٍ فِىْ رَاسِ شَظِيْنَةٍ بِجَبَلٍ يُؤَذِّنُ لِلصَّلٰوۃِ وَ يُصَلِّىْ فَيَقُوْلُ اللّٰهُ عَزَّ وَ





جَلَّ اُنْظُرُوْا اِلىٰ عَبْدِىْ هٰذَا يُؤَذِّنُ وَ يُقِيْمُ الصَّلٰوۃَ يَخَافُ مِنِّىْ قَدْ غَفَرْتُ لِعَبْدِىْ وَاَدْخَلْتُهُ الْجَنَّةَ رَوَاهُ الْاِمَامُ اَحْمَدُ وَ اَبُوْ دَاوُدَ وَالنَّسَائِىْ

હઝરત ઉકબા બિન આમિરથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, પર્વતની ચોટી પર બકરીઓ ચરાવનાર અલ્લાહને પસંદ આવે છે, જે નમાઝ માટે અઝાન આપે અને નમાઝ પઢે. અલ્લાહ ફર્માવે છે, મારા આ બંદાને જુઓ અઝાન આપે છે, નમાઝ પઢે છે, મારો ડર રાખે છે, મેં મારા બંદાને બખ્શી આપ્યો અને એને જન્નતમાં દાખલ કરી આપ્યો (જન્નત આપીશ)." *(ઈમામ અહમદ, અબૂ દાવૂદ, નસાઈ)*

## ★ તહિય્યતુલ વુઝૂની નમાઝ ★

**હદીષ : ૩૩**

عَنْ اَمِيْرِ الْمُؤْمِنِيْنَ عُثْمَانَ الْغَنِى رَضِىَ اللّٰهُ عَنْهُ قَالَ قَالَ رَسُوْلُ لِلّٰهِ صلى الله عليه وسلم لَايَتَوَضَّأُ رَجُلٌ فَيُحْسِنُ وُضُوءَهٗ ثُمَّ يُصَلِّى الصَّلٰوۃَ اِلَّا غُفِرَ لَهٗ مَابَيْنَهٗ وَ بَيْنَ الصَّلٰوۃِ الَّتِىْ تَلِيْهَا رَوَاهُ الْبُخَارِىْ وَ مُسْلِمٌ

હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે અલ્લાહના રસૂલ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, "જે માણસ વ્યવસ્થિત વુઝૂ કરે પછી નમાઝ પઢે તો અલ્લાહ તઆલાએ માફ કરી આપ્યું એના માટે જે એની વચમાં અને નમાઝ જે એની નજીકમાં છે." *(બુખારી, મુસ્લિમ)*

**હદીષ : ૩૪**

عَنْهُ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صلى الله عليه وسلم مَنْ تَوَضَّأَ مِثْلَ وُضُوْئِىْ هٰذَا ثُمَّ قَامَ فَصَلىٰ رَكْعَتَيْنِ لَايُحَدِّثُ فِيْهِمَا نَفْسَهٗ بِشَىْءٍ غُفِرَ لَهٗ مَاتَقَدَّمَ مِنْ ذَنْبِهٖ رَوَاهُ الْاِمَامُ اَحْمَدُ وَالْبُخَارِىْ وَ مُسْلِمٌ وَاَبُوْ دَاوُدَ وَالنَّسَائِىْ

એમનાથી જ રિવાયત છે. કહ્યું કે અલ્લાહના રસૂલ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, "જેણે વુઝૂ કર્યું મારા આ વુઝૂ માફક પછી ઉભો થયો પછી બે રકાત નમાઝ પઢી જેમાં એના દિલમાં કોઈ વાત ન આવી. એના આગલા ગુનાહ માફ કરી આપવામાં આવ્યા." *(ઈમામ અહમદ, બુખારી, મુસ્લિમ, અબૂ દાવૂદ, નસાઈ)*

**હદીષ : ૩૫**

عَنْهُ مَنْ تَوَضَّأَ مِثْلَ هٰذَا الْوُضُوْءِ ثُمَّ اَتَى الْمَسْجِدَ فَرَكَعَ رَكْعَتَيْنِ ثُمَّ جَلَسَ غُفِرَ لَهٗ مَا تَقَدَّمَ مِنْ ذَنْبِهٖ وَلَا تَغْتَرُّوْا رَوَاهُ الْبُخَارِىُّ وَابْنُ مَاجَةَ

એમનાથી જ રિવાયત છે. જેણે આ વુઝૂ માફક વુઝૂ કર્યું, પછી મસ્જિદે આવ્યો, પછી બે રકાત નમાઝ પઢી, પછી બેઠો, એના આગલા ગુનાહ માફ કરી આપવામાં આવ્યા અને તમે ધોકામાં ન રહેશો. *(બુખારી, ઈબ્ને માજહ્)*

## ★ નમાઝના ઈરાદે મસ્જિદમાં જવાની ફઝીલત ★

**હદીષ : ૩૬**

عَنْهُ قَالَ قَالَ رَسُوْلَ اللّٰهِ ﷺ مَنْ تَوَضَّأَ هٰكَذَا ثُمَّ خَرَجَ اِلَى الْمَسْجِدِ لَا يَنْهَزُهٗ اِلَّا الصَّلٰوةَ غُفِرَ لَهٗ مَا خَلَا مِنْ ذَنْبِهٖ رَوَاهُ الْبُخَارِىُّ وَمُسْلِمٌ

એમનાથી જ રિવાયત છે. કહ્યું કે અલ્લાહના રસૂલ ﷺએ ફર્માવ્યું, ''જેણે આ પ્રમાણે વુઝૂ કર્યું અને પછી મસ્જિદ તરફ નીકળ્યો એને મસ્જિદમાં લાવનાર નમાઝ જ છે તો એના જે ગુનાહ થયા માફ કરી દેવામાં આવ્યા.'' *(બુખારી, મુસ્લિમ)*

## ★ હુકમ પ્રમાણે જ કરો ! ★

**હદીષ : ૩૭**

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ''જેણે હુકમ પ્રમાણે વુઝૂ કર્યું અને આદેશ પ્રમાણે નમાઝ અદા કરી એનો અમલ જે આગળ થયો માફ કરી દેવામાં આવ્યો.'' *(ઈમામ અહમદ, દારેમી, નસાઈ, તબ્રાનીએ કબીર, ઈબ્ને હબ્બાન)*

ઈબ્ને હબ્બાનના શબ્દો છે, એના આગલા ગુનાહ માફ કરી દેવામાં આવ્યા.

## ★ નમાઝના બદલે ગુનાહ માફ ★

**હદીષ : ૩૮**

عَنْ اَبِىْ اُمَامَةَ رضی اللہ تعالیٰ عنہ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ تَحْضُرُهٗ صَلٰوةٌ مَكْتُوْبَةٌ فَيَقُوْمُ فَيَتَوَضَّأُ فَيُحْسِنُ الْوُضُوْءَ وَيُصَلِّىْ فَيُحْسِنُ الصَّلٰوةَ اِلَّا غَفَرَ اللّٰهُ لَهٗ بِهَا





مَا كَانَ بَيْنَهٗ وَبَيْنَ الصَّلٰوةِ الَّتِىْ كَانَتْ قَبْلَهَا مِنْ ذُنُوْبِهٖ رَوَاهُ الْاِمَامُ اَحْمَدُ وَ اَبُوْ يَعْلٰى وَالطَّبْرَانِىُّ فِى الْكَبِيْرِ

હઝરત અબૂ ઉમામાથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ''જેની પાસે ફર્ઝ નમાઝનો સમય આવ્યો એ ઉભો થયો પછી વ્યવસ્થિત વુઝૂ કર્યું અને નમાઝ પઢે તો વ્યવસ્થિત નમાઝ પઢે, તો અલ્લાહ તઆલાએ બખ્શી આપ્યું, નમાઝના સદકામાં એના માટે જે એની વચમાં અને એના પહેલાંની નમાઝની વચમાં છે એના ગુનાહ.'' *(ઈમામ અહમદ, અબૂ યઅલા, તબ્રાનીએ કબીર, સઈદ બિન મન્સૂર)*

## ★ આગલા ગુનાહ માફ ★

**હદીષ : ૩૯**

عَنْ اَبِىْ هُرَيْرَةَ رضی اللہ تعالیٰ عنہ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ اَدّٰى خَمْسَ صَلَوَاتٍ اِيْمَانًا وَاحْتِسَابًا غُفِرَ لَهٗ مَا تَقَدَّمَ مِنْ ذَنْبِهٖ رَوَاهُ الْحَاكِمُ فِىْ تَارِيْخِهٖ وَ اَبُو الشَّيْخُ

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે અલ્લાહના રસૂલ ﷺએ ફર્માવ્યું, ''જેણે પાંચ નમાઝો અદા કરી ઈખ્લાસ અને સવાબની નિય્યતથી એના આગલા ગુનાહ બખ્શી દેવામાં આવ્યા.'' *(હાકિમે તારીખમાં, અબૂશ્શૈખ)*

**હદીષ : ૪૦**

اَمِيْرِ الْمُؤْمِنِيْنَ عُثْمَانَ الْغَنِىْ رضی اللہ تعالیٰ عنہ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ تَوَضَّأَ مِثْلَ وُضُوْئِىْ هٰذَا ثُمَّ قَامَ فَصَلّٰى صَلٰوةَ الظُّهْرِ غُفِرَ لَهٗ مَا كَانَ بَيْنَهَا وَ بَيْنَ صَلٰوةِ الصُّبْحِ ثُمَّ صَلَّى الْعَصْرَ غُفِرَ لَهٗ مَا كَانَ بَيْنَهَا وَ بَيْنَ صَلٰوةِ الظُّهْرِ ثُمَّ صَلَّى الْمَغْرِبَ غُفِرَ لَهٗ مَا كَانَ بَيْنَهَا وَ بَيْنَ صَلٰوةِ الْعَصْرِ ثُمَّ صَلَّى الْعِشَاءَ غُفِرَ لَهٗ مَا كَانَ بَيْنَهَا وَ بَيْنَ صَلٰوةِ الْمَغْرِبِ ثُمَّ لَعَلَّهٗ اَنْ يَبِيْتَ يَتَمَرَّغُ لَيْلَتَهٗ ثُمَّ اِنْ قَامَ فَتَوَضَّأَ وَ صَلَّى الصُّبْحَ غُفِرَ لَهٗ مَا كَانَ بَيْنَهَا وَ بَيْنَ صَلٰوةِ الْعِشَاءِ وَهُنَّ الْحَسَنَاتُ يُذْهِبْنَ السَّيِّئَاتِ قَالُوْا هٰذِهِ الْحَسَنَاتُ فَمَا الْبَاقِيَاتُ الصَّالِحَاتُ قَالَ هِىَ لَا اِلٰهَ اِلَّا اللّٰهُ وَ سُبْحَانَ اللّٰهِ وَالْحَمْدُ لِلّٰهِ وَ اللّٰهُ اَكْبَرُ وَلَا حَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ رَوَاهُ الْاِمَامُ اَحْمَدُ وَاَبُوْ يَعْلٰى وَ الْبَيْهَقِىُّ فِىْ شُعَبِ الْاِيْمَانِ

અમીરુલ મુ'મિનીન ઉષ્માન ગની رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે અલ્લાહના રસૂલ ﷺએ ફર્માવ્યું, ''જેણે વુઝૂ કર્યું મારા આ વુઝૂ માફક, પછી ઉભો થયો અને ઝોહરની નમાઝ પઢી તો એની અને સવારની નમાઝ વચમાં જે થયું એ બખ્શી દેવામાં આવ્યું. પછી અસરની નમાઝ પઢી તો એની અને ઝોહરની નમાઝની વચમાં જે થયું બખ્શી દેવામાં આવ્યું. પછી મગરિબની નમાઝ પઢી તો એની અને અસરની નમાઝની વચમાં જે થયું બખ્શી દેવામાં આવ્યું. પછી ઈશાની નમાઝ પઢી તો એની અને મગરિબની નમાઝની વચમાં જે થયું બખ્શી દેવામાં આવ્યું. પછી હોય શકે રાત વિતાવે આરામ કરીને પછી જો ઉભો થાય પછી વુઝૂ કરે અને ફજરની નમાઝ પઢે તો એની અને ઈશાની નમાઝની વચમાં જે થયું બખ્શી દેવામાં આવ્યું, આ નેકીઓ છે બુરાઈઓને લઈ જાય છે. સહાબાએ વિનંતિ કરી, આ નેકીઓ છે તો પછી બાક઼િયાતુસ્સાલિહાત શું છે ? આપે ફર્માવ્યું, એ ''લાઈલાહ ઈલ્લલ્લાહ, સુબ્હાનલ્લાહ, વલહમ્દુલિલ્લાહ, અલ્લાહુ V SAZ J, FCR J, FS]JT . <, FIA<, FCœKP *(ઈમામ અહમદ, અબૂ યઅલા, બયહકી, શુઅબુલ ઈમાન)*

وَمَا عَلَيۡنَا اِلَّا الۡبَلَاغُ الۡمُبِيۡنُ





## (પ્રકરણ : ૭)

# નમાઝ અને દરજાઓની બુલંદી હદીષના પ્રકાશમાં

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

نَحۡمَدُهٗ وَنُصَلِّىۡ عَلٰى رَسُوۡلِهٖ سَيِّدِالۡمُرۡسَلِيۡنَ وَعَلٰى اٰلِهٖ وَاَصۡحَابِهٖ اَجۡمَعِيۡنَ ـ اَمَّا بَعۡدُ فَاَعُوۡذُ بِاللّٰهِ مِنَ الشَّيۡطَانِ الرَّجِيۡمِ ـ بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ ـ حَافِظُوۡا عَلَى الصَّلَوَاتِ وَ الصَّلَاةِ الۡوُسۡطٰى وَ قُوۡمُوۡا لِلّٰهِ قَانِتِيۡنَ ـ صَدَقَ اللّٰهُ الۡعَظِيۡمُ وَصَدَقَ رَسُوۡلُهُ النَّبِىُّ الۡاَمِيۡنُ الۡكَرِيۡمُ ـ وَنَحۡنُ عَلٰى ذٰلِكَ لَمِنَ الشَّاهِدِيۡنَ وَالشَّاكِرِيۡنَ وَالۡحَمۡدُ لِلّٰهِ رَبِّ الۡعَالَمِيۡنَ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيۡكَ يَارَسُوۡلَ اللّٰهِ
اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيۡكَ يَاحَبِيۡبَ اللّٰهِ
اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيۡكَ يَا نَبِىَّ اللّٰهِ
اَلصَّلٰوةُ وَ السَّلَامُ عَلَيۡكَ يَا نُوۡرَ اللّٰهِ
صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيۡكَ وَسَلَّمَ

### ★ દરેક સિજદો દરજાની બુલંદી ★

**હદીષ : ૧**

عَنۡ اَبِىۡ اُمَامَةَ رضی اللہ تعالیٰ عنه قَالَ قَالَ رَسُوۡلُ اللّٰهِ ﷺ اِعۡلَمۡ اَنَّكَ لَاتَسۡجُدُ لِلّٰهِ سِجۡدَةً اِلَّا رَفَعَ لَكَ بِهَا دَرَجَةً وَ حَطَّ عَنۡهَا بِهَا خَطِيۡئَةً رَوَاهُ الۡاِمَامُ اَحۡمَدُ وَ اَبُوۡ يَعۡلٰى وَ اِبۡنُ حَبَّانَ وَالطَّبۡرَانِىۡ فِىۡ الۡكَبِيۡرِ

હઝરત અબૂ ઉમામા رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે અલ્લાહના રસૂલ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, "જાણી લો તમે અલ્લાહ માટે સિજદો કરો તો અલ્લાહ તઆલા તેના બદલામાં તમારા માટે એક દરજો બુલંદ ફર્માવશે અને એનાથી એક ગુનોહ દૂર કરી આપશે."

## ★ દરેક સિજદો ગુનાહની માફી ★

**હદીષ : ૨**

عَنْ اَبِیْ فَاطِمَةَ رضی اللہ تعالیٰ عنہ قَالَ قَالَ رَسُوْلُ اللّٰہِ صلی اللہ علیہ وسلم اَکْثِرْ مِنَ السُّجُوْدِ فَاِنَّہٗ لَیْسَ مِنْ مُسْلِمٍ یَسْجُدُ لِلّٰہِ تَعَالٰی سِجْدَةً اِلَّا رَفَعَہُ اللّٰہُ بِھَا دَرَجَةً فِی الْجَنَّةِ وَ حَطَّ بِھَا خَطِیْئَةً رَوَاہُ اِبْنُ سَعْد وَ الْاِمَامُ اَحْمَدُ

હઝરત અબૂ ફાતિમાથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, "તમે સિજદો વધારે કરો કારણ કે જે મુસ્લિમ અલ્લાહ માટે સિજદો કરે છે તો અલ્લાહ તઆલા એના બદલામાં જન્નતમાં એનો એક દરજો બુલંદ કરશે અને એના બદલામાં એક ગુનોહ દૂર ફર્માવશે." *(ઈબ્ને સઅદ, ઈમામ અહમદ)*

**હદીષ : ૩**

عَنْ ثَوْبَانَ رضی اللہ تعالیٰ عنہ قَالَ قَالَ رَسُوْلُ اللّٰہِ صلی اللہ علیہ وسلم مَا مِنْ عَبْدٍ یَسْجُدُ لِلّٰہِ سِجْدَةً اِلَّا رَفَعَہُ اللّٰہُ بِھَا دَرَجَةً وَ حَطَّ عَنْہُ بِھَا خَطِیْئَةً رَوَاہُ الْاِمَامُ اَحْمَدُ وَالتِّرْمِذِیْ وَالنَّسَائِیْ وَ اِبْنُ حَبَّانَ

હઝરત ષૌબાન رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, "જે બંદો અલ્લાહ માટે સિજદો કરે અલ્લાહ એના બદલામાં એનો એક દરજો બુલંદ કરશે અને એના બદલામાં ગુનોહ દૂર કરશે." *(ઈમામ અહમદ, તિર્મિઝી, નસાઈ, ઈબ્ને હબ્બાન)*

**હદીષ : ૪**

عَنْ عَبَادَةُ بْنُ صَامِتٍ رضی اللہ تعالیٰ عنہ قَالَ قَالَ رَسُوْلُ اللّٰہِ صلی اللہ علیہ وسلم مَا مِنْ عَبْدٍ یَسْجُدُ لِلّٰہِ سِجْدَةً اِلَّا کَتَبَ اللّٰہُ لَہٗ بِھَا حَسَنَةً وَحَطَّ عَنْہُ بِھَا سَیِّئَةً وَ رَفَعَ لَہٗ بِھَا دَرَجَةً فَاسْتَکْثِرُوْا مِنَ السُّجُوْدِ رَوَاہُ اِبْنُ مَاجَةَ وَ سَمُوِیَّةُ وَسَعِیْدُ بْنُ مَنْصُوْر وَالطَّبْرَانِیْ فِی الْکَبِیْرِ وَالتِّرْمِذِیْ وَالضِّیَاءُ فِی الْمُخْتَارَةِ





હઝરત ઉબાદા બિન સામિતથી રિવાયત છે. એમણે કહ્યું કે અલ્લાહના રસૂલ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, "જે બંદો અલ્લાહ માટે સિજદો કરે એના બદલામાં એનાથી ગુનોહ દૂર કરશે." *(ઈબ્ને માજહ, સમવિયા બિન મન્સૂર, તબ્રાનીએ કબીર, તિર્મિઝી ઝિયાએ મુખ્તારામાં)*

**હદીષ : ૫**

عَنْ اَبِیْ ذَرّ رضی اللہ تعالیٰ عنہ قَالَ قَالَ رَسُوْلُ اللّٰہِ صلی اللہ علیہ وسلم مَنْ رَکَعَ رَکْعَةً اَوْ سَجَدَ سَجْدَةً رَفَعَہُ اللّٰہُ بِھَا دَرَجَةً وَ حَطَّ عَنْہُ بِھَا خَطِیْئَةً رَوَاہُ الْاِمَامُ اَحْمَدُ وَالطَّحَاوِیْ وَالرَّیَّانِیْ وَسَعِیْدُ بْنُ مَنْصُوْر

હઝરત અબૂઝર رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, "જે રુકૂઅ કરે અથવા સિજદો કરે એના બદલામાં અલ્લાહ તઆલા એક દરજો બુલંદ કરશે અને એના બદલામાં એની એક ભૂલ દૂર કરશે." *(ઈમામ અહમદ, તહાવી રૂયાની, સઈદ બિન મન્સૂર)*

## ★ દરેક સિજદો નેકીનો ઝરીયો ★

**હદીષ : ૬**

عَنْہُ قَالَ قَالَ رَسُوْلُ اللّٰہِ صلی اللہ علیہ وسلم مَا مِنْ عَبْدٍ یَسْجُدُ لِلّٰہِ سِجْدَةً اِلَّا رَفَعَہُ اللّٰہُ بِھَا دَرَجَةً وَ حَطَّ عَنْہُ بِھَا خَطِیْئَةً وَکَتَبَ لَہٗ بِھَا حَسَنَةً رَوَاہُ عَبْدُ الرَّزَّاق

એમનાથી જ રિવાયત છે. રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, "જે બંદો અલ્લાહને સિજદો કરશે અલ્લાહ એના બદલામાં એનો એક દરજો બુલંદ કરશે અને એના બદલામાં એનો એક ગુનોહ દૂર કરશે અને એના બદલામાં એના માટે એક નેકી લખશે." *(અબ્દુર્રઝ્ઝાક)*

## ★ દરેક સિજદો નિકટતાનો ઝરીયો ★

**હદીષ : ૭**

عَنْ اَبِیْ دَرْدَاءَ رضی اللہ تعالیٰ عنہ قَالَ قَالَ رَسُوْلُ اللّٰہِ صلی اللہ علیہ وسلم مَا مِنْ عَبْدٍ یَسْجُدُ لِلّٰہِ سِجْدَةً اِلَّا رَفَعَ اللّٰہُ بِھَا دَرَجَةً وَ حَطَّ عَنْہُ بِھَا خَطِیْئَةً رَوَاہُ الطَّبْرَانِیْ فِی الْکَبِیْر

હઝરત અબૂ દરદા رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ

ﷺએ ફર્માવ્યું, "જે બંદો અલ્લાહ માટે સિજદો કરશે એના બદલામાં અલ્લાહ એક દરજો બુલંદ કરશે અને એના બદલામાં એનો એક ગુનાહ દૂર કરશે." *(તબ્રાનીએ કબીર)*

## ★ વધારે રકાતોનું કારણ ★

**હદીષ : ૮**

عَنْ اَبِى الْمُخَارِقِ رضى الله تعالىٰ عنه قَالَ خَرَجْنَا حُجَّاجًا بِالرَّبْذَةِ فَوَجَدْنَا اَبَا ذَرٍّ قَائِمًا يُصَلِّى فَرَأَيْتُهٗ لَا يُطِيْلُ الْقِيَامَ وَ يُكْثِرُ الرُّكُوْعَ وَالسُّجُوْدَ فَقُلْتُ لَهٗ فِى ذٰلِكَ فَقَالَ مَا اٰلُوْتُ اَنْ اُحْسِنَ اَنِّىْ سَمِعْتُ رَسُوْلَ اللّٰهِ ﷺ يَقُوْلُ مَنْ رَكَعَ رَكْعَةً وَسَجَدَ سَجْدَةً رَفَعَهُ اللّٰهُ بِهَا دَرَجَةً وَحَطَّ عَنْهُ بِهَا خَطِيْئَةً رَوَاهُ الطَّحَاوِى

અબુલ મુખારિકથી રિવાયત છે. એમણે કહ્યું કે અમે હિજાઝ નીકળ્યા, રબઝામાં અમને અબૂઝર મળ્યા, ઉભા રહી નમાઝ અદા કરતા મેં એમને જોયા કિયામ લાંબો નથી કરતાં, રકૂઅ અને સિજદો વધારે કરે છે. મેં એ બાબતે એમને પૂછયું ફર્માવ્યું, વ્યવસ્થિત કરવામાં હું આળસુ નથી. મેં રસૂલુલ્લાહ ﷺને ફર્માવતાં સાંભળ્યા, જે રુકૂઅ અને સિજદો કરે અલ્લાહ એના બદલામાં દરજો બુલંદ કરશે અને એના બદલામાં એનો ગુનોહ દૂર ફર્માવશે." *(તહાવી)*

## ★ વધારે નફાનો અમલ સિજદો છે ★

**હદીષ : ૯**

عَنْ مَعْدَانَ بْنِ طَلْحَةَ الْيَعْمَرِى رضى الله تعالىٰ عنه قَالَ لَقِيْتُ ثُوْبَانَ مَوْلٰى رَسُوْلِ اللّٰهِ ﷺ فَقُلْتُ لَهٗ دُلَّنِىْ عَلٰى عَمَلٍ يَنْفَعُنِىَ اللّٰهُ بِهٖ وَيُدْخِلُنِىَ اللّٰهُ الْجَنَّةَ فَسَكَتَ عَنِّىْ مَلِيًّا ثُمَّ الْتَفَتَ اِلَىَّ فَقَالَ عَلَيْكَ بِالسُّجُوْدِ فَاِنِّىْ سَمِعْتُ رَسُوْلَ اللّٰهِ ﷺ يَقُوْلُ مَا مِنْ عَبْدٍ يَسْجُدُ لِلّٰهِ سِجْدَةً اِلَّا رَفَعَهُ اللّٰهُ بِهَا دَرَجَةً وَحَطَّ عَنْهُ بِهَا خَطِيْئَةً قَالَ مَعْدَانُ فَلَقِيْتُ اَبَا الدَّرْدَاءِ فَسَأَلْتُهٗ عَمَّا سَئَلْتُ عَنْهُ ثُوْبَانَ فَقَالَ عَلَيْكَ بِالسُّجُوْدِ فَاِنِّىْ سَمِعْتُ رَسُوْلَ اللّٰهِ ﷺ يَقُوْلُ مَا مِنْ عَبْدٍ يَسْجُدُ لِلّٰهِ سِجْدَةً اِلَّا رَفَعَهُ اللّٰهُ بِهَا دَرَجَةً وَحَطَّ عَنْهُ بِهَا خَطِيْئَةً رَوَاهُ التِّرْمِذِى





મઅદાન બિન તલહા યઅમરીથી રિવાયત છે. કહ્યું કે મેં રસૂલુલ્લાહ ﷺના આઝાદ કરેલા ગુલામ ષૌબાનથી મુલાકાત કરી. મેં એમને કહ્યું, આપ મને એવો અમલ બતાવો જેનાથી અલ્લાહ મને નફો પહોંચાડે અને મને જન્નતમાં દાખલ ફર્માવે. આપ થોડીવાર માટે ચૂપ રહ્યા પછી મારા તરફ કેન્દ્રિત થયા અને ફર્માવ્યું, તારા પર સિજદો કરવો છે. મેં રસૂલુલ્લાહ ﷺને ફર્માવતાં સાંભળ્યા, જે બંદો અલ્લાહને સિજદો કરે અલ્લાહ એના થકી દરજો બુલંદ કરશે અને ગુનોહ દૂર કરશે. મઅદાને કહ્યું. પછી મેં હઝરત અબૂ દરદાથી મુલાકાત કરી જે ષૌબાનથી પૂછયું તે જ એમને પૂછયું, તો ફર્માવ્યું કે તારા પર સિજદો કરવો છે. મેં રસૂલુલ્લાહ ﷺને ફર્માવતાં સાંભળ્યા, જે બંદો સિજદો કરશે એના થકી અલ્લાહ એને એક દરજો બુલંદ કરશે અને એનાથી એક ગુનોહ દૂર કરશે." *(તિર્મિઝી)*

## ★ ફરિશ્તાઓની દુઆએ મગફિરત ★

**હદીષ : ૧૦**

عَنْ اَبِىْ هُرَيْرَةَ رضى الله تعالىٰ عنه قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اِذَا صَلّٰى اَحَدُكُمْ ثُمَّ ثَبَتَ فِىْ مَجْلِسِهٖ يَنْتَظِرُ الصَّلَوَاتِ لَمْ تَزَلِ الْمَلٰئِكَةُ تُصَلِّى عَلَيْهِ مَا كَانَ فِىْ مَجْلِسِهٖ اَللّٰهُمَّ اغْفِرْ لَهٗ اِللّٰهُمَّ ارْحَمْهُ مَا لَمْ يَحْدَثْ اَوْ يُوْذِ رَوَاهُ اِبْنُ جَرِيْر

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે અલ્લાહના રસૂલ ﷺએ ફર્માવ્યું, "જ્યારે તમારામાંથી કોઈ નમાઝ પઢે અને પછી એની જગામાં બેસેલો રહે નમાઝની વાત જોઈને, જ્યાં સુધી એ પોતાની જગામાં છે ફરિશ્તાઓ એના માટે મગફિરતની દુઆ કરતા રહે છે (કહે છે) : અય અલ્લાહ ! એને બખ્શી આપ ! અય અલ્લાહ ! એના પર કૃપા કર, જ્યાં સુધી વુઝૂ ન તોડે અથવા તકલીફ ન આપે." *(ઈબ્ને જરીર)*

## ★ નમાઝની જગાએ બેસી રહેવાની ફઝીલત ★

**હદીષ : ૧૧**

عَنْ اَمِيْرِ الْمُؤْمِنِيْنَ عَلِىِّ الْمُرْتَضٰى كَرَّمَ اللّٰهُ وَجْهَهٗ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اِذَا صَلّٰى الرَّجُلُ الْمُسْلِمُ ثُمَّ جَلَسَ بَعْدَ الصَّلٰوةِ صَلَّتْ عَلَيْهِ الْمَلٰئِكَةُ مَا دَامَ فِىْ مُصَلَّاهُ وَ صَلٰوتُهُمْ عَلَيْهِ اَللّٰهُمَّ اغْفِرْ لَهٗ اَللّٰهُمَّ ارْحَمْهُ وَاِذَا جَلَسَ يَنْتَظِرُ

الصَّلوٰةَ صَلَّتْ عَلَيْهِ الْمَاۤئِكَةُ وَ صَلوٰتُهُمْ عَلَيْهِ اَللّٰهُمَّ اغْفِرْ لَهٗ اَللّٰهُمَّ ارْحَمْهُ رَوَاهُ الْبَيْهَقِىُ فِىْ شُعُبِ الْاِيْمَانِ

અમીરુલ મુ'મિનીન અલી મુર્તઝા كرم الله تعالىٰ وجهه الكريم થી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ''જ્યારે મુસલમાન માણસ નમાઝ પઢે અને નમાઝ પછી બેસેલો રહે તો જ્યાં સુધી એ પોતાની નમાઝની જગામાં છે. ફરિશ્તાઓ એના માટે મગફિરતની દુઆ કરતા રહે છે. અય અલ્લાહ ! એને બખ્શી આપ, અય અલ્લાહ ! એના પર કૃપા કર. અને જ્યારે નમાઝની વાત જોઈને બેસે છે, ફરિશ્તાઓ એના માટે મગફિરતની દુઆ કરે છે. અને એમની દુઆ એના માટે આ પ્રમાણે છે : અય અલ્લાહ ! એને બખ્શી આપ, અય અલ્લાહ ! એના પર કૃપા કર ! *(બયહકી શુઅબુલ ઈમાન)*

### ★ ફરિશ્તાઓની દુઆ વુઝૂ ન તૂટે ત્યાં સુધી ★

**હદીષ : ૧૨**

عَنْ اَبِىْ هُرَيْرَةَ رضى الله تعالىٰ عنه قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اِنَّ الْمَلٰئِكَةَ تُصَلِّىْ عَلٰى اَحَدِكُمْ مَا دَامَ فِىْ مُصَلَّاهُ الَّذِىْ صَلّٰى فِيْهِ مَا لَمْ يُحْدِثْ اَللّٰهُمَّ اغْفِرْ لَهٗ اَللّٰهُمَّ ارْحَمْهُ رَوَاهُ الْاِمَامُ مَالِكٌ وَابْنُ زَنْجُوِيَّةَ وَالْبَيْهَقِىُ وَابْنُ الْحَبَّانَ

હઝરત અબૂ હુરૈરહ્થી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ''બેશક ! ફરિશ્તાઓ તમારામાંથી કોઈના માટે મગફિરતની દુઆ કરે છે, વુઝૂ તોડયા વગર જે જગાએ નમાઝ પઢે છે ત્યાં એ બેસી રહે. અય અલ્લાહ ! એને બખ્શી આપ, અય અલ્લાહ ! એના પર કૃપા કર.'' *(ઈમામ માલિક, ઈબ્ને રંજવિયા, બયહકી, ઈબ્ને હબ્બાન)*

### ★ નમાઝની વાત સરહદના રક્ષણ માફક ★

**હદીષ : ૧૩**

عَنْهُ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ فَضْلُ الرِّبَاطِ اِنْتِظَارُ الصَّلوٰةِ بَعْدَ الصَّلوٰةِ وَلُزُوْمُ مَجَالِسِ الذِّكْرِ مَا مِنْ عَبْدٍ يُصَلِّىْ ثُمَّ يَجْلِسُ فِىْ مَجْلِسِهٖ اِلَّا صَلَّتْ عَلَيْهِ الْمَلٰئِكَةُ حَتّٰى يُحْدِثَ رَوَاهُ عَبْدُ الرَّزَّاقِ وَ ابْنُ جَرِيْرٍ





એમનાથી જ રિવાયત છે. એમણે કહ્યું કે અલ્લાહના રસૂલ ﷺએ ફર્માવ્યું, સરહદના રક્ષણમાં અતિ ઉત્તમ નમાઝ પછી નમાઝની વાત જોવી છે. અને ઝિક્રની સભાઓને પકડીને રાખવું છે. જે બંદો નમાઝ પઢે પછી એની જગાએ બેસેલો રહે તો ફરિશ્તાઓ એના માટે મગફિરતની દુઆ કરે છે ત્યાં સુધી કે એનું વુઝૂ તૂટે.'' *(અબ્દુર્રઝ્ઝાક, ઈબ્ને જરીર)*

### ★ ડગલે અને પગલે નેકી ★

**હદીષ : ૧૪**

عَنْ اِبْنِ عَمْرٍو رضى الله تعالىٰ عنه قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ رَاحَ اِلٰى مَسْجِدِ الْجَمَاعَةِ فَخُطْوَةٌ تَمْحُوْ سَيِّئَةً وَخُطْوَةٌ تُكْتَبُ لَهٗ حَسَنَةٌ ذَاهِبًا وَّ رَاجِعًا رَوَاهُ الْاِمَامُ اَحْمَدُ وَالطَّبْرَانِىُ فِى الْكَبِيْرِ وَ ابْنُ حَبَّانَ

હઝરત ઈબ્ને અમ્રથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ''જે જમાઅતની મસ્જિદ જાય (જ્યાં જમાઅતથી નમાઝ થતી હોય) તો એક કદમ ગુનોહ સાફ કરે છે અને બીજો કદમ નેકી લખે છે એના માટે જતાં અને આવતાં.'' *(ઈમામ અહમદ, તબ્રાનીએ કબીર, ઈબ્ને હબ્બાન)*

### ★ ઝોહરની પ્રથમ ચાર સુન્નતની ફઝીલત ★

**હદીષ : ૧૫**

عَنْ اَنَسٍ رضى الله تعالىٰ عنه قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ صَلّٰى قَبْلَ الظُّهْرِ اَرْبَعًا غُفِرَ لَهٗ ذُنُوْبُهٗ يَوْمَهٗ ذٰلِكَ رَوَاهُ الْخَطِيْبُ

હઝરત અનસ رضى الله عنه થી રિવાયત છે. એમણે કહ્યું કે અલ્લાહના રસૂલ ﷺએ ફર્માવ્યું, ''જે ઝોહર પહેલાં ચાર રકાત નમાઝ પઢશે, એના એ દિવસના ગુનાહ માફ કરી દેવામાં આવેશ.'' *(ખતીબ)*

### ★ અવ્વાબીનની ફઝીલત ★

**હદીષ : ૧૬**

عَنْ اَمِيْرِ الْمُؤْمِنِيْنَ اَبِىْ بَكْرِ الصَّدِّيْقِ رضى الله تعالىٰ عنه قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ صَلَّى الْمَغْرِبَ فَصَلّٰى بَعْدَهَا رَكْعَتَيْنِ قَبْلَ اَنْ يَتَكَلَّمَ اَسْكَنَهُ اللّٰهُ فِىْ

حَظِيْرَةِ اللّٰهِ فَاِنْ صَلّٰى اَرْبَعًا كَمَنْ حَجَّ حَجَّةً فَاِنْ صَلّٰى سِتًّا غُفِرَتْ لَهٗ ذُنُوْبُ خَمْسِيْنَ سَنَةً رَوَاهُ اِبْنُ شَاهِيْنَ

અમીરુલ મુ'મિનીન અબૂબક્ર સિદીક رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું :–

"જે મગરિબની નમાઝ પઢે પછી વાત કરતાં પહેલાં બે રકાત નમાઝ અદા કરે, અલ્લાહ એને પોતાની નિકટતામાં જગા અતા ફર્માવશે, અને જે ચાર રકાત પઢશે તો એ હજ્જ કરનાર માફક છે, અને છ રકાત નમાઝ પઢશે તો એના પચાસ વર્ષના ગુનાહ માફ કરી દેવામાં આવશે." *(ઈબ્ને શાહીન)*

**હદીષ : ૧૭**

عَنْ عَمَّارِ بْنِ يَاسِرٍ رضی اللہ تعالیٰ عنہ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ صَلّٰى بَعْدَ الْمَغْرِبِ سِتَّ رَكْعَاتٍ غُفِرَتْ لَهٗ ذُنُوْبُهٗ وَاِنْ كَانَتْ مِثْلَ زُبْدِ الْبَحْرِ رَوَاهُ الطَّبْرَانِىْ فِى الْكَبِيْرِ وَالْاِوْسَطِ وَالصَّغِيْرِ

હઝરત અમ્માર બિન યાસિરથી રિવાયત છે. એમણે કહ્યું રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જે મગરિબ પછી છ રકાત નમાઝ પઢશે એના ગુનાહ માફ કરી દેવામાં આવશે ભલે સમુદ્રના ફીણ જેટલા હોય." *(તબ્રાનીએ કબીર, સગીર, ઔસત)*

## ★ અસર પહેલાંની ચાર રકાતની ફઝીલત ★

**હદીષ : ૧૮**

عَنْ اَمِيْرِ الْمُؤْمِنِيْنَ عَلِىِّ الْمُرْتَضٰى كَرَّمَ اللّٰهُ وَجْهَهٗ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ لَاتَزَالُ اُمَّتِىْ يُصَلُّوْنَ هٰذِهِ الْاَرْبَعَ رَكْعَاتٍ قَبْلَ الْعَصْرِ حَتّٰى تَمْشِىْ فِى الْاَرْضِ مَغْفُوْرٌ لَّهَا حَتْمًا رَوَاهُ الطَّبْرَانِىْ فِى الْاَوْسَطِ

અમીરુલ મુ'મિનીન હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریمથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું :–

"મારી ઉમ્મત અસર પહેલાંની આ ચાર રકાત પઢતી રહેશે ત્યાં સુધી કે એ જમીનમાં ચાલશે એ સ્થિતિમાં કે એને નિઃશંક ! બખ્શી દેવામાં આવ્યો છે." *(તબ્રાનીએ ઔસત)*



ફઝીલતોનો ખજાનો એટલે નમાઝ !

**હદીષ : ૧૯**

عَنْ اِبْنِ عُمَرَ رضی اللہ تعالیٰ عنہ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ لَايَزَالُ الْمُصَلُّوْنَ مِنْ قِبَلِ الْعَصْرِ اَرْبَعًا حَتّٰى يَغْفِرَ اللّٰهُ لَهُمْ مَغْفِرَةً حَتْمًا رَوَاهُ اَبُوْ الشَّيْخِ

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "નમાઝ પઢનાર અસર પહેલાં ચાર રકાત પઢતા રહેશે ત્યાં સુધી કે અલ્લાહ તઆલા એને નિઃશંક ! બખ્શી આપશે." *(અબૂશ્શૈખ)*

## ★ ઈશ્રાકની ફઝીલત ★

**હદીષ : ૨૦**

عَنْ اَبِىْ اُمَامَةَ رضی اللہ تعالیٰ عنہ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اِذَا طَلَعَتِ الشَّمْسُ مِنْ مَطْلَعِهَا كَهَيْئَتِهَا لِصَلٰوةِ الْعَصْرِ حِيْنَ تَغْرُبُ مِنْ مَّغْرِبِهَا فَصَلّٰى رَجُلٌ رَكْعَتَيْنِ وَ اَرْبَعَ سَجْدَاتٍ كُتِبَ لَهٗ اَجْرُ ذٰلِكَ الْيَوْمِ وَكُفِّرَ عَنْهُ خَطِيْئَتُهٗ وَ اِثْمُهٗ فَاِنْ مَاتَ مِنْ يَوْمِهٖ دَخَلَ الْجَنَّةَ رَوَاهُ الطَّبْرَانِىْ فِى الْكَبِيْرِ

હઝરત અબૂ ઉમામા رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જ્યારે સૂર્ય પોતાની ઉગવાની જગાએ નમાઝે અસરની સ્થિતિ પર હોય પશ્ચિમમાં તો માણસ ઉભો થાય બે રકાત નમાઝ અને ચાર સિજદા કરે તો એના માટે એ દિવસે સવાબ લખવામાં આવશે અને એના ગુનાહ અને પાપનો કફ્ફારો બની જશે. અને પોતાના દિવસમાં મરી જાય તો જન્નતમાં દાખલ થશે." *(તબ્રાનીએ કબીર)*

## ★ ઈશ્રાક ગુનાહનો કફ્ફારો ★

**હદીષ : ૨૧**

عَنْهُ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اِذَا كَانَتِ الشَّمْسُ مِنْ مَطْلَعِهَا كَهَيْئَةِ صَلٰوةِ الْعَصْرِ مِنْ مَغْرِبِهَا فَقَامَ الْعَبْدُ فَصَلّٰى رَكْعَتَيْنِ وَ اَرْبَعَ سَجْدَاتٍ كُتِبَ لَهٗ اَجْرُ ذٰلِكَ الْيَوْمِ حَسَنَةً وَكُفِّرَ عَنْهُ خَطِيْئَتُهٗ وَاِثْمُهٗ رَوَاهُ اَبُوْ الشَّيْخِ فِى الثَّوَابِ

એમનાથી જ રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જ્યારે સૂર્ય પોતાની ઉગવાની જગાએ અસરની નમાઝની સ્થિતિમાં હોય પશ્ચિમમાં, પછી બંદો ઊભો થાય બે રકાત નમાઝ ચાર સિજદા સાથે કરે તો એના

માટે એ દિવસનો બદલો નેકી લખવામાં આવશે, એના ગુનાહ અને પાપનો કફ્ફારો બની જશે.'' *(અબૂશ્શૈખ સવાબમાં)*

## ★ ઈશ્રાક માટે ફજર પછી કંઈ ન બોલો ★

**હદીષ : ૨૨**

عَنْ مَعَاذِ بْنِ اَنَسٍ رضی اللہ تعالیٰ عنہ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ قَعَدَ فِیْ مُصَلَّاهُ حِيْنَ يَنْصَرِفُ مِنْ صَلوٰةِ الصُّبْحِ حَتّٰی يُسَبِّحَ رَكْعَتَی الضُّحٰی لَايَقُوْلُ اِلَّا خَيْرًا غُفِرَ لَهٗ خَطَايَاهُ وَاِنْ كَانَتْ اَكْثَرَ مِنْ زُبُدِ الْبَحْرِ رَوَاهُ اَبُوْ دَاوُدَ

હઝરત મુઆઝ બિન અનસ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ''સવારની નમાઝ પૂરી કર્યા પછી જે પોતાની નમાઝની જગાએ બેસેલો રહે અને ચાશતની બે રકાત નમાઝ પઢે, ભલાઈ સિવાય કંઈ ન બોલે એના ગુનાહ માફ કરી દેવામાં આવશે ભલે દરિયાના ફીણ બરાબર હોય.'' *(અબૂ દાવૂદ)*

## ★ રાતની નમાઝ નેક લોકોનો માર્ગ ★

**હદીષ : ૨૩**

عَنْ اَنَسِ بْنِ مَالِكٍ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ فِیْ حَدِيْثِ الْاِسْرَاءِ قَالَ النَّبِیُّ ﷺ فَفَرَضَ اللّٰهُ عَلٰی اُمَّتِیْ خَمْسِيْنَ صَلَاةً فَرَجَعْتُ بِذٰلِكَ حَتّٰی مَرَرْتُ عَلٰی مُوْسٰی عَلَيْهِ السَّلَامُ فَقَالَ مَا فَرَضَ اللّٰهُ لَكَ عَلٰی اُمَّتِكَ قُلْتُ فَرَضَ خَمْسِيْنَ صَلَاةً قَالَ فَارْجِعْ اِلٰی رَبِّكَ فَاِنَّ اُمَّتَكَ لَاتُطِيْقُ ذٰلِكَ فَرَجَعْتُ فَوَضَعَ شَطْرَهَا فَرَجَعْتُ اِلٰی مُوْسٰی فَقُلْتُ وَضَعَ شَطْرَهَا قَالَ ارْجِعْ اِلٰی رَبِّكَ فَاِنَّ اُمَّتَكَ لَا تُطِيْقُ ذٰلِكَ فَرَجَعْتُ فَوَضَعَ شَطْرَهَا فَرَجَعْتُ اِلَيْهِ فَقَالَ ارْجِعْ اِلٰی رَبِّكَ فَاِنَّ اُمَّتَكَ لَاتُطِيْقُ ذٰلِكَ فَرَجَعْتُ فَقَالَ هُنَّ خَمْسٌ وَ هُنَّ خَمْسُوْنَ لَايُبَدَّلُ الْقَوْلُ لَدَیَّ فَرَجَعْتُ اِلٰی مُوْسٰی فَقَالَ ارْجِعْ اِلٰی رَبِّكَ قُلْتُ اسْتَحْيَيْتُ مِنْ رَّبِّیْ

رواه البخاری و مسلم والنسائی والبیهقی فی السنن الکبریٰ

હઝરત અબૂ ઉમામા رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ''તમારે રાતની નમાઝ પઢવી જોઈએ કારણ કે એ પૂર્વજો નેક લોકોનો માર્ગ છે. અને બેશક ! રાતની નમાઝ અલ્લાહ તઆલાની





નિકટતા છે. ગુનાહથી રોકનાર છે, પાપનો કફ્ફારો છે, શરીરને બીમારીથી મુક્ત કરનાર છે.'' *(તિર્મિઝી, ઈબ્ને જરીર, ઈબ્ને ખુઝૈમા, તબ્રાનીએ કબીર, અબૂ નુઐમ, હાકિમ, બયહકી)*

## ★ સલાતુત્તસ્બીહની ફઝીલત ★

**હદીષ : ૨૪**

عَنْ اِبْنِ عَبَّاسٍ رضی اللہ تعالیٰ عنہ اَنَّ النَّبِیَّ ﷺ قَالَ لِعَبَّاسِ بْنِ عَبْدِ الْمُطَّلِبِ يَا عَبَّاسُ يَا عَمَّاهُ اَلَا اُعْطِيْكَ اَلَا اَمْنَحُكَ اَلَا اُخْبِرُكَ اَلَا اَفْعَلُ بِكَ عَشْرَ خِصَالٍ اِذَا اَنْتَ فَعَلْتَ ذٰلِكَ غَفَرَ اللّٰهُ لَكَ ذَنْبَكَ اَوَّلَهٗ وَآخِرَهٗ قَدِيْمَهٗ وَ حَدِيْثَهٗ خَطَاَهٗ وَ عَمَدَهٗ صَغِيْرَهٗ وَ كَبِيْرَهٗ سِرَّهٗ وَعَلَانِيَتَهٗ اَنْ تُصَلِّیَ اَرْبَعَ رَكْعَاتٍ تَقْرَاُ فِیْ كُلِّ رَكْعَةٍ فَاتِحَةَ الْكِتَابِ وَ سُوْرَةً فَاِذَا فَرَغْتَ مِنَ الْقِرَاءَةِ فِیْ اَوَّلِ رَكْعَةٍ وَاَنْتَ قَائِمٌ قُلْتَ سُبْحٰنَ اللّٰهِ وَ الْحَمْدُ لِلّٰهِ وَلَا اِلٰهَ اِلَّا اللّٰهُ وَ اللّٰهُ اَكْبَرُ خَمْسَ عَشَرَةَ مَرَّةً ثُمَّ تَرْكَعُ فَتَقُوْلُهَا وَ اَنْتَ رَاكِعٌ عَشْرًا ثُمَّ تَرْفَعُ رَاْسَكَ مِنَ الرُّكُوْعِ فَتَقُوْلُهَا عَشْرًا ثُمَّ تَهْوِیْ سَاجِدًا فَتَقُوْلُهَا وَ اَنْتَ سَاجِدٌ عَشْرًا ثُمَّ تَرْفَعُ رَاْسَكَ مِنَ السُّجُوْدِ فَتَقُوْلُهَا عَشْرًا ثُمَّ تَرْفَعُ رَاْسَكَ فَتَقُوْلُهَا عَشْرًا فَذٰلِكَ خَمْسٌ وَّ سَبْعُوْنَ فِیْ كُلِّ رَكْعَةٍ تَفْعَلُ ذٰلِكَ فِیْ اَرْبَعِ رَكْعَاتٍ اِنِ اسْتَطَعْتَ اَنْ تُصَلِّيَهَا فِیْ كُلِّ يَوْمٍ مَرَّةً فَافْعَلْ فَاِنْ لَمْ تَفْعَلْ فَفِیْ كُلِّ جُمُعَةٍ مَرَّةً فَاِنْ لَمْ تَفْعَلْ فَفِیْ كُلِّ سَنَةٍ مَرَّةً فَاِنْ لَّمْ تَفْعَلْ فَفِیْ عُمُرِكَ مَرَّةً رواه ابوداود و ابن ماجة و البیهقی فی الدعوات الکبیر و البخاری فی جزء القراءة خلف الامام و ابن خزیمة فی صحیحه و الحاکم فی المستدرک

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે. નબી ﷺએ હઝરત અબ્બાસ બિન અબ્દિલ મુત્તલિબને કહ્યું, ''અય અબ્બાસ ! અય કાકા ! શું હું તમને ન આપું ! તમને ભલાઈ ન પહોચાડું ! તમને ન શિખવાડું દસ વાતો જો તમે એને કરશો, અલ્લાહ તમારા ગુનાહ બખ્શી આપશે. એનો અવ્વલ, એનો અંતિમ, એનો જૂનો, એનો નવો, ભૂલથી અને જાણી જોઈને, નાનો, અને મોટો, ગુપ્ત અને જાહેર. એ કે તમે ચાર રકાત નમાઝ પઢો દરેક રકાતમાં સૂરએ ફાતિહા અને એક બીજી સૂરત પઢો. જયારે

પ્રથમ રકાતમાં કિરાઅતથી ફારેગ થઈ જાવ અને તમે ઉભા હોય કહો, **"સુબ્હાનલ્લાહિ વલહમ્દુલિલ્લાહ વલા ઈલાહ ઈલ્લલ્લાહુ વલ્લાહુ અકબર."** પંદર વખત અને પછી રુકૂઅ કરો તો પઢો જ્યારે તમે રુકૂઅમાં હોય દસ વખત, પછી જ્યારે તમે રુકૂઅથી માથુ ઉઠાવો પઢો દસ વખત, પછી સિજદામાં જાવ તો હાલતે સિજદામાં પઢો દસ વખત, પછી સિજદાથી તમારું માથું ઉઠાવો તો પઢો દસ વખત, પછી સિજદો કરો તો પઢો દસ વખત, પછી સિજદાથી માથુ ઉઠાવો તો પઢો દસ વખત. તો આ થયું પંચોતેર વખત, ચાર રકાતમાંથી દરેકમાં આ કરો, બની શકે તો દરરોજ એક વખત કરો, ન કરો તો દરેક જુમ્આના એક વખત, અને ન કરો તો દરેક વર્ષે એક વખત, અને ન કરો તો તમારી ઉમરમાં એક વખત." *(અબૂ દાવૂદ, ઈબ્ને માજહ્, બયહકી, દાવાતે કબીરમાં, બુખારી, ઈબ્ને ખુઝૈમા, મુસ્તદરકે હાકિમ)*

## ★ તરાવીહની ફઝીલત ★

**હદીષ : ૨૫**

عَنْ اَبِىْ هُرَيْرَةَ رضى الله تعالىٰ عنه اَنَّ رَسُوْلَ اللّٰهِ صلى الله عليه وسلم كَانَ يَرْغَبُ فِىْ قِيَامِ رَمْضَانَ مِنْ غَيْرِ اَنْ يَامُرَ بِعَزِيْمَةٍ فَيَقُوْلُ مَنْ قَامَ رَمْضَانَ اِيْمَانًا وَّاِحْتِسَابًا غُفِرَ لَهٗ مَا تَقَدَّمَ مِنْ ذَنْبِهٖ قَالَ اِبْنُ شِهَابٍ فَتَوفِّىْ رَسُوْلُ اللّٰهِ صلى الله عليه وسلم وَالْاَمْرُ عَلٰى ذٰلِكَ فِىْ خِلَافَةِ اَبِىْ بَكْرٍ وَ صَدْرًا مِنْ خِلَافَةِ عُمَرَ بْنِ الْخَطَّابِ رَوَاهُ الْاِمَامُ مَالِكٌ وَالْاِمَامُ مُحَمَّدٌ فِى الْمُؤَطَّا وَالْبُخَارِىْ وَ مُسْلِمٌ وَاَبُوْ دَاوُدَ وَالتِّرْمِذِىْ وَالنَّسَائِىْ

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم રમઝાનના ક઼િયામનો શોખ અપાવતા હતા અઝીમત (વાજિબ)ના હુકમ વગર, આપ ફર્માવતા જે રમઝાનનો ક઼િયામ કરે ઈમાન અને સવાબની નિય્યતે એના આગલા ગુનાહ માફ કરી દેવામાં આવશે. ઈબ્ને શિહાબે કહ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم પર્દો ફર્માવી ગયા અને હુકમ એ જ રહ્યો. હઝરત અબૂબક્રની ખિલાફતમાં અને ઉમર બિન ખત્તાબની ખિલાફતના આરંભમાં."

*(ઈમામ માલિક, ઈમામ મુહમ્મદ મુઅત્તામાં, બુખારી, મુસ્લિમ, અબૂ દાવૂદ, તિર્મિઝી, નસાઈ)*





## ★ તરાવીહ અને આગલા ગુનાહની માફી ★

**હદીષ : ૨૬**

عَنْ اَبِىْ هُرَيْرَةَ رضى الله تعالىٰ عنه اَنَّ رَسُوْلَ اللّٰهِ صلى الله عليه وسلم قَالَ مَنْ قَامَ رَمْضَانَ اِيْمَانًا وَّ اِحْتِسَابًا غُفِرَ لَهٗ مَا تَقَدَّمَ مِنْ ذَنْبِهٖ رَوَاهُ الْاِمَامُ مَالِكٌ وَمُحَمَّدٌ وَالْبُخَارِىْ وَ مُسْلِمٌ وَالنَّسَائِىْ

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવ્યું, "જે રમઝાનનો ક઼િયામ કરે ઈમાન અને સવાબની નિય્યતે એના આગલા ગુનાહ માફ કરી દેવામાં આવશે. *(ઈમામે માલિક, ઈમામ મુહમ્મદ, બુખારી, મુસ્લિમ, નસાઈ)*

## ★ શબે ક઼દરની બંદગીનો બદલો ★

**હદીષ : ૨૭**

عَنْ اَبِىْ سَلْمَةَ بْنِ عَبْدِ الرَّحْمٰنِ رضى الله تعالىٰ عنه اَنَّ اَبَا هُرَيْرَةَ حَدَّثَهُمْ اَنَّ رَسُوْلَ اللّٰهِ صلى الله عليه وسلم قَالَ مَنْ صَامَ رَمْضَانَ اِيْمَانًا وَّ اِحْتِسَابًا غُفِرَ لَهٗ مَا تَقَدَّمَ مِنْ ذَنْبِهٖ وَمَنْ قَامَ لَيْلَةَ الْقَدْرِ اِيْمَانًا وَّ اِحْتِسَابًا غُفِرَ لَهٗ مَا تَقَدَّمَ مِنْ ذَنْبِهٖ رَوَاهُ مُسْلِمٌ وَ اَبُوْ دَاوُدَ

હઝરત અબૂ સલ્મા બિન અબ્દુર્રહમાનથી રિવાયત છે. હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہએ એમને હદીષ બયાન કરી રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, "જેણે રમઝાનના રોઝા રાખ્યા ઈમાન અને સવાબની નિય્યતથી એના આગલા ગુનાહ માફ કરી દેવામાં આવશે, અને જેણે લૈલતુલ ક઼દરનો ક઼િયામ કર્યો (રાતમાં ઈબાદત કરી) ઈમાન અને સવાબની નિય્યતે એના આગલા ગુનાહ માફ કરી દેવામાં આવશે." *(મુસ્લિમ, અબૂ દાવૂદ)*

## ★ તરાવીહ ઈખ્લાસથી હોવી ★

**હદીષ : ૨૮**

عَنْ اَبِىْ هُرَيْرَةَ رضى الله تعالىٰ عنه قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صلى الله عليه وسلم مَنْ صَامَ رَمْضَانَ وَ قَامَهٗ اِيْمَانًا وَّ اِحْتِسَابًا غُفِرَ لَهٗ مَا تَقَدَّمَ مِنْ ذَنْبِهٖ رَوَاهُ اِبْنُ مَاجَةَ

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, "જેણે રમઝાનના રોઝા રાખ્યા અને ક઼િયામ કર્યો ઈમાન

અને સવાબની નિય્યતે, એના આગલા ગુનાહ માફ કરી દેવામાં આવશે.''

## ★ તરાવીહ સુન્નત છે ★

### હદીષ : ૨૯

عَنْ نَضْرِ بْنِ شَيْبَانَ رضی الله تعالیٰ عنه قَالَ لَقِيْتُ اَبَا سَلْمَةَ بْنِ عَبْدِ الرَّحْمٰنِ فَقُلْتُ حَدِّثْنِىْ بِحَدِيْث سَمِعْتَهٗ مِنْ اَبِيْكَ يَذْكُرُهٗ فِىْ شَهْرِ رَمْضَانَ قَالَ نَعَمْ حَدَّثَنِىْ اَبِىْ اَنَّ رَسُوْلَ اللّٰهِ صلی الله علیه وسلم ذَكَرَ شَهْرَ رَمْضَانَ فَقَالَ شَهْرٌ كَتَبَ اللّٰهُ عَلَيْكُمْ صِيَامَهٗ وَ سُنَّتْ لَكُمْ قِيَامَهٗ فَمَنْ صَامَهٗ وَ قَامَهٗ اِيْمَانًا وَّ اِحْتِسَابًا خَرَجَ مِنْ ذُنُوْبِهٖ كَيَوْم وَلَدَتْهُ اُمُّهٗ رَوَاهُ اِبْنُ مَاجَةَ

નઝર બિન શયબાનથી રિવાયત છે. એમણે કહ્યું કે મેં અબૂ સલ્મા બિન અબ્દુર્રહમાનથી મુલાકાત કરી. મેં કહ્યું, આપ મને હદીષ બતાવો જે તમે તમારા પિતાથી સાંભળી હોય જેમાં રમઝાન માસનો ઝિક્ર હોય. કહ્યું, હા ! મારા પિતાએ મને હદીષ બતાવી કે રસૂલુલ્લાહ صلی الله علیه وسلم એ રમઝાન માસનો ઝિક્ર કર્યો તો ફર્માવ્યું, મહીનો છે જેના રોઝા અલ્લાહ તઆલાએ તમારા પર ફર્ઝ ફર્માવ્યા, એનો ક઼િયામ તમારા પર સુન્નત છે. જેણે એના રોઝા અને ક઼િયામ કર્યો ઈમાન અને સવાબની નિય્યતે એ પોતાના ગુનાહથી નીકળી જશે જાણે આજે જ એની માતાએ એને જન્મ આપ્યો.'' *(ઈબ્ને માજહ્)*

### હદીષ : ૩૦

عَنْ اَبِىْ هُرَيْرَةَ رضی الله تعالیٰ عنه قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صلی الله علیه وسلم لَا يُتْرَكُ اَحَدٌ يَوْمَ الْجُمْعَةِ اِلَّا غُفِرَ لَهٗ رَوَاهُ الْخَطِيْبُ

હઝરત અબૂ હુરૈરહ્ رضی الله عنه થી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ صلی الله علیه وسلم એ ફર્માવ્યું, ''જુમ્આના દિવસે કોઈને મગફિરત વિનાનો રાખવામાં નથી આવતો.'' *(ખતીબ)*

### હદીષ : ૩૧

عَنْ اَنَسٍ رضی الله تعالیٰ عنه قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صلی الله علیه وسلم اِنَّ اللّٰهَ لَيْسَ بِتَارِكٍ اَحَدًا مِّنَ الْمُسْلِمِيْنَ يَوْمَ الْجُمْعَةِ اِلَّا غُفِرَ لَهٗ رَوَاهُ الطَّبْرَانِىْ فِىْ الْاَوْسَطِ

હઝરત અનસ رضی الله عنه થી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ صلی الله علیه وسلم એ ફર્માવ્યું, ''બેશક ! અલ્લાહ તઆલા જુમ્આના દિવસે કોઈ





મુસલમાનને મગફિરત વિનાનો નથી રાખતો.'' *(તબ્રાનીએ ઔસત)*

### હદીષ : ૩૨

عَنْ اَبِىْ هُرَيْرَةَ رضی الله تعالیٰ عنه اَنَّ رَسُوْلَ اللّٰهِ صلی الله علیه وسلم قَالَ الْجُمْعَةُ كَفَّارَةٌ مَا بَيْنَهُمَا مَا لَمْ تَغْشَ الْكَبَائِرُ رَوَاهُ اِبْنُ مَاجَةَ

હઝરત અબૂ હુરૈરહ્ رضی الله عنه થી રિવાયત છે. બેશક ! રસૂલુલ્લાહ صلی الله علیه وسلم એ ફર્માવ્યું, ''જુમ્આ કફ્ફારો છે બેની વચમાંનો જો કબીરા ગુનાહ ન થયા હોય.'' *(ઈબ્ને માજહ્)*

### હદીષ : ૩૩

عَنْ اَبِىْ مَالِكِ الْاَشْعَرِىُّ رضی الله تعالیٰ عنه قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صلی الله علیه وسلم اَلْجُمْعَةُ كَفَّارَةٌ لِّمَا بَيْنَهَا وَبَيْنَ الْجُمْعَةِ الَّتِىْ قَبْلَهَا وَزِيَادَةَ ثَلَاثَةِ اَيَّام وَذٰلِكَ اَنَّ اللّٰهَ قَالَ مَنْ جَآءَ بِالْحَسَنَةِ فَلَهٗ عَشْرُ اَمْثَالِهَا وَ الصَّلَوَاتُ كَفَّارَةٌ لِّمَا بَيْنَهُنَّ لِاَنَّ اللّٰهَ تَعَالٰى قَالَ اِنَّ الْحَسَنَاتِ يُذْهِبْنَ السَّيِّئَاتِ رَوَاهُ الطَّبْرَانِىْ فِى الْكَبِيْرِ

હઝરત અબૂ માલિક અશ્અરીથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ صلی الله علیه وسلم એ ફર્માવ્યું, ''જુમ્આ કફ્ફારો છે એની વચમાંનો અને એ જુમ્આની વચમાંનો જે એનાથી આગળ છે અને ત્રણ દિવસ વધારે. અને આ એટલા માટે કે અલ્લાહ તઆલાએ ફર્માવ્યું, જે એક નેકી લાવે એના માટે એનો દસ ગણો છે, અને નમાઝો એમની વચમાંનો કફ્ફારો છે. બેશક ! અલ્લાહ તઆલાએ ફર્માવ્યું, બેશક ! નેકીઓ ગુનાહોને લઈ જાય છે !'' *(તબ્રાનીએ કબીર)*

### હદીષ : ૩૪

عَنْ اَمِيْرِ الْمُؤْمِنِيْنَ اَبِىْ بَكْرِ الصِّدِّيْقِ رضی الله تعالیٰ عنه قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صلی الله علیه وسلم اَلْجُمْعَةُ اِلَى الْجُمْعَةِ وَالصَّلَوَاتُ الْخَمْسُ كَفَّارَاتٌ لِّمَا بَيْنَهُنَّ اِذَا اجْتُنِبَ الْكَبَائِرُ رَوَاهُ مُحَمَّدُ بْنُ نَصْر

અમીરુલ મુ'મિનીન અબૂબક્ર સિદીક઼ رضی الله عنه થી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ صلی الله علیه وسلم એ ફર્માવ્યું, ''જુમ્આથી જુમ્આ સુધી અને પાંચ નમાઝો એમની વચમાંનો કફ્ફારો છે જો કબીરાથી બચવામાં આવે.'' *(મુહમ્મદ બિન નસ્ર)*

**હદીષ : ૩૫**

عَنۡهُ قَالَ قَالَ رَسُوۡلُ اللّٰهِ ﷺ اَلۡجُمۡعَةُ اِلَى الۡجُمۡعَةِ وَالصَّلَوَاتُ الۡخَمۡسُ كَفَّارَاتٌ لِّمَا بَيۡنَهُنَّ لِمَنِ اجۡتَنِبَ الۡكَبَائِرُ وَالۡغُسۡلُ يَوۡمَ الۡجُمۡعَةِ كَفَّارَةٌ وَالۡمَشۡىُ اِلَى الۡجُمۡعَةِ كُلُّ قَدَمٍ مِّنۡهَا كَعَمَلِ عِشۡرِيۡنَ سَنَةً فَاِذَا فَرَغَ مِنۡ صَلٰوةِ الۡجُمۡعَةِ اُجِيۡزَ بِعَمَلِ مِائَتَىۡ سَنَةٍ رَوَاهُ الۡبَيۡهَقِىۡ فِىۡ شُعَبِ الۡاِيۡمَانِ

એમનાથી જ રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જે જુમ્આથી જુમ્આ સુધી અને પાંચ નમાઝો એમની વચમાંનો કફ્ફારો છે એના માટે જે કબીરા ગુનાહોની બચે. જુમ્આના દિવસનું ગુસલ કફ્ફારો છે અને જુમ્આ તરફ ચાલવું તો દરેક ડગલું વીસ વર્ષોના અમલ જેવું છે, પછી જ્યારે એ જુમ્આની નમાઝથી ફારેગ થાય તો બસો વર્ષના અમલનો બદલો આપવામાં આવશે." *(બયહકી, શુઅબુલ ઈમાન)*

## ★ જુમ્આના દિવસની ફજરની નમાઝ ★

**હદીષ : ૩૬**

عَنۡ اَبِىۡ عُبَيۡدَةَ بۡنِ الۡجَرَّاحِ رضی اللہ تعالیٰ عنہ قَالَ قَالَ رَسُوۡلُ اللّٰهِ ﷺ مَا مِنَ الصَّلَوَاتِ الۡخَمۡسِ صَلٰوةٌ اَفۡضَلُ مِنۡ صَلٰوةِ الۡفَجۡرِ يَوۡمَ الۡجُمۡعَةِ وَمَا حَسِبَ مَنۡ شَهِدَهَا مِنۡكُمۡ اِلَّا مَغۡفُوۡرًا لَّهٗ رَوَاهُ الطَّبۡرَانِىۡ فِى الۡكَبِيۡرِ وَالۡاَوۡسَطِ وَاَبُوۡ نُعَيۡمٍ فِى الۡمَعۡرِفَةِ

હઝરત અબૂ ઉબૈદા બિન જર્રાહ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "પાંચ નમાઝો પૈકીની કોઈ નમાઝ જમાઅત સાથે જુમ્આના દિવસની ફજરની નમાઝથી અફઝલ નથી, અને મારું અનુમાન છે કે તમારામાંથી જે એના માટે હાજરી આપશે એ બખ્શી આપવામાં આવેલો છે." *(તબ્રાનીએ કબીર, ઔસત અબૂ નુઐમ મારેફતમાં)*

## ★ જનાઝાની નમાઝ પઢનારની બખ્શિશ ★

**હદીષ : ૩૭**

عَنۡ اِبۡنِ عَبَّاسٍ رضی اللہ تعالیٰ عنہ قَالَ قَالَ رَسُوۡلُ اللّٰهِ ﷺ اِنَّ اَوَّلَ مَا يُجَازَىٰ بِهِ الۡمُؤۡمِنُ بَعۡدَ مَوۡتِهٖ اَنۡ يُغۡفَرَ لِجَمِيۡعِ مَنۡ تَبِعَهٗ رَوَاهُ الۡبَزَّارُ وَرَوَى اَبُو الشَّيۡخِ





હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "મરણ પછી પ્રથમ બદલો જે ઈમાનવાળાને આપવામાં આવે છે તે એ કે જેઓ એની પાછળ ગયા સર્વને બખ્શી દેવામાં આવે છે." *(બઝઝાર, અબૂશ્શૈખ)*

**હદીષ : ૩૮**

عَنۡ اَنَسٍ رضی اللہ تعالیٰ عنہ قَالَ قَالَ رَسُوۡلُ اللّٰهِ ﷺ اَوَّلُ تُحۡفَةِ الۡمُؤۡمِنِ اَنۡ يُغۡفَرَ لِمَنۡ صَلّٰى عَلَيۡهِ رَوَاهُ الۡحَكِيۡمُ التِّرۡمِذِىۡ

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, **"ઈમાનવાળાનું પ્રથમ ઈનામ છે તે એ કે એની નમાઝે જનાઝા પઢનારની માફી."** *(હકીમ તિર્મિઝી)*

## ★ મય્યિતની મગફિરત ૧૦૦ નમાઝીથી ★

**હદીષ : ૩૯**

عَنۡ اِبۡنِ عُمَرَ رضی اللہ تعالیٰ عنہ عَنِ النَّبِىِّ ﷺ قَالَ مَا مِنۡ رَّجُلٍ يُصَلِّىۡ عَلَيۡهِ مِائَةٌ اِلَّا غَفَرَ اللّٰهُ لَهٗ رَوَاهُ الطَّبۡرَانِىۡ فِى الۡكَبِيۡرِ

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત છે. આપ નબી ﷺથી રિવાયત કરે છે ફર્માવ્યું, **"જે વ્યક્તિ પર સો જનાઝાની નમાઝ પઢે એને (મય્યિતને) માફ કરી દેવામાં આવશે."**

**હદીષ : ૪૦**

عَنۡ اَبِىۡ هُرَيۡرَةَ رضی اللہ تعالیٰ عنہ عَنِ النَّبِىِّ ﷺ قَالَ مَنۡ صَلّٰى عَلَيۡهِ مِائَةٌ مِّنَ الۡمُسۡلِمِيۡنَ غُفِرَ لَهٗ رَوَاهُ اِبۡنُ مَاجَةَ وَرَوَاهُ التِّرۡمِذِىۡ وَاِبۡنُجَرِيۡرٍ وَاِبۡنُ خُزَيۡمَةَ وَالطَّبۡرَانِىۡ فِى الۡكَبِيۡرِ وَاَبُوۡ نُعَيۡمٍ وَالۡحَاكِمُ وَالۡبَيۡهَقِىۡ

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે. આપ નબી ﷺથી રિવાયત કરે છે. ફર્માવ્યું, **"જેના પર સો મુસલમાન જનાઝાની નમાઝ પઢે એને બખ્શી દેવામાં આવશે."** *(ઈબ્ને માજહ)*

وَمَا عَلَيۡنَا اِلَّا الۡبَلَاغُ الۡمُبِيۡنُ

(પ્રકરણ : ૮)

# નમાઝ અને સવાબ હદીષના પ્રકાશમાં

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

نَحْمَدُهٗ وَنُصَلِّىۡ عَلٰى رَسُوۡلِهٖ سَيِّدِالۡمُرۡسَلِيۡنَ وَعَلٰى اٰلِهٖ وَاَصۡحَابِهٖ اَجۡمَعِيۡنَ ـ اَمَّا بَعۡدُ فَاَعُوۡذُ بِاللّٰهِ مِنَ الشَّيۡطَانِ الرَّجِيۡمِ ـ بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ ـ حَافِظُوۡا عَلَى الصَّلَوَاتِ وَ الصَّلَاةِ الۡوُسۡطٰى وَ قُوۡمُوۡا لِلّٰهِ قَانِتِيۡنَ ـ صَدَقَ اللّٰهُ الۡعَظِيۡمُ وَصَدَقَ رَسُوۡلُهُ النَّبِيُّ الۡاَمِيۡنُ الۡكَرِيۡمُ ـ وَنُحۡنُ عَلٰى ذٰلِكَ لَمِنَ الشَّاهِدِيۡنَ وَالشَّاكِرِيۡنَ وَالۡحَمۡدُ لِلّٰهِ رَبِّ الۡعَالَمِيۡن

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيۡكَ يَارَسُوۡلَ اللّٰهِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيۡكَ يَاحَبِيۡبَ اللّٰهِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيۡكَ يَا نَبِيَّ اللّٰهِ

اَلصَّلٰوةُ وَ السَّلَامُ عَلَيۡكَ يَا نُوۡرَ اللّٰهِ

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيۡكَ وَسَلَّمَ





## ★ સુન્નતે મુઅક્કિદાનો સવાબ ★

**હદીષ : ૧**

عَنۡ اُمِّ الۡمُؤۡمِنِيۡنَ اُمِّ حَبِيۡبَةَ قَالَتۡ قَالَ رَسُوۡلُ اللّٰهِ ﷺ مَا مِنۡ عَبۡدٍ مُسۡلِمٍ تَوَضَّأَ فَاَحۡسَنَ الۡوُضُوۡءَ ثُمَّ صَلّٰى فِىۡ كُلِّ يَوۡمٍ وَ لَيۡلَةٍ ثِنۡتَىۡ عَشۡرَةَ رَكۡعَةً تَطَوُّعًا غَيۡرَ فَرِيۡضَةٍ بَنَى اللّٰهُ لَهٗ بَيۡتًا فِى الۡجَنَّةِ رَوَاهُ مُسۡلِمٌ وَ اَبُوۡ دَاوُدَ وَالتِّرۡمِذِىۡ وَالنَّسَائِىۡ وَ اِبۡنُ مَاجَةَ

ઉમ્મુલ મુ'મિનીન ઉમ્મે હબીબા رضی اللہ عنہا થી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, ''જે મુસલમાન બંદો વ્યવસ્થિત વુઝૂ કરે પછી દરરોજ રાત અને દિવસમાં બાર રકાત નફલ પઢે ફર્ઝથી અલગ અલ્લાહ એના માટે જન્નતમાં ઘર બનાવશે.'' *(મુસ્લિમ, અબૂ દાવૂદ, તિર્મિઝી, નસાઈ, ઈબ્ને માજહ્)*

## ★ જન્નતમાં ઘર ★

**હદીષ : ૨**

عَنۡ اُمِّ الۡمُؤۡمِنِيۡنَ اُمِّ حَبِيۡبَةَ قَالَتۡ قَالَ رَسُوۡلُ اللّٰهِ ﷺ مَنۡ صَلّٰى فِىۡ يَوۡمٍ وَّ لَيۡلَةٍ ثِنۡتَىۡ عَشۡرَةَ رَكۡعَةً بَنَى اللّٰهُ لَهٗ بَيۡتًا فِى الۡجَنَّةِ اَرۡبَعًا قَبۡلَ الظُّهۡرِ وَرَكۡعَتَيۡنِ بَعۡدَهَا وَرَكۡعَتَيۡنِ بَعۡدَ الۡمَغۡرِبِ وَرَكۡعَتَيۡنِ بَعۡدَ الۡعِشَاۤءِ وَرَكۡعَتَيۡنِ قَبۡلَ صَلٰوةِ الۡغَدَاةِ رَوَاهُ التِّرۡمِذِىۡ وَ النَّسَائِىۡ

એમનાથી જ રિવાયત છે. કહ્યું કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, ''જે રાત અને દિવસમાં બાર રકાત નમાઝ પઢશે, અલ્લાહ એના માટે જન્નતમાં ઘર બનાવશે, ચાર ઝોહર પહેલાં, બે એના પછી, બે રકાત મગરિબ પછી, બે રકાત ઈશા પછી અને બે ફજરની નમાઝ પહેલાં.'' *(તિર્મિઝી, નસાઈ)*

**હદીષ : 3**

عَنۡ اَبِىۡ هُرَيۡرَةَ قَالَ قَالَ رَسُوۡلُ اللّٰهِ ﷺ مَنۡ صَلّٰى فِىۡ يَوۡم ثِنۡتَىۡ عَشَرَ رَكۡعَةً بَنَى اللّٰهُ لَهٗ بَيۡتًا فِى الۡجَنَّةِ رَكۡعَتَيۡنِ قَبۡلَ الۡفَجۡرِ وَرَكۡعَتَيۡنِ قَبۡلَ الظُّهۡرِ وَرَكۡعَتَيۡنِ بَعۡدَ الظُّهۡرِ وَرَكۡعَتَيۡنِ قَبۡلَ الۡعَصۡرِ وَرَكۡعَتَيۡنِ بَعۡدَ الۡمَغۡرِبِ وَرَكۡعَتَيۡنِ بَعۡدَ الۡعِشَاۤءِ الۡاٰخِرَةِ رَوَاهُ اَبۡنُ اَبِىۡ شَيۡبَةَ وَ اِبۡنُ مَاجَةَ

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જે દિવસમાં બાર રકાત નમાઝ પઢે અલ્લાહ એના માટે જન્નતમાં ઘર બનાવશે, બે રકાત ફજર પહેલાં, બે ઝોહર પહેલાં, અને બે ઝોહર પછી, બે અસર પહેલાં, બે મગરિબ પછી અને બે ઈશા A FNRc *(ઈબ્ને અબી શયબા, ઈબ્ને માજહ્)*

## ★ ફજરની બે રકાત સુન્નતની ફઝીલત ★

**હદીષ : ૪**

عَنْ عَائِشَةَ قَالَتْ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ رَكْعَتَا الْفَجْرِ اَحَبُّ اِلَيَّ مِنَ الدُّنْيَا جَمِيْعًا اَلْاِمَامُ اَحْمَدُ۔

ઉમ્મુલ મુ'મિનીન આઈશા સિદીકહ્ رضی اللہ عنہاથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "ફજરની બે રકાત મને પૂરી દુનિયાથી અધિક પ્રિય છે." *(ઈમામ અહમદ)*

**હદીષ : ૫**

عَنْ عَائِشَةَ عَنْهَا قَالَتْ قَالَ رَسُوْلِ اللّٰهِ ﷺ رَكْتَا الْفَجْرِ خُيْرٌ مِنَ الدُّنْيَا وَمَا فِيْهَا مسلم، الترمذى والنسائى و ابن ابى شيبة

એમનાથી જ રિવાયત છે. કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "ફજરની બે રકાત મારા નજીક દુનિયા અને એમાં જે કંઈ છે એનાથી વધીને ઉત્તમ છે." *(મુસ્લિમ, નસાઈ, તિર્મિઝી, ઈબ્ને શયબા)*

## ★ લાલ ઊંટોથી વધીને ★

**હદીષ : ૬**

عَنْ اَبِىْ سَعِيْدٍ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اِنَّ اللّٰهَ زَادَكُمْ صَلوٰةً اِلَى صَلاَتِكُمْ هِىَ خَيْرٌ لَّكُمْ مِنْ حُمُرِ النَّعَمِ اَلاَ وَهِىَ رَكْعَتَانِ قَبْلَ صَلاَةِ الْفَجْرِ۔ الحاكم، البيهقى

હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "બેશક ! અલ્લાહ તઆલાએ તમારી નમાઝમાં એક નમાઝનો તમારા માટે વધારો કર્યો અને એ તમારા માટે લાલ ઊંટોથી વધીને ઉત્તમ છે, તો એ ફજરની નમાઝ પહેલાંની બે રકાત છે." *(હાકિમ, બયહકી)*





**હદીષ : ૭**

عَنْ اِبْنِ عُمَرَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ عَلَيْكَ بِرَكْعَتَا الْفَجْرِ فَاِنَّ فِيْهِمَا فَضِيْلَةٌ۔ الطبرانى فى الكبير

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "તારા પર ફજરની બે રકાત છે, બેશક ! એમાં ફઝીલત છે." *(તબ્રાનીએ કબીર)*

## ★ ઈશા પછી ચાર રકાત લૈલતુલ કદ્ર માફક ★

**હદીષ : ૮**

عَنْ اَنَسٍ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اَرْبَعٌ قَبْلَ الظُّهَرِ كَعَدْلِهِنَّ بَعْدَ الْعِشَاءِ وَاَرْبَعٌ بَعْدَ الْعِشَاءِ كَعَدْلِهِنَّ مِنْ لَيْلَةِ الْقَدْرِ الطبرانى فى الوسط

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "ચાર રકાત ઝોહર પહેલાં ઈશા પછીની (ચાર રકાતો) બરાબર છે. અને ઈશા પછીની ચાર રકાત લયલતુલ કદ્રની (ઈબાદત) બરાબર છે." *(તબ્રાનીએ ઔસત)*

## ★ ગુલામને મુક્ત કરવા બરાબર ★

**હદીષ : ૯**

عَنْ رَجُل قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ صَلىّٰ قَبْلَ الظُّهَرِ اَرْبَعًا كَانَ كَعَدْلِ رَقَبَةٍ مِنْ بَنِىْ اِسْمَاعِيْلَ ۔ الطبرانى فى الكبير

એક માણસથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જે ઝોહર પહેલાં ચાર રકાત પઢે બની ઈસ્રાઈલના એક ગુલામ (ને આઝાદ કરવા) બરાબર છે." *(તબ્રાનીએ કબીર)*

## ★ ઝોહરની ચાર સુન્નત તહજ્જુદ માફક ★

**હદીષ : ૧૦**

عَنْ بَرَاءٍ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ صَلىّٰ قَبْلَ الظُّهَرِ اَرْبَعَ رَكْعَاتٍ كَاَنَّمَا تَجَهَّدَ بِهِنَّ مِنْ لَيْلَةٍ وَمَنْ صَلّٰهُنَّ بَعْدَ الْعِشَآءِ كُنَّ كَمِثْلِهِنَّ مِنْ لَيْلَةِ الْقَدْرِ رَوَاهُ الطَّبْرَانِىْ فِى الْاَوْسَطِ

હઝરત બરાઅથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જે ઝોહર પહેલાં ચાર રકાત નમાઝ પઢે જાણે એણે એનાથી પોતાની રાતમાં તહજ્જુદ પઢી, અને જેણે ચાર રકાત ઈશા પછી પઢી તો V [, I , T] SNZGLRFZ HÞLKRc *(તબ્રાનીએ ઔસત)*

### ★ ચાર રકાત અરફાની રાત જેવી ★

**હદીષ : ૧૧**

عَنْ حُزَيْفَةَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰـهِ ﷺ اَرْبَعُ رَكْعَاتٍ تَرْكَعُهُنَّ حِيْنَ تَزُوْلُ الشُّمْسُ عَنْ كَبِدِ السَّمَاءِ تَعْدِلُ اِحْيَاءَ اللَّيْلَةِ فِىْ يَوْمٍ حَرَامٍ مِنْ شَهْرٍ حَرَامٍ رَوَاهُ اَبُو الشَّيْخِ فِىْ الثَّوَابِ

હઝરત હુઝૈફા رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "ચાર રકાત જેને તું પઢે સૂર્યના આકાશની વચમાંથી ખસી ગયા બાદ, રાત જાગવા જેવું છે ઝુલ હજ્જાના ઈજ્જતવાળા દિવસની." *(અબૂશ્શૈખ સવાબમાં)*

### ★ ઝોહરની ચાર સુન્નત રાતની નમાઝ જેવી ★

**હદીષ : ૧૨**

عَنْ عَبْدِ الرَّحْمٰنِ بْنِ عَبْدِ اللّٰهِ اَنَّهٗ دَخَلَ عَلٰى عُمَرَ بْنِ الْخَطَّابِ وَهُوَ يُصَلِّى قَبْلَ الظُّهْرِ فَقَالَ مَا هٰذِهِ الصَّلوٰةُ قَالَ اِنَّهَا تَعْدِلُ مِنْ صَلوٰةِ اللَّيْلِ رواه ابن جرير

હઝરત અબ્દુર્રહમાન બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہથી રિવાયત છે. તેઓ હઝરત ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہપાસે આવ્યા જ્યારે આપ નમાઝ પઢી રહ્યા હતા ઝોહર પહેલાં, પૂછયું આ કઈ નમાઝ છે ? ફર્માવ્યું, આ રાતની નમાઝ બરાબર છે." *(ઈબ્ને જરીર)*

### ★ ઝોહરની ચાર સુન્નત બની ઈસ્રાઈલના ગુલામ આઝાદ કરવા જેવું ★

**હદીષ : ૧૩**

عَنْ صَفْوَانَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰـهِ ﷺ مَنْ صَلّٰى اَرْبَعًا قَبْلَ الظُّهْرِ كَانَ لَهٗ





اَجْرُهٗ كَعِتْقِ رَقَبَةٍ اَوْ قَالَ رَقَبَاتٍ مِنْ وُلْدِ اِسْمَاعِيْلَ رَوَاهُ الطَّبْرَانِىْ فِى الْاَوْسَطِ

હઝરત સફવાનથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જે ઝોહર પહેલાં ચાર રકાત નમાઝ અદા કરે એનો સવાબ ગુલામ આઝાદ કરવા જેવો છે. અથવા ફર્માવ્યું, ઈસ્માઈલ علیہ السلام ની ઔલાદના ગુલામો." (આઝાદ કરવા જેવો છે.) *(તબ્રાનીએ ઔસત)*

### ★ ઝોહરના સમયે આકાશના દરવાજા ખુલે છે ★

**હદીષ : ૧૪**

عَنْ عَبْدِ اللّٰهِ بْنِ سَائِبٍ قَالَ كَانَ رَسُوْلُ اللّٰهِ ﷺ يُصَلِّى اِذَا زَالَتِ الشَّمْسُ اَرْبَعَ رَكْعَاتٍ قَبْلَ صَلوٰةِ الظُّهْرِ لَيْسَ بَيْنَهُنَّ فَصْلُ تَسْلِيْمٍ فَسُئِلَ عَنْ ذٰلِكَ فَقَالَ اِنَّهَا سَاعَةٌ تُفْتَحُ فِيْهَا اَبْوَابُ السَّمَآءِ فَاُحِبُّ اَنْ يَصْعَدَ لِىْ فِيْهَا عَمَلٌ صَالِحٌ رواه ابن زنجوية وابن جرير والديلمى

હઝરત અબ્દુલ્લાહ બિન સાઈબથી રિવાયત છે. કહ્યું કે રસૂલુલ્લાહ ﷺ ઝવાલ પછી ચાર રકાત પઢતા હતા ઝોહર પહેલાં, એની વચમાં સલામ ન ફેરવતા. એ વિશે આપને પૂછવામાં આવ્યું તો આપે ફર્માવ્યું, એ એવો સમય છે જેમાં આકાશના દરવાજા ખોલવામાં આવે છે તો હું પસંદ કરું છું એમાં મારો નેક અમલ ઉઠાવવામાં આવે." *(ઈબ્ને જરીર, દૈલમી)*

### ★ મગરિબ પછીની બે રકાત અને જન્નતમાં ઘર ★

**હદીષ : ૧૫**

عَنْ اُمِّ الْمُؤْمِنِيْنَ الصِّدِّيْقَةِ قَالَتْ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اَفْضَلُ الصَّلوٰةِ عِنْدَ اللّٰهِ اَلْمَغْرِبُ وَمَنْ صَلّٰى بَعْدَهَا رَكْعَتَيْنِ بَنَى اللّٰهُ لَهٗ بَيْتًا فِى الْجَنَّةِ يَغْدُوْ وَ يَرُوْحُ رَوَاهُ الطَّبْرَانِىْ فِى الْاَوْسَطِ

ઉમ્મુલ મુ'મિનીન સિદીકા رضی اللہ عنہاથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "ઉત્તમ નમાઝ અલ્લાહની બારગાહમાં મગરિબ છે જે એના પછી બે રકાત નમાઝ પઢશે, અલ્લાહ તઆલા એના માટે જન્નતમાં ઘર બનાવશે, એ સવાર સાંજ અવર જવર કરશે." *(તબ્રાનીએ ઔસત)*

## ★ મગરિબની નમાઝ બાજમાઅતની ફઝીલત ★

**હદીષ : ૧૬**

عَنْ اَنَسٍ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ صَلَّى الْمَغْرِبَ فِىْ جَمَاعَةٍ كُتِبَ لَهٗ حَجَّةٌ مَبْرُوْرَةٌ وَ عُمْرَةٌ مُتَقَبَّلَةٌ وَكَاَنَّمَا قَامَ لَيْلَةَ الْقَدْرِ رواه الديلمى

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જે મગરિબની નમાઝ જમાઅત સાથે અદા કરશે એના માટે કબૂલ કરેલ હજ્જ અને ઉમરો લખવામાં આવશે, અને જાણે એણે લયલતુલ કદરમાં નમાઝ પઢી." *(દૈલમી)*

## ★ ઈલ્લિયિનમાં નમાઝ ★

**હદીષ : ૧૭**

عَنْ مَكْحُوْلٍ بَلَاغًا قَالَ مَنْ صَلّٰى بَعْدَ الْمَغْرِبِ رَكْعَتَيْنِ قَبْلَ اَنْ يَتَكَلَّمَ كُتِبَتْ صَلَاتُهٗ فِى عِلِّيِّيْنَ رواه ابن ابى شيبة و سعيد بن منصور

હઝરત મકહુલથી રિવાયત છે. એમણે કહ્યું કે જે મગરિબ પછી બે રકાત નમાઝ પઢે વાત કરતાં પહેલાં, એની નમાઝ ઈલ્લિય્યિનમાં લખવામાં આવશે." *(ઈબ્ને અબી શયબા, સઈદ બિન મન્સૂર)*

## ★ ગુનાહથી મુક્તિ ★

**હદીષ : ૧૮**

عَنْ اَنَسٍ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ صَلّٰى بَعْدَ الْمَغْرِبِ رَكْعَتَيْنِ قَبْلَ اَنْ يَنْطِقَ مَعَ اَحَدٍ يَقْرَأُ فِى الْاُوْلٰى بِالْحَمْدُ وَ قُلْ يَا اَيُّهَا الْكَافِرُوْنَ وَفِى الرَّكْعَةِ الثَّانِيَةِ بِالْحَمْدُ وَ قُلْ هُوَ اللّٰهُ اَحَدٌ خَرَجَ مِنْ ذُنُوْبِهٖ كَمَا تَخْرُجُ الْحَيَّةُ مِنْ سَخْلِهَا رواه ابن النجار

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જે મગરિબ પછી બે રકાત નમાઝ અદા કરે કોઈની સાથે વાત કરતા પહેલાં, પહેલીમાં 'અલ્હમ્દુ' પછી 'કુલ યા અય્યુહલ કાફિરૂન' અને બીજીમાં 'અલ્હમ્દુ' સાથે 'હુલ્હુવલ્લાહ' (ની સૂરત પઢે તો) પોતાના ગુનાહથી નીકળી જશે જેમ સાપ પોતાની કાચળીમાંથી નીકળી જાય." *(ઈબ્ને નજ્જાર)*





## ★ પચાસ વર્ષના ગુનાહની માફી ★

**હદીષ : ૧૯**

عَنْ اَمِيْرِ الْمُؤْمِنِيْنَ اَبِىْ بَكْرِ الصِّدِّيْقِ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ صَلّٰى الْمَغْرِبَ فَصَلّٰى بَعْدَهَا رَكْعَتَيْنِ قَبْلَ اَنْ يَّتَكَلَّمَ اَسْكَنَهُ اللّٰهُ فِىْ حَظِيْرَةِ اللّٰهِ فَاِنْ صَلّٰى اَرْبَعًا كَانَ كَمَنْ حَجَّ حَجَّةً فَاِنْ صَلّٰى سِتًّا غُفِرَتْ لَهٗ ذُنُوْبُ خَمْسِيْنَ سَنَةً رَوَاهُ اِبْنُ شَاهِيْنَ

અમીરુલ મુ'મિનીન અબૂબક્ર સિદીક رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જેણે મગરિબ પઢી અને એની પછી બે રકાત પઢી વાત કરતાં પહેલાં, અલ્લાહ તઆલા એને પોતાની નિકટતામાં જગા અતા ફર્માવશે. પછી જો ચાર રકાત પઢશે તો એ હજ્જ કરનાર માફક છે અને જો છ રકાત પઢશે તો એના પચાસ વર્ષના ગુનાહ માફ કરી દેવામાં આવશે." *(ઈબ્ને શાહીન)*

## ★ ફર્ઝ સાથે ઉઠાવવામાં આવશે ★

**હદીષ : ૨૦**

عَنْ حُذَيْفَةَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ صَلّٰى بَعْدَ الْمَغْرِبِ رَكْعَتَيْنِ قَبْلَ اَنْ يَتَكَلَّمَ كُتِبَتْ صَلَاتُهٗ فِىْ عِلِّيِّيْنَ وَقَالَ عَجِّلُوْا الرَّكْعَتَيْنِ بَعْدَ الْمَغْرِبِ فَاِنَّهُمَا يَرْفَعَانِ مَعَ الْمَكْتُوْبَةِ رواه رزين

હઝરત હુઝૈફા رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જે મગરિબ પછી બે રકાત અદા કરશે વાત કરતાં પહેલાં, એની નમાઝ ઈલ્લિય્યીનમાં લખવામાં આવશે. અને ફર્માવ્યું, મગરિબ પછીની બે રકાતમાં જલ્દી કરો કે એ ફર્ઝ સાથે ઉઠાવવામાં આવે છે." *(રઝીન)*

## ★ સુન્નત થકી જન્નતમાં ઘર બનાવો ★

**હદીષ : ૨૧**

عَنْ اُمِّ الْمُؤْمِنِيْنَ الصِّدِّيْقَةِ قَالَتْ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ ثَابَرَ عَلٰى ثِنْتَىْ عَشْرَةَ رَكْعَةً مِنَ السُّنَّةِ بَنَى اللّٰهُ بَيْتًا فِى الْجَنَّةِ اَرْبَعُ رَكْعَاتٍ قَبْلَ الظُّهْرِ وَرَكْعَتَيْنِ بَعْدَهَا ـ اَلْحَدِيْثُ رواه الترمذى والنسائى و ابن ماجة

ઉમ્મુલ મુ'મિનીન આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہاથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જે બાર રકાત સુન્નતો પાબંદીથી અદા કરતા રહેશે અલ્લાહ તઆલા એના માટે જન્નતમાં ઘર બનાવશે, ચાર ઝોહર પહેલાં, બે એ પછી (બે મગરિબ પછી) અને બે ઈશા બાદ." sA[OHZGFOh "5 C[ FF *(તિર્મિઝી, નસાઈ, ઈબ્ને માજહ્, ઈબ્ને અબી શયબા, ઈબ્ને જરીર)*

**હદીષ : ૨૨**

عَنۡ اُمِّ الۡمُؤۡمِنِیۡنَ اُمِّ حَبِیۡبَةَ قَالَتۡ قَالَ رَسُوۡلُ اللّٰهِ ﷺ مَنۡ صَلّٰی فِیۡ کُلِّ یَوۡمٍ وَّلَیۡلَةٍ ثِنۡتَیۡ عَشَرَ رَکۡعَةً بَنَی اللّٰهُ لَهٗ بَیۡتًا فِی الۡجَنَّةِ اَرۡبَعًا قَبۡلَ الظُّهۡرِ وَرَکۡعَتَیۡنِ بَعۡدَهَا وَرَکۡعَتَیۡنِ بَعۡدَ الۡمَغۡرِبِ اَلۡحَدِیۡثُ رَوَاهُ التِّرۡمِذِیُّ

ઉમ્મુલ મુ'મિનીન ઉમ્મે હબીબા رضی اللہ عنہاથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જે દરરોજ રાત અને દિવસમાં બાર રકાત નમાઝ પઢશે, અલ્લાહ એના માટે જન્નતમાં ઘર બનાવશે, ચાર ઝોહર પહેલાં, બે એ પછી, બે મગરિબ પછી." *(તિર્મિઝી)*

**હદીષ : ૨૩**

عَنۡ اَبِیۡ هُرَیۡرَةَ قَالَ مَنۡ صَلّٰی فِیۡ یَوۡمٍ ثِنۡتَیۡ عَشَرَةَ رَکۡعَةً بَنَی اللّٰهُ لَهٗ بَیۡتًا فِی الۡجَنَّةِ وَعَدَّ مِنۡهَا رَکۡعَتَیۡنِ بَعۡدَ الۡمَغۡرِبِ رَوَاهُ ابۡنُ مَاجَةَ وَابۡنُ اَبِیۡ شَیۡبَةَ

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે. આપ નબી ﷺથી રિવાયત કરે છે. આપે ફર્માવ્યું, "જે દિવસમાં બાર રકાત નમાઝ પઢશે એના માટે જન્નતમાં ઘર બનાવવામાં આવશે. અને ફર્માવ્યું, બે રકાત ઈશા બાદ." *(ઈબ્ને અબી શયબહ)*

## ❖ રહમતની દુઆ ❖

**હદીષ : ૨૪**

عَنۡ اَمِیۡرِ الۡمُؤۡمِنِیۡنَ عُمَرَ الۡفَارُوۡقِ الۡاَعۡظَمِ قَالَ قَالَ رَسُوۡلُ اللّٰهِ ﷺ رَحِمَ اللّٰهُ عَبۡدًا صَلّٰی قَبۡلَ الۡعَصۡرِ اَرۡبَعًا رواه ابو داود الطيالسی و ابو داود والترمذی عن ابن عمر





અમીરુલ મુ'મિનીન ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "અલ્લાહ તઆલા રહમ ફર્માવે એના પર જે અસર પહેલાં ચાર રકાત પઢે." *(અબૂ દાવૂદ, તિયાલસી, અબૂ દાવૂદ, તિર્મિઝી ઈબ્ને ઉમરથી રિવાયતથી)*

## ★ સતત જિહાદમાં ★

**હદીષ : ૨૫**

عَنۡ اِبۡنِ عُمَرَ قَالَ قَالَ رَسُوۡلُ اللّٰهِ ﷺ مَنۡ صَلّٰی اَرۡبَعَ رَکۡعَاتٍ بَعۡدَ الۡمَغۡرِبِ کَانَ کَمَنۡ عَقَبَ غَزۡوَةً بَعۡدَ الۡغَزۡوَةِ فِیۡ سَبِیۡلِ اللّٰهِ عَزَّ وَجَلَّ رواه ابو الشيخ و ابن زنجوية

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જે મગરિબ પછી ચાર રકાત પઢે એ એના જેમ છે જે અલ્લાહના રસ્તામાં એક લડાઈ પછી બીજી લડાઈમાં ગયો." *(અબૂશ્શૈખ, ઈબ્ને ઝંનજવિયા)*

## ★ બયતુલ મુકદ્દસમાં લૈલતુલ ક઼દર ★

**હદીષ : ૨૬**

عَنۡ اِبۡنِ عَبَّاس قَالَ قَالَ رَسُوۡلُ اللّٰهِ ﷺ مَنۡ صَلّٰی اَرۡبَعَ رَکۡعَاتٍ بَعۡدَ الۡمَغۡرِبِ قَبۡلَ اِنۡ یَّتَکَلَّمَ اَحَدًا رُفِعَتۡ لَهٗ فِیۡ عِلِّیِّیۡنَ وَکَانَ کَمَنۡ اَدۡرَکَ لَیۡلَةَ الۡقَدۡرِ فِی الۡمَسۡجِدِ الۡاَقۡصٰی وَهُوَ خَیۡرٌ مِنۡ قِیَامِ نِصۡفِ اللَّیۡلَةِ رواه الديلمی

હઝરત ઈબ્ને અબ્બાસ رَضِیَ اللّٰهُ عَنۡهُمَاથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જે મગરિબ પછી ચાર રકાત પઢે કોઈની સાથે વાત કરતાં પહેલાં એ ઈલ્લિય્યીનમાં લખવામાં આવશે અને એ એની માફક છે જેને મસ્જિદે અકસામાં લયલતુલ ક઼દર મળી, અને એ એડધી રાતની નમાઝથી ઉત્તમ છે." *(દૈલમી)*

## ★ બાર વર્ષની ઈબાદતનો સવાબ ! ★

**હદીષ : ૨૭**

عَنۡ اَبِیۡ هُرَیۡرَةَ قَالَ قَالَ رَسُوۡلُ اللّٰهِ ﷺ مَنۡ صَلّٰی بَعۡدَ الۡمَغۡرِبِ سِتَّ رَکۡعَاتٍ

لَمْ يَتَكَلَّمَ فِيهَا بَيْنَهُنَّ بِسُوْءٍ عَدَلْنَ لَهٗ بِعِبَادَةِ ثِنْتَىْ عَشَرَ سَنَةً رواه الترمذى

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, ''જે મગરિબ પછી છ રકાત પઢે જેની વચમાં કોઈ ખરાબ વાત ન કરે એના માટે બાર વર્ષની ઈબાદત જેવું છે.'' *(તિર્મિઝી)*

## ★ જન્નતમાં બે મહેલ ★

**હદીષ : ૨૮**

عَنْ جَرِيْرٍ قَالَ مَنْ صَلّٰى بَعْدَ الْمَغْرِبِ وَ الْعِشَآءِ اِثْنٰى عَشَرَ رَكْعَةً يَقْرَأُ فِىْ كُلِّ رَكْعَةٍ اَلْحَمْدُ وَقُلْ هُوَ اللّٰهُ اَحَدٌ خَمْسَ عَشَرَةَ مَرَّةً بَنَى اللّٰهُ لَهٗ فِى الْجَنَّةِ قَصْرَيْنِ لَا فَصْلَ فِيْهِمَا وَلَا وَصْمَ وَمَنْ صَلّٰى بَعْدَ الْعِشَآءِ الْاٰخِرَةِ رَكْعَتَيْنِ يَقْرَأُ فِىْ كُلِّ رَكْعَةٍ اَلْحَمْدُ لِلّٰهِ وَقُلْ هُوَ اللّٰهُ اَحَدٌ خَمْسَةَ عَشَرَ مَرَّةً بَنَى اللّٰهُ لَهٗ قَصْرًا فِى الْجَنَّةِ رواه ابو محمد السمرقندى فى فضائل قل هو الله احد

હઝરત જરીરથી રિવાયત છે. એમણે કહ્યું, ''જે મગરિબ અને ઈશાની વચમાં બાર રકાત પઢે, જેમાં દરેક રકાતમાં 'અલ્હમ્દુ' પછી 'કુલ્હુવલ્લાહુ અહદ' પંદર વખત પઢે તો અલ્લાહ તઆલા એના માટે જન્નતમાં બે મહેલ બનાવશે જે બંનેની વચમાં જુદાઈ નહીં હોય અને ન કાણું. અને જે ઈશા પછી બે રકાત પઢે 'અલ્હમ્દુ' પછી 'કુલ્હુવલ્લાહુ અહદ' પંદર વખત પઢે અલ્લાહ તઆલા એના માટે જન્નતમાં એક મહેલ બનાવશે.'' *(અબૂ મુહમ્મદ સમરકંદી, 'કુલ્હુવલ્લાહુ અહદ'ની ફઝીલતમાં)*

## ★ ક઼િયામતના દિવસે ફરિશ્તાઓનો મુસાફો ★

**હદીષ : ૨૯**

عَنْ اَنَسٍ قَالَ مَنْ صَلّٰى بَعْدَ الْمَغْرِبِ ثِنْتَىْ عَشَرَةَ رَكْعَةً يَقْرَأُ فِىْ كُلِّ رَكْعَةٍ قُلْ هُوَ اللّٰهُ اَحَدٌ اَرْبَعِيْنَ مَرَّةً صَافَحَتْهُ الْمَلٰئِكَةُ يَوْمَ الْقِيَامَةِ وَمَنْ صَافَحَتْهُ الْمَلَائِكَةُ يَوْمَ الْقِيَامَةِ مِنَ الصِّرَاطِ وَالْحِسَابِ وَ الْمِيْزَانِ رواه السمرقندى

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે જે મગરિબ પછી બાર રકાત પઢે, દરેક રકાતમાં 'કુલ્હુવલ્લાહુ અહદ' ચાલીસ વખત પઢશે, ફરિશ્તાઓ ક઼િયામતના દિવસે એની સાથે મુસાફો કરશે. અને





ક઼િયામતના દિવસે ફરિશ્તાઓ જેની સાથે મુસાફો કરશે એ પુલસિરાત, હિસાબ અને મિઝાનથી બચી જશે.'' *(અબૂ મુહમ્મદ સમરકંદી, 'સૂરએ ઈખ્લાસ'ના ફઝાઈલમાં)*

**હદીષ : 30**

عَنْ اِبْنِ عَبَّاسٍ قَالَ اِنَّ الْمَلٰئِكَةَ تَحُفُّ بِالَّذِيْنَ يُصَلُّوْنَ بَيْنَ الْمَغْرِبِ وَ الْعِشَآءِ وَهِىَ صَلٰوةُ الْاَوَّابِيْنَ رواه ابن زنجوية

હઝરત ઈબ્ને અબ્બાસ رَضِیَ اللّٰهُ عَنْهُمَاથી રિવાયત છે. કહ્યું, ''બેશક ! ફરિશ્તાઓ એ લોકો સાથે મુસાફો કરે છે જેઓ મગરિબ અને ઈશાની વચમાં નમાઝ પઢે છે અને એ અવ્વાબીનની નમાઝ છે.'' *(ઈબ્ને ઝંજવિયા)*

**હદીષ : 3૧**

عَنْ اِبْنِ عَبَّاسٍ قَالَ رَسُوْلُ اللّٰهِ صلی اللہ علیہ وسلم مَنْ صَلّٰى اَرْبَعَ رَكْعَاتٍ خَلْفَ الْعِشَآءِ الْاٰخِرَةِ قَرَءَ فِى الرَّكْعَتَيْنِ الْاَوَّابِيْنَ قُلْ يَا اَيُّهَا الْكَافِرُوْنَ وَ قُلْ هُوَ اللّٰهُ اَحَدٌ وَقَرَاَ فِى الْاُخْرَيَيْنِ تَبَارَكَ الَّذِىْ بِيَدِهِ الْمُلْكُ وَ الٓمّٓ تَنْزِيْلُ كُتِبْنَ لَهٗ كَاَرْبَعِ رَكْعَاتٍ فِىْ لَيْلَةِ الْقَدْرِ رواه ابن نصر و ابو الشيخ والطبرانى فى الكبير والبيهقى

હઝરત ઈબ્ને અબ્બાસ رَضِیَ اللّٰهُ عَنْهُمَاથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, ''જે ઈશા પછી ચાર રકાત પઢે, પ્રથમ બેમાં 'કુલ યા અય્યુહલ કાફિરુન' અને 'કુલ્હુવલ્લાહ' અને અંતિમ બેમાં 'તબારકલ્લઝી' અને 'અલિફ, લામ મીમ  તન્ઝીલ' પઢે એના માટે લયલતુલ ક઼દરની ચાર રકાત જેમ લખી દેવામાં આવશે.'' *(તબ્રાનીએ કબીર, બયહકી, ઈબ્ને નસર, અબૂશ્શૈખ)*

**હદીષ : 3૨**

عَنْ اِبْنِ عُمَرَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صلی اللہ علیہ وسلم مَنْ صَلَّى الْعِشَآءَ فِىْ جَمَاعَةٍ وَّ صَلّٰى اَرْبَعَ رَكْعَاتٍ قَبْلَ اَنْ يَخْرُجَ مِنَ الْمَسْجِدِ كَانَ كَعَدْلِ لَيْلَةِ الْقَدْرِ رواه الطبرانى فى الكبير

ઈબ્ને ઉમરથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, ''જે ઈશાની નમાઝ જમાઅતથી પઢે અને ચાર રકાત પઢે મસ્જિદથી નીકળતા પહેલાં તો એ લયલતુલ ક઼દર માફક છે.'' *(તબ્રાનીએ કબીર)*

## ★ સવાર સુધી નમાઝમાં ★

### હદીષ : 33

عن ابی ھریرۃ قال قال رسولُ اللّٰہِ ﷺ مَنْ صَلّٰی اَرْبَعَ رَکُعَاتٍ بَعْدَ الْعِشَآءِ ثُمَّ اَوْتَرَ فَنَامَ عَلٰی وِتْرِہٖ فَھُوَ فِیْ صَلَاۃٍ حَتّٰی یُصْبِحَ رواہ الدیلمی

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ''જે ઈશા પછી ચાર રકાત નમાઝ પઢે ઈશા પછી, પછી વિત્ર પઢે, પછી પોતાની વિત્ર પર ઊંઘી ગયો તો એ સવાર સુધી નમાઝમાં છે.'' *(દૈલમી)*

## ★ ઈશ્રાકની નમાઝ હજ્જ, ઉમરા જેવી ★

### હદીષ : 3૪

عن انس قال قال رسول الله ﷺ مَنْ صَلّٰی الْفَجْرَ فِیْ جَمَاعَۃٍ ثُمَّ قَعَدَ یَذْکُرُ اللّٰہَ تَعَالٰی حَتّٰی تَطْلُعَ الشَّمْسُ ثُمَّ صَلّٰی رَکْعَتَیْنِ کَانَتْ لَہٗ کَاَجْرِ حَجَّۃٍ وَّ عُمْرَۃٍ تَامَّۃٍ تَامَّۃٍ تَامَّۃٍ رواہ الترمذی

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ''જેણે ફજર જમાઅત સાથે પઢી, પછી એ સૂર્યોદય સુધી ઝિક્રમાં બેસેલો રહ્યો, પછી બે રકાત નમાઝ અદા કરી તો એ એના માટે પૂરે પૂરા હજ્જ અને ઉમરાના સવાબ જેમ છે.'' *(તિર્મિઝી)*

### હદીષ : ૩૫

عَنْ اَنَسٍ قَالَ قَالَ رَسُوْلُ اللّٰہِ ﷺ رَکْعَتَانِ مِنَ الضُّحٰی یَعْدِلَانِ عِنْدَ اللّٰہِ بِحَجَّۃٍ وَ عُمْرَۃٍ مُتَقَبَّلَتَیْنِ رواہ ابو الشیخ فی الثواب

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ''ચાશ્તની બે રકાતો અલ્લાહની બારગાહમાં કૃબૂલ થયેલ હજ્જ અને ઉમરા બરાબર છે.'' *(અબૂશ્શૈખ સવાબમાં)*

## ★ જન્નતમાં સોનાનો મહેલ ★

### હદીષ : ૩૬

عَنْ اَنَسٍ قَالَ قَالَ رَسُوْلُ اللّٰہِ ﷺ مَنْ صَلّٰی الضُّحٰی ثِنْتَیْ عَشَرَۃَ رَکْعَۃً بَنَی





اللّٰہُ لَہٗ بِھَا قَصْرًا فِی الْجَنَّۃِ مِنْ ذَھَبٍ رواہ الترمذی وابن ماجۃ

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ''જેણે ચાશ્તની બાર રકાત પઢી, એના બદલે એના માટે અલ્લાહ જન્નતમાં સોનાનો મહેલ બનાવશે.'' *(તિર્મિઝી, ઈબ્ને માજહ્)*

## ★ દિવસભર ગુનાહથી મુક્ત ! ★

### હદીષ : ૩૭

عَنْ اَبِیْ ذَرٍّ عَنِ النَّبِیِّ ﷺ اِنْ صَلَّیْتَ الضُّحٰی رَکْعَتَیْنِ لَمْ تُکْتَبْ مِنَ الْغَافِلِیْنَ وَاِنْ صَلَّیْتَھَا اَرْبَعًا کُتِبْتَ مِنَ الْمُحْسِنِیْنَ وَاِنْ صَلَّیْتَھَا سِتًّا کُتِبْتَ مِنَ الْقٰنِتِیْنَ وَاِنْ صَلَّیْتَھَا ثَمَانِیًا کُتِبْتَ مِنَ الْفَائِزِیْنَ وَاِنْ صَلَّیْتَھَا عَشْرًا لَمْ یُکْتَبْ ذٰلِکَ الْیَوْمِ ذَنْبٌ وَاِنْ صَلَّیْتَھَا ثِنْتَیْ عَشَرَۃَ رَکْعَۃً بَنَی اللّٰہُ لَکَ بَیْتًا فِی الْجَنَّۃِ رواہ ابو نعیم والبیھقی

હઝરત અબૂઝર رضی اللہ عنہથી રિવાયત છે. તેઓ નબીએ પાક ﷺથી રિવાયત કરે છે કે :–

''તું ચાશ્તની બે રકાત પઢે તો ગાફિલ લખવામાં નહીં આવે, અને ચાર રકાત પઢશે તો નેક લખવામાં આવશે, છ રકાત પઢશે તો ઈબાદતગુઝાર લખવામાં આવશે, આઠ રકાત પઢશે તો સફળ લખવામાં આવશે, દસ રકાત પઢશે તો એ દિવસે ગુનોહ લખવામાં નહીં આવે, અને બાર રકાત પઢશે તો અલ્લાહ તારા માટે જન્નતમાં ઘર બનાવશે.''

*–(અબૂ નુઐમ, બયહકી)*

## ★ જન્નતમાં ઘર ★

### હદીષ : ૩૮

عَنْ اِبْنِ مَسْعُوْدٍ عَنِ النَّبِیِّ ﷺ مَنْ صَلّٰی الضُّحٰی عَشَرَ رَکُعَاتٍ بُنِیَ لَہٗ بَیْتٌ فِی الْجَنَّۃِ رواہ ابن جریر

હઝરત ઈબ્ને મસઊદ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે નબી ﷺથી રિવાયત કરી : ''જે ચાશ્ત દસ રકાત પઢશે, અલ્લાહ તઆલા એના માટે જન્નતમાં ઘર બનાવશે.'' *(ઈબ્ને જરીર)*

## ★ બે રકાત દરેક જોડનો સદક઼ો ★

**હદીષ : ૩૯**

عَنْ بُرَيْدَةَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ فِى الْاِنْسَانِ سِتُّوْنَ وَ ثَلٰثُ مِأَةِ مَفْصَلٍ فَعَلَيْهِ اَنْ يَّتَصَدَّقَ عَنْ كُلِّ مَفْصَلٍ مِّنْهَا صَدَقَةً اَلنُّخَاعَةُ فِى الْمَسْجِدِ يُدْفِنُهَا صَدَقَةٌ وَالشَّئُ يُنَحِّيْهِ عَنِ الطَّرِيْقِ فَاِنْ لَمْ يَقْدِرْ فَرَكْعَتَا الضُّحٰى تُجْزِئُ عَنْكَ

رواه الامام احمد و ابو داود

હઝરત બુરૈદા رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "માણસમાં ત્રણસો સાઈઠ (૩૬૦) જોડ છે, એના પર જરૂરી છે એ દરેક જોડનો સદક઼ો આપે. મસ્જિદમાં થૂંકવાનો સદક઼ો એને દફન કરવું છે. કોઈ વસ્તુનો સદક઼ો એને માર્ગમાંથી હટાવું છે, જો ન થઈ શકે તો ચાશ્તની બે રકાત એના માટે બસ છે." *(ઈમામ અહમદ, અબૂ દાવૂદ)*

## ★ બે રકાત ઘણા અમલોની જગાએ ★

**હદીષ : ૪૦**

عَنْ اَبِىْ ذَرٍّ عَنِ النَّبِىِّ ﷺ يُصْبِحُ عَلٰى كُلِّ سَلَامِى مِنْ بَنِىْ آدَمَ صَدَقَةٌ تَسْلِيْمُهٗ عَلٰى مَنْ لَقِىَ صَدَقَةٌ وَاَمْرُهٗ بِالْمَعْرُوْفِ صَدَقَةٌ وَ نَهْيُهٗ عَنِ الْمُنْكَرِ صَدَقَةٌ وَاِمَاطَةُ الْاَذٰى عَنِ الطَّرِيْقِ صَدَقَةٌ وَ بُضْعَةُ اَهْلِهٖ صَدَقَةٌ وَيُجْزِئُ مِنْ ذٰلِكَ كُلِّهٖ رَكْعَتَانِ مِنَ الضُّحٰى رواه ابو داود

હઝરત અબૂઝર رضی اللہ عنہથી રિવાયત છે. તેમણે નબી ﷺથી ફર્માવ્યું, "બની આદમની દરેક સલામતી પર સદક઼ો છે. જેનાથી મુલાકાત કરે એને સલામ કરવી સદક઼ો છે. એને ભલાઈનો હુકમ આપવો સદક઼ો છે. એને બુરાઈથી મનાઈ કરવું સદક઼ો છે, માર્ગથી નુકસાનકારક વસ્તુ ખસેડવી સદક઼ો છે, પોતાના ઘરવાળાઓનો સામાન સદક઼ો છે અને એ બધાં માટે ચાશ્તની બે રકાત પૂરતી છે." *(અબૂ દાવૂદ)*

**ફાયદો** : આ ચાલીસ હદીષોથી એ જાણવા મળ્યું કે પાંચ વખતની નમાઝમાં જે સુન્નતે મુઅક્કિદા અને ગૈરમુઅક્કિદા છે. અને એ સિવાયની બીજી સુન્નત નમાઝો જેમ કે ઈશ્રાક, ચાશ્ત, અવ્વાબીન વગેરે તો ભલે એની અદાયગી આપણા માટે જરૂરી નથી પણ એના પર અમલ કરવાથી





આપણને અલ્લાહ તઆલા તરફથી મહાન સવાબનું ઈનામ આપવામાં આવે છે.

## ★ સવાબનું વર્ણન કેમ ? ★

હદીષે પાકથી સવાબનું વર્ણન થયા પછી કોઈ મુસલમાન એ સુન્નતોની અદાયગીથી સુસ્તી અને આળસ કરશે નહીં, સવાબનું વર્ણન આપણી આળસને તોડવા માટે જ છે. જે અલ્લાહ થોડા સમયમાં અમુક રકાતો પઢી લેવાથી એટલું મહાન ઈનામ આપે એ ઈનામને લેવાથી આપણે પાછળ કેમ રહીએ ! આવો આગળ ધપો અને સવાબ કરવામાં જલ્દી કરો !

## ★ સુન્નતનો આટલો સવાબ તો ફર્ઝનો કેટલો ! ★

આનાથી એ પણ જાણી શકાય છે કે જે વસ્તુ હુકમના આધારે આપણા માટે સુન્નત અને મુસ્તહબ છે એના પર આપણા માટે આટલું મહાન ઈનામ છે તો પછી જે વસ્તુ આપણા માટે ફર્ઝ અને વાજિબ કરવામાં આવી એમાં આપણા માટે કેટલો સવાબ હશે ! એને તો ગણતરીમાં પણ નથી લાવી શકતા.

ખુલાસો એ કે આ ઈબાદતો આપણને અલ્લાહ તઆલાની નિકટ કરનાર છે, નિકટતા માટે આપણે એનો સહારો લેતા રહેવું જોઈએ. એટલું અવશ્ય યાદ રાખવું જોઈએ કે ગૈરજરૂરી (નફ્લ) ઈબાદતો નફ્લ અને સુન્નત ઈબાદતો કહેવામાં આવે છે એનાથી સવાબનું ઈનામ પ્રાપ્ત કરવા માટે ફર્ઝ અને વાજિબની પાબંદી ઘણી જ અગત્યની છે. જાણી જોઈને ફર્ઝ અને વાજિબને છોડનાર વ્યક્તિ માટે ગૈર જરૂરી (નફ્લ) ઈબાદતોનો સવાબ રોકી દેવામાં આવે છે. એટલે આપણે પ્રથમ ફર્ઝ અને વાજિબની સશક્ત પાબંદી કરવી જોઈએ અને પછી દરજાતમાં આગળ જવા માટે સુન્નતોનો સહારો લેવો જોઈએ.

## ★ નફ્લ ફર્ઝથી વધીને નહીં ★

હદીષે પાકમાં છે :–

અલ્લાહ તઆલા ફર્માવે છે, મારા બંદા પર મેં જે ફર્ઝ કર્યું એટલી

નિકટતા બીજા કશાથી પ્રાપ્ત નથી કરી શકતો.

સ્પષ્ટ વાત છે કે ફર્ઝનો હુકમ અલ્લાહ તઆલા તરફથી છે તો અલ્લાહના હુકમ બરાબર કઈ વસ્તુ થઈ શકે છે ? એટલે દરેક પ્રગતિ અને ઉન્નતિમાં ફર્ઝ બધાંથી વધીને. પછી આપણા નબીના ફર્માનનો દરજો છે તો વાજિબ અને સુન્નત છે. કોઈ પણ નફ્લ કામ જે આનાથી હટીને હોય પ્રગતિ અને ઉન્નતિમાં બરાબર નથી થઈ શકતું, એ પછીનો મુકામ નફ્લનો છે.

### ★ અલ્લાહનું ફર્માન બધાંથી વધીને ★

બીજું એ કે જે અલ્લાહ અને રસૂલના ફર્માન પર અમલ ન કરે અને પોતાની ઈચ્છાનુસાર નફલો કરતો જાય, તો એને પ્રગતિ મળી શકતી નથી. કારણ કે અલ્લાહ અને રસૂલના ફર્માનનું પ્રથમ સ્થાન છે તો પછી પોતાની ઈચ્છા ભલે એ ઈબાદત સંબંધિત હોય પણ તે અલ્લાહ અને રસૂલના ઈરાદા બરાબર થઈ શકતી નથી. એટલે ફર્ઝ અને વાજિબ છોડીને માત્ર નફ્લ ઈબાદતો કબૂલ થતી નથી.

### ★ ફર્ઝ નહીં તો નફ્લ અટકેલું ! ★

હદીષોમાં જે કંઈ ફઝીલત બયાન કરવામાં આવી એ એની જગાએ સત્ય છે પણ એમાં જે કંઈ બયાન થયું હોય એ ફર્ઝની નિકટતાથી વધીને નથી, એટલે લોકોએ ફર્ઝ વાજિબની સશક્ત પાબંદીની સાથે નફ્લ અને સુન્નત પર ચાલવું જોઈએ. જો આમ કરવામાં નહીં આવે તો નફ્લ ઈબાદતો અટકેલી રહે છે, એને કબૂલવામાં આવતી નથી. આ વાત પર ઉમ્મતની એકમતિ છે એને ભૂલવામાં ન આવે. અલ્લાહ તઆલા આપણને બંધારણ પ્રમાણે અમલની તૌફીક અતા ફર્માવે. આમિન બિજાહિ સૈયિદિલ મુરસલીન ﷺ.

وَمَا عَلَيْنَا اِلَّا الْبَلَاغُ الْمُبِيْنُ





(પ્રકરણ : ૯)

# નમાઝ છોડવાનો વબાલ હદીષના પ્રકાશમાં

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

نَحْمَدُهٗ وَنُصَلِّیْ عَلٰی رَسُوْلِهٖ سَیِّدِالْمُرْسَلِیْنَ وَعَلٰی اٰلِهٖ وَاَصْحَابِهٖ اَجْمَعِیْنَ ـ اَمَّا بَعْدُ فَاَعُوْذُ بِاللّٰهِ مِنَ الشَّیْطَانِ الرَّجِیْمِ ـ بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِیْمِ ـ حَافِظُوْا عَلَی الصَّلَوَاتِ وَ الصَّلَاةِ الْوُسْطٰی وَ قُوْمُوْا لِلّٰهِ قَانِتِیْنَ ـ صَدَقَ اللّٰهُ الْعَظِیْمُ وَصَدَقَ رَسُوْلُهُ النَّبِیُّ الْاَمِیْنُ الْکَرِیْمُ ـ وَنُحْنُ عَلٰی ذٰلِكَ لَمِنَ الشَّاهِدِیْنَ وَالشَّاكِرِیْنَ وَالْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعَالَمِیْنَ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَیْكَ یَارَسُوْلَ اللّٰهِ
اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَیْكَ یَاحَبِیْبَ اللّٰهِ
اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَیْكَ یَا نَبِیَّ اللّٰهِ
اَلصَّلٰوةُ وَ السَّلَامُ عَلَیْكَ یَا نُوْرَ اللّٰهِ
صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْكَ وَسَلَّمَ

## ★ હશ્રમાં બેનમાઝી દુશ્મનો સાથે ★

**હદીષ : ૧**

عَنْ عَبْدِ اللّٰهِ بْنِ عَمْرِو بْنِ الْعَاصِ عَنِ النَّبِيِّ ﷺ اَنَّهٗ ذَكَرَ الصَّلَاةَ يَوْمًا فَقَالَ مَنْ حَافَظَ عَلَيْهَا كَانَتْ لَهٗ نُوْرًا وَّ بُرْهَانًا وَ نَجَاةً يَوْمَ الْقِيَامَةِ وَمَنْ لَّمْ يُحَافِظْ عَلَيْهَا لَمْ تَكُنْ لَهٗ نُوْرًا وَّلَا بُرْهَانًا وَلَا نَجَاةً وَكَانَ يَوْمَ الْقِيَامَةِ مَعَ قَارُوْنَ وَ فِرْعَوْنَ وَ هَامَانَ وَ اُبَىِّ بْنِ خَلْفٍ رواه الامام احمد والبيهقى فى شعب الايمان والدارمى

અબ્દુલ્લાહ બિન અમ્ર બિન આસથી રિવાયત છે. આપ નબી ﷺથી રિવાયત કરે છે, આપે એક દિવસ નમાઝની ચર્ચા કરી તો ફર્માવ્યું :–

"જેણે એની પાબંદી કરી એના માટે એ પ્રકાશ, પુરાવો અને છૂટકારો છે ક઼િયામતના દિવસે. અને જેણે એની પાબંદી ન કરી એના માટે પ્રકાશ, પુરાવો અને છૂટકારો નથી, અને એ ક઼િયામતના દિવસે કારૂન, ફિરઔન, હામાન અને ઉબય બિન ખલ્ફની સાથે હશે." *(ઈમામ અહમદ, બયહકી, શુઅબુલ ઈમાન, દારૈમી)*

**ફાયદો :** હશ્રમાં અલ્લાહના પ્રિય લોકોની સંગતની ઈચ્છા હોય તો એની પ્રાપ્તિ માટે નમાઝની સમયસર પાબંદી ઘણી જ અગત્યની છે.

## ★ નમાઝ છોડવી કુફ્ર જેવું છે ★

**હદીષ : ૨**

عَنْ بُرَيْدَةَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اَلْعَهْدُ الَّذِىْ بَيْنَنَا وَ بَيْنَهُمُ الصَّلَاةُ فَمَنْ تَرَكَهَا فَقَدْ كَفَرَ رواه الامام احمد والترمذى والنسائى و ابن ماجة و ابن حبان والحاكم

હઝરત બુરૈદા رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું :–

"જે અહદ (ક઼રાર) આપણા અને એમની વચમાં છે નમાઝ છે તો જેણે એને છોડી આપી તો એણે કુફ્ર કર્યુ." *(ઈમામ અહમદ, તિર્મિઝી, નસાઈ, ઈબ્ને માજહ, ઈબ્ને હબ્બાન, હાકિમ)*





## ★ જે જાઈઝ સમજીને છોડે કાફિર ! ★

**હદીષ : ૩**

عَنْ اَنَسٍ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ تَرَكَ الصَّلٰوةَ مُتَعَمِّدًا فَقَدْ كَفَرَ جِهَارًا رواه الطبرانى فى الاوسط

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જેણે જાણી જોઈને નમાઝ છોડી એણે જાહેરમાં કુફ્ર કર્યુ." *(તબ્રાનીએ ઔસત)*

## ★ જવાબદારીથી મુક્ત ★

**હદીષ : ૪**

عَنْ اُمِّ اَيْمَنَ قَالَتْ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ لَاتَتْرُكَنَّ الصَّلٰوةَ مُتَعَمِّدًا فَاِنَّهٗ مَنْ تَرَكَ الصَّلٰوةَ مُتَعَمِّدًا فَقَدْ بَرِاَتْ مِنْهُ ذِمَّةُ اللّٰهِ وَرَسُوْلِهٖ رواه الامام احمد

હઝરત ઉમ્મે અયમનથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું,

"તમે કદાપિ જાણી જોઈને નમાઝ ન છોડો કારણ કે જે જાણી જોઈને નમાઝ છોડે એ અલ્લાહ અને રસૂલની જવાબદારીથી મુક્ત થઈ ગયો." *(ઈમામ અહમદ)*

## ★ દોઝખના દરવાજા પર નામ ★

**હદીષ : ૫**

عَنْ اَبِىْ سَعِيْدٍ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ تَرَكَ الصَّلٰوةَ مُتَعَمِّدًا كُتِبَ اِسْمُهٗ عَلٰى بَابِ النَّارِ مِمَّنْ يَدْخُلُهَا رواه ابو نعيم

હઝરત અબૂ સઈદ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જેણે જાણી જોઈને નમાઝ છોડી એનું નામ દોઝખના દરવાજા પર લખી દેવામાં આવ્યું જેનાથી એ પ્રવેશશે." *(અબૂ નુઐમ)*

## ★ બેનમાઝી તૌબા ન કરે તો અમલ નાક઼બૂલ ★

**હદીષ : ૬**

عَنْ اَبِىْ دَرْدَاءَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ تَرَكَ صَلَاةً مَكْتُوْبَةً حَتّٰى تَفُوْتَهٗ

مِنْ غَيْرِ عُذْرٍ فَقَدْ حَبِطَ عَمَلُهُ رواه ابن ابى شيبة والبزار ولفظه مَنْ تَرَكَ الصَّلَاةَ مُتَعَمِّدًا فَقَدْ كَفَرَ

હઝરત અબૂ દરદા رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જેણે ફર્ઝ નમાઝ છોડી કારણ વગર ત્યાં સુધી કે એ ચાલી ગઈ તો એનો અમલ બેકાર થઈ ગયો. *(ઈબ્ને અબી શયબા)* અને બઝઝાર, એના શબ્દ છે, "જેણે જાણી જોઈને નમાઝ છોડી એણે કુફ્ર કર્યું."

## ★ નમાઝ છોડનાર રહમતથી દૂર ! ★

**હદીષ : ૭**

وَعَنْهُ قَالَ اَوْصَانِىْ خَلِيْلِىْ ﷺ اَنْ لَا تُشْرِكَ بِاللّٰهِ وَاِنْ قُطِّعْتَ وَحُرِّقْتَ وَاَنْ لَّا تَرْكُنَّ صَلَاةً مَكْتُوْبَةً مُتَعَمِّدًا فَمَنْ تَرَكَهَا مُتَعَمِّدًا فَقَدْ بَرِأَتْ مِنْهُ الذِّمَّةُ وَلَا تَشْرَبَ الْخَمْرَ فَاِنَّهَا مِفْتَاحُ كُلِّ شَيْءٍ رواه ابن ماجة ولاحاكم فى المستدرك والامام احمد والبيهقى و رواه الطبرانى عن عبادة بن الصامت

એમનાથી જ રિવાયત છે. કહ્યું કે મારા ખલીલે મને વસિયત કરી કે અમે અલ્લાહ સાથે શિર્ક ન કરીએ ભલે ટુકડે ટુકડા કરી દેવામાં આવે અને સળગાવી દેવામાં આવે. અને ફર્ઝ નમાઝ જાણી જોઈને ન છોડીએ, જેણે એને જાણી જોઈને છોડી આપી એ જવાબદારીમાંથી નીકળી ગયો. અને દારૂ ન પીએ, બેશક ! એ દરેક બુરાઈની ચાવી છે." *(ઈબ્ને માજહ, મુસ્તદરકે હાકિમ, ઈમામ અહમદ, બયહકી, તબ્રાનીએ ઉબાદા બિન સામિતથી રિવાયત કરી)*

## ★ જેની નમાઝ કઝા એનું બધું હલાક ! ★

**હદીષ : ૮**

عَنْ نَوْفَلِ بْنِ مُعَاوِيَةَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ تَرَكَ الصَّلَاةَ فَكَاَنَّمَا وُتِرَ اَهْلِهِ وَمَالِهِ رواه الدار قطنى والبيهقى فى المعرفة وابو داود الطيالسى

હઝરત નવફલ બિન મુઆવિયાથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જેણે નમાઝ છોડી તો જાણે એનાં ઘરવાળા અને એનો માલ બરબાદ કરી દેવામાં આવ્યો." *(દારેકુત્ની, બયહકી મારેફતમાં, અબૂ દાવૂદ તિયાલિસી)*





**હદીષ : ૯**

وَعَنْهُ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ فَاتَتْهُ الصَّلَاةُ فَكَاَنَّمَا وُتِرَ اَهْلَهُ وَمَالَهُ رواه الامام الشافعى و البيهقى

એમનાથી જ રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જેની નમાઝ કઝા થઈ જાણે એના ઘરવાળાં અને એનો માલ બરબાદ થઈ ગયો." *(ઈમામ શાફઈ, બયહકી)*

## ★ બેનમાઝી દીનથી દૂર ! ★

**હદીષ : ૧૦**

عَنْ اَبِىْ هُرَيْرَةَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ لَا سَهْمَ فِى الْاِسْلَامِ لِمَنْ لَّا صَلَاةَ لَهُ وَلَا صَلَاةَ لِمَنْ لَّا وُضُوْءَ لَهُ رواه البزار

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "ઈસ્લામમાં એનો કોઈ ભાગ નથી જેની પાસે નમાઝ નથી, અને નમાઝ નથી જેનું વુઝૂ નથી." *(બઝ્ઝાર)*

## ★ બેનમાઝી માટે પંદર અઝાબો ★

**હદીષ : ૧૧**

عَنِ الْحَارِثِ عَنْ اَمِيْرِ الْمُؤْمِنِيْنَ عَلِىِّ بْنِ اَبِىْ طَالِبٍ رَضِىَ اللّٰهُ عَنْهُ عَنِ النَّبِىِّ ﷺ اَنَّهُ قَالَ مَنْ تَهَاوَنَ بِصَلَاتِهٖ فَاِنَّ اللّٰهَ عَزَّ وَجَلَّ يُعَاقِبُهُ بِخَمْسَ عَشَرَ عُقُوْبَةً سِتٌّ مِنْهَا قَبْلَ الْمَوْتِ وَ ثَلَاثٌ عِنْدَ الْمَوْتِ وَ ثَلَاثٌ فِى الْقَبْرِ وَثَلَاثٌ عِنْدَ خُرُوْجِهٖ مِنَ الْقَبْرِ فَاَمَّا السِّتُّ قَبْلَ الْمَوْتِ فَاَوَّلُهَا اَنَّهُ يَرْفَعُ عَنْهُ اِسْمَ الصَّالِحِيْنَ وَالثَّانِيَةُ تَرْفَعُ عَنْهُ بَرَكَةَ الْحَيَاةِ وَالثَّالِثَةُ تَرْفَعُ بَرَكَةَ الرِّزْقِ وَالرَّابِعَةُ لَا يَقْبَلُ مِنْهُ شَيْئًا مِنْ اَعْمَالِ الْخَيْرِ حَتّٰى يُكْمِلَ صَلَاتَهُ وَالْخَامِسَةُ لَا يُسْتَجَابُ دُعَاؤُهُ وَالسَّادِسَةُ لَا يَجْعَلُ لَهُ فِىْ دُعَاءِ الصَّالِحِيْنَ نَصَبًا وَ اَمَّا الثَّالِثُ الَّتِىْ عِنْدَ الْمَوْتِ فَاَوَّلُهَا يَمُوْتُ عَطْشَانًا وَلَوْ صُبَّتْ فِىْ حَلْقِهٖ سَبْعَةُ اَبْحُرٍ مَا رُوِىَ وَالثَّانِيَةُ اَنَّهُ يَمُوْتُ بَغْتَةً وَالثَّالِثَةُ اَنَّهُ اُثْقِلَ بِحَدِيْدِ الدُّنْيَا وَ خَشَبِهَا وَ اَحْجَارِهَا عَلٰى رَقْبَتِهٖ وَ كَتْفِهٖ وَ اَمَّا الثَّالِثُ الَّتِىْ فِى الْقَبْرِ فَيَضِيْقُ عَلَيْهِ قَبْرُهُ وَ الثَّانِيَةُ يَظْلِمُ عَلَيْهِ الْقَبْرُ وَ

الثَّالِثَةُ يَصِيرُ عَيِيًّا بِالْقَوْلِ وَ اَمَّا الثَّلَاثُ الَّتِىْ عِنْدَ خُرُوْجِهٖ مِنَ الْقَبْرِ فَاَوَّلُهَا يَلْقَى اللّٰهَ عَزَّ وَجَلَّ وَهُوَ عَلَيْهِ غَضْبَانُ وَ الثَّانِيَةُ يَكُوْنُ حِسَابُهٗ شَدِيْدًا وَ الثَّالِثَةُ رُجُوْعُهٗ مِنْ بَيْنِ يَدَىِ اللّٰهِ عَزَّ وَجَلَّ اِلَى النَّارِ اِلَّا اَنْ يَعْفُوَ اللّٰهُ عَنْهُ ـ

غنية الطالبين ح ٢

હારિષે હઝરત અલી બિન અબી તાલિબથી રિવાયત કરી. એમણે કહ્યું S[Z; } ]<, FC ﷺએ ફર્માવ્યું, "જે નમાઝમાં સુસ્તી કરે અલ્લાહ તઆલા એને પંદર પ્રકારના અઝાબો આપશે, એમાંથી છ મૌત પહેલાં, ત્રણ મૌત વખતે, ત્રણ કબ્રમાં, અને ત્રણ એના કબ્રમાંથી નીકળતી વખતે. જે છ મૌત પહેલાં છે એમાંની પ્રથમ એ કે નેક લોકોનું નામ એની પાસેથી ઉઠી જાય છે. બીજી એ કે જિંદગીની બરકત ઉઠી જાય છે, ત્રીજી એ કે રિઝ્કની બરકત ઉઠી જાય છે. ચોથી એ કે એનો કોઈ પણ નેક અમલ કબૂલ કરવામાં નથી આવતો, એટલે સુધી કે એ પોતાની નમાઝ પૂરી કરી લે. પાંચમી એ કે એની દુઆ કબૂલ કરવામાં નથી આવતી. છટ્ટી એ કે નેક લોકોની દુઆમાં એના માટે ભાગ નથી રહેતો. મૌત વખતની ત્રણ તો એમાંની પહેલી છે તરસ્યો મરશે ભલે એના ગળામાં સાત સમુદ્ર નાખી દેવામાં આવે તો પણ એને સબર થશે નહીં. બીજી એ કે ઓચિંતા મરી જશે, ત્રીજી એ કે દુનિયાનું લોખંડ, એનું લાકડું અને એના પથ્થર એના ગળા અને ખભા પર રાખી દેવામાં આવશે. અને ત્રણ જે કબ્રમાં થશે, એના પર એની કબ્ર ભીંચાય જશે, બીજી એ કે કબ્ર અંધકારમય બની જશે, ત્રીજી એ કે (મુનકર નકીરના સવાલોનો) જવાબ નહીં આપી શકે. અને ત્રણ જે એના કબ્રથી નીકળતી વખત થશે તો પ્રથમ એ કે અલ્લાહ તઆલાથી એ સ્થિતિમાં મુલાકાત કરશે કે અલ્લાહ એના પર ક્રોધમાં હશે, બીજી એ કે એનો હિસાબ સખત હશે, ત્રીજી એ કે અલ્લાહ ﷻ સામેથી દોઝખ તરફ પરત જશે, પણ જો અલ્લાહ તઆલા એને માફ ફર્માવે તો! *(ગુન્યતુત્તાલિબીન, ભાગ–૨, પેજ–૨૫૫)*

## ★ નમાઝ ન પઢવી કાફિરોનું કામ છે ! ★

**હદીષ : ૧૨**

عَنْ جَابِرٍ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ بَيْنَ الرَّجُلِ وَ بَيْنَ الشِّرْكِ وَالْكُفْرِ تُرْكُ الصَّلَاةِ رواه مسلم و الترمذى و ابو داود و ابن ماجة





હઝરત જાબિરથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "માણસ અને શિર્ક તથા કુફ્રની વચમાં નમાઝ છોડવી છે." *(મુસ્લિમ, તિર્મિઝી, અબૂ દાવૂદ, ઈબ્ને માજહ્)*

**હદીષ : ૧૩**

عَنْ جَابِرٍ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ بَيْنَ الْاِيْمَانِ وَالْكُفْرِ تَرْكُ الصَّلَاةِ رواه الترمذى

એમનાથી જ રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "ઈમાન અને કુફ્રની વચમાં નમાઝ છોડવી છે." *(તિર્મિઝી)*

**હદીષ : ૧૪**

عَنْ جَابِرٍ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ لَيْسَ بَيْنَ الْعَبْدِ وَ بَيْنَ الشِّرْكِ اَوْ بَيْنَ الْكُفْرِ اِلَّا تَرْكُ الصَّلَاةِ رواه الدارمى و الطبرانى فى الصغير

એમનાથી જ રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "બંદા અને શિર્ક તથા કુફ્રની વચમાં નથી, પણ નમાઝ છોડવી છે." *(દારેમી, તબ્રાનીએ સગીર)*

**હદીષ : ૧૫**

عَنْ اَنَسٍ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ لَيْسَ بَيْنَ الْعَبْدِ وَالشِّرْكِ اِلَّا تَرْكُ الصَّلَاةِ فَاِنْ تَرَكَهَا فَقَدْ اَشْرَكَ رواه ابن ماجة

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "બંદા અને શિર્કની વચમાં નથી પણ નમાઝ છોડવી, જો એ એને છોડી આપે તો એણે શિર્ક કર્યું." *(ઈબ્ને માજહ્)*

**ફાયદો** : આ હદીષોના જાહેરી શબ્દો એ સ્પષ્ટ કરી રહ્યા છે કે નમાઝ જાણી જોઈને કઝા કરનાર ઈસ્લામથી બહાર થઈ જાય છે, પણ વાસ્તવમાં એનો અર્થ એ નથી બલ્કે નમાઝનું મહત્વ બતાવવું છે. અને મુસલમાન માટે નમાઝ કેટલી અગત્યની છે એને સ્પષ્ટ કરવું છે. અમુક લોકોનું મંતવ્ય બેનમાઝી માટે કુફ્રનું જ છે. જેમ કે હંબલી મસ્લકમાં, અને દૌરે સહાબામાં સહાબાનું મંતવ્ય પણ એ જ હતું, જેમ કે અબ્દુલ્લાહ બિન શકીક અકીલીથી રિવાયત છે. ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺના સહાબા નમાઝ સિવાય કોઈ પણ અમલને છોડી દેવાને કુફ્ર સમજતા ન હતા. *(તિર્મિઝી–હાકિમ)*

અમીરુલ મુ'મિનીન અલી મુર્તઝા كرم الله وجهه الكريم થી રિવાયત છે. એમને પૂછવામાં આવ્યું, અય અમીરુલ મુ'મિનીન ! જે માણસ નમાઝ ન પઢે એના વિશે આપનું શું મંતવ્ય છે ? આપે ફર્માવ્યું, જે નમાઝ ન પઢે એ કાફિર છે ! *(અબ્દુર્રઝઝાક, ઈબ્ને અસાકિર તારીખમાં, બયહકી શુઅબુલ ઈમાન)*

ઈમામ શાફઈ અને ઈમામ માલિકના મંતવ્યમાં બેનમાઝીને કત્લની સજાનો હુકમ છે પણ કુફ્રનો નહીં. અને આપણા ઈમામે આ'ઝમના મંતવ્યમાં નમાઝ છોડવી કુફ્ર નથી અને કત્લનો હુકમ પણ નથી, થોડી સજા આપીને એને જેલમાં બંધ કરી દેવામાં આવશે. જેમણે કુફ્રનો ફત્વો ન આપ્યો એમની પાસે પણ હદીષોનો પુરાવો છે જે ઉપરોક્ત હદીષોનો જવાબ છે. એટલે ઉપરોક્ત હદીષોનો મતલબ એ લેવામાં આવશે કે બેનમાઝી કુફ્રથી નજીક થઈ જાય છે, એ કુફ્ર જેવું કામ છે. મુસલમાને જાણી જોઈને નમાઝ છોડવાથી એ રીતે બચવું જોઈએ જે રીતે ઈમાન પછી કુફ્રમાં પડવું.''

## ★ નમાઝ ધ્યાનપૂર્વક પઢો ★

### <u>હદીષ : ૧૬</u>

عَنۡ عُبَادَةِ بۡنِ الصَّامِتِ قَالَ قَالَ رَسُوۡلُ اللّٰهِ صلى الله عليه وسلم خَمۡسُ صَلَوَاتٍ اِفۡتَرَضَهُنَّ اللّٰهُ تَعَالیٰ مَنۡ اَحۡسَنَ وُضُوۡئَهٗ وَصَلَّاهُنَّ لِوَقۡتِهِنَّ وَ اَتَمَّ رُكُوۡعَهُنَّ وَ خُشُوۡعَهُنَّ كَانَ لَهٗ عَلَى اللّٰهِ عَهۡدًا اَنۡ يَغۡفِرَ لَهٗ وَمَنۡ لَمۡ يَفۡعَلۡ فَلَيۡسَ لَهٗ عَلَى اللّٰهِ عَهۡدٌ اِنۡ شَآءَ غَفَرَ لَهٗ وَاِنۡ شَآءَ عَذَّبَهٗ رواه الامام احمد و ابو داود و رویٰ مالك والنسائی و البیهقی فی السنن

હઝરત ઓબાદા બિન સામિતથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ صلى الله عليه وسلم એ ફર્માવ્યું, ''પાંચ નમાઝો જેને અલ્લાહ તઆલાએ ફર્ઝ ફર્માવી તો જેણે એના માટે વ્યવસ્થિત વુઝૂ કર્યું અને એને એના સમયમાં અદા કરી, એનો રુકૂઅ અને એમાં ધ્યાન પૂરે પૂરું રાખ્યું એનો અલ્લાહના કરમ પર વાયદો છે કે એને બખ્શી આપશે. અને જેણે ન કર્યું એના માટે અલ્લાહ પર વાયદો નથી, ઈચ્છે તો બખ્શી આપે અને ઈચ્છે તો અઝાબ આપે.''
*(ઈમામ અહમદ, અબૂ દાવૂદ, માલિક, નસાઈ, બયહકી, સુનનમાં)*





## ★ નમાઝીને જન્નતનો વાયદો ★

### <u>હદીષ : ૧૭</u>

عَنۡ اَبِیۡ قَتَادَةَ قَالَ قَالَ رَسُوۡلُ اللّٰهِ صلى الله عليه وسلم قَالَ اللّٰهُ تَعَالیٰ اِفۡتَرَضۡتُ عَلیٰ اُمَّتِكَ خَمۡسَ صَلَوَاتٍ وَ عَهِدۡتُ عِنۡدِیۡ عَهۡدًا اَنَّهٗ مَنۡ يُّحَافِظُ عَلَيۡهِنَّ لِوَقۡتِهِنَّ اَدۡخَلۡتُهُ الۡجَنَّةَ وَمَنۡ لَّمۡ يُحَافِظۡ عَلَيۡهِنَّ فَلَاعَهۡدَ لَهٗ عِنۡدِیۡ رواه ابن ماجة

હઝરત અબૂ કતાદા رضی اللہ عنہ થી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ صلى الله عليه وسلم એ ફર્માવ્યું, અલ્લાહ તઆલાએ ફર્માવ્યું, મેં તારી ઉમ્મત પર પાંચ નમાઝો ફર્ઝ કરી અને મેં પોતે એ વાયદો કર્યો કે જે એની પાબંદી કરશે સમયસર એને જન્નતમાં દાખલ કરીશ અને જે એની પાબંદી નહીં કરે એના માટે મારો કોઈ વાયદો નથી. *(ઈબ્ને માજહ)*

## ★ બેનમાઝી માટે બખ્શિશનો વાયદો નથી ★

### <u>હદીષ : ૧૮</u>

عَنۡ عُبَادَةَ بۡنِ الصَّامِتِ اَنَّ النَّبِیَّ صلى الله عليه وسلم قَالَ اَتَانِیۡ جِبۡرَئِيۡلُ مِنۡ عِنۡدِ اللّٰهِ تَبَارَكَ وَتَعَالیٰ فَقَالَ يَا مُحَمَّدُ اِنَّ اللّٰهَ عَزَّ وَ جَلَّ يَقُوۡلُ اِنِّیۡ افۡتَرَضۡتُ عَلیٰ اُمَّتِكَ خَمۡسَ صَلَوَاتٍ مَنۡ اَوۡفیٰ بِهِنَّ عَلیٰ وُضُوۡئِهِنَّ وَ مَوَاقِتِهِنَّ وَ رُكُوۡعِهِنَّ وَ سُجُوۡدِهِنَّ كَانَ لَهٗ بِهِنَّ عَهۡدٌ اَنۡ اَدۡخَلَهٗ بِهِنَّ الۡجَنَّةَ وَمَنۡ لَقِيَنِیۡ فَقَدِ انۡتَقَصَ مِنۡ ذٰلِكَ شَيۡـئًا فَلَيۡسَ لَهٗ عِنۡدِیۡ عَهۡدٌ اِنۡ شِئۡتُ عَذَّبۡتُهٗ وَاِنۡ شِئۡتُ رَحِمۡتُهٗ رواه ابو داود الطيالسی و محمد بن نصر فی كتاب الصلاة والطبرانی فی الكبير والضياء فی المختارة

હઝરત ઉબાદા બિન સામિતથી રિવાયત છે કે નબી صلى الله عليه وسلم એ ફર્માવ્યું, ''મારી પાસે જિબ્રઈલ આવ્યા અલ્લાહ તબારક વ તઆલા પાસેથી તો ફર્માવ્યું, બેશક ! અય મુહમ્મદ ! صلى الله عليه وسلم અલ્લાહ તબારક વ તઆલા ફર્માવે છે કે મેં મારી ઉમ્મત પર પાંચ નમાઝો ફર્ઝ કરી, જે એને પૂરી કરે એના વુઝૂ એના સમય એના રુકૂઅ અને એના સિજદા સાથે, જેને લઈને એનો વાયદો છે કે એને જન્નતમાં દાખલ કરશે અને જેણે મારાથી મુલાકાત કરી એ સ્થિતિમાં કે એણે એમાં કશું ઓછુ કર્યું છે તો એના માટે મારો વાયદો નથી, ઈચ્છું તો અઝાબ કરું અને ઈચ્છું તો એના પર કૃપા કરું.'' *(અબૂ*

*દાવૂદ તિયાલિસી, મુહમ્મદ બિન નસ્ર કિતાબુસ્સલાતમાં, તબ્રાનીએ કબીર, ઝિયાએ મુખ્તારામાં)*

**હદીષ : ૧૯**

عَنْ اَبِیْ هُرَیْرَةَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ كَتَبَ اللّٰهُ عَلَى الْعِبَادِ خَمْسَ صَلَوَاتٍ فَمَنْ اَتٰى بِهِنَّ وَقَدْ اَدّٰى حَقَّهُنَّ كَانَ لَهٗ عِنْدَ اللّٰهِ عَهْدٌ اَنْ يُّدْخِلَهُ الْجَنَّةَ وَمَنْ اَتٰى بِهِنَّ وَقَدْ ضَيَّعَ حَقَّهُنَّ اِسْتِخْفَافًا لَمْ يَكُنْ لَّهٗ عِنْدَ اللّٰهِ عَهْدٌ اِنْ شَآءَ عَذَّبَهٗ وَاِنْ شَآءَ رَحِمَهٗ رواه ابو النصر

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "અલ્લાહ તઆલાએ બંદાઓ પર પાંચ નમાઝો ફર્ઝ ફર્માવી, જે એને લાવે અને એનો હક્ક્ અદા કરે તો એના માટે અલ્લાહ પાસે વાયદો છે કે એને જન્નતમાં દાખલ કરશે અને જે એને લાવે અને એનો હક્ક્ અદા ન કરે મહત્વ ન આપીને, એના માટે અલ્લાહ પાસે વાયદો નથી, ઈચ્છે તો અઝાબ આપે અને ઈચ્છે તો એના પર કૃપા કરે !" *(અબૂન્નસ્ર)*

**હદીષ : ૨૦**

عَنْ كَعَبِ بْنِ عُجْرَةَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اَتَدْرُوْنَ مَا يَقُوْلُ رَبُّكُمْ فَاِنَّ رَبَّكُمْ عَزَّ وَجَلَّ يَقُوْلُ مَنْ صَلّٰى الصَّلٰوةَ لِوَقْتِهَا وَ حَافَظَ عَلَيْهَا وَلَمْ يُضَيِّعْهَا اِسْتِخْفَافًا بِحَقِّهَا فَلَهٗ عَهْدٌ اَنْ اُدْخِلَ الْجَنَّةَ وَاِنْ لَّمْ يُصَلِّهَا لِوَقْتِهَا وَلَمْ يُحَافِظْ عَلَيْهَا وَ ضَيَّعَهَا اِسْتِخْفَافًا بِحَقِّهَا فَلَا عَهْدَ لَهٗ اِنْ شِئْتُ عَذَّبْتُهٗ وَاِنْ شِئْتُ غَفَرْتُ لَهٗ رواه الطبرانی فی الاوسط

કઅબ બિન અજરાથી રિવાયત છે. એમણે કહ્યું કે અલ્લાહના રસૂલ ﷺએ ફર્માવ્યું, "તમે જાણો છો કે તમારો રબ શું ફર્માવે છે ? બેશક ! તમારો રબ ﷻ ફર્માવે છે કે જે નમાઝ પઢે, સમયસર એની પાબંદી કરે અને એને મહત્વ ન આપીને એને બરબાદ ન કરે એના માટે વાયદો છે કે એને હું જન્નતમાં દાખલ કરીશ. અને સમયસર ન પઢે, એની પાબંદી ન કરે, એના હક્કને હલકો સમજીને બરબાદ કરે, એના માટે કોઈ વાયદો નથી. ઈચ્છું તો અઝાબ કરું અને ઈચ્છું તો માફ કરી આપું." *(તબ્રાનીએ ઔસત)*





## ★ જન્નતનો વાયદો કોના માટે ?! ★

**હદીષ : ૨૧**

عَنْ اُمِّ الْمُؤْمِنِيْنَ عَائِشَةَ قَالَتْ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ جَآءَ بِالصَّلَوَاتِ الْخَمْسِ يَوْمَ الْقِيَامَةِ قَدْ حَافَظَ عَلٰى وُضُوْئِهَا وَ مَوَاقِيْتِهَا وَرُكُوْعِهَا وَ سُجُوْدِهَا لَمْ يَنْقُصْ مِّنْهَا شَيْئًا جَآءَ وَلَهٗ عِنْدَ اللّٰهِ عَهْدٌ اَنْ لَّا يُعَذِّبَهٗ وَمَنْ جَآءَ قَدْ اِنْتَقَصَ مِنْهُنَّ شَيْئًا فَلَيْسَ لَهٗ عِنْدَ اللّٰهِ عَهْدٌ اِنْ شَآءَ رَحِمَهٗ وَاِنْ شَآءَ عَذَّبَهٗ رواه الطبرانی فی الاوسط

ઉમ્મુલ મુ'મિનીન આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہاથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જે ક઼િયામતના દિવસે પાંચ નમાઝો લઈને આવે જેમાં એણે એના વુઝૂની, સમયની, એના રુકૂઅ અને સિજદાની પાબંદી કરી જેનાથી કંઈ ઓછું ન કર્યું જે આવી શકે, તો એના માટે અલ્લાહ પાસે વાયદો છે કે એને અઝાબ નહીં આપે, અને જે (નમાઝો) લાવ્યો જેમાં કંઈ ઓછું કર્યું તો એના માટે અલ્લાહ પાસે વાયદો નથી, ઈચ્છે તો કૃપા કરે અને ઈચ્છે તો અઝાબ કરે." *(તબ્રાનીએ ઔસત)*

## ★ અમલના ત્રણ પ્રકાર ★

**હદીષ : ૨૨**

عن عائشة اَلدَّوَاوِيْنُ ثَلَاثَةٌ فَدِيْوَانٌ لَّا يَغْفِرُ اللّٰهُ مِنْهُ شَيْئًا وَ دِيْوَانٌ لَّا يَعْبَأُ اللّٰهُ بِهٖ شَيْئًا وَ دِيْوَانٌ لَّا يَتْرُكُ اللّٰهُ مِنْهُ شَيْئًا اَمَّا الدِّيْوَانُ الَّذِىْ لَا يَغْفِرُ اللّٰهُ مِنْهُ شَيْئًا فَالْاِشْرَاكُ بِاللّٰهِ اَمَّا الدِّيْوَانُ الَّذِىْ لَا يَعْبَأُ اللّٰهُ بِهٖ شَيْئًا فَظَلَمَ الْعَبْدُ نَفْسَهٗ فِيْمَا بَيْنَهٗ وَ بَيْنَ رَبِّهٖ مِنْ صَوْمِ يَوْمٍ تَرَكَهٗ وَ صَلَاةٍ تَرَكَهَا فَاِنَّ اللّٰهَ يَغْفِرُ ذٰلِكَ اِنْ شَآءَ فَتَجَاوَزَ وَاَمَّا الدِّيْوَانُ الَّذِىْ لَا يَتْرُكُ اللّٰهُ مِنْهُ شَيْئًا فَمَظَالِمُ الْعِبَادِ بَيْنَهُمُ الْقِصَاصُ لَا مُحَالَةَ رواه الامام احمد والحاكم

હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہاથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "ચોપડા ત્રણ છે : એક ચોપડામાંથી અલ્લાહ કશું માફ નહીં કરે અને એક ચોપડાની અલ્લાહ ﷻને કોઈ પરવા નથી અને એક ચોપડામાંથી અલ્લાહ કશું નહીં છોડે. જે ચોપડામાંથી

કંઈ માફ નહીં કરે તે કુફ્રનો ચોપડો છે, અને જેની અલ્લાહ સુબ્હાનહૂ વ તઆલાને કોઈ પરવા નથી એ બંદાનો પોતાની જાન પર ત્રાસ કરવો છે, પોતાના અને પોતાના રબના કામમાં. કોઈ દિવસનો રોઝો છોડી દીધો અથવા કોઈ નમાઝ છોડી આપી, અલ્લાહ તઆલા ચાહશે તો માફ કરી આપશે અને દરગુજર કરી લેશે. અને જે ચોપડામાંથી કંઈ નહીં છોડે એ બંદાના હક્કો છે, એમાં જરૂર બદલો થવાનો છે." *(ઈમામ અહમદ, હાકિમ)*

**ફાયદો** : આ હદીષોમાં માફ કરવાનું પણ અલ્લાહની ઈચ્છા પર રાખવામાં આવ્યું છે. જ્યારે કે કુર્આનથી સાબિત છે કે કાફિર માટે માફી નથી. સ્પષ્ટ થયું કે નમાઝ છોડવી અને વખત પર અદા ન કરવી મહાન ગુનોહ છે, પણ એનાથી માણસ ઈસ્લામથી બહાર થશે નહીં જેનો ઉપરોક્ત હદીષો પુરાવો છે.

## ★ નમાઝમાં નાકામ બધામાં નાકામ ! ★

**હદીષ : ૨૩**

عَنْ اَنَسٍ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اَوَّلُ مَا يُحَاسَبُ بِهِ الْعَبْدُ يَوْمَ الْقِيَامَةِ الصَّلٰوةُ فَاِنْ صَلُحَتْ صَلُحَ سَائِرُ عَمَلِهٖ وَاِنْ فَسَدَتْ فَسَدَ سَائِرُ عَمَلِهٖ رواه الطبرانی فی الاوسط

હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, "કિયામતના દિવસે બંદાને પ્રથમ જે વાતનો સવાલ કરવામાં આવશે એ નમાઝ છે, એ સારી રહી તો એના બધા અમલ સારા રહ્યા, અને એમાં ખરાબી આવી તો એના બધા અમલ ખરાબ થયા." *(તબ્રાનીએ ઔસત)*

**હદીષ : ૨૪**

عَنْ اَبِیْ هُرَيْرَةَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اِنَّ اَوَّلَ مَا يُحَاسَبُ بِهِ الْعَبْدُ يَوْمَ الْقِيَامَةِ مِنْ عَمَلِهِ الصَّلٰوةُ فَاِنْ صَلُحَتْ فَقَدْ اَفْلَحَ وَ اَنْجَحَ وَاِنْ فَسَدَتْ فَقَدْ خَابَ وَ خَسِرَ وَاِنِ انْتَقَصَ مِنْ فَرِيْضَتِهٖ قَالَ الرَّبُّ اُنْظُرُوْا هَلْ لِعَبْدِیْ مِنْ تَطَوُّعٍ فَيُكَمَّلُ بِهَا مَا انْتَقَصَ مِنَ الْفَرِيْضَةِ ثُمَّ يَكُوْنُ سَائِرُ عَمَلِهٖ عَلٰى ذٰلِكَ رواه الترمذی والنسائی و ابن ماجة





હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, "બેશક ! કિયામતના દિવસે બંદાને પ્રથમ જે વાતનો સવાલ કરવામાં આવશે એના અમલમાં એ નમાઝ છે. એ સારી રહી તો એ સફળ અને કામયાબ રહ્યો, અને જો એમાં ખરાબી રહી તો બેઈજ્જત અને નુકસાનમાં રહ્યો, અને જે એના ફર્ઝમાં કમી હશે તો રબ ફર્માવશે, જુઓ શું મારા બંદા પાસે નફ્લ છે ? ફર્ઝમાં જે કમી છે તેને એનાથી પૂરી કરો, પછી એના બધા અમલો આ પ્રમાણે રહેશે." *(તિર્મિઝી, નસાઈ, ઈબ્ને માજહ)*

**ફાયદો** : પ્રથમ હિસાબ નમાઝનો એ બરાબર હોય તો બીજા ફર્ઝોનો હિસાબ થશે. નમાઝમાં કમી હોય તો બીજા અમલો તરફ ધ્યાન આપવામાં આવશે નહીં, ફર્ઝમાં કમી હોય તો એ પ્રકારના નફ્લને એની જગાએ અલ્લાહના કરમ અને કૃપાથી રાખવામાં આવશે.

## ★ પ્રથમ સવાલ નમાઝનો ★

**હદીષ : ૨૫**

عَنْ اَنَسٍ قَالَ رَسُوْلُ اللّٰهِ اَوَّلَ مَا يُحَاسَبُ بِهِ الْعَبْدُ يَوْمَ الْقِيَامَةِ صَلَاتُهٗ فَاِنْ تَمَّتْ صَلَاتُهٗ فَقَدْ اَفْلَحَ وَ اَنْجَحَ وَ اِنْ فَسَدَتْ فَقَدْ خَابَ وَ خَسِرَ رواه الطبرانی فی الاوسط

હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, "કિયામતના દિવસે બંદાને પ્રથમ જે વાતનો સવાલ કરવામાં આવશે એ એની નમાઝ છે. એની નમાઝ પૂરી થશે તો એ સફળ અને કામયાબ છે અને ખરાબ થશે તો એ બેઈજ્જત અને નુકસાનમાં છે." *(તબ્રાનીએ ઔસત)*

## ★ નમાઝની સફળતા મૂળ છે ★

**હદીષ : ૨૬**

عَنْ اَبِیْ هُرَيْرَةَ قَالَ قَالَ رسولُ اللّٰهِ ﷺ اِنَّ اَوَّلَ مَا يُحَاسَبُ بِهِ الْعَبْدُ صَلَاتُهٗ فَاِنْ صَلُحَتْ صَلُحَ سَائِرُ عَمَلِهٖ وَاِنْ فَسَدَتْ فَسَدَ سَائِرُ عَمَلِهٖ ثُمَّ يَقُوْلُ اُنْظُرُوْا هَلْ لِعَبْدِیْ مِنْ نَافِلَةٍ فَاِنْ كَانَتْ لَهٗ نَافِلَةٌ اُتِمَّ بِهَا الْفَرِيْضَةُ ثُمَّ الْفَرَائِضُ كَذٰلِكَ لِفَائِدَةِ اللّٰهِ وَ رَحْمَتِهٖ رواه ابن عساكر

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, "બેશક ! બંદાને જે વાતનો પ્રથમ સવાલ કરવામાં આવશે એ એની નમાઝ છે. જો એ બરાબર હશે તો એના બધાં કામો બરાબર છે, અને એ બગડેલું હશે તો એના સઘળા અમલ બગડેલા છે. પછી ફર્માવશે, જુઓ મારા બંદા પાસે નફ્લ છે ? જો એની પાસે નફ્લ હોય તો એનાથી ફર્ઝ પૂરો કરો, પછી ફર્ઝો આ પ્રમાણે છે. અલ્લાહની કૃપા અને DCZA FGLYLRc *(ઈબ્ને અસાકિર)*

## ★ બેનમાઝી દોઝખમાં ★

**હદીષ : ૨૭**

عَنُ غَنَمِ الدَّارِیُ قَالَ اَوَّلُ مَا یُحَاسَبُ بِهِ الُعَبُدُ یَوُمَ الُقِیَامَةِ الصَّلَاةُ الُمَكُتُوبَةُ فَاِنُ اَتَمَّهَا وَاِلَّا قِیُلَ اُنُظُرُوُا هَلُ لَهٗ مِنُ تَطَوُّعٍ فَاُكُمِلَتِ الُفَرِیُضَةُ مِنُ تَطَوُّعِهٖ فَاِنُ لَّمُ یُكُمَلِ الُفَرِیُضَةُ وَلَمُ یَكُنُ لَّهٗ تَطَوُّعٌ اُخِذَ بِطَرُفَیُهِ فَیُقُذَفُ بِهٖ فِی النَّارِ ذكره فی كنز العمال من قسم الافعال

ગનમ દારીથી રિવાયત છે. આપે ફર્માવ્યું, "ક્રિયામતના દિવસે બંદાને જે પ્રથમ સવાલ કરવામાં આવશે એની ફર્ઝ નમાઝ છે. જો એ પૂરી હશે (તો ઠીક) નહીં તો કહેવામાં આવશે કે જુઓ એની પાસે નફ્લ છે ? એના નફ્લથી એના ફર્ઝને પૂરો કરો. જો ફર્ઝ પૂરો ન હોય અને એની પાસે નફ્લ પણ ન હોય, તો એના બંને બાજુ પકડવામાં આવશે પછી એને દોઝખમાં નાખી દેવામાં આવશે." *(કન્ઝુલ ઉમ્માલ)*

## ★ ફજરની નમાઝ ઈમાનનો ઝંડો ★

**હદીષ : ૨૮**

عَنُ سَلُمَانَ قَالَ قَالَ رَسُوُلُ اللّٰهِ صلی اللہ علیہ وسلم مَنُ غَدَا اِلٰی صَلَاةِ الصُّبُحِ غَدَا بِرَایَةِ الُاِیُمَانِ وَمَنُ غَدَا اِلَی السُّوُقِ غَدَا بِرَایَةِ اِبُلِیُسَ رواه ابن ماجة

હઝરત સલમાન رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, "જે સવારની નમાઝ માટે ગયો એ ઈમાનના ઝંડા સાથે ગયો અને જે બજાર તરફ ગયો એ ઈબ્લિસના ઝંડા સાથે ગયો." *(ઈબ્ને માજહ્)*





## ★ નમાઝે અસરનું મહત્વ ★

**હદીષ : ૨૯**

عَنُ بُرَیُدَةَ قَالَ كَانَ رَسُوُلُ اللّٰهِ صلی اللہ علیہ وسلم فِیُ بَعُضِ غَزَوَاتِهٖ فَقَالَ بَكِّرُوُا بِالصَّلَاةِ فِیُ یَوُمِ الُغَنَمِ فَاِنَّهٗ مَنُ تَرَكَ الُعَصُرَ حُبِطَ عَمَلُهٗ رواه النسائی والامام احمد

હઝરત બુરૈદા رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم પોતાની કોઈ ગઝવા (યુદ્ધ)માં હતા, આપે ફર્માવ્યું, "વાદળી હોય તો નમાઝમાં જલ્દી કરો, કારણ કે જેણે અસરની નમાઝ છોડી આપી એનો અમલ બેકાર થઈ ગયો." *(નસાઈ, ઈમામ અહમદ)*

**હદીષ : ૩૦**

عَنُ اِبُنِ عُمَرَ قَالَ قَالَ رَسُوُلُ اللّٰهِ صلی اللہ علیہ وسلم اَلَّذِیُ تَفُوُتُهٗ صَلَاةُ الُعَصُرِ كَاَنَّمَا وُتِرَ اَهُلُهٗ وَمَالُهٗ رواه الامام مالك و البخاری و مسلم و ابو داود و ترمذی و النسائی و ابن ماجة

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, "જેની અસરની નમાઝ છૂટી ગઈ જાણે એના ઘરવાળા અને એનો માલ નષ્ટ કરી દેવામાં આવ્યો." *(ઈમામ અહમદ, માલિક, બુખારી, મુસ્લિમ, અબૂ દાવૂદ, તિર્મિઝી, નસાઈ, ઈબ્ને માજહ્)*

**હદીષ : ૩૧**

عَنُ نَوُفَلِ بُنِ مُعَاوِیَةَ قَالَ قَالَ رَسُوُلُ اللّٰهِ صلی اللہ علیہ وسلم مِنَ الصَّلَوَاتِ صَلَاةٌ مَنُ فَاتَتُهُ فَاِنَّمَا وُتِرَ اَهُلُهٗ وَمَالُهٗ یَعُنِی الُعَصُرَ رواه النسائی

હઝરત નવફલ બિન મુઆવિયાથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, "નમાઝમાંથી એક નમાઝ છે જેની એ છૂટી ગઈ તો જાણે એના ઘરવાળાં અને એનો માલ બરબાદ કરી દેવામાં આવ્યો, એટલે કે અસર." *(નસાઈ)*

**હદીષ : ૩૨**

عَنُ اَبِیُ دَرُدَاءَ قَالَ قَالَ رَسُوُلُ اللّٰهِ صلی اللہ علیہ وسلم مَنُ تَرَكَ صَلَاةَ الُعَصُرِ مُتَعَمِّدًا حَتّٰی تَفُوُتَهٗ فَقَدُ حُبِطَ عَمَلُهٗ رواه الامام احمد و ابن ابی شیبة

હઝરત અબૂ દરદા رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જે અસરની નમાઝ છોડી આપે જાણી જોઈને ત્યાં સુધી કે એ કઝા થઈ જાય, એનો અમલ બેકાર થઈ ગયો." *(ઈમામ અહમદ, ઈબ્ને અબી શયબા)*

**હદીષ : 33**

عَنْ نَوْفَلِ بْنِ مُعَاوِيَةَ عَنْ اَبِيْهِ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ لِاَنْ يُّوْتِرَ اَحَدُكُمْ اَهْلُهٗ وَمَالُهٗ خَيْرٌ لَّهٗ مِنْ اَنْ يَّفُوْتَ وَقْتُ صَلَاةِ الْعَصْرِ رواه عبد الرزاق والطبرانی فی الاوسط

હઝરત નવફલ બિન નવફલ મુઆવિયાથી રિવાયત છે. તેઓ પોતાના પિતાથી રિવાયત કરે છે એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "તમારામાંથી કોઈના ઘરવાળાં અને એનો માલ બરબાદ કરી દેવામાં આવે એ ઉત્તમ છે એનાથી કે એની અસરની નમાઝનો સમય ચાલ્યો જાય !" *(અબ્દુર્રઝઝાક, તબ્રાનીએ ઔસત)*

**હદીષ : 34**

عَنْ اَمِيْرِ الْمُؤْمِنِيْنَ عُمَرُ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ تَرَكَ صَلَاةَ الْعَصْرِ حَتّٰى تَغِيْبَ الشَّمْسُ مِنْ غَيْرِ عُذْرٍ فَكَاَنَّمَا وُتِرَ اَهْلُهٗ وَمَالُهٗ رواه ابن ابی شيبة

અમીરુલ મુ'મિનીન ઉમર رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જે અસરની નમાઝ છોડી દે એટલે સુધી કે સૂર્ય અથમાય જાય કોઈ કારણ (શરઈ) વગર, જાણે એના ઘરવાળાં અને માલ બરબાદ થઈ ગયો." *(ઈબ્ને અબી શયબા)*

## ★ વિત્ર વાજિબ કેમ ? ★

**હદીષ : 35**

عَنْ بُرَيْدَةَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اَلْوِتْرُ حَقٌّ فَمَنْ لَمْ يُوْتِرْ فَلَيْسَ مِنَّا رواه الامام احمد و ابو داود و الحاكم

હઝરત બુરૈદા رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "વિત્ર હક્ક઼ છે, જેણે વિત્ર ન પઢી એ અમારો નથી." *(ઈમામ અહમદ, અબૂ દાવૂદ, હાકિમ)*





## ★ બેનમાઝીથી અલ્લાહ વ રસૂલ નાખૂશ ! ★

**હદીષ : ૩૬**

عَنْ اُمَيْمَةَ مَوْلَاةِ رَسُوْلِ اللّٰهِ ﷺ قَالَتْ كُنْتُ اَصُبُّ عَلٰى رَاسِ رَسُوْلِ اللّٰهِ ﷺ وَضُوْئَهٗ فَدَخَلَ رَجُلٌ فَقَالَ اَوْصِنِىْ فَقَالَ ﷺ لَا تُشْرِكْ بِاللّٰهِ شَيْئًا وَاِنْ قُطِّعْتَ وَحُرِّقْتَ بِالنَّارِ وَلَا تَعُصَ وَالِدَيْكَ وَاِنْ اَمَرَاكَ اَنْ تُخَلِّىَ مِنْ اَهْلِكَ وَ دُنْيَاكَ فَتُخَلَّهٗ وَلَا تَشْرِبَنَّ خَمْرًا فَاِنَّهَا مِفْتَاحُ كُلِّ شَرٍّ وَلَا تَتْرُكَنَّ صَلَاةً مُتَعَمِّدًا فَمَنْ فَعَلَ ذٰلِكَ بَرِئَتْ مِنْهُ ذِمَّةُ اللّٰهِ وَرَسُوْلِهٖ ـ الطبرانی

રસૂલુલ્લાહ ﷺની આઝાદ કરેલી સ્ત્રી હઝરત ઉમૈમાથી રિવાયત છે. એમણે કહ્યું કે હું રસૂલુલ્લાહ ﷺના માથા પર એમનું પાણી વહાવી રહી હતી. એટલામાં એક માણસ આવ્યો, એણે વિનંતિ કરી મને વસિયત કરો. તો રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "અલ્લાહ સાથે કોઈને શરીક ન કર ભલે તારા ટુકડા કરી દેવામાં આવે અથવા તને સળગાવી દેવામાં આવે. અને તારાં માતા પિતાની નાફર્માની ન કર અને જો તેઓ તને હુકમ કરે કે તારા ઘરવાળા અને તારી દુનિયાથી અલગ થઈ જા, તો એનાથી અલગ થઈ જા, અને કદાપિ દારૂ ન પી ! બેશક ! એ દરેક બુરાઈની ચાવી છે, અને કદાપિ જાણી જોઈને નમાઝ ન છોડ. તો જેણે આમ કર્યું એનાથી અલ્લાહ અને રસૂલની જવાબદારી ઉઠી ગઈ." *(તબ્રાની)*

## ★ અલ્લાહનો અતિ પ્રિય અમલ ★

**હદીષ : ૩૭**

عن عمر رضی اللہ عنه قَالَ جَآءَ رَجُلٌ اِلَى النَّبِىِّ ﷺ فَقَالَ يَا رَسُوْلَ اللّٰهِ اَىُّ الْاَعْمَالِ اَحَبُّ اِلَى اللّٰهِ فِى الْاِسْلَامِ؟ فَقَالَ اَلصَّلَاةُ لِوَقْتِهَا وَمَنْ تَرَكَ الصَّلَاةَ فَلَا دِيْنَ لَهٗ وَ الصَّلَاةُ عِمَادُ الدِّيْنِ ـ البيهقی

હઝરત ઉમર رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે એક માણસ રસૂલુલ્લાહ ﷺ પાસે આવ્યો, એણે વિનંતિ કરી, "અય અલ્લાહના રસૂલ ! ﷺ કયો અમલ ઈસ્લામમાં અલ્લાહને વધારે પ્રિય છે ? તો આપે ફર્માવ્યું, સમયસર નમાઝ, અને જેણે નમાઝ છોડી એના માટે કોઈ દીન નથી, અને નમાઝ દીનનો થાંભલો છે." *(બયહકી)*

## ★ માથાનો ભુક્કો ★

**હદીષ : ૩૮**

وفى حديث البزار قَالَ ثُمَّ اَتىَ النَّبِىُّ ﷺ عَلىٰ قَوْمٍ تُرضَخُ رُؤُسُهُمْ بِالصَّخْرِ كُلَّمَا رُضِخَتْ عَادَتْ كَمَا كَانَتْ وَلاَ يُفْتَرُ عَنْهُمْ مِنْ ذٰلِكَ شَيْئٌ قَالَ يَا جِبْرَئِيْلُ مَنْ هٰؤُلاَءِ ؟ قَالَ هٰؤُلاَءِ تَثَاقَلَتْ رُؤُوسُهُمْ عَنِ الصَّلاَةِ ـ البزار

બઝઝારની હદીષમાં છે. પછી નબી ﷺ એક ક઼ૌમ પાસે આવ્યા જેમનાં માથાંઓ પથ્થરથી તોડવામાં આવી રહ્યાં હતાં. જ્યારે જ્યારે તોડવામાં આવતાં ફરી એવાં જ થઈ જતાં જેવાં હતાં. આપે ફર્માવ્યું, અય જિબ્રઈલ ! આ કોણ છે ? વિનંતિ કરી, આ એ લોકો છે જેમના માથાંઓ નમાઝથી ભારે થઈ ગયાં હતાં. (એટલે કે તેઓ નમાઝમાં સુસ્તી કરતા) *(બઝ્ઝાર)*

## ★ નમાઝ વખતે સૂઈ જનાર ★

**હદીષ : ૩૯**

عن سمرة بن جندب اَنَّهٗ ﷺ قَالَ لَنَا ذَاتُ غَدَاتٍ اَنَّهٗ اَتَانِى اللَّيْلَةَ اٰتِيَنَا وَاِنَّهُمَا بَعَثَا بِىْ وَ اِنَّهُمَا قَالاَ لِىْ اِنْطَلِقْ وَاِنِّىْ اِنْطَلَقْتُ مَعَهُمَا وَاِذَا اَتَيْنَا عَلىٰ رَجُلٍ مُضْطَجِعٍ وَ اِذَا آخِرُ قَائِمٌ عَلَيْهِ بِصَخْرَةٍ وَاِذَا هُوَ يَهْوِىْ بِالصَّخْرَةِ لِرَاسِهٖ فَيَبْلُغُ رَاسَهٗ فَيَتَدَهْدَهُ الْحَجَرُ اَىْ فَيَتَدَحْرَجُ فَيَاخُذُهٗ فَلاَ يَرْجِعُ عَلَيْهِ حَتّٰى يَصِحَّ رَاسَهٗ كَمَا كَانَ ثُمَّ يَعُوْدُ عَلَيْهِ فَيَفْعَلُ بِهٖ مِثْلَ مَا فَعَلَ فِى الْمَرَّةِ الْاُوْلىٰ قَالَ قُلْتُ لَهُمَا سُبْحَانَ اللّٰهِ مَا هٰذَا؟ قَالاَ لِىْ اِنَّا سَنُخْبِرُكَ اَمَّا الرَّجُلُ الْاَوَّلُ وَالَّذِىْ اَتَيْتُ عَلَيْهِ يَثْلَغُ رَاسَهٗ بِالْحَجَرِ فَاِنَّهٗ الرَّجُلُ يَاخُذُ الْقُرْآنَ فَيَرْفُضُهٗ وَ يَنَامُ عَنِ الصَّلاَةِ الْمَكْتُوبَةِ ـ البخارى

સમોરા બિન જુનદુબથી રિવાયત છે. હદીષ ઘણી લાંબી છે પણ આપણા મક઼સદને લગતો ભાગ આ છે. ''એટલામાં બંને ફરિશ્તાઓ મને લઈ આવ્યા એવા વ્યક્તિ પાસે જે જમીન પર આડો પડેલો અને બીજો એની પાસે પથ્થર લઈને ઉભેલો, એટલામાં એ પથ્થર એના માથા પર નાખતો, તો એ એના માથાને પહોંચતો, પથ્થર ગબડીને જતો તો એ બીજો એને લેતો. એ પરત ન આવતો કે પહેલી વ્યક્તિનું માથું વ્યવસ્થિત થઈ જતું





જેમ પહેલાં હતું, પાછો એ એની તરફ પરત આવતો અને એવું કરતો જેમ પહેલાં કર્યું હતું. નબી ﷺએ કહ્યું, મેં એમને (ફરિશ્તાઓને) પૂછયું, સુબ્હાનલ્લાહ ! આ શું છે ? એમણે મને કહ્યું, અમે આપને ખબર આપીએ છીએ : પ્રથમ વ્યક્તિ જેની પાસે તમે આવ્યા જેનું માથુ પથ્થરથી કચુંડવામાં આવી રહ્યું હતું તે એ વ્યક્તિ હતો જે કુ઼ર્આન લેતો અને ક઼બૂલ ન કરતો (અમલ ન કરતો) અને ફર્ઝ નમાઝથી સૂતેલો રહેતો.'' *(બુખારી)*

## ★ સમયસર નમાઝનો ફાયદો ★

**હદીષ : ૪૦**

روى الذهبى اَنَّهٗ ﷺ قَالَ اِذَا صَلىَّ الْعَبْدُ الصَّلاَةَ فِىْ اَوَّلِ الْوَقْتِ صَعُدَتْ اِلىَ السَّمَآءِ وَلَهَا نُوْرٌ حَتّٰى تَنْتَهِىَ اِلىَ الْعَرْشِ فَتَسْتَغْفِرُ لِصَاحِبِهَا اِلىٰ يَوْمِ الْقِيَامَةِ وَ تَقُوْلُ حَفَظَكَ اللّٰهُ كَمَا حَفَظْتَنِىْ وَ اِذَا صَلىَّ الْعَبْدُ الصَّلاَةَ فِىْ غَيْرِ وَقْتِهَا صَعُدَتْ اِلىَ السَّمَآءِ وَ عَلَيْهَا الظُّلْمَةُ فَاِذَا انْتَهَتْ اِلىَ السَّمَآءِ تُلَفُّ كَمَا يُلَفُّ الثَّوْبُ الْخَلَقُ وَ يَضْرِبُ بِهَا وَجْهَ صَاحِبِهَا ـ رواه الذهبى

ઝહબીએ રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ''જ્યારે બંદો અવ્વલ સમયમાં નમાઝ પઢે છે, તો એની નમાઝ આકાશમાં ચઢે છે, એના માટે નૂર હોય છે ત્યાં સુધી કે એ અર્શ પર પહોંચે છે, પછી ક઼િયામત સુધી એના પઢનાર માટે મગફિરતની દુઆ કરતી રહેશે અને કહેશે, અલ્લાહ તારી હિફાઝત કરે જેમ તેં મારી હિફાઝત કરી. અને જ્યારે બંદો એનો સમય છોડીને નમાઝ પઢે છે તો એની નમાઝ આકાશમાં ચઢે છે અને એના માટે અંધારું હોય છે. પછી જ્યારે આકાશમાં પહોંચે છે, પછી એને લપેટી લેવામાં આવે છે જેમ જૂના કપડાંને લપેટી લેવામાં આવે છે, અને એના પઢનારના મોઢા પર મારી દેવામાં આવે છે. *(ઝહબી)*

**ફાયદો** : આ ચાલીસ હદીષોથી જાણવા મળ્યું કે નમાઝ છોડવી અને ક઼ઝા કરવી મહાન ગુનોહ છે અને એનો મોટો અને ભયંકર વબાલ છે. એક મુસલમાને પોતાને મુસલમાન કહીને ક્યારે પણ આવી ગંભીર ભૂલ ન કરવી જોઈએ, પોતે પણ નમાઝની પાબંદી કરવી જોઈએ, અને ઘરના લોકોને પણ એની પાબંદી કરવી જોઈએ. અલ્લાહ તઆલા આપણને અમલની તૌફીક઼ અતા ફર્માવે. આમીન બિજાહિ સૈયિદિલ મુરસલીન ﷺ.

(પ્રકરણ : ૧૦)

# નમાઝે બાજમાઅત અને સવાબ હદીષના પ્રકાશમાં

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

نَحْمَدُهٗ وَنُصَلِّىْ عَلٰى رَسُوْلِهٖ سَيِّدِالْمُرْسَلِيْنَ وَعَلٰى اٰلِهٖ وَاَصْحَابِهٖ اَجْمَعِيْنَ ـ اَمَّا بَعْدُ فَاَعُوْذُ بِاللّٰهِ مِنَ الشَّيْطَانِ الرَّجِيْمِ ـ بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ـ حَافِظُوْا عَلَى الصَّلَوَاتِ وَ الصَّلَاةِ الْوُسْطٰى وَ قُوْمُوْا لِلّٰهِ قَانِتِيْنَ ـ صَدَقَ اللّٰهُ الْعَظِيْمُ وَصَدَقَ رَسُوْلُهُ النَّبِىُّ الْاَمِيْنُ الْكَرِيْمُ ـ وَنَحْنُ عَلٰى ذٰلِكَ لَمِنَ الشَّاهِدِيْنَ وَالشَّاكِرِيْنَ وَالْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعَالَمِيْنَ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَارَسُوْلَ اللّٰهِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَاحَبِيْبَ اللّٰهِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَا نَبِىَّ اللّٰهِ

اَلصَّلٰوةُ وَ السَّلَامُ عَلَيْكَ يَا نُوْرَ اللّٰهِ

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْكَ وَسَلَّمَ





**હદીષ : ૧**

عَنْ اِبْنِ عُمَرَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ صَلٰوةُ الْجَمَاعَةِ تَفْضُلُ صَلَاةَ الْفَذِّ بِسَبْعٍ وَّ عِشْرِيْنَ دَرَجَةً رواه المالك و احمد و بخارى و مسلم و ترمذى و نسائى و ابن ماجة و الطبرانى فى الصغير

હઝરત ઈબ્ને ઉમરથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જમાઅતવાળી નમાઝ એકલી નમાઝથી સત્તાવીસ દરજા ઉત્તમ છે." *(ઈમામ માલિક, અહમદ, બુખારી, મુસ્લિમ, તિર્મિઝી, નસાઈ, ઈબ્ને માજહ, તબ્રાનીએ સગીર)*

### ★ જંગલની નમાઝ પચાસ દરજા ઉત્તમ ★

**હદીષ : ૨**

عن ابى سعيد قال قال رسول الله ﷺ صَلَاةُ الْجَمَاعَةِ تَفْضُلُ صَلَاةَ الْفَذِّ بِخَمْسٍ وَّ عِشْرِيْنَ دَرَجَةً رواه الامام احمد و البخارى و ابن ماجة

હઝરત અબૂ સઈદ رضى الله عنهથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું :–

"માણસની નમાઝ જમાઅતથી વધી જાય છે એના એકલાની નમાઝથી પચ્ચીસ દરજા."

પછી જ્યારે એ નમાઝ પઢે જંગલમાં પૂરા વુઝૂ અને પૂરા રુકૂઅ અને સિજદાથી તો એની નમાઝ પચાસ દરજે પહોંચી જાય છે. *(અબૂ દાવૂદ, અબ્દ બિન હુમૈદ, અબૂ યઅલા, ઈબ્ને હબ્બાન, હાકિમની મુસ્તદરકમાં)*

### ★ જમાઅતનો મર્તબો સમજો ★

**હદીષ : ૩**

عَنْ اَبِىْ هُرَيْرَةَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ تَفْضُلُ صَلَاةُ الْجَمَاعَةِ عَلَى الْوَاحِدِ سَبْعًا وَ عِشْرِيْنَ دَرَجَةً رواه الامام احمد

હઝરત અબૂ હુરૈરહ رضى الله عنهથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જમાઅતવાળી નમાઝ એકલી પર સત્તાવીસ દરજા ઉત્તમ છે." *(ઈમામ અહમદ)*

## ★ સિત્તેર ઘણી ઉત્તમ ★

**હદીષ : ૪**

عَنْ ثُمَامَةَ بْنِ عَبْدِ اللّٰهِ بْنِ اَنَسٍ عَنْ جَدِّهٖ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ صَلَاةُ الرَّجُلِ وَحْدَهٗ فِیْ بَیْتِهٖ بِسَعَةٍ وَّ عِشْرِیْنَ ضِعْفًا رواه سعید بن منصور

હઝરત ષુમામા બિન અબ્દુલ્લાહ બિન અનસથી રિવાયત છે. તેઓ પોતાના દાદાથી રિવાયત કરે છે. કહ્યું કે અલ્લાહના રસૂલ ﷺએ ફર્માવ્યું, માણસની નમાઝ જમાઅતથી એકલા માણસની નમાઝથી પોતાના ઘરમાં સિત્તેર ઘણી ઉત્તમ છે." *(સઅદ બિન મન્સૂર)*

## ★ જેવો ઈખ્લાસ તેવો દરજો ★

**હદીષ : ૫**

عَنْ اِبْنِ مَسْعُوْدٍ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ صَلَاةُ الرَّجُلِ فِی الْجَمَاعَةِ تَزِیْدُ عَلٰی صَلَاةِ الرَّجُلِ وَحْدَهٗ تِسْعًا وَّ عِشْرِیْنَ صَلَاةً رواه الطبرانی فی الکبیر

હઝરત ઈબ્ને મસઊદ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "માણસની નમાઝ જમાઅતથી એકલા માણસની નમાઝ પર ઓગણત્રીસ નમાઝો વધીને છે." *(તબ્રાનીએ કબીર)*

**હદીષ : ૬**

عَنْ زَیْدِ بْنِ ثَابِتٍ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ صَلَاةُ الْجَمْعِ تَفْضُلُ عَلٰی صَلَاةِ الرَّجُلِ وَحْدَهٗ اَرْبَعًا وَ عِشْرِیْنَ مِنْهُمَا اِلٰی صَلَاتِهٖ خَمْسًا وَّ عِشْرِیْنَ رواه الطبرانی فی الکبیر

હઝરત ઝૈદ બિન ષાબિતથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું :–

"જમાઅતની નમાઝ એકલા માણસની નમાઝથી ચોવીસ ઘણી ઉત્તમ છે." *(તબ્રાનીએ કબીર)*

**હદીષ : ૭**

عَنْ اِبْنِ مَسْعُوْدٍ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ فَضْلُ صَلَاةِ الرَّجُلِ فِی الْجَمَاعَةِ عَلٰی صَلَاتِهٖ وَحْدَهٗ تِسْعًا وَّ عِشْرِیْنَ صَلَاةً رواه الطبرانی فی الکبیر

હઝરત ઈબ્ને મસઊદ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ





ﷺએ ફર્માવ્યું, "માણસની જમાઅતથી નમાઝ એના એકલાની નમાઝથી વીસથી અધિક દરજા ઉત્તમ છે." *(ઈમામ અહમદ)*

**હદીષ : ૮**

عن ابی هریرة قال قال رسول الله ﷺ اِنَّ صَلَاةَ الرَّجُلِ فِیْ جَمَاعَةٍ تَزِیْدُ عَلٰی صَلَاتِهٖ وَحْدَهٗ بِخَمْسَةٍ وَّ عِشْرِیْنَ جُزْاً رواه الترمذی

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું :–

"બેશક ! માણસની નમાઝ જમાઅતથી એના એકલાની નમાઝથી પચ્ચીસ ભાગ વધીને છે." *(તિર્મિઝી)*

**હદીષ : ૯**

عَنْ صُهَیْبٍ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ صَلَاةُ الرَّجُلِ فِیْ جَمَاعَةٍ تَعْدِلُ صَلَاتَهٗ وَحْدَهٗ خَمْسًا وَ عِشْرِیْنَ رواه لطبرانی فی لکبیر

હઝરત સુહૈબ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "માણસની નમાઝ જમાઅતથી એના એકલાની પચ્ચીસ નમાઝો બરાબર છે." *(તબ્રાનીએ કબીર)*

## ★ ફર્ઝ સિવાયની નમાઝ ઘરમાં ઉત્તમ ★

**હદીષ : ૧૦**

عَنْ ضَمُرَةَ بْنِ حُبَیْبٍ عَنْ اَبِیْهِ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ فَضْلُ صَلَاةِ الْجَمَاعَةِ عَلٰی صَلَاةِ الرَّجُلِ وَحْدَهٗ خَمْسٌ وَّ عِشْرُوْنَ دَرَجَةً وَفَضْلُ صَلَاةِ التَّطَوُّعِ فِی الْبَیْتِ عَلٰی فِعْلِهَا فِی الْمَسْجِدِ كَفَضْلِ صَلَاةِ الْجَمَاعَةِ عَلَی الْمُنْفَرِدِ رواه ابن السکن

હઝરત ઝમરા બિન હબીબથી રિવાયત છે. તેઓ પોતાના પિતાથી કહે છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જમાઅતવાળી નમાઝની ફઝીલત એકલા વ્યક્તિની નમાઝ પર પચ્ચીસ દરજા ઉત્તમ છે, ઘરમાં નફ્લ નમાઝની ફઝીલત એના મસ્જિદના એ અમલ પર એવી જ છે જેમ જમાઅતવાળી નમાઝની ફઝીલત એકલાની નમાઝ પર." *(ઈબ્ને સકન)*

## ★ જે માંગો તે મળે ★

**હદીષ : ૧૧**

عَنْ اَبِیْ سَعِیْدٍ قَالَ قَالَ رَسُوْلُ اللّٰہِ ﷺ اِنَّ اللّٰہَ یَسْتَحْیِ مِنْ عَبْدِہٖ اِذَا صَلّٰی فِیْ جَمَاعَۃٍ ثُمَّ سَأَلَ حَاجَتَہٗ اَنْ یَنْصَرِفَ حَتّٰی یَقْضِیَھَا رواہ ابن النجار

હઝરત અબૂ સઈદ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "બેશક ! અલ્લાહને પોતાના બંદાથી શરમ આવે છે જ્યારે એ જમાઅતમાં નમાઝ અદા કરે છે, પછી પોતાની હાજતને પૂરી કરવાની માંગ કરે છે ત્યાં સુધી કે એ એને પૂરી કરી આપે." *(ઈબ્ને નજ્જાર)*

## ★ ગણતરી ભૂલો નહીં ★

**હદીષ : ૧૨**

عَنِ الْحَسَنِ مُرْسَلًا قَالَ قَالَ رَسُوْلُ اللّٰہِ ﷺ صَلَاۃُ الرَّجُلِ فِی الْجَمْعِ تَفْضُلُ عَلٰی صَلَاۃِ الرَّجُلِ وَحْدَہٗ اَرْبَعًا وَّ عِشْرِیْنَ صَلَاۃً رواہ عبد الرزاق

હઝરત હસનથી મુરસલન રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "માણસની નમાઝ જમાઅતથી એકલા વ્યક્તિની ચોવીસ નમાઝોથી ઉત્તમ છે." *(અબ્દુર્રઝઝાક)*

**હદીષ : ૧૩**

عَنْ اُمِّ الْمُؤْمِنِیْنَ الصِّدِّیْقَۃِ قَالَتْ قَالَ رَسُوْلُ اللّٰہِ ﷺ صَلَاۃُ الْجَمَاعَۃِ تَفْضُلُ عَلٰی صَلَاۃِ الْفَذِّ خَمْسًا وَّ عِشْرِیْنَ رواہ النسائی و ابو نعیم فی الحلیۃ ورواہ الطبرانی فی الاوسط عن انس

ઉમ્મુલ મુ'મિનીન સિદીકા (આઈશા) رضی اللہ عنہاથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જમાઅતની નમાઝ એકલી નમાઝથી પચ્ચીસ ઘણી ઉત્તમ છે." *(નસાઈ, અબૂ નુએમ, હિલ્યામાં, તબ્રાનીએ ઔસતમાં હઝરત અનસથી)*

## ★ નિય્યત પર સવાબ ★

**હદીષ : ૧૪**

عَنْ عَوْفِ بْنِ حَارِثٍ قَالَ قَالَ رَسُوْلُ اللّٰہِ ﷺ مَنْ تَوَضَّأَ فَاَحْسَنَ وُضُوْءَہٗ ثُمَّ





رَاحَ فَوَجَدَ النَّاسَ قَدْ صَلَّوْا اَعْطَاہُ اللّٰہُ عَزَّ وَجَلَّ مِثْلَ اَجْرِ مَنْ صَلَّاھَا وَ حَضَرَھَا لَا یَنْقُصُ ذٰلِکَ مِنْ اُجُوْرِھِمْ شَیْئًا رواہ الحاکم فی المستدرک

હઝરત ઔફ બિન હારિષથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જેણે વ્યવસ્થિત વુઝૂ કર્યું, પછી ચાલ્યો તો એ પામ્યો લોકોને કે એમણે નમાઝ અદા કરી લીધી છે. અલ્લાહ ﷻ એમને આપશે એમની નમાઝનો એમની હાજરી માફક સવાબ, અને એમનાથી એમના સવાબથી કશુ જ એવું નહીં થાય." *(મુસ્તદરકે હાકિમ)*

## ★ જમાઅતમાં હજ્જનો સવાબ ★

**હદીષ : ૧૫**

عَنْ اَبِیْ اُمَامَۃَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰہِ ﷺ مَنْ مَشٰی اِلٰی صَلَاۃٍ مَکْتُوْبَۃٍ فِی الْجَمَاعَۃِ فَھِیَ کَحَجَّۃٍ وَمَنْ مَشٰی اِلٰی صَلَاۃٍ تَطَوُّعٍ فَھِیَ کَعُمْرَۃٍ نَافِلَۃٍ رواہ الطبرانی فی الکبیر

હઝરત અબૂ ઉમામા رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જે ફર્ઝ નમાઝની જમાઅત માટે ચાલે તો એ હજ્જ બરાબર છે અને જે નફ્લ નમાઝ તરફ ચાલે તો એ નફ્લ ઉમરા માફક છે." *(તબ્રાનીએ કબીર)*

## ★ અલ્લાહથી મુલાકાત કરવા શું કરશો ? ★

**હદીષ : ૧૬**

عَنْ اِبْنِ عُمَرَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰہِ ﷺ مَنْ سَرَّہٗ اَنْ یَلْقَی اللّٰہَ عَزَّ وَجَلَّ غَدًا مُسْلِمًا فَلْیُحَافِظْ عَلَی الصَّلَوَاتِ الْخَمْسِ حِیْنَ یُنَادٰی بِھِنَّ رواہ الطبرانی فی الاوسط

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું :–

"જેને આવતી કાલે અલ્લાહ ﷻથી મુસ્લિમ હોવાની હાલતમાં મુલાકાત કરવી હોય તો એ પાંચ નમાઝોની પાબંદી કરે જ્યારે એના માટે અઝાન કહેવામાં આવે." *(તબ્રાનીએ ઔસત)*

## ★ હજાર શહીદોનો સવાબ ★

**હદીષ : ૧૭**

عَنْ اَبِیْ هُرَيْرَةَ وَ ابْنُ عَبَّاسٍ قَالَا قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اِنَّ مَنْ حَافَظَ عَلٰی هٰؤُلَاۤءِ صَلَوَاتِ الْخَمْسِ الْمَكْتُوْبَاتِ فِیْ جَمَاعَةٍ كَانَ اَوَّلَ مَنْ يَجُوْزُ عَلَی الصِّرَاطِ كَالْبَرْقِ اللَّامِعِ وَحَشَرَهُ اللّٰهُ فِیْ اَوَّلِ زُمْرَةِ السَّابِقِيْنَ وَكَانَ لَهٗ فِیْ كُلِّ يَوْمٍ وَّ لَيْلَةٍ حَافَظَ عَلَيْهِنَّ كَاَجْرِ اَلْفِ شَهِيْدٍ قُتِلُوْا فِیْ سَبِيْلِ اللّٰهِ رواه الطبرانی فی الاوسط

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી અને ઈબ્ને અબ્બાસથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જે આ પાંચ ફર્ઝ નમાઝોની જમાઅતથી પાબંદી કરશે તો એ પહેલો હશે જે પુલ સિરાતને ચળકતી વીજળી માફક પાર કરશે. અલ્લાહ તઆલા પ્રથમ કક્ષાના લોકોમાં એનો હશ્ર કરશે અને એના માટે રાત અને દિવસની પાંચ નમાઝની પાબંદી પર એક હજાર શહીદો માફક સવાબ છે જેમને અલ્લાહના માર્ગમાં શહીદ કરવામાં આવ્યા." *(તબ્રાનીએ ઔસત)*

## ★ ફજરની નમાઝ પછી ઝિક્રનો સવાબ ★

**હદીષ : ૧૮**

عَنْ اَنَسٍ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ لِعُثْمَانَ يَا عُثْمَانُ ابْنُ مَظْعُوْنٍ مَنْ صَلَّی صَلَاةَ الْفَجْرِ فِیْ جَمَاعَةٍ ثُمَّ جَلَسَ يَذْكُرُ اللّٰهَ حَتّٰی تَطْلُعَ الشَّمْسُ كَانَ لَهٗ فِی الْفِرْدَوْسِ سَبْعُوْنَ دَرَجَةً بُعْدُ مَا بَيْنَ كُلِّ دَرَجَتَيْنِ كَحُضْرِ الْفَرَسِ الْجَوَّادِ الْمُضَمَّرِ سَبْعِيْنَ سَنَةً وَمَنْ صَلَّی صَلَاةَ الظُّهْرِ فِیْ جَمَاعَةٍ كَانَ لَهٗ فِیْ جَنَّاتِ عَدْنٍ خَمْسُوْنَ دَرَجَةً بُعْدَ مَا بَيْنَ كُلِّ دَرَجَتَيْنِ كَحُضْرِ الْفَرَسِ الْجَوَّادِ الْمُضَمَّرِ خَمْسُوْنَ سَنَةً وَمَنْ صَلَّی الْعَصْرَ فِیْ جَمَاعَةٍ كَانَ لَهٗ كَاَجْرِ ثَمَانِيَةٍ مِّنْ وُّلْدِ اِسْمَاعِيْلَ كُلِّهِمْ رَبُّ بَيْتٍ يُعْتِقُهُمْ وَمَنْ صَلَّی الْمَغْرِبَ فِیْ جَمَاعَةٍ فَهِیَ كَحَجَّةٍ مَبْرُوْرَةٍ وَعُمْرَةٍ مُتَقَبَّلَةٍ وَمَنْ صَلَّی الْعِشَآءَ فِیْ جَمَاعَةٍ كَانَ كَقِيَامِ لَيْلَةِ الْقَدْرِ رواه البيهقی





હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું ઉષ્માનને કે, "અય ઉષ્માન બિન મઝઉન ! જે ફજરની નમાઝ જમાઅતથી પઢે પછી બેસીને અલ્લાહને યાદ કરે ત્યાં સુધી કે સૂર્ય નીકળે તો એના માટે ફિરદૌસમાં સિત્તેર દરજા છે, બે દરજાની વચમાંનું અંતર જાણે સિત્તેર વર્ષ સુધી. અને જે ઝોહરની નમાઝ જમાઅતથી પઢશે એના માટે જન્નતે અદનમાં પચાસ દરજા છે. બે દરજાની વચમાંનું અંતર જાણે પચાસ વર્ષોનું, અને જે અસરની નમાઝ જમાઅતથી પઢશે એના માટે હઝરત ઈસ્માઈલની ઔલાદથી આઠ જેવો છે જેમને ઘરનો માલિક આઝાદ કરે. અને જે મગરિબની નમાઝ જમાઅતથી પઢશે તો એ કબૂલ થયેલ હજ્જ અને ઉમરા બરાબર છે. અને જે ઈશાની નમાઝ જમાઅતથી પઢશે તો એ લયલતુલ કદરની નમાઝ જેવી છે." (બયહકી)

## ★ રહમતમાં ડૂબકી લેવી ! ★

**હદીષ : ૧૯**

عَنْ اَبِیْ هُرَيْرَةَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اَلْمَشَّاؤُنَ اِلَی الْمَسَاجِدِ فِی الظُّلَمِ اُولٰئِكَ الْخَوَّاضُوْنَ فِیْ رَحْمَةِ اللّٰهِ رواه ابن ماجة

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "મસ્જિદો તરફ અંધારામાં ચાલવાવાળાઓ એ જ લોકો અલ્લાહની રહમતમાં ડૂબકીઓ લેનાર છે." *(ઈબ્ને માજહ્)*

## ★ અંધારામાં નૂરની બશારત ★

**હદીષ : ૨૦**

عَنْ اَنَسٍ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ بَشِّرِ الْمَشَّائِيْنَ فِی الظُّلَمِ اِلَی الصَّلَاةِ بِنُوْرٍ سَاطِعٍ اِلٰی يَوْمِ الْقِيَامَةِ بَيْنَ اَيْدِيْهِمْ وَ عَنْ شَمَائِلِهِمْ رواه ابن النجار

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું :–

**"અંધારામાં નમાઝ માટે ચાલવાવાળાઓને જોરદાર પ્રકાશની ખુશખબરી છે, કિયામતના દિવસે એમની સામે અને એમની આજુબાજુમાં."** *(ઈબ્ને નજ્જાર)*

<u>**હદીષ : ૨૧**</u>

عَنْ اَبِىْ مُوْسىٰ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ بَشِّرِ الْمَشَّائِيْنَ فِى الظُّلَمِ اِلَى الْمَسَاجِدِ بِنُوْرٍ عَظِيْمٍ مِنْ عِنْدَ اللّٰهِ يَوْمَ الْقِيَامَةِ رواه الطبرانى فى الكبير

હઝરત અબૂ મૂસા رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, **"અંધારામાં મસ્જિદો તરફ ચાલવાવાળાઓને મહાન નૂરની ખુશખબરી છે ક઼િયામતના દિવસે અલ્લાહ તઆલા તરફથી."** *(તબ્રાનીએ કબીર)*

<u>**હદીષ : ૨૨**</u>

عَنْ اَمِيْرِ الْمُؤْمِنِيْنَ عُمَرَ بْنِ الْخَطَّابِ قَالَ جَآءَ جِبْرَئِيْلُ اِلَى النَّبِىِّ ﷺ قَالَ بَشِّرِ الْمَشَّائِيْنَ فِى الظُّلَمِ اِلَى الْمَسَاجِدِ بِنُوْرٍ تَامٍ يَوْمَ الْقِيَامَةِ رواه ابن الجوزى

હઝરત અમીરુલ મુ'મિનીન ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે નબી ﷺ પાસે હઝરત જિબ્રઈલ આવ્યા અને ફર્માવ્યું, અંધારામાં મસ્જિદો તરફ ચાલવાવાળાઓને સંપૂર્ણ નૂરની બશારત આપો ક઼િયામતના દિવસે." *(ઈબ્ને ઝૌઝી)*

## ★ નૂરનું મિમ્બર ★

<u>**હદીષ : ૨૩**</u>

عَنْ اَبِىْ اُمَامَةَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ بَشِّرِ الْمُدْلِجِيْنَ اِلَى الْمَسَاجِدِ فِى الظُّلَمِ بِمَنَابِرَ مِنْ نُوْرٍ يَوْمَ الْقِيَامَةِ يَفْزَعُ النَّاسُ وَلَا يَفْزَعُوْنَ رواه الطبرانى فى الكبير

હઝરત અબૂ ઉમામા رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, **"બશારત આપો અંધારામાં મસ્જિદો તરફ ચાલવાવાળાઓને ક઼િયામતના દિવસે નૂરના મિમ્બરોની, લોકો ગભરાશે પણ તેઓ ગભરાશે નહીં."** *(તબ્રાનીએ કબીર)*

## ★ બમણો નફો ★

<u>**હદીષ : ૨૪**</u>

عَنْ اِبْنِ عُمَرَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ رَاحَ اِلَى الْمَسْجِدِ الْجَمَاعَةِ





فَخُطْوَةٌ تَمْحُوْ سَيِّئَةً وَ خُطْوَةٌ تُكْتَبُ لَهٗ حَسَنَةٌ ذَاهِبًا وَّ رَاجِعًا رواه الامام احمد والطبرانى فى الكبير و ابن حبان

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જે મસ્જિદ તરફ ચાલે તો એક ડગલું ગુનોહ મટાડે છે અને બીજા પર નેકી લખવામાં આવે છે જતાં અને પરત આવતાં." *(ઈમામ અહમદ, તબ્રાનીએ કબીર, ઈબ્ને હબ્બાન)*

## ★ દરજાની બુલંદી અલગથી ★

<u>**હદીષ : ૨૫**</u>

عَنْ اَبِىْ هُرَيْرَةَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ صَلَاةُ الرَّجُلِ فِىْ جَمَاعَةٍ تَزِيْدُ عَلىٰ صَلَاتِهٖ فِىْ بَيْتِهٖ وَصَلَاتُهٗ فِىْ سُوْقِهٖ خَمْسًا وَّ عِشْرِيْنَ دَرَجَةً وَذٰلِكَ اَنَّ اَحَدَكُمْ اِذَا تَوَضَّأَ فَاَحْسَنَ الْوُضُوْءَ ثُمَّ اَتَى الْمَسْجِدَ لَايُرِيْدُ اِلَّا الصَّلَاةَ لَمْ يَخْطُوْ خُطْوَةً اِلَّا رَفَعَهُ اللّٰهُ بِهَا دَرَجَةً وَحُطَّ عَنْهُ بِهَا خَطِيْئَةً حَتّٰى يَدْخُلَ الْجَنَّةَ رواه الامام احمد والبخارى ومسلم و ابو داود و ابن ماجة

હઝરત અબૂ હુરૈરહ્થી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "માણસની નમાઝ જમાઅતથી એની એના ઘરમાંની નમાઝથી અને એના બજારની નમાઝથી પચ્ચીસ દરજા વધીને છે, અને આ એટલા માટે કે તમારામાંથી કોઈ જ્યારે વ્યવસ્થિત વુઝૂ કરે પછી મસ્જિદે આવે, ઈરાદો નમાઝનો જ હોય, તો જે પણ ડગ ઉઠાવશે એના પર અલ્લાહ તઆલા એનો એક દરજો બુલંદ ફર્માવશે અને એક ગુનોહ હટાવશે ત્યાં સુધી કે એ મસ્જિદમાં પ્રવેશે." *(અહમદ, બુખારી, મુસ્લિમ, અબૂ દાવૂદ, ઈબ્ને માજહ્)*

## ★ મસ્જિદની હાજરી પર સવાબ નિયુક્ત ★

<u>**હદીષ : ૨૬**</u>

عَنْ عَمْرِو بْنِ عَبَسَةَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اِذَا دَعَا الْمُسْلِمُ بِطَهُوْرِهٖ فَغَسَلَ وَجْهَهٗ سَقَطَتْ خَطَايَا وَجْهِهٖ مِنْ اَطْرَافِ لِحْيَتِهٖ وَاِذَا غَسَلَ يَدَيْهِ سَقَطَتْ خَطَايَا يَدَيْهِ مِنْ اَنَامِلِهٖ فَاِذَا مَسَحَ رَاسَهٗ سَقَطَتْ خَطَايَا رَاسِهٖ مِنْ اَطْرَافِ شَعْرِهٖ

فَاِذَا غَسَلَ رِجلَیهِ سَقَطَتْ خَطَایَا رِجلَیهِ مِنْ بُطُوْنِ قَدَمَیهِ فَاِنْ طَلَقَ فَصَلّٰی فِیْ جَمَاعَةٍ فَقَدْ وَقَعَ اَجرُهٗ عَلَی اللّٰهِ وَاِنْ صَلّٰی رَکْعَتَینِ یُخْلِصُ فِیهِمَا نِیَّتَهٗ لِلّٰهِ فَهُوَ كَفَّارَةٌ رواه سعيد بن منصور

હઝરત અમ્ર બિન અબ્બાસથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જ્યારે કોઈ મુસલમાન વ્યક્તિ પોતાની તહારતનું પાણી મંગાવે પછી પોતાનો ચહેરો ધૂએ તો એના ચહેરાના ગુનાહ એની દાઢીની આજુબાજુએથી પણ પડી જશે. અને જ્યારે પોતાના હાથ ધોશે એના ગુનાહ એની આંગળીઓના બેડકામાંથી પણ પડી જશે, પછી જ્યારે પોતાના માથાનો મસોહ કરશે તો એના માથાના ગુનાહ પડી જશે એના વાળના ખૂણે ખૂણાથી. પછી જ્યારે પોતાના પગ ધોશે, એના પગના ગુનાહ પડી જશે એના કદમોના તળીયેથી. પછી એ ચાલે અને જમાઅતથી નમાઝ પઢે તો એનો સવાબ અલ્લાહ પાસે થઈ ગયો અને પછી બે રકાત નમાઝ પઢે, અલ્લાહ માટે પોતાની નિય્યતના ઈખ્લાસથી તો એ કફ્ફારો છે." *(સઈદ બિન મન્સૂર)*

## ★ મસ્જિદથી દૂરને સવાબ વધારે ★

**હદીષ : ૨૭**

عَنْ اَبِیْ هُرَیرَةَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اِلْاَبْعَدُ فَالْاَبْعَدُ مِنَ الْمَسْجِدِ اَعْظَمُ اَجْرًا رواه الامام احمد و ابوداود و ابن ماجة و الحاكم فی المستدرك و البيهقی فی شعب الايمان

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે. આપ નબી ﷺથી રિવાયત કરે છે આપે ફર્માવ્યું, **"જે મસ્જિદથી જેટલો દૂર છે એ સવાબમાં એટલો જ વધારે છે."** *(મુસ્તદરકે હાકિમ)*

**ફાયદો** : એને મસ્જિદ સુધી આવવામાં વધારે સમય કાઢવો પડે છે અને ચાલવું પણ વધારે પડે છે એટલે એના માટે સવાબ વધારે છે.

## ★ કારણસર લેટ થયો તો સવાબ પૂરો ★

**હદીષ : ૨૮**

عَنْ رَجُلٍ مِنَ الْاَنْصَارِ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اِذَا تَوَضَّأَ اَحَدُکُمْ فَاَحْسَنَ





الْوُضُوْءَ ثُمَّ خَرَجَ اِلَی الصَّلَاةِ لَمْ یَرْفَعْ قَدَمَهُ الْیُمْنٰی اِلَّا کَتَبَ اللّٰهُ عَزَّ وَجَلَّ لَهٗ حَسَنَةٌ وَلَمْ یَصَنَعْ قَدَمَهُ الْیُسْرٰی اِلَّا حَطَّ اللّٰهُ عَزَّ وَجَلَّ عَنْهُ بِهَا سَیِّئَةً فَلْیَقْرُبْ اَحَدُکُمْ اَوْلِیَبْعُدْ فَاِنْ اَتَی الْمَسْجِدَ وَصَلّٰی فِیْ جَمَاعَةٍ یُغْفَرُ لَهٗ فَاِنْ اَتَی الْمَسْجِدَ وَقَدْ صَلُّوْا وَ بَقِیَ بَعْضٌ صَلّٰی مَا اَدْرَكَ وَ اَتَمَّ مَا بَقِیَ کَانَ کَذٰلِكَ وَاِنْ اَتَی الْمَسْجِدَ وَقَدْ صَلُّوْا فَاَتَمَّ الصَّلَاةَ کَانَ کَذٰلِكَ رواه ابو داود والبيهقی

અન્સારના એક વ્યક્તિથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જ્યારે તમારામાંથી કોઈ વુઝૂ કરે તો વ્યવસ્થિત વુઝૂ કરે પછી નમાઝ માટે નીકળે તો એના જમણા કદમ પર અલ્લાહ તઆલા નેકી લખશે અને ડાબા કદમ પર એનો એક ગુનોહ દૂર કરશે, પછી તમારામાંથી કોઈ નજીક રહે અથવા દૂર. પછી જો એ મસ્જિદે આવે એને બખ્શી દેવામાં આવશે. અને જો એ મસ્જિદે આવે અને લોકોએ નમાઝ પઢી લીધી અને થોડી બાકી છે, મળી એટલી પઢી અને બાકીની પૂરી કરી તો એ પણ એવો જ છે, અને જો મસ્જિદે આવે અને લોકોએ નમાઝ પઢી લીધી છે તો એણે નમાઝ પૂરી કરી તો પણ એવો જ છે." *(અબૂ દાવૂદ, બયહકી)*

**ફાયદો** : નમાઝે બાજમાઅત માટે ટાઈમસર નીકળ્યો પણ કોઈ કારણસર મસ્જિદમાં એ સમયે પહોંચ્યો કે જમાઅતની નમાઝ થઈ ગઈ અથવા અમુક રકાત પઢી લેવામાં આવી તો દરેક સ્થિતિમાં એને જમાઅતની પૂરી નમાઝનો સવાબ મળશે.

## ★ ફરિશ્તાઓની સફ કોની પાછળ ★

**હદીષ : ૨૯**

عَنْ سَلْمَانَ قَالَ قَالَ النَّبِیُّ ﷺ مَا مِنْ رَجُلٍ یَکُوْنُ بِاَرْضٍ فیْءٍ فَیُؤَذِّنُ بِحَضْرَةِ الصَّلَاةِ وَیُقِیْمُ الصَّلَاةَ فَیُصَلِّیْ اِلَّا صَفَّ خَلْفَهٗ مِنَ الْمَلٰئِکَةِ مَالَا یُرٰی قِطَارُهٗ یَرْکَعُوْنَ بِرُکُوْعِهٖ وَ یَسْجُدُوْنَ بِسُجُوْدِهٖ وَ یُؤَمِّنُوْنَ عَلٰی دُعَائِهٖ رواه البيهقی فی السنن الكبرٰی

હઝરત સલ્માન رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે નબી ﷺએ ફર્માવ્યું, "જે માણસ ખુલ્લા મેદાનમાં હોય, નમાઝનો સમય થઈ જવા પર અઝાન આપે, અને નમાઝની ઈકામત કહે પછી નમાઝ પઢે એની

પાછળ ફરિશ્તાઓની સફ હોય છે જેના બંને કિનારા જોઈ ન શકાય, જેઓ (ફરિશ્તા) એના રુકૂઅ સાથે રુકૂઅ અને એના સિજદા સાથે સિજદો કરે છે અને એની દુઆ પર આમીન કહે છે." *(બયહકી સુનને કુબ્રમાં)*

## ★ આગલી સફ પર દુરૂદ ★

**હદીષ : ૩૦**

عَنِ الْاِمَامِ الْاَعْظَمِ عَنْ حَمَّادٍ عَنْ اِبْرَاهِيْمَ اَنَّهٗ كَانَ يَقُوْلُ سَوُّوْا صُفُوْفَكُمْ وَ سَوُّوْا مَنَاكِبَكُمْ وَ تَرَاصُوْا لَتُرَاصُنَّ اَوْ لَيَتَخَلَّلَنَّكُمُ الشَّيْطَانُ كَاَوْلَادِ الْحَذْفِ اِنَّ اللّٰهَ وَ مَلٰئِكَتَهٗ يُصَلُّوْنَ عَلٰى مُقَدَّمِ الصُّفُوْفِ رواه الامام محمد فى الاثار

હઝરત ઈમામે આ'ઝમ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે હમ્માદથી એમણે ઈબ્રાહીમથી રિવાયત કરી. આપ ફર્માવતા હતા કે "તમારી સફો સીધી કરો અને તમારા ખભા બરાબર રાખો."

અથવા શૈતાન તમારી વચમાં ઘુસી જશે બકરીના બચ્ચાંઓ માફક, બેશક ! અલ્લાહ અને એના ફરિશ્તા આગલી સફ પર દુરૂદ મોકલે છે." *(ઈમામ મુહમ્મદ આષારમાં)*

**હદીષ : ૩૧**

عَنِ الْاِمَامِ الْاَعْظَمِ عَنْ عَطَاءِ بْنِ يَسَارٍ عَنْ اَبِىْ سَعِيْدِ الْخُدْرِىْ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صلى الله عليه وسلم اِنَّ اللّٰهَ وَ مَلٰئِكَتَهٗ يُصَلُّوْنَ عَلَى الَّذِيْنَ يُصَلُّوْنَ الصُّفُوْفَ رواه ابو محمد البخارى

ઈમામે આ'ઝમ رضی اللہ عنہથી રિવાયત છે. આપ અતા બિન યસારથી અને આપ અબૂ સઈદ ખુદરીથી રિવાયત કરે છે. આપે ફર્માવ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, "બેશક ! અલ્લાહ અને એના ફરિશ્તાઓ સફોને મેળવીને રાખનારાઓ પર દુરૂદ મોકલે છે." *(અબૂ મુહમ્મદ બુખારી)*

## ★ સફ પૂરી કરો અને નિકટતા મેળવો ★

**હદીષ : ૩૨**

عَنْ اُمِّ الْمُؤْمِنِيْنَ الصِّدِّيْقَةَ قَالَتْ قَالَ رَسُوْلُ اللّٰهِ صلى الله عليه وسلم اِنَّ اللّٰهَ وَ مَلٰئِكَتَهٗ يُصَلُّوْنَ عَلَى الَّذِيْنَ يَصِلُوْنَ الصُّفُوْفَ وَمَنْ سَدَّ فُرْجَةً رَفَعَهُ اللّٰهُ بِهَا دَرَجَةً رواه ابن ماجة ولاحاكم





ઉમ્મુલ મુ'મિનીન હઝરત સિદ્દીકા رضی اللہ عنہاથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, "બેશક ! અલ્લાહ અને એના ફરિશ્તાઓ દુરૂદ પઢે છે એમના પર જેઓ સફોને મેળવીને રાખે છે અને જે છૂટેલી જગાને ભરશે અલ્લાહ તઆલા એનો દરજો બુલંદ કરશે." *(ઈબ્ને માજહ, હાકિમ)*

## ★ પ્રથમ સફનો દરજો ★

**હદીષ : ૩૩**

عَنْ عِرْبَاضِ بْنِ سَارِيَةَ اَنَّ رَسُوْلَ اللّٰهِ صلى الله عليه وسلم كَانَ يُصَلِّىْ عَلَى الصَّفِّ الْاَوَّلِ ثَلَاثًا وَ عَلَى الثَّانِىْ وَاحِدَةً رواه النسائى و ابن ماجة

હઝરત ઈર્બાઝ બિન સારિયાથી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم પ્રથમ સફ માટે ત્રણ વખત મગફિરતની દુઆ કરતા અને બીજી સફ માટે એક વખત." *(નસાઈ, ઈબ્ને માજહ)*

## ★ સફ સીધી રાખવાની તકેદારી ★

**હદીષ : ૩૪**

عَنْ بَرَاءِ بْنِ عَازِبٍ قَالَ كَانَ رَسُوْلُ اللّٰهِ صلى الله عليه وسلم يَتَخَلَّلُ الصَّفَّ مِنْ نَاحِيَةٍ اِلٰى نَاحِيَةٍ يَمْسَحُ صُدُوْرَنَا وَ مَنَاكِبَنَا وَ يَقُوْلُ لَا تَخْتَلِفُوْا فَتَخْتَلِفُ قُلُوْبُكُمْ وَكَانَ يَقُوْلُ اِنَّ اللّٰهَ عَزَّ وَ جَلَّ وَ مَلٰئِكَتَهٗ يُصَلُّوْنَ عَلَى الصُّفُوْفِ الْاَوَّلِ رواه ابو داو والدارمى و ابن ماجة

હઝરત બરાઅ બિન આઝિબથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એક ખૂણાથી બીજા ખૂણા સુધી સફમાં ફરતા, અમારી છાતીઓ અને ખભા પર હાથ ફેરવતા, અને ફર્માવતા, વાંકી ચૂકી ન રાખો ! નહીં તો તમારા દિલોમાં વિવાદ પેદા થઈ જશે. અને ફર્માવતા, બેશક ! અલ્લાહ جل جلاله અને એના ફરિશ્તાઓ પ્રથમ સફો પર દુરૂદ મોકલે છે." *(અબૂ દાવૂદ, દારેમી, ઈબ્ને માજહ)*

## ★ ચિઠ્ઠી ફરકાવવી ★

**હદીષ : ૩૫**

عَنْ اَبِىْ هُرَيْرَةَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صلى الله عليه وسلم لَوْ يَعْلَمُوْنَ مَا فِى الصَّفِّ الْاَوَّلِ لَكَانَتْ قُرْعَةٌ رواه ابن ماجة

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, "જો લોકોને ઈલ્મ હોતું કે પ્રથમ સફમાં શું છે (કેટલો ; JFA K[ TMV [GFDF8[IRõLO[SJ FDFV FJ TLRc *(ઈબ્ને માજહ્)*

## ★ કયું પગલું ઉત્તમ ★

**હદીષ : ૩૬**

عَنْ بَرَاءِ بْنِ عَازِبٍ قَالَ كَانَ رَسُوْلُ اللّٰهِ صلی اللہ علیہ وسلم يَقُوْلُ اِنَّ اللّٰهِ وَ مَلٰئِكَتَهٗ يُصَلُّوْنَ عَلَى الَّذِيْنَ يَلُوْنَ الصُّفُوْفَ الْاَوَّلَ وَمَا مِنْ خُطْوَةٍ اَحَبُّ اِلَى اللّٰهِ تَمْشِيْهَا يَتَّصِلُ بِهَا صَفًّا رواه ابو داود

હઝરત બરાઅ બિન આઝિબથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ફર્માવતા, "બેશક ! અલ્લાહ અને એના ફરિશ્તાઓ દુરૂદ મોકલે છે એમના પર જેઓ પ્રથમ સફોથી મળેલા હોય છે, અને **કોઈ ડગલું અલ્લાહ નજીક એનાથી અધિક પ્રિય નથી જે સફ તરફ ચાલે એને મેળવવા."** *(અબૂ દાવૂદ)*

## ★ પ્રથમ સફનો દરજો સમજો ! ★

**હદીષ : ૩૭**

عَنْ اَبِىْ اُمَامَةَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صلی اللہ علیہ وسلم اِنَّ اللّٰهَ وَ مَلٰئِكَتَهٗ يُصَلُّوْنَ عَلَى الصَّفِّ الْاَوَّلِ قَالُوْا يَا رَسُوْلَ اللّٰهِ وَ عَلَى الثَّانِىْ قَالَ اِنَّ اللّٰهَ وَ مَلٰئِكَتَهٗ يُصَلُّوْنَ عَلَى الصَّفِّ الْاَوَّلِ قَالُوْا يَا رَسُوْلَ اللّٰهِ وَ عَلَى الثَّانِىْ قَالَ وَ عَلَى الثَّانِىْ رواه الامام احمد

હઝરત અબૂ ઉમામા رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું :–

"બેશક ! અલ્લાહ અને એના ફરિશ્તાઓ પહેલી સફ પર દુરૂદ મોકલે છે." વિનંતિ કરી, અય અલ્લાહના રસૂલ ! صلی اللہ علیہ وسلم અને બીજી પર ? ફર્માવ્યું, "બેશક ! અલ્લાહ અને એના ફરિશ્તાઓ પહેલી સફ પર દુરૂદ મોકલે છે." વિનંતિ કરી, અય અલ્લાહના રસૂલ ! صلی اللہ علیہ وسلم અને બીજી સફ પર ? ફર્માવ્યું, "બીજી પર પણ." *(ઈમામ અહમદ)*





## ★ પડાપડી થાય ક્યારે ? ★

**હદીષ : ૩૮**

عَنْ اُبَىِّ بْنِ كَعْبٍ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صلی اللہ علیہ وسلم عَلَيْكُمْ بِالصَّفِّ الْمُقَدَّمِ فَاِنَّهٗ عَلٰى مِثْلِ صَفِّ الْمَلٰئِكَةِ وَلَوْ تَعْلَمُوْنَ فَضِيْلَتَهٗ لَاتَبْتَدِرْتُمُوْهُ رواه الامام احمد و ابو داود والنسائى وابن ماجة و ابن حبان و الحاكم

હઝરત ઉબય બિન કઅબથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, "તમારે આગળવાળી સફની પાબંદી કરવી જોઈએ કારણ કે એ ફરિશ્તાઓની સફ માફક છે અને જો તમને એની ફઝીલતનું ઈલ્મ હોતું તો તમે એના માટે પડાપડી કરતા." *(ઈમામ અહમદ, અબૂ દાવૂદ, નસાઈ, ઈબ્ને માજહ્, ઈબ્ને હબ્બાન, હાકિમ)*

## ★ જમાઅત મોટી સવાબ અધિક ★

**હદીષ : ૩૯**

عَنْ اُبَىِّ بْنِ كَعْبٍ قَالَ صَلّٰى بِنَا رَسُوْلُ اللّٰهِ صلی اللہ علیہ وسلم فَقَالَ اَشَاهِدٌ فُلَانٌ قَالُوْا لَا قَالَ اِنَّ هَاتَيْنِ الصَّلَاتَيْنِ يَعْنِى الْعِشَآءَ وَ الْفَجْرَ اَثْقَلُ عَلَى الْمُنَافِقِيْنَ وَلَوْ يَعْلَمُوْنَ مَافِيْهِمَا لَاَتَوْهُمَا وَ لَوْ حَبْوًا وَالصَّفُّ الْاَوَّلُ عَلٰى مِثْلِ صَفِّ الْمَلٰئِكَةِ وَلَوْ تَعْلَمُوْنَ فَضِيْلَتَهٗ لَاتَبْتَدِرْتُمُوْهُ وَصَلَاةُ الرَّجُلِ مَعَ الرَّجُلِ اَزْكٰى مِنْ صَلَاتِهٖ وَحْدَهٗ وَ صَلَاتُهٗ مَعَ الرَّجُلَيْنِ اَزْكٰى مِنْ صَلَاتِهٖ مَعَ الرَّجُلِ وَمَا كَانَ اَكْثَرُ فَاَحَبُّ اِلَى اللّٰهِ عَزَّ وَ جَلَّ رواه ابو داود الطيالسى فى مسنده

એમનાથી જ રિવાયત છે. ફર્માવ્યું, રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ અમને નમાઝ પઢાવી. પછી આપે ફર્માવ્યું, "શું ફલાણો હાજર છે ?" વિનંતિ કરી, નહીં ! ફર્માવ્યું, "બેશક ! આ બે નમાઝો એટલે ઈશા અને ફજર મુનાફિકો પર ભારે છે, જો એમને ઈલ્મ હોતું કે એમાં શું છે તો એના માટે આવતા ઘસેડાઈને. પહેલી સફ ફરિશ્તાઓની સફ જેવી છે, અને જો તમને એની ફઝીલતનું ઈલ્મ હોતું તો એના માટે પડાપડી કરતા. એક માણસની નમાઝ બીજા માણસ સાથે એના એકલાની નમાઝથી ઉત્તમ છે, અને એની નમાઝ બે વ્યક્તિ સાથે અને એકબીજાની સાથેની નમાઝથી ઉત્તમ છે, અને વધારે હોય તો અલ્લાહને અધિક પ્રિય છે." *(અબૂ દાવૂદ, તિયાલિસી)*

## ★ સફમાં જગા ખાલી ન રાખો ! ★

**હદીષ : ૪૦**

عَنْ اِبْنِ عُمَرَ اَنَّ رَسُوْلَ اللّٰهِ ﷺ قَالَ مَنْ وَصَلَ صَفًّا وَصَلَهُ اللّٰهُ وَمَنْ قَطَعَ صَفًّا قَطَعَهُ اللّٰهُ رواہ ابو داود والنسائی

હઝરત અબ્દુલ્લાહ બિન ઉમરથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જે સફને મેળવશે અલ્લાહ એને મેળવશે અને જે સફને તોડશે અલ્લાહ એને તોડશે." *(અબૂ દાવૂદ, નિસાઈ)*

**ફાયદો** : અલ્લાહના દુરૂદનો મતલબ રહમતની વર્ષા કરવું છે, અને ફરિશ્તાઓના દુરૂદનો મતલબ મગફિરતની દુઆ કરવું છે.

આ ચાલીસ હદીષો અમે તમારી સેવામાં જમાઅતવાળી નમાઝની ફઝીલતમાં વર્ણન કરી કે પ્રથમ મસ્જિદે આવવું, પછી સફમાં ઉભા થવું અને પછી જમાઅતની નમાઝની શરૂઆત કરવી, એટલે એ ત્રણ પ્રકારની રિવાયતોનું વર્ણન થયું.

મર્દોએ જમાઅતવાળી નમાઝની ફઝીલતોનું જ્ઞાન મેળવી ફર્ઝ નમાઝો સમયસર મસ્જિદમાં જમાઅતથી અદા કરવાની કોશિશ કરવી જોઈએ, અને પ્રથમ સફ મળે એની તકેદારી રાખવી જોઈએ. અલ્લાહ તઆલા આપણને બાજમાઅત નમાઝ અદા કરવાની તૌફીક઼ અતા ફર્માવે.

## ★ એક શંકાનો જવાબ ★

પ્રથમ જે હદીષો વર્ણન થઈ જેમાં એકલાની નમાઝથી જમાઅતની નમાઝના દરજા બુલંદ હોવાનો ઉલલેખ છે. એ હદીષોમાં અલગ અલગ દરજા વર્ણન થયા છે. અમુકમાં છે, "વીસ દરજા ઉત્તમ છે, ૨૪ દરજા ઉત્તમ છે, ૨૫ દરજા ઉત્તમ છે, ૨૭ દરજા ઉત્તમ છે અને સિત્તેર દરજા ઉત્તમ છે....." તો એનો મતલબ છે જેનો ઈખ્લાસ જેટલો વધારે હોય અને જે જેટલી ધ્યાનપૂર્વક નમાઝ અદા કરે એ પ્રમાણે નમાઝના દરજા બુલંદ થતા હોય છે એટલે હદીષમાં અલગ અલગ દરજાનું વર્ણન થયું.

વધારે સવાબની પ્રાપ્તિ માટે શરીઅતના બતાવેલા નમાઝના તરીકાની સંપૂર્ણ પાબંદી કરવી જોઈએ અને ધ્યાનપૂર્વક નમાઝ અદા કરવી જોઈએ.





નમાઝમાં ધ્યાન આપવાનો એક સરળ માર્ગ એ છે કે આપણે જે કાંઈ પઢીએ છીએ એના તર્જુમા પર ધ્યાન આપવામાં આવે અને નજર આમ તેમ કરવામાં ન આવે.

તર્જુમામાં ધ્યાન ત્યારે જ આપી શકાય છે જ્યારે આપણે નમાઝમાં જે કાંઈ પઢીએ છીએ એનો તર્જુમો શીખી લઈએ. તો આપણે આપણી જવાબદારીમાં વધારો કરતાં નમાઝમાં પઢવામાં આવતી તિલાવત, તસ્બીહ, ઝિક્ર અને દુઆ બધાનો તર્જુમો શીખી લેવો જોઈએ.

અલ્લાહ તઆલા આપણને પૂરા ઈખ્લાસથી જમાઅત સાથે નમાઝની તૌફીક઼ અતા ફર્માવે. આમીન બિજાહિ સૈયિદિલ મુરસલીન ﷺ.

وَمَا عَلَيْنَا اِلَّا الْبَلَاغُ الْمُبِيْنُ

(પ્રકરણ : ૧૧)

# જમાઅત છોડવાનો વબાલ હદીષના પ્રકાશમાં

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

نَحۡمَدُهٗ وَنُصَلِّیۡ عَلٰی رَسُوۡلِهٖ سَیِّدِ الۡمُرۡسَلِیۡنَ وَعَلٰی اٰلِهٖ وَاَصۡحَابِهٖ اَجۡمَعِیۡنَ ـ اَمَّا بَعۡدُ فَاَعُوۡذُ بِاللّٰهِ مِنَ الشَّیۡطٰنِ الرَّجِیۡمِ ـ بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ ـ حَافِظُوۡا عَلَی الصَّلَوَاتِ وَ الصَّلٰوةِ الۡوُسۡطٰی وَ قُوۡمُوۡا لِلّٰهِ قَانِتِیۡنَ ـ صَدَقَ اللّٰهُ الۡعَظِیۡمُ وَصَدَقَ رَسُوۡلُهُ النَّبِیُّ الۡاَمِیۡنُ الۡکَرِیۡمُ ـ وَنَحۡنُ عَلٰی ذٰلِكَ لَمِنَ الشَّاهِدِیۡنَ وَالشَّاکِرِیۡنَ وَالۡحَمۡدُ لِلّٰهِ رَبِّ الۡعَالَمِیۡنَ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَیۡكَ یَارَسُوۡلَ اللّٰهِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَیۡكَ یَاحَبِیۡبَ اللّٰهِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَیۡكَ یَا نَبِیَّ اللّٰهِ

اَلصَّلٰوةُ وَ السَّلَامُ عَلَیۡكَ یَا نُوۡرَ اللّٰهِ

صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیۡكَ وَسَلَّمَ

કોઈ શરઈ કારણ ન હોય તો પુરૂષે મસ્જિદમાં આવી ફર્ઝ નમાઝ જમાઅત સાથે અદા કરવી **વાજિબ** છે. શરઈ કારણ વિના છોડનાર ફાસિક. અને મોટો ગુનેગાર છે. આપણા નબી ﷺએ જમાઅતથી નમાઝ અદા કરવાની ઘણી જ તાકીદ ફર્માવી છે અમે એને હદીષોના પુરાવાથી તમારી સેવામાં વર્ણન કરીએ છીએ.





## ★ ઘરોને આગ લગાડવું ★

**હદીષ : ૧**

عن ابی هريرة رضی الله تعالیٰ عنه عن النبی ﷺ قَالَ لَقَدۡ هَمَمۡتُ اَنۡ اٰمُرَ بِالصَّلَاةِ فَتُقَامُ ثُمَّ اَنۡظُرُ فَمَنۡ لَمۡ یَشۡهَدِ الۡمَسۡجِدَ فَاُحَرِّقُ عَلَیۡهِ بَیۡتَهٗ رواه الطبرانی فی الصغیر

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે. આપ નબી ﷺથી રિવાયત કરે છે. આપે ફર્માવ્યું :–

"મેં વિચાર્યું કે નમાઝનો હુકમ આપું તો ઈકામત કહેવામાં આવે, પછી હું ધ્યાન કરું તો જેણે મસ્જિદમાં હાજરી ન આપી એના પર એનું ઘર સળગાવી આપું." *(તબ્રાનીએ સગીર)*

**હદીષ : ૨**

عَنۡ اِبۡنِ اُمِّ مَکۡتُوۡمٍ رضی الله تعالیٰ عنه قَالَ قَالَ رَسُوۡلُ اللّٰهِ ﷺ اِنِّیۡ لَاهَمُّ اَنۡ اَجۡعَلَ لِلنَّاسِ اِمَامًا ثُمَّ اَخۡرُجَ فَلَا اَقۡدِرُ عَلٰی اِنۡسَانٍ اَنۡ یَتَخَلَّفَ عَنِ الصَّلَاةِ فِیۡ بَیۡتِهٖ اِلَّا اُحَرِّقُهٗ عَلَیۡهِ رواه الامام احمد

હઝરત ઈબ્ને ઉમ્મે મકતુમથી રિવાયત છે. એમણે કહ્યું રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, હું વિચારું છું કે લોકો માટે કોઈને ઈમામ બનાવું પછી નીકળું અને જે માણસને નમાઝથી પાછળ રહી જવામાં એના ઘરમાં પામી લઉં એના પર એને (ઘરને) સળગાવી આપું." *(ઈમામ અહમદ)*

**હદીષ : ૩**

عَنۡ جَابِرٍ رضی الله تعالیٰ عنه قَالَ قَالَ رَسُوۡلُ اللّٰهِ ﷺ لَقَدۡ هَمَمۡتُ اَنۡ اٰمُرَ صَارِخًا یَصۡرَخُ بِالصَّلَاةِ ثُمَّ اَتَخَلَّفُ عَلٰی رِجَالٍ یَتَخَلَّفُوۡنَ عَنِ الصَّلَاةِ فَاُحَرِّقُ عَلَیۡهِمۡ بُیُوۡتَهُمۡ رواه ابو داود الطيالسی

હઝરત જાબિર رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું : "મેં વિચાર્યું કોઈ બૂમ પાડનારને હુકમ કરું એ નમાઝ માટે અવાજથી બોલાવે, પછી હું એવા લોકો પાસે જાઉં જેઓ નમાઝથી પાછળ રહી ગયા છે એમના પર એમનાં ઘરોને આગ લગાડી દઉં." *(અબૂ દાવૂદ, તિયાલિસી)*

**હદીષ : ૪**

عَنْ اِبْنِ مَسْعُوْدٍ رضی الله تعالیٰ عنه قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ لَقَدْ هَمَمْتُ اَنْ اٰمُرَ بِلَالًا فَيُقِيْمُ الصَّلَاةَ ثُمَّ اَنْصَرِفُ اِلٰی قَوْمٍ يَسْمَعُوْنَ النِّدَاءَ فَلَا يُجِيْبُوْنَ فَاُحَرِّقُ عَلَيْهِمْ بُيُوْتَهُمْ رواه الطبرانی فی الكبير

હઝરત ઈબ્ને મસઊદ رَضِیَ اللّٰہُ عَنْہُمَا થી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, મેં વિચાર્યું કે બિલાલને હુકમ આપું તો એ નમાઝની ઈકામત કરે, પછી હું એ લોકો પાસે જાઉં જેઓ અઝાન સાંભળે છે, અને પછી નથી આવતા એમના પર એમનાં ઘરોને આગ લગાડી આપું." *(તબ્રાનીએ કબીર)*

**હદીષ : ૫**

عَنْ اِبْنِ اُمِّ مَكْتُوْمٍ رضی الله تعالیٰ عنه قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ لَقَدْ هَمَمْتُ اَنْ اٰتِیَ هٰؤُلَاءِ الَّذِيْنَ يَتَخَلَّفُوْنَ عَنِ الصَّلَاةِ فَاُحَرِّقُ عَلَيْهِمْ بُيُوْتَهُمْ رواه الحاكم

હઝરત ઈબ્ને ઉમ્મે મકતુમથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "મેં વિચાર્યું કે નમાઝથી પાછળ રહી જનારાઓ પાસે જાઉં તો એમના પર એમનાં ઘરોને આગ લગાડી આપું." *(હાકિમ)*

**હદીષ : ૬**

عَنْ عَطَاءٍ رضی الله تعالیٰ عنه مُرْسَلًا قَالَ مَا بَالُ رِجَالٌ يَسْمَعُوْنَ النِّدَاءَ بِالصَّلَاةِ ثُمَّ يَتَخَلَّفُوْنَ لَقَدْ هَمَمْتُ اَنْ اُقِيْمَ الصَّلَاةُ ثُمَّ لَا يَتَخَلَّفُ عَنْهَا اَحَدٌ اِلَّا اَحْرَقْتُ بَيْتَهٗ رواه عبد الرزاق

હઝરત અતાથી મુરસલન રિવાયત છે. આપે ફર્માવ્યું, એ લોકોની શી હાલત છે જેઓ નમાઝની અઝાન સાંભળે છે પછી પાછળ રહે છે. મેં વિચાર્યું કે નમાઝની ઈકામત કરાવું પછી જે પણ પાછળ રહી જાય એના ઘરને આગ લગાડી આપું." *(અબ્દુર્રઝ્ઝાક)*

## ★ ફજર અને ઈશા મુનાફિકો પર ભારે ! ★

**હદીષ : ૭**

عَنْ اَبِیْ هُرَيْرَةَ رضی الله تعالیٰ عنه قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اَثْقَلُ الصَّلَاةِ عَلَی





الْمُنَافِقِيْنَ صَلَاةُ الْعِشَآءِ وَ صَلَاةُ الْفَجْرِ وَلَوْ يَعْلَمُوْنَ مَافِيْهِمَا لَاَتَوْهُمَا وَلَوْ حَبْوًا وَلَقَدْ هَمَمْتُ اَنْ اٰمُرَ بِالصَّلَاةِ فَتُقَامُ ثُمَّ اٰمُرَ رَجُلًا فَيُصَلِّی بِالنَّاسِ ثُمَّ اَنْطَلِقُ مَعِیْ بِرِجَالٍ وَ مَعَهُمْ حَزْمٌ مِنْ حَطَبٍ اِلٰی قَوْمٍ لَا يَشْهَدُوْنَ الصَّلَاةَ فَاُحَرِّقُ عَلَيْهِمْ بُيُوْتَهُمْ بِالنَّارِ رواه الامام احمد و البخاری و مسلم و ابو داود و ابن ماجة

હઝરત અબૂ હુરૈરહ رَضِیَ اللّٰہُ عَنہ થી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું :–

"નમાઝે ઈશા અને નમાઝે ફજર મુનાફિકો પર અધિક ભારે છે જો એમને ખબર હોતી કે એમાં શું છે તો ઘસેડાઈને પણ એના માટે આવતા. મેં વિચાર્યું નમાઝનો હુકમ કરું તો ઈકામત કહેવામાં આવે, પછી કોઈ માણસને હુકમ આપું તો એ લોકોને નમાઝ પઢાવે, પછી હું મારી સાથે અમુક પુરૂષોને લઈને જાઉં જેમની પાસે લાકડાનો ભારો હોય એવા લોકો પાસે જેઓ નમાઝ માટે હાજરી નથી આપતા, એમના પર એમનાં ઘરોને આગથી સળગાવી આપું." *(ઈમામ અહમદ, બુખારી, મુસ્લિમ, અબૂ દાવૂદ, ઈબ્ને માજહ)*

## ★ ત્રણ માણસ પણ જમાઅત કરે ★

**હદીષ : ૮**

عَنْ اَبِیْ الدَّرْدَآءِ رضی الله تعالیٰ عنه قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَا مِنْ ثَلَاثَةٍ فِیْ قَرْيَةٍ وَ لَا بَدْوٍ وَلَا تُقَامُ فِيْهِمِ الصَّلَاةُ اِلَّا اسْتَحْوَذَ عَلَيْهِمُ الشَّيْطَانُ فَعَلَيْكُمْ بِالْجَمَاعَةِ فَاِنَّمَا يَاْكُلُ الذِّئْبُ الْقَاصِيَةَ رواه الامام احمد و ابو داود و النسائی و ابن حبان و الحاكم فی المستدرك

હઝરત અબૂ દરદા رَضِیَ اللّٰہُ عَنہ થી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું :–

"કોઈ વસ્તી અને જંગલમાં ત્રણ માણસો હોય એને એમનામાં નમાઝ કાયમ કરવામાં ન આવે (જમાઅતથી) તો શૈતાન એમના પર વિજય મેળવી લેશે, તમારા પર જમાઅતની પાબંદી જરૂરી છે કારણ કે વાઘ છૂટી પડેલીને ખાય જાય છે." *(ઈમામ અહમદ, અબૂ દાવૂદ, નસાઈ, ઈબ્ને હબ્બાન, મુસ્તદરકે હાકિમ)*

**હદીષ : ૯**

عَنْ اَبِیْ هُرَيْرَةَ رضی الله تعالیٰ عنه قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ لَقَدْ هَمَمْتُ اَنْ اٰمُرَ فِتَتِیْ فَيَجْمَعُوْا حِزَمًا مِنْ حَطَبٍ ثُمَّ اٰتِیْ قَوْمًا يُصَلُّوْنَ فِیْ بُيُوْتِهِمْ لَيْسَ بِهِمْ عِلَّةٌ فَاُحَرِّقُهَا عَلَيْهِمْ رواه ابو داود و الترمذی

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "મેં વિચાર્યું કે મારા જવાનોને હુકમ આપું તો એ લાકડાંના ભારા ભેગા કરે, પછી હું આવું એવા લોકો પાસે જેઓ કોઈ કારણ વગર પોતાના ઘરોમાં નમાઝ પઢે છે એમના પર એને (ઘરોને) સળગાવી આપું." *(અબૂ દાવૂદ, તિર્મિઝી)*

**હદીષ : ૧૦**

عَنْ اَبِیْ هُرَيْرَةَ رضی الله تعالیٰ عنه قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ وَالَّذِیْ نَفْسِیْ بِيَدِهٖ لَقَدْ هَمَمْتُ اَنْ اٰمُرَ بِحَطَبٍ فَيُحْطَبُ ثُمَّ اٰمُرُ بِالصَّلٰوةِ فَيُؤَذَّنُ لَهَا ثُمَّ اٰمُرَ رَجُلًا فَيَؤُمُّ النَّاسَ ثُمَّ اُخَالِفُ اِلٰی رِجَالٍ فَاُحَرِّقُ عَلَيْهِمْ بُيُوْتَهُمْ وَالَّذِیْ نَفْسِیْ بِيَدِهٖ لَوْ يَعْلَمُ اَحَدُهُمْ اَنَّهٗ يَجِدُ عِرْقًا سَمِيْنًا اَوْ مِرْمَاتَيْنِ حَسَنَتَيْنِ يَشْهَدُ الْعِشَآءَ رواه الامام مالك و البخاری و النسائی

એમનાથી જ રિવાયત છે. કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, કસમ છે એની જેની કુદરતમાં મારી જાન છે ! મેં વિચાર્યું લાકડાનો હુકમ કરું એ ભેગા કરવામાં આવે, પછી નમાઝનો હકુમ કરું તો એના માટે અઝાન કહે, પછી એક માણસને હુકમ કરું તો એ લોકોની ઈમામત કરે. પછી હું લોકો પાસે જઈ એમના પર એમનાં ઘરોને આગ લગાડી આપું. કસમ છે એની જેની કુદરતમાં મારી જાન છે ! એમાંથી કોઈને જાણ થાય કે એને ભરેલું જાડુ હાડકુ અથવા બે સારી ખરીઓ મળશે તો એ ઈશા માટે આવશે." *(ઈમામ માલિક, બુખારી, નસાઈ)*

## ★ વિના શરઈ કારણે જમાઅત છોડનારની નમાઝ નાક઼બૂલ ★

**હદીષ : ૧૧**

عَنْ اَبِیْ مُوْسٰی رضی الله تعالیٰ عنه قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ سَمِعَ النِّدَاءَ فَارِغًا





صَحِيْحًا فَلَمْ يُجِبْ فَلَا صَلٰوةَ لَهٗ رواه الحاكم و البيهقی

હઝરત અબૂ મૂસાથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જેણે અઝાન સાંભળી એ સ્થિતિમાં કે એ ફારેગ અને તંદુરસ્ત છે પછી ન આવ્યો તો એની નમાઝ નથી. (એની નમાઝ ક઼બૂલ નહીં થાય)." *(હાકિમ, બયહકી)*

**હદીષ : ૧૨**

એમનાથી જ રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જેણે અઝાન સાંભળી પછી જરૂરત વગર ન આવ્યો તો એની નમાઝ નથી." *(હાકિમ, બયહકી)*

**ફાયદો** : શરઈ કારણ વગર જમાઅત છોડવી સખત ગુનાહનું કામ છે. એની એકલાની પઢેલી નમાઝ થઈ તો જશે પણ એને એના પર સવાબ આપવામાં નહીં આવે, જેને ક઼બૂલ ન હોવું કહેવામાં આવે છે.

**હદીષ : ૧૩**

عَنْ اِبْنِ عُمَرَ رضی الله تعالیٰ عنه قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ سَمِعَ الْفَلَاحَ فَلَمْ يُجِبْهُ فَلَا هُوَ مَعَنَا وَلَا هُوَ وَحْدَهٗ رواه ابو نعيم فی الحلية

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જેણે 'ફલાહ' સાંભળ્યું (એટલે અઝાન) પછી એનો જવાબ ન આપ્યો (ન આવ્યો) એ અમારી સાથે પણ નથી અને એકલો પણ નથી. *(અબૂ નુઐમ હિલ્યામાં)*

**ફાયદો** : જમાઅતની નમાઝ માટે તો ન આવ્યો એટલે એ તો ગઈ, પણ એકલી પઢેલી પણ ક઼બૂલ કરવામાં નહીં આવે.

## ★ શરઈ કારણ હોય તો માફી મળશે ★

**હદીષ : ૧૪**

عَنْ جَابِرٍ رضی الله تعالیٰ عنه قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ لَا صَلٰوةَ لِمَنْ سَمِعَ النِّدَاءَ فَلَمْ يَاْتِهٖ اِلَّا مِنْ عُذْرٍ رواه ابو بكر بن المقری فی الاربعين

હઝરત જાબિર رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જે અઝાન સાંભળીને એના માટે ન આવ્યો એની કોઈ

નમાઝ નથી પણ કોઈ કારણસર." *(અબૂબક્ર બિન મુકરી અરબઈનમાં)*

## હદીષ : ૧૫

عَنْ جَابِرٍ رضی الله تعالیٰ عنه قَالَ تَخَلَّفَ قَوْمٌ عَنْ صَلَاةِ الْعِشَآءِ الْاٰخِرَةِ فَقَالَ رَسُوْلُ اللّٰهِ صلی الله علیه وسلم مَا خَلَّفَكُمْ فَسَكَتُوْا فَاَعَادَ عَلَيْهِمْ فَقَالُوْا يَا رَسُوْلَ اللّٰهِ يَقَعُ بَيْنَنَا لِحَاءٌ وَ كَلَامٌ فَقَالَ رَسُوْلُ اللّٰهِ صلی الله علیه وسلم لَاصَلَاةَ لِمَنْ سَمِعَ النِّدَاءَ وَلَمْ يَاْتِهِ اِلَّا مِنْ عِلَّةٍ رواه ابن النجار

હઝરત જાબિર رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે અમુક લોકો ઈશાની નમાઝમાં પાછળ પડી ગયા (લેટ આવ્યા) તો રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, કેમ પાછળ રહ્યા ? તેઓ ચૂપ રહ્યા. આપે વાત દોહરાવી તો કહ્યું, અય અલ્લાહના રસૂલ ! صلی اللہ علیہ وسلم અમારામાં લડાઈ અને બોલાબોલી થઈ ગઈ હતી. તો રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, જેણે અઝાન સાંભળી અને એના માટે ન આવ્યો એની કોઈ નમાઝ નથી, પણ કોઈ કારણસર." *(ઈબ્ને નજ્જાર)*

## ★ અલ્લાહના ફર્માનને ઉત્તમતા આપો ★

## હદીષ : ૧૬

عَنْ اَبِیْ هُرَيْرَةَ رضی الله تعالیٰ عنه اَنَّ رَسُوْلَ اللّٰهِ صلی الله علیه وسلم فَقَدَ نَاسًا فِیْ بَعْضِ الصَّلَوَاتِ فَقَالَ لَقَدْ هَمَمْتُ اَنْ اٰمُرَ رِجَالًا يُصَلِّی بِالنَّاسِ ثُمَّ اُخَالِفُ اِلٰی رِجَالٍ يَتَخَلَّفُوْنَ عَنْهَا فَاٰمُرُ بِهِمْ فَيُحَرِّقُوْا عَلَيْهِمْ بِحَزْمِ الْحَطَبِ بُيُوْتَهُمْ وَلَوْ عَلِمَ اَحَدُهُمْ اَنَّهٗ يَجِدُ عَظْمًا سَمِيْنًا لَشَهِدَهَا يَعْنِی صَلَاةَ الْعِشَآءِ رواه مسلم

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ અમુક લોકોને અમુક નમાઝમાં ન જોયા તો ફર્માવ્યું મેં વિચાર્યું કે એક માણસને હુકમ કરું એ લોકોને નમાઝ પઢાવે. પછી હું પાછળ રહી જનારાઓ પાસે જાઉં, એમને હુકમ કરું તો લાકડીઓના ભારાથી એમનાં પર એમના ઘરોને આગ લગાડી આપે. જો એમાંથી કોઈને જાણ થઈ જતી એને મોટું ગોશ્તથી ભરેલું હાડકુ મળશે તો એ એના માટે હાજરી આપતો (એટલે કે ઈશાની નમાઝ માટે). *(મુસ્લિમ)*





## ★ સુન્નત છોડનાર ગુમરાહ ★

## હદીષ : ૧૭

عَنْ ابْنِ مَسْعُوْدٍ رضی الله تعالیٰ عنه قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صلی الله علیه وسلم مَنْ سَرَّهٗ اَنْ يَلْقَی اللّٰهَ غَدًا مُسْلِمًا فَلْيُحَافِظْ عَلٰی هٰؤُلَاءِ الصَّلَوَاتِ حَيْثُ يُنَادٰی بِهِنَّ فَاِنَّ اللّٰهَ شَرَعَ لِنَبِيِّكُمْ سُنَنَ الْهُدٰی وَ اِنَّهُنَّ مِنْ سُنَنِ الْهُدٰی وَلَوْ اَنَّكُمْ صَلَّيْتُمْ فِیْ بُيُوْتِكُمْ كَمَا يُصَلِّی هٰذَا الْمُتَخَلِّفُ فِیْ بَيْتِهٖ لَتَرَكْتُمْ سُنَّةَ نَبِيِّكُمْ وَلَوْ تَرَكْتُمْ سُنَّةَ نَبِيِّكُمْ لَضَلَلْتُمْ وَمَا مِنْ رَجُلٍ يَتَطَهَّرُ فَيُحْسِنُ الطُّهُوْرَ ثُمَّ يَعْمَدُ اِلٰی مَسْجِدٍ مِنْ هٰذِهِ الْمَسَاجِدِ اِلَّا كَتَبَ اللّٰهُ لَهٗ بِكُلِّ خُطْوَةٍ يَخْطُوْهَا حَسَنَةً وَيَرْفَعُهٗ بِهَا دَرَجَةً وَ يَحُطُّ عَنْهُ بِهَا سَيِّئَةً وَلَقَدْ رَاَيْتُنَا وَمَا يَتَخَلَّفُ عَنْهَا اِلَّا مُنَافِقٌ مَعْلُوْمُ النِّفَاقِ وَلَقَدْ كَانَ الرَّجُلُ يُؤْتٰی بِهٖ يُهَادٰی بَيْنَ الرَّجُلَيْنِ حَتّٰی يُقَامَ فِی الصَّفِّ رواه مسلم

હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું :–

"જેને પસંદ હોય કે એ આવતી કાલે મુસ્લિમ હોવાની હાલતમાં અલ્લાહ તઆલાથી મુલાકાત કરે તો એણે આ નમાઝોની પાબંદી કરવી જોઈએ જ્યારે એની અઝાન કહેવામાં આવે. બેશક ! અલ્લાહ તઆલાએ તમારા નબી માટે સુનનુલ હુદા રાખી, અને આ નમાઝો સુનનુલ હુદામાંથી છે. અને જો તમે આ પાછળ રહી જનાર માફક ઘરમાં નમાઝ પઢો તો તમે તમારા નબીની સુન્નત છોડી આપી, અને જો તમે તમારા નબીની સુન્નત છોડી આપી તો તમે જરૂરથી ગુમરાહ છો. અને જે વ્યક્તિ વ્યવસ્થિત વુઝૂ કરે પછી એ આ મસ્જિદો પૈકીની કોઈ મસ્જિદનો ઈરાદો કરે અલ્લાહ એના માટે દરેક કદમના બદલે જે એ ચાલે એક નેકી લખશે, એનો એક દરજો બુલંદ કરશે, એનો એક ગુનોહ દૂર ફર્માવશે, એનાથી પાછળ ન રહેતો પણ ખુલ્લો મુનાફિક અને માણસને લાવવામાં આવતો એ હાલતમાં કે એ બે માણસોની વચમાં પગ ઘસેડીને ચાલતો ત્યાં સુધી કે એ સફમાં ઊભા થઈ જાય." *(મુસ્લિમ)*

## ★ મસ્જિદના પડોશીની વધારે જવાબદારી ★

**હદીષ : ૧૮**

عَنُ اَبِیُ حَسَّانٍ عَنُ اَبِیُهِ عَنُ عَلِیٍّ رضی الله تعالیٰ عنهم قَالَ لَاصَلَاةَ لِجَارِ الْمَسُجِدِ اِلَّا فِی الْمَسُجِدِ قِیُلَ لِعَلِیٍّ وَمَنُ جَارُ الْمَسُجِدِ قَالَ مَنُ سَمِعَ النِّدَاءَ رواه عبد الرزاق و البیهقی

હઝરત અબૂ હસ્સાન رضی اللہ عنہથી રિવાયત છે. એમણે પોતાના પિતાથી રિવાયત કરી અને એમણે હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریمથી આપે ફર્માવ્યું, મસ્જિદના પડોશીની નમાઝ નથી પણ મસ્જિદમાં. હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریمને પૂછવામાં આવ્યું કે મસ્જિદનો પડોશી કોણ ? ફર્માવ્યું, જેણે અઝાન સાંભળી. *(અબ્દુર્રઝઝાક–બયહકી)*

**હદીષ : ૧૯**

عَنِ الْحَارِثِ عَنُ عَلِیٍّ رضی الله تعالیٰ عنهما قَالَ مَنُ سَمِعَ النِّدَآءَ مِنُ جِیُرَانِ الْمَسُجِدِ فَلَمُ یُجِبُ وَهُوَ صَحِیُحٌ مِنُ غَیُرِ عُذُرٍ فَلَا صَلَاةَ لَهٗ رواه عبد الرزاق

હારિષથી રિવાયત છે. એમણે હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریمથી રિવાયત કરી. આપે ફર્માવ્યું, "જેણે અઝાન સાંભળી મસ્જિદના પડોશીઓમાંથી પછી જવાબ ન આપ્યો (હાજરી ન આપી) એ તંદુરસ્ત છે છતાં વિના કારણે તો એના માટે કોઈ નમાઝ નથી." *(અબ્દુર્રઝઝાક)*

## ❖ અઝાન સાંભળી તો હાજરી જરૂરી ❖

**હદીષ : ૨૦**

عَنِ ابُنِ جُرَیُجٍ وَّ اِبُرَاهِیُمَ بُنِ یَزِیُدَ رضی الله تعالیٰ عنهما اَنَّ عَلِیًّا وَ اِبُنَ عَبَّاسٍ رضی الله تعالیٰ عنهما قَالَا مَنُ سَمِعَ النِّدَآءَ فَلَمُ یُجِبُ فَلَاصَلَاةَ لَهٗ قَالَ اِبُنُ عَبَّاسٍ اِلَّا مِنُ عِلَّةٍ اَوُ عُذُرٍ رواه عبد الرزاق

હઝરત ઈબ્ને જુરૈહ અને ઈબ્રાહીમ બિન યઝીદથી રિવાયત છે કે હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم અને હઝરત અબ્બાસ رضی اللہ عنہ બંનેએ કહ્યું, જેણે અઝાન સાંભળી પછી જવાબ ન આપ્યો (હાજરી ન આપી) તો એના માટે કોઈ નમાઝ નથી. ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماએ ફર્માવ્યું પણ કોઈ કારણસર હોય તો. *(અબ્દુર્રઝઝાક)*





## ★ જમાઅતનો તાકીદી હુકમ ★

**હદીષ : ૨૧**

عَنُ ثَابِتِ بُنِ حَجَّاجٍ رضی الله تعالیٰ عنه قَالَ خَرَجَ عُمَرُ بُنُ الْخَطَّابِ رضی الله تعالیٰ عنه اِلَی الصَّلَاةِ فَاسُتَقْبَلَ النَّاسَ فَاَمَرَ الْمُؤَذِّنَ فَاَقَامَ وَقَالَ وَاللّٰهِ لَا نَنُتَظِرُ لِصَلَاتِنَا اَحَدًا فَلَمَّا قَضٰی صَلَاتَهٗ اَقُبَلَ عَلَی النَّاسِ ثُمَّ قَالَ مَا بَالُ اَقُوَامٍ یَتَخَلَّفُوُنَ یَتَخَلَّفُ یَتَخَلَّفُهُمُ آخَرُوُنَ وَاللّٰهِ لَقَدُ هَمَمُتُ اَنُ اُرُسِلَ اِلَیُهِمُ فَیَجَأُ فِیُ اَعُنَاقِهِمُ ثُمَّ یَقَالُ اِشُهَدُوُا الصَّلَاةَ رواه عبد الرزاق

હઝરત ષાબિત બિન હજ્જાજથી રિવાયત છે. એમણે કહ્યું કે હઝરત ઉમર બિન ખત્તાબ નમાઝ માટે નીકળ્યા. પછી આપે લોકો તરફ ધ્યાન કર્યું, મુઅઝ્ઝિનને હુકમ આપ્યો તો એણે ઈકામત કહી અને આપે ફર્માવ્યું, કસમ ખુદાની ! અમારી નમાઝ માટે અમે કોઈની વાત નહીં જોઈએ. પછી જ્યારે પોતાની નમાઝ સમાપ્ત કરી લોકો તરફ કેન્દ્રિત થયા પછી ફર્માવ્યું, લોકોની કેવી હાલત છે કે પાછળ રહી જાય છે, એ પાછળ રહેશે તો એમની પછીના પાછળ રહેશે. કસમ ખુદાની ! મારો વિચાર છે કે કોઈને એમની પાસે મોકલું તો એ એમની ગર્દનોને મારે. પછી કહેવામાં આવતું નમાઝ માટે હાજરી આપો. *(અબ્દુર્રઝઝાક)*

## ★ નિફાક઼ના કામથી દૂર રહો ! ★

**હદીષ : ૨૨**

عَنُ اَنَسٍ رضی الله تعالیٰ عنه قَالَ قَالَ رَسُوُلُ اللّٰهِ صلی الله علیه وسلم لَوُ اَنَّ رَجُلًا دَعَا النَّاسَ اِلٰی عِرُقٍ اَوُ مِرُمَامَتَیُنِ لَاَجَابُوُهُ وَهُمُ یُدُعَوُنَ اِلٰی هٰذِهِ الصَّلَاةَ جَمَاعَةً فَلَا یَاُتُوُهَا لَقَدُ هَمَمُتُ اَنُ اٰمُرَ رَجُلًا یُصَلِّیُ بِالنَّاسِ فِیُ جَمَاعَةٍ ثُمَّ اَنُصَرِفُ اِلٰی قَوُمٍ سَمِعُوُا النِّدَاءَ فَلَمُ یُجِیُبُوُا فَاَضُرِمُهَا عَلَیُهِمُ نَارًا اِنَّهٗ لَا یَتَخَلَّفُ عَنُهَا اِلَّا مُنَافِقٌ رواه الطبرانی

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, "જો માણસને બોલાવવામાં આવતો ભરેલા હાડકા માટે અથવા બે ખરી માટે તો તેઓ એનો જવાબ આપતા (હાજરી આપતા).

જ્યારે કે એમને આ નમાઝની જમાઅત માટે બોલાવવામાં આવે છે તો તેઓ આવતા નથી ! મેં ઈરાદો કર્યો કે કોઈને હુકમ આપુ જે લોકોને જમાઅતથી નમાઝ પઢાવે, પછી હું એવા લોકો તરફ જાઉં જેમણે અઝાન સાંભળી અને જવાબ ન આપ્યો (હાજરી ન આપી), એમના પર એને (ઘરને) આગ લગાડી દઉં, એનાથી (ઈશાની નમાઝથી) મુનાફિક જે પાછળ રહે છે.'' *(તબ્રાની)*

## ★ સફ વાંકી તો દિલ વાંકાં ! ★

**હદીષ : ૨૩**

عَنْ نُعْمَانَ بْنِ بَشِيْرٍ رضی اللہ تعالیٰ عنہ قَالَ كَانَ رَسُوْلُ اللّٰهِ صلی اللہ علیہ وسلم يُسَوِّىْ صُفُوْفَنَا حَتّٰى كَاَنَّمَا يُسَوِّىْ بِهَا الْقِدَاحَ حَتّٰى رَاٰى اِنَّا قَدْ عَقَلْنَا عَنْهُ ثُمَّ خَرَجَ يَوْمًا فَقَالَ حَتّٰى كَادَ اَنْ يُكَبِّرَ فَرَاٰى رَجُلاً بَادِيًا صَدْرُهٗ مِنَ الصَّفِّ فَقَالَ عِبَادَ اللّٰهِ لَتُسَوُّنَّ صُفُوْفَكُمْ اَوْ لَيُخَالِفَنَّ اللّٰهُ بَيْنَ وُجُوْهِكُمْ رواه مسلم و ابن ماجة و النسائی

હઝરત નુઅમાન બિન બશીરથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم અમારી સફોને સીધી કરતા હતા, ત્યાં સુધી કે એનાથી તીરની લાકડી સીધી કરે છે. ત્યાં સુધી કે આપને લાગ્યું, અમે આ સમજી ગયા છે. પછી એક દિવસ આપ બહાર આવ્યા. અલ્લાહુ અકબર કહેવાની તૈયાર હતી કે આપે એક વ્યક્તિને સફમાં છાતી બહાર કાઢેલો જોયો. આપે ફર્માવ્યું, અલ્લાહના બંદાઓ તમારી સફો સીધી રાખો ! નહીં તો અલ્લાહ તઆલા તમારામાં વિવાદ નાખી દેશે.

**ફાયદો** : સફ સીધી ન રાખવાથી પરસ્પર વિવાદ થવાનો અને અંદર અંદર લડી મરવાનો સંભવ છે, એટલે સફ સીધી રાખવી જોઈએ. *(મુસ્લિમ, નસાઈ, ઈબ્ને માજહ)*

**હદીષ : ૨૪**

عَنْ اَبِىْ مَسْعُوْدِ الْاَنْصَارِىِّ رضی اللہ تعالیٰ عنہ قَالَ كَانَ رَسُوْلُ اللّٰهِ صلی اللہ علیہ وسلم يَمْسَحُ مَنَاكِبَنَا فِى الصَّلَاةِ وَ يَقُوْلُ اِسْتَوُوْا وَلَا تَخْتَلِفُوْا فَتَخْتَلِفُ قُلُوْبُكُمْ لِيَلِيَنِىْ مِنْكُمْ اُوْلُوا الْاَحْلَامِ وَالنُّهٰى ثُمَّ الَّذِيْنَ يَلُوْنَهُمْ ثُمَّ الَّذِيْنَ يَلُوْنَهُمْ قَالَ اَبُوْ مَسْعُوْدٍ فَاَنْتُمُ الْيَوْمَ اَشَدُّ اِخْتِلَافًا رواه مسلم و النسائی





હઝરત અબૂ મસઊદ અન્સારી رضی اللہ عنہ થી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم નમાઝમાં (નમાઝ વખતે) અમારા ખભા પર હાથ ફેરવતા અને ફર્માવતા, સીધા રહો, વાંકાચુકા નહીં (નહીં તો) તમારાં દિલ વિવાદમાં પડી જશે. તમારામાંથી મારી નિકટમાં અક્કલ અને બુદ્ધિશાળી રહે પછી જે એમનાથી નજીક હોય, પછી જે એમનાથી નજીક હોય. *(મુસ્લિમ, નસાઈ)*

## ★ સફમાં જગા રહે તો શૈતાન આવે ! ★

**હદીષ : ૨૫**

عَنِ الْاِمَامِ الْاَعْظَمِ عَنْ حَمَّادٍ عَنْ اِبْرَاهِيْمَ عَنْ عُمَرَ بْنِ الْخَطَّابِ رضی اللہ تعالیٰ عنہم قَالَ سَوُّوْا صُفُوْفَكُمْ سَوُّوْا مَنَاكِبَكُمْ تَرَاصُّوْا لَتُرَاصُنَّ اَوْ لَيَتَخَلَّلَنَّكُمُ الشَّيْطَانُ كَاَوْلَادِ الْحَذْفِ اِنَّ اللّٰهَ وَ مَلٰئِكَتَهٗ يُصَلُّوْنَ عَلٰى مُقِيْمِ الصُّفُوْفِ رواه الحافظ ابن خسرو

હઝરત ઈમામે આ'ઝમ رضی اللہ عنہ થી રિવાયત છે. તેઓ હમ્માદથી તેઓ ઈબ્રાહીમથી તેઓ ઉમર બિન ખત્તાબથી. આપે ફર્માવ્યું, ''તમારી સફો સીધી રાખો, તમારા ખભા સીધા રાખો, સીધા રહો તો જરૂર સીધા રાખવામાં આવશો, નહીં તો શૈતાન તમારી વચમાં ઘુસી આવશે બકરીના બચ્ચાઓ માફક. બેશક ! અલ્લાહ અને એના ફરિશ્તાઓ સફો સીધી રાખનાર પર દુરૂદ મોકલે છે. *(હાફિઝ ઈબ્ને ખુસરૂ)*

**હદીષ : ૨૬**

عَنْ اَنَسٍ رضی اللہ تعالیٰ عنہ عَنِ النَّبِىِّ صلی اللہ علیہ وسلم قَالَ اَقِيْمُوْا صُفُوْفَكُمْ وَتَرَاصُّوْا فَوَالَّذِىْ نَفْسِىْ بِيَدِهٖ اِنِّىْ لَاَرَى الشَّيْطَانَ بَيْنَ صُفُوْفِكُمْ كَاَنَّهَا غَنَمٌ عُفْرٌ رواه ابو داود الطيالسی

હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે તેઓ નબી صلی اللہ علیہ وسلم થી રિવાયત કરે છે. આપે ફર્માવ્યું :–

''તમારી સફોને સીધી રાખો અને સીધા રહો ! કસમ એની જેની કુદરતમાં મારી જાન છે ! બેશક ! હું શૈતાનોને તમારી સફોની વચમાં જોઉં છું જાણે તેઓ મોટી બકરીઓ.'' *(અબૂ દાવૂદ, તિયાલ્સી)*

**હદીષ : ૨૭**

عَنْ اَنَسِ بْنِ مَالِكٍ رضی الله تعالیٰ عنه اَنَّ رَسُوْلَ اللّٰهِ ﷺ رُصُّوْا صُفُوْفَكُمْ وَ قَارِبُوْا بَيْنَهَا وَ حَاذُوْا بِالْاَعْنَاقِ فَوَالَّذِىْ نَفْسِىْ بِيَدِهٖ اِنِّىْ لَاَرَى الشَّيْطَانَ يَدْخُلُ خَلَلَ الصَّفِّ كَاَنَّهُ الْحَذْفُ رواه ابن حبان فی سحیحه و ابو ادود والنسائی

હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, "તમારી સફોને સીધી રાખો અને સફોમાં નજીક રહો, ગરદન પણ બરાબર રાખો. કસમ છે એની જેની કુદરતમાં મારી જાન છે ! બેશક ! હું જોઉં છું કે શૈતાન તમારી સફોની વચમાં પ્રવેશી જાય છે જાણે બકરીનું બચ્ચુ." *(સહીહ ઈબ્ને હબ્બાન, અબૂ દાવૂદ, નસાઈ)*

**હદીષ : ૨૮**

عَنْ بَرَاءِ بْنِ عَازِبٍ رضی الله تعالیٰ عنه قَالَ كَانَ رَسُوْلُ اللّٰهِ يَقُوْلُ تَرَاصَوْا فِى الصُّفُوْفِ وَاِلَّا لَيَتَخَلَّلَكُمُ الشَّيْطَانُ كَاَوْلَادِ الْحَذْفِ رواه الطبرانی فی المعجم الصغير

હઝરત બરાઅ બિન આઝિબથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺ ફર્માવતા હતા, સફો સીધી રાખો ! નહીં તો શૈતાન બકરીના બચ્ચાઓ માફક વચમાં પ્રવેશી જશે. પૂછવામાં આવ્યું, 'ઔલાદુલ હઝફ' શું આપે ફર્માવ્યું, જે યમનની જમીનમાં હોય છે. *(તબ્રાની મુઅજ્જમે સગીરમાં)*

## ★ ખભાથી ખભા મેળવીને રાખવાની ફઝીલત ★

**હદીષ : ૨૯**

عَنْ اِبْنِ عُمَرَ رضی الله تعالیٰ عنه قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اَقِيْمُوْا الصُّفُوْفَ وَ حَاذُوْا بَيْنَ الْمَنَاكِبِ وَ سَدِّدُوْا الْخَلَلَ وَلِيْنُوْا بِاَيْدِىْ اِخْوَانِكُمْ وَلَا تَذَرُوْا فُرُجَاتِ الشَّيْطَانِ وَمَنْ وَصَلَ صَفًّا وَصَلَهُ اللّٰهُ وَمَنْ قَطَعَهٗ قَطَعَهُ اللّٰهُ رواه ابو داود

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, "સફો સીધી કરો, ખભાને ખભાની બરાબર કરો, વચમાંની જગા બંધ કરો અને શૈતાનની ખાલી જગાઓ ન છોડો, **જેણે**





**સફ મેળવી અલ્લાહ એને મેળવશે અને જેણે સફ કાપી અલ્લાહ એને કાપશે.** *(અબૂ દાવૂદ)*

## ★ ત્રણ જુમ્આ સતત છોડનાર મુનાફિક ★

**હદીષ : ૩૦**

عَنْ اُسَامَةَ بْنِ زَيْدٍ رضی الله تعالیٰ عنه قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ تَرَكَ ثَلَاثَ جُمُعَاتٍ بِغَيْرِ عُذْرٍ كُتِبَ مِنَ الْمُنَافِقِيْنَ رواه الطبرانی فی الكبير

હઝરત ઓસામા બિન ઝૈદથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, "જે ત્રણ જુમ્આ **કોઈ (શરઈ) કારણ વગર** છોડી આપે મુનાફિકમાં લખવામાં આવશે." *(તબ્રાનીએ કબીર)*

## ★ દિલ પર મોહર લાગશે ★

**હદીષ : ૩૧**

عَنْ اَبِىْ قَتَادَةَ رضی الله تعالیٰ عنه قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ تَرَكَ الْجُمُعَةَ ثَلَاثَ مَرَّاتٍ مُتَوَالِيَاتٍ مِّنْ غَيْرِ ضَرُوْرَةٍ طَبَعَ اللّٰهُ عَلٰى قَلْبِهٖ رواه الامام احمد

હઝરત અબૂ કતાદાથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, "જે જુમ્આની નમાઝ સતત ત્રણ વખત છોડી આપે જરૂરત વગર (શરઈ) અલ્લાહ તઆલા એના દિલ પર મોહર લગાડી આપશે." *(ઈમામ અહમદ)*

## ★ જુમ્આ માટે હાજરીની તાકીદ ★

**હદીષ : ૩૨**

عَنْ اَبِىْ هُرَيْرَةَ رضی الله تعالیٰ عنه قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ لَقَدْ هَمَمْتُ اَنْ اٰمُرَ فِتْيَانِىْ اَنْ يَجْمَعُوْا حِزَمًا مِّنْ حَطَبٍ ثُمَّ انْطَلِقَ فَاُحَرِّقُ عَلَيْهِمْ بُيُوْتَهُمُ الَّذِيْنَ لَايَشْهَدُوْنَ الْجُمُعَةَ رواه البيهقی

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, "મેં ઈરાદો કર્યો કે મારા જવાનોને હુકમ કરું કે તેઓ લાકડાંનો ભારો ભેગો કરે, પછી હું ચાલું તો એમના પર એમનાં ઘરોને આગ લગાડી આપું જેઓ જુમ્આ માટે હાજરી નથી આપતા." *(બયહકી)*

## હદીષ : ૩૩

عَنْ كَعْبِ بْنِ مَالِكٍ رضی الله تعالیٰ عنه قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ لَيَنْتَهِيَنَّ اَقْوَامٌ يَسْمَعُوْنَ النِّدَآءَ يَوْمَ الْجُمُعَةِ لَا يَاْتُوْنَهَا اَوْ لَيَطْبَعَنَّ اللّٰهُ عَلٰى قُلُوْبِهِمْ رواه الطبرانی فی المعجم الكبير و ابو نعيم فی الحلية

હઝરત કઅબ બિન માલિકથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "લોકો જુમ્આની અઝાન સાંભળશે અને રોકાય જશે એના માટે નહીં આવે, અલ્લાહ જરૂર એમના દિલો પર મોહર લગાડી દેશે." *(અબૂ નુઐમ હિલ્યામાં, અને તબ્રાનીએ મુઅજમે કબીરમાં)*

## ★ જુમ્આમાં સુસ્તી કરનારથી અલ્લાહ નારાજ ! ★

## હદીષ : ૩૪

عَنْ اَبِىْ هُرَيْرَةَ رضی الله تعالیٰ عنه قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ لَا يَزَالُ الْعَبْدُ مُتَهَاوِنًا بِالْجُمُعَةِ حَتّٰى يَغْضَبَ اللّٰهُ عَلَيْهِ رواه الديلمی

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "બંદો જુમ્આમાં સુસ્તી કરતો રહેશે એટલે સુધી કે અલ્લાહ તઆલા એના પર નારાજ થઈ જશે." *(દૈલમી)*

## ★ મુનાફિકનું દિલ ★

## હદીષ : ૩૫

عَنْ عَبْدِ اللّٰهِ بْنِ اَبِىْ اَوْفٰى رضی الله تعالیٰ عنه قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ سَمِعَ النِّدَاءَ يَوْمَ الْجُمُعَةِ وَلَمْ يَاْتِهَا ثُمَّ سَمِعَ النِّدَاءَ ثُمَّ لَمْ يَاْتِهَا طَبَعَ اللّٰهُ عَلٰى قَلْبِهٖ فَجَعَلَ قَلْبَ مُنَافِقٍ رواه الطبرانی فی الكبير والبيهقی فی شعب الايمان

હઝરત અબ્દુલ્લાહ બિન ઔફાથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જે જુમ્આના દિવસે અઝાન સાંભળે અને એના માટે ન આવે પછી અઝાન સાંભળે અને ન આવે તો અલ્લાહ તઆલા એના દિલ પર મોહર કરી આપશે, પછી એને મુનાફિકનું દિલ બનાવી દેશે."

હે મુસલમાનો ! અલ્લાહના પ્યારા રસૂલ ﷺની આ ચેતવણીઓને ધ્યાનથી વાંચો અને જુમ્આના પાબંદ બનો.





## ★ દિલ પર મોહર કેમ ? ★

## હદીષ : ૩૬

عَنْ اَبِىْ جَعْدِ الضَّمَرِىِّ رضی الله تعالیٰ عنه قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ تَرَكَ ثَلَاثَ جُمَعٍ تَهَاوُنًا مِنْ غَيْرِ عُذْرٍ بِهَا طَبَعَ اللّٰهُ عَلٰى قَلْبِهٖ رواه ابن ابی شيبة و الامام احمد و ابوداود والترمذی

હઝરત અબૂ જઅદ ઝમરીથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જેણે ત્રણ જુમ્આ કારણ વગર સુસ્તીથી છોડયા તો અલ્લાહ તઆલા એના દિલ પર મોહર લગાડી આપશે." *(ઈબ્ને અબી શયબા, ઈમામ અહમદ, અબૂ દાવૂદ, તિર્મિઝી)*

## ★ કિતાબમાં મુનાફિક કોણ ? ★

## હદીષ : ૩૭

عَنْ اِبْنِ عَبَّاسٍ رضی الله تعالیٰ عنه اَنَّ النَّبِىَّ ﷺ قَالَ مَنْ تَرَكَ الْجُمُعَةَ مِنْ غَيْرِ ضَرُوْرَةٍ كُتِبَ مُنَافِقًا فِىْ كِتَابٍ لَا يُمْحٰى وَلَا يُبَدَّلُ رواه الامام الشافعی

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે કે નબી ﷺએ ફર્માવ્યું, "જે જરૂરત વગર જુમ્આ છોડી આપે એ કિતાબમાં મુનાફિક લખી દેવામાં આવ્યો જેમાં રદ્દો બદલ નહીં થાય." *(ઈમામ શાફઈ)*

## હદીષ : ૩૮

عَنْ صَفْوَانَ بْنِ سُلَيْمٍ رضی الله تعالیٰ عنه قَالَ مَالِكٌ لَا اَدْرِىْ عَنِ النَّبِىِّ ﷺ اَمْ لَا اَنَّهٗ قَالَ مَنْ تَرَكَ الْجُمُعَةَ ثَلٰثَ مَرَّاتٍ مِّنْ غَيْرِ عُذْرٍ وَّلَا عِلَّةٍ طَبَعَ اللّٰهُ عَلٰى قَلْبِهٖ رواه الامام مالك

હઝરત સફવાન બિન સુલૈમથી રિવાયત છે. માલિકે કહ્યું કે હું નથી જાણતો કે એમણે નબી ﷺથી રિવાયત કરી કે નહીં. આપે ફર્માવ્યું, જે ત્રણ વખત જુમ્આ છોડી આપે કોઈ કારણ વગર તો અલ્લાહ તઆલા એના દિલ પર મોહર લગાડી આપશે." *(ઈમામ માલિક)*

અફસોસ ! ઘણા એવા કહેવાતા મુસલમાનો છે જેઓ પંજગાના તો પંજગાના પણ જુમ્આમાં દુનિયાની લાલચને ખાતર અથવા તો દીનથી

બેપરવાઈના કારણે નમાઝમાં આવતા નથી. તેમણે આ હદીષો પરથી સબક લઈ સત્વરે તૌબા કરવી જોઈએ.

## ★ રહમતવાળા નબીનો જલાલ ★

**હદીષ : ૩૯**

عَنْ اِبْنِ مَسْعُوْدٍ رضی الله تعالیٰ عنه قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صلی الله علیه وسلم لَقَدْ هَمَمْتُ اَنْ آمُرَ رَجُلًا يُصَلِّىْ بِالنَّاسِ ثُمَّ اُحَرِّقُ عَلىٰ رِجَالٍ يَتَخَلَّفُوْنَ عَنِ الْجُمُعَةِ بُيُوْتَهُمْ رواه الامام احمد و مسلم

હઝરત ઈબ્ને મસઊદ رضی اللہ عنہ થી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ صلی الله علیه وسلمએ ફર્માવ્યું, ''મેં વિચાર્યું કોઈ માણસને હુકમ કરું કે એ લોકોને નમાઝ પઢાવે પછી હું એ પુરૂષો પર એમનાં ઘરોને આગ લગાડી આપું જેઓ જુમ્આથી પાછળ રહે છે (આવતા નથી).'' *(ઈમામ અહમદ, મુસ્લિમ)*

## ★ ગાફિલોમાંથી કોણ ? ★

**હદીષ : ૪૦**

عَنْ عَمْرِو بْنِ اُمَيَّةَ رضی الله تعالیٰ عنه يَقُوْلُ لَا يَتْرُكُ رَجُلٌ مُسْلِمٌ الْجُمُعَةَ ثَلَاثًا تَهَاوُنًا بِهَا لَايَشْهَدُهَا اِلَّا كُتِبَ مِنَ الْمُنَافِقِيْنَ رواه الامام الشافعی

અમ્ર બિન ઉમય્યાથી રિવાયત છે. ફર્માવે છે કે મુસલમાન માણસ નહીં છોડે ત્રણ જુમ્આ એમનાથી સુસ્તી કરી એના માટે હાજરી નહીં આપે પણ એને ગાફિલોમાંથી લખી આપવામાં આવશે. *(ઈમામ શાફઈ)*

**ફાયદો** : જે જગાએ શરઈ કાયદાના આધારે જુમ્આ થઈ શકતો હોય ત્યાં જુમ્આની પાબંદી જરૂરી છે, શરઈ કારણ વગર છોડવું અને એના માટે હાજરી ન આપવી સખત ગુનાહનું કામ છે.

## ★ અમુક જરૂરી વાતો ! ★

જે વ્યક્તિને શરીઅતે માફી ન આપી હોય એના માટે મસ્જિદમાં હાજરી આપી જમાઅતથી નમાઝ અદા કરવી વાજિબ અને જરૂરી છે. જે એક વખતની જમાઅત વિના શરઈ કારણે છોડે તો એ પણ **ફાસિક઼** બની જાય છે, જેની ગવાહી શરઈ કાયદામાં માન્ય રહેતી નથી જ્યાં સુધી એ તૌબા ન કરે.





આપણા નબી صلی الله علیه وسلمએ જમાઅત છોડીને ઘર પર નમાઝ પઢનારાઓને એ ધમકી આપી કે જો તમે આમ કરશો તો હું તમારા ઘરોને આગ લગાડી આપીશ ! ભલે આ હુકમ વાસ્તવિક ન હોય પણ અતિ કૃપાળુ નબીના મુખેથી આ ધમકીના શબ્દોનું મહત્વ સ્પષ્ટ છે.

વિના શરઈ કારણે જમાઅત છોડી એકલી નમાઝ પઢનારના એ અમલને મુનાફિક઼ોના અમલથી સરખામણી આપવામાં આવી. એક સાચો પાકો મુસલમાન એ વાત વેઠી શકતો નથી કે એનો કોઈ અમલ મુનાફિક઼ની બદ્માશીને સહારો આપે.

જમાઅત સાથે નમાઝ પઢવાથી સવાબ વધે, મસ્જિદે આવવાનો પણ સવાબ મળે, જમાઅત છોડવાના ગુનાહથી બચી જવાય. મસ્જિદમાં જઈ નમાઝનો ઈન્તેઝાર કરીએ તો એ પણ નમાઝ જ કહેવાય.

આખા દિવસની નમાઝ જમાઅતથી પઢવામાં આવે તો સર્વને ખબર છે કે જમાઅત ફર્ઝ નમાઝની જ હોય છે તો એ ટોટલ ૧૭ રકાત છે અને જમાઅતથી પઢવામાં ફઝીલતમાં ૪૫૯ રકાતો બરાબર છે. આપણા હક઼્ક઼માં કેટલું ઉત્તમ છે કે પઢવામાં આવે ૧૭ રકાત અને સવાબમાં હોય ૪૫૯ રકાત !

જમાઅત છોડવા પર એ પણ વઈદ સંભળાવવામાં આવી છે કે એના દિલ પર મોહર લગાડી દેવામાં આવે છે. તો એનો મતલબ છે એનું દિલ કઠણ બની જાય છે અને શૈતાન પોતાની વાતની વધારે અસર એવા દિલને આપે છે. અને એ આજે જમાઅત છોડતો હતો ખુદા ન કરે કાલે નમાઝથી પણ આળસુ બની જાય એટલે જમાઅત છોડવી ન જોઈએ.

જે મસ્જિદની નજીકમાં રહેતો હોય એનો વધારે હક્ક છે કે એ મસ્જિદમાં હાજરી આપે. એ અધિક હક઼્ક઼ને બતાવવા હદીષમાં આવ્યું કે મસ્જિદના પડોશીની નમાઝ એના ઘરમાં થશે નહીં. નમાઝ ન થવાનો મતલબ નમાઝ ક઼બૂલ નથી શરીઅતમાં થઈ જશે. સવાબમાં આવશે નહીં અથવા એના ગુનોહ બીજા લોકોથી વધીને છે.

જુમ્આને પણ ઘણુ મહત્વ આપવામાં આવ્યું છે અને એની મહત્વતાને સમજવા એટલું પૂરતું છે કે જુમ્આની નમાઝ જમાઅત વગર થઈ શકતી જ નથી. વિના કારણે કોઈ જુમ્આ છોડી આપે તો કિતાબમાં એને મુનાફિક઼

લખી દેવામાં આવે છે. (અલ્લાહની પનાહ !) મુનાફિક઼નો મતલબ છે દેખાવનો મુસ્લિમ !

ત્રણ જુમ્આ સતત છોડી આપનાર માટે બતાવવામાં આવ્યું કે એના દિલ પર મોહર લગાડી દેવામાં આવશે, એને ગાફિલોમાં લખી આપવામાં આવશે, એ મુનાફિક઼ છે, વગેરે. તો જો કોઈએ એક બેમાં સુસ્તી કરી હોય તો તૌબા કરી લેવી જોઈએ અને ત્રીજી માટે આળસ ન લાવવી જોઈએ.

જમાઅતનો જેટલો ખયાલ રાખવો જોઈએ સફ સીધી રાખવાનો પણ એટલો જ ખયાલ હોવો જોઈએ. સફ વાંકી હોવાથી દિલોમાં વિવાદ પેદા થઈ જવાનો સંભવ છે. સફમાં જગા રાખવી એટલે કે ખભાથી ખભા મેળવીને ઉભા ન રહેવાથી, શૈતાનના વચમાં આવી જાય છે અને દિલોમાં શંકાઓ પેદા કરે છે એટલે શૈતાનને બહાર રાખવા એકબીજાથી મળીને રહેવું જોઈએ.

સફ સીધી રાખવી અને ખભાથી ખભા મેળવીને રહેવું સુન્નત અમલ છે. આમ કરનાર લોકો માટે ફરિશ્તાઓ મગફેરતની દુઆ કરે છે. વર્તમાનકાળમાં આ વાતો પર ધ્યાન આપવાની વધારે જરૂરત છે.

જમાઅતની નમાઝમાં એ ધ્યાન રાખવું જરૂરી છે કે **ઈમામ** કેવો છે ? ખુલ્લો ફાસિક઼ ન હોવો જોઈએ. અને **બદ્ અકીદા તો હોવો જ ન જોઈએ. જમાઅતની નમાઝનો મતલબ એ નથી કે જમાઅત કરી જ લેવાની ગમે તેની પછવાડે હોય ! એના માટે પણ શરતો છે જેનું પાલન જરૂરી છે.**

ઔરતો માટે જમાઅત નથી એમના માટે એમની એકલી પઢેલી નમાઝ વધારે ઉત્તમ માનવામાં આવે છે. સહાબાના જમાનાથી જ એમના માટે જમાઅતની નમાઝની પાબંદી લગાડી આપવામાં આવી હતી. એટલે આ મસ્અલાથી ઔરતો બાકાત છે. એમના માટે જેટલો પર્દો વધારે એટલો સવાબ વધારે છે.

મસ્જિદ પાસે હોય તો મર્દોની ઘરોની જમાઅત માન્ય રહેશે નહીં. જમાઅતની નમાઝ માટે મસ્જિદ છે, એટલે આ વાત ભૂલવામાં ન આવે.

وَمَا عَلَيْنَا اِلَّا الْبَلَاغُ الْمُبِيْنُ





## અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરાને તમે કઈ રીતે સહાયરૂપ થઈ શકો ?

(૧) **અહલે સુન્નત વ જમાઅત**નું ઠોસ સાહિત્ય ફેલાવવા, **મસ્લકે આ'લા હઝરત**ની રોશનીને ચમકાવવા આપ કિતાબોના પ્રકાશનમાં આપના તથા મર્હૂમોના સવાબ અર્થે **સવાબે જારીઆ** કમાવા માટે **લિલ્લાહ રકમ** આપીને અપાવીને સહાય રૂપ થઈ શકો છો.

(૨) **કોઈ આખી કિતાબ છપાવવાની જિમ્મેદારી લઈને** સહાયરૂપ થઈ શકો છો

(૩) આપની **ઝકાત, સદકા, ફિત્રા, ખૈરાત, બુઝુર્ગોની ન્યાઝ, કુર્બાનીની ખાલોની રકમો, M.O., ચેક, D.D. થકી કિતાબો છપાવવા માટે** મોકલીને સહાયરૂપ થઈ શકો છો.

(૪) **રૂપિયા બસો (રૂા. ૨૦૦/-) "વાર્ષિક મેમ્બર"** ફી તરીકે ભરીને, ભરાવીને મેમ્બરો બની બનાવીને સહાયરૂપ થઈ શકો છો.

**નોંધ :** દરેક **મેમ્બર** તથા **ડોનરને** વરસભર છપાતી સર્વ કિતાબો ફ્રીમાં ઘરબેઠાં પોસ્ટથી પહોંચાડવામાં આવે છે તો આ લાભ મેળવવાનું ચૂકશો નહીં.

**આજીવન મેમ્બર બનવા ઈચ્છનાર કેવળ પાંચ હજાર (રૂા. ૫૦૦૦/-) મોકલી બની શકે છે.**

(૫) કિતાબો મંગાવીને મિત્રો, સગામાં, લાયબ્રેરીઓમાં, મસ્જિદોમાં, દારુલ ઉલૂમોમાં વહેંચી તબ્લીગે દીનના કાર્યને વેગવંત બનાવી સહાયરૂપ થઈ શકો છો.

(૬) **ખાસ તો કિતાબો વાંચીને-વંચાવીને તેના** પર **અમલ કરી કરાવીને** સહકાર આપી શકો છો.

**આજે જ સંપર્ક કરો**

**અંજુમને રઝાએ મુસ્તફા,** C/o. ફય્ઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ, ફોન નં. (૦૨૬૪૨) ૨૮૨૭૯૨, ૨૮૨૯૩૩, ૨૮૨૯૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

**જરૂરી નોંધ :** જો તમે **મેમ્બર** કે **ડોનર** હોઉ અને તમને કોઈ કિતાબ ટપાલ ખાતાના વાંકે ન મળે તો અમને તમારો રસીદ નં. તથા રસીદ બન્યા તારીખ લખીને જણાવશો તો ફરીથી રવાના કરીશું. (ઈન્શાઅલ્લાહ !)

## (પ્રકરણ : ૧૨)

# નમાઝ અને કુર્આન

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

نَحْمَدُهٗ وَنُصَلِّىْ عَلٰى رَسُوْلِهٖ سَيِّدِالْمُرْسَلِيْنَ وَعَلٰى اٰلِهٖ وَاَصْحَابِهٖ اَجْمَعِيْنَ ـ اَمَّا بَعْدُ فَاَعُوْذُ بِاللّٰهِ مِنَ الشَّيْطَانِ الرَّجِيْمِ ـ بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ـ حَافِظُوْا عَلَى الصَّلَوَاتِ وَ الصَّلَاةِ الْوُسْطٰى وَ قُوْمُوْا لِلّٰهِ قَانِتِيْنَ ـ صَدَقَ اللّٰهُ الْعَظِيْمُ وَصَدَقَ رَسُوْلُهُ النَّبِىُّ الْاَمِيْنُ الْكَرِيْمُ ـ وَنُحْنُ عَلٰى ذٰلِكَ لَمِنَ الشَّاهِدِيْنَ وَالشّٰاكِرِيْنَ وَالْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعَالَمِيْنَ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَارَسُوْلَ اللّٰهِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَاحَبِيْبَ اللّٰهِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَا نَبِىَّ اللّٰهِ

اَلصَّلٰوةُ وَ السَّلَامُ عَلَيْكَ يَا نُوْرَ اللّٰهِ

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْكَ وَسَلَّمَ

મારા પ્યારા આક઼ા વ મૌલા ﷺના પ્યારા દીવાનાઓ અને દીવાનીઓ ! એ વાત તમે વારંવાર સાંભળી હશે કે નમાઝ આગલા નબીઓ અને એમની ઉમ્મતોને પણ આપવામાં આવી હતી અને આપણને પણ આપવામાં આવી, પરંતુ પાંચ વખતની નમાઝ એક સાથે માત્ર આ અંતિમ ઉમ્મતને આપવામાં આવી છે. અને એમાં પણ આપણી ઉપર એ કૃપા કરવામાં આવી કે પાંચ હોવા છતાં સવાબ પચાસ નમાઝોનો આપવામાં આવે છે.





એ પણ તમારા સાંભળવામાં આવ્યું હશે કે નમાઝ મેઅરાજ શરીફની રાત્રીએ આપણા પર ફર્ઝ કરવામાં આવી, એ પહેલાં ઈમાન લાવેલ મુસલમાનો જે નમાઝો પઢતા હતા એ નબી ﷺના પઢવા પર એમના અનુકરણમાં પઢતા હતા. મેઅરાજની રાત્રીમાં પચાસ વખતની નમાઝ આપણા પર ફર્ઝ કરવામાં આવી હતી અને આપણા નબી ﷺએ પચાસ નમાઝનો તોહફો લઈને પરત પણ આવી રહ્યા હતા, પરંતુ અલ્લાહ તઆલા પોતાની બારગાહના નબીઓની પ્રિયતા બતાવવા માંગતો હતો. આપણા પ્યારા પ્યારા આક઼ા ﷺ જ્યારે હઝરત મૂસા علیہ السلام પાસે આવ્યા તો એમણે વારંવાર આપણા નબીને પરત મોકલીને પાંચ કરાવી.

### ★ મેઅરાજ અને નમાઝ ★

عَنْ اَنَسِ بْنِ مَالِكٍ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُ فِىْ حَدِيْثِ الْاِسْرَاءِ قَالَ النَّبِىُّ ﷺ فَفَرَضَ اللّٰهُ عَلٰى اُمَّتِىْ خَمْسِيْنَ صَلَاةً فَرَجَعْتُ بِذٰلِكَ حَتّٰى مَرَرْتُ عَلٰى مُوْسٰى عَلَيْهِ السَّلَامُ فَقَالَ مَا فَرَضَ اللّٰهُ لَكَ عَلٰى اُمَّتِكَ قُلْتُ فَرَضَ خَمْسِيْنَ صَلَاةً قَالَ فَارْجِعْ اِلٰى رَبِّكَ فَاِنَّ اُمَّتَكَ لَاتُطِيْقُ ذٰلِكَ فَرَجَعْتُ فَوَضَعَ شَطْرَهَا فَرَجَعْتُ اِلٰى مُوْسٰى فَقُلْتُ وَضَعَ شَطْرَهَا قَالَ اِرْجِعْ اِلٰى رَبِّكَ فَاِنَّ اُمَّتَكَ لَا تُطِيْقُ ذٰلِكَ فَرَجَعْتُ فَوَضَعَ شَطْرَهَا فَرَجَعْتُ اِلَيْهِ فَقَالَ اِرْجِعْ اِلٰى رَبِّكَ فَاِنَّ اُمَّتَكَ لَاتُطِيْقُ ذٰلِكَ فَرَجَعْتُ فَقَالَ هُنَّ خَمْسٌ وَ هُنَّ خَمْسُوْنَ لَايُبَدَّلُ الْقَوْلُ لَدَىَّ فَرَجَعْتُ اِلٰى مُوْسٰى فَقَالَ اِرْجِعْ اِلٰى رَبِّكَ قُلْتُ اِسْتَحْيَيْتُ مِنْ رَّبِّىْ

رواه البخاری ومسلم والنسائی والبیهقی فی السنن الکبرٰی

હઝરત અનસ બિન માલિકથી મેઅરાજવાળી હદીષમાં રિવાયત છે. નબી ﷺએ ફર્માવ્યું, ''અલ્લાહ તઆલાએ મારી ઉમ્મત પર પચાસ નમાઝો ફર્ઝ ફર્માવી. હું એને લઈને પર થયો તો મારો ગુજર હઝરત મૂસા علیہ السلام પાસે થયો. ફર્માવ્યું, અલ્લાહે તમારા માટે તમારી ઉમ્મત પર શું ફર્ઝ ફર્માવ્યું ? મેં કહ્યું, પચાસ નમાઝો. ફર્માવ્યું, આપ પોતાના રબ પાસે પરત જાવ, આપની ઉમ્મત એની તાકાત નહીં રાખે. હું પરત થયો તો એણે અડધી માફ કરી આપી. હું હઝરત મૂસા علیہ السلام પાસે આવ્યો અને મેં કહ્યું, અડધી માફ કરી આપી. ફર્માવ્યું, તમારા રબ પાસે પરત જાવ

તમારી ઉમ્મત એની તાકાત નહીં રાખે ! હું પરત થયો તો એણે થોડી ઓછી કરી આપી. પછી એમની પાસે આવ્યો તો ફર્માવ્યું, તમારા રબ પાસે પરત જાવ તમારી ઉમ્મત એની તાકાત નહીં રાખે. હું પરત થયો તો ફર્માવ્યું, એ પાંચ નમાઝો છે અને છે પચાસ (સવાબમાં), મારી પાસે વાત બદલવામાં નથી આવતી. હું હઝરત મૂસા عليه السلام પાસે પરત આવ્યો. ફર્માવ્યું, તમારા રબ પાસે પરત જાવ. મેં કહ્યું, મને મારા રબથી શરમ આવે છે. (પાંચથી પણ ઓછી કરવામાં મને શરમ જેવું લાગે છે એટલે હવે એનાથી ઓછી કરવાની વિનંતિ નથી કરી શકતો.) *(બુખારી શરીફ, મુસ્લિમ શરીફ, નસઈ, બયહકી સુનનુલ કુબ્રામાં)*

## ★ નમાઝની સંખ્યાનો ઘટાડો ! ★

ઉપરોક્ત હદીષે પાકથી પુરવાર થયું કે અલ્લાહ તઆલાએ પચાસ વખતની નમાઝ ફર્ઝ ફર્માવી આપી હતી, પણ પચાસને ઓછી કરવામાં આપણી મદદ હઝરત મૂસા عليه السلامએ પણ કરી. આનાથી એક વાત એ જાણવા મળી કે **નબીઓ દુનિયાથી પર્દો ફર્માવી દુનિયાવી વાસ્તવિક હયાતમાં જીવંત હોય છે અને તેઓ આપણી મદદ કરી શકે છે.** હઝરત મૂસા عليه السلامએ મેઅરાજની રાત્રીમાં આપણા નબીથી મુલાકાત કરી અને આપણી મદદ ફર્માવી.

## ★ નબીઓની અલ્લાહને ત્યાં ઈજ્જત ★

ઉપરોક્ત હદીષથી એ પણ પુરવાર થયું કે નબીઓની અલ્લાહની બારગાહમાં ઘણી જ ઈજ્જત છે, અને નબીઓની માન્યતા પણ એ જ છે. હઝરત મૂસા عليه السلامની એ માન્યતા ન હોતી તો નમાઝના ફર્ઝ થઈ ગયા પછી એમાં કમીનો મશ્વેરો આપવામાં ન આવતો પણ નબી બીજા નબીને વારંવાર મોકલી રહ્યા છે. એ બતાવે કે નબીની ખુદાની બારગાહમાં એટલી ઈજ્જત છે કે એમની માંગથી અલ્લાહ તઆલ કરેલી ફર્ઝમાં ફરક કરી શકે છે.

## ★ નબીને ના કહેવામાં ન આવે ! ★

આપણા નબી ﷺની માન્યતા પણ એ જ છે કે નબીની અલ્લાહની





બારગાહમાં ઈજ્જત છે અને એની માંગ પૂરી કરવામાં આવે છે. અને એટલે જ આપ વારંવાર પરત થઈ રહ્યા છે, અને પચાસમાં કમી કરાવી રહ્યા છે. અને અલ્લાહ પણ નબીઓની એની બારગાહમાં કેટલી ઈજ્જત છે એ બતાવવા દરેક માંગમાં કરેલા ફર્ઝની સંખ્યામાં ઓછી કરી રહ્યો છે.

ઓછી કરતાં કરતાં જ્યારે પાંચ નમાઝો રહી ગઈ તો હઝરત મૂસા عليه السلامએ તો કહ્યું કે જઈને એ પાંચમાંથી પણ કમી કરાવો તો એના જવાબમાં આપણા નબીએ એવું ન કહ્યું કે હવે તો કમી કરવામાં નહીં આવે ! ખબર છે કે કમી તો એમાં પણ થઈ શકે છે. આપ ફર્માવે છે કે મને હવે એમાં કમી કરવામાં વિનંતિ પર શરમ આવે છે, થઈ તો શકે છે પણ મારી નથી કરાવી !

**ખુદા કી રિઝા ચાહતે હંય દો આલમ**
**ખુદા ચાહતા હય રિઝા એ મુહમ્મદ ﷺ**

## ★ પાંચ, પણ છે પચાસ ! ★

હદીષમાં એક વાત પર ધ્યાન આપવું ઘટે છે તે એ કે અલ્લાહ તઆલાએ ફર્માવ્યું, મહબૂબ ! 'અમારા ત્યાં વાત બદલાતી નથી !' જે કહી આપ્યું એ જ રહે, પણ મહબૂબ તમારી માંગ પર અમે એની સંખ્યા બદલી અને પચાસથી પાંચ કરી આપી.

**બખુદા ખુદા કા યહી હય દર નહીં ઔર કોઈ મફર મગર**
**જો વહાંસે હો યહીં આ કે હો જો યહાં નહીં તો વહાં નહીં**

આ અલ્લાહ તઆલાની અપાર કૃપા છે કે મહબૂબની વાત પણ માની લીધી અને પોતાની બારગાહનો કાયદો પણ એની જગાએ રહેવા દીધો અને ફર્માવ્યું, મહબૂબ ! તમારી માંગ પર પચાસને પાંચ બનાવી દેવામાં આવી અને અમારી બારગાહનો કાયદો બાકી રાખવા એ પાંચને સવાબમાં પચાસ જ રાખવામાં આવી, તમારી ઉમ્મતને પાંચ નમાઝમાં સવાબ પચાસનો આપવામાં આવશે.

**કરીમ ઐસા મિલા કે જિસકે ખુલે હંય હાથ ઔર ભરે ખઝાને**
**બતાવો અય મુફલિસો ! ફિર ક્યૂં તુમ્હારા દિલ ઈઝતિરાબમેં હય**

## ★ કુર્આનમાં આગલી ઉમ્મત માટે નમાઝનો ઉલ્લેખ ★

કુર્આનમાં ઘણી બધી જગાઓ પર આગલી ઉમ્મતને નમાઝ આપવામાં આવી હતી એનું વર્ણન થયું છે. એ આપણી તસલ્લી માટે અને આપણી આત્મશાંતિ માટે કે, અય અંતિમ નબીના અંતિમ ઉમ્મતીઓ ! આ નમાઝનો ફર્ઝ માત્ર તમારા માટે નથી તમારાથી આગલી ઉમ્મતો પર પણ ફર્ઝ કરવામાં આવી હતી. એ એટલી ઉત્તમ અને મારી બારગાહની પ્રિય ઈબાદત અને બંદગી છે કે એના થકી હું મારા બંદાને મારી બારગાહની ઘણી જ નિકટતા અતા કરું છું. જ્યારે મેં આગલી ઉમ્મતોને નમાઝ આપી એમના માટે મારી બારગાહની નિકટતાનો માર્ગ ખોલ્યો, તો અય મારા મહબૂબ નબીના ઉમ્મતીઓ ! તમને હું એનાથી મહરૂમ કેમ કરી રાખું ?! હું એનાથી અધિક નમાઝો તમને આપીને મારી બારગાહની અધિક નિકટતા તમને આપવા માંગું છું. સમયસર નમાઝો અદા કરી મારી બારગાહની નિકટતા પ્રાપ્ત કરી લો.

**હમને તો સખાવત કર હી દી**
**દેખતે હંય વુસ્અતે દામાં કયા હય**

અલ્લાહ તઆલા તરફથી નિકટતાનો માર્ગ આપણા માટે ખોલી નાખવામાં આવ્યો છે કે નમાઝ થકી આપણે આગળથી આગળ વધતા ચાલ્યા જઈએ. હવે એ આપણી હિંમત પર આધારિત છે કે આપણે એ મેદાનમાં કેટલા આગળ જઈએ છીએ.

## ★ નમાઝ મો'મિનની મેઅરાજ ★

એ નમાઝમાં આપણને કેટલી નિકટતા આપવામાં આવે છે એને સમયથી નજીક કરવાના અંતિમ શબ્દો આપણા પ્યારા પ્યારા આક઼ા વ મૌલા ﷺના છે :–

اَلصَّلوٰةُ مِعْرَاجُ الْمُؤْمِنِيْنَ [كنز العمال] કે ''નમાઝ ઈમાનવાળાઓની મેઅરાજ છે.'' જેમ મારી મેઅરાજ એ હતી કે મને અલ્લાહની બારગાહમાં બોલાવવામાં આવ્યો અને મેં એની બારગાહે અક઼દસમાં હાજરી આપી અને એણે મને નમાઝનો તોહફો આપ્યો, મારા ઉમ્મતીઓ એમાં તમારી ખુદાની બારગાહમાં રૂહાની મેઅરાજ છે.





**મેરી મેઅરાજ તો રબ કા દીદાર હય**
**તેરી મેઅરાજ નમાઝમેં હમ કલામી**

## ★ નમાઝમાં રબથી કલામ ★

નમાઝમાં અલ્લાહુ અકબર કહી આપણે દુનિયાથી સંબંધ તોડી રબની બારગાહમાં હાજર થઈ જઈએ છીએ, કાનો સુધી હાથ ઉઠાવવાની જાહેરી હિક્મત એ જ છે કે અય દુનિયા તું ઉભી રહસ ! હું મારા રબની બારગાહમાં જઈ રહ્યો છું. પછી અલ્લાહુ અકબર કહી અદબ સાથે હાથ બાંધ લઈએ છીએ કે હું એ બારગાહમાં પહોંચી ગયો, હું મારા રબ સમક્ષ ઊભો છું. પછી ષના થકી આપણે રબના વખાણ શરૂ કરીએ છીએ પછી એ રબ સાથે વાત કેમ કરી કરીએ એની બારગાહ લાયક શબ્દો ક્યાંથી લાવીએ ?! તો બતાવવામાં આવ્યું એ રબના જ ઉતારેલા કલામમાં એનાથી વાત કરો ! તો કુર્આન પઢવામાં આવે છે, પછી રુકૂઅ કરવામાં આવે છે પછી એક નહીં બે સિજદા કરવામાં આવે છે કે મૌલા ! તારા કહેવા પર શૈતાને એક સિજદો ન કર્યો હું તારી બારગાહમાં એક નહીં બે સિજદા કરું છું, અને દરેક રકાતમાં બે સિજદા કરું છું. મૌલા મારું રુકૂઅની હદે નમવું તારા જ માટે અને સિજદામાં નમવું તારા જ માટે. આ જાહેરી હાલતો સ્પષ્ટ કરી રહી છે કે નમાઝ વાસ્તવમાં આપણી મેઅરાજ છે, દુનિયાથી આપણો સંબંધ તૂટી રબ સાથે જોડાય છે અને એટલે જ નમાઝ પૂરી કરવામાં આવે છે તો સલામ કરવામાં આવે છે, એ એલાન છે કે અય લોકો ! હવે હું તમારી તરફ પરત આવ્યો.

## ★ બેનમાઝી પોતાને જ ફેંકે છે ★

જ્યારે નમાઝ આપણા માટે મેઅરાજ છે અને એમાં આપણે મખ્લૂકથી સંબંધ તોડી રબ સાથે જોડાઈ જઈએ છીએ તો નમાઝ અદા કરનાર તો એ શર્ફ પ્રાપ્ત કરી લે છે પણ બેનમાઝી એ સમયમાં જ્યારે નમાઝ નથી પઢતો તો એ અલ્લાહને છોડી મખ્લૂકના સંબંધને ઉત્તમતા આપી રહ્યો છે અને એટલે જ નમાઝ ક઼ઝા કરવી ઘણો જ મોટો ગુનોહ છે જે ગુનાહની હદ શબ્દોમાં નથી બતાવી શકતા. નમાઝ ન પઢનાર પોતાની મેઅરાજને ગુમાવી રહ્યો છે. નમાઝ ન પઢનાર રબની બારગાહની હાજરીને ગુમાવી રહ્યો છે, નમાઝ

ન પઢનાર પોતાના રબની નિકટતાને ગુમાવી રહ્યો છે, નમાઝ ન પઢનાર પોતાના રબથી વાતચીતનો લાભ ગુમાવી રહ્યો છે. શું આનાથી મોટો કોઈ પરભાગી હશે જે રબની મુલાકાત છોડી મખ્લૂકની મુલાકાતને ઉત્તમતા આપે ?! અરે ! કદાપિ આવી ભૂલ ન કરશો ! આનાથી એ પુરવાર થયું કે બેનમાઝી નમાઝ છોડી પોતે જ પોતાને ફેંકી રહ્યો છે.

## ★ બેનમાઝીએ કરેલા અમલ શાથી બેકાર ?! ★

હદીષોથી એ સાબિત છે કે અમલોમાં અતિ ઉત્તમ ફર્ઝ છે પછી વાજિબ અને પછી બીજી ઈબાદતો. ફર્ઝ અલ્લાહની માંગ છે અને વાજિબ નબી થકી અલ્લાહની માંગ છે. એ જરૂરતોને આપણે છોડી આપીએ અને બીજા અમલોથી એ દાવો કરીએ કે આના થકી આપણે આપણા રબની બારગાહથી નિકટ થઈ જઈશું, તો એ ખોટી માન્યતા છે. રબ તરફથી જરૂરી કરવામાં આવેલું તો આપણે કર્યું નથી તો પછી પોતાની ઈચ્છાથી મતલબ શું ?! **શું આપણી ઈચ્છા રબના ફર્માનથી વધીને છે કે એનું કહેવું ન કરવામાં આવે અને આપણી પસંદનું કરી લેવામાં આવે** ! એટલે જ હદીષે પાકમાં આવ્યું છે કે ફર્ઝ છોડનારની બીજી ઈબાદતો તો ક઼બૂલ નથી થતી પરંતુ એક ફર્ઝ છોડયો હોય તો બીજો કરેલો ફર્ઝ પણ ક઼બૂલ કરવાથી રોકી લેવામાં આવે છે. બીજા અમલોને ક઼બૂલ કરવા હોય અને એના થકી રબની નિકટતા પ્રાપ્ત કરવી હોય તો એના માટે જરૂરી છે કે આપણે પ્રથમ ફર્ઝની પાબંદી કરીએ, પછી વાજિબની અને પછી બીજા નેક અમલોની. જો આમ કરવામાં ન આવે તો કરેલી મહેનત પણ બેકાર અને બેમતલબ થઈ શકે છે.

## ★ ફર્ઝ છોડનારની હોશિયારી બેકાર ! ★

દીનમાં આગળ ધપવાનો સફળ તરીકો આ જ છે કે પ્રથમ ફર્ઝો પર ધ્યાન આપવામાં આવે પછી વાજિબ પર ધ્યાન આપવામાં આવે એ પછી સુન્નતે મુઅક્કિદા પર ધ્યાન આપવામાં આવે અને છેલ્લો દરજો નફલનો છે. જે લોકો જરૂરતોને છોડીને નફલથી સફળ થવા માંગે છે તેઓ નાકામીને કામયાબી સમજી રહ્યા છે. જેમ નમાઝમાં સાત કામો ફર્ઝ છે એમાંથી કોઈ એક છોડી દેવામાં આવે અને બધા વાજિબ અને સુન્નત પર સંપૂર્ણ





અમલ કરવામાં આવે તો ફત્વો એ જ આવશે કે એની નમાઝ ન થઈ. કારણ કે એને ફર્ઝ છોડી આપ્યો છે. કોઈ બધી વાતો પર અમલ કરે પણ નમાઝનો કોઈ વાજિબ જાણી જોઈને છોડી આપે તો ફત્વો આપવામાં આવશે કે એની નમાઝ જ ન થઈ અને ભૂલથી છોડે તો એની નમાઝ મકરૂહે તહરીમી છે અને ફરીથી પઢવી વાજિબ છે. આ ક઼ાયદાથી પણ એ પુરવાર થયું કે વાજિબ અને ફર્ઝ છોડવાથી બીજાું કરેલું પણ બેકાર થઈ જાય છે, આમ જ નફ્લ કામોના ક઼બૂલ થવામાં વાજિબ અને ફર્ઝ પર અમલ કરવો જરૂરી છે. ફર્ઝ અને વાજિબ છોડી બીજા નેક અમલો થકી પોતાને આગળ લાવનારને દુનિયા પણ ક઼બૂલ કરતી નથી. દુનિયામાં એવા લોકોની હોશિયારી ક઼બૂલવામાં નથી આવતી.

## ★ આજે આપણી હાલત એવી જ છે ★

આજે આપણે પોતાને હક્ક઼ પર હોવાનો દાવો કરી બીજા ફ઼િર્ક઼ાના લોકોને બાતિલ, ખોટા અને ગુમરાહ બદ્દીન કહીએ છીએ, આપણું દરેક લખાણ એમની વિરુધ્ધમાં, દરેક વાત એમની વિરુધ્ધમાં બલ્કે એમની વિરુધ્ધ વાતો કરવામાં આપણે એટલા આગળ વધ્યા કે આજે આપણને આપણા મોટા આલિમોનાં નામો યાદ નથી અને બાતિલ અક઼ીદા લોકોના આલિમોના નામો યાદ છે ! તેઓ શું કરે છે એની ખબર છે, આપણે શું કરવાનું છે એની આપણને ખબર નથી. બરાબર છે કે બાતિલ અક઼ીદાવાળાનો વિરોધ કરો, પણ સાથે સાથે આપણી શું ફરજો છે તે તો સમજો ! આટલું લખવા છતાં અને આટલું બોલવા છતાં બાતિલ તો આગળ ધપી જ રહ્યો છે ! અને આપણે જાણે કમજોર પડી રહ્યા છીએ ! કેમ ?! એટલે જ કે આપણે ફર્ઝો પર અમલમાં કમજોર, મસ્જિદો આપણી વેરાન, ફજરની નમાઝમાં તો અમુક જ માણસો આવતા હોય, દુનિયાની ફેશનો આપણા માટે, આપણા ત્યાંના શાદી વગેરે ખુશીના પ્રસંગોમાં એવાં કામો થાય જેનાથી સુન્નતોમાં પણ આપણે આળસુ, આપણી સુન્નિયતનો પાયો આપણા નબીનું નામ સાંભળી અંગૂઠા ચૂમવા, દરગાહો પર હાજરી આપવી, ઉર્સ કરવા અને ધામધૂમથી અગ્યારમી કરવી, એટલે આપણે સમજી લીધું કે આપણે સાચા પાકા સુન્ની છીએ ! સહીહ છે કે પ્યારા નબી ﷺનું નામે પાક સાંભળી અંગૂઠા ચૂમો, શરીઅતના વર્તુળમાં રહીને ઉર્સ તથા દીની જલસા યોજો,

પણ પછી આટલેથી અટકી ન જાવ ! આ બધાં ગૈર નફ્લ અને મુસ્તહબ કામો છે અને એના થકી આપણે આપણા સાચા હોવાનો દાવો કરીએ છીએ, પણ ફર્ઝ બાબતે આળસ કરવાથી જે અક્કલથી અથવા માત્ર આંખોથી જોઈને સત્ય હોવાનો નિર્ણય લે છે તેવો તબકો આપણાથી દૂર થઈ રહ્યો છે. તો વાસ્તવિક સફળતા એમાં છે કે આપણે ફર્ઝો તથા જરૂરતો પર પૂરતુ ધ્યાન આપીએ પછી નફ્લ તરફ જઈએ.

## ★ આપણને વધારે નમાઝો કેમ મળી ?! ★

વાત એ ચાલી રહી હતી કે અલ્લાહ તઆલાએ આગલી ઉમ્મતો પર પણ નમાઝો ફર્ઝ કરી હતી અને આપણા પર નમાઝો ફર્ઝ ફર્માવી. અને અલ્લાહ તઆલાએ કુર્આને પાકમાં આગલી ઉમ્મતની નમાઝની યાદ અપાવી આત્મશાંતિ માટે કે એ માત્ર તમારા પર ફર્ઝ નથી રાખી આગલી ઉમ્મતોને પણ એનો હુકમ આપવામાં આવ્યો હતો. અને આપણને નમાઝ એમનાથી અધિક આપવામાં આવી કે આપણે અલ્લાહના હબીબ ﷺની ઉમ્મત હોવાને લઈને ઉત્તમ ઉમ્મત છીએ. અલ્લાહ તઆલાએ આપણને ખૈરે ઉમ્મત કહીને સર્વશ્રેષ્ઠ હોવાનું ઉપનામ આપ્યું તો અધિક નમાઝોથી એની બારગાહમાં નિકટતા પ્રાપ્ત કરવાનો માર્ગ પણ વિશાળ બનાવ્યો.

## ★ કોઈ અમલ ફર્ઝથી વધી ન શકે ★

કોઈ અમલ ફર્ઝથી ફઝીલત, નિકટતા અને સવાબમાં વધી નથી શકતો. બુખારી શરીફમાં છે :–

وَمَا تَقَرَّبَ اِلَیَّ عَبْدِیْ بِشَیْئٍ اَحَبَّ اِلَیَّ مِمَّا افْتَرَضْتُ عَلَیْہِ [بخاری]

અલ્લાહ તઆલાએ ફર્માવ્યું, મારા બંદાએ મારાથી કોઈ એવી વસ્તુથી નિકટતા પ્રાપ્ત ન કરી જે એને અધિક પ્રિય હોય મારા એના પર કરેલા ફર્ઝથી. એટલે કે મારી બારગાહમાં અધિક પ્રિય મારો કરેલો ફર્ઝ છે. અને દરેક નેક અમલ નિકટતા આપે છે પણ ફર્ઝ જેટલી નિકટતા કશામાં જ નથી, અને એટલે તો નફ્લ નમાઝોના અને નફ્લ અમલોના સવાબનો ઉલ્લેખ છે, ફર્ઝનો નહીં. કારણ કે એને હિસાબમાં લાવી નથી શકતા. ફર્ઝ અધિક ફઝીલતોની સાથે બીજા અમલોની કબૂલાતનો પાયો પણ છે.





## ★ ફર્ઝના સ્થાને કોઈ ન પહોંચે ★

ફર્ઝ સિવાયના બીજા અમલો ગમે તેવા અને ગમે તેટલા હોય એ ફર્ઝના સ્થાને આવી શકતા નથી. એટલા માટે તો હદીષે પાકમાં છે જે કોઈ જાણી જોઈને ફર્ઝ રોઝો છોડે તો જીવનભરની કઝા એના સ્થાને નથી થઈ શકતી. એટલે કે જીવનભરની કઝા આપણી ઈચ્છાથી છે જેને આપણે ફર્ઝની જગાએ રાખવા માંગીએ છીએ પણ આપણી ઈચ્છા ફર્ઝના સ્થાને પહોંચી નથી શકતી. ફર્ઝ સમયસર અલ્લાહની માંગ છે અને એ માંગ સમયમાં છે, સમય વિતી ગયા પછી તો એ ગુનાહના પલ્લામાં ચાલી ગયો. જે દાખલો રમઝાનના રોઝાનો આપવામાં આવ્યો એ નમાઝનો પણ છે કે એક નમાઝ જાણી જોઈને કઝા કરી દેવામાં આવે અને પછી જીવનભર એની કઝા કરવામાં આવે તો એ અદા નમાઝના સ્થાને નથી પહોંચી શકતી. જે ફર્ઝોનું આટલું મહત્વ છે એને છોડી આપણે નફ્લ કામો થકી સફળ થવાના ચક્કરમાં છીએ તો એનાથી સફળતા કેમ કરી મળે ! સફળતાનું મૂળ નમાઝ છે અને પછી બીજા અમલો.

# આગલી ઉમ્મતોમાં નમાઝ

## ★ હઝરત ઈબ્રાહીમ અને નમાઝ ★

કુર્આન શરીફની અમુક આયતોમાં એ વાતનો ઉલ્લેખ જોવા મળે છે કે હઝરત ઈબ્રાહીમ علیہ السلام પોતે નમાઝ પઢતા હતા અને ઉમ્મતને પણ નમાઝનો હુકમ હતો :–

**★ આયત : ૧ ★**

وَ عَهِدْنَآ اِلٰٓى اِبْرٰهِيْمَ وَاِسْمٰعِيْلَ اَنْ طَهِّرَا بَيْتِىَ لِلطَّآئِفِيْنَ وَ الْعٰكِفِيْنَ وَ الرُّكَّعِ السُّجُوْدِ۔ [س البقره پ۱ آیه ۱۲۵]

"અને અમે ઈબ્રાહીમ અને ઈસ્માઈલને તાકીદ ફર્માવી કે તવાફવાળાઓ એ'તેકાફવાળાઓ અને રુકૂઅ, સિજદો કરનારાઓ માટે મારું ઘર ખૂબ પવિત્ર રાખો."

**★ આયત : ૨ ★**

وَطَهِّرْ بَيْتِىَ لِلطَّآئِفِيْنَ وَالْقَآئِمِيْنَ وَالرُّكَّعِ السُّجُوْدِ [س الحج پ ۱۷ آیه۲۶]

"અને (અય ઈબ્રાહીમ !) મારું ઘર ખૂબ પવિત્ર રાખ તવાફવાળાઓ, એ'તેકાફવાળાઓ અને રુકૂઅ, સિજદા કરનારાઓ માટે !"

આ આયતોથી જાણવા મળ્યું કે એ સમયમાં એ'તેકાફ પણ કરવામાં આવતો હતો અને નમાઝ પણ પઢાતી હતી અને એમને કોઈ પ્રકારની તકલીફ ન પડે એને લઈને બયતુલ્લાહ શરીફને ખૂબ પવિત્ર રાખવાનો હુકમ નબીને આપવામાં આવી રહ્યો છે.

આનાથી એ પણ પુરવાર થયું કે અલ્લાહ તઆલાની બારગાહમાં મસ્જિદ બંદગી માટે હાજરી આપનારાઓની ઘણી ઈજ્જત છે, એમના માટે જ સફાઈ અને સ્વચ્છતાનો હુકમ આપવામાં આવી રહ્યો છે.





એ પણ જાણવા મળ્યું કે મસ્જિદની સાફ સફાઈ અને એની પવિત્રતાનો વ્યવસાય ઘણુ ઊંચુ કામ છે કે નબી ﷺને એ સેવા સોંપવામાં આવી, દરેક મુસલમાને શોખથી મસ્જિદનાં કામો કરવા જોઈએ, એ મહાન ઉપનામ છે કે મસ્જિદનો સેવક કહેવામાં આવે.

આપણે આપણા ઘરોમાં સફાઈ કરીએ, દુકાનોમાં સફાઈ કરીએ, ઘરના આંગળામાં સફાઈ કરીએ એ બધું સફાઈનું સારું કામ છે, પણ સર્વથી વધીને મસ્જિદની સફાઈનું કામ છે, જેનો સંબંધ અલ્લાહ તઆલા સાથે છે. મસ્જિદની સફાઈ અલ્લાહની બારગાહના મહેમાનના સ્વાગત માટે છે.

**★ આયત : ૩ ★**

رَبَّنَآ اِنِّىٓ اَسْكَنْتُ مِنْ ذُرِّيَّتِىْ بِوَادٍ غَيْرِ ذِىْ زَرْعٍ عِنْدَ بَيْتِكَ الْمُحَرَّمِ رَبَّنَا لِيُقِيْمُوا الصَّلٰوةَ [س ابراهیم پ ۱۳ آیه ۳۷]

"અય મારા રબ ! મેં મારી અમુક ઔલાદ તારા ઈજ્જતવાળા ઘર પાસે એક નાળામાં વસાવી જ્યાં ખેતી પાકતી નથી. અય અમારા રબ ! એટલા માટે કે તેઓ નમાઝ કાયમ રાખે !"

હઝરત હાજરાને હઝરત ઈસ્માઈલ સાથે કા'બાના સ્થાને જ્યાં કા'બાનું નિશાન પણ જોવા ન મળતું હતું અને એ તળેટીમાં ઉજ્જડ મેદાન હતું, રણને લઈને. ત્યાં કશું ઉગતુ પણ ન હતું ત્યાં એમને વસાવાનો હુકમ આપવામાં આવ્યો હતો. હઝરત ઈબ્રાહીમ علیہ السلام એમને લઈને ત્યાં આવ્યા અને હઝરત હાજરાને પોતાના પવિત્ર પુત્ર હઝરત ઈસ્માઈલ સાથે ત્યાં વસાવ્યાં. હઝરત ઈબ્રાહીમ علیہ السلامએ એમને ત્યાં વસાવવાનું કારણ બતાવ્યું તે એ છે કે મૌલા ! હું એમને અહીં એટલા માટે વસાવી રહ્યો છું કે તેઓ નમાઝ કાયમ કરે, એકાંતમાં રહી શોખથી તને યાદ કરે. પુરવાર થયું એ સમયમાં નમાઝ હતી અને એટલે જ નમાઝને ત્યાં વસાવવાનું કારણ બતાવ્યું.

**★ આયત : ૪ ★**

رَبِّ اجْعَلْنِىْ مُقِيْمَ الصَّلٰوةِ وَمِنْ ذُرِّيَّتِىْ رَبَّنَا وَ تَقَبَّلْ دُعَآءِ

[س ابراهیم پ ۱۳ آیه ۴۰]

''અને અય મારા રબ ! મને નમાઝ કાયમ કરનાર રાખ અને મારી અમુક ઔલાદને. અને મારા રબ મારી દુઆ કબૂલ ફર્માવ.''

**★ આયત : ૫ ★**

وَاذْكُرْ فِى الْكِتَابِ اِسْمَاعِيْلَ اِنَّهٗ كَانَ صَادِقَ الْوَعْدِ وَكَانَ رَسُوْلًا نَبِيًّا ☆ وَكَانَ يَاْمُرُ اَهْلَهٗ بِالصَّلٰوةِ وَالزَّكٰوةِ وَكَانَ عِنْدَ رَبِّهٖ مَرْضِيًّا۔ [س مريم پ ١٦ آيه ٥٥]

''આ કિતાબમાં ઈસ્માઈલને યાદ કરો બેશક ! એ વાયદાના સાચા અને રસૂલો નબી છે. પોતાના ઘરવાળાઓને નમાઝ અને ઝકાતનો હુકમ આપતા અને રબને પસંદ હતા.''

આનાથી પણ પુરવાર થયું કે હઝરત ઈસ્માઈલ પોતે નમાઝ પઢતા અને પોતાના ઘરવાળાઓને પણ નમાઝનો હુકમ આપતા હતા અને એ જમાનામાં નમાઝનો હુકમ હતો.

**★ આયત : ૬ ★**

اُولٰٓئِكَ الَّذِيْنَ اَنْعَمَ اللّٰهُ عَلَيْهِمْ مِنَ النَّبِيّنَ مِنْ ذُرِّيَّةِ آدَمَ وَمِمَّنْ حَمَلْنَا مَعَ نُوْحٍ وَمِنْ ذُرِّيَّةِ اِبْرَاهِيْمَ وَاِسْرَآئِيْلَ وَمِمَّنْ هَدَيْنَا وَجْتَبَيْنَآ اِذَا تُتْلٰى عَلَيْهِمْ آيَاتُ الرَّحْمٰنِ خُرُّوْا سُجَّدًا وَّ بُكِيًّا۔ [س مريم پ ١٦ آيه ٥٨]

''આ છે જેમના પર અલ્લાહએ એહસાન ફર્માવ્યું ગયબની ખબર બતાવનારાઓથી આદમની ઔલાદથી અને એમાંથી જેમને અમે નૂહ સાથે સવાર કર્યા હતા. અને ઈબ્રાહીમ અને યાકૂબની ઔલાદથી અને એમાંથી જેમને અમે માર્ગ બતાવ્યો અને ચૂંટી લીધા જ્યારે એમના પર રહમાનની આયતો પઢવામાં આવતી રડતાં સિજદામાં પડી જતા.''

પુરવાર થયું આગલા નબીઓ ઉમ્મતમાં અલ્લાહની બારગાહમાં સિજદો કરવાનો પણ રિવાજ હતો. (સિજદો નમાઝનો જ એક રુકન અને ફર્ઝ છે.)

**★ આયત : ૭ ★**

فَخَلَفَ مِنْ بَعْدِهِمْ خَلْفٌ اَضَاعُوْا الصَّلٰوةَ وَاتَّبَعُوْا الشَّهْوٰتِ فَسَوْفَ يَلْقَوْنَ غَيًّا [س مريم پ ١٦ آيه ٥٩]

''તો એમના પછી એમની જગાએ એવા નાલાયક આવ્યા જેમણે





નમાઝો છોડી અને પોતાની મનેચ્છાઓ પાછળ પડયા તો નિકટમાં જ તેઓ ગય્યનું જંગલ પામશે.''

પુરવાર થયું કે જો એ સમયમાં નમાઝનો હુકમ ન હોત તો નમાઝ ન પઢનારાઓને નાલાયક અને વાસનાની પાછળ જનાર કહેવામાં ન આવતું. અને નમાઝ છોડવા પર એમને જહન્નમની વઈદ સંભળાવવામાં ન આવતી. જાણવા મળ્યું કે એ સમયમાં પણ નમાઝ ફર્ઝ હતી.

હઝરત ઈબ્ને અબ્બાસ رضى الله عنهما એ ફર્માવ્યું, ગય્ય જહન્નમમાં એક તળેટી છે જેની ગરમીથી જહન્નમ પોતે પનાહ માંગે છે. આ જહન્નમનું જંગલ વ્યભિચારથી ટેવાઈ ગયેલા, દારૂની આદતવાળા, વ્યાજ ખાનારા, માતા પિતાની વાતનો અસ્વીકાર કરનાર અને જૂઠી ગવાહી આપનાર માટે છે.

આવા મોટા મોટા ગુનાહોમાં નમાઝ જાણી જોઈને છોડવાનો પણ સમાવેશ થાય છે એટલે એને પણ જહન્નમના એ જંગલની ધમકી આપવામાં આવી.

**★ આયત : ૮ ★**

قَالُوْا يٰشُعَيْبُ اَصَلٰوتُكَ تَاْمُرُكَ اَنْ نَتْرُكَ مَايَعْبُدُ اٰبَآؤُنَااَوْ اَنْ نَّفْعَلَ فِىْ اَمْوَالِنَا مَانَشَآؤُ اِنَّكَ لَاَنْتَ الْحَلِيْمُ الرَّشِيْدُ۔ [س هود پ ١٢ آيه ٨٧]

''(કૌમના લોકો બોલ્યા) અય શુએબ ! શું તમારી નમાઝ તમને એવું કહે છે કે અમે અમારા વડવાઓના ખુદાને ત્યજી દઈએ અથવા અમારા માલમાં અમારી ઈચ્છા મુજબ ન કરીએ. હાજી ! તમે તો મહાન બુદ્ધિશાળી અને સદ્‌વર્તાવવાળા છો.''

આ આયતથી પણ પુરવાર થયું કે હઝરત શુએબ عليه السلام ના જમાનામાં પણ નમાઝ હતી અને એટલે કાફિરોએ આપ સાથે નમાઝ સંબંધિત કરીને આપને સંબોધન કર્યું.

**★ આયત : ૯ ★**

فَنَادَتْهُ الْمَلٰٓئِكَةُ وَهُوَ قَائِمٌ يُّصَلِّىْ فِى الْمِحْرَابِ اَنَّ اللّٰهَ يُبَشِّرُكَ بِيَحْيٰ مُصَدِّقًا بِكَلِمَةٍ مِّنَ اللّٰهِ وَسَيِّدًا وَّحَصُوْرًا وَ نَبِيًّا مِّنَ الصَّالِحِيْنَ۔ [س آل عمران پ ١٦ آيه ٣٩]

"ફરિશ્તાઓએ એમને (હઝરત ઝકરિયાને) સાદ આપ્યો જ્યારે આપ મહેરાબમાં ઊભા નમાઝ પઢી રહ્યા હતા, બેશક ! અલ્લાહ આપને યહ્યાની ખુશખબરી આપે છે જે અલ્લાહ તરફના એક કલેમાની સત્યતા જાહેર કરશે. આગેવાન અને સ્ત્રીઓથી અલગ રહેનાર અને અમારા ખાસ બંદાઓ પૈકીના નબી."

આ આયતથી પણ પુરવાર થયું કે હઝરત ઝકરિય્યા علیہ السلام ના જમાનામાં પણ નમાઝ હતી અને હઝરત જિબ્રઈલે અમીન علیہ السلام જ્યારે આપ પાસે પુત્ર યહ્યાના જન્મની ખુશખબરી લઈને આવ્યા ત્યારે આપ મસ્જિદમાં નમાઝ અદા ફર્માવી રહ્યા હતા.

★ આયત : ૧૦ ★

يٰمَرْيَمُ اقْنُتِىْ لِرَبِّكِ وَاسْجُدِىْ وَارْكَعِىْ مَعَ الرّٰاكِعِيْنَ

[س آل عمران پ ١٦ آيه ٤١]

"અય મરયમ ! પોતાના રબ સમક્ષ અદબપૂર્વક ઊભી રહો, એના માટે સિજદો કરો અને રુકૂઅવાળાઓ સાથે રુકૂઅ કરો."

આ આયતથી પુરવાર થયું કે હઝરત મરયમના સમયમાં નમાઝ પઢાતી હતી અને આપને એનો હુકમ આપવામાં આવ્યો. જ્યારે હઝરત જિબ્રઈલ علیہ السلام એ આવીને અલ્લાહનો ઉપરોક્ત હુકમ સંભળાવ્યો તો આપે એટલો લાંબો કિયામ કર્યો કે આપના પગોમાં વરમ આવી ગયો, અને પગ ફાટીને લોહી વહેવા લાગ્યું.

★ આયત : ૧૧ ★

وَجَعَلْنَاهُمْ اَئِمَّةً يَّهْدُوْنَ بِاَمْرِنَا وَ اَوْحَيْنَا اِلَيْهِمْ فِعْلَ الْخَيْرَاتِ وَاِقَامَ الصَّلٰوةِ
وَاِيْتَاءَ الزَّكٰوةِ وَكَانُوْا لَنَا عَابِدِيْنَ [س الانبياء پ ١٧ آيه ٧٣]

"અને અમે એમને ઈમામ કર્યા કે અમારા હુકમથી બોલાવે છે અને અમે એમને વહી મોકલી સારા કામો કરવાની અને નમાઝ કાયમ રાખવાની અને ઝકાત આપવાની અને તેઓ અમારી બંદગી કરતા હતા."

આ ફર્માન હઝરત ઈબ્રાહીમ, હઝરત લૂત, હઝરત ઈસ્હાક અને હઝરત યાકૂબ عَلَيْهِمُ السَّلَام માટે છે જેઓને અલ્લાહ તઆલા તરફ નેક કામોનો



फ़ઝીલતોનો ખજાનો એટલે નમાઝ !

અને નમાઝ તથા ઝકાતનો હુકમ આપવામાં આવ્યો હતો. સાબિત થયું નમાઝ આગલા નબીઓ અને એમની ઉમ્મતોને આપવામાં આવી હતી.

★ આયત : ૧૨ ★

وَاَوْحَيْنَآ اِلٰى مُوْسٰى وَاَخِيْهِ اَنْ تَبَوَّاٰ لِقَوْمِكُمَا بِمَصْرَ بُيُوْتًا وَاجْعَلُوْا بُيُوْتَكُمْ قِبْلَةً
وَاَقِيْمُوا الصَّلٰوةَ وَبَشِّرِ الْمُؤْمِنِيْنَ [س يونس پ ١١ آيه ٨٧]

"અને અમે મૂસા અને એમના ભાઈને વહી મોકલી કે મિસ્રમાં પોતાની કૌમ માટે ઘરો બાંધો અને પોતાના ઘરને નમાઝની જગ્યા બનાવો, નમાઝ કાયમ રાખો અને મુસલમાનોને ખુશખબરી આપો."

આ બધી આયતોથી પુરવાર થયું કે બની ઈસ્રાઈલમાં નમાઝવાળી બંદગી હતી અને તેમને નમાઝનો હુકમ આપવામાં આવ્યો હતો.

★ આયત : ૧૩ ★

وَاِذْ اَخَذْنَا مِيْثَاقَ بَنِىْٓ اِسْرَآئِيْلَ لَاتَعْبُدُوْنَ اِلَّا اللّٰهَ وَبِالْوَالِدَيْنِ اِحْسَانًا وَّذِى
الْقُرْبٰى وَالْيَتٰمٰى وَالْمَسَاكِيْنِ وَقُوْلُوْا لِلنَّاسِ حُسْنًا وَّاَقِيْمُوا الصَّلٰوةَ وَاٰتُوا
الزَّكٰوةَ ثُمَّ تَوَلَّيْتُمْ اِلَّا قَلِيْلًا مِّنْكُمْ وَّ اَنْتُمْ مُعْرِضُوْنَ۔ [س البقرة پ ١ آيه ٨٣]

"અને જ્યારે અમે બની ઈસ્રાઈલ પાસેથી વાયદો લીધો કે અલ્લાહ સિવાય કોઈને ન પૂજો અને માતા પિતા સગા સંબંધીઓ, યતીમો અને મિસ્કીનો સાથે ભલાઈ કરો, લોકોને સારી વાતો કહો, નમાઝ કાયમ રાખો અને ઝકાત આપો અમુક સિવાય તમે બધા ફરી ગયા અને તમે મોઢું ફેરવી લેનાર છો."

આ આયતથી સ્પષ્ટ શબ્દોમાં પુરવાર થાય છે કે બની ઈસ્રાઈલને બીજી નસીહતો સાથે નમાઝનો પણ હુકમ આવ્યો હતો.

★ આયત : ૧૪ ★

يٰبُنَىَّ اَقِمِ الصَّلٰوةَ وَاْمُرْ بِالْمَعْرُوْفِ وَانْهَ عَنِ الْمُنْكَرِ وَاصْبِرْ عَلٰى مَآ اَصَابَكَ
اَنَّ ذٰلِكَ مِنْ عَزْمِ الْاُمُوْرِ [س لقمٰن پ ٢١ آيه ١٧]

"અય મારા દીકરા ! નમાઝ કાયમ રાખ અને સારી વાતનો ઉપદેશ આપ અને ખરાબીથી અટકાવ એ જ આફત તારા પર આવી પડે એના

પર સબ્ર કર ! બેશક ! આ હિંમતનાં કામો છે."

આ આયતથી પુરવાર થયું કે હઝરત લુકમાનના સમયમાં પણ નમાઝનો હુકમ હતો.

★ આયત : ૧૫ ★

وَ اَوۡصَانِیۡ بِالصَّلٰوۃِ وَالزَّکٰوۃِ مَا دُمۡتُ حَیًّا [س مریم پ ١٦ آیہ ٣١]

"અને મને નમાઝ અને ઝકાતની તાકીદ ફર્માવી જ્યાં સુધી જીવું."

આ આયતથી પુરવાર થયું હઝરત ઈસા علیہ السلام ને પણ નમાઝનો હુકમ આપવામાં આવ્યો હતો.

## ★ કુર્આની આયતોથી નમાઝ માટે પ્રોત્સાહન ★

અલ્લાહ તઆલાએ અલગ અલગ નબીઓ અને એમની ઉમ્મતોમાં નમાઝનો હુકમ હતો એ ઘણી બધી આયતોમાં બતાવ્યું. એમાં માત્ર આગલી ઉમ્મતોની નમાઝની ખબર આપવાનો હેતુ નથી બલ્કે હેતુ એ છે કે નમાઝ અય અંતિમ નબીના ઉમ્મતીઓ ! તમારા પર જ ફર્ઝ કરવામાં નથી આવી, આગલી ઉમ્મતોમાં પણ પણ ફર્ઝ કરવામાં આવી હતી. એમણે નમાઝો પઢી મારી બારગાહની નિકટતા પ્રાપ્ત કરી. મારા પ્રિય નબીના ઉમ્મતીઓ ! હું તમને પણ એ સર્વોત્તમ બંદગીથી મારી બારગાહની નિકટતા આપવા માંગું છું. તમે નમાઝનો શોખ ધરાવો અને આગલા ઉમ્મતીઓથી વધારે નિકટતા પ્રાપ્ત કરી લો !

## ★ આપણને નમાઝનો હુકમ ★

★ આયત : ૧૬ ★

وَاَقِیۡمُوا الصَّلٰوۃَ وَاٰتُوا الزَّکٰوۃَ وَارۡکَعُوۡا مَعَ الرّٰکِعِیۡنَ [س البقرۃ پ ١ آیہ ٤٣]

"નમાઝ કાયમ રાખો, ઝકાત આપો અને રુકૂઅવાળા સાથે રુકૂઅ કરો."

★ આયત : ૧૭ ★

وَاَقِیۡمُوا الصَّلٰوۃَ وَاٰتُوا الزَّکٰوۃَ وَمَا تُقَدِّمُوۡا لِاَنۡفُسِکُمۡ مِّنۡ خَیۡرٍ تَجِدُوۡہُ عِنۡدَ اللّٰہِ اِنَّ اللّٰہَ بِمَا تَعۡمَلُوۡنَ بَصِیۡرٌ [س البقرۃ پ ١ آیہ ١١٠]

"નમાઝ કાયમ કરો અને ઝકાત આપો અને પોતાની જાત માટે જે





ભલાઈ આગળ મોકલશો તેને અલ્લાહના ત્યાં પામશો. બેશક ! અલ્લાહ તઆલા તમારાં કામ જોઈ રહ્યો છે."

★ આયત : ૧૮ ★

اَلَمۡ تَرَ اِلَی الَّذِیۡنَ قِیۡلَ لَہُمۡ کُفُّوۡۤا اَیۡدِیَکُمۡ وَاَقِیۡمُوا الصَّلٰوۃَ وَ اٰتُوا الزَّکٰوۃَ

[س النساء پ ٥ آیہ ٧٧]

"શું તમે એમને ન જોયા જેમને કહેવામાં આવ્યું તમારા હાથ રોકી લો અને નમાઝ કાયમ કરો અને ઝકાત આપો."

મક્કાના કાફિરો મુસલમાનોને સતાવતા હતા, હિજરતના હુકમ પહેલાં સહાબાની એક જમાઅતે એમની સાથે યુદ્ધ કરવાની પરવાનગી માંગી હતી તો અલ્લાહ તઆલા તરફથી એ રજા આપવામાં ન આવી અને ફર્માવ્યું તમારા પર નમાઝ અને ઝકાત ફર્ઝ છે એ કરતા રહો.

★ આયત : ૧૯ ★

فَاِذَا قَضَیۡتُمُ الصَّلٰوۃَ فَاذۡکُرُوا اللّٰہَ قِیٰمًا وَّ قُعُوۡدًا وَّعَلٰی جُنُوۡبِکُمۡ فَاِذَا اطۡمَاۡنَنۡتُمۡ فَاَقِیۡمُوا الصَّلٰوۃَ اِنَّ الصَّلٰوۃَ کَانَتۡ عَلَی الۡمُؤۡمِنِیۡنَ کِتٰبًا مَّوۡقُوۡتًا [س النساء پ ٥ آیہ ١٠٣]

"પછી જ્યારે નમાઝ પઢી લો તો ઉભા રહી, બેસી અને આડા પડી અલ્લાહને યાદ કરો. પછી જ્યારે શાંતિ પ્રાપ્ત કરી લો, નિયમ મુજબ નમાઝ કાયમ કરો. બેશક ! નમાઝ મુસલમાનો પર સમય નક્કી કરેલો ફર્ઝ છે."

★ આયત : ૨૦ ★

وَاَنۡ اَقِیۡمُوا الصَّلٰوۃَ وَاتَّقُوۡہُ وَہُوَ الَّذِیۡۤ اِلَیۡہِ تُحۡشَرُوۡنَ [س الانعام پ ٧ آیہ ٧٢]

"નમાઝ કાયમ રાખો એનાથી (અલ્લાહથી) ડરો અને એ જ છે જેની તરફ તમારે ઉઠવાનું છે."

★ આયત : ૨૧ ★

وَّاَقِیۡمُوۡا وُجُوۡہَکُمۡ عِنۡدَ کُلِّ مَسۡجِدٍ وَّادۡعُوۡہُ مُخۡلِصِیۡنَ لَہُ الدِّیۡنَ کَمَا بَدَاَکُمۡ تَعُوۡدُوۡنَ [س الاعراف پ ٨ آیہ ٢٩]

"અને પોતાના મોઢાં સીધાં કરો દરેક નમાઝના સમયે અને એની બંદગી કરો માત્ર એના બંદા બનીને જેવી રીતે એણે તમારો આરંભ કર્યો એવી રીતે પરત થશો."

★ આયત : ૨૨ ★

فَاَقِیۡمُوا الصَّلٰوۃَ وَ اٰتُوا الزَّکٰوۃَ وَاعۡتَصِمُوۡا بِاللّٰہِ ھُوَ مَوۡلٰاکُمۡ فَنِعۡمَ الۡمَوۡلٰی وَ نِعۡمَ النَّصِیۡرُ [س الحج پ ١٧ آیه ٧٨]

"નમાઝ કાયમ રાખો, ઝકાત આપો અને અલ્લાહની દોરડી મજબૂતીથી પકડી લો, એ તમારો મૌલા છે કેટલો સારો મૌલા અને કેટલો સારો મદદરૂપ."

★ આયત : ૨૩ ★

یٰۤاَیُّھَا الَّذِیۡنَ اٰمَنُوا ارۡکَعُوۡا وَاسۡجُدُوۡا وَاعۡبُدُوۡا رَبَّکُمۡ وَافۡعَلُوا الۡخَیۡرَ لَعَلَّکُمۡ تُفۡلِحُوۡنَ [س الحج پ ١٧ آیه ٧٧]

"અય ઈમાનવાળાઓ ! રુકૂઅ અને સિજદા કરો પોતાના રબની બંદગી કરો સફળતાની ઉમ્મીદે કે ભલાઈનું કામ કરો."

★ આયત : ૨૪ ★

وَاَقِیۡمُوا الصَّلٰوۃَ وَ اٰتُوا الزَّکٰوۃَ وَاَطِیۡعُوا الرَّسُوۡلَ لَعَلَّکُمۡ تُرۡحَمُوۡنَ

[س النور پ ١٨ آیه ٥٦]

"નમાઝ કાયમ કરો, ઝકાત આપો અને રસૂલુલ્લાહ ﷺની ઈતાઅત કરો એ ઉમ્મીદ પર કે તમારા પર કૃપા કરવામાં આવે."

★ આયત : ૨૫ ★

اُتۡلُ مَاۤ اُوۡحِیَ اِلَیۡکَ مِنَ الۡکِتٰبِ وَاَقِمِ الصَّلٰوۃَ اِنَّ الصَّلٰوۃَ تَنۡھٰی عَنِ الۡفَحۡشَآءِ وَ الۡمُنۡکَرِ وَلَذِکۡرُ اللّٰہِ اَکۡبَرُ وَ اللّٰہُ یَعۡلَمُ مَا تَصۡنَعُوۡنَ [س العنکبوت پ ٢١ آیه ٤٥]

"અય મહબૂબ ! જે કિતાબ તમારા તરફ વહી કરવામાં આવી છે એ પઢો, અને નમાઝ કાયમ કરો. બેશક ! નમાઝ બેહયાઈ અને બુરી વાતથી રોકે છે. અને બેશક ! અલ્લાહની યાદ બધાથી મોટી છે, અને તમે જે કરો છો અલ્લાહ જાણે છે."



ફઝીલતોનો ખજાનો એટલે નમાઝ !

નમાઝ નમાઝીને બેહયાઈ અને બુરી વાતોથી અટકાવી દે છે. હઝરત અનસ رضی اللہ عنہએ ફર્માવ્યું, એક અન્સારી યુવાન હુઝૂર ﷺ સાથે નમાઝ પઢયા કરતો હતો અને ઘણા બધા કબીરા ગુનાહ પણ કરતો હતો. હુઝૂર ﷺને એ બાબતે કહેવામાં આવ્યું. આપે ફર્માવ્યું, એક દિવસ એની નમાઝ એને એ વાતોથી રોકી લેશે ! પછી ટૂંકા ગાળામાં જ એણે એ વાતોથી તૌબા કરી લીધી અને સુધરી ગયો.

★ આયત : ૨૬ ★

وَاَقِیۡمُوا الصَّلٰوۃَ وَلَا تَکُوۡنُوۡا مِنَ الۡمُشۡرِکِیۡنَ [س الروم پ ٢١ آیه ٣١]

"અને નમાઝ કાયમ કરો અને મુશ્રિકોમાંથી ન બનો."

★ આયત : ૨૭ ★

ءَاَشۡفَقۡتُمۡ اَنۡ تُقَدِّمُوۡا بَیۡنَ یَدَیۡ نَجۡوٰىکُمۡ صَدَقٰتٍ فَاِذۡ لَمۡ تَفۡعَلُوۡا وَ تَابَ اللّٰہُ عَلَیۡکُمۡ فَاَقِیۡمُوا الصَّلٰوۃَ وَ اٰتُوا الزَّکٰوۃَ وَ اَطِیۡعُوا اللّٰہَ وَ رَسُوۡلَہٗ وَاللّٰہُ خَبِیۡرٌ بِمَا تَعۡمَلُوۡنَ [س المجادلة پ ٢٨ آیه ١٣]

"શું તમે એનાથી ડરી ગયા કે પોતાની વિનંતિ પહેલાં કંઈક સદકો આપો. પછી જ્યારે તમે આમ ન કર્યું અને અલ્લાહે મહેરબાનીથી પરત લઈ લીધું તો નમાઝ કાયમ કરો અને ઝકાત આપો અને અલ્લાહ અને એના રસૂલની ઈતાઅત કરો અને અલ્લાહ તમારાં કામો જાણે છે."

★ આયત : ૨૮ ★

یٰۤاَیُّھَا الَّذِیۡنَ اٰمَنُوۡۤا اِذَا نُوۡدِیَ لِلصَّلٰوۃِ مِنۡ یَّوۡمِ الۡجُمُعَۃِ فَاسۡعَوۡا اِلٰی ذِکۡرِ اللّٰہِ وَذَرُوا الۡبَیۡعَ ذٰلِکُمۡ خَیۡرٌ لَّکُمۡ اِنۡ کُنۡتُمۡ تَعۡلَمُوۡنَ [س الجمعة پ ٢٨ آیه ٩]

"અય ઈમાનવાળાઓ ! જ્યારે જુમ્આના દિવસની નમાઝ માટે અઝાન આપવામાં આવે તો અલ્લાહના ઝિક્ર માટે દોડો અને વેપાર ધંધો છોડો ! આ તમારા માટે ઉત્તમ છે જો તમને જ્ઞાન હોય."

★ આયત : ૨૯ ★

وَقَرۡنَ فِیۡ بُیُوۡتِکُنَّ وَلَا تَبَرَّجۡنَ تَبَرُّجَ الۡجَاھِلِیَّۃِ الۡاُوۡلٰی وَ اَقِمۡنَ الصَّلٰوۃَ وَ اٰتِیۡنَ الزَّکٰوۃَ وَاَطِعۡنَ اللّٰہَ وَرَسُوۡلَہٗ [س الاحزاب پ ٢٢ آیه ٣٣]

''અને પોતાના ઘરોમાં રોકાઈ રહો અને આગલી જાહિલિયત માફક બેપર્દા ન રહો. નમાઝ કાયમ કરો અને ઝકાત આપો અને અલ્લાહ અને રસૂલનો હુકમ માનો.''

**★ આયત : ૩૦ ★**

وَاَقِيْمُوا الصَّلَاةَ وَ اٰتُوا الزَّكوٰةَ وَ اَقْرِضُوا اللّٰهَ قَرْضًا حَسَنًا [س المزمل پ ٢٩ آيه ٧٣]

''અને નમાઝ કાયમ કરો, ઝકાત આપો અને અલ્લાહને સારું કર્ઝ આપો.''

**★ આયત : ૩૧ ★**

فَخَلَفَ مِنْ بَعْدِهِمْ خَلْفٌ اَضَاعُوا الصَّلوٰةَ وَاتَّبَعُوا الشَّهوٰتِ فَسَوْفَ يَلْقَوْنَ غَيًّا

[س مريم پ ١٦ آيه٥٩]

''અને એમના પછી નાલાયક એમની જગાએ આવ્યા તેમણે નમાઝો છોડી અને વાસનાઓ પાછળ પડયા, તેઓ નિકટમાં જ ગય્યના જંગલમાં પડશે.''

**★ આયત : ૩૨ ★**

فَوَيْلٌ لِلْمُصَلِّيْنَ۔ الَّذِيْنَ هُمْ عَنْ صَلَاتِهِمْ سَاهُوْنَ [س الماعون پ ٣٠ آيه ٤۔٥]

''તો એ નમાઝીઓની ખરાબી છે જેઓ પોતાની નમાઝને ભૂલી બેઠા છે.''

**★ આયત : ૩૩ ★**

كُلُّ نَفْسٍ بِمَا كَسَبَتْ رَهِيْنَةٌ ☆ اِلَّا اَصْحَابَ الْيَمِيْنِ ☆ فِيْ جَنّٰتٍ يَّتَسَائَلُوْنَ ☆عَنِ الْمُجْرِمِيْنَ ☆ مَا سَلَكَكُمْ فِيْ سَقَرَ ☆ قَالُوْا لَمْ نَكُ مِنَ الْمُصَلِّيْنَ ☆

[س المدثر پ ٢٩ آيه ٣٧ تا ٤٣]

''દરેક જીવ પોતાની કરણીમાં ગીરો મૂકાએલો છે પરંતુ જમણી બાજુવાળાઓ બગીચાઓમાં, પૂછે છે અપરાધીઓને તમને કઈ વાત દોઝખમાં લઈ ગઈ ? તેઓ બોલ્યા, અમે નમાઝ ન પઢતા હતા.''

આ આયતોમાં બેનમાઝીને દોઝખની દર્દભર ખબર સંભળાવામાં આવી અને એ સ્પષ્ટ કરવામાં આવ્યું કે **નમાઝ છોડવી નાલાયકોનું કામ છે, જેઓ પોતાની વાસનાઓ પર અમલ કરી અલ્લાહના ફર્માનને ત્યજી દે છે એવા લોકો અલ્લાહને પ્રિય નથી.** તેઓ અલ્લાહની





રિઝાની જગાએ નહીં જાય અલ્લાહની નાખુશીની જગા દોઝખમાં જશે.

**★ આયત : ૩૪ ★**

وَ اسْتَعِيْنُوْا بِالصَّبْرِ وَ الصَّلَاةِ وَاِنَّهَا لَكَبِيْرَةٌ اِلَّا عَلَى الْخَاشِعِيْنَ۔

[س البقرة پ ١ آيه ٤٥]

''સબ્ર અને નમાઝથી મદદ માંગો અને બેશક ! નમાઝ જરૂર ભારે છે પણ તેઓ પર જેઓ દિલથી મારી તરફ નમે છે.''

**★ આયત : ૩૫ ★**

يَآ اَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا اسْتَعِيْنُوْا بِالصَّبْرِ وَالصَّلَاةِ اِنَّ اللّٰهَ مَعَ الصَّابِرِيْنَ

[س البقرة پ ٢ آيه ١٥٣]

''અય ઈમાનવાળાઓ ! સબ્ર અને નમાઝથી મદદ માંગો. બેશક ! અલ્લાહ સબ્રવાળાઓ સાથે છે.''

મુસીબતોમાં સબ્રનો સહારો લેવો જોઈએ અને નમાઝ પઢી અલ્લાહની નિકટતા પ્રાપ્ત કરવી જોઈએ. ધીરજ છોડવાથી મુસીબત ચાલી નથી જતી પણ એના પર સવાબ મળવાનો હોય છે એ બેસબ્રીથી જરૂર ચાલ્યો જાય છે. દા.ત. કોઈ બીમાર છે તો અલ્લાહથી નઝર અને મન્નતમાં કહેવામાં આવે કે બીમાર સારો થઈ જશે તો હું અલ્લાહ માટે વીસ (૨૦) રકાતો નમાઝ પઢીશ. આંધી તુફાન આવતું અથવા કાળા કાળા વાદળો આવતાં તો આપણા પ્યારા પ્યારા આકા તરત જ નમાઝ શરૂ ફર્માવી આપતા.

આયત નં. ૩૪માં કહેવામાં આવ્યું પાંચ વખત સમયની પાબંદીમાં નમાઝ અદા કરવી આસાન કામ નથી, ઘણુ ભારે છે. પણ એ ભારે એવા લોકો માટે છે જેઓ દિલથી અલ્લાહ તરફ નમેલા નથી. જે માણસ વાસ્તવમાં દિલથી અલ્લાહ તઆલા તરફ નમેલા હોય તો અલ્લાહના હુકમ પર અમલ કરવામાં આળસુ બની શકતો નથી.

**★ આયત : ૩૬ ★**

اِنَّ الْمُنَافِقِيْنَ يُخَادِعُوْنَ اللّٰهَ وَهُوَ خَادِعُهُمْ وَاِذَاقَامُوْا اِلَى الصَّلَاةِ قَامُوْا كُسَالٰى يُرَاؤُوْنَ النَّاسَ وَلَا يَذْكُرُوْنَ اللّٰهَ اِلَّا قَلِيْلًا [س النسآء پ ٥ آيه ١٤٢]

''બેશક ! મુનાફિકો પોતાના ગુમાનમાં અલ્લાહને છેતરવા ઈચ્છે છે

અને એ જ એમને અજ્ઞાન રાખીને મારશે. અને જ્યારે નમાઝ માટે ઉભા થાય તો મરેલા જીવથી, લોકોને દેખાડે છે અને અલ્લાહને યાદ નથી કરતા પણ થોડું.''

### ★ આયત : ૩૭ ★

وَاِذَا نَادَيْتُمْ اِلَى الصَّلٰوةِ اتَّخَذُوْهَا هُزُوًا وَ لَعِبًا ذٰلِكَ بِاَنَّهُمْ قَوْمٌ لَّا يَعْقِلُوْنَ

[س المائدة پ ٦ آيه ٥٨]

''અને જ્યારે તમે નમાઝ માટે અઝાન આપો ત્યારે એને ઠઠ્ઠો અને રમત બનાવે છે, આ એટલા માટે કે તેઓ બુદ્ધિ વગરના છે.''

### ★ આયત : ૩૮ ★

اِنَّمَا يُرِيْدُ الشَّيْطَانُ اَنْ يُوْقِعَ بَيْنَكُمُ الْعَدَاوَةَ وَالْبَغْضَآءَ فِى الْخَمْرِ وَالْمَيْسِرِ وَ يَصُدَّكُمْ عَنْ ذِكْرِ اللّٰهِ وَ عَنِ الصَّلَاةِ فَهَلْ اَنْتُمْ مُنْتَهُوْنَ [س المائدة پ ٦ آيه ٥٨]

''બેશક ! શૈતાન એ જ ઈચ્છે છે કે તમારામાં વેર અને દુશ્મની નંખાવે દારૂ અને જુગારમાં અને તમને અલ્લાહની યાદ અને નમાઝથી રોકે તો શું તમે ત્યજવું ?''

આ ત્રણ આયતોથી પુરવાર થયું કે નમાઝ છોડવી, ન પઢવી, ક઼ઝા કરવી એમાં સુસ્તી અને આળસ કરવી, નમાઝથી રોકવું, મનાઈ કરવું વગેરેને મુનાફિક, કાફિર અને શૈતાનનાં કામો બતાવવામાં આવ્યાં. એક મુસલમાને અલ્લાહના ફર્માનમાં સુસ્તીથી કામ ન લેવું જોઈએ. ઈમાનવાળો તો એ દાવો કરે છે કે એ અલ્લાહ અને રસૂલને માને છે, એના દિલમાં અલ્લાહ અને રસૂલની મહોબ્બત છે, એનાં કામો દુશ્મનોનાં કામોથી મળતાં ન આવવાં જોઈએ.

### ★ આયત : ૩૯ ★

اِنَّمَا وَلِيُّكُمُ اللّٰهُ وَرَسُوْلُهٗ وَالَّذِيْنَ اٰمَنُوا الَّذِيْنَ يُقِيْمُوْنَ الصَّلَاةَ وَ يُؤْتُوْنَ الزَّكٰوةَ وَهُمْ رٰكِعُوْنَ☆ [س المائدة پ ٦ آيه ٥٥]

''તમારા દોસ્ત માત્ર અલ્લાહ અને રસૂલ અને એ ઈમાનવાળાઓ છે જેઓ નમાઝ ક઼ાયમ રાખે છે, ઝકાત આપે છે અને અલ્લાહ સમક્ષ નમેલા છે.''





આ આયતમાં એ બતાવવામાં આવ્યું કે ઈમાનવાળો અલ્લાહ, રસૂલ અને દીનદાર પરહેઝગાર ઈમાનવાળાઓ સાથે જ દોસ્તી રાખે છે, એ અલ્લાહ અને રસૂલની મહબ્બતમાં દુનિયાદારોને દોસ્ત નથી માનતો, પછી મુનાફિકો અને ગૈરમુસ્લિમોને દોસ્ત કેમ બનાવે ! ઈમાનવાળો નમાઝી હોય છે નમાઝીને મિત્ર બનાવે છે. ઈમાનવાળો ઝકાત આપે છે ઝકાત આપનારને મિત્ર માને છે. ઈમાનવાળો અલ્લાહ અને રસૂલનાં ફર્માન પર અમલ કરે છે અને અમલ કરનારને મિત્ર સમજે છે. અને આપણે ઈમાનવાળા છીએ તો આપણા અમલો પણ આ પ્રમાણે હોવા જોઈએ.

### ★ આયત : ૪૦ ★

قَدْ اَفْلَحَ الْمُؤْمِنُوْنَ ☆الَّذِيْنَ هُمْ فِىْ صَلَاتِهِمْ خَاشِعُوْنَ☆

''બેશક ! સફળ થયા ઈમાનવાળાઓ જેઓ પોતાની નમાઝમાં કરગરે છે.''

### ★ આયત : ૪૧ ★

وَالَّذِيْنَ هُمْ عَلٰى صَلَوَاتِهِمْ يُحَافِظُوْنَ ☆اُولٰئِكَ هُمُ الْوَارِثُوْنَ ☆الَّذِيْنَ يَرِثُوْنَ الْفِرْدَوْسَ هُمْ فِيْهَا خَالِدُوْنَ [س المؤمنون پ ١٨ آيه ٩۔١٠۔١١]

''અને જેઓ પોતાની નમાઝની સંભાળ રાખે છે તેઓ જ જન્નતના વારસદાર છે. જેઓ ફિરદૌસનો વારસો મેળવશે તેઓ એમાં હમેશાં રહેશે.''

### ★ આયત : ૪૨ ★

وَاْمُرْ اَهْلَكَ بِالصَّلٰوةِ وَاصْطَبِرْ عَلَيْهَا لَا نَسْئَلُكَ رِزْقًا نَحْنُ نَرْزُقُكَ وَالْعَاقِبَةُ لِلتَّقْوٰى [س طٰهٰ پ ١٦ آيه ١٣٢]

''અને પોતાનાં ઘરવાળાઓને નમાઝનો આદેશ આપો અને પોતે એના પર જામેલા રહો, અમે કંઈ તમારી પાસે રોજી માંગતા નથી, અમે તમને રોજી આપીશું અને પરિણામની ભલાઈ પરહેઝગારી માટે છે.''

નમાઝી લોકોને જન્નતની ખુશખબરી સંભળાવવામાં આવી અને પછી એ જન્નતની પ્રાપ્તિ માટે અમલ બતાવવામાં આવ્યો કે પોતે નમાઝની પાબંદી કરો અને ઘરવાળાઓને નમાઝનો હુકમ આપો. નમાઝમાં પોતે સુસ્તી અને આળસ કરો ન ઘરવાળાઓમાં સુસ્તી અને આળસ આવવા દો.

**★ આયત : ૪૩ ★**

اَلَّذِیۡنَ اِنۡ مَّكَّنّٰهُمۡ فِی الۡاَرۡضِ اَقَامُوا الصَّلٰوةَ وَاٰتَوُا الزَّكٰوةَ وَاَمَرُوۡا بِالۡمَعۡرُوۡفِ وَنَهَوۡا عَنِ الۡمُنۡكَرِ وَلِلّٰهِ عَاقِبَةُ الۡاُمُوۡرِ [س الحج پ ۱۷ آیه ٤١]

"તે લોકો કે જો ધરતીમાં અમે એમને કાબૂ આપીએ તો નમાઝ ચાલુ રાખે અને ઝકાત આપે અને ભલાઈનો હુકમ કરે અને બુરાઈથી રોકે અને અલ્લાહ માટે જ બધા કામોનું પરિણામ."

આ મુહાજિરો માટે બશારત છે અને એમનાં ચારિત્ર્યના વખાણ છે કે તેઓ એટલા દીનદાર છે કે એમને સત્તા મળવાથી ગર્વમાં આવી મનમાનીમાં ન લાગી જાય, સત્તા મળ્યા પછી તેઓ અલ્લાહના ફર્માન પર અમલ કરે.

**★ આયત : ૪૪ ★**

فِیۡ بُیُوۡتٍ اَذِنَ اللّٰهُ اَنۡ تُرۡفَعَ وَیُذۡكَرَ فِیۡهَا اسۡمُهٗ یُسَبِّحُ لَهٗ فِیۡهَا بِالۡغُدُوِّ وَالۡاٰصَالِ رِجَالٌ لَّا تُلۡهِیۡهِمۡ تِجَارَةٌ وَّلَا بَیۡعٌ عَنۡ ذِكۡرِ اللّٰهِ وَاِقَامِ الصَّلٰوةِ وَاِیۡتَآءِ الزَّكٰوةِ یَخَافُوۡنَ یَوۡمًا تَتَقَلَّبُ فِیۡهِ الۡقُلُوۡبُ وَالۡاَبۡصَارُ [س النور پ ۱۸ آیه ٣٦-٣٧]

"એ ઘરોમાં જેમને બુલંદ કરવાનો અલ્લાહે આદેશ આપ્યો અને એમનામાં તેનું નામ લેવાય છે તેમાં સવાર સાંજ અલ્લાહની તસ્બીહ કરે છે. એ પુરૂષો જેમને કોઈ સોદો અને વેપાર ધંધો અલ્લાહની યાદથી અને નમાઝ કાયમ કરવાથી અને ઝકાત આપવાથી ગાફેલ કરતો નથી, એ દિવસથી ડરે છે જેમાં દિલ અને આંખો અવળી થઈ જશે."

(આ આયતોથી પુરવાર થયું કે નમાઝ અલ્લાહને ઘણી જ પ્રિય છે અને એણે વારંવાર એને સમયસર પઢવાનો હુકમ આપ્યો છે. અલ્લાહ તઆલા આપણને નમાઝ પઢવાની તૌફીક઼ અતા ફર્માવે.

وَمَا عَلَیۡنَا اِلَّا الۡبَلَاغُ الۡمُبِیۡنُ





## (પ્રકરણ : ૧૩)

# નમાઝનો મુક઼ામ સમજો

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

نَحۡمَدُهٗ وَنُصَلِّیۡ عَلٰی رَسُوۡلِهِ سَیِّدِ الۡمُرۡسَلِیۡنَ وَعَلٰی اٰلِهٖ وَاَصۡحَابِهٖ اَجۡمَعِیۡنَ ـ اَمَّا بَعۡدُ فَاَعُوۡذُ بِاللّٰهِ مِنَ الشَّیۡطَانِ الرَّجِیۡمِ ـ بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ ـ حَافِظُوۡا عَلَی الصَّلَوَاتِ وَالصَّلَاةِ الۡوُسۡطٰی وَقُوۡمُوۡا لِلّٰهِ قَانِتِیۡنَ ـ صَدَقَ اللّٰهُ الۡعَظِیۡمُ وَصَدَقَ رَسُوۡلُهُ النَّبِیُّ الۡاَمِیۡنُ الۡكَرِیۡمُ ـ وَنَحۡنُ عَلٰی ذٰلِكَ لَمِنَ الشَّاهِدِیۡنَ وَالشَّاكِرِیۡنَ وَالۡحَمۡدُ لِلّٰهِ رَبِّ الۡعَالَمِیۡنَ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَیۡكَ یَارَسُوۡلَ اللّٰهِ
اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَیۡكَ یَاحَبِیۡبَ اللّٰهِ
اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَیۡكَ یَا نَبِیَّ اللّٰهِ
اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَیۡكَ یَا نُوۡرَ اللّٰهِ
صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیۡكَ وَسَلَّمَ

## ★ ઈસ્લામનું ઓળખપત્ર નમાઝ ★

**હદીષ : ૧**

عَنْ اَبِیْ سَعِیْدٍ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صلی اللہ علیہ وسلم عَلَمُ الْاِسْلَامِ اَلصَّلٰوۃُ فَمَنْ فَرَغَ لَهَا قَلْبَهٗ وَحَافَظَ عَلَيْهَا بِحَدِّهَا وَ وَقْتِهَا وَ سُنَنِهَا فَهُوَ مُؤْمِنٌ رواه الخطيب و ابن النجار

હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી રિવાયત છે. રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, "ઈસ્લામની ઓળખ નમાઝ છે, જેણે પોતાના દિલને એના માટે ફારિગ કર્યું, એના કાયદા, કાનૂન, સમય અને સુન્નતોની સાથે એનું રક્ષણ કર્યું તો એ ઈમાનવાળો છે." *(ખતીબ ઈબ્ને નજ્જાર)*

**ફાયદો** : હજ્જ જીવનમાં એક વખત ફર્ઝ, રમઝાન માસના રોઝા વર્ષમાં એક વખત ફર્ઝ, નિસાબી માલ ઉપર વર્ષમાં એક વખત ઝકાત ફર્ઝ. માત્ર નમાઝ જ એવી છે જે દરરોજ પાંચ વખત અલગ અલગ સમયમાં ફર્ઝ છે. દરરોજ પાંચ વખત એ ફર્ઝ અદા કરવાનો અને મસ્જિદમાં હાજરી આપી એની જાહેરાત કરવાનો સમય મળે છે એટલે ઈસ્લામની મોટામાં મોટી ઓળખ અમલમાં નમાઝ છે. કલામે પાકમાં અલ્લાહ તઆલાએ ફર્માવ્યું :–

اَقِيْمُوْا الصَّلٰوةَ وَلَا تَكُوْنُوْا مِنَ الْمُشْرِكِيْنَ [س الروم آيه ۳۱ پاره ۲۱]

"નમાઝ કાયમ રાખો અને મુશ્રિકોમાંના ન બનો" એટલે કે કાફિર અને મુશ્રિક ઈમાન નથી લાવ્યા એટલે નમાઝથી એમને કોઈ મતલબ નથી, તમે તો મુસલમાન છો જેથી તમારા પર દિવસમાં પાંચ વખત નમાઝ ફર્ઝ કરવામાં આવી, તમે એની પાબંદી રાખી મુશ્રિકથી અલગ હોવાના પુરાવો આપતા રહેશો. નમાઝ છોડી ગૈરમુસ્લિમો માફક ન બનશો. આ રહસ્યો તરફ ઈશારો કરવા નમાઝને ઈસ્લામની ઓળખનું સ્થાન હદીષમાં આપવામાં આવ્યું.

## ★ નમાઝ છોડનાર કતલને લાયક ! ★

**હદીષ : ૨**

عَنْ اِبْنِ عُمَرَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُمَا اَنَّ النَّبِیَّ صلی اللہ علیہ وسلم قَالَ اُمِرْتُ اَنْ اُقَاتِلَ النَّاسَ حَتّٰی





يَشْهَدُوْا اَنْ لَّا اِلٰهَ اِلَّا اللّٰهُ وَاَنَّ مُحَمَّدًا رَّسُوْلُ اللّٰهِ وَ يُقِيْمُوْا الصَّلٰوةَ وَ يُؤْتُوْا الزَّكٰوةَ وَاِذَا فَعَلُوْا ذٰلِكَ عَصَمُوْا مِنِّیْ دِمَائَهُمْ وَ اَمْوَالَهُمْ اِلَّا بِحَقِّ الْاِسْلَامِ وَ حِسَابُهُمْ عَلَى اللّٰهِ رواه البخاری ومسلم ورواه الامام احمد والدارقطنی من حديث ابی هريرة

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે. નબી પાક صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે, "મને લોકો સાથે યુદ્ધ કરવાનો હુકમ આપવામાં આવ્યો ત્યાં સુધી કે તેઓ ગવાહી આપે કે અલ્લાહ તઆલા સિવાય કોઈ મઅબૂદે બરહક્ક નથી અને મુહમ્મદ صلی اللہ علیہ وسلم અલ્લાહના રસૂલ છે, નમાઝ કાયમ રાખે અને ઝકાત આપે. જો તેઓ આમ કરી લે તો એમણે પોતાનું લોહી અને પોતાનો માલ મારાથી બચાવી લીધો, પરંતુ ઈસ્લામના હક્કમાં (એ કોઈને કતલ કરે તો કેસાસમાં એને કતલ કરવામાં આવશે.) અને એનો હિસાબ અલ્લાહ પર છે." *(બુખારી, મુસ્લિમ, મુસ્નદે ઈમામ અહમદ, દારે કુત્ની વગેરે)*

**ફાયદો** : આખી વસ્તી નમાઝ પઢવાનું છોડી આપે તો ઈસ્લામી દેશમાં એમની સાથે યુદ્ધ કરવાનો હુકમ છે જો તેઓ તૌબા ન કરી લે. આપણે એવા દેશમાં નથી રહેતા અને ઈસ્લામી કાયદા પર અમલ નથી થઈ શકતો તો પછી બેનમાઝી લોકોથી સંબંધ કાપી એમને નમાઝ તરફ કેન્દ્રિત કરવા જોઈએ. વર્તમાનકાળમાં આપણે આપણી પર્સનલ લડાઈઓમાં સંબંધ તોડીએ છીએ પણ કોઈ અલ્લાહના હુકમોને છોડી વાસ્તવમાં એ લાયક છે કે એને છોડી દેવામાં આવે પણ એ તરફ આપણે ધ્યાન કરતા નથી એટલે દિન પ્રતિ દિન માહોલ અધિકથી અધિક ખરાબ થઈ રહ્યો છે. વધુ પડતા મુસલમાનોના ઘરો એવાં છે જેમાં એક માણસ પણ પાંચ વખતની નમાઝની પાબંદી કરતો નથી હોતો. માહોલ પર અંકુશ મેળવવા સર્વએ ફર્ઝોની પાબંદી કરવી જોઈએ અને પાબંદી ન કરનારાઓ સાથે કડક પગલા લેવાં જોઈએ.

## ★ અતિ ઉત્તમ અમલ નમાઝ ★

**હદીષ : 3**

عَنْ اُمِّ فَرْوَةَ قَالَتْ قَالَ رَسُوْلُ اللّٰهِ صلی اللہ علیہ وسلم اَفْضَلُ الْاَعْمَالِ اَلصَّلٰوةُ فِیْ اَوَّلِ وَقْتِهَا رواه ابو داود والترمذی والحاكم

ઉમ્મે ફરવાથી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું :–

œV D, ÑDFV IT p¿ D GDFh K[V [GF5 |YD ; DI DFRc *(અબૂ દાવૂદ, તિર્મિઝી, હાકિમ)*

**હદીષ : ૪**

عَنْ اِبْنِ مَسْعُوْدٍ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اَفْضَلُ الْاَعْمَالِ الصَّلٰوۃُ عَلٰی مِیْقَاتِهَا ثُمَّ بِرُّ الْوَالِدَیْنِ ثُمَّ اَنْ یَسْلَمَ النَّاسُ مِنْ لِسَانِكَ رواه البيهقى فى شعب الايمان

હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદથી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું :–

''અમલોમાં અતિ ઉત્તમ નમાઝ સમયસર નમાઝ છે. પછી માતા પિતા સાથે સારો વર્તાવ, પછી લોકોનું તમારી જીભથી સલામત રહેવું.'' *(બયહકી શુઅબુલ ઈમાન)*

**ફાયદો** : નમાઝના સમય અલ્લાહ અને રસૂલ તરફથી આપણા માટે નિયુક્ત કરવામાં આવ્યા છે. નમાઝ એ સમયમાં પઢવી અદા છે અને એ સમય પછી પઢવી કઝા છે. અલ્લાહ તઆલાને નિયુક્ત સમયમાં નમાઝ અદા કરવી દરેક નેક અમલથી અધિક પ્રિય છે એટલે આપણે દરેક નેક અમલથી વધારે ઉત્તમતા નમાઝને આપવી જોઈએ અને સમયસર નમાઝ પઢવી જોઈએ.

## ★ અલ્લાહને અતિ પ્રિય નમાઝ ★

**હદીષ : ૫**

عَنْ اِبْنِ مَسْعُوْدٍ قَالَ سَئَلْتُ النَّبِیَّ ﷺ اَیُّ الْاَعْمَالِ اَحَبُّ اِلَی اللّٰهِ قَالَ الصَّلٰوۃُ لِوَقْتِهَا قَالَ ثُمَّ اَیٌّ قَالَ بِرُّ الْوَالِدَیْنِ قُلْتُ ثُمَّ اَیٌّ قَالَ الْجِهَادُ فِیْ سَبِیْلِ اللّٰهِ الخ رواه البخارى و مسلم و ابو داود والنسائى

હઝરત ઈબ્ને મસઊદ رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવ્યું, મેં નબી ﷺને સવાલ કર્યો, કયો અમલ અલ્લાહને અધિક પ્રિય છે ? ફર્માવ્યું, ''સમયસર નમાઝ.'' મેં વિનંતિ કરી, એ પછી ? ફર્માવ્યું, ''માતા પિતા સાથે સારો વર્તાવ કરવો.'' મેં વિનંતિ કરી, એ પછી ? ફર્માવ્યું, ''અલ્લાહના માર્ગમાં જેહાદ કરવો.'' *(બુખારી, મુસ્લિમ, અબૂ દાવૂદ, નસાઈ)*





**ફાયદો** : અમલોમાં પ્રિય અમલ પણ અલ્લાહની બારગાહમાં નમાઝ છે. તો આપણે નિકટતા માટે જ અમલને પ્રિય સમજતા હોય અમાથી અધિક ઉત્તમતા સમયસર નમાઝને આપવી જોઈએ. વિના નમાઝ બીજા નેક અમલોનું પ્રિય હોવું તો અલગ વાત ! વાસ્તવમાં એ કબૂલ પણ કરવામાં નથી આવતા.

## ★ સર્વ શ્રેષ્ઠ અમલ નમાઝ ★

**હદીષ : ૬**

عَنْ اِبْنِ عُمَرَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ خَیْرُ الْاَعْمَالِ الصَّلٰوۃُ فِیْ اَوَّلِ وَقْتِهَا رواه الحاكم فى المستدرك

હઝરત ઈબ્ને ઉમરથી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ''અમલોમાં સર્વશ્રેષ્ઠ અમલ પ્રથમ સમયમાં નમાઝ છે.'' *(હાકિમે મુસ્તદરકમાં)*

**ફાયદો** : અતિ ઉત્તમ, અતિ પ્રિય અને અતિ શ્રેષ્ઠ અમલ સમયસર નમાઝ છે. સમયસર નમાઝથી અધિક કોઈ શ્રેષ્ઠ અમલ નથી.

## ★ નબીની આંખોની ઠંડક નમાઝ ★

**હદીષ : ૭**

عَنْ اَنَسٍ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ جُعِلَتْ قُرَّۃُ عَیْنِیْ فِی الصَّلٰوۃِ

رواه الطبرانى فى الصغير

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ''મારી આંખોની ઠંડક નમાઝમાં રાખવામાં આવી.'' *(તબ્રાનીએ સગીર)*

**ફાયદો** : આપણામાંથી ઘણા લોકો નમાઝ છોડી આપે છે, વિના શરઈ કારણે કઝા કરી આપે છે, અને પછી બીજા અમુક મુસ્તહબ અમલોથી ઈચ્છીએ છીએ કે આપણા નબી આપણાથી ખુશ થઈ જાય ! પણ આમ અલ્લાહ પણ ખુશ નથી થતો અને રસૂલુલ્લાહ ﷺ પણ ખુશ નથી થતા. ખુશી પ્રાપ્ત કરવા માટે ઈમાન પછી સમયસર નમાઝ અદા કરવી છે, એ પછી બીજા અમલોનો દરજો છે જેનાથી ખુશીની પ્રાપ્તિમાં વધારો કરી શકાય છે. તો આપણે પ્રથમ નમાઝની પાબંદી કરી આપણા

નબી ﷺની આંખોને ઠંડક પહોંચાડવી જોઈએ.

## ★ નબીને નમાઝથી અધિક પ્યાર ★

**હદીષ : ૮**

عَنْ اُمِّ الْمُؤْمِنِيْنَ الصِّدِّيْقَةِ اَنَّ رَسُوْلَ اللّٰهِ ﷺ يَقُوْمُ مِنَ اللَّيْلِ حَتّٰى تَفَطَّرَ قَدَمَاهُ فَقَالَتْ عَائِشَةُ اَتَصْنَعُ هٰذَا وَقَدْ غُفِرَ لَكَ مِنْ ذَنْبِكَ وَمَا تَاَخَّرَ فَقَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اَفَلَا اَكُوْنَ عَبْدًا شَكُوْرًا رواه الطبرانى فى المعجم الصغير

ઉમ્મુલ મુ'મિનીન સિદ્દીક઼ા رضی اللہ عنہاથી રિવાયત છે ફર્માવ્યું, રસૂલુલ્લાહ ﷺ રાત્રે ઉઠી નમાઝ પઢતા હતા ત્યાં સુધી કે આપના ક઼દમ મુબારક ફાટી જતા. હઝરત આઈશાએ વિનંતિ કરી, આપ આમ કરો છો, જ્યારે કે આપને આગલા પાછલા ગુનાહથી પાક રાખવામાં આવ્યા છે. તો રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, શું હું વધારે શુક્રગુજાર ન બનું ! *(તબ્રાની મુઅજ્જમે સગીરમાં)*

**ફાયદો** : આપણા નબી સર્વ નબીઓના પણ સરદાર છે, અલ્લાહની બારગાહમાં અતિ પ્રિય છે. આપ નમાઝથી ઘણી જ મહબ્બત ફર્માવતા હતા એટલે તો આપ દિવસમાં તો બંદગીમાં રહેતા, રાત્રે પણ આપ એટલી એટલી લાંબી નમાઝ પઢતા કે આપના પગ મુબારક ફાટી જતા. અને આપને કહેવામાં આવ્યું તો ફર્માવ્યું, અલ્લાહ મને જેટલું આપ્યું એ પ્રમાણે મારે એનો શુક્ર પણ અદા કરવો જોઈએ. નબી ﷺની મહોબ્બતમાં આપણે પણ નમાઝથી પ્યાર કરવો જોઈએ, ફર્ઝ સિવાય નફ્લ નમાઝોમાં પણ આપણે ભાગ લેવો જોઈએ.

## ★ આપણા નબીના અંતિમ શબ્દ ★

**હદીષ : ૯**

عَنْ اَنَسٍ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اَلصَّلٰوةُ وَمَا مَلَكَتْ اَيْمَانُكُمْ

رواه الامام احمد والنسائى و ابن ماجة و ابن حبان

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ''નમાઝ અને તમારા લોંડી ગુલામ.'' *(ઈમામ અહમદ, નસાઈ, ઈબ્ને માજા, ઈબ્ને હબ્બાન)*





**હદીષ : ૧૦**

عَنْ اَمِيْرِ الْمُؤْمِنِيْنَ عَلِيٍّ قَالَ اٰخِرُ كَلَامِ النَّبِيِّ ﷺ اَلصَّلٰوةَ اَلصَّلٰوةَ وَاتَّقُوا اللّٰهَ فِيْمَا مَلَكَتْ اَيْمَانُكُمْ رواه الامام احمد و ابوداود و ابن ماجة و ابن جرير والبخارى فى الادب

અમીરુલ મુ'મિનીન હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریمથી રિવાયત છે. ફર્માવ્યું, નબી ﷺનું અંતિમ ક઼લામ હતું નમાઝ ! નમાઝ તમારા લોંડી ગુલામ વિશે અલ્લાહથી ડરો ! *(ઈમામ અહમદ, અબૂ દાવૂદ, ઈબ્ને માજા, ઈબ્ને જરીર, બુખારી અદબમાં)*

**ફાયદો** : આપણા નબીએ દુનિયાની હયાતમાં હજારો વખત નમાઝ વિશે ફર્માવ્યું જેને હદીષોની કિતાબોથી જાણી શકાય છે. પરંતુ જ્યારે આપ દુનિયાથી આખેરત તરફ તશરીફ લઈ જઈ રહ્યા હતા અને આપની અલ્વિદાનો સમય હતો એ સમયની આપની વસિયત, નસીહત અને અંતિમ શબ્દો નમાઝની પાબંદી વિશે હતા. અને હુક઼ૂક઼ુલ ઈબાદમાં લોંડી ગુલામ સાથે જુલ્મો ત્રાસ ન કરવાના સંબંધે હતા. નમાઝ કેટલી જરૂરી છે એને આપના અંતિમ શબ્દોથી સમજી શકાય છે.

## ★ દીનનું માથુ નમાઝ ! ★

**હદીષ : ૧૧**

عَنْ اِبْنِ عُمَرَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَوْضَعُ الصَّلٰوةِ مِنَ الدِّيْنِ كَمَوْضِعِ الرَّاسِ مِنَ الْجَسَدِ رواه الديلمى

હઝરત ઈબ્ને ઉમરથી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું :–

''દીનમાં નમાઝનું સ્થાન એવું છે જેમ બદનમાં માથાનું સ્થાન.'' *(દૈલમી)*

**ફાયદો** : શરીરમાં માથુ શરીરનું મૂળ છે, જેવી રીતે માથુ કપાય જવાથી બદન મરી જાય છે, એ જ રીતે નમાઝ છોડી દેવાથી આપણા વજૂદનો દીન મરી ગયેલો જોવા મળે છે. દીનનાં બધાં કામો કરીએ અને નમાઝ ન પઢીએ તો એ એવું જ છે કે શરીર છે પણ માથુ નથી, તો શરીર હોવા છતાં મૃતદેહ છે. આમ બધું જ હોય પણ આપણી પાસે નમાઝ ન હોય તો બધું હોવા છતાં આપણો દીન માથા વિનાનો છે.

## ★ નમાઝ દીનનો થાંભલો ★

**હદીષ : ૧૨**

عَنْ اَمِيْرِ الْمُؤْمِنِيْنَ عُمَرَ الْفَارُوْقِ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اَلصَّلٰوةُ عِمَادُ الدِّيْنِ رواه مسلم والبيهقى فى شعب الايمان

અમીરુ મુ'મિનીન ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, નમાઝ દીનનો થાંભલો છે. *(મુસ્લિમ, બયહકી શુઅબુલ ઈમાન)*

**ફાયદો** : બિલ્ડીંગ થાંભલાઓ પર જ ઉભી થાય છે અને એમાં અતિ સશક્ત અને મજબૂત પાયો જ નમાઝ છે. દીનની બિલ્ડીંગ ઉભી રાખવા નમાઝના થાંભલાને બચાવવો જરૂરી છે.

## ★ નમાઝથી દોઝખની આગ ઓલવો ! ★

**હદીષ : ૧૩**

عَنْ اَنَسٍ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اِنَّ اللّٰهَ تَعَالٰى مَلَكًا يُنَادِىْ عِنْدَ كُلِّ صَلٰوةٍ يَا بَنِىْ آدَمَ قُوْمُوْا اِلٰى نِيْرَانِكُمُ الَّتِىْ اَوْقَدْتُّمُوْهَا عَلٰى اَنْفُسِكُمْ فَاَطْفِئُوْهَا بِالصَّلٰوةِ رواه الطبرانى فى الكبير والصغير

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ''અલ્લાહ તઆલાનો એક ફરિશ્તો છે જે દરેક નમાઝના સમયે પુકારે છે, હે માણસો ! તમારી એ આગ માટે ઉઠો જેને તમે પોતાના માટે સળગાવી, એને નમાઝથી ઓલવો.'' *(તબ્રાનીએ કબીર, સગીર)*

**ફાયદો** : આપણે વારંવાર ગુનાહો કરીએ છીએ અને વર્તમાનકાળમાં હજારો ગુનાહો આપણા એવા છે જેની તરફ આપણુ ધ્યાન પણ નથી અને ગુનાહો દોઝખમાં લઈ જવાનું કારણ છે. જ્યારે કે નમાઝ ગુનાહોની માફીનો ઝરીયો છે. એટલે ફર્માવવામાં આવ્યું કે નમાઝ થકી પોતાની દોઝખની આગને ઓલવો.

## ★ નમાઝી થકી અઝાબ દૂર થાય છે ! ★

**હદીષ : ૧૪**

عَنْ اَنَسٍ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اِنَّ اللّٰهَ اِذَا اَرَادَ بِقَوْمٍ عَاهَةً نَظَرَ اِلٰى





اَهْلِ الْمَسَاجِدِ فَصَرَّفَ عَنْهُمْ رواه ابن عدى و الديلمى فى المسند الفردوس

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલલ્લાહ ﷺએ ફર્માવ્યું, ''બેશક ! અલ્લાહ જ્યારે કોઈ કૌમ સાથે આફત બલાનો ઈરાદો કરે છે તો જ્યાં મસ્જિદવાળાઓને જુએ છે તો એમનાથી ફેરવી આપે છે. *(ઈબ્ને અદી, દૈલમી મુસનદુલ ફિરદૌસ)*

**ફાયદો** : અલ્લાહને નમાઝ પ્રિય છે એટલે નમાઝ પઢનાર પણ પ્રિય છે. અને નમાઝી અલ્લાહને એટલો પ્રિય છે કે જ્યારે એ લોકોને અઝાબ આપવાનો ઈરાદો કરે છે તો નમાઝીને જોઈને અઝાબવાળાઓથી અઝાબ ઉઠાવી લે છે. સ્પષ્ટ થયું બેનમાઝી અઝાબ લાયક છે જ્યારે નમાઝી અઝાબવાળાથી પણ અઝાબને હટાવનાર છે. જ્યારે નમાઝીઓને લઈને બીજા લોકોથી અઝાબ ઉઠાવી લેવામાં આવે છે તો પછી એ પોતે અઝાબમાં કેમ કરી સપડાશે. જો નમાઝીને કોઈ આફત આવે તો એ એને ફેંકવા નહીં એનો દરજો બુલંદ કરવા માટે હોય છે.

## ★ અલ્લાહ નમાઝી તરફ કેન્દ્રિત ★

**હદીષ : ૧૫**

عَنْ حُذَيْفَةَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اِنَّ الرَّجُلَ اِذَا دَخَلَ فِىْ صَلٰوتِهٖ اَقْبَلَ اللّٰهُ عَلَيْهِ بِوَجْهِهٖ فَلَا يَنْصَرِفُ عَنْهُ حَتّٰى يَنْقَلِبَ اَوْ يَحْدُثَ حَدَثَ سُوْءٍ رواه ابن ماجة

હઝરત હુઝૈફા رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ''બેશક ! માણસ જ્યારે પોતાની નમાઝમાં પ્રવેશે છે અલ્લાહ તઆલા એની તરફ કેન્દ્રિત થાય છે (ખાસ કૃપાથી). એની તરફથી ખસતો નથી એટલે સુધી કે એ ફરે અથવા એનું વુઝૂ તૂટી ગયું.'' *(ઈબ્ને માજહ)*

**ફાયદો** : અલ્લાહ તઆલા નમાઝીને પ્રિય રાખે છે, એટલે એ જ્યારે અલ્લાહુ અકબર કહી દુનિયાથી સંબંધ તોડી અલ્લાહ તઆલાથી સંબંધ જોડે છે તો અલ્લાહ તઆલા પણ પોતાની ખાસ કૃપાથી એની તરફ કેન્દ્રિત રહે છે. અને જ્યાં સુધી એ નમાઝ પૂરી કરી ફરી ન જાય છે અથવા એ બેવુઝૂ ન થાય ત્યાં સુધી આ રૂહાની સંબંધ સશક્ત રહે છે. અલ્લાહ તઆલાનું ખાસ ધ્યાન જોઈતું હોય તો નમાઝથી મહોબ્બત કરો !

## ★ નમાઝનો દરજો માલી ઈબાદતથી અધિક ! ★

**હદીષ : ૧૬**

عَنْ مُعَاذِ بْنِ اَنَسٍ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صلى الله عليه وسلم اِنَّ الصَّلٰوةَ وَالصِّيَامَ وَالذِّكْرَ يُضَاعَفُ عَلَى النَّفْقَةِ فِىْ سَبِيْلِ اللّٰهِ تَعَالٰى بِسَبْعِ مِائَةِ ضِعْفٍ رواه ابو داود والحاكم

હઝરત મુઆઝ બિન અનસ رضی اللہ عنہ થી રિવાયત છે. રસૂલુલ્લાહ صلى الله عليه وسلم એ ફર્માવ્યુ, "નમાઝ રોઝા અને ઝિક્ર અલ્લાહના માર્ગમાં ખર્ચ કરવાથી સાત સો દરજા વધીને છે." *(અબૂ દાવૂદ, હાકિમ)*

**ફાયદો** : માલી ઈબાદત પણ ઈબાદત છે એનો પણ ઘણો સવાબ છે, પણ માલી ઈબાદત બદની ઈબાદતોના દરજે નથી પહોંચી શકતી. આ હદીષે પાકમાં એ સ્પષ્ટ કરવામાં આવ્યું કે નમાઝનો દરજો તો એક બે નહીં સાત સો ગણો વધીને છે. માલ તો માલદાર આપી શકે ગરીબ નહીં, પણ નમાઝ તો માલદાર, ગરીબ બધા જ માટે છે અને બધા જ અદા કરી શકે છે. અને એટલે જ નમાઝની માફીનું વર્ણન જોવા નથી મળતું. જ્યાં સુધી માણસ ઈશારાથી નમાઝ પઢી શકે છે એને પઢવાની જ રહેશે. સારાંશ એ કે નમાઝનો સવાબ ઘણો જ અધિક છે અને જેટલો સવાબ અધિક છે એટલો એનો દરજો ઉચ્ચતમ છે.

## ★ ફરિશ્તાઓ ઘેરી વળે છે ★

**હદીષ : ૧૭**

عَنِ الْحَسَنِ مُرْسَلاً قَالَ لِلْمُصَلِّىْ ثَلَاثُ خِصَالٍ يَتَنَاثَرُ الْبِرُّ مِنْ عَنَانِ السَّمَآءِ اِلٰى مَفْرَقِ رَاسِهٖ وَ تَحُفُّ بِهِ الْمَلٰئِكَةُ لُدُنِ قَدَمَيْهِ اِلٰى عَنَانِ السَّمَآءِ يُنَادِيْهِ مُنَادٍ لَوْ يَعْلَمُ الْمُصَلِّىْ مَنْ يُنَاجِىْ مَنِ انْفَتَلَ رواه محمد بن نصر فى الصلوٰة

હઝરત હસનથી મુરસલન રિવાયત છે.(નબી صلى الله عليه وسلم એ ફર્માવ્યું) નમાઝીના ત્રણ ગુણો છે : નેકીઓની વર્ષા થાય છે આકાશની બુલંદીથી એના માથા પર, અને ફરિશ્તાઓ એના કદમોથી લઈને આકાશની બુલંદી સુધી ઘેરી વળે છે, અને પુકારવાવાળો પુકારે છે, નમાઝીને જાણ થઈ જાય કે એ કોની સાથે વાત કરી રહ્યો છે, તો અલગ ન થાય.

**ફાયદો** : માણસને અલ્લાહ તઆલાની અધિક નિકટતા નમાઝમાં





પ્રાપ્ત થાય છે અને એ જે કાંઈ પઢી રહ્યો હોય છે એ અલ્લાહ તઆલા સમક્ષ છે, જાણે એ અલ્લાહ સાથે વાત કરી રહ્યો છે. માણસ પોતાના માથાની આંખોથી આ દુનિયામાં અલ્લાહને જોઈ નથી શકતો જો એને જોવાની શક્તિ દુનિયામાં આપવામાં આવી હોતે તો એ હમેશાં નમાઝની હાલતમાં રહેવાને પસંદ કરતો. અને ફરિશ્તાઓ એને એટલો પસંદ કરે છે કે પગથી લઈને આકાશો સુધી એની પાસે ઉભો થઈ જાય છે.

## ★ નમાઝથી શૈતાનનું મોઢું કાળુ ! ★

**હદીષ : ૧૮**

عَنْ اِبْنِ عُمَرَ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صلى الله عليه وسلم اَلصَّلٰوةُ تُسَوِّدُ وَجْهَ الشَّيْطَانِ وَ الصَّدَقَةُ تُكَسِّرُ ظَهْرَهٗ وَالتَّحَابُبُ فِىْ اللّٰهِ وَالتَّوَدُّدُ فِىْ الْعَمَلِ يَقْطَعَ دَابِرَهٗ فَاِذَا فَعَلْتُمْ ذٰلِكَ تَبَاعَدَ مِنْكُمْ كَمَطْلَعِ الشَّمْسِ مِنْ مَّغْرِبِهَا رواه الديلمى فى مسند الفردوس

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે. રસૂલુલ્લાહ صلى الله عليه وسلم એ ફર્માવ્યું, "નમાઝ શૈતાનનું મોઢું કાળુ કરી નાખે છે, સદકા એની પીઠ તોડી નાખે છે, અલ્લાહ માટે મહોબ્બત કરવી અને અમલનો શોખ રાખવો એને જડમૂળમાંથી કાપી નાખે છે, જેથી જ્યારે તમે એવું કરશો તો એ તમારાથી દૂર થઈ જશે જેમ પૂર્વથી પશ્ચિમ. *(દૈલમી મુસ્નદુલ ફિરદૌસમાં)*

**ફાયદો** : નમાઝ દરેક નેક અમલ માટે મૂળ છે. નમાઝ ન હોય તો બીજા નેક અમલો પણ અલ્લાહની બારગાહમાં કૂબૂલ થતા નથી. એટલે શૈતાન માણસને નમાઝથી દૂર રાખવાની કોશિશમાં લાગેલો રહે છે. માણસ નમાઝની પાબંદી કરતો રહે છે તો શૈતાનનું મોઢું કાળુ થઈ જાય છે, એ ચિંતામાં મૂકાઈ જાય છે. એ જાણે છે કે નમાઝની બરકતોથી માણસનો દરજો કેટલો બુલંદ થઈ જાય છે. તો આપણે નમાઝ થકી શૈતાનથી યુદ્ધ ચાલુ રાખવું જોઈએ.

## ★ જમીનનો ગર્વ ★

**હદીષ : ૧૯**

عَنْ اِبْنِ عَبَّاسٍ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صلى الله عليه وسلم مَا مِنْ بُقْعَةٍ يُذْكَرُ

اللّٰهُ فِيُهَا بِصَلوٰةٍ اِلَّا فَخَرَتْ عَلىٰ مَا حَوُلَهَا مِنَ الْبِقَاعِ وَاسُتَبُشَرَتْ لِذِكُرِ اللّٰهِ مُنْتَهَاهَا اِلىٰ سَبُعِ اَرُضِيُنَ رواه الطبرانى فى الكبير

હઝરત ઈબ્ને અબ્બાસ رضى الله عنهما ની રિવાયત છે. રસૂલુલ્લાહ صلى الله عليه وسلم એ ફર્માવ્યું, જમીનના જે ભાગ પર નમાઝ થકી અલ્લાહને યાદ કરવામાં આવે તો એ એની આજુબાજુના ભાગો પર ગર્વ કરે છે અને અલ્લાહના ઝિક્રને લઈને સાત જમીનના અંત સુધી ખુશ થઈ જાય છે. *(તબ્રાનીએ કબીર)*

**ફાયદો** : આ નમાઝની બરકત છે કે જમીનના જે ભાગ પર નમાઝ પઢવામાં આવે એ ભાગ જમીનના બીજા ભાગો પર ગર્વ કરે છે અને કહે છે કે મારું પદ એક નમાઝીના નમાઝ અદા કરવાથી ઉચ્ચતમ થઈ ગયું ! અને એની ખુશીનો પાર નથી રહેતો. માત્ર એ જગાનો ઉપરવાળો ભાગ નહીં પણ તહતુષ્ષરા સુધીની જમીનનો એ ભાગ નમાઝીના નમાઝ પઢવાથી ખુશ થઈ જાય છે ! જાણવા મળ્યું જમીનને પણ નમાઝના મક઼ામ તથા મર્તબાની ખબર છે જેને લઈને એ નમાઝીના નમાઝ અદા કરવાથી ગર્વ કરે છે, અને આપણે ઈન્સાન, મુસલમાન અને અક્ક઼લવાન થઈને પણ નમાઝની મહત્વતાથી અજાણ થઈ પડયા છીએ કે અલ્લાહની દા'વતોના શબ્દો કાનમાં પડવા છતાં આપણુ ધ્યાન એ તરફ જતું નથી, અને એક નિર્જીવ જમીનનો ટુકડો નમાઝના દરજાને જાણે છે !

## ★ નમાઝનું નમતુ ત્રાજવુ ★

### હદીષ : ૨૦

عَنُ اِبُنِ عَبَّاسٍ رَضِىَ اللّٰهُ تَعَالىٰ عَنُهُمَا قَالَ قَالَ رَسُوُلُ اللّٰهِ صلى الله عليه وسلم اَلصَّلوٰةُ مِيُزَانٌ مَنُ اَوُفىٰ اِسُتَوُفىٰ رواه البيهقى فى شعب الايمان

હઝરત ઈબ્ને અબ્બાસ رضى الله عنهما થી રિવાયત છે. રસૂલુલ્લાહ صلى الله عليه وسلم એ ફર્માવ્યું, "નમાઝ ત્રાજવુ છે જેણે પૂરુ તોલ્યું એણે પૂરુ લીધું." *(બયહકી શુઅબુલ ઈમાન)*

**ફાયદો** : નમાઝને ત્રાજવાનો દાખલો આપવામાં આવ્યો. આપણે જે પ્રમાણે હક્ક઼ અદા કરીએ એ પ્રમાણે બદલો આપવામાં આવે. નમાઝને સમયસર ક઼ાયદા ક઼ાનૂનની પાબંદીમાં અદા કરવી જોઈએ. નબી صلى الله عليه وسلم એ





ફર્માવ્યું, صَلُّوُا كَمَا رَاَيُتُمُوُنِىُ اُصَلِّىُ "તમે જેમ મને નમાઝ અદા કરતો જાુઓ એ પ્રમાણે નમાઝ અદા કરો." ત્રાજવુ બરાબર હોય તો જ માપ બરાબર થાય. નમાઝનું ત્રાજવુ બરાબર ન હોય તો બીજા અમલોનું વજન પણ થઈ શકતું નથી, એટલે આપણે ખાસ કરીને ફર્ઝ અને વાજિબ નમાઝની પાબંદી કરવી જોઈએ.

## ★ સાતેવ જમીન સુધી પાક ★

### હદીષ : ૨૧

عَنُ اُمِّ الْمُوُمِنِيُنَ عَائِشَةَ رَضِىَ اللّٰهُ تَعَالىٰ عَنُهَا قَالَتُ قَالَ رَسُوُلُ اللّٰهِ صلى الله عليه وسلم اِذَا سَجَدَ الْعَبُدُ طَهَرَّ سُجُوُدُهٗ مَاتَحُتَ جَبُهَتِهٖ اِلىٰ سَبُعِ اَرُضِيُنَ رواه الطبرانى فى الاوسط

ઉમ્મુલ મુ'મિનીન આઈશાથી રિવાયત છે. રસૂલુલ્લાહ صلى الله عليه وسلم એ ફર્માવ્યું, "જ્યારે બંદો સિજદો કરે છે તો એનો સિજદો જમીનોને પોતાની પેશાની (કપાળ)થી લઈને સાતમી જમીન સુધી પાક કરી આપે છે." *(તબ્રાની અવસતમાં)*

**ફાયદો** : જ્યારે નમાઝીના સિજદાથી જમીનને એના અંત સુધી પાકી, તહારત અને સ્વચ્છતા પ્રાપ્ત થઈ જાય છે એ નમાઝ થકી ખૂદ નમાઝીને ગુનાહોથી કેટલી સ્વચ્છતા પ્રાપ્ત થતી હશે ?! એને **"નમાઝ અને ગુનાહોની માફી"**ના પ્રકરણમાં જુઓ.

## ★ દોઝખની આગ પણ ઈજ્જત કરે ! ★

### હદીષ : ૨૨

عَنُ اَبِىُ هُرَيُرَةَ رَضِىَ اللّٰهُ تَعَالىٰ عَنُهُ قَالَ قَالَ رَسُوُلُ اللّٰهِ صلى الله عليه وسلم تَاكُلُ النَّارُ اِبُنَ آدَمَ اِلَّا اَثَرَ السُّجُوُدِ حَرَّمَ اللّٰهُ عَزَّ وَجَلَّ عَلَى النَّارِ اَنُ تَاكُلَ اَثَرَ السُّجُوُدِ رواه ابو داود و ابن ماجة

હઝરત અબૂ હુરૈરહ્થી રિવાયત છે. રસૂલુલ્લાહ صلى الله عليه وسلم એ ફર્માવ્યું, "આગ માણસને ખાય જશે પણ એના સિજદાની અસરને અલ્લાહ તઆલાએ આગ પર ખાવી હરામ કરી આપી છે." *(અબૂ દાવૂદ, ઈબ્ને માજા)*

**ફાયદો** : માણસ સાત અંગો પર સિજદો કરે છે : કપાળ, બંને હાથના પંજા, બંને ગુઠણ અને બંને પગના પંજા, ગુનાહોને લઈને નમાઝીને

દોઝખમાં જવાનું થશે તો પણ દોઝખ એના સિજદાના અંગોની ઈજ્જત કરશે અને એને સળગાવી નહીં શકે. કારણ કે અલ્લાહ તઆલાએ એના પર એ અંગોનું ખાવું હરામ કરી આપ્યું છે.

## ★ સિજદામાં અધિક નિકટતા ★

**હદીષ : ૨૩**

عَنْ اِبْنِ مَسْعُوْدٍ رَضِیَ اللّٰہُ تَعَالیٰ عَنْہُ قَالَ قَالَ رَسُوْلُ اللّٰہِ ﷺ اَقْرَبُ مَا یَکُوْنُ الْعَبْدُ اِلَی اللّٰہِ وَھُوَ سَاجِدٌ رواہ البزار

હઝરત ઈબ્ને મસઉદ رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું :–

"અલ્લાહ તઆલાથી અધિક નિકટ માણસ સિજદાની હાલતમાં થાય છે." *(બઝ્ઝાર)*

**ફાયદો** : નમાઝના બીજા અરકાન પણ અલ્લાહ તઆલાથી બંદાને નિકટ કરે છે અને દરેક જ નેક અમલની એ શાન છે કે એનાથી બંદાને અલ્લાહ તઆલાની નિકટતા પ્રાપ્ત થાય છે પણ જે નિકટતા બંદાને સિજદાની હાલતમાં આપવામાં આવે છે એટલી નિકટતા બીજા અમલથી પ્રાપ્ત નથી થતી. અને એટલે તો નમાઝના બીજા અરકાન એક રકાતમાં એક વખત હોય છે પરંતુ સિજદાનો હુકમ બે વખત છે. અને એટલે તો નમાઝમાં વાજિબની એક અથવા અધિક ભૂલો થઈ હોય તો નમાઝના અંતમાં એક તરફ સલામ ફેરવી અલ્લાહુ અકબર કહી બે સિજદા કરવામાં આવે છે જેને સિજદએ સહ્વ કહેવામાં આવે છે. અને એ બે સિજદા બધી વાજિબની ભૂલોની જગાએ આવી નમાઝને વ્યવસ્થિત બનાવી આપે છે. અને એ પણ કે સિજદામાં માણસ પોતાની ઉચ્ચતમ પેશાની પોતાની લાચારી પ્રગટ કરવા જમીન પર રાખી આપે છે અને એટલી દબાવે છે કે હવે ન દબાય, તો બંદો જેટલી નમ્રતા પ્રગટ કરે છે એ પ્રમાણે એને ઉઠાવામાં આવે છે. તો નમ્રતાની હદ સિજદામાં થાય છે એટલે સિજદાથી માણસને રબની અધિક નિકટતા પ્રાપ્ત થાય છે. સિજદાથી અધિક મહોબ્બત કરવા નમાઝથી અધિક મહોબ્બત કરો. ફર્ઝ સિજદો નમાઝથી હટીને મળી શકતો નથી.





## ★ ધૂળવાળો ચહેરો અલ્લાહને પ્રિય ★

**હદીષ : ૨૪**

عَنْ حُذَیْفَۃَ رَضِیَ اللّٰہُ تَعَالیٰ عَنْہُ قَالَ قَالَ رَسُوْلُ اللّٰہِ ﷺ مَا مِنْ حَالَۃٍ یَکُوْنُ عَلَیْھَا الْعَبْدُ اَحَبُّ اِلَی اللّٰہِ تَعَالیٰ مِنْ اَنْ یَّرَاہُ سَاجِدًا یَعْفَرُ وَجْھَہٗ بِالتُّرَابِ رواہ الطبرانی فی الاوسط

હઝરત હુઝૈફા رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "અલ્લાહને બંદાની એ હાલત અધિક પ્રિય છે કે એને સિજદાની હાલતમાં જુએ જેના ચહેરા પર ધૂળ પડેલ હોય." *(તબ્રાનીએ ઔસત)*

**ફાયદો** : મુસલ્લો અને કપડા પર નમાઝ પઢી શકાય છે પણ ઉત્તમ એ છે કે જમીન પર ડાયરેક્ટ સિજદો કરી લેવામાં આવે. નમ્રતા પ્રગટ કરવા માટે આ સ્થિતિ વધારે અસરકારક છે.

## ★ જન્નતના દરવાજા ખુલે ★

**હદીષ : ૨૫**

عَنْ اَبِیْ اُمَامَۃَ رَضِیَ اللّٰہُ تَعَالیٰ عَنْہُ قَالَ قَالَ رَسُوْلُ اللّٰہِ ﷺ اِنَّ الْعَبْدَ اِذَا قَامَ اِلَی الصَّلٰوۃِ فُتِحَتْ لَہٗ اَبْوَابُ الْجِنَانِ وَ کُشِفَتْ لَہٗ اَبْوَابُ الْحُجُبِ بَیْنَہٗ وَ بَیْنَ رَبِّہٖ وَاسْتَقْبَلَتْہُ الْحُوْرُ الْعِیْنُ مَالَمْ یَتَمَخَّطْ اَوْ یَتَنَخَّعْ رواہ الطبرانی فی الکبیر

હઝરત અબૂ ઉમામા رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "બેશક ! બંદો જ્યારે નમાઝ માટે ઉભો થાય છે ત્યારે એના માટે જન્નતના દરવાજા ખોલી નાખવામાં આવે છે. એની અને અલ્લાહની વચમાં જે પર્દાઓ હોય છે તે ઉડી જાય છે અને હૂરો એનું સ્વાગત કરે છે જ્યાં સુધી નાક સાફ ન કરે અને ન થૂંકે." *(તબ્રાનીએ કબીર)*

**ફાયદો** : નમાઝી જ્યાં સુધી નમાઝમાં રહે એનું સ્વાગત થાય છે પણ કોઈ નાપસંદ હરકત કરે તો એ સ્થિતિ ઉઠી જાય છે. એટલે નમાઝ ધ્યાનપૂર્વક પઢવી જોઈએ અને કોઈ નાપસંદ કામ ન થવું જોઈએ.

સુબ્હાનલ્લાહ ! અલ્લાહ તબારક વ તઆલાએ નમાઝ પઢનાર મો'મિન બંદા માટે કેવી કેવી બશારતો તેના પ્યારા મહબૂબ ﷺના મુબારક કથનો થકી આપણા સમક્ષ રજૂ કરી છે. આજે દુનિયાની મામૂલી દૌલત તથા

કોઈ મામૂલી નેઅમત મળી જાય તેની લાલચમાં માણસ કેટલી ભાગદોડ કરતો હોય છે, તો જો તમને ખરેખર અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَની વાત પર યક઼ીન હોય તો નમાઝના ચુસ્ત પાબંદ બની જવું જોઈએ.

## ★ અમલ કરો અને જન્નતમાં પ્રવેશો ! ★

**હદીષ : ૨૬**

عَنْ اَبِىْ اُمَامَةَ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صلى الله عليه وسلم اِتَّقُوْا اللّٰهَ وَ صَلُّوْا خَمْسَكُمْ وَصُوْمُوْا شَهْرَكُمْ وَ اَدُّوْا زَكوٰةَ اَمْوَالِكُمْ وَ اَطِيْعُوْا ذَاالَامْرِكُمْ تَدْخُلُوْا جَنَّةَ رَبِّكُمْ رواه الامام احمد و الترمذى و ابن حبان والحاكم

હઝરત અબૂ ઉમામા رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, "અલ્લાહથી ડરો અને પાંચ વખતની નમાઝ અદા કરો ! તમારા રમઝાન માસના રોઝા રાખો, તમારા માલની ઝકાત અદા કરો, અને તમારા અમીરની પેરવી કરો, તમારા રબની જન્નતમાં પ્રવેશી જાવ !" *(ઈમામ અહમદ, તિર્મિઝી, ઈબ્ને હબ્બાન, હાકિમ)*

## ★ નમાઝ નહીં તો બધું બેકાર ! ★

**હદીષ : ૨૭**

عَنْ عُمَارَةَ بْنِ حَزْمٍ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صلى الله عليه وسلم اَرْبَعٌ فَرَضَهُنَّ اللّٰهُ تَعَالٰى فِى الْاِسْلَامِ فَمَنْ جَآءَ بِثَلَاثٍ لَمْ يُغْنِيْنَ عَنْهُ شَيْئًا حَتّٰى يَاْتِىَ بِهِنَّ جَمِيْعًا اَلصَّلوٰةُ وَالزَّكوٰةُ وَصِيَامُ رَمْضَانَ وَحَجُّ الْبَيْتِ رواه الامام احمد و السيوطى فى الدر المنثور

હઝરત ઉમારા બિન હઝમથી રિવાયત છે. રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે, "ચાર વસ્તુ અલ્લાહ તઆલાએ ઈસ્લામમાં ફર્ઝ ફર્માવી, જે એમાંથી ત્રણ અદા કરશે એ એને નમાઝ, ઝકાત, રમઝાનના રોઝા, હજ્જે બયતુલ્લાહ કાંઈ કામ નહીં લાગે જ્યાં સુધી ચારેવ અદા ન કરે." *(મુસ્નદ ઈમામ અહમદ, દુર્રે મન્સૂર)*

**ફાયદો :** આ હદીષ પર મુસલમાનોએ ધ્યાન આપવાની જરૂરત છે. આપણે બદની અને માલી દરેક ઈબાદત ફર્ઝ હોય, વાજિબ હોય, સુન્નત





હોય કે પછી નફ્લ તેને એટલા માટે જ કરીએ છીએ કે એને અલ્લાહની બારગાહમાં ક઼બૂલી લેવામાં આવે, પણ આપણી બંદગી ક઼બૂલ કેમ કરીને થાય એની શરતનું ઈલ્મ નથી જેને લઈને આપણા કરેલા અમલો ક઼બૂલના દરજે પહોંચી શકતા નથી. ક઼બૂલની શરતો પૈકીની એક મહાન અને અગત્યની શરત ચાર ફર્ઝોની પાબંદી છે : નમાઝ, ઝકાત, રમઝાનના રોઝા અને બયતુલ્લાહ શરીફની હજ્જ. જે નમાઝ પઢે પણ જરૂરતોથી ફારેગ થવા છતાં નિસાબી માલની ઝકાત અદા ન કરે તો એની નમાઝ ક઼બૂલ થતી નથી. કોઈ રમઝાનના રોઝા રાખે અને નમાઝનો પાબંદ ન હોય અથવા ઝકાત દેવાના લાયક હોવા છતાં ઝકાત ન આપે તો એના રોઝા ક઼બૂલ થતા નથી. જે હજ્જ પર હજ્જ કરે અને વરસો વરસ હરમૈન શરીફૈન જાય, પણ નમાઝ ન પઢતો હોય, અથવા ઝકાત ન આપતો હોય અથવા કોઈ શરઈ કારણ વિના પૂરા કે પછી અમુક ફર્ઝ રોઝા ન રાખતો હોય તો એની હજ્જ અને વારંવાર હરમૈન શરીફૈન જવું ક઼બૂલ નથી. **જ્યારે ફર્ઝમાં કમી કરવાથી બીજો કરેલો ફર્ઝ પણ ક઼બૂલ થતો નથી તો પછી ફર્ઝ છોડી બીજા કોઈ પણ પ્રકારના (નફ્લ, મુસ્તહબ) નેક અમલો કેમ કરી ક઼બૂલ થઈ શકે છે ?!**

વર્તમાનકાળમાં જોવા મળે છે કે આપણા મુસલમાનભાઈઓ પોતાને સાચા મુસલમાન પુરવાર કરવા હજાર પ્રકારના નફ્લ કામોમાં રસ ધરાવતા હોય છે અને ફર્ઝની અદાયગી તરફ એમનું ધ્યાન હોતું નથી, તો એવા મુસલમાનોએ પ્રથમ ફર્ઝ અને વાજિબની અદાયગીમાં રસ લેવો જોઈએ અને પછી બીજી સુન્નત અને નફ્લ ઈબાદતો તરફ જવું જોઈએ. એ તો કાંઈ અક્ક઼લની વાત છે કે અલ્લાહ અને રસૂલ તરફથી જેની આપણાથી માંગ થઈ છે એને તો છોડી દેવામાં આવે અને જેની માંગ જ નથી એમાં પોતાની ચુસ્તી પ્રગટ કરવામાં આવે ! ધ્યાન કરો, આ મારું અને તમારું દિમાગી લખાણ નથી જે માત્ર અંગત મંતવ્ય કહીને છોડી દેવામાં આવે, આ અલ્લાહના નબી صلی اللہ علیہ وسلمનું ફર્માન છે જેમને અલ્લાહ તઆલા તરફથી આ હુકમ આપવામાં આવ્યો છે.

**ફર્ઝોથી ગાફિલ રહેનાર નફ્લ કામો થકી અલ્લાહનો પ્રિય કદી પણ બની શકતો નથી.** ફર્ઝો છોડી વિર્દ વઝીફાથી દુનિયામાં પોતાની

દુકાન ચમકાવનાર દુનિયામાં ગમે તેવી ઈજ્જત પ્રાપ્ત કરી લે પણ એ અલ્લાહની બારગાહની ઈજ્જત પ્રાપ્ત કરી શકતો નથી. અલ્લાહના ત્યાંની ઈજ્જત પ્રાપ્ત કરવી હોય તો પોતાના અમલોમાં ચુસ્તીનો આરંભ ફર્ઝોની પાબંદીથી કરો !

## ★ ધ્યાનપૂર્વક પઢેલી નમાઝ ★

### હદીષ : ૨૮

عَنْ اَنَسِ بْنِ مَالِكٍ رَضِیَ اللّٰهُ تَعَالیٰ عَنْهُ قَالَ رَسُوْلُ اللّٰهِ صلی الله علیه وسلم مَنْ صَلیّٰ الصَّلَوَاتِ لِوَقْتِهَا وَاَسْبَغَ لَهَا وُضُوْئَهَا وَاَتَمَّ لَهَا قِيَامَهَا وَخُشُوْعَهَا وَرُكُوْعَهَا وَسُجُوْدَهَا خَرَجَتْ وَهِیَ بَيْضَآءُ مُسْفِرَةٌ تَقُوْلُ حَفِظَكَ اللّٰهُ كَمَا حَفِظْتَنِیْ وَمَنْ صَلّيْهَا لِغَيْرِ وَقْتِهَا وَلَمْ يُسْبِغْ لَهَا وُضُوْئَهَا وَلَمْ يُتِمَّ خُشُوْعَهَا وَلَا رُكُوْعَهَا وَلَا سُجُوْدَهَا خَرَجَتْ سَوْدَآءَ مُظْلِمَةً تَقُوْلُ ضَيَّعَكَ اللّٰهُ كَمَا ضَيَّعْتَنِیْ حَتّیٰ اِذَا كَانَتْ حَيْثُ شَآءَ اللّٰهُ لُفَّتْ كَمَا يُلَفُّ الْخَلَقُ ثُمَّ ضُرِبَ بِهَا وَجْهَهٗ رواه الطبرانی فی المعجم الاوسط

હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ صلی الله علیه وسلمએ ફર્માવ્યું, ''જે પાંચેવ નમાઝો સમયસર અદા કરે એમાં ક઼િયામ (ઉભા રહેવું) ખોશૂઅ (ધ્યાનપૂર્વક) રુકૂઅ અને સિજદા પૂરેપૂરા કરે એ નમાઝ સફેદ ચમકતી થઈ કહે છે નીકળતા અલ્લાહ તારું રક્ષણ કરે જેમ તેં મારું રક્ષણ કર્યું હતું. અને જે વખત પછી પઢે, વુઝૂ તથા ખોશૂઅ સાથે રુકૂઅ અને સિજદા પૂરેપૂરા ન કરે તો એ નમાઝ કાળી અંધાર બની કહે છે, અને તને બરબાદ કરે જેમ તેં મને બરબાદ કરી. એટલે સુધી કે જ્યારે એ જગાએ પહોંચે જ્યાં અલ્લાહ ચાહે તો જૂના ચીથરામાં લપેટી એના મોઢા પર મારી દેવામાં આવે છે. *(તબ્રાનીએ મુઅજ્જમે અવસતમાં)*

**ફાયદો** : સમયસર નમાઝ પઢવામાં ન આવે અથવા નમાઝ સમયસર પઢે અને એને શરીઅતના સહીહ તરીક઼ાથી અદા ન કરે તો એવી નમાઝ અલ્લાહની બારગાહમાં ક઼બૂલ કરવામાં નથી આવતી. પઢનારના મોઢા પર મારી દેવામાં આવે છે. આપણે નમાઝ માટે હાજરી આપીએ એને પરિપૂર્ણ ન સમજી લેવું જોઈએ, માત્ર હાજરી આપવાથી અને ગમે તેવી





પઢવાથી ક઼બૂલ નથી થતી ! જવાબદારીથી ભારમુક્ત થવા માટે શરીઅતના વર્તુળમાં રહી અમલ કરવો જરૂરી છે.

## ★ તૌહીદ તથા ઈમાન પછી ઉત્તમ નમાઝ ★

### હદીષ : ૨૯

عَنْ اَبِیْ سَعِيْدٍ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صلی الله علیه وسلم اِنَّ اللّٰهَ لَمْ يَفْتَرِضْ شَيْئًا اَفْضَلَ مِنَ التَّوْحِيْدِ وَ الصَّلَاةِ وَلَوْ كَانَ شَیْءٌ اَفْضَلَ مِنْهُ لَافْتَرَضَ عَلیٰ مَلَائِكَتِهٖ مِنْهُمْ رَاكِعٌ وَمِنْهُمْ سَاجِدُوْنَ رواه الديلمی

હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ صلی الله علیه وسلمએ ફર્માવ્યું, ''બેશક ! અલ્લાહ તઆલાએ તૌહીદથી અને નમાઝથી ઉત્તમ કાંઈ ફર્ઝ ન કર્યું, જો કોઈ વસ્તુ એનાથી પણ ઉત્તમ હોતી તો એ ફરિશ્તાઓ પર ફર્ઝ ફર્માવતો, એમાંથી અમુક રુકૂઅમાં છે, અમુક સિજદામાં છે.'' *(દૈલમી)*

**ફાયદો** : તૌહીદ તથા ઈમાન અતિ ઉત્તમ છે એ આપણા પર ફર્ઝ થયું, એ પછી ઈબાદતોમાં નમાઝ અતિ ઉત્તમ છે અને એ પણ આપણા પર ફર્ઝ થઈ. ફરિશ્તાઓ નમાઝના અલગ અલગ અરકાનમાં છે, જ્યારે આપણને આખી નમાઝની અદાયગીનો હુકમ આપવામાં આવ્યો. અમલ અને બંદગીમાં નમાઝથી વધીને બીજી કોઈ ઈબાદત નથી. વખત પ્રમાણે જરૂરી નમાઝોની સાથે નફ્લ નમાઝોથી સવાબમાં વધારો કરવો જોઈએ.

## ★ જન્નતનો વાયદો ★

### હદીષ : ૩૦

عَنْ عَبْدِ اللّٰهِ بْنِ مَسْعُوْدٍ رَضِیَ اللّٰهُ تَعَالیٰ عَنْهُ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صلی الله علیه وسلم هَلْ تَدْرُوْنَ مَا يَقُوْلُ رُبُّكُمْ عَزَّ وَجَلَّ قَالُوْا اَللّٰهُ وَ رَسُوْلُهٗ اَعْلَمُ قَالَهَا ثَلَاثًا قَالَ يَقُوْلُ رَبُّكُمْ عَزَّ وَجَلَّ وَعِزَّتِیْ وَجَلَالِیْ لَايُصَلِّيْهَا عَبْدٌ لِوَقْتِهَا اِلَّا اَدْخَلْتُهُ الْجَنَّةَ وَمَنْ صَلَّاهَا لِغَيْرِ وَقْتِهَا اِنْ شِئْتُ رَحِمْتُهٗ وَاِنْ شِئْتُ عَذَّبْتُهٗ رواه الطبرانی فی المعجم الكبير

હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ صلی الله علیه وسلمએ ફર્માવ્યું, ''તમારો રબ عزوجل શું ફર્માવે છે તમને ખબર છે ? સહાબાએ વિનંતિ કરી, અલ્લાહ અને એના રસૂલને ખબર છે ! આપે

આમ ત્રણ વખત ફર્માવ્યું. ફર્માવ્યું, તમારો રબ ﷻ ફર્માવે છે મારી ઈજ્જત અને બુઝુર્ગીની કસમ ! જે બંદો નમાઝ સમયસર પઢશે એને જન્નતમાં દાખલ કરીશ અને જેણે કઝા કરીને પઢી તેને ચાહીશ તો એના પર કૃપા કરીશ અને ચાહીશ તો અઝાબ કરીશ.

**ફાયદો** : નમાઝને સમયસર અદા કરનાર અને દરરોજ પાંચ વખત અદા નમાઝનો ખયાલ રાખનાર વર્ષમાં એક વખત આવનાર ફર્ઝને ભૂલી શકતો નથી. એટલે અલ્લાહ તઆલા તરફથી હમેશાં નમાઝ અદા પઢ નારને જન્નતની બશારત આપવામાં આવી. અને જે લોકો નમાઝ કઝા કરે છે એમનાથી અલ્લાહનો કોઈ વાયદો નથી. અલ્લાહના ફર્માનના આધારે જન્નતની બશારત પોતાના હક્કમાં સાંભળવી હોય તો જરૂરી છે કે નમાઝની પાબંદી કરો અને કદી પણ નમાઝ કઝા ન થવા દો.

## ★ સરહદના રક્ષણથી વધીને નમાઝ ! ★

**હદીષ : ૩૧**

عَنْ اَبِیْ هُرَيْرَةَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اَفْضَلُ الرِّبَاطِ الصَّلٰوةُ وَ لُزُوْمُ مَجَالِسِ الذِّكْرِ وَمَا مِنْ عَبْدٍ يُصَلِّیْ ثُمَّ يَقْعُدُ فِیْ مُصَلَّاهُ اِلَّا لَمْ تَزَلِ الْمَلٰئِكَةُ تُصَلِّیْ عَلَيْهِ حَتّٰی يَحْدُثَ اَوْ يَقُوْمَ رواه ابو داود الطيالسی

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "ઉત્તમ સરહદનું રક્ષણ નમાઝ છે અને ઝિક્રની સભાઓથી સંબંધ રાખવો. અને જે બંદો નમાઝ અદા કરી પોતાની નમાઝની જગાએ બેસેલો રહે તો ફરિશ્તાઓ એના માટે મગફેરતની દુઆ કરતા રહે છે ત્યાં સુધી કે એને હદષ થાય અથવા એ ઉભો થઈ જાય." *(અબૂ દાવૂદ તિલાલિસી)*

**ફાયદો** : મુસલમાન દેશની સરહદનું રક્ષણ કરવું મોટા સવાબનું કામ છે પણ નમાઝ માણસના તેના પોતાના ઈસ્લામનું રક્ષણ છે. પણ એનાથી ઉત્તમ અથવા એમાં ઉત્તમ નમાઝની પાબંદી છે, નમાઝ થકી માણસના ઈસ્લામનું રક્ષણ થાય છે. બીજું એ કે જેહાદ જો અલ્લાહનો હુકમ છે તો નમાઝ પણ અલ્લાહનો હુકમ છે, અને જેહાદ હમેશાં માટે ફર્ઝ નથી જ્યારે કે દરેક આકિલ, બાલિગ, મુસલમાન પર દરેક હાલતમાં નમાઝ ફર્ઝ છે. હદીષે પાકમાં એટલા માટે નમાઝને ઉત્તમ સરહદનું રક્ષણ કહેવામાં આવ્યું.





## ★ જેહાદથી ઉત્તમ નમાઝ ! ★

**હદીષ : ૩૨**

عَنْ اُمِّ اَنَسٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْهَا قَالَتْ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ عَلَيْكَ بِالصَّلَاةِ فَاِنَّهَا اَفْضَلُ الْجِهَادِ وَاهْجُرِی الْمَعَاصِیَ فَاِنَّهٗ اَفْضَلُ الْهِجْرَةِ رواه المحاملی فی اماليه

ઉમ્મે અનસથી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "તમારા પર નમાઝ જરૂરી છે કારણ કે એ ઉત્તમ જેહાદ છે અને ગુનાહ છોડી આપવા એ ઉત્તમ હિજરત છે." *(મહામલીએ ઈમામીમાં રિવાયત કરી)*

**ફાયદો** : જેહાદ જે કાફિરો સાથે કરવામાં આવે છે એ જરૂરત સમયે ફર્ઝ હોય છે જ્યારે નમાઝ તો દરેક પર ફર્ઝ છે. વાસ્તવિક જેહાદમાં પણ ફર્ઝ નમાઝ ફર્ઝ જ રહે છે એને સિપાહીએ પણ પઢવાની હોય છે. નમાઝ જેહાદે નફ્સ છે અને જેહાદે નફ્સ માણસ બાલિગ થવાથી લઈને મૌત સુધી જરૂરી છે. નમાઝ ફર્ઝે ઐન છે અને જિહાદ ફર્ઝે કિફાયા. આ બધા કારણોથી નમાઝને જેહાદથી ઉત્તમ બતાવવામાં આવી. આમ જ હિજરતમાં ઉત્તમ હિજરત ગુનાહ છોડવું છે કારણ કે ગુનાહથી બચવાનો હમેશાં માટે હુકમ આપવામાં આવ્યો છે અને દીનના રક્ષણ માટે વતન છોડવાનો આદેશ દરેક માટે નથી અને દરેક સમય માટે નથી, વગેરે. નમાઝની ખૂબ પાબંદી કરો અને જેહાદ જ નહીં જેહાદથી વધીને સમજો અને ગુનાહોથી પોતાને દૂર રાખો !

## ★ પ્રથમ સવાલ નમાઝનો ★

**હદીષ : ૩૩**

عَنْ اِبْنِ مَسْعُوْدٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اَوَّلُ مَا يُحَاسَبُ بِهِ الْعَبْدُ الصَّلَاةُ وَاَوَّلُ مَا يُقْضٰی بَيْنَ النَّاسِ فِی الدِّمَاءِ رواه النسائی

હઝરત ઈબ્ને મસઊદ رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "બંદાથી પ્રથમ હિસાબ નમાઝનો થશે. અને લોકોમાં પ્રથમ ફૈસલો લોહીનો થશે." *(નસાઈ)*

**ફાયદો** : નમાઝની ફઝીલત અને એની ઉત્તમતા એનાથી પણ સમજી શકાય છે કે ઈમાનવાળાથી પ્રથમ હિસાબ નમાઝનો લેવામાં આવશે.

એનાથી અધિક ફઝીલત બીજા કોઈ અમલને પ્રાપ્ત હોતી તો એને પ્રથમ સવાલ થતો, પણ નથી એટલે પ્રથમ હિસાબ નમાઝનો કરવામાં આવશે.

## ★ નમાઝ પછી બીજા અમલોનો હિસાબ ★

**હદીષ : ૩૪**

**عَنْ تَمِيْمِ الدَّارِيِّ** رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ **قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ** صلی الله علیه وسلم **اَوَّلُ مَا يُحَاسَبُ بِهِ الْعَبْدُ الصَّلَاةُ ثُمَّ سَائِرُ الْاَعْمَالِ** رواه الطبرانی فی الكبير

હઝરત તમીમદારીથી રિવાયત છે. રસૂલુલ્લાહ صلی الله علیه وسلمએ ફર્માવ્યું, "પ્રથમ બંદાથી નમાઝનો સવાલ કરવામાં આવશે પછી સઘળા અમલોનો." *(તબ્રાનીએ કબીર)*

**ફાયદો** : નમાઝને અલ્લાહને ત્યાં બીજા અમલોથી અધિક મહત્વતા પ્રાપ્ત છે એટલે પ્રથમ એનો હિસાબ અને બીજા અમલોનો હિસાબ એ પછી લેવામાં આવશે.

## ★ નમાઝ બેકાર તો બધું જ બેકાર ★

**હદીષ : ૩૫**

**عَنْ اَبِیْ هُرَيْرَةَ** رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ **قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ** صلی الله علیه وسلم **اِنَّ اَوَّلَ مَا يُحَاسَبُ بِهِ الْعَبْدُ صَلَاتَهٗ فَاِنْ صَلُحَتْ صَلُحَ سَائِرُ عَمَلِهٖ وَاِنْ فَسَدَتْ فَسَدَ سَائِرُ عَمَلِهٖ ثُمَّ يَقُوْلُ اُنْظُرُوْا هَلْ لِعَبْدِیْ مِنْ نَافِلَةٍ فَاِنْ كَانَتْ لَهٗ نَافِلَةٌ اَتَمَّ بِهَا الْفَرِيْضَةَ ثُمَّ الْفَرَائِضُ كَذٰلِكَ** رواه ابن عساكر

હઝરત અબૂ હુરૈરહ رضی الله عنهથી રિવાયત છે. રસૂલુલ્લાહ صلی الله علیه وسلمએ ફર્માવ્યું, "ક્યામતના દિવસે બંદાથી પ્રથમ હિસાબ એની નમાઝનો લેવામાં આવશે, જો એ બરાબર છે તો એના સઘળા અમલો બરાબર છે અને એ ખરાબ છે તો એના સઘળા અમલો ખરાબ થયા. પછી ફર્માવશે, જુઓ મારા બંદા પાસે નફલ છે ! જો એની પાસે નફલ હોય તો એનાથી ફર્ઝને પૂરો કરો પછી બીજા ફર્ઝો એ પ્રમાણે." *(ઈબ્ને અસાકિર)*

**ફાયદો** : નમાઝમાં જ બંદો નાપાસ થયો તો એની આગળના હિસાબમાં નહીં જોવામાં આવે, ત્યાં જ દોઝખની ખબર સંભળાવી દેવામાં આવશે.





અને નમાઝ હિસાબમાં પૂરેપૂરી રહી તો બીજા અમલોનો હિસાબ થશે. આનાથી સ્પષ્ટ થયું કે **નમાઝ ન હોય તો બીજા અમલો તરફ નજર થશે નહીં અને એ અલ્લાહની બારગાહમાં વિના નમાઝે માન્ય પણ નથી, એટલે તમે ગમે તે નેક અમલમાં ગમે તેટલા આગળ ધપી રહ્યા હોય પણ પ્રથમ એ જુઓ કે નમાઝના અમલમાં તમે કેવા છો !** નમાઝની પાબંદી કરો અને બીજા નેક અમલોની કબૂલાતનો દરવાજો ખોલો !

## ★ નમાઝ નહીં તો દીન નહીં ! ★

**હદીષ : ૩૬**

**عَنْ اَمِيْرِ الْمُوْمِنِيْنَ عُمَرَ الْفَارُوْقِ** رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ **قَالَ جَآءَ رَجُلٌ فَقَالَ يَا رَسُوْلَ اللّٰهِ** صلی الله علیه وسلم **اَیُّ شَیْئٍ اَحَبُّ عِنْدَ اللّٰهِ فِی الْاِسْلَامِ قَالَ اَلصَّلَاةُ لِوَقْتِهَا وَمَنْ تَرَكَ الصَّلَاةَ فَلَا دِيْنَ لَهٗ اَلصَّلَاةُ عِمَادُ الدِّيْنِ** رواه البيهقی

અમીરુલ મો'મિનીન ઉમર ફારૂકે આ'ઝમ رضی الله عنهથી રિવાયત છે કે ફર્માવ્યું, એક માણસ આવ્યો અને વિનંતિ કરી, "અય અલ્લાહના રસૂલ صلی الله علیه وسلم અલ્લાહની બારગાહમાં ઈસ્લામમાં કોઈ વસ્તુ અધિક પ્રિય છે ?" ફર્માવ્યું, "સમયસર નમાઝ ! જેણે નમાઝ છોડી એની પાસે કશો જ દીન અને ધર્મ નથી. નમાઝ દીનનો થાંભલો છે." *(બયહકી)*

**ફાયદો** : નમાઝ છોડનાર પાસે કશો જ દીન નથી, એ વાત તરફ ઈશારો છે કે નમાઝ વગર બીજા અમલો અલ્લાહની બારગાહમાં કબૂલ થતા નથી. અને નમાઝ છોડી બીજા અમલોથી પોતાના દીનને પ્રગટ કરનાર દુનિયામાં ભલે માન્ય હોય ઈસ્લામના કાયદામાં અને અલ્લાહને ત્યાં એને એ અમલોથી કોઈ ઈજ્જત પ્રાપ્ત થવાની નથી. દરેક અમલ લાયક અમલ ત્યારે જ છે જ્યારે નમાઝની સમયસર પાબંદી કરવામાં આવે, અને જાણી જોઈને એક નમાઝ પણ કઝા કરવામાં ન આવે. જે લોકો બુઝુર્ગોના ઉર્સ, મીલાદ અને ફાતિહા દુરૂદ વગેરેથી પોતાનો દીન ચમકાવે છે અને નમાઝથી કોઈ મતલબ રાખતા નથી તેઓ માટે આપણા નબી صلی الله علیه وسلمનું આ ફર્માન બસ છે કે, "નમાઝ નહીં તો દીન જ નહીં." કોઈ પણ અમલથી દીન ચમકાવવા પ્રથમ નમાઝનો સહારો લો ! નમાઝ છોડી

બધા દાવા માત્ર શબ્દોની મારામારી છે. બધું કરો ! ના નથી ! પણ નમાઝ છોડીને નહીં ! નમાઝના પાબંદ રહીને કરો તો જ કૂબૂલ થશે.

## ★ નમાઝીનું ગયબી રક્ષણ ★

**હદીષ : ૩૭**

عَنْ اَنَسٍ رَضِیَ اللّٰهُ تَعَالیٰ عَنْهُ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صلی الله علیه وسلم اِنَّ اللّٰهَ تَعَالیٰ اِذَا اَنْزَلَ عَاهَةً مِنَ السَّمَآءِ عَلیٰ اَهْلِ الْاَرْضِ صُرِّفَتْ عَنْ عُمَّارِ الْمَسَاجِدِ رواه ابن عساكر

હઝરત અનસ رضی الله عنه થી રિવાયત છે. રસૂલુલ્લાહ صلی الله علیه وسلم એ ફર્માવ્યું, "અલ્લાહ તઆલા જ્યારે આકાશથી જમીનવાળાઓ પર બલા ઉતારે છે તો એ મસ્જિદોને આબાદ કરનારાઓથી અલગ રાખવામાં આવે છે. *(ઈબ્ને અસાકિર)*

**ફાયદો** : અમુક વખત અલ્લાહ તઆલા લોકોને અઝાબ કરવાનો ઈરાદો ફર્માવે છે અને નમાઝી લોકોને જોઈને મુલતવી રાખે છે, અને અમુક વખત જો ઈરાદો કરી આફત, બલા અને મુસીબતને ઉતારી જ દે છે તો પછી નમાઝની પાબંદી કરનારાઓને જે સમયે સમયે મસ્જિદોમાં હાજરી આપી નમાઝ પઢે છે એમને એ બલાથી બચાવી લે છે.

લોકો દુનિયામાં વિવિધ પ્રકારની મુસીબતોમાં પડેલા છે અને એ મુંઝવણોથી નીકળવાનો એમની પાસે માત્ર એક જ માર્ગ રહી ગયો છે કે બાપુ લોકો પાસે જઈ પૂછો કે આમ શા માટે થઈ રહ્યું છે ?! અને તેઓ પણ પોતાની દુકાન ચાલુ રાખવા અને લોકોને દર દર ભટકાવવા જાદૂ છે, કરામત છે, કોઈ એ બંદીશ કરી છે ! આમ શંકામાં નાખતા હોય છે. ક્યારેક એ વસ્તુઓ સાચી પણ હોય છે પણ લાખોમાં અમુકને. હદીષે પાક બતાવી રહી છે કે નમાઝ તમારું રક્ષણ કરે છે, અલ્લાહ નમાઝીને આફત બલાથી બચાવી લે છે તો દરેક પ્રકારની મુંઝવણમાંથી મુક્ત થવા નમાઝનો સહારો લો ! ફર્ઝ નમાઝની પાબંદી કરો, દીનના જરૂરી અમલો પર અમલ કરો અને અલ્લાહની બારગાહના પ્રિય બનો, જે અલ્લાહનો વાસ્તવમાં બને છે એ મુસીબતમાં પીડાતો નથી, મુસીબત પણ એના માટે રાહત જ હોય છે.





## ★ નમાઝની વાટ પણ નમાઝ ★

**હદીષ : ૩૮**

نْ جَابِرٍ رَضِیَ اللّٰهُ تَعَالیٰ عَنْهُ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صلی الله علیه وسلم اَلْمَرْأُ فِیْ الصَّلٰوةِ مَا انْتَظَرَهَا
رواه عبد بن حميد

હઝરત જાબિરથી રિવાયત છે. રસૂલુલ્લાહ صلی الله علیه وسلم એ ફર્માવ્યું, "માણસ નમાઝમાં જ છે જ્યાં સુધી એની વાટ જોઈ રહ્યો છે." *(અબ્દ બિન હુમૈદ)*

**ફાયદો** : આ અલ્લાહની કૃપા છે કે નમાઝ એની બારગાહમાં એટલી પ્રિય છે કે આપણે નમાઝની રાહ જોઈને રહીએ તો એને પણ આપણા માટે નમાઝ સમાન કરવામાં આવી. આપણે મસ્જિદે જમાઅતથી નમાઝ માટે જઈએ તો પરત આવતા સુધી એને નમાઝનો સવાબ આપવામાં આવે છે.

## ★ અલ્લાહ ગર્વ કરે છે ! ★

**હદીષ : ૩૯**

عَنْ اِبْنِ عُمَرَ رَضِیَ اللّٰهُ تَعَالیٰ عَنْهُمَا قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صلی الله علیه وسلم اُبْشُرُوْا هٰذَا رَبُّكُمْ قَدْ فَتَحَ بَابًا مِّنْ اَبْوَابِ السَّمَآءِ يُبَاهِیْ بِكُمُ الْمَلٰئِكَةَ يَقُوْلُ اُنْظُرُوْا اِلیٰ عِبَادِیْ قَدْ قَضَوْا فَرِيْضَةً وَهُوَ يَنْتَظِرُوْنَ اُخْریٰ رواه الامام احمد و ابن ماجة

હઝરત ઈબ્ને ઉમર رضی الله عنه થી રિવાયત છે. રસૂલુલ્લાહ صلی الله علیه وسلم એ ફર્માવ્યું, "ખુશી મનાવો ! આ તમારો રબ છે જેણે આકાશના દરવાજાઓમાંથી એક દરવાજો ખોલ્યો, ફરિશ્તાઓ સામે તમારા પર ગર્વ કરી રહ્યો છે. ફર્માવે છે, મારા બંદાઓને જુઓ ! જેમણે એક ફર્ઝ અદા કર્યો અને બીજાની વાટ જોઈ રહ્યા છે." *(ઈમામ અહમદ, ઈબ્ને માજહ)*

**ફાયદો** : એક નમાઝ પછી બીજી નમાઝના ઈન્તેઝારમાં રહેવું જોઈએ, એનો એક ફાયદો છે કે એમાં નમાઝથી બહાર હોવા બહાર આપણને નમાઝનો સવાબ મળતો રહે છે. થોડું ધ્યાન અને મફતનો સવાબ ! બીજો ફાયદો એ છે કે નમાઝ કૂઝા નથી થઈ શકતી અને સમયસર નમાઝ પઢી શકાય છે. અને ત્રીજો ફાયદો એ કે અલ્લાહ તઆલાની બારગાહમાં આપણે પ્રિય છીએ, અલ્લાહ તઆલા આપણાથી ખુશ થાય છે અને ફરિશ્તાઓમાં આપણ પર ગર્વ કરે છે !

## ★ નમાઝ સશક્ત પુરાવો ★

**હદીષ : ૪૦**

عَنْ كَعْبِ بْنِ عُجْرَةَ الْاَنْصَارِيِّ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ قَالَ قَالَ لِیْ رَسُوْلُ اللّٰہِ صَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّم اَلصَّلٰوۃُ بُرْهَانٌ وَ الصَّوْمُ جُنَّۃٌ وَ الصَّدَقَۃُ تُطْفِیُٔ الْخَطِیْئَۃَ كَمَا یُطْفِیُٔ النَّارَ الْمَآءَ رواه الطبرانی فی المعجم الصغیر

હઝરત ક્અબ બિન ઉજરાથી રિવાયત છે. એમણે કહ્યું, રસૂલુલ્લાહ ﷺએ મને ફર્માવ્યું, "નમાઝ સશક્ત પુરાવો છે, રોઝો ઢાલ છે, અને સદકો ગુનાહને ઓલવે છે જેમ પાણી આગને ઓલવે છે." *(તબ્રાની મુઅજ્જમે સગીરમાં)*

**ફાયદો :** નમાઝ નમાઝીના છૂટકારા અને નજાત માટે સશક્ત પુરાવો છે. અને હદીષે પાકમાં આવ્યું છે કે સયમસર નમાઝ અદા કરનારને અલ્લાહ તઆલાએ જન્નત આપવાનો વાયદો ફર્માવ્યો છે, જેથી દરેક મુસલમાને નમાઝનો સહારો લેવો જોઈએ.

અલ્લાહ તઆલા આપણને અમલ કરવાની તૌફીક્ અતા ફર્માવે. આમીન બિજાહિ સૈયદુલ મુરસલીન ﷺ.

وَمَا عَلَیْنَا اِلَّا الْبَلَاغُ الْمُبِیْنُ





(પ્રકરણ : ૧૪)

# નમાઝ વિશે અમુક જરૂરી મસાઈલ

بِسْمِ اللّٰہِ الرَّحْمٰنِ الرَّحِیْمِ

نَحْمَدُہٗ وَنُصَلِّیْ عَلٰی رَسُوْلِہٖ سَیِّدِالْمُرْسَلِیْنَ وَعَلٰی اٰلِہٖ وَاَصْحَابِہٖ اَجْمَعِیْنَ ۔ اَمَّا بَعْدُ فَاَعُوْذُ بِاللّٰہِ مِنَ الشَّیْطَانِ الرَّجِیْمِ ۔ بِسْمِ اللّٰہِ الرَّحْمٰنِ الرَّحِیْمِ ۔ حَافِظُوْا عَلَی الصَّلَوَاتِ وَ الصَّلَاۃِ الْوُسْطٰی وَ قُوْمُوْا لِلّٰہِ قَانِتِیْنَ ۔ صَدَقَ اللّٰہُ الْعَظِیْمُ وَصَدَقَ رَسُوْلُہُ النَّبِیُّ الْاَمِیْنُ الْكَرِیْمُ ۔ وَنَحْنُ عَلٰی ذٰلِكَ لَمِنَ الشَّاهِدِیْنَ وَالشَّاكِرِیْنَ وَالْحَمْدُ لِلّٰہِ رَبِّ الْعَالَمِیْنَ

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیْكَ یَارَسُوْلَ اللّٰہِ
اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیْكَ یَاحَبِیْبَ اللّٰہِ
اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیْكَ یَا نَبِیَّ اللّٰہِ
اَلصَّلٰوۃُ وَ السَّلَامُ عَلَیْكَ یَا نُوْرَ اللّٰہِ
صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْكَ وَسَلَّمَ

**સવાલ ૧** : નમાઝ કેટલા સમયની ફર્ઝ છે ?

**જવાબ ૧** : નમાઝ દિવસમાં પાંચ સમયની ફર્ઝ છે.

**સવાલ ૨** : એની ફર્ઝિયત કેવી છે ?

**જવાબ ૨** : એની ફર્ઝિયત કતઈ યકીની છે.

**સવાલ ૩** : કતઈ યકીની ફર્ઝિયતનો મતલબ શું છે ?

**જવાબ ૩** : કતઈ યકીની ફર્ઝિયતનો મતલબ છે, એ કુર્આનથી અને મુતવાતિર હદીષથી પુરવાર છે.

**સવાલ ૪** : માનવા ન માનવામાં એનો હુકમ શું ?

**જવાબ ૪** : એને ફર્ઝ માનવું જરૂરી છે. જે એની ફર્ઝિયતનો ઈન્કાર કરે તે કાફિર છે, એવો કાફિર કે એના કુફ્રમાં શંકા કરનાર પણ કાફિર છે.

**સવાલ ૫** : અમલ કરવા ન કરવામાં એનો હુકમ શું છે ?

**જવાબ ૫** : મુસલમાન આકિલ બાલિગ પર સમયસર નમાઝ અદા કરવી જરૂરી છે, વિના શરઈ કારણે એક વખત પણ કઝા કરનાર ફાસિક છે. એના પર કઝા અને એ ગુનાહ પર તૌબા કરવી જરૂરી છે.

**સવાલ ૬** : ફાસિક થવાથી શું નુકસાન થાય છે ?

**જવાબ ૬** : ફાસિક થવાનું નુકસાન : (૧) દીનમાં એની ઈજ્જત ઉઠી જાય છે (૨) દીનવાળાઓ માટે હુકમ છે તેઓ એની ઈજ્જત ન કરે (૩) એને ઈજ્જતની જગા ન આપે અને ન ત્યાં ઉભો કરે (૪) એની ગવાહી માન્ય નથી (૫) એ ઈમામ નથી બની શકતો (૬) એની પાછળ નમાઝ મકરૂહે તહરીમી છે એટલે એવી નમાઝ ફરીથી પઢવી વાજિબ છે.

**સવાલ ૭** : આવું ક્યાં સુધી રહેશે ?

**જવાબ ૭** : જ્યાં સુધી એ નમાઝ કઝા કરી એના પર સાચી તૌબા ન કરો, આ હુકમ એના માટે બાકી રહેશે.

**સવાલ ૮** : જેણે વધારે નમાઝો કઝા કરી એનો શું હુકમ છે ?

**જવાબ ૮** : વિના શરઈ કારણે એક અથવા વધારે નમાઝો છોડનારનો શરઈ હુકમ ફાસિક હોવું છે પણ વધારે નમાઝો કઝા કરનારના ગુનાહ વધારે છે.





**સવાલ ૯** : કોઈએ નમાઝ કઝા કરી અને કઝા પઢી લીધી તૌબા કરી લીધી પણ એની કઝા કરવાનું ઈલ્મ કોઈને જ નથી તો શું હુકમ છે ?

**જવાબ ૯** : વિના શરઈ કારણે નમાઝો છોડનાર શરીઅતમાં ફાસિક બની જાય છે, પણ જ્યાં સુધી એનું ઈલ્મ પબ્લિકને ન થાય પબ્લિકમાં એ ફાસિક નથી. એની સાથે ફાસિક જેવો વર્તાવ કરવામાં નહીં આવે.

**સવાલ ૧૦** : આ કાયદાના આધારે કે 'એક નમાઝ જાણી જોઈને કઝા કરી આપે તો ફાસિક છે' અસંખ્ય મુસલમાનો એમાં આવી જશે ?

**જવાબ ૧૦** : કાયદો એની જગાએ જ રહેશે અને એ અસંખ્ય મુસલમાનો એક નમાઝને પણ જાણી જોઈને કઝા કરતા હોય તો ફાસિક છે. અલ્લાહના દીનમાં એમને કોઈ ઈજ્જત પ્રાપ્ત નથી.

**સવાલ ૧૧** : એ દાઢી રાખતો હોય, મુસલમાનો જેવાં કપડાં પહેરતો હોય તો પણ ?

**જવાબ ૧૧** :હા ! આમ કરવા છતાં એ ફાસિક છે. દાઢી અને વસ્ત્ર એને ફાસિક હોવાથી બચાવી નહીં શકે.

**સવાલ ૧૨** : અમુક લોકો નમાઝ કઝા કરે છે પછી પઢી લે છે અને તૌબા કરી લે છે, ફરી આમ કરે છે અને કરતા જ રહે છે, એમના માટે શું હુકમ છે ?

**જવાબ ૧૨** : : બે ત્રણ વખત આમ કરી તૌબા કરી લે તો એની વાત માની લેવામાં આવશે એ પછી ત્યાં સુધી એને તૌબાવાળો માનવામાં નહીં આવે જ્યાં સુધી એ સુધરી લોકોને એવું પુરવાર કરી આપે હવે એ આમ નહીં કરે. લોકોએ જ્યાં સુધી એના સુધરી જવા પર ભરોસો ન થાય, તૌબા કરવા છતાં પણ એ ફાસિક જ છે.

**સવાલ ૧૩** : બેનમાઝી વિશે હુઝૂર ગૌષે પાક رضی اللہ عنہ નું શું ફર્માન છે ?

**જવાબ ૧૩** : બેનમાઝી વિશે આપણા ગૌષે પાક رحمۃ اللہ علیہ નો ફત્વો છે કે એ કાફિર ઈસ્લામના વર્તુળથી બાહ્ય છે. આપ હંબલી મસ્લકના છે અને હંબલીના બેનમાઝી માટે કુફ્રનો ફત્વો છે. *(ગુન્યિતુત્તાલેબીન)*

**સવાલ ૧૪** : વધુ પડતા સુન્ની લોકો નમાઝ નથી પઢતા, ગૌષે પાક

رضی اللہ عنہને માને છે અને એમની અગ્યારમી પણ કરે છે, એમના માટે શું હુકમ છે ?

**જવાબ ૧૪** : ગમે તે હોય ગૌષે પાક رحمۃ اللہ علیہનો ફત્વો બેનમાઝી વિશે કાફિર હોવાનો છે તો આપ તો એને મુસલમાન માનશે જ નહીં ! માનવાથી ફત્વો બદલાતો નથી. જો લોકોને વાસ્તવમાં ગૌષે પાક رضی اللہ عنہથી મહોબ્બત છે તો પછી એમના મસ્લક પ્રમાણે મુસલમાન રહેવા નમાઝની પાબંદી અવશ્ય છે.

**સવાલ ૧૫** : બેનમાઝીની બીજી નફ્લ અને સુન્નત ઈબાદતો કૃબૂલ થાય છે ?

**જવાબ ૧૫** : બેનમાઝીની દરેક ઈબાદત અને બંદગી લટકેલી રહે છે જ્યાં સુધી એ નમાઝો કૃઝા પઢીને પછી સાચી તૌબા ન કરે કૃબૂલ થતી નથી. (હદીષ : નમાઝનું મુકૃામ સમયોમાં છે.)

**સવાલ ૧૬** : આપણા ઈમામ ઈમામ અબૂ હનીફાના ત્યાં બેનમાઝીનો હુકમ શું છે ?

**જવાબ ૧૬** : આપણા ઈમામના ત્યાં બેનમાઝી છેલ્લી કક્ષાનો ફાસિક઼ તથા ફાજિર છે, પણ એ ઈસ્લામના વર્તુળથી બહાર નથી થતો.

**સવાલ ૧૭** : એ સિવાય બીજા ઈમામોના ત્યાં શું હુકમ છે ?

**જવાબ ૧૭** : હંબલી મસ્લકનું વર્ણન થઈ ગયું, ઈમામ શાફેઈ અને ઈમામ માલિકના ત્યાં બેનમાઝી અંતિમ કક્ષાનો ફાસિક઼ તથા ફાજિર છે.

**સવાલ ૧૮** : આ બધાં ઈમામના ત્યાં બેનમાઝી માટે સજાનો શું હુકમ છે ?

**જવાબ ૧૮** : હંબલીમાં બેનમાઝીની સજા કૃત્લ છે એને કાફિર સમજીને, શાફેઈ અને માલિકીમાં અંતિમ કક્ષાનો ફાસિક઼ સમજીને સજા કૃત્લ છે. હનફીમાં એની સજા હમેશાં માટે જેલ છે, જો એ તૌબા ન કરે. ઈમામ મહબૂબી વગેરે મહાન હનફી આલિમોનું મંતવ્ય છે કે એને એટલો મારવામાં આવે કે લોહી લોહી નીકળી આવે પછી જેલમાં બંધ કરી દેવામાં આવે.





**સવાલ ૧૯** : વર્તમાનકાળમાં ઈસ્લામી દેશોમાં પણ આ પ્રમાણે સજાઓ આપવામાં આવતી નથી અને આપણે તો ગૈરમુસ્લિમ દેશોમાં રહીએ છીએ જ્યાં આ પ્રમાણે ફેંસલો થઈ શકતો નથી, તો શું કરવામાં આવે ?

**જવાબ ૧૯** : અમલ ન કરવાથી હુકમ ઉઠી નથી શકતો, સત્તાધારીઓ એના શરઈ જવાબદાર છે. આપણા દેશમાં આ સજાઓ પર અમલ થઈ શકતો નથી એટલે આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે, એની સાથે ખાવા પીવાનું, મેળ મિલાપ, સલામ કૃલામ... વગેરે કામો છોડી દેવામાં આવે, આ પ્રમાણે એને સમજ પાડવામાં આવે. *(ફતાવા રઝવિય્યહ્, ભાગ-૫)*

**સવાલ ૨૦** : એ બીમાર થાય તો એની ખબર લેવામાં આવે ?

**જવાબ ૨૦** : જો એને નમાઝ છોડવાના ગુનાહનો સબક આપવા માટે એની ખબર લેવામાં ન આવે તો એની પણ રજા છે.

**સવાલ ૨૧** : નમાઝ છોડવા વિશે સહાબાનું મંતવ્ય શું છે ?

**જવાબ ૨૧** : સહાબાનું મંતવ્ય તો હદીષના જાહેરી શબ્દો પ્રમાણે એ જ હતું કે જાણી જોઈને એક નમાઝ કૃઝા કરવાથી પણ માણસ ઈસ્લામથી બહાર થઈ જાય છે. *(જામેઉલ અહાદીષ, ભાગ-૧, પેજ-૪૫૬)*

**સવાલ ૨૨** : વર્તમાનકાળમાં વધુ પડતા લોકો જ બેનમાઝી છે, અમુક દીનદાર લોકો એમનાથી સંબંધ તોડે તો એમને કોઈ ફરક પડતો નથી, તો શું કરવું ?

**જવાબ ૨૨** : ફરક પડે ન પડે, ફરક પડવાની નિય્યતે આમ કરવામાં આવે તો કરનારને સવાબ જરૂરથી મળશે. અને આમ કરવું હાલતના અભાવે શક્ય જેવું ન રહે તો પછી દિલથી એવા લોકોને બુરા સમજવામાં આવે, આ ઈમાનનો અંતિમ દરજો છે.

**સવાલ ૨૩** : પાંચ વખતની નમાઝની ફર્ઝિયત આગલી ઉમ્મતો પર હતી કે પછી એ માત્ર આપણી વિશેષતા છે ?

**જવાબ ૨૩** : પાંચ વખતની નમાઝ માત્ર આ ઉમ્મતને આપવામાં આવી છે. *(ફતાવા રઝવિય્યહ્, ભાગ-૨)*

**સવાલ ૨૪** : શું સમજદાર બાળકો પર નમાઝ ફર્ઝ છે ?

**જવાબ ૨૪** : બાળકો પર નમાઝ ફર્ઝ નથી જ્યાં સુધી તેઓ બાલિગ ન બની જાય.

**સવાલ ૨૫** : શું એમને નમાઝનો હુકમ આપવામાં આવશે ?

**જવાબ ૨૫** : હદીષ શરીફમાં છે : નબી ﷺએ ફર્માવ્યું, "તમારાં બાળકોને નમાઝનો હુકમ આપો જ્યારે એ સાત વર્ષનાં થાય અને નમાઝ માટે મારો ! જ્યારે એ દસ વર્ષનાં થાય." આ હદીષના આધારે બાળકોને હુકમ પણ આપવામાં આવશે અને ન પઢવા પર સજા પણ આપવામાં આવશે. *(મુસ્નદે ઈમામ અહમદ)*

**સવાલ ૨૬** : બાળક નમાઝ શરૂ કરીને તોડી નાખે તો એને ફરીથી પઢવી વાજિબ છે ?

**જવાબ ૨૬** : વાજિબ નથી પણ એને શિખવાડવા માટે એ નમાઝ ફરીથી પઢાવવામાં આવશે.

**સવાલ ૨૭** : શું એમના પર વુઝૂ અને બીજી બધી શરતોનું પાલન જરૂરી છે ?

**જવાબ ૨૭** : જરૂરી તો કશું જ નથી અને વુઝૂ પણ એમના માટે ફર્ઝ નથી પણ શિખવાડવા માટે બધાંની જ પાબંદી કરાવવામાં આવશે.

**સવાલ ૨૮** : પ્રથમ નમાઝ કોણે પઢી ?

**જવાબ ૨૮** : નબી ﷺ એ સોમવારની સવારે પ્રથમ નમાઝ પઢી, પછી એ દિવસના અંતમાં ઉમ્મતુલ મુ'મિનીને ખદીજતુલ કુબ્રા رضی اللہ عنہا એ, પછી મંગળવારે હઝરત અલી کرم اللہ وجہہ الکریم એ પઢી. હઝરત અલી کرم اللہ وجہہ الکریم એ સાત વર્ષ અમુક મહિના સુધી નમાઝ એકાંતમાં રહી પઢી, એ પહેલાં નમાઝ કોઈએ ન પઢી હતી. (અલ્ મુઅજ્જમુલ કબીર)

**સવાલ ૨૯** : નમાઝ ફર્ઝે ઐન છે એનો મતલબ શું છે ?

**જવાબ ૨૯** : ફર્ઝે ઐનનો મતલબ દરેક જવાબદાર પર જેનું અલગથી કરવું ફર્ઝે છે એકના કરવાથી બીજાનું દાન ઉતરશે નહીં. નમાઝનો સવાબ બીજાને પહોંચાડી શકાય છે પણ આપણી નમાઝ બીજા વ્યક્તિને એની



ફઝીલતોનો ખજાનો એટલે નમાઝ !

જવાબદારીથી ભારમુક્ત કરશે નહીં.

**સવાલ ૩૦** : ફર્ઝે કિફાયાનો મતલબ શું છે, જેમ કે જનાઝાની નમાઝ ફર્ઝે કિફાયા છે ?

**જવાબ ૩૦** : જેનું કરવું મુસલમાનો પર એ પ્રમાણે ફર્ઝ છે કે અમુકના કરી લેવાથી બીજા લોકો ભારમુક્ત થઈ જાય છે ?

**સવાલ ૩૧** : એનો મતલબ થયો અમુક પર ફર્ઝ છે સર્વ પર નહીં ?

**જવાબ ૩૧** : ફર્ઝ તો સર્વ પર છે અને જે પણ અદા કરશે એનો ફર્ઝ અદા થશે, પરંતુ વસ્તીમાં અમુક કરી લે તો બીજાને એનો સવાલ કરવામાં નહીં આવે.

**સવાલ ૩૨** : નમાઝ ક્યારથી ફર્ઝ છે જ્યારથી આપણા નબી ﷺએ નબુવ્વતનું એલાન કર્યું ?

**જવાબ ૩૨** : નહીં ! નબુવ્વતના એલાન પછી બાર વર્ષે નમાઝ ફર્ઝ કરવામાં આવી, તારીખ ૨૭ રજબ મેઅરાજ શરીફમાં. *(બુખારી)*

**સવાલ ૩૩** : આગલા નબીઓએ નમાઝ પઢી હતી ?

**જવાબ ૩૩** : કુર્આન શરીફમાં જગા જગાએ આગલા નબીઓની નમાઝનું વર્ણન છે. જેનાથી પુરવાર થાય છે કે એમને નમાઝનો હુકમ હતો. બની ઈસ્રાઈલ પર બે વખતની નમાઝ ફર્ઝ હતી. *(શરહે ઝુર્કાની, ભાગ–૨)*

**સવાલ ૩૪** : આપણે જે સમયમાં નમાઝો પઢીએ છીએ એ આગળ કોઈએ અલગ અલગ પઢી હતી ?

**જવાબ ૩૪** : હા, ફજર પ્રથમ હઝરત આદમ علیہ السلامએ, બે રકાત પઢી હતી. ઝોહર ચાર રકાત હઝરત ઈબ્રાહીમ علیہ السلامએ પઢી હતી, અસર હઝરત યૂનસ علیہ السلامએ પઢી હતી, મગરિબ હઝરત ઈસા علیہ السلامએ પઢી હતી અને ઈશાની નમાઝ હઝરત મૂસા علیہ السلامએ પઢી હતી.

**સવાલ ૩૫** : હઝરત આદમ علیہ السلامએ ફજર શા માટે પઢી ?

**જવાબ ૩૫** : હઝરત આદમ علیہ السلام જન્નતથી જ્યારે દુનિયામાં આવ્યા આપે રાતનું અંધારું જોયું આપે અંધારું એ પહેલાં જોયું ન હતું.

પછી જ્યારે સવાર થઈ તો આપે શુક્રિયામાં બે રકાત નમાઝ પઢી એક રાત જવાના શુક્રિયામાં અને બીજી દિવસ થવાના શુક્રિયામાં, એમણે નફ્લ પઢી હતી અને આપણા પર ફર્ઝ કરવામાં આવી.

**સવાલ ૩૬** : હઝરત ઈબ્રાહીમ عليہ السلامએ ઝોહરની નમાઝ કેમ પઢી હતી ?

**જવાબ ૩૬** : પ્રથમ રકાત પુત્રની ચિંતા દૂર થવા પર, બીજી રકાત એમની કુર્બાનીની જગાએ જન્નતથી દુમ્બો આવવા પર, ત્રીજી રકાત અલ્લાહની ખુશનુદી માટે અને ચોથી રકાત અલ્લાહ તઆલાના હુકમ પર હઝરત ઈસ્માઈલ عليہ السلامના કુર્બાની માટે તૈયાર થઈ જવા પર, એમણે નફ્લ પઢી, આપણા પર ફર્ઝ થઈ.

**સવાલ ૩૭** : હઝરત યૂનુસ عليہ السلامએ અસરની નમાઝ કેમ પઢી ?

**જવાબ ૩૭** : અસરની ચાર રકાત પ્રથમ હઝરત યૂનુસ عليہ السلامએ પઢી. ચાર રકાત અંધારાથી બહાર થવાના શુક્રિયામાં : (૧) જે ભૂલ થઈ હતી તેનું અંધારું (૨) ચિંતાનું અંધારું (૩) દરિયાનું અંધારું (૪) માછલીના પેટનું અંધારું. આ ચાર મુસીબતોથી મુક્તિ મળવા પર આપે શુક્રિયામાં ચાર રકાત પઢી હતી. આપણા પર એ ફર્ઝ કરવામાં આવી.

**સવાલ ૩૮** : હઝરત ઈસા عليہ السلامએ મગરિબની નમાઝ કેમ પઢી હતી ?

**જવાબ ૩૮** : પ્રથમ રકાત પોતાની જાતથી મઅબૂદ હોવાનું આક્ષેપ દૂર થવા પર, બીજા રકાત પોતાની માતાથી એ આક્ષેપ દૂર થવા પર, ત્રીજી રકાત અલ્લાહ માટે મઅબૂદ હોવું સત્ય હોવા પર. આ નમાઝ એમની નફ્લ હતી, આપણા પર ફર્ઝ કરવામાં આવી.

**સવાલ ૩૯** : ઈશાની નમાઝ હઝરત મૂસા عليہ السلامએ કેમ પઢી હતી ?

**જવાબ ૩૯** : મદાઈનથી મુસાફરી કરવામાં માર્ગ ભૂલી જવા પર. પત્નીની ચિંતા, ઔલાદની ચિંતા, ભાઈ માટે ડર, ફિરઔનનો ડર. જ્યારે વાદીએ અયમનમાં રાતના સમયે અલ્લાહ તઆલાએ એ બધી ચિંતાઓથી આપને મુક્તિ આપી તો ચાર રકાત શુક્રિયાની પઢી, એમણે નફ્લ પઢી હતી, આપણા પર ફર્ઝ કરવામાં આવી.





**નોંધ** : નામોમાં અમુક વિવાદ છે. ઈમામ શાફેઈની વર્ણન કરેલ હદીષમાં છે, ફજર હઝરત આદમ عليہ السلامએ, ઝોહર હઝરત દાવૂદ عليہ السلامએ, અસર હઝરત સુલૈમાન عليہ السلامએ, મગરિબ હઝરત યાકૂબ عليہ السلامએ અને ઈશા હઝરત યૂનુસ عليہ السلامએ. *(ફતાવા રઝવિય્યહ, ભાગ–૫)*

**સવાલ ૪૦** : આપે કહ્યું નમાઝ એલાને નબુવ્વત પછી બાર વર્ષે ફર્ઝ થઈ તો એ પહેલાં મુસલમાનોએ નમાઝ પઢી હતી અને કઈ ?

**જવાબ ૪૦** : પઢતા હતા ચાશ્ત અને અસરની નમાઝ. *(ફતાવા રઝવિય્યહ, ભાગ–૫)*

**સવાલ ૪૧** : મેઅરાજ પહેલાં નબી ﷺ પર કોઈ નમાઝ ફર્ઝ હતી ?

**જવાબ ૪૧** : ફર્ઝ હોવામાં ઉલમાનો વિવાદ છે. અમુક કહે છે બે રકાત ફજરમાં અને બે રકાત રાતમાં. અમુકનું કહેવું છે બે સમયની નમાઝ ફર્ઝ હતી, એક સૂર્યોદય પહેલાં અને બીજી સૂર્યાસ્ત પહેલાં. (ફજર અને અસરની)

પરંતુ સત્યની વધારે નજીક એ છે કે આપ પર તહજ્જુદની નમાઝ ફર્ઝ હતી. *(ફતાવા રઝવિય્યહ, ભાગ–૫, નુઝહતુલ કારી, ભાગ–૨)*

**સવાલ ૪૨** : મેઅરાજ પહેલાંની અને પછીની નમાઝની અદામાં કશો ફરક હતો ?

**જવાબ ૪૨** : નમાઝનો તરીકો બંનેમાં એક સમાન છે. ત્યારે પણ નમાઝ આ પ્રમાણે જ પઢવામાં આવતી હતી. *(ફતાવા રઝવિય્યહ, ભાગ–૫, નુઝહતુલ કારી, ભાગ–૨)*

**સવાલ ૪૩** : નમાઝની રકાતોમાં ફરક કેમ છે ? બધામાં સરખી રકાતો કેમ રાખવામાં ન આવી ?

**જવાબ ૪૩** : એનું વર્ણન થઈ ગયું કે આગલા નબીઓએ અલગ અલગ રકાતોમાં નમાઝ પઢી હતી તો એમના અનુકરણમાં આપણને એ હુકમ આપવામાં આવ્યો.

**સવાલ ૪૪** : પ્રથમથી જ આ પ્રમાણે રકાતોના ફરક સાથે નમાઝ ફર્ઝ

કરવામાં આવી ?

**જવાબ ૪૪** : પ્રથમ દરેક નમાઝ બે રકાત હતી, અમુક નમાઝોમાં રકાતોનો વધારો બાદમાં કરવામાં આવ્યો. *(મુસ્લિમ શરીફ)*

**સવાલ ૪૫** : એ વધારો ક્યારે થયો ?

**જવાબ ૪૫** : જ્યારે કા'બાને કિબ્લો બનાવવાનો હુકમ આપવામાં આવ્યો ત્યારે ઝોહર, અસર અને ઈશામાં ચાર રકાતો કરવામાં આવી. *(નુઝહતુલ ક઼ારી, ભાગ–૩)*

**સવાલ ૪૬** : મુસાફિર પર ચાર રકાતવાળી ફર્ઝ નમાઝ કસરમાં બે રકાત કેમ ?

**જવાબ ૪૬** : મેઅરાજની સફર પછી નમાઝો બે રકાત હતી તો એ સફરની યાદ અપાવવા મુસાફિર પર ચાર રકાતવાળી કસર તરીકે બે રાખવામાં આવી.

**સવાલ ૪૭** : દરરોજની કેટલી રકાત ફર્ઝ અને કેટલી વાજિબ છે ?

**જવાબ ૪૭** : દરરોજ મુસલમાન આકિ઼લ બાલિગ પર ૧૭ રકાતો ફર્જ અને ત્રણ વાજિબ છે જેને વિત્ર કહેવામાં આવે છે.

**સવાલ ૪૮** : કોઈ દિવસ એવો છે જેમાં સત્તરથી ઓછી ફર્ઝ હોય અને કોઈ દિવસ એવો છે જેમાં ત્રણથી અધિક વાજિબ હોય ?

**જવાબ ૪૮** : જુમ્આના દિવસે જેના પર જુમ્આની નમાઝ છે એના પર દિવસમાં સત્તરની જગાએ પંદર રકાતો ફર્ઝ છે. કારણ કે જુમ્આના દિવસે જુમ્આની બે રકાતો હોય છે. ઈદના દિવસે જેના પર ઈદની નમાઝ છે એના પર બે રકાત ઈદની અને ઈશામાં ત્રણ વિત્રની આમ પાંચ રકાતો વાજિબ છે.

**સવાલ ૪૯** : કોઈ એવો વ્યક્તિ છે જેના પર પંદરથી પણ ઓછી રકાતો ફર્ઝ હોય ?

**જવાબ ૪૯** : મુસાફિર જે શરઈ સફરમાં હોય એટલે ૯૨ કિ.મિ. એક સાથે જવાની નિય્યતે નીકળ્યો હોય એના પર પોતાના વતનથી બહાર થતાંની સાથે કસર નમાઝ લાગુ પડી જાય છે, જેમાં ચાર રકાત ફર્ઝને બે





જ પઢવાની હોય છે. તો આમ મુસાફિર પર દિવસમાં માત્ર અગ્યાર રકાતો ફર્ઝ હોય છે : બે ફજર, બે ઝોહર, ૨ અસર, ત્રણ મગરિબ અને બે ઈશા, ટોટલ અગ્યાર.

**સવાલ ૫૦** : દરરોજની સુન્નતે મુઅક્કિદા કેટલી રકાતો છે ?

**જવાબ ૫૦** : સુન્નતે મુઅક્કિદા દરરોજની બાર રકાતો છે.

**સવાલ ૫૧** : શું એની વિગત બતાવશો ?

**જવાબ ૫૧** : કેમ નહીં ? બે રકાતો ફજરમાં ફર્ઝ પહેલાં, ચાર રકાતો ઝોહરમાં ફર્ઝ પહેલાં અને બે રકાતો ફર્ઝ પછી. બે રકાતો મગરિબમાં ફર્ઝ પછી, બે રકાતો ઈશામાં ફર્ઝ પછી આમ ટોટલ બાર રકાતો થઈ.

**સવાલ ૫૨** : જુમ્આના દિવસે કેટલી રકાતો સુન્નતે મુઅક્કિદા છે ?

**જવાબ ૫૨** : જુમ્આના દિવસે ટોટલ ચૌદ રકાતો સુન્નતે મુઅક્કિદા છે. ઉપરોક્ત ક્રમ પ્રમાણે માત્ર જુમ્આના ફર્ઝ પછી ચાર રકાત છે, તો આ બે રકાતોનો વધારો છે.

**સવાલ ૫૩** : સુન્નતે ગૈર મુઅક્કિદા કેટલી રકાતો છે ?

**જવાબ ૫૩** : આઠ રકાતો છે : ચાર અસરના ફર્ઝ પહેલાં અને ચાર ઈશાના ફર્ઝ પહેલાં, આમ ટોટલ આઠ રકાતો થઈ.

**સવાલ ૫૪** : મુઅક્કિદા ગૈર મુઅક્કિદાનો શો ફરક શું છે ?

**જવાબ ૫૪** : જે કામ હુઝૂર علیہ السلام એ હમેશાં કર્યું હોય, છોડવું જાઈ છે એ પુરવાર કરવા ક્યારે છોડયું હોય અથવા આપે એના કરવાની તાકીદ કરી હોય તો એ સુન્નતે મુઅક્કિદા છે. એને છોડવું ખરાબ છે કરવું સવાબ છે, કોઈ વખત છોડયું હોય તો કહેવામાં આવશે અને છોડવાની આદત બનાવી લેવાથી અઝાબ થશે.

**સુન્નતે ગૈર મુઅક્કિદા** એટલે નબી ﷺ એ કર્યું, સતત કર્યું કે ન કર્યું પણ એના કરવા પર તાકીદ કરવામાં ન આવી. **કરવું સવાબ** અને **ન કરે તો અઝાબ નહીં**, ન એના એ કામ પર ગુસ્સાથી કશું કહેવામાં આવશે. પણ હદીષોમાં એનો જે સવાબ વર્ણન થયો છે એને જાણી લીધા પછી કોઈ વ્યક્તિ એને છોડશે નહીં.

**સવાલ ૫૫** : નમાઝ કેટલા પ્રકારની હોય છે ?

**જવાબ ૫૫** : નમાઝ ફર્ઝ, વાજિબ, સુન્નત, નફ્લ આમ ચાર પ્રકારની હોય છે. જે નમાઝ ફર્ઝ, વાજિબ અને સુન્નતથી હટી અલગ પઢવામાં આવે એ બધી નફ્લમાં જશે.

**સવાલ ૫૬** : અમુક લોકો કહે છે, નફ્લ પણ વાજિબ બને છે એ કેવું ?

**જવાબ ૫૬** : નફ્લના વાજિબ હોવાનો મતલબ છે માણસ નમાઝ શરૂ કરીને તોડી નાખે તો હવે એને ફરીથી પઢવું વાજિબ છે. આમ જ કોઈ માણસે અલ્લાહ માટે નમાઝની અમુક રકાતોની મન્નત માની તો એ મન્નત નમાઝથી પૂરી કરવી વાજિબ છે.

**સવાલ ૫૭** : અમલી ફર્ઝોમાં કયો ફર્ઝ છે ?

**જવાબ ૫૭** : અમલી ફર્ઝોમાં પ્રથમ સ્થાન નમાઝને પ્રાપ્ત છે.

**સવાલ ૫૮** : અમલોમાં નમાઝને ઉત્તમતા કેમ પ્રાપ્ત છે ?

**જવાબ ૫૮** : અલ્લાહ તઆલાએ નમાઝને ઉત્તમ સ્થાન આપ્યું એટલે નમાઝ ઉત્તમ છે. બીજું એ કે નમાઝમાં અલ્લાહ તઆલા તરફ વધારે ધ્યાન આપવાનું હોય એમાં દુનિયાનું કોઈ કામ કરવામાં નથી આવતું, જ્યારે બીજી ઈબાદતોમાં દુનિયાનું કામ થઈ શકે છે. ત્રીજું એ કે નમાઝ અંતરના અને બહારના સઘળા અવયવોથી પઢવામાં આવે છે જ્યારે બીજી ઈબાદતો અમુક અંગોથી. ચોથું એ કે નમાઝ બધા પર ફર્ઝ છે અદા કરવાની રહે છે, જ્યારે બીજા ફર્ઝોની અદાયગીમાં અમુક શરતો હોય છે : ઝકાત માલ પર, હજ્જ માલદાર પર અને રોઝા જે સખત બીમાર અને મુસાફિર ન હોય વગેરે પર. નમાઝ અમીર ગરીબ બધાએ અદા કરવી ફર્ઝ છે. તંદુરસ્ત, બીમાર સર્વ પર અદા કરવી ફર્ઝ છે, ઈશારાથી પઢી શકાય ત્યાં સુધી અદા કરવી જરૂરી છે. પાંચમું એ કે નમાઝ દરરોજ પાંચ વખત ફર્ઝ છે જ્યારે હજ્જ જીવનમાં એક વખત, રોઝા અને ઝકાત વર્ષમાં એક વખત, છઠ્ઠું એ કે નમાઝ ફરિશ્તાઓની ઈબાદતનો સંગ્રહ છે. અમુક ફરિશ્તા કિયામમાં, અમુક રુકૂઅમાં, અમુક સિજદામાં અને આપણને એ બધું ભેગું કરીને આપવામાં આવ્યું. સાતમુ અલ્લાહની મખ્લૂકમાં જેમ કે





ઝાડો ઊભાં છે, પ્રાણીઓ રુકૂઅમાં છે, કીડી મકોડી, જન જનાવર સિજદામાં છે. દેડકો કાએદામાં છે, દરેક પોત પોતાની હાલત અને સ્થિતિમાં અલ્લાહને યાદ કરે છે. એ સઘળી હાલતો ભેગી કરીને આપણને નમાઝની બંદગી આપવામાં આવી. આઠમુ નમાઝ દરરોજનો પાંચ વખતનો ફરીઝો છે. એક નમાઝ પછી બીજી નમાઝની ચિંતા રહે છે એના માટે માણસે આખો દિવસ તૈયાર રહેવું પડે છે તો તૈયારી અને નમાઝની ચિંતા પણ નમાઝ સમાન છે એટલે નમાઝ અમલોમાં અતિ ઉત્તમ છે.

**સવાલ ૫૯** : નમાઝ ક્યારે માફ થઈ શકે છે ?

**જવાબ ૫૯** : બાળકો પર નમાઝ માફ છે, બાલિગ થતાં સુધી. પણ એમને શિખવાડવા માટે હુકમ આપવામાં આવશે. ઔરતને હૈઝ આવે પાક થતાં સુધી નમાઝ નથી પઢી શકાતી. અને એના માટે એ નમાઝો માફીમાં છે. નિફાસવાળી (બાળક પેદા થતાં સ્ત્રીને જે લોહી આવે છે એ નિફાસ છે.) સ્ત્રી પાક થતાં સુધી નમાઝ નહીં પઢે. અને આ અરસામાં છૂટેલી નમાઝો એમના માટે માફીના હુકમમાં છે. પાગલ (ગાંડો) જેની એ સ્થિતિ છ નમાઝો અથવા એનાથી અધિક રહે તો નમાઝ માફ છે, સારો થયા પછી કઝા નહીં કરે.

**સવાલ ૬૦** : આ સિવાય પણ બીજી કોઈ હાલત છે જેમાં નમાઝ માફ થઈ શકે ?

**જવાબ ૬૦** : માણસને કશું વાગવાથી અથવા ગમે તેવી રીતે એવી હાલત થઈ જાય કે એ માથાના ઈશારાથી પણ નમાઝ ન પઢી શકે તો જો આ હાલત છ નમાઝ અથવા એનાથી વધી જાય તો એના માટે નમાઝ માફ છે, એને કઝા નહીં કરવી પડે.

**સવાલ ૬૧** : નમાઝ માટે આ પ્રમાણેના પાંચ વખત કેમ રાખવામાં આવ્યા ?

**જવાબ ૬૧** : રાત ગઈ દિવસ આવ્યો, માણસ ઊંઘીને ઉઠયો. જાણે એ મૌતથી મુક્ત થઈ ફરી જીવંત થયો. એના શુક્રિયામાં ફજરની નમાઝ ફર્ઝ કરવામાં આવી. સવાર દિવસની શરૂઆત છે અલ્લાહ ઈચ્છે છે બંદો મારી ઈબાદતથી પોતાના દિવસનો આરંભ કરે એટલે ફજરની નમાઝનો

હુકમ આપવામાં આવ્યો.

**ઝોહર** : માણસે ચા નાશ્તો કર્યો પોતાનાં કામો કર્યાં. બપોરના ખાવાની વ્યવસ્થા કરી એ બધી નેઅમતોના શુક્રિયામાં ઝોહરની નમાઝ ફર્ઝ કરવામાં આવી. બીજુ એ કે દિવસની સ્થિતિ બપોરે બદલાય છે, તો એ નવો સમય શરૂ થયો, એનો આરંભ અલ્લાહની ઈબાદતથી થાય એટલે ઝોહરની નમાઝ ફર્ઝ કરવામાં આવી.

**અસર** : દિવસની ત્રીજી હાલત છે તો એનો આરંભ અલ્લાહની ઈબાદતથી થાય એટલે અસરની નમાઝ ફર્ઝ કરવામાં આવી.

**મગરિબ** : દિવસનો અંત અને રાતની શરૂઆત, અલ્લાહ તઆલાએ આરામ માટે આપણને રાત આપી તો એનો આરંભ અલ્લાહની ઈબાદતથી થાય એટલે મગરિબની નમાઝ ફર્ઝ કરવામાં આવી.

**ઈશા** : રાતનું અંધારું છવાઈ ગયું હવે આપણે સૂવાની તૈયારી કરીશું, આપણને ખબર નથી કે સવારમાં ઉઠીશું કે પછી એ જ સ્થિતિમાં મૌતને ભેટીશું તો નમાઝનો હુકમ આપવામાં આવ્યો કે ઈશાની નમાઝ પઢી સૂવાની તૈયારી કરીએ. એટલે ઈશા પહેલાં સૂવું મકરૂહ છે અને ઈશા પછી બેકાર વાતોમાં સમય પસાર કરવો પણ મકરૂહ છે.

**સવાલ ૬૨** : શું માણસ વુઝૂ ન કરી શકે એવી સ્થિતિમાં હોય તો એના પર નમાઝ માફ છે ?

**જવાબ ૬૨** : વુઝૂ ન કરી શકે એટલે કે એ બીમાર છે અથવા એને કોઈ અનુભવી ડોકટરે એક સમય માટે પાણીના ઉપયોગથી રોક્યો છે અથવા એવી જગાએ છે જ્યાં પાણી જ નથી તો એણે તયમ્મુમ કરી નમાઝ પઢવી જરૂરી છે ?

**સવાલ ૬૩** : કોઈ માણસને કિબ્લો ખબર નથી તો એ નમાઝ પઢશે ?

**જવાબ ૬૩** : એ એવી જગાએ હોય કે કોઈ કિબ્લો બતાવનાર નથી, મસ્જિદ નથી કે એને કિબ્લાની દિશા ખબર પડે. કંપાસ નથી જેનાથી કિબ્લો ખબર પડે અથવા એને કંપાસના ઉપયોગનું જ્ઞાન નથી એ બધી હાલતોમાં એણે દિલમાં કોઈ એક દિશા કિબ્લા માટે નિયુક્ત કરી એ દિશામાં નમાઝ પઢવી.





**સવાલ ૬૪** : કોઈ માણસ પાસે સતર ઢાંકવા કપડું જ નથી તો કેવી રીતે નમાઝ પઢે ?

**જવાબ ૬૪** : ઝાડનાં પાદડાં, ઘાસચારો, ભીની માટીથી સતર ઢાંકવું.... વગેરે ગમે તેવી રીતે ઢાંકી શકતો હોય ઢાંકી નમાઝ પઢશે.

**સવાલ ૬૫** : કોઈ જ રીત કામ ન આવી શકે તો ?

**જવાબ ૬૫** : એ નગ્ન હાલતમાં બેસીને નમાઝ પઢશે. રુકૂઅ સિજદો ઈશારાથી કરશે પણ નમાઝ ફર્ઝ છે માફ નથી થઈ શકતી.

**સવાલ ૬૬** : કપડું છે પણ રેશમી જે પુરૂષ માટે હરામ છે તો શું કરશો ?

**જવાબ ૬૬** : જો સતર ઢાંકવા બીજાં કંઈ ન હોય તો રેશમીથી ઢાંકી નમાઝ અદા કરશે, માફ નથી થઈ શકતી.

**સવાલ ૬૭** : બસ અથવા ટ્રેનમાં હોય અને એ એના સમયથી ચાલતી હોય છે એ જ્યાં સ્ટોપ કરશે ત્યાં પહોંચતા પહેલાં નમાઝ કઝા થઈ જશે તો શું કરવું ?

**જવાબ ૬૭** : જે રીતે પણ શક્ય હોય ચાલુ બસ અને ટ્રેનમાં નમાઝ અદા કરી લેવી પછી એ નમાઝ ફરીથી પઢવી.

**સવાલ ૬૮** : એટલી ભીડ છે કે હલન ચલન પણ ન થઈ શકે તો ?

**જવાબ ૬૮** : ઈશારાથી જે સ્થિતિમાં હોય પઢી લેવી, પછી એ નમાઝ ફરીથી પઢવી.

**સવાલ ૬૯** : વુઝૂ માટે પાણી ન હોય અને કશું એવું નથી કે તયમ્મુમ કરી શકે તો શું કરવું ?

**જવાબ ૬૯** : પથ્થરનો નાનો ટુકડો અથવા કપડામાં થોડી ધૂળ સાથે રાખવી, મજબૂરીમાં એના પર હાથ રાખી તયમ્મુમ કરી લેવું, જેને નમાઝનો ખયાલ છે અને સફરમાં આપણે ખાવા પીવા પેટ ભરીને સામાન લઈએ છીએ તો આ પણ યાદ રાખવું જોઈએ.

**સવાલ ૭૦** : કોઈ માણસ દરિયામાં અથવા નદીમાં ડૂબી રહ્યો છે એ સ્થિતિમાં એને કોઈ લાકડુ એવું મળ્યું કે એના પર સવાર થઈ ગયો, હવે

ઈશારાથી નમાઝ શકે છે તો પઢવી જરૂરી છે ?

**જવાબ ૭૦** : હા, ઈશારાથી નમાઝ શક્ય હોય અને એ પોતાનું રક્ષણ પણ શકતો હોય તો નમાઝ ફર્ઝ છે, કઝા નથી કરી શકતો.

**સવાલ ૭૧** : કોઈ ઔરતને બાળક પેદા થવાની તૈયારી છે અને ઘણી જ તકલીફમાં છે નમાઝનો સમય જઈ રહ્યો છે એને શું કરવું ?

**જવાબ ૭૧** : તેણી એ સ્થિતિમાં ઈશારાથી નમાઝ પઢી શકે છે તો પઢવી જરૂરી છે.

**સવાલ ૭૨** : એ વુઝૂ માટે ઉઠી નથી શકતી તો ?

**જવાબ ૭૨** : તયમ્મુમ કરીને નમાઝ ઈશારાથી પઢી લે, કઝાની રજા નથી મળી શકતી.

**સવાલ ૭૩** : શું એ ન પઢે તો ગુનેહગાર થશે ?

**જવાબ ૭૩** : ઈશારાથી પણ નમાઝ શક્ય હોય અને ન પઢી અને કઝા થવા દે તો જરૂરથી ગુનેહગાર છે.

**સવાલ ૭૪** : કોઈ માણસ ફજરમાં એવા સમયે ઉઠયો કે ગુસ્લ ફર્ઝ હોય તો ગુસ્લ ન કરી શકે અને વુઝૂ કરવાનો પણ સમય નથી નમાઝ કઝા થવાની નજીક છે તો શું કરે ?

**જવાબ ૭૪** : તયમ્મુમ કરી જેટલી જલ્દી બની શકે નમાઝ પઢી લે અને પછી વુઝૂ અથવા ગુસ્લથી એ નમાઝ ફરીથી પઢે.

**સવાલ ૭૫** : કોઈ માણસ ઉઠવા માટે દરેક પ્રકારનો બંદોબસ્ત કરીને સૂતો પણ ઉઠી ન શક્યો અને નમાઝ કઝા થઈ તો ગુનેહગાર છે ?

**જવાબ ૭૫** : એણે વ્યવસથા કરી અને પછી ન ઉઠી શક્યો તો એ કઝામાં એના ઈરાદાને કંઈ દખલ નથી એટલે ગુનેહગાર નહીં ઠરે.

**સવાલ ૭૬** : કોઈ માણસે નમાઝ શરૂ કરી અને વિના શરઈ કારણે તોડી નાખી એનો શું હુકમ છે ?

**જવાબ ૭૬** : એ કાફિર તો નથી થઈ જતો પણ મહાન ગુનાહનું કામ કર્યું છે, એણે નમાઝ દોહરાવી રડી રડીને તૌબા કરવી જોઈએ.





**સવાલ ૭૭** : અમુક પીર લોકો પોતાની વસ્તીમાં મસ્જિદની પાસે રહેવા છતાં મસ્જિદમાં નમાઝ માટે નથી આવતા, એમના માટે શું હુકમ છે ?

**જવાબ ૭૭** : જમાઅત વાજિબ છે, જો એ મુસાફર નથી અને પોતાની વસ્તીમાં મસ્જિદ નજીક હોવા છતાં હાજરી ન આપે તો ફાસિક઼ છે.

**સવાલ ૭૮** : કોઈએ એની બયઅત કરી હોય તો એ બાકી રહેશે ?

**જવાબ ૭૮** : જમાઅત જાણી જોઈને છોડવી જાહેર ગુનોહ છે અને જાહેર ગુનોહ કરનાર ફાસિકે મુઅલ્લિન છે. પીર બનાવવાની જે શરતો છે એનું અહીં ઉલ્લંઘન થઈ રહ્યું છે એટલે પીર બનાવવામાં નહીં આવે અને કોઈએ એવા વ્યક્તિને પીર બનાવ્યો હોય તો બયઅત તોડી નાખશે.

**સવાલ ૭૯** : એક ભાઈ કહે છે હું એક પીર સાહબની સભામાં ગયો કલ્મા શરીફનો ઝિક્ર થતો હતો. બે નમાઝો ગઈ પણ કોઈએ નમાઝ ન પઢી. પીર સાહબને સવાલ કર્યો તો કહ્યું, અફઝલ ઝિક્ર કલ્મા શરીફનો છે ! આપણે ઝિક્રમાં હતા એટલે કંઈ વાંધો નથી. તો આ કહેવું કેવું ?

**જવાબ ૭૯** : નમાઝ સમયસર ફર્ઝ છે, નફ્લ ઝિક્રને લઈને ફર્ઝ નમાઝ છોડવી સખત ગુનાહનું કામ છે, પીર સાહબે તૌબા કરવી જરૂરી છે. જો તૌબા કરવા તૈયાર ન થાય તો એ ગુમરાહ છે એનાથી અલગ થવું જરૂરી છે.

**સવાલ ૮૦** : એક ભાઈ કહે છે નમાઝ અલ્લાહને યાદ કરવા માટે છે પણ જે પળ પળ અલ્લાહને યાદ રાખતા હોય એને નમાઝની શી જરૂરત ?

**જવાબ ૮૦** : ઈબાદત અને બંદગી અલ્લાહને યાદ માટે છે પણ જે ઈબાદતો અલ્લાહે ફર્ઝ કરી એને છોડી બીજી રીતે અલ્લાહની યાદ અલ્લાહના હુકમ વિરુધ્ધ પોતાની મનેચ્છા ચલાવવું છે. જો એ કારણસર નમાઝની ફર્ઝિયતને પોતાના માટે ઈન્કાર કરી રહ્યો હોય તો કાફિર છે.

**સવાલ ૮૧** : એક માણસે કહ્યું કે ઈબાદતો અલ્લાહથી નિકટ થવા માટે છે. મારા પીરે મને કહ્યું, તું અલ્લાહથી મારા થકી નિકટ થઈ ગયો તો નમાઝની ક્યાં જરૂરત રહી ! એના માટે શું હુકમ છે ?

**જવાબ ૮૧** : પોતાના માટે નમાઝની ફર્ઝિયતનો ઈન્કાર કરનાર કાફિર છે.

**સવાલ ૮૨** : એક ભાઈ નમાઝ ન પઢતો હતો એને નમાઝનું કહેવામાં આવ્યું તો અણે જવાબ આપ્યો, મારા પીરે મને કહ્યું કે ઝિક્ર કર્યા કર, નમાઝની જરૂરત નથી. તો શું હુકમ છે ?

**જવાબ ૮૨** : પીરે એના માટે નમાઝની જરૂરતનો ઈન્કાર કર્યો જેથી કાફિર છે અને આ વ્યક્તિ પીરની વાત પર ભરોસો કરી જરૂરતે દીનને પોતાના માટે ઈન્કારી બન્યો એટલે એ પણ કાફિર છે.

**સવાલ ૮૩** : એક પીર સાહબ મજઝૂબ નથી સારી હાલતમાં છે, બધાંને મળે છે, એમના ઘરે દા'વતમાં જાય છે. વાતચીત કરે છે પણ નમાઝ નથી પઢતા અને કહે છે અમે તો મસ્તાન છીએ ! એનો શું હુકમ છે ?

**જવાબ ૮૩** : એ માણસ છેલ્લી કક્ષાનો ફાસિક઼ અને ગુમરાહ છે એનાથી હટવું જરૂરી છે.

**સવાલ ૮૪** : એક પીર સાહબ નમાઝ માટે નથી આવતા અને ઘરે પણ નમાઝ પઢતાં નથી જોવાતા. મુરીદો એમને આમ ઢાંકે છે કે અમારા પીર પહોંચેલી હસ્તી છે એમની નમાઝ મક્કા અને મદીનામાં થાય છે. તો આ કેવું ?

**જવાબ ૮૪** : માણસ જ્યાં હોય ત્યાં જ નમાઝ પઢવી જરૂરી છે અને મસ્જિદ નજીક હોય તો જમાઅતથી પઢવી પણ વાજિબ છે. નમાઝ ન પઢવાથી એ પીર અંતિમ કક્ષાનો ફાસિક઼ છે અને મુરીદો ખોટી રીતે પીરને ઢાંકવાને લઈને ફાસિક઼ જો તૌબા ન કરે તો ગુમરાહ છે, એમનાથી અલગ થવું જરૂરી છે.

**સવાલ ૮૫** : એક ભાઈ કહે છે કે મારા પીર સાહબે કહ્યું, "નમાઝ મદીના તરફ મોઢું કરીને પણ પઢી શકાય છે ! નબી તો કા'બાના પણ કા'બા છે." તો આ કહેવું કેવું ?

**જવાબ ૮૫** : નબી મર્તબામાં ભલે કા'બાથી વધીને છે પણ એનો મતલબ એ નહીં કે એ તરફ મોઢું કરવામાં આવે. એવું કહેનાર ગુમરાહ





બદ્દીન છે એણે તૌબા કરવી જરૂરી છે. જેણે પીરના કહેવા પર એ તરફ નમાઝ પઢી તો ન થઈ, તૌબા અને ક઼ઝા જરૂરી છે.

**સવાલ ૮૬** : એક મોટા પીર સાહબને પૂછવામાં આવ્યું, તમે મસ્જિદમાં નમાઝ માટે કેમ નથી આવતા ? તો કહ્યું, હું મૌલ્વી પાછળ નમાઝ પઢું તો મૌલ્વીને એવું લાગશે કે એ મારાથી મોટો છે. તો શું આ કારણ જમાઅત છોડવા માટે ચાલી શકે છે ?

**જવાબ ૮૬** : આ કારણે નમાઝ છોડવી જાઈઝ નથી, એ પીર અભિમાની છે. જમાઅત છોડવાથી ફાસિક઼ છે, એને પોતાની મોટાઈની એટલી જ ચિંતા છે તો પછી પોતે ઈમામત શરૂ કરી આપે.

**સવાલ ૮૭** : એક પીર સાહબને એમના મુરીદે નમાઝ વિશે ટકોર કરી તો એમણે કહ્યું, મુરીદે પીરને કંઈ જ કહેવાનો અધિકાર નથી, હું તમને માર્ગ બતાવું, તમારે મને માર્ગ બતાવવાની જરૂરત નથી. તો આ જવાબ કેવો ?

**જવાબ ૮૭** : પીરને પીર તરીકે ત્યારે જ ક઼બૂલી શકાય જ્યારે એ શરીઅતનો પૂરો પાબંદ હોય. **જ્યારે એનો અમલ એવો છે કે મુરીદે ટકોર કરવી પડે ! તો એ પીર શાનો ! દીનની જરૂરી વાત હોય તો મુરીદ પણ પીરને કહી શકે છે.**

**સવાલ ૮૮** : એક પીર સાહબ કહે છે, નમાઝ શરીઅત સંબંધિત છે અને અમે તરીક઼ત અને મારેફતવાળા છીએ ! નમાઝ અમારા માર્ગમાં લાવી પકડ કરવી બેકાર છે. તો આ જવાબ કેવો ?

**જવાબ ૮૮** : અક્ક઼લ અને હોશ રાખીને કોઈને શરીઅતથી હટવાની રજા નથી. જે શરીઅતથી તરીક઼ત અને મારેફતને વિરુધ્ધ સમજે છે તે ગુમરાહ, બદ્દીન છે. એ અલ્લાહની મારેફતવાળો પીર નથી પણ શૈતાની ઓળખવાળો પીર છે ! જો એ પોતાના માટે નમાઝને ફર્ઝ ન માનતો હોય અથવા કોઈ મારેફતવાળા માટે નમાઝને ફર્ઝ ન માનતો હોય તો એ કાફિર, ઈસ્લામના વર્તુળથી બહાર છે.

**સવાલ ૮૯** : એક પીર સાહબને કહેવામાં આવ્યું કે ફલાણા ફલાણા બુઝુર્ગ જ્યારે આવે છે તો મસ્જિદમાં નમાઝ માટે આવે છે અને આપ આ

વસ્તીમાં રહી નમાઝ માટે નથી આવતા ?! તો કહ્યું, એ બધાં રિયાકાર મક્કાર હશે અને હું રિયાકાર અને મક્કાર નથી. તો આ જવાબ કેવો ?

**જવાબ ૮૯** : મુસાફરે પણ જો સમય હોય તો મસ્જિદમાં નમાઝ માટે હાજરી આપવી જોઈએ, અને વસ્તીમાં રહેનાર માટે ફર્ઝ નમાઝમાં જમાઅત માટે મસ્જિદમાં હાજરી આપવી જરૂરી અને વાજિબ છે, એનો ઈન્કાર કરનાર ગુમરાહ છે. અને જમાઅતથી નમાઝ માટે આવનારને મક્કાર અને રિયાકાર કહેનાર અંતિમ કક્ષાનો ગુનેહગાર છે. એ મુસલમાનો પર નેક અને વાજિબ કામ કરવા પર રિયાના ગુનાહની તોહમત અને આક્ષેપ લગાડી રહ્યો છે, એના પર માફી અને તૌબા જરૂરી છે. જો એ આમ કરવા તૈયાર ન થાય તો એનાથી અલગ થવું જરૂરી છે.

**સવાલ ૯૦** : એક પીર સાહબ મસ્જિદમાં નમાઝ માટે નથી આવતા પણ દા'વત ખાવા લોકોના ઘરે જાય છે, અમુક લોકો પીર સાહબની વાતો કરે છે તો એમના શુભેચ્છકો કહે છે કે તમે ગીબત કરો છો. તો શું આ ગીબત છે ?

**જવાબ ૯૦** : વસ્તીમાં રહેનાર વ્યક્તિ પાસે શરઈ જમાઅત છોડવાનું કોઈ કારણ ન હોય તો ફર્ઝ નમાઝની જમાઅતમાં હાજરી આપવી વાજિબ છે, હાજરી ન આપે તો એ ફાસિક છે. જમાઅત માટે હાજરી ન આપવી જાહેર ગુનોહ છે અને જાહેર ગુનોહ કરનારની વાત ગીબત નથી.

**સવાલ ૯૧** : એક પીર સાહબ મસ્જિદમાં નથી આવતા. કહેવામાં આવ્યું તો કહે છે કે હું મારા ઘરમાં ઘરવાળાં સાથે એ જમાઅત કરાવી આપી છું, આ જવાબ કેવો ?

**જવાબ ૯૧** : મસ્જિદમાં હાજરી ફર્ઝ નમાઝની જમાઅત માટે જરૂરી છે. વિના શરઈ કારણે એને છોડી નથી શકતા. પીર સાહબનો જવાબ ખોટો છે. ઘરની જમાઅત પીર સાહબને ફાસિક઼ થવાથી બચાવી નથી શકતી.

**સવાલ ૯૨** :એક પીર સાહબ આવ્યા જેમની દાઢી મુટ્ઠીભર ન હતી. મુરીદોએ એમને નમાઝની દા'વત આપી અને એમણે નમાઝ પઢાવી, તો શું એમની ઈમામત દુરૂસ્ત છે ?

**જવાબ ૯૨** : દાઢી એક મુટ્ઠીથી ઓછી કરનાર શરીઅતના વર્તુળમાં





ફાસિક઼ છે એની પાછળ પઢેલી નમાઝ મકરૂહે તહેરીમી છે, ફરીથી એ નમાઝ પઢવી જરૂરી છે.

**સવાલ ૯૩** : પીર સાહબ પોતાની વસ્તીમાં ફર્ઝ નમાઝ મસ્જિદમાં આવી જમાઅતથી નથી પઢતા પણ જ્યારે તેઓ બહાર ગામ જાય છે તો લોકો એમને નમાઝ પઢાવવાની દા'વત આપે છે, તો તેઓ એમની પાછળ નમાઝ પઢે છે. તો આ ઈમામત કેવી ?

**જવાબ ૯૩** : જેણે જમાઅત છોડવાની આદત બનાવી એ ફાસિક઼ છે એને ઈમામ બનવાનો હક્ક઼ નથી. પબ્લિકને ખબર હોય તો નમાઝ ફરીથી પઢી લેવી જોઈએ.

**સવાલ ૯૪** : પીર સાહબ એકથી અધિક વીંટીઓ પહેરે છે અને ના કહેવા પર માનતા નથી અને મુરીદોને ક્યારેક નમાઝ પઢાવે છે. તો એનો શું હુકમ છે ?

**જવાબ ૯૪** : ચાંદીની એક વીંટીની રજા છે એનાથી અધિક પુરૂષ માટે જાઈઝ નથી, એ નમાઝ જે એ પીર સાહબ પાછળ પઢવામાં આવી ફરીથી પઢી લેવામાં આવે.

**સવાલ ૯૫** : અમારા ત્યાં પીર સાહબ આવે છે, બયાન કરે છે, અઝાન થાય એટલે પીર સાહબ જ્યાં ક઼િયામ હોય ત્યાં ચાલ્યા જાય છે અને ત્યાં જ નમાઝ પઢી લે છે. તો એ કેવું ?

**જવાબ ૯૫** : અઝાન પછી મસ્જિદ છોડી ચાલ્યા જનારને હદીષમાં મુનાફિક઼ કહેવામાં આવ્યું છે. મસ્જિદમાંથી નીકળવા શરઈ કારણ હોય તો બતાવી જઈ શકે છે, નહીં તો જવાની રજા નથી. એવા જ લોકોએ માહોલ ખરાબ કર્યો અને એવા લોકોના દાખલા આપીને દેવબંદીઓ કામયાબ બની રહ્યા છે.

**સવાલ ૯૬** : એ કયા કારણો જેને લઈને અઝાન પછી મસ્જિદથી બહાર જઈ શકે છે ?

**જવાબ ૯૬** : એ બીજી મસ્જિદનો ઈમામ હોય અને એને ત્યાં નમાઝ પઢાવવાની હોય એ તથા જે વ્યક્તિ બહાર નીકળે પણ જમાઅત

પહેલાં પરત આવી જશે, તથા જેણે જમાઅત પહેલાં નમાઝ પઢી લીધી તો ફજર, અસર અને મગરિબમાં જઈ શકે છે કે એ નમાઝો પછી નફ્લ નથી એટલે નફ્લની નિય્યતે નમાઝમાં શરીક નથી થઈ શકતા. ઝોહર અને ઈશામાં નમાઝ પઢી લીધી હોય તો નફ્લની નિય્યતે શરીક થશે, નીકળવાની રજા નથી. આ છે શરઈ કારણો.

**સવાલ ૯૭** : અમારા ત્યાં એક પીર સાહબ આવે છે તે મસ્જિદે નમાઝ માટે નથી આવતા પણ બયાન માટે આવે છે. એમને નમાઝનું કહેવામાં આવે છે તો કહે છે, હું મુસાફર છું જેથી મારા પર જમાઅત વાજિબ નથી. તો એનો શું હુકમ છે ?

**જવાબ ૯૭** : મુસાફરે જમાઅતથી નમાઝ પઢવું હરામ નથી બલ્કે સુન્નત છે. મસ્જિદમાં બયાન કરવા આવી શકાય તો નમાઝ માટે આવવામાં શું કાંટા વાગે છે ?! મોટા લોકોની મસ્જિદની હાજરીથી માહોલ સુધરે છે અને લોકોમાં નમાઝનો શોખ પેદા થાય છે.

**સવાલ ૯૮** : એક મુરીદને નમાઝનું કહેવામાં આવ્યું તો એણે જવાબ આપ્યો, નમાઝ અને બીજી ઈબાદતોનો હુકમ એટલા માટે છે કોઈ હસ્તી મળી જાય, અને અમને હસ્તી મળી ગઈ ! હવે એની જરૂર ક્યાં રહી ?! તો એના માટે શું હુકમ છે ?

**જવાબ ૯૮** : નમાઝ અને બીજી ફર્ઝ ઈબાદતોનો ઈન્કાર કરવાથી એ કાફિર થઈ ગયો, એણે ફરીથી ઈસ્લામ સ્વીકારવો અને ફરીથી નિકાહ કરવો જરૂરી છે.

**સવાલ ૯૯** : એક ભાઈને એના દોસ્તે કહ્યું, નમાઝ પઢવા ચાલ, એણે જવાબ આપ્યો કે તારા ખુદાએ તને કહ્યું તો તું પઢ ! મારા ખુદાએ મને નથી કહ્યું જેથી હું આરામ કરું છું ! તો એના માટે શું હુકમ છે ?

**જવાબ ૯૯** : અલ્લાહ તઆલાએ દરેક આકિલ, બાલિગ મુસલમાન પર નમાઝ ફર્ઝ કરી અને ફર્ઝિયતનો ઈન્કાર કુફ્ર છે. એણે કહ્યું, મારા ખુદાએ મને નથી કહ્યું, એ સ્પષ્ટ શબ્દોમાં નમાઝનો ઈન્કાર છે જેથી એ કાફિર થઈ ગયો.

**સવાલ ૧૦૦** : એક ભાઈએ કહ્યું કે અમારા ઈમામ સાહબ જે





નમાઝમાં એમની ડયૂટી હોય છે આવે છે તેમાં અને જેમાં ડયૂટી નથી હોતી નથી આવતા. એમના માટે શું હુકમ છે ?

**જવાબ ૧૦૦** : ત્યાં સુન્નીની બીજી મસ્જિદ હોય અને તેઓ ત્યાં જતા હોય તો કંઈ વાંધો નથી. જે મસ્જિદમાં નમાઝ પઢાવતા હોય ત્યાં જ આવવું જરૂરી નથી. હા, જો તેઓ પોતાની જવાબદારીની નમાઝ પઢાવે અને બીજી નમાઝોમાં કોઈ શરઈ કારણ વગર જમાઅત છોડી આપે તો ફાસિક્ છે.

**સવાલ ૧૦૧** : એક ભાઈએ બીજાને કહ્યું કે નમાઝ પઢવા ચાલો ! એણે જવાબ આપ્યો અલ્લાહ તઆલાએ નવારા લોકોને નમાઝ આપી છે, અમને નહીં ! તો એનો શું હુકમ છે ?

**જવાબ ૧૦૧** : આનો સ્પષ્ટ મતલબ છે કે નમાઝ એને નથી આપવામાં આવી. આ પોતાના માટે નમાઝની ફર્ઝિયતનો અસ્વીકાર છે જેથી એ કાફિર થઈ ગયો. એની પત્ની પણ એના નિકાહથી નીકળી ગઈ.

**સવાલ ૧૦૨** : એક ભાઈને નમાઝનું કહેવામાં આવ્યું તો એણે જવાબ આપ્યો, તમો પઢો અમે તો નમાઝ વગર જન્નતમાં જવાના છે ! તો આનો શું હુકમ છે ?

**જવાબ ૧૦૨** : દરેક ઈમાનવાળાને અલ્લાહ ગમે ત્યારે જન્નત આપશે અને હમેશાં દોઝખમાં રાખવામાં નહીં આવે. પરંતુ એણે નમાઝ છોડવાનું કારણ જે બતાવ્યું તદ્દન ખોટું છે, નમાઝ ફર્ઝ છે સમયસર અદા કરવી જરૂરી છે. એ નમાઝ ન પઢવાને લઈને અંતિમ કક્ષાનો ફાસિક્ છે, એવાથી સંબંધ ન રાખવામાં આવે.

**સવાલ ૧૦૩** : અમારા ઈમામ સાહબ છે એમના બધા દોસ્તો બેનમાઝી છે તો ઈમામ સાહબ માટે શું હુકમ છે ?

**જવાબ ૧૦૩** : જો એમની નિય્યત હોય કે દોસ્તી કરી એમને સુધારશે તો એમને એ વાતની રજા છે. અને એ નિય્યત ન હોય તો એમનો આ અમલ ખોટો છે, ઈસ્લામી તા'લીમ છે કે બેનમાઝીથી સંબંધ ન રાખવામાં આવે. એમણે સારા લોકો સાથે રહેવું જોઈએ.

**सवाल १०४** : अमारा ईमाम साहब अमुक वखत फजरमां नथी आवता एमना माटे शुं हुकम छे ?

**जवाब १०४** : जो तेओ जाणी जोईने न आवता होय तो फ़ासिक़ छे, पण जो उठी न शकवाथी आम थयुं होय तो वांधो नथी. एमणे उठवा माटे संपूर्ण बंदोबस्त करवो जोईए.

**सवाल १०५** : अमारा ईमाम साहब मस्जिद पासे रहे छे. शनि, रविनी छूट्टी राखे छे अने ए दिवसोमां घरे रहेवा छतां मस्जिदमां नथी आवता. तो एमना माटे शुं हुकम छे ?

**जवाब १०५** : छूट्टीनो मतलब एटलो छे के तेओ ईमामत न करे पण घरमां नमाज़नी रजा नथी ! जो तेओ वास्तवमां आम करता होय तो तेओ फ़ासिक़ छे, तौबा न करी ले तो ईमामतना लायक नथी.

**सवाल १०६** : अमारा ईमाम साहब अक़ीदामां गोळ गोळ वातो करे छे एमनी ईमामतनो शुं हुकम छे ?

**जवाब १०६** : ईमामतमां सत्य अक़ीदो जरूरी छे अने पूछवामां आवे तो स्पष्ट शब्दोमां एने जाहेर करवुं जरूरी छे, अक़ीदामां गोळ गोळ वातो करनार पोताना मामलामां शंकास्पद छे, एने ईमाम बनावो जाईज़ नथी.

**सवाल १०७** : एक भाई आलिम नथी दीननो शोख राखे छे, किताबोनुं वेचाण करे छे. मस्जिदमां अमुक वखत बयान माटे पण उभा थाय छे, परंतु एनां बाळको जमाअती लोकोना मदरसामां पढे छे. एना माटे शुं हुकम छे ?

**जवाब १०७** : सुन्नीनी मस्जिदमां वास्तविक सुन्नी सिवाय बीजा कोईने बयाननो हक़्क़ नथी. ज्यारे एना बाळको जमाअतीमां पढे छे तो एने जमाअतीथी दिली कोई विवाद नथी अथवा ए विवादने कोई महत्व आपतो नथी. ए पोते गुमराह बद्दीन छे ए तौबा करी बाळकोने त्यांथी न हटावे तो एने मस्जिदमां कोई स्थान आपवामां न आवे.

**सवाल १०८** : अमारा ईमाम साहब वात वातमां जूठु बोले छे,





अमे केटली वखत पकड करी पण तेओ पोतानी आदत सुधारता नथी. एमनी ईमामतनो शुं हुकम छे ?

**जवाब १०८** : वारंवार जूठु बोलवाथी ए माणस कज़्ज़ाब छे, ए तौबा करी पोतानी हालत न सुधारे तो एनी पाछळ नमाज़ न पढवामां आवे.

**सवाल १०९** : अमारा ईमाम साहब कहे छे देवबंदी अने सुन्नी कोई एटलो मोटो तफ़ावत नथी एटले एमने खराब समजवामां न आवे. तो एमनी ईमामतनो शुं हुकम छे ?

**जवाब १०९** : आ विवाद नानो नथी कुफ़्र अने ईमाननो विवाद छे, एने सामान्य कहेनार सुन्नीओने गुमराह करवा चाहे छे एने ईमामतमां राखवामां न आवे.

**सवाल ११०** : अमारा ईमाम साहब टोकीज़मां जतां घणी वखत पकडाया पण तेओ ईन्कार करे छे अने घणा लोकोए एमने जोया तेओ कहे छे के अमे अमारी आंखोए जोया. एमनी ईमामतनो शुं हुकम छे ?

**जवाब ११०** : तेओ फ़ासिक़ छे, तौबा करी पोतानी हालत न सुधारे तो ईमामतमां राखवामां न आवे.

**सवाल १११** : अमारा ईमाम साहब नमाज़मां पगनी आंगळीओ दबावीने नथी राखता. एमने मस्अलो बताववामां आव्यो तो मानवा तैयार नथी अने कहे छे के ए जरूरी नथी ! तो एमनी ईमामत जाईज़ छे ?

**जवाब १११** : सिजदामां दरेक पगनी एक आंगळीनुं पेट जमीनथी दबावीने राखवी फ़र्ज़ छे अने ए रीते त्रण त्रण आंगळीओ क़िब्ला तरफ़ करवी वाजिब छे. ईमामे नमाज़ना जरूरी मसाईल जाणवा जरूरी छे, जो आ वात पर अमल करवा न मांगे तो ईमामतमांथी हटावी देवामां आवे.

**सवाल ११२** : अमारा ईमाम साहबनी औरत पर्दो नथी करती सामान्य औरतो माफ़क फरे छे. ईमाम साहबने कह्युं तो कहे छे, हुं वारंवार कहुं छुं पण ए मानती नथी, हवे हुं शुं करुं ? शुं आवा व्यक्तिने ईमाम बनावी शकाय छे ?

**जवाब ११२** : ईमाम साहबे जवाब आप्यो के हुं वारंवार कही

ચૂક્યો તો પણ એ માનવા તૈયાર નથી તો ઈમામ સાહબ મા'ઝૂર છે. ઈમામતમાં કાંઈ ફરક આવશે નહીં એ ગુનાહની જવાબદાર પત્ની છે.

**સવાલ ૧૧૩ :** અમારા ઈમામ સાહબને લકવા મારવાથી ક઼િરાઅતમાં શબ્દો તજવીદના ક઼ાયદા પ્રમાણે અદા થતા નથી તો એમની ઈમામત જાઈઝ છે ?

**જવાબ ૧૧૩ :** મખરજ વ્યવસ્થિત અદા ન થતા હોય તો એમની ઈમામત જાઈઝ નથી, એ મા'ઝૂર છે એમની જેવા લોકોની એમની પાછળ નમાઝ થઈ જશે.

**સવાલ ૧૧૪ :** અમારા ઈમામ સાહબ ક઼વ્વાલીની સભામાં હાજરી આપે છે અને મ્યુઝિક સાથે ક઼વ્વાલી સાંભળે છે, તેઓને મના કરવામાં આવે છે માનવા તૈયાર નથી, એમની ઈમામતનો શું હુકમ છે ?

**જવાબ ૧૧૪ :** મ્યુઝિક સાથે કવ્વાલી ઈસ્લામમાં હરામ છે એના હરામ હોવા પર ઉલમાએ અહલે સુન્નતની એકમતિ છે. જો ઈમામ એ કામથી તૌબા કરવા ન માંગે તો એને ઈમામતમાંથી હટાવી દેવામાં આવે.

**સવાલ ૧૧૫ :** અમારા ઈમામ સાહબ દીનદાર પરહેઝગાર છે પણ તેઓ શાદી નથી કરતા તો એમની ઈમામત દુરૂસ્ત છે ?

**જવાબ ૧૧૫ :** બીજી કોઈ શરઈ ખરાબી ન હોય તો એમની ઈમામત જાઈઝ છે.

**સવાલ ૧૧૬ :** અમારી મસ્જિદનો ક઼ાયદો છે કે ઈમામ પાસે મકાન ન હોય તો મકાન આપવું, અમે એ પ્રમાણે જ કરીએ છીએ. ઈમામ સાહબે એમનું મકાન બનાવી લીધું પણ તેઓ મસ્જિદનું મકાન પરત આપવા તૈયાર નથી તો શું હુકમ છે ?

**જવાબ ૧૧૬ :** જ્યારે મસ્જિદનો ક઼ાયદો જ છે તો પછી ઈમામે પોતાની હઠ પર રહેવું ખોટું છે. એમણે જલ્દીથી મસ્જિદને પરત કરી આપવું જોઈએ. આમ ન કરે તો મસ્જિદ કમિટી ગમે તે કારવાઈ કરી પરત લઈ શકે છે.

**સવાલ ૧૧૭ :** અમારા ઈમામ સાહબ સૈયદ નથી ગામના જૂના લોકોની યક઼ીની ખબર છે કે તેઓ સૈયદ નથી પણ તેઓ પોતાને સૈયદ કહે





છે અને લખે છે, તો શું એમની ઈમામત જાઈઝ છે ?

**જવાબ ૧૧૭ :** પોતાને ગૈર બાપ તરફ સંબધિત કરવું હરામ છે, જે એ વાસ્તવમાં સૈયદ નથી તો પણ પોતાને સૈયદ કહે છે અને લખે છે તો હરામ કરવાને લઈને એ ફ઼ાસિક઼े મુઅલિન છે, એની ઈમામત જાઈઝ નથી.

**સવાલ ૧૧૮ :** અમારા ત્યાં એક આલિમ છે એમની મસ્જિદ કમિટી સાથે બનતી નથી એટલે એમણે કોઈ ભાઈનું ઘર લઈને ત્યાં નમાઝ ચાલુ કરી અને આ વાસ્તવિક મસ્જિદના નમાઝીઓને તોડી રહ્યો છે, એની પાછળ નમાઝનો શું હુકમ છે ?

**જવાબ ૧૧૮ :** એ ઘરને મસ્જિદની નિય્યત કરી મસ્જિદ બનાવી દેવામાં આવી તો વાંધો નથી, જો એવું ન હોય તો કમિટીને લઈને મસ્જિદના નમાઝીઓને તોડી મસ્જિદને વેરાન કરવાની કોશિશ કરવાવાળો ફ઼ાસિક઼ છે એને ઈમામ નથી બનાવી શકતા.

મારા પ્યારા આક઼ા ﷺના પ્યારા દીવાનાઓ અને દીવાનીઓ ! નમાઝ સંબંધિત આ જરૂરી મસાઈલ હતા જેના પર પ્રકાશ નાખવું જરૂરી હતું તો એ તમારી સેવામાં તોહફ઼ો બનાવીને રાખી દેવામાં આવ્યું. દીનમાં વ્યવસ્થિત બનવા અને માહોલ સુધારવા એના પર અમલ કરવો જરૂરી છે. અલ્લાહ તઆલા આપણને સર્વને અમલની તૌફ઼ીક઼ અતા ફ઼ર્માવે. આમીન બિજાહિ સૈયિદુલ મુરસલીન.

જે મસાઈલનું વર્ણન થયું એનો આધાર જે ક઼ાયદા પર છે એનું અહીં વર્ણન કરીએ છીએ :–

**★ ક઼ાયદા : ૧ ★**

هٰذِهِ الصَّلَوَاتُ تَفَرَّقَتْ فِیْ الْاَنْبِیَآءِ وَ جُمِعَتْ فِیْ هٰذِهِ الْاُمَّةِ [حلية]

"આ પાંચ નમાઝો આગલા નબીઓમાં અલગ અલગ હતી એને આ ઉમ્મતમાં ભેગી કરી દેવામાં આવી." *(હિલ્યા)*

**★ ક઼ાયદા : ૨ ★**

لَمْ یَجْتَمِعْ لِاَحَدٍ غَیْرِهِمْ مِنَ الْاَنْبِیَآءِ وَالْاُمَمِ [شرح مواهب]

[فتاویٰ رضویة ج ۲ ص ۱۹٤]

"આગલા નબીઓ અને ઉમ્મતોમાંથી કોઈના માટે એકત્ર ન થઈ." *(શરહે મવાહિબ)* (આ બંને પુરાવા ફતાવા રઝવિય્યહ્‌માં છે, ભાગ–૨, પેજ–૧૯૪)

**★ ફ઼ાયદા : 3 ★**

عَنْ عَزِيْزَةَ بِنْتِ اَبِىْ تَجْرَاةَ قَالَتْ كَانَتْ قُرَيْشُ لَا تُنْكِرُ صَلَاةَ الضُّحٰى وَكَانَ الْمُسْلِمُوْنَ قَبْلَ اَنْ تُفْرَضَ الصَّلَوَاتُ الْخَمْسِ يُصَلُّوْنَ الضُّحٰى وَالْعَصْرَ وَكَانَ النَّبِىَّ ﷺ اِذَا صَلُّوْا آخِرَ النَّهَارِ تَفَرَّقُوْا فِىْ الشِّعَابِ فَصَلُّوْهَا فُرَادٰى [كنز العمال للمتقى ١ ص ٣٠]

"અઝીઝા બિન્તે અબી તજરાથી રિવાયત છે. ફર્માવ્યું, કુરૈશ ચાશતની નમાઝનો ઈન્કાર ન કરતા અને મુસલમાનો પાંચ વખતની નમાઝો ફર્ઝ થતાં પહેલાં ચાશત અને અસરની નમાઝ પઢતા અને નબી ﷺ પણ. જ્યારે તેઓ દિવસના અંત પર નમાઝ પઢવા ઈચ્છતા તો ઘાટીઓમાં ફેલાય જતા અને એકાંતમાં નમાઝ પઢતાં." *(કન્ઝુલ ઉમ્માલ લિલમુત્તકી, ભાગ–૧, પેજ–૩૦)*

**★ ફ઼ાયદા : ૪ ★**

ملاحظۂ آیات واحادیث سے ظاہر کہ وہ نماز اسی انداز کی تھی اس میں طہارت ثوب بھی تھی تکبیر تحریمہ بھی تھی قرآت بھی تھی رکوع بھی تھا اور سجود بھی جماعت بھی تھی اور جہر بھی [فتاویٰ رضویہ۵ص۸۲]

"આયતો અને હદીષો પર ધ્યાન કરતાં જાહેર છે એ નમાઝ આ જ પ્રમાણે હતી એમાં કપડાંની પાકી પણ હતી, તકબીરે તહરીમા પણ હતી, ક઼િરાઅત પણ હતી, રુકૂઅ પણ હતો અને સિજદો પણ, જમાઅત પણ હતી અને અવાજથી પઢવું પણ." *(ફતાવા રઝવિય્યહ્‌, ભાગ–૫, પેજ–૮૨)*

**★ ફ઼ાયદા : ૫ ★**

عَنْ اَبِىْ رَافِعٍ قَالَ صَلىَّ النَّبِىُّ ﷺ غَدَاةَ الْاِثْنَيْنِ وَ صَلَّتْ خَدِيْجَةُ يَوْمَ الْاِثْنَيْنِ مِنْ آخِرِ النَّهَارِ وَ صَلىّٰ عَلِىٌّ كَرَّمَ اللّٰهُ وَجْهَهٗ يَوْمَ الثُّلَثَاءِ فَمَكَثَ عَلِىٌّ يُصَلِّىْ مُسْتَخْفِيًا سَبْعَ سِنِيْنَ وَ اَشْهُرًا قَبْلَ اَنْ يُصَلِّىَ اَحَدٌ [المعجم الكبير للطبرانى ج١ ص ٣٢٠]





"અબૂ રાફેઅથી રિવાયત છે. તેમણે ફર્માવ્યું કે નબી ﷺએ સોમવારની સવારમાં નમાઝ પઢી. હઝરત ખદીજાએ સોમવારે દિવસ પૂરો થવા પર નમાઝ પઢી અને હઝરત અલીએ મંગળવારે નમાઝ પઢી. પછી હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم સાત વર્ષ અને અમુક મહીના એકાંતમાં નમાઝ પઢતા રહ્યા બીજા કોઈના નમાઝ પઢતાં પહેલાં." *(મુઅજ્જમે કબીર, ભાગ–૧, પેજ–૩૨૦)*

**★ ફ઼ાયદા : ૬ ★**

لَوْ قَدَّمُوْا فَاسِقًا يَاثِمُوْنَ بِنَاءً عَلىٰ اَنَّ الْكَرَاهَةَ تَقْدِيْمُهٗ تَحْرِيْمٌ لِعَدَمِ اِعْتِنَائِهٖ بِاُمُوْرِ دِيْنِهٖ وَ تَسَاهُلِهٖ فِىْ الْاِتْيَانِ بِلَوَازِمِهٖ فَلَايَبْعُدُ مِنْهُ اِخْلَالٌ بِبَعْضِ شُرُوْطِ الصَّلَاةِ وَ فِعْلُ مَا يُنَافِيْهَا بَلْ هُوَ الْغَالِبُ بِالنَّظْرِ اِلىٰ فِسْقِهٖ [غنية ص ٤٢٩]

"જો તેઓ ફાસિકને આગળ કરશે ગુનેહગાર ઠરશે, એટલા માટે કે એને આગળ કરવામાં કરાહતે હરીમી છે, દીનના હુકમોનો ખયાલ ન કરવાને લઈને અને અમલમાં આળસુ હોવાને લઈને, તો દૂર નથી કે એ નમાઝની અમુક શર્તોમાં છોડી દે અથવા નમાઝ વિરુધ્ધનું કામ કરી બેસે અને ફાસિક઼નું આમ કરવું જ વધારે શક્ય છે." *(ગુન્નિયહ્‌, પેજ–૪૨૯)*

ફાસિક઼ પાછળ કારણોસર નમાઝ પઢવું મકરૂહે તહરીમી બતાવવામાં આવ્યું.

**★ ફ઼ાયદા : ૭ ★**

يُحَرِّمُ عَلىَ الرَّجُلِ قَطْعُ لِحْيَتِهٖ [درمختار مع شامى ج ٥ ص ٢٦١]

"પુરૂષ પર પોતાની દાઢી કપાવવી હરામ છે." *(દુર્રે મુખ્તાર મઅશામી, ભાગ–૫, પેજ–૨૬૧)*

**દાઢી મૂંડાવનાર અને એક મુઠ્ઠીથી નાની કરનાર હરામ કામ કરવાને લઈને ફાસિક઼ છે.**

**★ ફ઼ાયદા : ૮ ★**

قَالَ عَامَّةُ مَشَائِخِنَا اِنَّهَا [الْجَمَاعَةُ] وَاجِبَةٌ وَ فِىْ الْمُفِيْدِ وَ تَسْمِيَّتُهَا سُنَّةً لِوُجُوْبِهَا بِالسَّنَّةِ [فتاوىٰ عالمگيرى ج ١ ص ٧٧]

"આ સર્વ મશાઈખનું કહેવું એ જ છે કે જમાઅત વાજિબ છે. અને

મુફીદમાં છે : એને સુન્નતનું નામ હદીષથી પુરવાર થવાને લઈને આપવામાં આવ્યું છે." *(ફતાવા આલમગીરી, ભાગ–૧, પેજ–૭૭)*

જે માણસ વસ્તીમાં રહી કોઈ શરઈ કારણ વગર જમાઅત છોડે તો એને ઈમામ નથી બનાવી શકતા.

**★ ફાયદા : ૯ ★**

وَاِمَّا يُنسِيَنَّكَ الشَّيْطَانُ فَلَاتَقْعُدْ بَعْدَ الذِّكْرىٰ مَعَ الْقَوْمِ الظّٰلِمِيْنَ

"અને તમને કદાપિ શૈતાન ભૂલાવો ન આપે તો યાદ આવવા પર જુલ્મીઓ સાથે ન બેસ !"

ملاجیون نے فرمایا اِنَّ الْقَوْمَ الظّٰلِمِيْنَ يَعُمُّ الْمُبْتَدِعَ وَ الْفَاسِقَ وَ الْكَافِرَ وَ الْقُعُوْدُ مَعَ كُلِّهِمْ مُمْتَنِعٌ [تفسیرات احمدیه ص ٢٥٥]

મુલ્લા જીવને ફર્માવ્યું, જુલ્મી લોકો આ બધાં જ છે. બિદઅતી ફાસિક અને કાફિર અને એ સર્વ સાથે બેસવું નાજાઈઝ છે. *(તફસીરાતે અહમદિયા, પેજ–૨૫૫)*

સુધારવાનો મક્સદ ન હોય તો ફાસિક અને બિદઅતી લોકોથી દૂર રહેવું જોઈએ.

**★ ફાયદા : ૧૦ ★**

يَآ اَيُّهَا الَّذِيْنَ آمَنُوْا قُوْا اَنْفُسَكُمْ وَ اَهْلِيْكُمْ نَارًا [پاره ٢٨ رکوع ١٩س التحريم]

"અય ઈમાનવાળાઓ ! પોતાને અને પોતાના ઘરવાળાઓને આગથી બચાવો !"

**★ ફાયદા : ૧૧ ★**

كُلُّكُمْ رَاعٍ وَّ كُلُّكُمْ مَسْئُوْلٌ عَنْ رَّعِيَّتِهٖ [الحدیث کنز العمال]

" તમે સર્વ ચોકીદાર છો અને સર્વને એની ચોકીદારીનો સવાલ થશે." જે ઘરના લોકોને સુધારવાનો પ્રયત્ન ન કરે એ પોતે દીનદાર હોવા છતાં ફાસિક છે. *(હદીષ કન્ઝુલ ઉમ્માલ)*

**★ ફાયદા : ૧૨ ★**

كُلُّ صَلَاةٍ اُدِّيَتْ مَعَ كَرَاهَةِ التَّحْرِيْمِ تَجِبُ اِعَادَتُهَا [درمختار مع الشامی ج ١ص ٣٠٧]





"જે નમાઝ કરાહતે તહરીમી સાથે પઢવામાં આવી એને ફરીથી પઢવું વાજિબ છે." *(દુર્રે મુખ્તાર મઅશામી, ભાગ–૧, પેજ–૩૦૭)*

**★ ફાયદા : ૧૩ ★**

يَكْرَهُ تَقَدُّمُ الْمُبْتَدِعِ لِاَنَّهٗ فَاسِقٌ مِّنْ حَيْثُ الْاِعْتِقَادِ وَهُوَ اَشَدُّ مِنَ الْفِسْقِ مِنْ حَيْثُ الْعَمَلِ ۔ وَالْمُرَادُ بِالْمُبْتَدِعِ مَنْ يَّعْتَقِدُ شَيْئًا عَلٰى خِلَافِ مَا يَعْتَقِدُهٗ اَهْلُ السُّنَّةِ وَالْجَمَاعَةِ [غنية ص ٤٧٩]

"ગુમરાહ બદ્દીનને આગળ કરવું મકરૂહે (તહરીમી) છે, કારણ કે એ માન્યતાનો ફાસિક છે અને એ અમલવાળા ફિસ્ક (નાફર્માની) વધીને છે. બિદઅતીનો મતલબ એ વ્યક્તિ છે જેની માન્યતા અહલે સુન્નતની માન્યતાથી ખસીને હોય." *(ગુન્નિયા, પેજ–૪૭૯)*

(પોતાને સિજદો કરાવનાર, કવ્વાલીઓ વાજિંત્રો સાથે હોય એને જાઈઝ માનનાર વગેરે બિદઅતી છે, એમની પાછળ નમાઝ મકરૂહે તહરીમી છે.)

**★ ફાયદા : ૧૪ ★**

اَلتَّائِبُ مِنَ الذَّنْبِ كَمَنْ لَّا ذَنْبَ لَهٗ [الحدیث کنز العمال]

"ગુનાહથી તૌબા કરનાર બેગુનાહ છે." *(હદીષ કન્ઝુલ ઉમ્માલ)*

**★ ફાયદા : ૧૫ ★**

مَنِ ادَّعىٰ اِلىٰ غَيْرِ اَبِيْهِ فَعَلَيْهِ لَعْنَةُ اللّٰهِ وَالْمَلَائِكَةِ وَالنَّاسِ اَجْمَعِيْنَ لَا يَقْبَلُ اللّٰهُ مِنْهُ يَوْمَ الْقِيَامَةِ صَرْفًا وَّلَا عَدْلًا [رواه البخاری ومسلم و ابوداود والترمذی و غیرهم عن علی]

"જે પોતાને બીજા બાપથી સંબંધિત કરે તો એના પર અલ્લાહ તઆલા, ફરિશ્તાઓ અને સઘળા લોકોની લા'નત છે. કિ્યામતના દિવસે અલ્લાહ તઆલા એના ફર્ઝ અને નફ્લ કશાને ક્બૂલ નહીં ફર્માવે.

જે પોતાનું ખાનદાન બદલીને બતાવે છે તે ફાસિક છે, તૌબા ન કરે તો એને ઈમામ બનાવી શકતા નથી." *(બુખારી, મુસ્લિમ, અબૂ દાવૂદ, તિર્મિઝી વગેરે)*

આજે ઘણા લોકો આપણા સમાજમાં જોવા મળે છે કે તેમણે પોતે પઠાણ

નથી છતાં પઠાણ અટક અપનાવી, તથા સૈયદ નથી છતાં પોતાને સૈયદ કહેવડાવવા લાગ્યા છે તેમણે આ હદીષ પરથી બોધ લઈ તૌબા કરી લેવી જોઈએ.

### ★ ફ઼ાયદા : ૧૬ ★

اَ كَلَامَ فِىْ كَرَاهَةِ الصَّلَاةِ خَلْفَ الْفَاسِقِ وَالْمُبْتَدِعِ هٰذَا اِذَا لَمْ يُؤَدِّ الْفِسْقُ وَالْبِدْعَةُ اِلٰى حَدِّ الْكُفْرِ اَمَّا اِذَا اَدّٰى اِلَيْهِ فَلَا كَلَامَ فِىْ عَدَمِ جَوَازِ الصَّلَاةِ خَلْفَهٗ [شرح عقائد نسفى ص ١١٥]

"ફાસિક઼ અને બિદઅતી પાછળ નમાઝના મકરૂહ (તહરીમી) હોવામાં કોઈ વિવાદ નથી. આ હુકમ ત્યારે છે જ્યારે એ નાફર્માની અને બિદઅત કુફ્રની હદે ન પહોંચે, જો કુફ્રની હદે પહોંચે તો પછી એની પાછળ નમાઝ જાઈઝ જ ન હોવામાં કોઈ વિવાદ નથી." *(શરહે અક઼ાઈદે નસફી, પેજ–૧૧૫)*

**ફાસિક઼ અને બિદઅતી પાછળ નમાઝ મકરૂહે તહરીમી છે. જ્યારે બદ્અક઼ીદા જેમ દેવબંદી, વહાબી, જમાઅતે ઈસ્લામી, શીઆ.... વગેરે પાછળ નમાઝ તદ્દન થતી જ નથી. જાણવા છતાં કોઈ એમની પાછળ નમાઝ પઢે તો ઈમાનથી પણ હાથ ધોવાઈ જશે.**

### ★ ફ઼ાયદા : ૧૭ ★

مُرُوْا اَوْلَادَكُمْ بِالصَّلَاةِ وَهُمْ اَبْنَآءُ سَبْعَ سِنِيْنَ وَاضْرِبُوْهُمْ عَلَيْهَا وَهُمْ اَبْنَآءُ عَشْرٍ

[رواه ابوداود ١ ص ٧١ والزبيدى فى اتحاف السادة ٦ ص ٣١٧]

"તમારી ઔલાદને નમાઝનો હુકમ આપો જ્યારે સાત વર્ષની થાય અને ન પઢવા પર મારો જ્યારે દસ વર્ષની થાય." *(અબૂ દાવૂદ, ઈત્તિહાદુસ્સાદહ)*

**નોંધ** : ઉપરોક્ત સવાલોના જવાબો આ પુરાવાઓને લક્ષમાં રાખીને આપવામાં આવ્યા છે.

وَمَا عَلَيْنَا اِلَّا الْبَلَاغُ الْمُبِيْنُ





## :: લાખોં સલામ ::

(અઝ : આ'લા હઝરત "ઈમામ અહમદ રઝા" ફાઝિલે બરેલ્વી رضی اللہ عنہ)

મુસ્તફા જાને રહમત પે લાખોં સલામ
શમ્એ બઝ્મે હિદાયત પે લાખોં સલામ

મેહરે ચર્ખે નુબુવ્વત પે રોશન દુરૂદ
ગુલે બાગે રિસાલત પે લાખોં સલામ

શહરે યારે ઈરમ તાજદારે હરમ
નૌ બહારે શફાઅત પે લાખોં સલામ

ફત્હે બાબે નબુવ્વત પે બેહદ દુરૂદ
ખત્મે દૌરે રિસાલત પે લાખોં સલામ

જિસ કે જલ્વે સે મુરજાઈ કલિયાં ખિલીં
ઉસ ગુલે પાકે મમ્બત પે લાખોં સલામ

દૂરો નઝદીકકે સુનને વાલે વો કાન
કાને લાલે કરામત પે લાખોં સલામ

શબે અસ્રા કે દુલ્હા પે દાયમ દુરૂદ
નૌશએ બઝમે જન્નત પે લાખોં સલામ

મુઝસે બે કસકી દૌલત પે લાખોં દુરૂદ
મુઝસે બે બસકી કુવ્વત પે લાખોં સલામ

હમ ગરીબોંકે આકા પે બેહદ દુરૂદ
હમ ફકીરોંકી સરવત પે લાખોં સલામ

જિસકે માથે શફાઅતકા સેહરા રહા
ઉસ જબીને સઆદત પે લાખોં સલામ

જિસકે આગે સરે સરવરાં ખમ રહે
ઉસ સરે તાજે રિફઅત પે લાખોં સલામ

જિનકે સજદેકો મહેરાબે કા'બા ઝુકી
ઉન ભવોંકી લતાફત પે લાખોં સલામ

જિસ તરફ ઉઠ ગઈ દમ મેં દમ આ ગયા
ઉસ નિગાહે ઈનાયત પે લાખોં સલામ

કાશ ! મેહશરમેં જબ ઉનકી આમદ હો ઔર,
ભેજેં સબ ઉન્કી શૌકત પે લાખોં સલામ

મુઝસે ખિદમતકે કુદ્સી કહેં હાં **'રઝા'**
મુસ્તફા જાને રહમત પે લાખોં સલામ